THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

५०८१

श्री

# जैनकथारत्नकोष.

## भाग सातमो.

आ भागमां

वैराग्योत्पादक श्रीपृथ्वीचंद्र अने गुणसागरनुं शंखरा
जा अने कलावतीना भवथी मांडीने एकवीश भ
वनुं बालावबोध रूप चरित्र दाखल करेलुं छे.

जेमां

प्रसंगोपात बीजी पण केटलीएक विचित्ररसोत्पादक
चित्तचमत्कृतिकारक कथाओ आवेली छे.

तेने

चतुर्विध श्रीसंघने वांचवा तथा भणवा माटें.

श्रावक. खीमजी भीमसिंह माणकें.

निर्णयसागर प्रेसमां छपावी प्रसिद्ध करयुं छे.

संवत् १९४८. सन १८९२.

आ पुस्तकने फरी छापवानो हक्क सरकारना कायदा प्रमाणें नोंधाव्यो छे.

# प्रस्तावना.

समग्र सम्यग्दृष्टि सज्जनोनी संपूर्ण दयाथी आ जैनकथारत्नकोष नामा ग्रंथनो सप्तमभाग समाप्त थयेलो छे. जे भागमां अत्युत्तम, धर्मधुरीण, प्रतापी, मोक्षगामी एवा पृथ्वीचंद्र अने गुणसागरनुं बालावबोधरूप चरित्र सविस्तर दाखल करेलुं छे. जे चरित्रमां पृथ्वीचंद्र अने गुणसागरना जीवो, प्रथम शंखराजा अने कलावती राणीना भवने पाम्या. अने त्यांथी आरंभी पाछा ते बेहु जीवो, एकवीशमे भवें पृथ्वीचंद्र अने गुणसागर नामा थइ, ते भवमां दीक्षा ग्रहण करी ते दीक्षाने यथागम पाली केवल ज्ञानी थइने मोक्षश्रीना मेलापी थया. एवा ते बेहुना एकवीशे भवनी कथा सविस्तर कहेली छे. तेमां वली तेउने प्रत्येकभवमां पूर्वोपार्जित पुण्यपुंजना उदयथी केवुं केवुं सुख, तथा केवी केवी संपत्ति मली? तथा तेउयें कये कये भवें केवां केवां श्रावकनां बार व्रत पाल्यां? तथा कया कया भवमां केवुं केवुं संयम पाल्युं? तथा संयमने पाली समाधिमरणें स्वदेहनो त्याग करी ते कया कया देवलोकमां जइ, केवा केवा देवता थइने त्यां केवुं केवुं सुख अने केटलुं केटलुं आयुष्य भोगव्युं? ए सर्व कहेलुं छे. वली आ शांतरसमयचरित्रमां केटलाएक प्रसंगोपात अर्थ सहित साहित्यश्लोको, तेमज वली मागधी भाषानी गाथाउ पण दाखल करेली छे. आ ग्रंथमां जे कांइ कथाउ छे, ते पण नव रसथी भरपूर अने छटादार छे. तथा आ ग्रंथमां बहुशः तो जीवने संसारपर वैराग्यथवा माटे उपदेश, संयमग्रहणथी थता लाभो, विषयलोलुपताथी थता जन्म, मरणनरकादिक दुःखो, तथा श्रीअरिहंतधर्मनी महत्ता. ए वगेरे कहेलुं छे. तेथी आ चरित्रना वक्ता अने श्रोता जे रसज्ञ हशे, तो तेने सरस रसनी प्राप्ति थाशे. अने आ चरित्रना वक्ता तथा श्रोता जे धर्मनिष्ठ अने भवभयभीरु हशे, तो तेना अंतःकरणना अध्यवसाय शुद्ध थाशे. अने पछी ते शांतरसने प्राप्त थइ संसारपर दृढ वैराग्यवान् थइ संयमग्रहणेछु थाशे. तदनंतर ते निरवद्य एवा संयमने स्वीकारी, ते संयमने यथायोग्य पाली क्षपकश्रेण्यारूढ थका कर्मक्षय करी अल्पभवेंज संसारना पारने पामशे. आ चरित्रनी यथायोग्य प्रशंसा तो आ प्रस्तावनामां पर्ड शके एम नथी, तेथी तेनी परिपूर्ण प्रशंसा न करतां अमो आ ग्रंथने वांच

नारा साधर्मीजनोनीज प्रार्थना करियें छैयें, के आ अमारा छापेला ग्रंथने आप सर्व सुज्ञजनोयें दया करी दृष्टिपथगत करवो, के जेथी आ ग्रंथ पोतेंज पोतानी प्रशंसानुं परिपूर्णपणुं बतावी आपशे.

हवे आ चरित्रने जैनशास्त्रसागरमांथी सुगुणांबुधि एवा पंमित श्रीरूपविजयजीयें सरल अने सुशोजित एवी संस्कृतजाषामां अग्यार सर्गें करी गद्यरूपें रचेलुं छे. परंतु ते चरित्र संस्कृतमां होवाथी तेनो लाज, संस्कृत गिराना अज्ञातजनने, संस्कृतज्ञ सुज्ञ जनना समागम शिवाय थाय नहिं. एम जाणी ए सुंदर संस्कृत चरित्रनो बालावबोध, कटुकगछीय पंमित श्रीलब्धिविजयजीयें करेलो छे. अने ते पंमितना प्रशस्तिश्लोको पण आ ग्रंथना अंतमां दाखल करेला छे.

हवे ते बालावबोधने आ जैनकथारत्नकोषना सातमा जागमां छापवानो विचार, अमारा शेठ जीमसी माणकें कर्यो. त्यारें तेमणें प्रथम तो तेना बालावबोधनी प्रतो मेलववा प्रयास कर्यो. त्यारें तेमने महत्कष्टें एक प्रत प्राप्त थइ.तेथी तेमणें ते समग्र प्रतिनी कोपी एक कोपी लखनारपासें जलदी लखावी लीधी. पछी ज्यां तेने छापवानो प्रारंज करती वखत जोवे, त्यां तो तेमां आधुनिक जाइयोने वांचवाथी बराबर आनंद न आवे तेवा तथा दूरान्वय, नीरसत्वादिक दोषो देखवामां आव्या. तेम थवामां वस्तुतः जोतां तो ते बालावबोधकारनो दोष होय, एम जासतुं नथी. परंतु परंपराथी लखता लेखकोना प्रमादपूरनो प्रजाव होय? एम जासे छे. तेथी शेठ जीमसी जाइयें विचार कर्यो के हवे आ ग्रंथ जो पूर्वोक्त पंमित श्रीरूपविजयजीना करेला संस्कृतग्रंथ साथें मेलवीने छापियें तो ठीक? तेम निश्चय करी एक विद्वानने ते संस्कृत ग्रंथसाथें मेलववाने कह्युं. त्यारें ते ग्रंथसाथें कोपी मेलवतां घणीज फेर फेर थवा मांमी? तो पण ते संस्कृतग्रंथने अनुसरीनेज घणी महेनतें छापवा मांमयुं. ते आ ग्रंथना आशरे अग्यार फारम छपाणा. परंतु ते कोपी संस्कृतसाथें मेलवी छापतां कंटाली जवाथी तेनुं जाषांतर करावीज छापवानो विचार कर्यो. त्यां तो दैवकोपथी जीमसीजाइ पोतेंज देवलोक थया. त्यार पछी केटलाएक कारणथी ते छापवानुं काम बंध रह्युं. तदनंतर ते पूर्वोच्चारित ग्रंथ अधुरो होवाथी ते ग्रंथने पाछो छापवानो विचार कर्यो. त्यारें ते छापवाना काममां माहेतगार एवा एक विद्वानने बोलावी, ते ग्रंथ छपाववा

मांमयो, अने प्रथम नीमसीजाइनी पठें ते पूर्वोक्त कोपी संस्कृतग्रंथसाथें मेलावता मांमी. तो तेने मेलवतां पूर्वे वत् घणीज चेर फेर थवा लागी, ते क्यां सुधी के तेनाथी जो ते ग्रंथनुं जाषांतर कराव्युं होय, तो ते उद्यम प्रयासें पार पडे? त्यार पठी ते चरित्रनुं जाषांतर करावी गपवा मांमयुं. तेथी आ ग्रंथने गप तां, धार्यां करतां वधारे विलंब थयो ठे. तेमज वली ग्रंथ पण अस्मन्म नीषा करतां महत्ताने पाम्यो ठे. आ ग्रंथ, आशरे अग्यार फारम पर्यंत तो ते पूर्वोक्त चेर फेर करेली कोपी परथी गप्यो ठे, तेथी तेमां श्रीलब्धिविज यजीकृत बालावबोधनी प्रतमां जे श्लोकांको हता, ते गपेला ठे, अने पठी जाषांतर करी गपवाथी ते श्लोकांको आव्या नथी. वली संस्कृ तग्रंथमां जेवी वात लखी होय, तेवीज वात जो गुजराती जाषांतरमां ल खीयें, तो ते सारी रीतें सहुने समजाय नही, तेथी ते सहुजाइयोने सम जाय, ते माटे संस्कृत ग्रंथ करतां यत्किंचित् अधिक गपाइ हशे.

हवे आ अमारा गपेला चरित्रमां शेठ नीमसी जाई न होवाथी तेनी सहा यता विना, तथा शोधकना अज्ञानथी, दृष्टिदोषथी, केटलीएक जूलो रही गइ हशे, तो ते जूलोने सुज्ञजनोइयो सुधारी वांचशे. एवी अमारी सविनय प्रार्थना ठे. कारण के सुज्ञजननो तो एवो स्वजावज होय ठे. पारका दोष सामुं न जोतां तेना यत्किंचिद्गुणोने जोवे ठे. वली आ ग्रंथमां जे कांइ श्री अर्हदाज्ञाविरुद्ध गपाइ गयुं होय, ते दोषनुं हुं महारा सर्वसाधर्मिजाइयो पासें मिच्छामि डुक्कडं करुं ठुं.

हवे आ ग्रंथनी प्रस्तावनामां आ प्रस्तावनाने असंगत, तथा वली तेमना पुत्रना अधिकारिपणाथी गपाता आ ग्रंथमां, देवलोक थयेला "श्रावक नीमसिंह माणकना" जे कांइ गुणो लखवा कांइ योग्य नथी. तो पण आ पणा केटलाएक जाइयोना अत्याग्रह पूर्वक कथनथी यत्किंचित् तेमना गुणो, तथा ते क्यारें देवलोक थया? ते लखीयें ठैयेंः—

आ जैनकथारत्नकोषना पन्नरजागरूप सर्वोत्तम कार्य करवामां उत्सुक, ते सर्वेजागोने गपावी साधर्मी जाइयोनी समीप मूकवामां मनोरथवान्, अर्थोपार्जन करवाना अन्य उद्योगोने गोडी विशेषें करी ज्ञानवृद्धि करवामां बद्धपरिकर, जैनशास्त्रशैलीने सारीरीतें समजनार, व्यापार हिसाबना कार्य करणमां कुशल, जगतमां सहुकोइ जाणे, तेम आशरे ( ३०० ) त्रण सो

जैनग्रंथो छापी प्रसिद्धतामां मूकनार, एवा " श्रावक नीमसिंह माणक, " के टलाएक ग्रंथने छापवानी उमेदयुक्त अकस्मात् दैवकोपथी संवत् १९४७ ना ज्येष्ठवदि ४ ने गुरुवारें दिवसना सवादश वागते देवलोक थया. तेथी आप णा घणाक जैनबंधुउने मानसिक दुःख थयुं छे. कारण के पूर्वोक्त नीमसी नाइना मरणथी आपणा नारतीय वर्षमां हाल आ जैनज्ञानवृद्धिकारक का र्यने महोटो धक्को वाग्यो, एम कहेवामां कांइ पण अडचल नासती नथी.

वली ते " नीमसी नाइ " केटलाएक नाइयोने कहेता हता, के ज्यां पर्यंत मारुं शरीर, पृथ्वीपर विद्यमान रहेशे, त्यां पर्यंत हुं, आ जैनग्रंथ छाप्या शिवाय बीजो कांइ पण उद्योग करनार नथी. अने तेवोज तेमनो अनिप्राय होवाथी तेमणें जानमहेनत लइ देशावरोमां फरी पोतानी ( ३५००० ) पांत्री श हजार रूपैया जेटली मोटी पुंजीनो जैनलिखित पुस्तक मेलववामां व्यय कर्यो. ते पुस्तक मेलववानुं काम तेमने संवत् १९२० नी शाल सुधी कर्युं. ते पछी ते ग्रंथोने शुद्ध करी छापवानो प्रयास लेवा मांम्यो. हवे जो उपर लखेली रकम तेमणें सारा वेपारीने घेर व्याजें मूकी होय, तो आज दिवस सुधी ते रकम, व्याज सुधां आशरे लाखरूपैय्या जेटली थावा आवे. परंतु ते सर्व लान अने लोननो त्याग करी तेमणें संवत् १९२० नी शाल थी आरंनी ज्यां पर्यंत पोतें देवलोक थया, त्यां पर्यंत जैनग्रंथ छापवानुंज काम कर्युं.

बीजा घणाक नाइयो जैनग्रंथो छापे छे खरा, परंतु " नीमसी नाइ " जेटलो प्रयास लइ छापनार तो आपणने विरलाज जोवामां आवशे. कारण के तेउ पोतें कोपीयो लखवामां तथा तेने शोधवामां तथा तेनी छपाइ आ वेली ग्यालीयोने शोधवामां प्रतिदिन आखी रात जागरण करता हता. तथा दिवसमां पण नोजन वगेरेनी दरकार न करतां ते ग्रंथ शोधवामां तत्पर रहेता हता. अने ज्यारें पोताना मनने निःसंशयता थाती हती, त्यारेंज ते कोपीने पोतें छापवा आपता हता. माटे तेमना सर्व गुणो आ ग्रंथनी प्रस्ताव नामां लखवाथी प्रस्तावना वधी जाय, तेथी ते विषे अमें हवे जाजुं लखवुं डुरस्त धारता नथी. पण घणी दिलगीरीनी वात तो एज थइ छे, के जो ते स्वारंनित जैनकथारत्नकोषना पन्नरे नागोने परिपूर्ण छापी देवलोक थया हत, तो अस्मद्वर्गने अवडो महोटो अपशोष थात नहिं. परंतु दैव पासें कोइनुं कांइ पण माहापण चालतुं नथी. अलमतिविस्तरेण ॥ शुन्नम् ॥

## ॥ अस्य ग्रंथस्यैकादशसर्गाणामतिसंक्षिप्तानुक्रमणिका ॥


क्रमांक. पृष्ठांक.

१ प्रथमसर्गमां. ग्रंथकारकृत मंगलाचरणना श्लोको सार्थ. .... १

२ पृथ्वीचंद्र अने गुणसागरना जे एकवीश नव थया, तेमां कया नवो, कये स्थलें अने कोने कोनें त्यां थया, तेनुं संक्षिप्त वर्णन. ४

३ प्रथमनवें पृथ्वीचंद्र शंखनामा राजा थयो, तथा गुणसागर तेनी कलावती नामा स्त्री थइ, तेउनुं चरित्र. तेमां तेनो जे कलावती साथें संबंध थयो, तेनुं वृत्तांत अने कलावती,राणीने तेना नाइना आपेला बाजुबंध पहेरेली जोइने शंखराजाने वहेम आववाथी ते राणीनुं वनमां मूकवुं, तथा तेना हाथ कपाववा, तेने वनमां पुत्र प्रसव थवो, शंखराजानो पश्चात्ताप थवाथी अग्निमां पडवा तैयार थवुं, ते शंख राजाना अने कलावतीना पूर्वेनवनी कथा. ते शिवाय प्रसंगोपात बीजी पण घणी कथाउ छे. ५

४ बीजे नवें ते पृथ्वीचंद्र अने गुणसागर कया देवलोकमां केवा देव थया. तथा तेउनुं केटलुं केटलुं आयुष्य. इत्यादि. .... .... ४२

५ बीजा सर्गमां. त्रीजे नवें पृथ्वीचंद्र कमलसेन राजा थयो, अने गुणसागर तेमनी स्त्री गुणसेना थइ, तेनुं चरित्र.तेमां कमलसेनने अंगदेशना राज्यनी प्राप्ति तथा गुणसेनानुं पाणिग्रहण,अंगदेशना श्रीकेतुनामा राजानो इतिहास. तेमां कोइएक विनयंधरनी पतिव्रता चार स्त्रीयोना पूर्वेनवनी कथा.नदीनुं पूर जोइ कमलसेनने वैराग्य थवाथी सस्त्रिक दीक्षा.ते शिवाय तेमां बीजीपणप्रसंगोपात घणी कथाउ छे. ४४

६ चतुर्थनवें पृथ्वीचंद्र, गुणसागर,कये देवलोकें केवा देव थया. इत्यादि. ए४

७ त्रीजा सर्गमां. पांचमे नवें पृथ्वीचंद्र देवसिंहराजा थयो, तथा गुणसागर तेनी कनकसुंदरी नामा स्त्री थयो, तेउनुं चरित्र. तेमां प्रसंगतः सुरगुरुआचार्यनी आपेली देशनामां संसारने बंधिखानानी तुल्यता, तथा द्रव्यपूजा करनार सूडासूडीनी कथा,तेमां ते सूडा सूडीने जिनपूजनना प्रनावथी बीजा सुखद नवो थया, ए वगेरेनी कथा. तेमां श्रुतसागरनी करेली देशनामां संसारनुं अने

समुद्रनुं समानपणुं. ते शिवाय प्रसंगोपात बीजी पण कथाउ ढे. .... ए४
ए ढहे नवें तेपृथ्वीचंद्र,गुणसागर,कयालोकमांकेवादेव थया इत्यादि. १३३
ए चोथा सर्गमां. सातमे नवें पृथ्वीचंद्र देवरथ राजा थयो,तथा गुण सागर तेनी रत्नावली नामा स्त्री थयो. तेनुं चरित्र. तेमां रत्नावलीने परणवा जातां रस्तामां एकविद्याधरनुं मंत्रपदथी साह्यकरवुं त था तेनाथी वैक्रियविद्याने ग्रहण करी त्यांथी रत्नावलीने गाम जइ तेनी साथें लग्न.अने प्रसंगोपात धर्मवसुनामा मुनिनी देशनामां आ संसारने स्मशाननी उपमा, तथा पंचपरमेष्ठीना स्मरणमाहात्म्य रूप संगत जिह्ननुं वृत्तांत तथा तेना प्रसंगमां कोइएक रत्नशिख राजा नुं सविस्तर चरित्र,तेमां वली कोइ नाटनुं कहेलुं वीरांगदनुं अने सु मित्रनुं मोहोटुं चमत्कारिक कथानक.ए शिवाय बीजी पण कथाउ ढे. १३४
१० आठमे नवें पृथ्वीचंद्र गुणसागर कया लोकमां केवा देव थया इत्यादि. १७७
११ पांचमा सर्गमां. नवमे नवें पृथ्वीचंद्र पूर्णचंद्र नामा राजा थयो, तथा गुणसागर तेनी पुष्पसुंदरी नामा स्त्री थयो. तेनुं चरित्र. तेमां ते पुष्पसुंदरी साथें लग्न थवानी कथा, प्रसंगतः श्रुतसुंदरमुनियें पोताने संसारपर वैराग्य थई दीक्षा लेवाना कारणमां पोतानी गृहस्थदशामां स्वस्त्रीयोने कोइ मुनियें पांच माहाव्रतनो उपदेश कर्यो ते, अने ते पांचमाहाव्रत आश्रयी पांच कथाउ. तथा पूर्णचंद्रे सस्त्रिक दीक्षा लीधी. ते शिवाय बीजी पण कथाउ ढे. १७७
१२ दशमे नवें पृथ्वीचंद्र गुणसागर कये देवलोकें केवा देव थया. इत्यादि. २४७
१३ ढठा सर्गमां. अग्यारमे नवें पृथ्वीचंद्र सूरसेन राजा थयो, तथा गुणसागर तेनी स्त्री मुक्तावली थयो, तेनुं चरित्र. तेमां प्रसंगोपात सूरसेनना पितानो पुत्र थवा माटे मंत्रसाधनप्रयास, सूरसेननो जन्म, तथा मुक्तावलीसाथें लग्न थवानुं वृत्तांत, सूरसेन अने तेनी स्त्रीना करेला अंतर्लापिकायुक्त चमत्कारिक प्रश्नोत्तर, सूरसेनना पितानुं वैराग्य थवाथी दीक्षा ग्रहण, रात्रिनोजननिषेध अने रात्रि नोजन करनार अन्यदर्शनीयोनुं खंमन, अने अधर्मना डुराग्र हीयो माटे एकडुराग्रही ग्राम्य ढोकरानी कथा. अने सस्त्रिक सू रसेने दीक्षा लीधी ते. ए शिवाय प्रसंगोपात बीजी पण कथाउ ढे. २४ए

१४ बारमे नवें पृथ्वीचंद्र,गुणसागर,कया लोकमां केवा देव थया.इत्यादि.२८३
१५ सातमा सर्गमां. तेरमे नवें पृथ्वीचंद्र पद्मोत्तरनामा राजा थयो, अने गुणसागर तेनो हरिवेगनामा मित्र थयो, तेनुं चरित्र. तेमां पद्मोत्तरने लग्न करवा जतां रस्तामां तापसियोने त्यां रहेली कोइएक गुणमाला कन्यानुं तापसें कहेलुं वृत्तांत, तथा तेणे ते कन्यानुं करेलुं पाणिग्रहण.तदनंदर सूर्यलेखा अने शशिलेखानुं स्वयंवरमां पाणिग्रहण, त्यां आवेला राजकुमारो साथें युद्ध.करेलुं हरिवेगनुं जन्मवुं, तथा तेनी लग्नक्रिया, ते हरिवेगनुं ज्ञानी मुनिना कहेवाथी पद्मोत्तरने उपवेश करवा वैक्रिय मिंदडो बनावी जवुं, अने ते प्रसंगें केटलाएक मिथ्यात्वी ब्राह्मणोना मतनुं युक्तिथी सविस्तर खंडन. जुगारी अने संसारीनी समानता मानी मनमां वैराग्य लावी ते पद्मोत्तरनुं तथा हरिवेगनुं दीक्षा ग्रहण. ते शिवाय प्रसंगोपात बीजी पण केटलीएक रसिक कथाउ छे. २८३
१६ चौदमेनवें पृथ्वीचंद्र,गुणसागर,कया लोकमां केवा देव थया.इत्यादि. ३२९
१७ आठमा सर्गमां. पन्नरमे नवें पृथ्वीचंद्र गिरसुंदरनामा राजा थयो, अने गुणसागर तेना काकानो पुत्र अने मित्र रत्नसार थयो. तेनुं चरित्र. तेमां गिरिसुंदरकुमारनुं चोरने पकडवा जइ चोरने मारी, तेनी हरण करेली सर्व कन्याउनी साथें पाणिग्रहण. ते हरिवेगने शोधवा गयेला रत्नसारने सिंहरूप देवनो वनमां समागम, ते प्रसंगें ते सिंहने पोताना वृत्तांतनुं कहेवुं, तेमां रत्नसारनुं दयाधर्मनुं आधिक्य तथा हरिवेगनुं अने रत्नसारनुं याथा तथ्य मैत्र्य.श्रीजयनंदन सूरियें करेलीदेशनामां मुनिने पूछवाथी मुनिदानना माहात्म्यथकी हरिवेग अने रत्नसारना माता पिताने राज्यजसुख मल्युं ते आश्चर्यी तेउनी पूर्वनव कथा ते शिवाय बीजी पण कथाउ. ३२९
१८ सोलमेनवें पृथ्वीचंद्र,गुणसागर,कया लोकमां केवा देव थया.इत्यादि. ३७९
१९ नवमासर्गमां. सत्तरमे नवें पृथ्वीचंद्र कनकध्वज नामा राजा थयो, अने गुणसागर तेमनो उरमान नाइ जयसुंदर थयो. तेनुं चरित्र. तेमां ते बेहुजणने विद्याधरनी शो शो कन्या साथें लग्न थवानुं वृत्तांत. स्वयंवर मुनिनी दीधेली देशनामां संसारने उग्रवननी उप

मा, कनकध्वजनुं दिग्यात्रायें जवुं, त्यां सांकेतपुरगाममां कोइएक मुनिने देशना देतां कपिंजलपुरोहित साथें जीवाजीवनो वाद, तेमां जीवतत्त्वनी करेली सत्यता, मिथ्यात्वी एवा ते कपिंजलना मामा केशवनी तथा कपिंजलनी अने सम्यक्त्वी पुरुषोत्तम राजादिना पूर्वभवोनी कथा. ते शिवाय प्रसंगोपात बीजी पण कथाउ छे. ३७०

२० अढारमेभवें तेपृथ्वीचंद्र,गुणसागर,कयालोकमांकेवादेवथया इत्यादि. ४२४

२१ दशमा सर्गमां. उगणीशमे भवें पृथ्वीचंद्र, कुसुमायुध नामा राजा थयो अने गुणसागर तेनो कुसुमकेतु नामा पुत्र थयो. ते बेहुनुं चरित्र. तेमां वनक्रीडा माटें गयेला कुसुमायुधना पिता पर आसक्त थयेली वनदेवीयें क्रोधथी कुसुमायुधनी माता प्रियमती राणीनुं करेलुं हरण, तेमां ते राणीने तापसीयो साथें समागम, वनमां कुसुमायुधनुं उत्पन्न थवुं, ते कुसुमायुधने शिववर्द्धननुं राज्य मलवुं, तथा प्रसंगोपात गुणसागरसूरिनी करेली देशनामां मोहराजा अने चारित्र राजानुं लौकिक राजा जेवा व्यतिकरमां स्वरूप, कुसुमकेतु कुमारनुं बत्रीश कन्याउ साथें पाणिग्रहण अने ते पिता पुत्रने चारित्रप्राप्ति. ए शिवाय प्रसंगोपात बीजी पण कथाउ छे. ४२५

२२ वीशमेभवेंतेपृथ्वीचंद्र,गुणसागर,कयालोकमांकेवादेवथया.इत्यादि. ४६५

२३ अग्यारमा सर्गमां. एकविशमे भवें पृथ्वीचंद्र, पोतें पृथ्वीचंद्रज थयो. अने गुणसागर ते पोतें गुणसागरज थयो. ते बेहुनुं सविस्तर अतिमनोहर, वैराग्य कारक चरित्र. तेमां ते बेहुने जातिस्मरण ज्ञानें करी जन्मथीज संसारपरवैराग्य, अने तेउयें गतरागपणामांज करेलां लग्न, पृथ्वीचंद्रें पोतानी परणेली स्त्रीयोनें करेला उपदेशमां केशवबटुकनो दृष्टांत दइ संसारीजीवनी विटंबणा कही छे ते. तथा प्रसंगोपात गुणसागरें पण पोताना लग्नमां थती दरेक विवाहक्रियाने जोइने क्रियानुं अने संसार विटंबणानुं सामानाधिकरण्य कर्युं छे, ते. ते बेहुने केवलज्ञान उत्पन्न थयुं. तेनी साथें तेमनी स्त्रीयो माता पिता ससरो सासु वगेरेने केवलज्ञान थयुं. तथा ते बेहु मोक्षें गया. ते शिवाय प्रसंगोपात बीजी पण घणी कथाउ छे. ४६५

२४ बालावबोधकर्त्ताना प्रशस्तिश्लोको. .... .... .... ५०४

॥ ॐ नमः श्रीवीतरागाय ॥

# अथ श्रीपृथ्वीचंद्र अने गुणसागरनुं बालावबोधरूप चरित्र प्रारंभ

## तत्र प्रथम

### ग्रंथकारनुं मंगलाचरण.

प्रणम्य श्रीमहावीरं, शंकरं परमेश्वरम् ॥ पृथ्वीचन्द्रचरित्र स्य, कुर्वे बालावबोधकम् ॥ १ ॥ धर्मविद्याविदा येन, गुणैरा कृष्य मार्गणान् ॥ सलक्ष्यं निर्मितं चित्तं, स श्रीवीरः श्रिये ऽस्तु वः ॥ २ ॥ सर्वातिशयसंयुक्ताः, प्रातिहार्याष्टकान्विताः॥ येऽतीताः सन्ति एष्यन्तस्ते जिना ददतां मुदम् ॥ ३ ॥ सिद्धाः प्रसिद्धा आचार्यो-पाध्यायाः सर्वसाधवः॥ प्रपञ्चयन्तु वः श्रेयः, पञ्चैते परमेष्ठिनः ॥ ४ ॥ स्वभावान्निर्मला नित्यं, दर्शनान्मार्ग दर्शिनः॥ सन्तोऽर्कवत् सदा वन्द्या, दोषापगमकृत्कराः ॥ ५ ॥ संपद्यते हृदालोको, यद्भयेन पदे पदे ॥ न निन्द्या ध्वान्तव द्दोषात्मका अपिच दुर्जनाः ॥ ६ ॥ नुत्वा पूर्वकवीन् नत्वा, स्व गुरून् सद्गुणे गुरून् ॥ वक्ष्यामि जीवजीवातुं, किंचिद्धर्मकथा महम् ॥ ७ ॥ स्वस्तिकृत् सिद्धिमार्गाणां, स्वर्णाङ्कः पूर्णकुंभव त् ॥ नाभेयो भाति वैडूर्य-पिधानं कुंतलच्छलात् ॥ ८ ॥

अर्थः—कल्याणकारक एवा श्री महावीरपरमेश्वरने प्रणाम करीने पृथ्वी चंद्रना चरित्रनो बालावबोध हुं करुं छुं. ॥ १ ॥

धर्मरूप विद्याना जाण एवा जे पोताना ज्ञानादिक गुणवडे बाणो खें चीने पोतानुं चित्त सलक्ष्य एटले लक्षयुक्त (जेनीउपर लक्ष्य छे) एवुं कर्युं एटले षड्ऐश्वर्यसमान कर्युं. ते श्री वीर परमात्मा तमारा कल्याणने अर्थे थाउ. अर्थात् जेम कोइ बाणवेधी पुरुष, पणछे बाण आरोपीनें बीजा उपर एकतान राखे तेम जाणवुं. ॥ २ ॥

सर्व अतिशयें करी युक्त, आठ प्रातिहार्यें करी सहित, एवा जे अतीतकालें थयेला, अने वर्त्तमानकाले जे विद्यमान छे, तथा अनागत काले जे थशे, एहवा जे श्री तीर्थंकर देव ते तमोने मुद् एटले आनंद आपो, तथा निर्विघ्नपणुं आपो ॥ ३ ॥

अरिहंत, सिद्ध, आचार्य, उपाध्याय अने सर्व साधु एवा जे प्रसिद्ध पंचपरमेष्ठी ते तमारा कल्याणनी वृद्धी करो, एटले सर्व जीवने महोदय सुखने माटे थाउ. ॥ ४ ॥

स्वनावथी निर्मल, दर्शनथी निरंतर मार्गना देखाडनार, एहवा संत सज्जन साधु ते निरंतर सूर्यनीपेठें वंदनीक छे. केम के, तेमना कर एटले हाथ ते दोषोनो अपगम करनारा छे, दोषोना समूहना टालनारा छे. अहिंया कर अने दोषापगमकृत् ए बे पदना बे बे अर्थ छे. कर एटले हाथ ए अर्थ साधुना पक्षमां लेवो, दोषापगमकृत् एटले दोषने दूर करनार ए अर्थ साधुना पक्षमां लेवो, कर एटले किरण अने दोषापगमकृत् एटले रात्रीने दूर करनार ए अर्थ सूर्यना पक्षमां लेवो. जेम अन्य दर्शनीने सूर्य वंदनीक छे, ते दोषा एटले रात्रीना अंधकारने टालनार छे, तेम संतरूप सूर्य ते अज्ञानरूप अंधकारने टालनार छे ते माटे संतने नित्य वंदना करुं बुं ॥ ५ ॥

हवे सज्जन जे छे ते दुर्जनना पण गुण ग्रहण करे छे ते कहे छे. जेमना वचनना नयथी हृदयमां पगे पगे आलोक थाय छे. दुर्जनना वचननां नयथकी सज्जनना हृदयने विषे अजुवालुं थाय छे. एहवा दुर्जन लोको जो पण अंधारानी पेठें दोषात्मक छे, तोपण ते निंदा करवा लायक नथी. अहिंया आलोक ए शब्दना बे अर्थ छे. दुर्जनना पक्षमां आलोक एटले विचार, अने अंधकारना पक्षमां आलोक एटले प्रकाश जाणवो ॥ ६ ॥

एवी रीतें पूर्वे थयेला कविउनी स्तुति करीने रूडा गुणेंकरीने गरिष्ट एहवा जे पोताना गुरु तेने प्रणाम करीने जीवोने औषधनी पेठें जीवनरूप, संसाररूप मरणथी जीवाडनार एहवी सम्यक्दर्शनरूप श्री पृथ्वीचंद्रजीनां चरित्रनी जे धर्मकथा ते अल्पमात्र कहेवानो हुं आरंन करुं बुं. ॥ ७ ॥

मुक्ति मार्गने विषे मांगलिकना करनार, कंचन सरखुं जेमनुं शरीर छे, एवा नानिराजाना पुत्र श्रीरूषन प्रनु ते श्यामकेशना मिषथी कुंननी पेठें वैमूर्यरत्ननां ढांकणा जेवा शोने छे, एटले श्रीरूषनदेवजीनुं शरीर कंचनवर्ण

वाळुं छे, ते रूप मांगलिक कलश जाणवुं, अने प्रभुने मस्तकें श्याम केश छे ते ते कलशनां ढांकणा रूप छे, एवो प्रभु रूप कलश ते मुक्तिमार्गने विषे कल्याणकारी शोभे छे ॥ ८ ॥

अहिं जगत् मांहला सकल जीवोने अजयदान आपवामां कुशल एवा जगवान् श्री वर्द्धमान स्वामीयें सर्व लोकोने पुरुषार्थरूप वृक्षनुं बीज धर्म्म छे एम वखाणेलुं छे. कारण, पुरुषार्थ रूपी जे वृक्ष, ते सर्वनुं जे उत्तम बीज ते धर्म्म छे ते पुरुषार्थ चार छे. ते मांहे धर्म्म, मुख्य पुरुषार्थ छे, जे माटे अर्थ काम अने मोक्ष ए सर्व धर्म्मथी पामीयें ते माटे धर्म्म तेज प्रशंसा करवा योग्य छे. ॥यतः॥ धर्माद्धनमनन्तं स्यात्, सर्वे कामाश्च धर्मतः॥ लभ्यते धर्मतो मोक्ष,-स्तेनोक्तो धर्म उत्तमः ॥१॥ अस्यार्थः ते धर्म्म थकी धन अनंतुं पामे, सर्व संसारिक सुख कामाभिलाषनुं पूर्ण पामवुं, ते पण धर्म्मथी पामे, वली धर्म्म थकी कर्मनो क्षय थाय, अने मोक्षरूप फल पामे, ते माटे धर्म्म पदार्थने श्री तीर्थंकरें उत्तम कह्यो छे.

तरुमध्ये जेम कल्पतरु अधिक छे, ताराउमां जेम चंद्र मोटो, पर्वतमां जेम मेरुपर्वत मोटो, तेम अन्यधर्मथी जैनधर्म शिरोमणी छे एवुं कह्युं छे. ते जैनधर्म केवो छे ? तो के प्राणीने चार गतिनां दुःखनो हरनार छे. वली ते धर्म आदर्यो थको उत्तम मोक्ष सुखनो देनार छे. ए धर्म सांभल्यो थको, आदर्यो थको, कराव्यो थको, कर्यो थको, महोदय सुखने पमाडे. ११ ते माटे धर्म कथा, श्रावकें सद्दहणा सहित सांभलवी. कारण के जेहवां वचन काने सांभलियें तेहवो चित्तनेविषे रस उपजे. १२ संवेग रसरूप अमृतें करी मोह महाविष विलय थइ जाय, माटे धर्म्मना जे सांभलनारा जनो छे ते मोक्ष सुखनी पेठें तत्काल चिदानंद सुखने पामे छे. १३

कामार्थें मिश्रित जे धर्म्म कथा छे, ते मांहे चरित्रानुंवादे दृष्टांत घणां आवे, ते श्रोताजनने सांभलतां थकां स्वाद उपजे. जेम सरस रसवती होय तो पण तेने शाक साथे जमता स्वाद उपजे, शाकविना ते रसोइ स्वाद न आपें. तेम धर्म्मकथा पण दृष्टांतें करी शोभे. १४ शुं घणुं कहीयें. पूर्व कवीश्वरें पृथ्वीचंद्र कुमारनुं चरित्र प्राकृत गाथा बंध कीधुं छे तेमांथी किंचित्मात्र हुं रचना करुं छुं. १५

एहवा दुःखमां कालने विषे आ चोवीशीना पांचमा आराथी पहेली

कोइक चोवीशीना अवसर्पिणी कालने पांचमे आरे ए शंख राजा थया. तेज महाऋषि, शुद्ध समकितवंत, एवो पृथ्वीचंद्र राजा नाव चारित्रना बीजें करी नार्यासहित अनुक्रमें मनुष्यना तथा देवताना नवमां अधिकाधिक सुख नोगवीने अंते सुखें समाधें मोक्षने पाम्या. ते कथा हुं कहुं बुं, ते प्रत्यें हे सज्जनजीवो ! तमे सांजलो. १६ ते समकित कये नवे पाम्या, ते पाम्या पढी केटला नव संसारमां कीधा, ते नवनी संख्या केटली थइ, ते मूल ग्रंथमध्यें जेम कही बे तेम लखियें बियें.

प्रथम नवे पृथ्वीचंद्र कुमारनो जीव शंखराजा थयो, अने गुणसागरनो जीव कलावती राणी थइ. तिहां ए बे जीव समकित पामी दीक्षा लेइ चारित्र पाली बीजे नवे सौधर्म देवलोकें देव देवी थयां. त्यां पांच पांच पल्योपमनुं आयुष पाली त्रीजे नवे शंख राजानो जीव कमलसेनराजा थया, अने गुणसागरनो जीव तेहनी गुणसेना राणी थइ. त्यां ए बे जीव दीक्षा लेइ, चारित्र पाली चोथे नवे दश सागरोपमने आउखे पांचमे देवलोके मित्रपणें देवता थया. तिहांथी पांचमे नवे पृथ्वीचंद्रनो जीव देवसिंह राजा थयो, अने गुणसागरनो जीव तेनी कनकसुंदरी नामें राणी थइ. ते नवें श्रावकनां बार व्रत पाली बहें नवे, सातमे शुक्र देवलोकें सत्तर सागरोपमने आउखे ए बे जीव मित्र देवता थया. त्यांथी सातमे नवें पृथ्वीचंद्रनो जीव देवरथ नामें राजा थयो, अने गुणसागरनो जीव रत्नावली नामें तेनी राणी थइ. ए बे जीव ते नवें शुद्ध श्रावक व्रत पाली आठमेनवे नवमे आनत देवलोकें उंगणीश सागरने आउखें ते बे मित्र देवता थया. तिहांथी नवमे नवें पृथ्वीचंद्रनो जीव, पूर्णचंद्र नामें राजा थयो, अने गुणसागरनो जीव तेनी पुष्पसुंदरी नामें राणी थइ. ते नवे ए बे जीव शुद्ध श्रावकनां बार व्रत पाली दशमे नवें अग्यारमे आरण देवलोकें वीश सागरने आउखें ए बे मित्र देवता थया. त्यांथी च्यवी अग्यारमे नवें पृथ्वीचंद्रनो जीव शूरसेन नामें राजा थयो, अने गुणसागरनो जीव तेहनी मुक्तावली नामें राणी थइ. ते नवे बेहु शुद्ध चारित्र पाली बारमेनवे वीस सागरने आयुषे पहेली ग्रैवेयकें ते बे मित्र देवता थया. त्यांथी च्यवी तेरमे नवे पृथ्वीचंद्रनो जीव पद्मोतर नामें राजा थयो, अने गुणसागरनो जीव हरिवेग नामें राजा थयो. ते बन्ने विद्याधर थया. तिहां दीक्षा लइ चारित्र

पाली चौदमेंनवे सत्यावीश सागरने आउखें मध्य ग्रैवेयकें बे मित्र देवता थ या. त्यांथी पंदरमे नवे पृथ्वीचंदनो जीव गिरिसुंदर नामें राजा थयो. अने गुणसागरनो जीव पृथ्वीचंदनो अन्यमातृक लघु नाइ रत्नसागर नामें थयो. त्यां बे नाइ दीक्षा लइ शुद्ध चारित्र पाली सोलमें नवें नवमे ग्रैवेयकें एक त्रीश सागरने आउखें बे मित्र देवता थया. त्यांथी सत्तरमे नवे पृथ्वीचंद नो जीव कनकध्वज नामें राजपुत्र थयो, अने गुणसागरनो जीव तेहनो उ रमाइ नाइ जयसुंदर नामें राजपुत्र थयो. ते बे नाइ दीक्षा लइ संयम पाली अढारमेनवे बत्रीश सागरने आयुषें विजय विमानें बे मित्र देवता थया. त्यांथी उंगणीशमेंनवे पृथ्वीचंदनो जीव कुसुमायुध नामें राजा थयो. अने गुणसा गरनो जीव तेहनो पुत्र कुसुमकेतु नामें थयो. त्यां पितापुत्र बन्ने दीक्षा लइ, शुद्ध चारित्र पाली वीशमेनवे सर्वार्थसिद्ध महाविमानें तेत्रीश सागरने आ उखे बें मित्र देवता थया. त्यांथी च्यवी एकवीशमे नवें शंखराजानो जीव पृ थ्वीचंद नामें अने कलावती राणीनो जीव ते गुणसागर नामें ए बे शेठना पुत्र थया. ते गृहस्थपणें केवलज्ञान पामी मुक्तियें पहोता. ए संक्षेपें नामथीज मात्र एकवीश नव कह्या. हवे प्रत्येक प्रत्येक एकवीशनव विस्तारे कहेवाशे.

आ जंबूद्वीपने सरावला कोडीयानी सदृशें दीपकरूपें थापी उपमा दीये छे. आ पृथ्वीने विषे, सूर्यकिरणरूप ज्वालायें करी प्रज्वलित थयेला, मेरु रूप वाटि जेनी छे, सागररूप तेल जेमां नरेलुं छे, एवो मंगलदीप सरखो जंबुद्वीप छे. ते जंबुद्वीपनी दक्षिण दिशायें नरतक्षेत्रनी वचमां वैताढ्य पर्वत तेणे अर्द्ध खंम कीधुं, त्यां गंगा सिंधु ए बे महानदीयें छ खंम की धा. ते नरत क्षेत्र मध्ये सदाकाल बार बार आरानुं कालचक्र फरे छे. छ आरा अवसर्पिणीना हीयमान कालना अने छ आरा उत्सर्पिणीना वर्द्ध मान कालना, एम सदाकाल नरतक्षेत्रने विषे बार आरा एवी रीतें वर्त्ते छे.

उत्सर्पिणी कालने विषे जे नाव आयुष्य, देहमान सुखादिकनुं प्रमाण होय. तेथी अवसर्पिणी कालने विषे प्राणीमात्रने सर्वनाव विपरीत होय. ३१

एहवे समे कोइक गतकाले, कोइक अवसर्पिणी कालने विषे दारुण न यंकर डुषम नामें पांचमा आराने विषे काल, धैर्य, संघयण, श्रद्धान ते सर्व डुर्बल थया, आ वर्त्तमान कालनी पेठे साधुव्रतने पालनारा घणा स्वल्प होता हवा. एहवा पांचमा आराने विषे नरतक्षेत्रना दक्षिणार्द्ध मध्य खंमनुं मं

मण, रम्य ग्राम देशोंकरी शोभायमान, एहवो एक श्रीमंगल नामे देश होतो हवो. ३४ ते देशने विषे दक्षिणावर्त्त शंखनी पेठें शंखपुर नामें नगर छे. जेमां चित्त चिंतवितना दातार एवा धनवंत पुरुष तथा जेमां अढारे वर्णना लोक वसे छे, ज्यां जिनप्रसादनेविषे उंची ध्वजाउ चलके छे, घंटाना शब्द वागे छे, एहवुं शंखपुर नामें नगर शोभे छे. ते नगरने विषे शंख नामें राजा छे ते केहेवो छे? तो के, शंखसमान उजलो छे, यशनो धरनारो छे, ते राजा महा शूरवीर छे, ते यद्यपि सूर्यसमान छे तथापि प्रजाने तापकारी नथी. वली चंद्रमानी पेठे शीतल छे, पण क्षीण अने कलंकी नथी. तथा सुपात्रने विषे दातार छे, पण जुगटुं रमवाने कृपण छे. परस्त्री जोवाने उपरांठो छे, पण शत्रु जीतवाने सन्मुख छे. तथा घणी अंतेउरी, हाथी, घोडा, प्रधानादिक परिवारें सहित इष्टकारी छे. एम सुखें समाधियें ते शंख राजाने राज्य पालतां केटलो एक काल जातो हवो. ३९

एटला नंतर एकदा समये ते राजा राजसभामां बेठो छे, त्यां प्रतिहार जे पोलियो तेणें आवी अरज कीधी, जे प्रधान एवो गजनामें शेठनो पुत्र दत्त एवे नामें विनीत तमारो मित्र तमने मलवाने आव्यो छे, हुकम होय तो सभामां आवे. त्यारें राजायें आज्ञा दीधी, दत्तकुमार पण प्रधान भेटणुं राजा आगल मूकीने प्रणाम करी उभो रह्यो. त्यारे राजायें पूछ्युं, हे दत्तकुमार! तुजने कुशल छे. केम घणे काले आव्यो? एटला दिवस किहां गयो हतो? एटलुं पूछ्या पछी दत्तकुमार कहे छे.

हे स्वामिन्! तमारा प्रसादें कुशल छे, अने घणे कालें आव्यानुं कारण सांभलो. ४२ अमारे व्यापारीनी ए रीत वर्त्ते छे, जे कांइक दिशे भ्रमण करी यौवन अवस्थामां धन उपराजीयें. जे माटे नितिशास्त्रमां कह्युं छे के, इपरिच्चय घरणिघरो, जो न नियछेइ महियलं मणुउ॥ सो कूवदद्दुरो इव, सारासारं न याणेइ ॥१॥ भक्षंति चित्तभासा, तहय विचित्ताउ देसभासाउ ॥ अच्चयभुयाइं बहुसो, दीसंति महीं भमंतेहिं ॥ २ ॥ अर्थः— घर घरणीनो परिचय मेलीने जे माणस विदेश देशांतर न जाय ते कुवाना मेडका सरखो सार असार कांइ न जाणे ॥ १ ॥ चित्र विचित्र एवी अनेक जातनी देशभाषा न जाणे, देश नीति न जाणे, ते माटे देश देशांतरने विषे भ्रमण करनारा लोको घणां आश्चर्य जुवे छे ॥ २ ॥ एवुं कही

हवे दत्तकुमार पोतें ज्यांथी आव्यो छे ते अधिकार कहे छे. ॥ ४५ ॥

इहांथी हे राजेंद्र ! हुं देवशालपुरे गयो. तिहां तमारे प्रसादें धन उपा र्जीने हुं केटलेएक कालें इहां आव्यो. तेवारें राजा कहे छे. हे सौम्य ! एटले दूर देवशालपुर छे, तिहांथी तुं जइ आव्यो. तो शुं तुं ए सर्वे साचुं कहे छे ? त्यारें फरीने दत्तकुमार कहेछेः—॥ यतः ॥ कोऽतिजारः समर्थानां, किंदूरं व्य वसायिनाम् ॥ को विदेशः सुविद्यानां,कः परः प्रियवादिनाम् ॥१॥ अर्थः— जे सारो शक्तिमान होय तेने श्यो जार ! वेपारी लोकोने शुं दूर ? सारो विद्या न् होय तो तेने परदेश ते कयो ? अने जे मीठुं बोले तेने पारको माणस ते कयो ॥१॥ एवुं सांजली शंख राजा पूछे छे, हे उत्तम ! तें देशांतर फरतां जे कांइ आश्चर्य दीठुं होय ते तुं मारी पासे कहे ? तेवारे दत्तकुमारे कह्युं जे में आश्चर्य दीठुं छे, ते कहुं छुं तमे सावधान पणें एकाग्र मनें सांजलो ४९

ज्यां सदैव सर्वत्र निरुपम कुल देखीयें छैयें, ज्यां अप्रतिम एवा अनंत जिनप्रासाद देखियें छैयें, ज्यां ज्ञानकला सहित मुनि देखिये छैयें, ज्यां धीवर जातना लोको पण श्रावक छे, एवा ते देवशाल नगरने विषे जे चित्रपट्ट ते विकस्वर नेत्रें करी स्वयमेव आप जुवो. एम कही यत्नपणें गोपव्युं हतुं जे चित्रपट्ट ते छोडीने राजा आगल मुकतो हवो. ते चित्रपट्ट मध्ये कोइक स्त्रीनुं रूप छे, ते निरखीने राजा विस्मय पाम्यो. कोइक अगण्यरूप लाव ण्यनी धरनारी देवांगना होयनि शुं ? एहवुं कोइक कन्यानुं रूप राजायें दीठुं. ते जोइने, अहो एहनां नेत्र केहेवां छे ! अहो एहनुं मुख, अहो ए हना स्तन, अहो एहना करचरण, अहो एहनुं लावण्यपणुं ! एवुं राजा हृद यमांहे चिंतवतो हवो. त्यार पछी राजायें पूछ्युं, हे दत्तकुमर ! कोण देवी त था मानवीनी ए मूर्त्ति छे ? ए कोणे सुकृतियें चित्रपट्टें चितरी छे ? तेवारे दत्त कहे छे, हे राजन् ! ए मानवीनुं स्वरूप छे तहारे संगें ए राणीपट्ट देवी थनारी छे. तेनुं रूप लख्युं न जाय. ए तो चित्रकारें लेशमात्र लख्युं छे.

तेवारें राजा कहे छे, ए चित्रमां शी खामी छे ? एना केश केवा सारा छे, एनां नेत्र केवा चंचल छे, एनुं वदन केवुं हास्ययुक्त छे, ए लखेलुं चि त्रपट्ट देखी चित्त हरे छे, तो साक्षात् ए स्त्री केहवी हशे ! तेवारे दत्त केहे छे, ते स्त्रीनी अपार लीला छे, एना शरीरनी सुंदरता जे छे ते लखी न जाय, एतो स्मृतिमात्र लेश थकी चित्रपट्टें लखी छे. तेवारें राजायें विस्मय

पामि पुब्धुं, जे ए कोण मानवी ठे? दत्त बोल्यो, ए माह्हरी बेहेननुं रूप ठे. राजायें कह्युं, एम केम? देवशालपुरे तारी बेहेन तें केम दीठी? एम पु ब्धुं, तेवारें दत्तकुमार धुरथकी मांमीने खरे खरुं पोतानुं वृतांत राजा आ गल कहे ठे ६१ हे राजेंड! हुं माह्हरा पितानी आज्ञायें, धननी आशा यें, देशांतर जोवाने अर्थे अने व्यापारने अर्थे जांम क्रियाणां लइ घर थ की साथ संघातें चाल्यो. तिहां अनेक देश उल्लंघतो, विविध देशनां आ श्चर्य जोतो थको देवशाल नगरना देशनीसिंधे एक जयंकर अटवी ठे तिहां पहोतो. त्यां प्रौढतुरंगमें आरोह्या सनद्धबद्ध एवा सुजटें परिवृत थ को चोर तथा जिल्लनी शंकायें त्वराथी हुं मार्गे चालतो हतो. एवामां ति हां आगल जातां मार्गें सुरूपवंत, सुजट मूर्ता खाइने दिव्य वेषनो धरना रो पुरुष मृत्यु प्राय थइ पड्यो हतो. तेनी आगल मुवेलो घोडो पड्यो ठे. तेवारे हुं ते पुरुष पासे गयो. तिहां तेहने कांइक जीवतो अधसंसतो दे खीने में तेना मुख उपरे पाणी सींच्युं, त्यारें ते पुरुष कांइक चेतना पा मीने जागृत थयो. ते वखतें में तेहने पाणी पायुं ने ते पुरुषने क्षुधावंत जाणीने में मोदक जमाड्या, तेथी ते हुशियार थयो. तेवारें में पूब्युं जे तमो आ अटवी मध्ये केम पड्या? घोडो केम मृत्यु पाम्यो? एम पुब्युं, त्यारें ते पुरुष हवे पोतानी वात कहे ठे ६७ ॥यतः॥ अवश्य जावेष्वनव ग्रहा ग्रहा, यया दिशा धावति वेधसः स्पृहा॥ तृणेन वात्येव तयानुगम्यते, जनस्य चित्तेन तृषावशात्मना ॥ १ ॥ अस्यार्थः ॥ जेहवां कर्म पूर्वे बांध्यां ठे, तेना उदये काले प्राणिने अजिलाष पण तेहवोज उपजे ठे. तिहांज मन दोडे ठे. जेम वायुयें प्रेर्युं तृण दोडे ठे तेनी पेठें ॥ १ ॥ ते माटे दे वनंदी नामें देश, तिहां देवशालपुर नगरनो राजा तेनो हुं पुत्र ठुं, ते घोडा नो वेग जोवा नीकल्यो, पण अवली गतिनो घोडो हतो ते मुजने अत्रे ला व्यो. इहां वाग मूकी एटले घोडो उजो रह्यो. ने श्वासें जराणो तेथी मृ त्यु पाम्यो. हुं क्षुधा तृषायें पीड्यो मूर्बागत थइ पड्यो. तेनें तुं परोपका री थयो. किहांथी आवीने तें मुजने जीवितव्य दान दीधुं? हे दत्त जाइ! तमो किहां जाशो? एहवुं राजकुमरें पुब्युं त्यारें ते राजेंड्रने में कह्युं, देव शाल पुरें जाशुं. आपण बेनो एक मार्ग ठे, एम कही ते राजकुमरने में महारा पोताने रथे बेसाडी विनोदनी वार्त्ता करतां अटवी मध्ये चाल्या ज

इयें छियें. ते अटवी केहवी छे, के ज्यां घणी नदीयो वहे छे, ज्यां घणा घुवडना घूत्कार, सूअरना सीत्कार, महागीरिनी गुफामां सिंहना गर्जारव चाले छे. वली घणा दव बले छे, एवी विकट नयंकर अटवी मध्ये आवतां बीजे दिवसें घोडाना हेषारव, अर्थात् हणहणाट, हाथीना गर्जारव तेणें करी आकुल, पालाना कोलाहल थाता, चित्कार थतां, घणां नगारां वाजते एवुं एक सैन्य अमें साहमुं आवतुं दीठुं. ते वखतें अमो नयें करी आकुल थया. सर्व अमारा सुनट सन्नधबद्ध थइ रह्या. एटले एक अस्वार आव्यो. ते कहेवा लाग्यो के, नय पामशो मा, अमे तमने पूछियें छियें, जे कोइ अस्वार घोडे हस्यो जातो तमे जोयो? एवुं पूछतां तेणें रथमां बेठेलो कुमार दीठो, त्यारें तेहने हृदयें अत्यंत हर्ष उपज्यो. तेवारें बंदीजनें जइ जय जयशब्द कही वधामणी दीधी, विजयराजाना पुत्र जयसेन कुमर ! तूं चिरंकाल जीवतो रहे. पछी तिहां सैन्यसहित राजा साथमां आव्यो. तेवारें जयसेन कुमार रथथी उतरी नक्ति सहित पिताने चरणे नमतो हवो. पितायें हर्ष पामी तेने वृत्तांत पूछ्युं. त्यारें कुंवरें सर्व हकीगत कही. जे ए दत्तशेठें मुजने जीवितदान दीधुं. वक्रशिक्षित घोडो मुजने आ अटवी मध्ये लाव्यो, हुं क्षुधा तृषायें पीड्यो मूर्छागत थइ, मार्गमध्ये पड्यो. अश्व मृत्यु पाम्यो. इत्यादिक सर्व वृत्तांत पिता आगल कहीने कह्युं के, मने ए धर्मबंधुयें जीवतो राख्यो, त्यारे राजायें कह्युं, ते कयो पुरुष ताहरो बांधव? त्यारें जयसेन कुमारें राजाने मुजनणी देखाड्यो. त्यारें राजा मुजने तेडीने पुत्रनी पेरें आलिंगन दइ मल्यो. घणुं आदरमान दइ घोडे अस्वारी करी साथे लइ चाल्यो. महारा सथवारानी रखवाली करवा माटे राजायें पोताना अस्वार मेल्या. अने अमो देवशाल पुरे राजनुवने गया. पाछलथी सर्व सथवाराना लोकपण आवी पहोता, त्यां रहेतां राजायें तथा राजकुमारें महारी साथें जेम मने महारा घर परिवार कोइ सांनरे नहि तेम घणुं हेत कीधुं ॥८३॥

ते विजयराजानी श्रीदेवी राणीथी उत्पन्न थयेली, तथा जयसेन कुमरनी नानी बहेन, तिलोत्तमा सरखी रूपवंती, दीठे थके मन तथा नयनने हरे एवी, चोसठ कलानी धरनारी छे, माटे तेज अर्थ उपर तेनुं नाम पण कलावती छे, एवी एक पुत्री हती, पण ते सरखो वर तेने जोइयें, ते कोइ न मल्यो, त्यारें विजयराजा चिंतारूप अग्नियें दग्ध थयो. ते कन्यानां माता

तथा बंधु सर्वे चिंतातुर रहे छे.॥ यतः॥ या जाता जनयंति दीनमुखतां प्राप्ताश्च सद्यौवनं, चिंताब्धिं किल वर्द्धयंति विपुलं यांत्यः परेषां गृहे ॥ कांतेनापि विवर्जिता अथ सुता पित्रोर्नृशं दुःखदा, पुत्रीणां नयनाम्बु जन्मसमये मात्रा ततो दीयते ॥१॥ अर्थः—पुत्री आवे पितानुं दीन वदन थाय, पुत्री मोटी थये पिताने चिंता वधारे, पारकां घर दीपावे, विधवा थाय तो पिताने महा दुःख उपजावे. ते माटे पुत्रीना जन्म समये मातानी आंखें आंसु आवे.

ते माटे हे राजन्! ते कलावतीनां माता पिता वरनी चिंता करतां देखीने में कह्युं. हे राजन्! "बहुरत्ना वसुंधरा" पृथ्वीमध्ये घणा रूपवंत उत्तम पुरुष छे. तेमाटे एनुं रूप चित्रामण पट्टमां लखावी आपो, एटले हुं ए सरखो वर प्रगट करी आवुं. तेवारें ते राजायें म्हारुं वचन मान्युं. पछी में चित्रपट्ट तैयार कर्युं. अने ते लइ गइ काले हुं आहिं आव्यो. त्यारें में चित्तमां चिंतव्युं, जे आ कन्या शंख राजाने योग्य छे. पोताना स्वामीने मूकीने ए रत्न बीजाने कोण आपे. एहवुं विचारीने ते कलावतीना रूपनुं प्रतिबिंब प्रभु आगल मूक्युं. एटला उपरांत जे तमने घटता घटतुं होय ते आदरवुं ए१

तेवारें शंख राजा ते कलावतीनुं प्रतिरूप देखी कामकिरातना उग्र बाणें पीडित थयो छे. एम जोई तेनो मतिसागर नामा प्रधान कहे छे. कलंक रहित चंद्मासरखुं जेनुं मुख छे, विकस्वर छे नेत्र जेनां, रक्त अशोक पल्लवनां पत्र सरखां छे होठ जेना, लावण्यरूप नीरनी तो ए नदी छे, माटे जेम हंसी हंसने योग्य होय पण कागडाने योग्य नहि, तेम ए कन्या पण, देवनो सेनापति जे कार्तिकेय तेना पराक्रम सरखुं छे पराक्रम जेनुं एवा अमारा महाराजने मूकीने बीजा कया पुरुषने योग्य छे? वली मतिसागर मंत्रि कहे छे. हे राजन्! ए दत्तकुमार मुजथी तमारो अधिको हितकारी छे. केमके जे इहांनो रहेनारो छतां परक्षेत्रे जइने स्वामीनुं कार्य करे छे. जगत्मांहे परना कार्य टाली पोतानां काम समारे एहवा अधम नर घणा छे; पण पोतानुं काम पडतुं मेलीने पारकुं काम समारे एहवा उत्तम नर थोडा हशे॥ यतः॥ प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः, प्रारभ्य विघ्नविहता विरमंति मध्याः॥ विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः, प्रारब्धमुत्तमजना न परित्यजंति ॥ ॥ १ ॥ तेमाटे उत्तम पुरुष होय तेहने जोपण अनेक विघ्न आवी उपजे तोपण ते प्रारंभ्युं काम न मूके॥ ए७ ॥

तेवारे दत्तकुमार हसिने कहेवा लाग्यो के, एहवी शी सेवकनी वडाइ करो छो? जो चोरनो पग देखाडे तो पण स्वामीनो प्राहरिक सेवकज कहियें. एम सभाने विषे बेठां मीठी गोष्ठ करतां मध्यान्ह समय थयो. ते वारें कालवेदी पुरुषें समय जणाववाने अर्थें एम कह्युं ॥ आक्रामत्युल्लस त्तेजाः, सूरोऽयं जनमस्तकम् ॥ तीव्रतेजस्विनां लोके, किमसाध्यं भवत्यहो ॥१॥ अर्थः—तेजें उल्लास करतो एवो ए सूर्य जनना मस्तकने उलंघे छे, अहो! तीव्र जेमनुं तेज छे एवा लोकोने आलोकमां शुं असाध्य छे? जे माटे हजीसुधी कार्यथी निवर्त्त्या नथी. सुवर्णाद्य शृंगारें शोभती, उल्लास करती, कमलनेत्रा एहवी आनंदनी उपजावनारी लक्ष्मी ते देवपूजाथी पामीयें माटे उठो देवपूजा करो. एम सेवकें आवीनें कह्युं ॥ १०१ ॥

त्यार पछी शंख राजा सभा विसर्जी, स्नान अर्चा जिन पूजादिकृत्य करी पछी भोजन करी शय्यायें बेठो थको ए प्रियानो समागम केम थाय एवी रीतें तेनो उपाय चिंतवतो हवो. हे दैव! तव भद्रं भूयात्. जेणें एहवी अमरांगना सरखी सुलोचना स्त्री नीपजावी छे. तेणे जेम पंखीने पांख आपी तेम जो मानवीने पांख दीधी होत तो, हमणांज हुं त्यां जइने आ स्त्रीनुं मुख निरखत. तथा कइ रात्री, अथवा कयो दिवस ते अमृत समान थाशे, के ज्यां पुण्यना महिमा थकी ते दुर्लभ स्त्री पामीशुं. एम चिंता रूपी समुद्रना संकल्परूप लोल कल्लोले करी कंपायुं छे हृदय जेहनुं एवा राजायें त्यां बेठां केटलो एक काल अतिक्रमीने पाछो सभास्थान मंडपे आवी सिंहासन विराजमान कर्युं. त्यां मंत्री तथा महामंत्री प्रमुख सेवाकारी सर्व जन आव्या. तेनी साथें वात विनोद करतां शेष दिवस निर्गम्यो. रात्री पण विषयादि व्यापारें निर्गमी. बीजे दिवसे तेमज राजा सभायें बेठो छे. एहवे समये श्वासें भराणा एवा कोइक पुरुषें आवी प्रणाम करी कह्युं के, दैवसूत्रनी पेठें सर्व सामंतादिकें अजाण्युं एवुं, रथ, अश्व, सुभटें व्याप्युं महा सैन्य आवे छे. ते सैन्य वनना जीवने त्रास पमाडतुं, कोला हलें करी विश्वने कंपावतुं छे. एहवुं सांभली शंख राजा कोपें धिग धिगा यमान थयो थको बोल्यो के, रण भंभा ढंका वजाडो, ए कोण सैन्य आवे छे, तेने सामा जइये. एम कही जेटले लडाइनी सामग्री करे छे. गज, रथ, अश्व, सुभट, सन्नद्धबद्ध सज्ज थाय छे, लोक पण सर्व एम कहे छे के, ए कोण

आवे छे! एम सर्वत्र कोलाहल थाय छे, एवामां दत्तकुमरें आवी विनंती कीधी.

हे स्वामिन्! एवडो अकाले श्याने अर्थे कोप करो छो. हे राजन्! जे कन्यारत्न ते चित्रपट्टे लखी, जे तमे दिलमध्ये धारी, ते तमने वरवाने सामी आवी छे. तेहनुं ए लश्कर छे. तेमाटे कोप केम करोछो! एतो शातानुं कारण छे. जेमाटे हे स्वामी! सर्व कलायें संपूर्ण मोटा प्रतापवंत ए जय कुमार सर्व सार सैन्य सहित इहां आवे छे ॥ ११६ ॥

ते वार्त्ता सांजली शंख राजा महा आनंदमय थयो. किंवा जाणीये अमृतना कुंभमां नाह्यो, के जाणीयें चक्रवर्त्तिपणुं पाम्यो. एहवो हर्षवंत थातो हवो. त्यारपछी दत्तकुमरने सोनानी जीन, अंगनां आभरण वधामणीमां आपीने कहे छे, जे ए अणघटतुं काम थयुं. जेमाटे तुरत ए कन्याने सामी लइ केम आव्यो. तेवारे दत्तकुमार कहेवा लाग्यो. साहेबनी पुण्याइ थकी सर्व योग्य मले छे. ते वखत राजाने मतिसागर प्रधान कहे छे. ए दत्तकुमार मोटा चित्तना भावने जाणे छे, बोले थोडुं पण स्वामीनां कार्य करवाने निपुण छे. बीजा तमारा केटलाएक सेवक जे मुखें मीठुं बोले एवा तो घणाय छे, पण पछवाडे गुणग्राही स्वामीनुं कार्य समारे एहवा उत्तम सेवक, ते केटला होय? ॥ यतः ॥ असारे हि पदार्थे हि, प्रायेणाडंबरो महान् ॥ नहि तादृग् ध्वनिः स्वर्णे, यादृक्कांस्ये प्रजायते ॥ अर्थः—असार पदार्थने विषे आडंबर घणो रहे छे. जुउ कांस्यमां जेटलो ध्वनी छे तेटलो सुवर्णमां नथी. ते माटे हे राजन्! ए दत्तकुमार गंभीर छे. मुखे घणुं नथी बोलतो; पण ए कन्याने साहेबना गुण वर्णवीने तमारी उपर घणी रागवंती कीधी छे. एहवुं हुं चित्तनेविषे संभवुं छुं. तेथी एने पितायें आज्ञा आपीछे माटे बंधवने तेडीने उतावली ए कन्या तमारी सामी आवी छे ॥ १२४ ॥

तेवारे दत्तकुमार कहे छे. अहो, मंत्री तमारुं नाम मतिसागर जे छे, ते यथार्थ छे. जे पछवाडे निपनुं छे, ते तमो बुद्धेकरी प्रत्यक्ष निपनानी परे कहो छो. वली शंख राजा हसिने कहे छे. हे मंत्रीश्वर! ए दत्तकुमार! मननो महा गंभीर छे. जे माटे समय अवसरनो महोटो जाणनार छे. तेमाटे हवे सैन्य सामग्री निवारी ए समये जे घटे ते क्रिया करो, हाट श्रेणी सणगारो, बुद्धिवंत नर साह्मा जाउ, मोटे मंडाणें सामैयुं करी, नगर मध्ये प्रवेश करावो. हाथी, घोडाने घांसनी सामग्री करो, राजकुमरने उतरवानी

जग्या हवेली सज्ज करो. ते सांजलीने जे निपुण पुरुष हता ते राजानी आ ज्ञायें हर्षोत्कर्ष थका सामा गया, अने जेम राजायें कह्युं हतुं तेम कार्य करता हवा. ते जयसेन कुमरने सामा परिवार सहित प्रधान गया. घणो आद र दीधो. त्यारें जयसेन कुमर विस्मय पाम्यो. बंदीजन बिरुदावलीमां कुल पराक्रमनी प्रशंसा करतां वाजिंत्र वाजते चित्तने आल्हादें तिहां राजायें उतारा आप्या. ते घरने विषे उतरी, स्नान मज्जन तथा जोजनादिक करी गीत गान नाटकादि थाते ते दिवस तेम निर्गम्यो. त्यारपछी बीजे दिवसे मंत्रीसामंतें परिवर्यो थको जयसेन कुमार सजामध्ये आव्यो. शंख राजाने मुजरो करी आगल जेटणुं मूकी पगे लाग्यो. त्यारें राजायें पण आलिंगन दइ घणो आदर करी पोताने अर्धासने कुमारने बेसाड्यो ॥ १३५ ॥

पछी महामति नामा जयसेन कुमरनो मंत्री केहतो हवो के, हे राजन् ! तमारा उज्वल गुणें करी अमारा स्वामीनुं मन अत्यंत रंजित तथा घणुं आनंदमय थयुं छे. जे दत्तकुमारें जिव्हारूप कूर्चिकायें करी घणा वर्णनी सामग्री लइने आमारा स्वामीना चित्तरूप पटने विषे तमारुं स्वरूप सारी रीतें लख्युं छे. तेथी घणा प्रसन्न थयेला अमारा स्वामी अस्थिमज्जात्मक शरीरें करी जोपण दूर छे, तथापि पोताने प्राणथकी वल्लज एवी कन्या ते मणें तमारी पासे मोकली छे. घणा राजकुमरने अवगणीने ए कन्या तमारी उपर रागवंत थइ छे. अमारा स्वामीयें कह्युं छे के ए कन्यानुं तमो शुजदिवसे पाणी ग्रहण करो, एनी उपरजेम ए माता पिताने न संजारे एहवुं अत्यंत हित करो. एहवुं सांजली शंख राजा सौम्यदृष्टें जयादिक कुमर सामुं जोइने शंखसमान मधुरस्वरें करी कहेतो हवो के, जे सज्जन छे ते दूर थकी पण गुण ग्राही छे. तेम विजय राजा दुरथकी पण मुज उपरे स्नेह राखे छे, हित क रे छे. ते सज्जनना गुण केटला वखाणियें ॥ यतः ॥ मनसि वचसि काये पुण्य पीयूष मग्ना, स्त्रिजुवनमुपकार श्रेणिजिः प्रिणयंतः ॥ परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं, निजहृदि विकसंतः संति संतः कियंतः ॥ १ ॥ तेमाटे ए राजानो अत्यंत स्नेह जाणीने तेहनुं वचन अन्यथा कोण करे ? जेम सुपुत्र पितानुं वचन प्रमाण करे तेम ए राजानुं वचन अमारे प्रमाण करवुं. कुलवंतनी पुत्री, सौजाग्य फलनी देनारी, सरिखा सरखी, तेने कल्पवेलनी परें कोण विबुध नमाने ? ते सांजलीने जयसेन कुमार हसीने सजामध्ये

दत्तकुमार प्रत्ये केहे ठे. हे बांधव! आज तमारा वचननो विशेषें विश्वास उपन्यो. अमृत समान तमारा वचननो विलास ठे. दाक्षिण्य विनयादिक गुणो ए राजाने विषे अपूर्व देखाय ठे. तथापि पोताना गुणें करी तेमने संतोष थतो नथी. माटे ते बीजाना गुण लिये ठे. अथवा उत्तम पुरुषोना स्वनाव एवाज होय ठे. हे देव! तमने दीठे अमारां नेत्र सफल थयां, त मारां वचन सांनली अमारा कान कृतार्थ थया. एवुं जयसेन कुमरनुं व चन सांनलीने, दत्तकुमारे शंख राजाने कह्युं, हे राजन् मित्रनी उपर स्नेह दृष्टि राखवी. राजायें कह्युं, हे कुमार! तुं गुणरागी ठो. तुजसरिखा उत्तम पुरुषना वचनने कोण प्रमाण न करे? ॥ १५० ॥

एम पंमितगोष्ठी करी लग्नना जाण तेडीने लग्न निर्धारी माहो मांहे सौजन्यता पामी सनामांथी उठी सर्वजण आपणे स्थानकें पहोता. एम तिहां रहेतां अमृत समान गोष्ठी करतां लग्नने दिवसें वाजिंत्र वरनाद वा जते महा मंगलिक गीत गान करते, महा महोत्सवें घणा सज्जनने बहु मान देते, स्नान मज्जन करावी ते कलावती, शंख राजाने पाणिग्रहण करा वता हवा. तेवारें जयसेन कुमार शंख राजाने करमोचन वेलाये घणा हाथी, घोडा, रथ, रत्न सुवर्ण आनूषण वस्त्रादिक घणो दायजो देतो हवो. शंख राजा पण कलावती परणीने अतिहर्ष पामतो हवो. तेणें लोकने पण शाता उपजावी, रहीयतने करना नार मूक्या. त्यार पठी केटलेक दि वसे पितानी पासे जावाने उत्सुक थई जयसेन कुमारें शंख राजानी आ ज्ञा मागी, कलावतीने आश्वासना देइ बहेननी शीख लइ पोताने नगरे चाल्यो. शक्तिसामर्थ्यवंत सुरतरुवत् एवो शंख राजा ते कलावती साथे महा देव पार्वतीनीपरे निरंतर नोगनोगवतो विचरे ठे. ए कलावती विना आस्थान सनास्थानक ते चारक बंदिखानानां स्थानक समान जाणतो हवो, सार नोजन ते नीरस जाणतो हवो, अश्वक्रिडा ते मननी पीडा जाणतो हवो, एटले राजा अति रागी थयो, अत्यंत विषयासक्त थयो. कलावतिना शरी रनुं कार्य करतो ते उपर राजानुं मन तल्लीन थयुं, अंतेउरी ते एक कला वतीनेज जाणे, बीजी राणीयोने तो अंतेउरी कहेवा मात्र जाणे. ते न गरनी सर्व नारी कलावतीनुं सौनाग्यपणुं देखीने धर्म करवाने तत्पर थइ. जे

माटे ते सर्व स्त्रीयो विचारवा लागीके धर्म करवाथी आपणने पण परभवे एहवो भरतार वशवर्त्ती थाय. आपणे एहवुं सौभाग्यपणुं पामियें॥१६३॥

हवे कलावतीनुं वर्णन करे छे. शीलवती एवी कलावती राणी असत्य न बोले, कोइ साथे कलह न करे, पुठपाछल कोइनी चाडी न करे, मत्सर, इर्ष्या, अदेखाइपणुं न करे, भर्त्तारथी लगारे अहंकार नथी करती, मीठा बोली, विनयवाली, विचिक्षण, सर्व कोइने हर्ष उपजावे एवी छे.

एकदा ते कलावती राणी सुख शय्यायें सूती छे. रात्री पाछली पहोर नी थइ छे. त्यारें, विकस्वर एवा कमलनी मालायें वींट्यो, चंदनें चरच्यो, खीरसमुद्रने जलें भर्यो एवो सुवर्ण कलश स्वप्नामां दीठो. प्रभातनां वा जिंत्र वागते राणी जागती हवी. अने राजा पासे जइ स्वप्ननी वार्त्ता कहे ती हवी. त्यारें शंख राजायें कह्युं.–राज्यलक्ष्मी युक्त, कुलोध्धार कर्त्ता, कु लदीपक एवो तारे सुपुत्र थशे. एवुं सांभली राणी हर्ष पामी. अति उ ह्लासें गर्भने पालती हवी. अति टाढुं, तथा अति उष्ण न खाय. अति भूख तथा अति तरश सहन करे नहि, एवी रीतें गर्भने पालती, गर्भने पुष्टि आपे एवां औषध खाय, गर्भरक्षक मूलीका बांधे, गर्भरक्षणने अर्थें देव तानुं आराधन करे, एम करतां नव मास पूरा थया. पहेली सुवावड पिताने घेर थाय एवी रीत जाणीने तेना पिताने खबर कहेवरावी. एटले दत्त शेठने घेर तेना पिताना मोकलेला सेवक आव्या. तेमने कलावतीयें पिता, माता, भाइनी कुशल वार्ता पूछी. त्यारें सेवकें कह्युं तमारां माता, पिता, भाइ वगेरे सर्वे कुशल छे तमारे पितायें भोगना अंगसार वस्त्राभर ण तमने मूक्यां छे. तथा जडाव बेरखा, बाजुबंध पूर्वे तमने दीधां न हता, ते तमारा भाइ जयसेन कुमारें मूक्यां छे. राजाने वास्ते बे दिव्य वस्त्र मूक्यां छे. एवुं सांभली राणी दत्तशेठने घेर आवी. पिताना मूके लां वस्त्राभूषण लेइ सेवकने आशीष देइ ते वस्त्राभरण पेहेरी बाजुबंध बां धी पोताने मंदिर आवी ते बेरखा जडाव पेहेर्या देखी सखिउना नेत्रने आनंद उपनो. सखिउ आनंद पामीने कहे छे के, हे बाइ! एवां बाजुबंध क्यांय दीठां नथी. ए मोटुं आश्चर्य उपजावे एवा छे. ए राजायें कराव्या दीसे छे. एवी वात हास्य विनोदनी करे छे एवामां शंख राजा पण त्यां आव्यो. ते हास्य विनोद सांभली गोखे बेठो तेवामां कलावतीने हाथे जडाव बा

जुबंध दीठा. तेथी तेना मनमां शंका उपनी. परमार्थ जाण्या विना हास्य विनोदनुं निमित्त देखीने राजाने रोषरूपी सर्प मस्यो तेथी कोपायमान थइ चित्तमांहे चिंतववा लाग्यो जे, एना हृदयने आनंदनो उपजावनारो कोइक बीजो धणी देखाय छे. अने एणें कपट विद्यायें मने वश कीधो छे. तें ध णीनां ए जडाव बाजुबंध पेहेरी हास्यविनोद करे छे. एवो कुविकल्प पर मार्थ अण पूछतां राजाने उपन्यो, माटे हवे एनो जार पुरुष जे बीजो धणी होय तेने हुं हणुं, अथवा ए स्त्रीने हणुं, किंवा एवो कुयोग मेलवनारी जे दूती होय तेने हणुं ॥ १८१ ॥

एवुं ध्यायीने राजा त्यांथी उठीने पोतानुं शयनजवन छे, त्यां आव्यो, हृदयनी वात कोइने कही नहि. राणीने परमार्थ पण पूछ्युं नहि. अविचार्युं काम राजा करे छे. एवामां सूर्य अस्त पाम्यो. अंधकार व्याप्यो. एटले रा जायें चंमालनी स्त्रीने गुप्त पणें तेडावी अने पोतानी मतिकल्पित उत्तर तेने गुप्तपणें शीखव्युं. तेणे पण ते सांजल्युं. अने तेथी ते काम जेम थाय तेम कह्युं. जे हुं अटवीमां ज्यां राणीने मूकावुं, त्यां तमे जइने आजरण सहित एना बे हाथ छेदीने आवजो, एम कहीने, एक निर्दय नामा सुजट तेडा व्यो तेने कह्युं. अमे प्रजाते सर्व सैन्यलेइ वन उद्याने जाशुं. त्यारें तुं राणीने कहे जे के, तमने राजा वनक्रीडाने अर्थे तेडे छे. एवुं कपट करी राणीने रथे बेसारी क्षणमात्रमां अटवीमां दूर जइ, ज्यां गामसीम न होय त्यां मू कजे. पछी प्रजाते राजा वनक्रीडायें गयो. त्यार पछी निर्दय सुजटें जइ राणीने कह्युं के तमने राजा तेडे छे. एम कपट करी राणीने रथे बेसा डी जयंकर दूर अटवीमां ते गर्जवती सतीने लेइ गयो. तेवारें तेने राणी यें कह्युं राजा क्यां छे? तुं मने क्यां लेइ जाय छे? आंही हुं राजाने नथी देखती. सैन्यना शब्द वाजिंत्र कांइ संजलाता नथी अरे डुष्ट! तुं अटवीमां लावी मने शुं वंचे छे? एवुं सांजली, ते निर्दय सेवक बाइने रथथी उता री गलगलो थइने कहे छे. धिक् दैव!! हे राणी हुं डुष्ट छुं!! डुष्ट आजी विकाने वास्ते राजानो हुकम प्रमाण करवो! राजानी आज्ञा छे के, तम ने अटवी मूकवी. एम कही राणीने रथथी उतारी शाल वृक्ष तले बेसाडी पछी ते निर्दय सेवक मूर्छा पामती, रुदन करती एवी राणीने मेली रथ लेइ पाछो नगरमां आव्यो. पाछलथी राणी पोतानुं कुल अने धर्म संजार

ती अत्यंत रुदन करती मूर्छा पामी. ते पछी वनना वायरें सचेत थइ आ रडे छे, एवामां राजाना हुकमथी चंमालनी स्त्री हाथमां काती लेइ त्यां आवी. ते दुष्ट स्त्री कटुक वचनें कहेवा लागी, रे पापीणी ! दुष्ट चेष्टानी करणहारी ! तें जे संपदा जोगवी छे ते तुं नथी जाणती ! राजा तारी उपर प्रतिकूल छे तारो दुश्मन थयो छे. हवे तुं तारां कर्यां कर्मनां फल जोगव. एम कही सहसा ते राणीना बे हाथ आजरणसहित छेदीने ते दुष्टा जती रही ! राणी महा वेदनाये हे तात, हे मात, एम वलवलती जूमिकाये मूर्छागत थइ पडी. वनने शीतल वायुयें सचेत थइ. वली विलाप करे छे. हे दैव ! ! ! तुं मारा उपर श्या माटे कोप्यो. आवडो आकरो दंम मारा उपर श्या माटे कर्यो. तारा घरमां मारा सरिखी अबला नहि होय. जे माटे तुं मारुं दुःख देखतो नथी ! एम दैवने उलंजा देइ पछी राजाने उलं जा दे छे. हे निपुण आर्यपुत्र ! तमने अविचार्युं करवुं घटे नहि. पछी तमारा मनने विषे ए अविचार्युं काम कर्यानुं कर्म ते शालनी पेठे दुःखरूप थइ सालशे. महोटा तापरूप थइ पडशे ॥ २०० ॥

वली कलावती राणी विलाप करती कहे छे, हे राजन् ! में कांइ अप राध नथी कीधो. कोइ नीच, खल पुरुषें तमने कह्युं होय तो जले; पण हुं ते नथी जाणती. वली हे राजन ! मारुं शीयल स्वप्ने पण मलिन थयुं एवुं तुं म जाणीश. स्त्री तो क्षण रक्ता क्षण विरक्ता एवी कोइ होय, पण संत पुरुष तो जे अंगिकारी तेने काढी नथी मेलता. एवी लोकनी वाणी छे, ते पण तमे विपरीत कीधी. हे प्रिय ! ते प्रेम, ते सेवा जक्ति, ते मधु रालाप ते सर्वेने एकसमे केम विसारी मूक्या ? त्यार पछी कहे छे, हा तात ! हा मात, हा जाइ, हुं तमने प्राणसमान वल्लज हती. ते हुं आ विपत्ति मां मरण पामुं छुं ! अहो माहारी कोइ रक्षा करो. एम दुखणी थईने ते कलावती राणी विलाप करती हवी.

तेवामां तेना पेटमां पीडा उपनी त्यारें तेणें जाण्युं के, आ प्रसूतीनो समय छे, एम जाणी ढूकडो एक नदी किनारा उपर वनगुल्म हतो त्यां गई. तेणें दुःखमां मध्य रात्रि समये घणे कष्टें देवकुमार समान पुत्र प्रस व्यो. तेनुं रूप, शरीर जोइने राणी हर्ष अने शोक बेहु धरती हवी ॥यतः॥ आवइगयं पि सुहए, हासइ गुरु सोग महियं पि ॥ मरमाणं पि जियावइ,

अवच्च संजीवणी जीवं ॥ १ ॥ एम दुःखमय विलाप करती राणी पुत्रने कहे छे, हे वत्स! तुं घणां वरस जीवो. सुखी थाउ. हुं मंदभाग्यणी तारी वधामणी कोने आपुं? एवा समयमां तडफडतो ते बालक नदीनी वेलुमां लोटतो. त्यारें राणी तेने पगे झालीने दीन वदनथी कहे छे, हे नदी माता! हुं तारे शरणे आवी छुं. माटे जे नमे तेनी उपर करुणा राखवी. तमे मारा सुत उपर अने म्हारी उपर करुणा राखो. हे ज्ञानदृष्टिवाली! जो मारुं शियल पृथ्वीनेविषे निष्कलंक होय तो ज्ञान दृष्टें करी जोइने जे रीतें हुं बालकने पालुं ते उपाय आचरो. एटले नवा हाथ आवो, एवुं राणीयें आक्रंद करतां कह्युं. त्यारें दयावंती सिंधु देवीयें, देदीप्यमान सुंदर एवी बे बाहुलता प्रगट करी. एटले शियलना महिमायें बे बाहु नवा आव्या. राणीनी वेदना मटी. अमृतरसें सिंच्यानी पेठें नवुं सुख अनुभवती बे हाथें पुत्रने लेइ उत्संगे बेसाडती हवी. अने नदी देवीनी स्तुति करवा लागी के, हे देवी, तुं चिरकाल जय पामती रहे. तुं निःस्वार्थ हितकारी छो. दुःखी! दीन अनाथ एवी जे हुं तेने हे स्वामिनी! तें जीवाडी पण आवडी आपदामां पडीने मारे जीववे शुं? परंतु आ दीप्तिवंत बालकने आश्रय विना एकलो क्यां मूकुं? आ पुत्रना जन्मथी नगरमां राजा महोटो उत्सव करत. माटे धिक् पडो विधात्राने के जेणे आवुं कर्युं! ॥यतः॥ रज्जंति जाव कज्जं, कयकज्जा दुज्जणुव्वदुमंति ॥ जे ते कारिम नेहा, हाहा धी निग्घिणा पुरिसा ॥ १ ॥ अर्थः—जे कार्य होय त्यां सूधी राजी करे छे, अने कार्य सरे त्यारें दुर्जननी पेठें दुःखदायी थाय छे, एवो कारिमो स्नेह जेमनो छे, ते दयाहीन पुरुषने धिक्कार होजो.

एम कहीने पछी धर्मभावना करवा लागी. जेमना मनोरूपी घरमां कामरूपी पिशाच वसतो नथी. एटले जेमणें मनमांथी कामने काढी नाख्यो छे, तथा बाल पणाथी जे शियलव्रत पालती हशे, ते साध्वीने मारो नमस्कार होजो. जो हुं कुंवारी थकीज साध्वी थइ होत तो आवडुं दुःख न पामत. एम पोतें रुदन करती वनना जीवने रुदन करावे छे.

एवे समये तेने कोइ तापसें दीठी. पूर्व पुण्योदयें करी ते तापस कलावती पासे आव्यो. तेने जोइ तापस विचारे छे के, ए स्वर्गनी देवांगना छे, किंवा विद्याधरी छे, किंवा किन्नरी छे. एम घणी वार विचारीने पोताना

मौन धारण करीने रेहवुं, अवसरें थोडुं बोलवुं, एवो ते कुमार परोपकारी,
दाक्षिण्यवंत, दातार, पराक्रमी, गंभीर, गुणवंत, होतो हवो ॥ २१ ॥ एवे
समये ज्यां कोकिल जे छे ते गायन करे छे, भ्रमर जे छे ते बंदी थईने
स्तुति करे छे, किंशुक वृक्ष जे छे ते जेना उपर छत्र धरे छे, अने मचकुं
दना वृक्ष जे छे ते जेनी उपर चामर ढाले छे एवो वसंत राजा आव्यो.
एटले वसंत ऋतु आवी. ते समये स्त्रीयोने देखी कामी सुभटनुं मान वि
लय गयुं छे, ते स्त्री आगल हाथ जोडी उभा रहे छे, हीचोले हीचे छे,
नर नारी जन जे छे ते लज्जा गर्व मूकीने फागनां गीत गाय छे, प्रायः
भ्रमरनुं नृत्य अने गुंजारवरूप रास गीत तेणें करी शोभतुं एवुं महीमंडल
थयुं, युवान पुरुषने उल्लासकारी एवो मधुमास आव्यो, त्यारें मित्रनी प्रे
रणाथी क्रीडा जोवाने अर्थें कमलसेन कुमार नंदन वनने विषे आवतो हवो.

त्यां क्रीडायें करी व्यग्र ठे मन जेनुं एवा ते मित्रादिक रमतां अन्य जग्याए गया. त्यारें कुंवरें त्यां बेगं थकां अहो? एतो अनाथ ठे एवो कोइकना मुखथी बोलातो शब्द सांजल्यो. त्यारें कुंवरें विचार्युं, जे माहरो पिता लोकनो नाथ ठतां ए अनाथ शब्द कोण कहे ठे? अने ते केम कहे ठे? एवो अमर्षधरी ते कुमर शब्दने अनुसारे ते दिशिजणी चाल्यो. ते केटलेक दूर गयो, पण शब्दनो कहेनारो कोइ दीठो नहीं, त्यारें त्यांथी पाठो वल्यो, एटलामां वली एनो एज शब्द सांजल्यो. त्यारें वली शोध करवा आगल चाल्यो. त्यां अति दूर नही एवा एक देहराने विषे प्रवेश करती एक स्त्री दीठी. तेवारें कुमरें विचार्युं, जे ए शब्द तो बे त्रण वार एनाज मुख थकी नीकल्यो होय एम संजवे ठे, ते माटे एनेज पूछुं. एवुं चिंतवीने कुंवर देहराने द्वारे पेसे ठे, एटले ते देहरुं उडीने दूर गयुं, अने प्रासादरूप थई रह्युं. तेवारे कुंवर विस्मय पाम्यो. एटलामां प्रासाद मध्येथी एक प्रौढ स्त्री नीकली. ते हर्षवंत थकी कुमरने आदर सन्मान दइ कहे ठे के, हे स्वामि! तमे अहीं बेसो.

ते सांजली कुमर कहे ठे, हे स्त्री! तुं कोण ठो? आ इंद्रजालरूपी ते शुं ठे? जगत अनाथ तुं केम कहे ठे? तेनो उत्तर तुं तरत आप. त्यारें ते स्त्री कहे ठे. जेनो कोइ नाथ नथी तेने आ बधुं जगत् अनाथ ठे. त्यारें कुमर कहे ठे. ए इंद्रजाल तें शा वास्ते रच्युं. स्त्रीबोली, ताहरे माटे कर्युं. हे निपुण! तुं कोण एम स्त्रीजातीने पूछवुं तुजने घटे नहीं ॥ यतः ॥ सरियाणं नरिंदाणं, रिसीण कमलाण कामिणीणं च ॥ पुछंति उ गामं जे, कुसलत्तं केरिसं तेसिं ॥ १ ॥ अर्थः—नदी, राजा, ऋषि, कमल, अने कामिनी एमनो गाम जे पूछे तेनुं कुशल केवी रीतें थाय ॥ १ ॥ तो पण तुंने कंइक कहुं ठुं. के, स्त्री जाति जे ठे ते हमेश पवित्रज ठे. कारण, सूर्य, नदी, नारी, राजमार्ग, अने सुवर्ण ए पांच वस्तु सर्वदा पवित्र ठे, एम कूर्मे धर्मराजाने कह्युं ठे. हवे तुं मह्वारी वार्ता सांजल. श्रीनामक हुं प्रौढ नायिका ठुं. हुं लायक एवा बहु उत्तम पुरुषें जोगवी ठुं. पण हुं सांप्रति अनाथ ठुं. तेमाटे हे स्वामि! तुं दयाल ठो, तुं निपुण ठो, उपकारीमां शिरोमणी ठो, तेथी मुज अनाथना तमो नाथ थाउ. जे उत्तम होय, ते परस्त्री जोगवे, एवुं विपरीत वचन स्त्रीयें कह्युं ते सांजली कुमरें हृदयमां धारीने पठी ते स्त्री प्रत्यें कह्युं के हुं

परस्त्रीने भोगवुं नहीं, जेमाटे उत्तम पुरुषें परस्त्री भोगववी नही. परस्त्रीने सामुं जोवाथी पण शीयल रूप प्राण जाय, अने जो हृदयमां लागे तो कालजुं कापी नाखे, माटे एने तरवारनी धार समान जाणो.

माटे न्याय मार्गी उत्तम पुरुषें परस्त्रीसंग न करवो. ॥ उक्तंच ॥ आग मे॥ मइलइ विमलं पि कुलं, हिलिज्जइ पागएण विजएण ॥ पडइ डुरंते नर ए, पुरिसो परनारिसंगेण ॥ १ ॥ उच्छिठ्ठे वित्तंपि व, परनारी परिहरंति सप्पुरिसा ॥ सेवंति सारमेयव्व, निंदिया जे डुरायारा ॥ २ ॥ अर्थः—पर स्त्रीना संगेंकरी पुरुष पोताना निर्मल कुलने मलिन करे छे. पातकें करी पोताना आत्माने हीन करे छे. अने डुरंत नरकने विषे पडे छे. सत्पुरुष जे छे ते उच्छिष्टनी पेठें परनारीने छांमे छे. तथा जे डुराचारी अने निंदित पु रुष छे ते श्वानसरखा थईने परनारीने भोगवे छे. ॥ २ ॥ जेनो कोय ना थ न होय, अथवा डुखी होय, तेने पोषवानो अथवा पालवानो नाथ हुं छुं. परंतु कल्पांते पण परस्त्रीनो संग करनार हुं नहिं. जो मारुं चित्त तुं हरीश तो हुं सत् पुरुष नहि, तो हुं परस्त्री केम धारुं ! एम कहेतो ते कुमार त्यांथी नीकल्यो. त्यारें ते बोली सूना घर मध्ये पेसीने जेम श्वान नीकले तेम तुं केम नीकल्यो. जो तहारा अंगमां सुभट पणुं होय तो तुं महारा मुख आगल आव. एम सांभली कुमर तेने सामो गयो एटले कोइ पुरुषें कह्युं, हाथमां तरवार ग्रहीने तुं स्वछंदाचारी थको शुं सिंहने वारीश ? माटे जो तुं साचा पुरुषमां सिंह होयतो जोउं, जे हुं प्रहार दउं तेने तुं सहन कर. त्यारे कु मरें पण खडग काढी माबे खंभे धर्युं. त्यारे ते पुरुषें पण तरवार खांधे धरी कह्युं, हे मूढ पहेलो प्रहार तुं कर. त्यारें कुमरें कह्युं, हुं निरपराध एवा को इने प्रथम घातन करुं. त्यारें ते पुरुष तुष्टमान थइ कहेवा लाग्यो के, अहो! सत्व श्रीमंत नर ! तुं तारा शरीरनी शोभायें राजलक्ष्मी सुखें भोगव, बीजुं अंग देशनी लक्ष्मी तुं भोगवीश, में स्त्री तथा पुरुष रूपें करी तुऊने इंद्रजा ल पणुं देखाड्युं. अने ताहरुं धैर्य जोवाने तहारी परीक्षा करवाने जे तु ऊने वचन कुवचन कह्या, ते तुं खमजे. हे सत् पुरुष ! हुं चंपा नगरीनो अधिष्ठायक छुं. एम कही ते देवता अदृश्य थयो.

त्यारें ते कुंवर पण अंग देशना पदनी प्राप्ति जाणी, हर्षवंत हृदयें करी शुभ शुकनें प्रेर्यो थको आगल चाल्यो. त्यां आगल जतां एक मोटुं सरो

वर दीतुं. ते सरोवर केवुं छे ? तो के उंमा, गंभीर तथा निर्मल एवा ज लथी भरेलुं छे, तीरने विषे वनवृक्षें करी शोभायमान छे, घणे कमलें क री शोभित छे, लाखोगमे पंखी तेने सेवे छे, तेमां मार्गनो श्रम टालवाने तथा पोताना आत्माने विनोद आपवाने वास्ते कुमरें स्नान कर्युं एटला मां कोइक पुरुष अश्व लइने तेनी सामो आव्यो. अने बोल्यो के, हे स्वा मि ! आ तुरंग उपर तमे अस्वार थाउ एवुं सांजलीने कुमारें कह्युं, तुं कोण छे ? अने शेनिमित्तें मने तेडवानी इच्छा करे छे ?

त्यारें ते अश्व लावनार पुरुष बोल्यो के, अहींथी नजीक एक नंदन वन छे, त्यां रमवाने चंपानगरीनो अधिपति गुणसेन नामें राजा आव्यो छे. तेनो हुं अनुचर छुं. तेणें आपने तेडवा माटे मने मोकलेल छे, माटे त्यां अस्वार थइ पधारो. पछी त्यां जे कार्य हशे ते स्वयमेव जाणशो.

त्यारें गुणनो रागी एवो कुमर अश्वे अस्वार थइ आगल चाल्यो. अशो क वृक्ष तलें बेठेलो, कुंमलें तथा तिलकें शोभतो, नागलतायें करी जेनुं श रीर वेष्टित छे, जेना भालस्थल उपर बिंदु शोभे छे, प्रधान सामुं जे जुए छे, एवा राजायें प्रणाम करनार एवा कुमारने वार्यो, अने पूछ्युं के, हे स ज्जन ! तुं एकलो केम ? तुं क्यांथी आव्यो ? तारुं कल्याण थाउ. तारुं स्वा गत होजो. एम कहीने राजा मौन रह्यो, त्यारें मने प्रणाम करतां के म वार्यो ! एवुं कुमार मनमां चिंतवे छे एटलामां मतिवर्द्धन नामा प्रधा न ते कुमर प्रत्यें कहे छे, तमने सरोवर मध्ये स्नान करता देखीने अमें विचार्युं के, ए कोइक उत्तम राज पुत्र छे, एवुं जाणीने तमने तेडवा माटे अश्व मोकल्यो. हवे नगर मध्ये पधारो. एम कही ते मतिवर्द्धन प्रधाने कमलसेन कुमारने नमीने कह्युं के, रथे अस्वार थाउ. ते सांजलीने कुमर रथमां बेठो, एटले प्रधान कुमरने कहेवा लाग्यो के, हे उत्तम! हुं परदेशे आव्यो छुं, एवो कशो मनमां खेद तमे करशो नहिं. सूर्य जे छे, ते दूर छे तो पण दूरथी अंधकारने क्षण मात्रमां टाले छे. त्यारें कुंवरें कह्युं, गंभीर, गुणरागी, सत्यवादी, सरल, सौम्य, एवा जन ज्यां होय ते जो परदेश होय तो पण तेने माह्या माणसें स्वदेशज कह्यो छे. इत्यादिक स्तुति मय वचनें करी कुमरें प्रधाननुं मन रंजित कर्युं. पछी स्वर्गमांहेलां नगरमां जेम प्रवेश करियें तेम चंपा नगरी मध्ये ते प्रवेश करता हवा.

पछी तें प्रधान कुमरने पोताने घेर तेडी गयो. त्यां स्नान मज्जन करी भोजन करी निशाये सुख शय्यायें सूतो. त्यारें ते कुमरनी पासें एकांते प्रधान आवीने वात कहे छे ॥६५॥ हे प्रभो! चिरं कालसुधी अमारुं मन चिंतारूपी अग्नियें करी बली रह्युं छे, ते तमो जलधर जेवा छो माटे तमारा दर्शनरूपी जले करी शींचवाथी अमारुं मन शीतल थयुं. सज्जनरूपी शाल वृक्ष जे छे ते लोकना समूहने उपकार भणी छे. तेम श्रेष्ठमां श्रेष्ठ एवा तमें परोपकारिता प्रकट कीधी. ते माटे तमो आ अमारो अंग नामा देश छे तेने लइने अमारा स्वामिना मननी इछा पूर्ण करो.

त्यारे कुंवर हसीने कहे छे के, तमे अंगदेशना राजा छते केम मारी प्रार्थना करो छो? प्रभु छतां केम बीजा स्वामिनी इछा करो छो? ए मने महोटुं आश्चर्य थाय छे, माटे जे सत्य होय ते मने कहो. त्यारें मंत्री कहे छे के, तमारी आज्ञा होय तो तेम यथातथ्य हुं कहुं. कुमरें कह्युं सुखें कहो. त्यारे प्रधान कहे छे.

आ नगरीने विषे लक्ष्मीनो हेतु एवो श्रीकेतु नामें राजा हतो. तेने पोताना वंशने विषे ध्वजा समान एवी वैजयंती नामें राणी हती. तेनी साथे ते राजा काम भोगनुं सुख तथा ए धरतीनुं राज्य भोगवतो हतो. एकदा राजा, सभा भरीने बेठो हतो, त्यारें राजायें एवी वात पूछी के, ए नगरमां कोइ सुखी पुण्यवंत हशे? त्यारें कोइ सुभट राजाने कहेतो हवो.

ए नगरने विषे सुखीमां सुखी एक व्यवहारीयानो बेटो विनयंधर एवे नामें छे. ते रूपें तो कामदेव जेवो छे अने धनें तो धनद समान धनवंत छे, तथा विज्ञानें, बुद्धियें करी तो जे विबुधने पण आनंद उपजावे एवा सुरगुरु जेवो छे. तेने चार स्त्रियो छे. ते चारे रूपें करी सुर सुंदरी जेवी छे. चारे पतिव्रता छे. नित्ये धणीनी आज्ञा आदेश कारी छे. मीठ बोली एहवी ते चार स्त्रीयो महा चतुर छे. एहवी प्रशंसा तेहनी कीधी तेवारें सभामध्ये कोइ बीजो पुरुष बोल्यो, वाणीयाने एहवी रूपवंती स्त्री देवांगनाने जीते तेहवी क्यांथी होय, तमे तेनी निंदा करो छो के स्तुति करो छो, एवो मुझने संशय छे. तेवारें ते कहे छे, एमां निंदा अने स्तुति शी कहेवी छे? ते शूरवीर व्यवहारीयो नगरमध्ये प्रसिद्ध छे. जे कोइ अज्ञानी पुरुष स्त्री पामवाने माटे तप करे ते पण एहवी स्त्री न पामे. तेहवी स्त्रीना भोग

ए देवतानी पेठे भोगवे छे. एवुं ते स्त्रीयोनुं वर्णन सांभळीने राजा ते स्त्रीयोनी उपरे रक्त आसक्त थयो. नजरे दीठे जेवो रागी न थाय, तेवो राजा सांभळवाथी रागी थयो. यद्यपि राजा धर्मवंत हतो, तथापि तत्क्षण अंतरमां अधर्मी थयो. जे कामने वश थाय ते कोणने विपरीतपणे न थाय ?

हवे कामातुर थयो थको ते राजा विचारे छे, जे हुं ते परस्त्रीग्रहण करुं तो, कुळने कलंक थाय, तथा परस्त्री न सेवुं तो कामज्वर बाळे. " एम एक बाजु नदी अने एक बाजु वाघ " ए न्यायें एहवा दुःखमां राजा आवी पड्यो. एम चिंतवतो चिंतारूपीया समुद्रमांहे, विकल्परूपीया कल्लोलमांहे झकोळा खातो ते राजा तेनो द्वीपनी पेठे उपाय पाम्यो. आशारूप विश्राम पाम्यो. विचार्युं के हुं पुरनां लोकने विप्रतारीने ए वाणीयाने जोरावरी करी बलात्कारे ग्रहुं तो लोकमां निंदागर्हा न थाय. एवुं एकांते राजायें चिंतवीने ते राजायें पोताना पुरोहितने कह्युं जे, तमे विनयंधर शेठ साथें कपटरूप मैत्री करो. पछी ते उपाध्यायनी पासे एक नवो श्लोक लखावीने राजायें आप्यो, अने पुरोहितने कह्युं के तुं कोइ पण रीतें करी ए श्लोक शेठना हाथें लखावीने गुप्तपणें मने आप.

राजाना हुकुम प्रमाणें पुरोहितें विनयंधरनी पासे भोजपत्र उपर ते श्लोक लखावीने राजाने आप्यो. ते श्लोक एवी रीतेंः– ॥ त्वद्वियोगाग्नितप्तस्य, मृगाक्षि रतिपंमिते ॥ निशासहस्त्रयामेव, चतुर्यामापि मेऽजनि ॥ १ ॥ अर्थः–रति संभोगमां पंमित एवी हे मृगाक्षि ! ताहरा वियोगथी तप्त थयेला एवा महारी रात्री चतुर्याम ( चारप्रहरवाळी ) हती, तो पण ते सहस्त्रयाम सरखी थई ॥ १ ॥ विनयंधरें लखेलो श्लोक हाथमां आवतांज राजायें पौरजनने तेडावीने कह्युं के, अहो नागरिकजनो ! विनयंधरें ए कामलेख मारा अंतःपुरने विषे मोकल्यो. तमे ए लिपीनी परीक्षा करो, अने साचुं होय ते मने कहो. लोकोयें श्लोकना अक्षर जोईने राजाने कह्युं, अक्षरतो विनयंधरना जेवा देखाय छे, पण ते एवुं काम करे नही. हंस पक्षी नित्य मोतीनो आहार करे छे, ते क्यारे पण कादवनां पाणीने अडे नही. माटे ए कोइयें कपटजाल कर्युं छे. एम लोकोयें कह्युं तो पण तेमने न मानतां विषयरूप विषें करी मोहित थयेला राजायें मत्त गजेंद्रनी पेठें मर्यादा मूकीने खोटुं काम कर्युं. पोताना सुभटोने आज्ञा करी के,

तमे विनयंधरने तेना परिवार सहित पकडी लावो, अने तेना घर उपर शील आपो. बंध करो. आ वात बीजी प्रतमां वळी नीचे प्रमाणे लखी छे.

एवुं विचारी नोजपत्रे एक लेख लखी मूक्यो. ते मध्ये राजायें लख्युं जे तारे घेर सार वस्तु छे ते मुजने आप. ते मृगाक्षीना वियोगथी एक रात्र ते मुजने सहस्र रात सरखी जाय छे. तेवारें विनयंधर शेठें परमार्थ जाणी पुरोहितने अने प्रजा लोकने कह्युं, जे राजा माठी दृष्टियें जुवे छे, तमो जइने समजावो. तेवारें प्रजा लोकें मळी राजाने कह्युं त्यारे राजा ते प्रजा लोक माहाजनने कहे छे के, एतो हुं मागी लउं छुं. तेमां मने शो दोष? त्यारें प्रजा लोकें कह्युं. राजा अघटित न मागे, अन्याय न करे, तमो कोइ परीक्षा अर्थें करो तो पण ते प्रजाने दुःखरूप थाय. जेम दुधमां पूरा न घटे, तेम तमने ए कर्तव्य न घटे. जे मधुर द्राक्षना आस्वादन करनारा होय ते कंटक वृक्षने विषें केम मन करे, जे राजहंस मुक्ता फळना चुणनारा होय ते मानसरोवर मूकीने तुछ जळ खबोचीयाना कादवमां केम राचे? एहवां दृष्टांत राजाने कह्यां. पण राजानुं पापरूप विष न उतर्युं. जेम जांगुली विद्यायें विषधरनां विष उतरे, पण राजा पापात्मा विषयी थयो, तेहनुं विष न उतर्युं. कोइक खलें कर्मरूप विधात्रायें एहवो विशुद्ध निर्मल जे राजा तेने कलंक उपजाव्यो. जेम निर्मल स्फटिकने विषे काळो डाघ लागे तेम इहां निपज्युं. एम प्रजा लोकनो प्रतीकार, विनती राजायें हृदयमांहे धारी नहिं, ते प्रजानी मर्यादा अवगणीने, गजेंद्रनी पेठे मर्यादारूप स्तंभने उन्मूलीने राजा असमंजस थको अकृत्य करतो हवो. राजायें पोताना सेवकोने कह्युं, तमो जइने ते शेठनी स्त्रीयोने बलात्कारे लइ आवो. तेना परिवारने दूर करी घरने मुद्रा करो.

वळी राजा नगरना लोकोने कहे छे. एनो पक्षपात तथा उपरीपणुं जे करशे तेनी हुं शुद्धि करीश, तेने लूंटी लइश. एवां कडवां वचन सांभळी प्रजा लोक सहु निर्घाट्या थका निज मंदिरे गया. ते वखत राजाना सुभट, विनयंधर शेठने घेर गया. त्यारें तेहना स्पर्शना भयथकी स्त्रीयोने लइने ते विनयंधर पोते राजा पासे आव्यो. तेवारे ते स्त्रीयोनुं अद्भुत रूप देखी राजा चित्तमांहे चिंतववा लाग्यो के, ए साचुं छे जे माटे स्वर्गने विषे पण एहवी रूपवंत स्त्रियो नथी. एवो रूपवंत पुरुष में नजरे दीठो. भाग्यथकी माह

रा घरनेविषे ए चारे स्त्रीयो अमृत कुपीका आवी. ए स्त्रीयो मारे कंठे आ लिंगन देशे. पण हमणां तो जोर न करुं, केटलोएक काल विलंब करुं. धीरे धीरे काम थाशे. नुखने वशे जो उतावला थइयें तो पण उंबरानां फल कांइ तुरत पाके नहीं एहवुं चिंतवीने ते स्त्रीयोने अंतेउरमध्ये मूकावी. तेहने अंग नोग सामग्री, आहार पाणी, शय्या आसनादिक देवरावी. अने ते वा णियाने बेडीमां केद राख्यो. हवे ते नारीउ दुःखणी थकी राजानी मूके ली अंगनोगसामग्रीने तथा शय्यानी नूमिकाने तथा दासियो ए सर्वने वि षवत् जाणती हवी. तेटाणे ते राजानी दासी ते स्त्रीउने केहे ले ॥१००॥

॥यतः॥ सख्यो वः फलितोऽद्य पुण्यविटपी येनानुकूलो नृप, स्तुष्टो ह्ये पमरुन्मणिश्च यमवत् हृष्टोऽपि जीवांतकृत् ॥ सेवध्वं विषयश्रियं तदमुना सार्द्धं समृद्धिप्रदाः, चिन्तां मा कुरुत प्रियस्य गुणिनः संगो यतो दुर्लनः ॥ ॥ १ ॥ अस्यार्थः—हे सखीयो ! आज तमारुं पुण्यरूपी वृक्ष फल्युं. जे माटे राजा तमारी उपर अनुकूल थयो. ए राजा तुष्टमान थयो तो चिं तामणि रत्न सरिखो ले. अने रूठो तो यमसरखो ले. ए साथे विषय सेव शो तो रुद्धि संपदा पामशो. तेमाटे तमो चिंता म करशो, एवा गुणवंत न रतारनो संग मलवो दुर्लन ले. एहवुं सांनली ते व्यवहारीयानी स्त्रीउ बोली.

अहो ! दासीउ ए सर्व योग नलो मल्यो ले पण अमो बीजो नरतार न वांलीयें. अमो शीयल राखवाने उजमाल लीयें. यद्यपि राजा रूठो थको अमारा प्राण लेशे, तो ते प्राण त्याग करशुं, पण शीयल नहि खंमीयें, बंदी खाने नाखे तो ते सहन करियें, पण परपुरुष तो जो इंइसरखो होय तो पण तेने अमे इलिये नहि. एम कही ते दासीउने निर्घाटन करी काढी मूकी. ते दासीयें जइ राजाने कह्युं. ते सांनली राजा कहेवुं दुःख पाम्यो, ते कहे ले. जेम तप्त नदीने तटे मालुं तडफडे, क्यांय शाता न पामे, तेम राजा कामातुर थको क्यांय रति न पाम्यो. नीरागी निष्कामी जे पुरुष ले ते मानने संथारे सूता थका पण सुखिया ले, सुखें निड़ा करे ले. अने कामी जीवो हंसरोमनी तलाइमां सूतां थकां पण दुःखीया ले. तेमने निड़ा नथी आवती. ते राजाने एक रात ते वर्ष समान निर्गमी पली प्रनातें सर्व शृं गार करीने ते स्त्रीउ पासे आव्यो. ते टाणे ते स्त्रीउए राजाने प्रणाम न कीधो, तेम सामुं पण न जोयुं. राजा तेहनुं रूप देखीने मोह पाम्यो एह

वे समये कोइक कुलदेवी हती ते त्यां विरुउं रूप करीने आवी. तेना मस्त के केश पीला, बिलाडीना जेवी मांजरी आंख, खरना सरखा दांत, उंटना सरखा होठ, कपिमुखी फुटी नासिका, तुच्छ अंगुली, रागी पुरुषनो राग मटे एहवा रूपें आवी ते देखीने राजा विस्मय पाम्यो. राजानुं कुशी लपणुं जाणी उलंनो देती तेने केहवा लागी के, राजकन्या सरखी तहारा घरनी पटराणीउं छे तेने मूकीनें तुं ए मध्यम स्त्रीउंनी उपर शुं राचे छे, मान अपमान, कीर्त्ति अपकीर्त्ति, पात्र अपात्र कांइ जोतो नथी ! धिग् ता हरा विवेकोद्धतपणाने ! एहवुं तेहनुं बोलवुं सांनलीने राजा अत्यंत ला ज्यो. वली देवी बोली के, ए स्त्रीउंने पोताने घेर पहोचाड, नहितो महा डुःख पामीश. एवुं सांनली राजा आश्चर्यवंत थइ जोइ रह्यो.

एहवे समये उद्याननने विषे सूरसेन नामे ज्ञानवंत मुनि आव्या. ते जाणी परिवार सहित राजा अने विनयंधर शेठ तथा तेहनी चार स्त्रीउं ते सर्वे साधुने वांदवा आव्या. राजा पण हर्षसाथें गुरुने वांदीने बेठो. कर्मक्ले शनी हरण करनारी एहवी ज्ञानीमुनियें देशना दीधी. तेवार पछी अवस र पामीने राजा विनयेंकरी मुनिने पूछतो हवो.

हे प्रनो ! विनयंधर शेठ देवांगनाथी अधिक रूपवती एहवी स्त्रीयो केम पाम्यो ? बीजा पुरुषो एहवी रूपवती स्त्री केम नथी पामता ! ए शे कर्म विशेषें छे ? एहवुं राजायें पूछ्युं, त्यारें नगरना लोक तथा ते विनयंधर शे ठ अने तेहनी स्त्रीउं ते सर्वे एकाग्र मने थइ पोताना नवनां स्वरूप सांन ले छे. जेम आषाढो मेघ उमाह्यो देखीने मोर हर्षे, तेम सर्वे हर्ष पाम्या.

तेवारे गुरु कहे छे. हे राजा ! सुरूप कुरूपनुं कारण ते सर्वे पूर्वेनवनां उ पार्ज्यां कर्म छे. अने सुख डुःख पामवुं ते पण पूर्वे नवना कर्मोपार्जन थकी ज जाणवुं. ते कर्म तत्त्ववंत, ज्ञानवंत पुरुषें बे प्रकारनां कह्यां छे. शुनकर्मे शातासुख पामे, अने अशुन कर्मे अशाता डुःख पामे. माटे सांनल. हे रा जन्! ए विनयंधर शेठनो पाछला नवनो अधिकार तुजने विस्तारें करी क हुं छुं. पूर्वे गजपुरनेविषे विचार धवल नामें राजा हतो. एहवे समये ए राजानो कोइक वैतालिक हतो, ते उदार सार एवा उपगारनो करणहार हतो. ते कोइ पण पुरुषने इष्ट अन्नें निरंतर जमाडीने पछी पोते नोजन करतो हतो. एवी रीतें सुख नोगवता त्यां उत्सर्पिणी कालनेविषे नवमा

जिनेश्वर तिंडुक वननेविषें काउसग मुड़ायें रह्या हता तेमने ते वैतालिक देखतो हवो. ते प्रभु केवा छे, जेमनुं रूप निरुपम छे, जेनी उपसमता गुणनी बराबरी अथवा मर्यादायें बीजो कोइ आवी न पहोचे, जेमनुं तप पण दुष्कर छे. एवा मुनिने ते वैतालिक भाव भक्तियें करी स्तवतो हवो ॥१२०॥

हवे ते वैतालिकनी स्तवनानुं कवित काव्यरूपें कहेछे. "कटिरसमामृतकुंभ तुंभनयनश्रीबंधुर ॥ वपुरे प्रगटितधर्म्मकर्म्मतरुभंजनसिंधुर ॥ भासुरविमल विशालभालविजितार्यममंमल ॥ कमलसुकोमलचरणरेणुपावितभूमंमल ॥ ब्रह्मेंइचंद्रप्रमुखसर्वदेवमस्तकमुकुट ॥ जयजय जिनेंद्र भुवनाभिमतकामितपूर्णकामघट" ॥ १ ॥ अस्यार्थः—हे प्रभो ! तमे समता अमृतनो कुंभ छो, मुख नयननी शोभायें अति सुंदर छो. अहो ! जेणें प्रगट कीधो जे धर्म्म ते कर्म्मरूप वृक्षने भांजवाने, देदीप्यमान हस्तिसमान छे. तथा निर्म्मल विशाल छे भाल कपाल जेहनुं, जीत्युं छे सूर्य मंमल जेणे, कमलनी पठे सुकोमल छे चरण जेहनां, चरणना स्पर्शथी पवित्र कीधुं छे भुमिमंमल जेणे, ब्रह्मा, इंद्र, चंद्र, रुद्र, प्रमुख जे देव तेहथी अधिका, अने ते सर्व देवोने विषे मुकुट समान एवा तमे छो. अहो जिनेंद्र ! तमो जयवंता हो. तमे जगत् जनने वांछित कामित पूरवानें कामकुंभसमान छो. ॥ १ ॥

एम स्तवना करी जिनेश्वर उपरे बहु मान धरतो, जिनेश्वरनी भावना करतो ते वैतालिक घेर गयो. भोजन काले तेहने घरें तेहिज प्रभु आहारने अर्थे आव्या. ते प्रभुने देखी वैतालिक हर्षवंत थइ प्रभुने वांदिने सरस मीठें आहारें प्रभुने प्रतिलाभतो हवो. मनमां हर्ष पाम्यो, जे धन्य छे मुझने के, जेमाटे में आज प्रभुने प्रति लाभ्या. एम चिंतवतो हवो. ते समयें आकाशे देवडुंदुभि वागी 'अहो दानमहोदानं' एहवा शब्द थया, बंदिजन बिरुदावलि बोलता हवा, नर अमर स्तुति करता हवा. एवो प्रत्यक्ष सुपात्र दाननो महिमा देखीने ते वैतालिक त्यां समकितधारी थातो हवो. अनुक्रमें ते सुपात्रदानें धन वावरी, शुभध्यानें काल करी, प्रथम देवलोकें देवता थयो. त्यां देवांगनानी साथे घणा देवता संबंधी भोग भोगवी तिहांथी च्यवी ते जीव ताहरा नगरने विषे व्यवहारीयानो पुत्र, विनयंधर कुमर महा रूपवंत, पुण्यवंत थयो. ते सुपात्र दानना फलथी विनयवंत, यशवंत, कित्तिवंत, सर्व कलायें कुशल एहवो थयो. दान ते पुण्यरूप वृक्षनुं सुबीज छे, दा

न ते पापरूपीया सर्पने दमवाने मंत्राक्षर छे, दारिद्र्यरूपिया वनने दहन करवाने दान ते दावानल समान छे, दुर्भाग्य रूपीया रोगनुं औषध छे, स्वर्ग तथा मोक्षमंदिरे चडवानुं पगथीयुं छे, तेमाटे जेम श्रीवीतरागें कह्युं छे, एवुंज विधिपूर्वक सुपात्रने दान देवुं, तेथी एवां मोटां फल इह लोकें पामे. एवो मुनियें, राजा आगल विनयंधर शेठनो पाछला जवनो संबंध कह्यो.

हवे ते शेठनी स्त्रीउंना पूर्वजव मुनि कहे छे. हे राजन्! एहनी स्त्रीनां उदार चरित्र छे ते सांजलो. ए जरतक्षेत्रनेविषे सर्व लक्ष्मीनुं स्थानक एवुं साकेतपुरनामें नगर छे. तिहां शत्रुनो क्षयकारी एहवो नरकेसरी राजा होतो हवो. कमला एटले लक्ष्मी जेम विष्णुने वल्लज छे तेम ते राजाने वल्लज एहवी कमलसुंदरी नामें राणी होती हवी. तेहने रतिनी उपजावनारी एवी रतिसुंदरी नामें पुत्री होती हवी. ते राजानो बुद्धिवंत, लक्ष्मीवंत, विद्यावंत, घणो वल्लज एवो श्रीदत्त नामनो प्रधान हतो. तथा सुमित्र नामें एक श्रेष्ठी हतो, अने ते राजाना सुघोष नामा पुरोहित हतो. ए त्रणे राजाना मित्र छे. ते पोतपोतानी मर्यादा क्यारें पण मूके नही. ते त्रणेने एकनी लक्ष्मणा, बीजानी लक्ष्मी, अने त्रीजानी ललिता, एवे नामे स्त्रीयो हती. ते त्रणे स्त्रीयोना कूखथी उपनी अनुक्रमें एक बुद्धिसुंदरी, बीजी ऋद्धि सुंदरी अने त्रीजी गुणसुंदरी ए त्रणनामे त्रण पुत्रीयो हती. तेमज चोथी रतिसुंदरी एवे नामे राजानी पुत्री हती. ए चारे लेखक शालायें एकठी जणे छे. ते जणतां थकां सर्व कलामां कुशल थइ. बुद्धिसुंदरी आदिक त्रण कन्याउंनुं ते राजानी पुत्री साथें प्रेम बंधाणो, सखीपणां थयां. एम एकचित्तें विचरतां ते चारे यौवनावस्था पामी ॥ यतः ॥ विदुषांच कुलिनानां, धनिनां धर्मिणामपि ॥ ततस्तद्विपरीतानां, प्रीतिः सादृश्यतो जवेत् ॥१॥ ते चारे कुंवरीउं एक ठामे रमे, एकठामे सुवे, एकठामे विचरे. ते चारनो जाणे एक जीवज होयनि शुं? एहवी प्रीति तेने मांहो मांहे थइ. ते चारे ज्यारें उद्याननेविषे रमवा निकले त्यारें तेने रूपवंती, विद्यावंती, देखीने ए साक्षात् सरस्वतीनो अवतार छे के शुं? एहवुं लोको विचारे.

एकदा ऋद्धिसुंदरीने घेर निःकलंका, निर्दोषा, पूर्ण चंद्रसमान, सौम्य मुर्त्ति, एहवी एक गुणश्री नामें साध्वी आहारने अर्थें आवी. तेवारें बीजी सखीउंयें पूछ्युं, ए शुद्ध वेषनी धरनारी बाइ कोण छे? त्यारें ते वाणीया

नी बेटी कहे बे, हे सखीउ ! ए सर्व साध्वी मांहे शिरोमणि एवी श्वेतांबरी साध्वी बे. बालपणाथी मांमी एणें शीयलव्रत निष्कपटपणें पाल्युं, तेथी अमारा गुरुपण एने मान आपे बे. माटे एहने जे देखे ते नर धन्य, जे एहने जक्तियें करी नमस्कार करे ते पण धन्य, एहनां मुखनी वाणी सांजले ते पण धन्य. एहनी यथाशक्तियें आहारादिकें जक्ति करे ते पण धन्य. एहवुं ऋद्धि सुंदरियें कह्युं. ते सांजली ते बीजी सखी पण आनंद पामीने ते साध्वीने वांदती हवी. तेवारे ते साध्वीयें ते चारे कन्याउने साक्षात् डाख साकर समान मीठी एवी धर्मदेशना दीधी. ते आ प्रमाणेः—

रोहणाचल पर्वत समान एवो ए मनुष्यावतार पामीने निर्धननी पेठे धर्मरत्न ग्रहवुं. जे मनुष्यपणुं पामीने मूढ प्राणी विषयनी अजिलाषा करशे, ते कल्पवृक्ष पामीने तेनी पासे मनोवांछित मागवाने बदले एक कोडी मागे बे. एवो मूर्ख जाणवो. तेमाटे हे श्राविकाउ ! तमे समकित अंगिकार करी संयमने आदरो. जो मोक्ष लक्ष्मी इब्रो तो चारित्र लइने मासखमणादिक उत्कृष्ट तप करो. जेणें करी जन्म जरा अने मरण जयथी निवर्त्तो. एहवा साध्वीना मुखरूपीया अमृत कुंजथी प्रगट्यां जे वचनामृत ते पीइने मोहरूपीयुं विष बांमी ते सखीउ विनयें करीने ते साधवी प्रत्ये विनंति करती हवी के, तमे तो संयमने अर्कतूलनी पेठे हलकुं जाणी ग्रह्युं बे, परंतु हे जगवति ! अमने तो ए संयमनो जार ते मेरुथकी पण अधिक जारवालो जासे बे. ते माटे गृहस्थावासें रह्यां थकां श्रावकना व्रतरूप योग्य धर्म जे अमाराथी पली शके ते अमने आपो. तेवारे ते साध्वीयें तेमने विधिमार्गें सम्यक् धर्म आप्यो. समकितनुं स्वरूप देखाडयुं.

त्यारें ते चारे स्त्रीउ समकित पामीने कहे बे के, हे गुरुणी ? बीजा व्रत पालवाने अमो असमर्थ बीये. पण एक चोथुं व्रत तमे कह्युं ते कयुं ? त्यारें साध्वीये कह्युं, स्त्रीउयें परपुरुष त्याग करवो अने पुरुषें परस्त्री त्याग करवी. ते चोथुं व्रत सर्व व्रत मांहि अत्यंत उत्तम श्रेष्ठ बे, ते तमो आदरो. बीजां व्रत खंम्यां होय ते कंचन कलशनी पेठे जांग्यां संधाय, पण ए चोथुं व्रत खंम्युं होय ते मुक्ताफलनी परे जाग्युं न संधाय, एवुं बे. त्यार पबी वली बीजा मोटका आरंज पापहिंसादि पोते करियें नहि, अ

ने कोइ बीजो करतो होय तेहने शुद्ध बुद्धि बले करी निवारीयें. एहवो नियम मुनि राजने मान्य छे.

ए व्रत पाले तेहनी देवता चाकरी करे, तेहने ऋद्धिसिद्धि प्रसिद्ध थाय, तेहनां सर्व कार्य सिद्ध थाय, तेहने दिन दिन प्रत्ये महा मंगलिक थाय, तेहने जल ते थल थइ जाय, एमज शत्रु ते मित्र थाय. अग्नि ते जल थाय, विष ते अमृत थाय, सर्प ते फूलनी माला थाय, सिंह ते शियाल थाय. एटलां वानां शीयल व्रत पाल्याथी थाय. कुलवंतनी स्त्रीउंने ए व्रत घटे छे. एहवुं साध्वीनुं वचन ते स्त्रीउंने इष्ट थयुं. जे रोगीयाने जोजन वहालुं होय ते वली वैद्यें पण कह्युं, तेनी पेठें ते साध्वीनुं वचन सत्य कीधुं, एटले चोथुं व्रत पालवुं एहवो नियम ते बाइउंयें आदस्यो. त्यार पछी तेमने श्रीजैनधर्म आराधतां केटलो एक काल जतो हवो.

एवे समये नंदनपुर थकी चंद्रराजायें परदेशी लोकना मुखथकी रतिसुंदरीना रूपनुं वर्णन सांजली पोताना प्रधानने मोकल्यो. तेवारें रतिसुंदरीना पितायें जाण्युं, जे ए कन्या जाग्यवंती छे. जे ए राजायें सामी मागी. तेवारे पिताये आदरसहित साक्षात् लक्ष्मीनी पेठे पोताना प्रधान साथें चंद्रराजाने परणाववाने पोतानी पुत्री सामी मोकली. ते राजायें जले दिवसे मोटा महोत्सवें रतिसुंदरीनुं पाणिग्रहण कीधुं. ते बाइ सर्व कलायें संपूर्ण छे अने चंद्रराजा पण सुव्रती शीयलवंत छे. ते संपूर्ण चंद्रनीपेठें बे पक्षें पूरो छे. ते जेम चंद्रमा ज्योत्स्नानी कांतिये करी शोजे, तेम ते चंद्रराजा रतिसुंदरी कन्याये करी शोजे छे ॥ १६१ ॥

एहवे समये कुरुदेशना राजा महेंद्र सिंहें जनजनना मुख थकी रतिसुंदरी चंद्रराजाये परणी एम सांजलीने चंद्रराजा जणी कन्या लेवानें दूत मोकल्यो. ते दूतें आवी चंद्रराजाने सजामध्ये कह्युं, जे अमारो जे स्वामी महेंद्रसिंह राजा तेणें एम कहेवराव्युं छे, ने कह्युं छे के, पूर्वें पण तमारे अमारे पुरुषपरंपराये चिरकालनी परस्परें क्षेम सुखकारी प्रीति छे ॥ १६३॥ सुजातनो वंश छे, तेनी बांधी जे ध्वजा ते यद्यपि वायरें करी कंपाय छे, पण सुजातनो सुवंश क्यारे पण हालतो नथी. तेहनी पठे सुजातिना पुरुष जे छे ते जो प्रिती होय तो विषम कार्य पण करे तेमाटे ते राजाये महारा

मुखें तमोने कहेवराव्युं छे के, तमोये नवी परणेली एवी जे रूपवंती रतिसुंदरी छे, तेने जो महारी साथें परंपरानी प्रीति राखो तो महारी पासे शीघ्र मोकलजो. एहवुं दूतना मुखथकी वचन सांभलीने ते चंद्रराजायें अंतरंगने विषे तो रोष धारण कर्यो, पण बाह्य वृत्तियें कांइक हसीने कह्युं के, हे दूत! सज्जन भूत जे पुरुष छे ते कोणने वहाला न होय? ॥ यतः ॥ " मित्ती परोवयारो, सुसीलया अज्जवं पि या लवणं ॥ दक्खीण वणय वाया, सुयणाण गुणा निसग्गेण ॥ १ ॥ " ताहरा राजायें ए युक्ति वात कही, कारण संत होय ते सज्जनपणाथकी चले नही. बीजुं कार्य होय ते अमने कहेवुं, जे माटे आपवा योग्य वस्तु होय ते आपीयें, अने लेवा योग्य वस्तु होय ते लीजीयें; पण नारी मोकलवी योग्य कहेवाय नहि, अने उत्तमने परस्त्री लेवी पण योग्य नथी. महेंद्रसिंह राजानो स्नेह तो वचननी प्रतिपत्तिथी जाण्यो. बाह्य गौरवें एहवुं पांमित्य देखाडवुं ते श्या कामनुं? ॥ यतः ॥ वज्झंति मुस्कविहंगा, नेह विहूणेण बप्पदाणेण ॥ छेयाण बंधणं पुण, भन्नं सप्भाव भणियाउ ॥ १ ॥ वायासहस्समइया, सिणेहनिप्भाइयं सय सहस्सं ॥ सप्भावो पुण सक्कु, ज्जणस्स कोडी विसेसेइ ॥२॥

तेवारें ते दूत उत्सुकताथी बोल्यो, हे राजन्! तमे तमारी स्त्री आपो! जो ते राजानुं वचन लोपशो तो जेम रोषवंत हाथी मर्यादा स्थंभथी छूटे, अने पछी कोइने हाथ न आवे तेम ते राजा जो रूठो तो पछी तेने मनाववो मुश्केल थशे. तेवारे चंद्रराजा रोषवंत थइ त्रिवली चडावी दूत प्रत्यें कहे छे के, हे दूत! जे पुरुष परस्त्रीलंपट छे, ते राजा नहि जाणवो पण तेने लंपटी श्वान कहियें. जेहनी मातायें यौवनांध पणें कुशील सेव्युं होय, तेहना पुत्र एवा कुपुत्र कुशीलीया उपजे. रे दूत! तुं नथी जाणतो जे पोतानी स्त्री कोइ मोकलतो हशे? सर्प जीवतां कोइ सर्पना माथानी मणी लइ शके? तेवारे फरी दूत कहे छे, हे राजन्! पुत्र तथा चाकर हणातां पण जो धन अने राज्य, रहेतुं होय तो ते राखीयें, तथा धन, राज्य अने स्त्री देतां पण जो पोतानो आत्मा रहे तो तेने राखीयें, पण पोतानो जीव जाय तेटाणे नारीने राखी तेपण श्याकामनी? एटले ते राजा एहवो बलीयो छे. जे ताहरो जीव लइने पण ताहरी स्त्री लेशे. एम दूतें कह्युं, त्यारें चंद्र राजायें दूतनें गलहछो दइ लातना प्रहार करी काढ्यो. त्यारें ते

दूतें पण महेंद्रसिंह राजानी आगल आवीने जेवीरीतें तेने क्रोध चडे, ते वी रीतें विशेषें वधारीने वार्त्ता कही.

ते वार्त्ता सांनली महेंद्रसिंह राजा कल्पांत कालना समुद्रनी पेरें क्षो न पामी, घणुं लस्कर हाथी घोडा, तेमज पायकना समुदायने साथें लइ ने ते चंद्र राजानी स्त्री लेवाने चाल्यो. ते समयें ते चंद्र राजा पण तेहने आवतो जाणी गज, अश्व, रथ, पायकरूप चतुरंगी सेना सहित पोताना देशनी मर्यादायें साहमो आव्यो. तेवारे बे राजानां सैन्य सामा थयां. पो त पोताना प्रेर्या एवा सुनटें महायुद्ध संग्राम कीधो. दीनपणुं मूकीने शू रवीर पणें संग्राम करता हवा. हाथीयें हाथीवाला लडे, अस्वारें अस वार, रथीयें रथी, पालें पाला, एवा सत्यनीतिनां युद्ध थातां हवा. एम युद्ध करतां महेंद्रसिंह राजाना सैन्यें चंद्र राजाना लश्करने जीत्युं. जेमा टे बहु समुद्रना जलमां नदीनुं जल केटलुंक जीते? हारीने नली जाय.

त्यारपछी चंद्रराजा कोप करी सिंहनाद करतो रथें बेसी पोतानी सेना लइ क्षणमात्र मांहे महेंद्र सिंहना सैन्यसाथें लडतो हवो. त्यां जेम सिंह गजघटाने उडावी नांखे तेम त्यां शत्रुनी सेना तेणें हणावी. त्यारें महें द्रसिंह राजायें पोतानुं सैन्य नाग्युं जाणी पोते काल कृतांतनी परें निज प्राणने पण अवगणीने चंद्र राजानी सामो आव्यो. त्यां आकरो संग्राम थयो, चंद्र राजानुं लश्कर नाठुं. तेटाणे महेंद्रसिंहें, चंद्र राजाने गदा घा तें आकुल व्याकुल करी बल करी पकडी लीधो. नलुं नलुं तें युद्ध कीधुं. एम प्रशंसा करीने पोताना प्रधानने सोंप्यो. ॥ १७५ ॥

त्यारपछी राजायें अंतेउरमांहे थकी नासती एवी रतिसुंदरीने ग्रहण करी, ते नारी ज्यारें हाथ आवी त्यारें तुष्टमान थइ चंद्रराजाने मूकीने महेंद्रसिंह राजा पोताने नगरे गयो. त्यां ते रतिसुंदरी प्रत्यें नोगनी प्रा र्थना करे छे के, हे सुंदरी! ताहरुं अधिक रूप सांनलीने तुझ उपरें मुझने अत्यंत राग उपन्यो. ताहरे निमित्तें में एवडो प्रयासनुं वृक्ष वधार्युं, युद्ध कीधां, माणस मराव्यां. तेमाटे हे प्रिये! सांप्रति तुं महारी उपर प्रसन्न थ इने माहरी आशा सफल कर. दुर्लन एवुं जे कुरु देशनुं राज्य तेपण तुं पामी.

एहवुं सांनली रतिसुंदरीयें चिंतव्युं के, ए कामांध राजा, माहरा चित्तना अनिप्राय जाण्याविना घणा जीवोनो अनर्थ हेतु थयो. तेमाटे कष्टने

उपजावनारो एवो ए दुष्ट राजा छे तेनी आगल माहरुं शील ते हुं केम राखीश. ते माटे हमणां ए कामीने हुंकारो कही कामनो विलंब करुं. एहवुं चिंतवीने रतिसुंदरी राजाने कहे छे के, हे राजन्! तुजने माहरेविषे राग घणो छे, तेथी कांइक तत्त्व हुं तहारी पासेंथी मागुं छुं, ते तुं आप. माहरुं वचन अन्यथा न करीश. तेवारे ते कामी राजा कहे छे. मारुं जीवितव्य जो तुं मागे तो ते पण हुं आपुं. त्यारें रतिसुंदरीयें कह्युं, हुं ताहरुं जीवितव्य नथी मागती, पण एटलुं मागुं छुं, जे चार माससुधी माहरुं ब्रह्मव्रत तुं न भांगीश. पछी तुं कहीश ते हुं सांजलीश. ते सांजलीने राजा कहे छे, जे जीवितव्य आपवुं ते सुलन पण चार मास सुधी तहाराथी पडखवुं ते महा दुर्लज छे, तोपण तारी प्रार्थनानो जंग हुं केम करुं? एम कही रतिसुंदरीने कन्याना अंतःपुरमां मूकी.

पछी रतिसुंदरी पण त्यां रहेती थकी स्नानादिक शरीरसंस्कार वर्जी दइ आंबिलादिक तीव्र तपें करी शरीरने शोषवती हवी. तेथी चार मासमां तेना गाल बेसी गया, मस्तकें तेल न घाल्युं तेथी लूखा केश थइ गया, लोही तथा मांसरहित शरीर थयुं, मात्र हाडकें चामडे वींटयुं छे, काले वर्णे थइ, अति बीजीत्स रूप थइ, दवें बाली जेहवी कमलिनी होय तेहवी थइ. चार मास मांहे कांइक उंछा दिवस हता ते वखतें एकदा तेने राजायें दीठी, त्यारें विस्मय पामीने राजा पूछे छे. हे रतिसुंदरी! तुजने कांइक राग उपनो छे, अथवा मननी वेदना छे? जे माटे ताहरा शरीरना एवा हवाल केम थया छे? ताहरी कंचन सरखी काया हती ते कोयला सरखी थइ गइ छे.

तेवारे रति सुंदरी कहे छे. हे राजन्! में जे वैराग्यथी व्रत आदर्युं छे, ते प्राण जाय तोपण पालवुं. तेणेंकरी दुर्बली छुं. एहवुं सांजली राजा कहे छे के, तुं एहवी ऋद्धि संपदा पामी छे, तो तुजने शामाटे वैराग्य उपन्युं छे? एहवुं राजायें पूछयुं, तेवारे रतिसुंदरी कहेछे. जे ए शरीरे जे व्रत पालीयें तेहिज सार छे. ॥ यतः ॥ देहस्य सारं व्रतधारणं च ॥ इति वचनात् ॥ ॥ २०० ॥ यतः ॥ रुधिरमांसमेदोस्थि, मलमूत्रादिपूरितं ॥ नवद्वार झरत्विस्त्र, रसक्लिन्न मिदंवपुः ॥ १ ॥ अर्थः-ए शरीर लोही, मांस, मेद, अस्थि मलमूत्रादिकें जर्युं छे. रसेंकरी क्लिन्न थयेलुं ए शरीर छे. ए शरीरने मर्दन करावी करावीने स्नान, शणगार, अभ्यंगन, अन्न पानादिकें पोषियें

तोपण डुर्जननी परें विक्रिया करे, अंते आपणुं थाय नहि. सार वस्तु जे पटकुल सूवर्ण मणि रत्न इत्यादिक जोगांग बहु मूल्य वाली चीजो छे ते अमेध्यनुं घर एवुं जे ए शरीर तेहने फरशे. एटले ते पण अल्पमूल्यवाली थाय. तेमाटे हे राजन् ! ए शरीर ते पाप रूप छे, तोपण मोटो दोष ए छे, जे ए निर्गुण शरीरें गुणाढ्य पुरुष हता तेपण मुंजाया छे. एवीरीतें शरीरना मोहनो राग उतरे एवां वचन रतिसुंदरीयें कह्यां, पण ते राजाने ला व्यां नहि, कामाभिलाष न मव्यो. घणा मेघ वरसे तोपण मगशेलीउं पत्थर जेम न नेदाय. तेम ते राजा नेदाणो नही.

एवुं सांजली राजा हसीने कहे छे. हे चतुर स्त्री ! तुं ताहरो अभिग्रह तो पूर्ण करय, पछी घणुंए स्वस्थ साजी ताजी थइश. एम कही हसीने पोताना स्थानके गयो. एटले अभिग्रह पूरो थयो. चार मास वही गया. पछी राजा कामोत्कंठायें सहित आवीने कामना वचन कहेवा लाग्यो के, हे स्त्री ! ताहरा मुख कमलनी सुगंधने लीधें जमरानी पेठे हुं मोही रह्यो छुं. माटे तुं हवे सरस आहार करी शरीरनी शोजा राख.

एहवुं सांजलीने रतिसुंदरी कहेछे. हे राजन् ! हुं जो सरस आहार पारणे करुं, तो महारे शरीरे चुंक, शूल वमनादिक वेदना थाय. सर्व शरीर सांधे सांधाथी त्रूटी जाय. तुं तो महारा शरीरनो संग करवाने उत्सुक छो, ते सत्य छे पण टुटूं घोडो मरवा पड्यो तेना कोइ पांचसें रूपैया आपे ? एम कह्युं तोपण ते राजानो कदाग्रह जे कामरूप डुर्बुद्धि ते न गइ, एम कही रतिसुंदरीयें मदनफल ? (गेल) आस्वादी तेनुं वमन करी, देह डुर्गंधमय कीधी, काया अशुचि करीने राजाने देखाडीने कह्युं के, हे राजन् एवुं आ शरीर मांहेलीकोरे अपवित्र छे. ते माटे हे राजा तुं बालथकी पण बाल छो. श्वान समान छो. जेमाटे तुं वम्यो आहार खावाने इछे छे. ते सांजली राजा कहे छे, केम हुं वम्या आहारनो खानार छुं ? के हुं मूर्ख छुं ? एहवो हीणो छुं ? त्यारें रतिसुंदरी मरण अंगीकार करी बे परवाइथी राजाने कहे छे. हे मूढ तुं नथी जाणतो ? जे पुरुष परस्त्रीने इछे ते अधमनर एछ वम्या आहारना खानारा जाणवा. तेवारे राजा कहे छे, ते सर्व साचुं पण ताहरा शरीरनो हुं रागी छुं. तेवारें रतिसुंदरी कहेछे. माहरी कष्टमां पडी डुर्गंधमय डुर्बल एवी काया उपर एटला बधा रागनुं कारण शुं छे ? तेवारे रा

जा कहे छे. तारुं शरीर डुर्बल छे पण तारी चक्षुनुं मूल्य नथी, एटले हुं ता
हरी चक्षु उपर मोह्यो बुं. एवुं सांभली ते बाइयें शीयल राखवा माटे बी
जो उपाय कोइ बुद्धिमां न आव्यो तेथी शीयल पालवाने शरीरने पण तृण
मात्र गणीकांइ लेखामां गण्युं नही, अने छरीयें करी चक्षु उपाडी आंख्यो
काढी राजाना मुख आगल मूकीने बाइ कहेछे. तमने जे नेत्र वाहलां छे ते ए
ग्रहो बाकी शरीर तो डुर्बल छे ते पापनुं हेतु छे. तेणे चक्षु काढी तेथी राजा
खेद पाम्यो. ते स्त्रीनी उपरथी राग उतरी गयो. त्यारें डुःख पामीने राजा
तेने कहेछे के, हे सुंदरी! ए कष्टकारी, दारुण, डुष्ट कर्म तें शुं कीधुं? ए
तुजने अने मुजने बेने डुःखदायी थयुं.

तेवारे रतिसुंदरी केहे छे. एथी तमने अने मने आ भवें तथा परभवें
आंख्युं काढतां सुखदाइ थयुं, ताहरो राग विकार मट्यो, अने महारुं शीयल
पण रह्युं. जेम माठा रोगीयाने कडुउं औषध ते गुण करे तेम में ए दारु
ण कर्म कीधुं, तेथी ए तारो रागरूपीयो रोग मट्यो.

हे राजन्! परस्त्रीनो संग जे करे तेहने माननी हाणी, आयुष्यनी हा
णी, धननी हाणी, एटलुं फल इहलोकें पामे. अने परलोके डुखी दौर्भागी
थाय. कायरपणुं तथा कोष्ठ भगंदरादिक रोग पामे. तथा नरक गतिमां जाय.
त्यां धगधगती लोहनी पुतलीनां आलिंगन सहन करे. तथा तिर्यंच पशुआ
दिकनी गतिये जाशे. त्यां तेने लोक निर्लांछन कर्म खोज करशे, परवशप
णे गर्दभ, वृषभ थइ भार वहेशे. इत्यादिक घणां डुःख पामशे. एटलां न
रक तिर्यंचनां डुःखथी आपणें वेहु बुटां एम जाणजे. ए आपणने गुणथ
यो. तेमाटे इह लोकना हितने अर्थे में ए डुष्कर्म कीधुं. वली रतिसुं
दरी कहे छे के, माहरुं रूप जोवाथी ताहरा आत्माने पापनी प्राप्ति थइ, ते
थी हुं तुजने शुं मुख देखाडुं? तेमाटे हुं आंधली थइ पण ताहरा आत्मा
ने डुर्गतिमां पडतो राख्यो एवी देशना रतिसुंदरीयें दीधी.

ते विषय विकारने टालणहारी एहवी वाणी महेंद्रसिंह राजा सांभली
ने कहे छे. हे बाइ! तमे सर्व सतीउमांहे शिरोमणि छो, तुं युक्त अयुक्तनी जा
णनारी छो, हुं निरंतर महा अपराधी, महा पापी, बुं, तेमाटे हे सुंदरी!
मुजने युक्त होय ते आदेश द्यो. तेवारें रतिसुंदरी कहे छे. जो तमे त
मारा आत्मानुं हित जाणता हो, परभवना डुःखथी भय पामता हो, तो

परस्त्रीना जोगनो त्याग करो. जेथी तमारी जवनी ज्रमणता टलें. तेवारे ते राजायें पापनो पश्चात्ताप करीने मनमांहे दाऊता थकां अंतरंग प्रेमेंकरी परस्त्रीना जोगनो नियम लीधो. ते रतिसुंदरीने गुरुणीनी पेठे मानतो हवो. त्यारपढी ते राजा मनमां दुःख धरवा लाग्यो के, में अनार्य पापीयें ए महा सतीने अनर्थें निरपराध कष्ट उपजाव्युं. हे प्रजु! हवे एहनी चक्षु केम आवे? एवुं विचारी शासन देवीने संजारतो हवो ॥ २२५ ॥

॥ कायोत्सर्गे स्थिता पंचनमस्कारपरा सती ॥ अस्यार्थः-ते वखत ते रतिसुंदरी चक्षुनी वेदना अण वेदती, एकाग्र मनें वीतरागनुं ध्यान धरती हवी, एटले शासन देवीनुं आसन कंप्युं. अवधिज्ञानें सतीनुं महा कष्ट जाणी विमाने बेसीने आवी ने ते सतीनी वेदना टाली, चक्षु नवी आपी, तत्काल तेने नवां नेत्र कीधां, तेनो महिमा वधारीने देवता पढी नाटक करी सतीने चरणे नमीने स्तुति करता हवा के, हे सतिमांहे वडेरी, पृथ्वी मांहे सुबुद्धि रूप प्रतिबोधनी देनारी, सत् शीयलनी धरनारी, त्रण जगतमां दीपिका समान, एवी तुं जयवंती हो.

राजा तेने देव देवीना वृंद स्तुति करता देखी, शीयलने प्रजावें नवां नेत्र आव्यां देखी, पोतें हर्षरूपी आंसुयें आर्त्तिरूपिणी अग्निने समावतो पोतें पण शीयलव्रत पालवामां दृढ थातो हवो. सतीने चरणे नमीने, पोतानो अपराध खमावतो हवो. ते देव देवी वंदना करी गया पढी रतिसुंदरीने स्नान, मज्जन, जोजन करावी, वस्त्राजरण पहेरावी, घणो सत्कार सन्मान दइ, पोताना प्रधान साथे तेने रथे बेसाडी, ते बाइने नंदनपूरे मोकली. वली राजाये प्रधान साथे एवुं कहेवराव्युं जे चंद्रराजाने कहेजो के, ए माहरी बहेन ढे, ए मारी धर्मगुरुणी ढे, ए महा सती ढे, माटे एनी घणी रक्षा करजो. तेमां तमो कांइपण शंका न लावशो. तथा में तमारी उपर दुष्टपणुं चिंतव्युं, युद्ध कीधुं, ते तमो क्षमा करजो. वली तुं पण धन्य ढो, जेना घरमध्ये एहवी साक्षात् लक्ष्मी सरखी सती नारी ढे. अने तेने तुं पाम्यो ढो. एवां वचन कही राजाने प्रणिपात करजो. एवुं कही प्रधानने साथे वलावा मोकल्यो. पढी ते प्रधान नंदनपूरे पोहतो, चंद्र राजाने मल्यो. जेम महेंद्रसिंह राजायें कह्युं हतुं तेम तेने कहीने ते रतिसुंदरी चंद्र राजाने सोंपी. त्यारे राजायें स्त्रीनुं डुर्बल शरीर देखी, ते प्रधानना वाक्य

सांजलीने ते चंद्राजा अंतरंग चमत्कार पामी, सतीना गुण जाणी, हर्ष पामी तेने आदरतो हवो.

पढी ते रतिसुंदरी साथें विषय सुख नोगवतो धर्मराज्य पालतो हवो. अथकाव्यं ॥ प्रवर्तिनीनां वचनं दधानया, श्रीजैनधर्मे किल सावधानया ॥ अपालि यत्नाऽतिसुंदरिस्त्रिया, सच्चील धर्मो निकलंकया तया ॥ १ ॥ त्यारपढी ते रतिसुंदरी, प्रवर्त्तिनी जे साध्वी तेहनां वचन हृदयमां धरती हवी. एक श्रीजैनधर्म मध्ये सावधान पणें रहेती शुद्धव्रत पाली, आत्माने निर्मल करती हवी. एटले साधुयें ए रतिसुंदरीनो अधिकार कह्यो ॥ १ ॥

हवे बीजी बुद्धिसुंदरी ढे तेनो अधिकार कहे ढे. ते प्रधाननी पुत्रीने परणवा माटे बीजा घणा राजादिकें प्रार्थना कीधी, पण तेना पितायें तेने सुसीमा नगरीनेविषे सुकीर्त्ति राजाना प्रधानने परणावी. जेम तारामंमलनो अधिपति एवा पूर्ण चंद्रनुं बिंब देखी कमलिनी उल्लास पामे ढे, विकस्वर थाय ढे, तेम ते नरतारने पामीने बुद्धिसुंदरी हर्ष पामती हवी. एकदा समये राजा रयवाडीयें जातां प्रधानना घर आगलथी निकल्यो. तेटाणे तेणे निजमंदिरमां क्रीडा करती, लावण्यामृतनी वाव्य समान, मृगाक्षीसमान एवी महारूपवंती बुद्धिसुंदरीने दीठी. त्यारे ते राजा पञ्चरनी परें त्यां थंनी रह्यो, रूपरसमय थयो, राजानुं मन त्यां लागुं, तन्मय थयो, अति कामातुर थयो, राजायें घेर जइ पोतानी दासीने मोकली. ते दासीयें त्यां जइने कह्युं. राजा तुजने इच्छे ढे. पटराणी करशे, घणा राज्यनी तुं स्वामिनी थइश. एवां कुशील वचन दासीनां सांजली ते दासीने धक्का दइ अपमानी काढी. त्यार पढी अकार्य करवाने समर्थ एवो निर्लज्ज ते राजा वगर गुन्हे स्त्री सहित ते प्रधानने बंदीखाने नाखतो हवो. कांइ एक अणु जेटलो वांक काढयाविना कामातुर थइ दगो दीधो. तेवारें प्रजालोक तथा पोताना राज वर्गी उंबराव लोक, सर्व मलीने तेणें राजाने विनंति कीधी के, हे राजन्! तमे एवो वगर गुन्हे अन्याय न करो. अन्याय करशो तो एहनी स्त्री राखशो, पण प्रधाननें तो मूको. एवी पुकार उंचे स्वरे कीधी.

त्यारें राजाये कह्युं, तमे जामीन थाउढो? ए पोतानी स्त्री मुजने आपशे तो हुं मूकुं. तेवारे प्रजा लोक सहु राजानो अन्याय नाव एटले कामातुरता जाणी विचारीने पोताने घेर गया. त्यारपढी ते राजा, अंतःपुरमां

जइ बुद्धिसुंदरीने कहे छे, केम तें दूतीने निर्भंछी काढी ? तो आटली सौन्दर्यता उपरांत तुं शुं अधिक मंजरीने इछे छे. मारी आज्ञा जो तें मानी हो त तो ताहरा भरतार तथा तुं एवी आपदा नहि पामत. पोतानी अर्थसिद्धि थाय त्यारें अति चंभ दंभ कोण करे ? हे मानिनी ! जो तुं अतुल मान ने इछे छे, तो माहरी आदेशकारिणी था. मुझ उपर स्नेह धरीने मान्य कर.

एवा ते कामी राजानां वचन सांभलीने संवेग रंग वाली पूर्ण तरंगिणी समान वाणीयें करी राजाने प्रतिबोधवाने बुद्धिसुंदरी कहे छे. हे राजन् ! ए परस्त्रीगमनरूप अकार्यनेविषे हीन जातीउ वाला जे मूर्ख होय ते गमन करवाने इछे, पण तमारा सरखा कुलवंत पुरुषने एहवुं अकार्य पाप इछवुं न घटे. विषय रूपणी अग्नियें तप्या होय तोपण संत पुरुष पोतानी मर्यादा न मूके. जेम प्रबल वायुयें खोभाव्यो होय तो पण समुद्र मर्यादा न मूके. हे राजन् ! जे धर्ममार्गेज प्रवर्त्ते ते राजाने राजऋषि कह्या छे. अने जे राजा अन्याय करे, अधर्म मार्गे वर्त्ते, ते राजा नहि. परंतु तेने तो राक्षस कहियें. राजाने पोताना देशनी प्रजा जे छे, ते तेने पुत्र समान छे, ते पुत्र पुत्री उपर न्यायवंत राजायें कामराग करवो न घटे. तारा अंतःपुरने विषे कुलवंती एवी घणी राज्य पुत्रीयो छे, ते माराथी पण अधिक रूपवंती छे, तो तुं मारा सरखी हीन स्त्रीनी इछा करतो शुं लाजतो नथी ? जेणें परनारीनो प्रसंग कीधो तेणें प्रताप रूपिया वृक्षना मूलमां अग्नि मूकी एम जाणजे. तारा निर्मल कुलवंशने अपजस मय कलंकी एवा चंद्रमानी पेठेंकां तुं मलिन करे छे ? एवां वचन बुद्धिसुंदरीयें राजाने उक्तियुक्तिसहित कह्यां, पण ते मूढबुद्धि कामी राजाना चित्तमांहे न रह्यां. जेम भर्या घडा उपर पाणी रेंडीयें, ते वही जाय तेम तेना वचन राजाना कानमां नाव्या.

तेवारे राजा हसीने कहेछे. हे सुंदरि ! ए सर्वे हुं जाणुं छुं, पण स्नेहना रसीयाने ए वितर्क वार्त्ता कहेवी घटे नहि ॥ यतः ॥ जलुं गणंतिहि अलुं चइक्कइ, तुछविपाण पीभर खिक्कई॥ जलुं जुत्तु अजुत्त जोइ, जई नेह हंता सुजालं जलिदिक्कई ॥१॥ ते वेला बुद्धिसुंदरीये राजाने अतिकामी जाणी, कालविलंब अटकलीने हमणां ए समये जे युक्ति करवी जोइयें ते बुद्धिपूर्वक धारीने राजा प्रतें कह्युं के, हे राजन् ! मारी ए प्रार्थना छे के, त मारा चित्तने विषे तमे मारा उपर भोगाभिलाषनो निश्चय कीधो. तो ज्यां

सुधी मारे नियम छे, त्यां सुधी हे सुलक्षणवंत, तमे पडखोः ॥ यतः ॥ जो कुणइ नियमभंगं, जो वि य कारेइ कहवी डुब्बुद्धी ॥ ते दोवि हुंति डुह लरकं, भायणं भीम भव गहणं च ॥ त्यारें स्त्री सार्थे मार्दवपणुं राखीयें तेज वशीकरणनुं मूल छे, एवुं जाणी राजायें अनिछक पणें तेनुं वचन मान्युं.

त्यारें बुद्धिसुंदरी कांइक स्वस्थ चित्त थइने, राजाने प्रतिबोधवानो उपाय हृदयमां चिंतवती हवी. एम गीत विनोदें करी राजाने रीझवती पोताना समय निर्गमती हवी. एक वखते पोतानी बुद्धिये अडदना पीटें करी कांइ करवानुं धार्युं अने ते दासी पासे लोट अणावी तेनुं पूतलुं करी पोताना सरिखुं रूप निपजाव्युं तेने पंच वर्णनी विचित्रतायें चित्रित कीधुं, पुस्त कर्मे करी प्रशस्त कर्युं, ते प्रति बिंब राजाने देखाडीने बुद्धिसुंदरीयें राजाने कह्युं, हे स्वामी, हुं एवी छुं के नहि? राजा पण प्रतिबिंब जोइ, एनी कलानी चतुराइ देखी घणुं रीझ्यो. अहो! शरीरने विषे एनी वर्णनी रचना, तथा केडना लांकउपर हस्तनुं लाघव! जे जाणियें ए हसे छे, अथवा जोती रही छे, एवी ए प्रतिमा तारा जेवी छे. अथवा जाणीये ए तुंज साक्षात् होयनी शुं? एवी देखाय छे ॥ १६१ ॥ हे सुभ्रु! एटले भली भृकुटीनी स्त्री! ए स्वरूप प्रतिबिंब निपजावीने तें भलुं विज्ञान देखाड्युं, तथा जेनां चित्तमां तुं वसी छो, तेने ए स्वरूप दीठे घणुं सुख उपजावे. त्यारें बुद्धिसुंदरी कहे छे. ए प्रति बिंब तमने सुख उपजावे छे. तो एने घरमां राखो, अने मुझ अधमने मूको. जेमाटे हुं तमने इह लोके अने परलोके डुःखनी देनारी छुं. त्यारें राजा कहे छे. हे प्रिये! तारा शरीर रूपी रज्जुयें करी हुं बंधाणो छुं. जो हुं तुझने मूकुं, तो मारा प्राण ससलानी परें शीघ्र जाय.

ते सांभली बुद्धिसुंदरी कहेछे, हे राजा! तमे सांभलो, ए प्रतिमा माराथी अधिकी छे, ए मदनमय कामरूप छे, अने हुं तो मदनरहित छुं. एम कही राजाना मुख आगल ते मदनमय मूर्त्ति मूकी. त्यारें राजायें रीश करीने तेने एक लात मारी एटले ते प्रति बिंबनो शीघ्र भंग थयो. तेवारें तेना पेटमांहे विष्ठा प्रमुख माठा खराब पुद्गल जे भर्यां हतां ते नीकल्यां. ते जोइने राजायें कह्युं, ए बालने पण निंदवा योग्य एवी ए चेष्टा तें शी कीधी छे? त्यारें स्त्रीयें कह्युं, ए मारुं प्रतिबिंब में मारी इछायें नीपजाव्युं छे. ए नारी मुझसरखी छे. अथवा हुं एथी हीणी छुं. एना शरीर करतां

मारा शरीरमां घणी दुर्गंधता छे. ए शरीर अशुचिमांथी उपज्युं छे. त्यार पछी अशुची रसेंकरीनेज वध्युं छे. तेथी अशुचि पुद्गलें नर्युं छे. ए मांहेथी निरंतर बार द्वारें अशुचिने स्रवे छे. जे माटे जल अथवा अग्निथी शोध्युं थकुं सुवर्ण, रुपुं, रत्नादिक तो शुद्ध थाय छे, परंतु अनेक संस्कार करियें तोपण आ शरीर शुद्ध न थाय. ए शरीर बाह्यने अभ्यंतर विपरीत छे. ते माटे डाह्या प्राणी जे एनी काग, शियाल, गीध, पंखी थकी रक्षा करे छे, न्हाइ धोइ वस्त्रादिकें ढांकी साचवे छे, पण ए कोह्या कलेवरने अर्थें कोण डाह्या पुरुष विषयादिसेवी अन्यायें अकर्म करी नरक गतिना संचकार आपे ? तिलमात्र मांस सुखने अर्थें जेम माछलुं महा दुःख पामे, तेम तुं पण हे राजा, ए शरीरना भोगनो आसक्त थइश तो मेरुथी अधिका नरक तिर्यंच गतिनां दुःख पामीश. जेणें पर दाराना संग वर्ज्यां, तेणें दुर्गतिनां द्वार मुंद्यां, ढाक्यां अने ते आपदानी परंपरानो पार पामी श्रेष्ट सुखनी संपदा पाम्यां. तमारा सरखा उत्तम सज्जन पुरुषने परस्त्रीसंग सुखदाइ न होय. अथवा अन्यायें करी परस्त्रीनो संग जे करशे, तेने नरकमां अग्निथी धखधखती ज्वालाने मूकती एवी लोहनी पुतलीना आलिंगन सहेवां पडशे.

तथा भोगी पुरुषनां भोगनां सुख केटलोक काल रहेछे. भोगनां क्षण मात्र सुखथी नरकनां आंकरां दुःख पल्योपमसागरोपम लगें सहेवा पडशे. हे राजा, ताहरा राज्य अंतःपुरमां शुं रूप, कुल, जातें हीणी स्त्रीउ छे ? हे राजा ! तुं मदोन्मत्त थइने मुजने अधिकी रूपवंत देखे छे ? जेथी तुं एवो हठात्कार कदाग्रह बालकनी पेठे हजीपण मूकतो नथी ! पण ए शरीरमां तो सर्वत्र विष्ठा भरी छे. सर्वे स्त्रीउ न्हाई धोइ बहार पवित्र देखाय छे, पण कोठामांहितो सर्व अनिष्ट भर्युं छे. जेम कोइक बालक होय ते एकांगे कुंडाना जलमां चंद्रमा देखे तेनेज प्रधान चंद्रमा करी जाणे छे. तेम कामी पुरुष काम दृष्टियें जे जे नारी देखे छे, त्यां त्यां ते कामाभिलाषने इछे छे. कामभोगनेज सार जाणे छे.

एवो प्रतिबोध सहसात्कारे सांभली ते राजा संवेग पामीने कहे छे. हे सुंदरी ! तें साचुं कह्युं. हवे में तत्त्व जाण्युं. हे सुंदरी ! मुज मोहांधने तें विवेक रूपी लोचन दीधां. विकट नरकना कूवामां पडता एवा मुजने तें वार्यो, तार्यो, पापथी उगार्यो. हे प्रिये हूं निर्भाग्य छूं माटे हवे हुं शुं करुं

ते तुं कहे. त्यारें बुद्धिसुंदरीयें कह्युं. जो तमे तमारा आत्मानुं हित चाहो छो, तो परस्त्रीगमन निवारण करो, ए अनिलाषनो त्याग करो.

ए वार्ता सांजली जेम निर्मल सूर्य देखी चक्रवाक पंखी आनंद पामे, तेम राजा विचार पामीने पर दाराथी पराङ्मुख थयो. प्रतिबोध पामीने परस्त्रीनो त्यागी थयो. त्यारें सुंदरियें कह्युं, हे महाराज ! तें जलुं कीधुं, तें तारो आत्मा तार्यो, आत्माने नरकमां पडतो राख्यो, पोतानो वंश अजु आल्यो, तुं स्तुति करवा योग्य वंदनीक उत्तम थयो. त्यारें राजायें बुद्धिसुंदरीने खमावी पगे लागी तेने सत्कार सन्मान अने बहु महिमायें वस्त्राजरणादिक देइ पोताने घेर विसर्जी. अने प्रधानने तेडावी तेने दान मान तथा सन्मान आपी राजायें तेने पुनरपि मंत्रिपद उपर विराजमान कर्यो. पछी ते बुद्धिसुंदरी धर्मरूपी कैरव कुमुद वनने विकस्वर करवाने शियलवंती चंड मानी चंद्रिका समान थइ. जे कारण माटे निश्चल दृढतायें अति विकट संकट पड्ये थके पण निर्मल शियल पालती हवी. ए बुद्धिसुंदरीना कथा कही.

हवे त्रीजी रुद्धिसुंदरीयें पण कष्ट पडे थके शील पाल्युं, तेनी वार्ता कहे छे. ताम्रलिप्ति नगरीनो रहेनारो श्रीदत्तव्यवहारीयानो पुत्र धर्म्म एवे नामें जिनधर्मी हतो ते व्यापारने अर्थे ताम्रलिप्ति नगरी थकी साकेतपुरें आव्यो ? ते धर्मकुमारें चौटामांहे बेठां थकां सखीसंघाते राजमार्गे जाती लावण्यवती तथा सौंदर्यरूपें शोजती एवी रुद्धिसुंदरीने देखीने ते व्यवहारीयें चिंतव्युं के, सुख रहित एवा आ असार संसारसमुद्रमां सारंगलोचना एवी ए स्त्रीने हुं साक्षात् लक्ष्मी परें सार देखुं छुं. कोइक दैवयोगथी मारो एनी साथें विवाह थाय, त्यारेंज हुं जोग सुखनी जर संपदा पामीश, अने ए विना बीजी मले त्यारें तो जोगसुखने बदले हुं क्लेशकारी रोगनी संपदा पामीश. ते कुमार एवुं चिंतवे छे, एवामां रुद्धिसुंदरीनी दृष्टि पण तेनी उपर पडी. जेम जलां धान्ये जर्यां एवा नीला क्षेत्रमां गाय पडे तेम ते बाइयें दृष्टिने वारतां पण तेनी दृष्टि त्यां पडी. रुद्धिसुंदरी जो पण कुतूहलें करी विविध क्रीडा जोवामां व्यग्र थई हती; तोपण तेणें धर्मउपर दृष्टि राखी हती. तथापि ते धर्मकुमार उपरे तेनी दृष्टी जोडाणी. त्यां परस्परें बेहुनी नजरे नजर मली. तेथी मांहो मांहे राग उपनो. त्यारें ए व्यतिकर सुंदरीनी सर्व सखीउना ध्यानमां आव्यो, तेथी सखीमांथी एक सखी कहे छेः—

ए नर तारा चित्तनो चोर छे. साचो ए पश्यतहर जोतां देखतां चित्त ने चोरे छे. पछी बीजी चतुर सखीयें कह्युं, ए व्यवहारीआनो पुत्र ज्ञानवंत, रूपवंत अने दातार देखाय छे. जेणें पोतानुं चित्त अने वित्त एक हेला मात्रमां दीधुं, ते घटे छे. ए वर पण ए कन्याने योग्य छे. ॥ २ए५ ॥

त्यार पछी वली बीजी सखी कहे छे, ए तो वर रांक छे. अतिशय कामी कामबाणें पीड्यो छे, ते जीवतव्यने अर्थे संजीवनी औषधसमान तुजने इछे छे. हे स्वामिनि, ते माटे तारे पासे आव्यो छे. ते सांजली ऋद्धिसुंदरी सखियोप्रत्यें कहेछे के, ए सर्व हुं जाणुं छुं. ए प्रलापें सर्युं. हे सखी उ! आगल चालो. एटलामां ते कुमार स्वजावेंकरी सहसात् छींक्यो. छींकीने 'नमो जिनेंद्राय' एम छेली वेलायें तेणें कह्युं. त्यारें बाइयें तेने जैनी जाण्यो. ते कुमारनुं उत्तम मनोहर "नमो जिनेंद्राय" एवुं वचन सांजली उल्लास पामी थकी ते पोतें बोली के, जैन प्राणी जगतमां चिरंजीवी रहो.

ते पछी ऋद्धिसुंदरीयें पोताना चित्तनो अजिप्राय पिताने जणाव्यो. त्यारे तेना पिता सुमित्र व्यवहारीयें तेना कुल, धर्म, विज्ञान सर्व पूछ्या. जेम जव्य जीवने जिनवाणी सांजल्याथी आत्मज्ञान थाय, तेम तेना कुल, धर्म सांजल्याथी तेनो वृत्तांत जाण्यो. सुमित्र व्यवहारियें तेना परिजनथी तेने देवगुरुनी जक्तिवंत जैन कुल जाणी पोतें त्यां जइ जल्ले मूहुर्त्तें ऋद्धि सुंदरीने धर्मकुमारनी सायें परणावी ॥ ३०१ ॥

ते ऋद्धिसुंदरीने बहु रूपवंत कलावंत पुरुषें मागी, पण जैनधर्मी विना बीजा पुरुषोने तेना पितायें पूर्वे न दीधी. परंतु धर्मकुमारने तो याच्या विना पण ते जैन धर्मनो जाण हतो तेथी तेने परणावी. माटे अरिहंतना मतनेविषे रह्या जे प्राणी ते अणप्रार्थ्यो अर्थने पामे. हवे ते कन्यानो विवाह जली रीतें थया पछी, जेना संपूर्ण मनोरथ सिद्ध थया छे, एवो धर्मकुमार परणेली स्त्रीने साथे लेइ पोताने घरे ताम्रलिप्ति नगरीनेविषे गयो. एक छे चित्त अने स्वजाव जेना एवा ते बेहूनो मांहोमांहे अति प्रेम होतो हवो. एक निमेष मात्र परस्पर वियोग खमी न शके.

एकदा ते व्यवहारीउ धन उपार्जवाने अर्थे स्त्रीने साथे लेइ वहाणे चढ्यो. ते धर्मकुमार प्रिया सहित कुशल क्षेमें सिंहलद्वीपे पहोंच्यो. त्यां थोडा कालमां घणुं द्रव्य उपार्जीने पाछो वल्यो. त्यां दैवयोगथी गाजवीज,

वरसात वायु उत्पन्न थयो, समुद्र उछल्यो, कल्पांत वायुयें करी दरीउ नयं कर थयो, बिहामणो समुद्र देखीने चाकर सर्व नांगरने अवलंब्या. सढ सं कोचपाम्युं उडी गयुं, कूवा थंना कडकड्या, त्यारें सहुयें आप आपणा देवने संनाख्या. त्यां धर्मकुमार अने ऋद्धिसुंदरी बे वणिक सागारी अणस ण करता हवा, वहाण उपर पाणी फरी वल्युं, सहसात्कारें वहाण नां ग्युं, त्यां स्त्री नरतार बूडतां मबकां मारतां हतां. तेवामां पुण्ययोगें एक पाटीउं बेहुने हाथे आव्युं, ते पाटीआंने बन्नें पुण्योदयें करी चार पांच दि वसें जूदे जूदे द्वीपे कष्ट पामतां ते कोइ द्वीपे गयां. त्यां एकठां मल्यां. जी वने कर्मविपाकें आपदा पामवी ते सुलन छे, पण धर्मसिद्धि पामवी दु र्लन छे. ए अपरंपार संसारमां सर्व प्राणिनी ए रीत छे. ते माटे तत्त्वना जाण पुरुषें संपदा पाम्ये हर्ष न करवो, अने आपदा पामे खेद करवो नहीं. पूर्वकृत पुण्य पापथी संपत् अने विपत् नीपजे छे. पुरुष धीर थाउ, के कायर थाउ, पण दुःखतो नोगववा पडेज छे, माटे सुखदुःख उदये आव्युं ते धीर प णेंज सेहवुं. तेमां कायरपणुं न करवुं. पुण्य थकी प्राणी सुखसंयोग अने संपदा पामे. पापथी दुःख,वियोग अने आपदा पामे. माटे पुण्य कार्ये प्रमाद न करवो.

श्रावक धर्मना धरनार एवा ते बे मांहोमांहे जीवने धैर्य आश्वासना देइने नांगा वहाणने पाटीये वलगीने रह्या, अने नांगा वहाणनुं चिन्ह ऊं चुं करी राखता हवा. एकवखते कोइक प्रवहणना लोकोयें ते चिन्ह जोयुं त्यारें ते आवीने धर्मकुमारने केहवा लाग्या के, लोचनशेठ सार्थवाह जंबू द्वीपे जाय छे, तमारी इछा होयतो चालो. ते सांनली धर्म कुमार ऋद्धि सुंदरीने साथे लई वहाणमां बेठो. लोचनशेठें तेनो घणो आदर कर्यो. पछी ते वहाण नरतक्षेत्रानिमुखें चालतुं थयुं. त्यां लोचनशेठना मीठां व चनें ते स्त्री नर्त्तार बेहु हर्ष पामी तेनी साथे जाय छे.

एम जातां तट पामवाने बे दिवसनो मार्ग शेष रह्यो, त्यारें धर्म व्यव हारीआनी स्त्री रूपवंती देखीने वहाणनो धणी जे लोचन शेठ ते कामा तुर थइ चिंतववा लाग्यो के, अहो ! विधातायें ए स्त्रीने उत्पन्न करी पो तानी घणी सारी कला प्रकट करी. ए नारी मनने रमणीयता प्रकट कर नारी छे. ए उत्कंठायें करी मारा कंठने आलिंगन न दिये,तो हवे ए विना जीवित, रूप, यौवन अने धन ते शुं कामनुं ? वली चिंतवे छे जे, ए स्त्री पो

ताना जर्तार विना बीजा नरने इछे नहि. आंबाना मधुर फल मूकीने कड वी लींबोली कोण इछे ? एम घणा संकल्प विकल्प रूपी सर्पें ग्रस्यो थको दुष्ट हृदयनो धणी थइ दुर्जव्यनी परे धर्म पयडीनो निर्घात करवाने सन्मुख थयो.

त्यारे वहाण चालतां मध्य रात्रे सर्व परिजन सूतां जाणी धर्मकुमार सूतो हतो, ते लघु शंकाने वास्ते उठ्यो त्यारें तेने त्यांथी उपाडी अगाध समुद्रना ऊंडा जलें लोचनशेठें नांख्यो. ॥ ३१५ ॥ विषयांध माणस शुं शुं अकार्य न करे ? ते सुलोचन शेठें जेम धर्मकुमारने पाणीमां बुडाव्यो, तेम तेणें पोताना आत्माने पण जवसमुद्रमां बुडाव्यो.

पछी प्रजातें ऋद्धि सुंदरीयें जर्तार न दीठो. त्यारें ते महा दुःख पामी मूढात्मा थइ अतिकरुणस्वरें रुदन करती हवी ! लोचनशेठ पण धवल शेठनी पेठें कपट करी तेने कहे छे के, अहो ! मारो मित्र क्यां गयो ! स र्व सेवकवर्गनी साथें ते शेठ हाय हाय करी रुदन करतो हवो ! घणो व खत आक्रंद शोक करी ऋद्धिसुंदरी पासे आवी आश्वासना देतो हवो. पछी व्यंग वचनें बोल्यो के, हे सुंदरी ! तुं चिंता म करीश. ते गयो तो हुं तारो नाथ थाइश. मारुं उपार्ज्युं जे वित्त छे ते हे सुंदरी ! सर्व तारुं छे. तुं शा माटे एवडो खेद रुदन करे छे, कोणें मातुं कर्युं छे ? दैवें कीधुं ते मां अमे शुं करियें ? हुं तो तारो दास थइ रहीश, तारा जीवने शाता उप जावीश, जे तुं आज्ञा आपीश ते कर्तव्य हुं करीश. घणुं शुं कहुं? एवां ते पापीनां उद्भट वचन ते विचक्षण सतीयें सांजल्यां. पछी संवेगरंग तुरंग पा मीने ते चिंतवे छे. हा इतिखेदे. आ मारुं रूप अनर्थकारी थयुं ॥ ३३२ ॥

ए दुष्टें मारा उपर रागी थइने माहरा जर्तारने समुद्रमां पाड्यो. जे पुरु ष राग ग्रहें ग्रह्यो, ते पुरुष कोइ कार्य अकार्य न जाणे. हवे हुं पण मा रा आत्माने समुद्रमां नाखुं. जे माटे जर्तारविना हवे मारे जीववुं शुं काम नुं ? कुलवंती स्त्रीने जर्तारविना मरण शरण ते श्रेय छे. यद्यपि एम छे तोपण वली सतीयें विचार्युं, जे जैन शासनविषे बाल मरणनो निषेध छे. जीवतो जीव होय तो कदाचित् धर्माचरण पण पामे. पण हवे आ कामी थकी हुं मारुं निर्मल शियल केम राखीश ! अथवा परदुःखमय एवा आयु ष्यने हुं साम उपायें करी केवीरीतें गमावीश? अने परवश पडीने दुःखमां रही हुं महारो काल शीरीते गमावीश.

एम विचारी ते सती कामी शेठने कहे छे. हमणां तो मुजने मारा प तिनो शोक छे, माटे समुद्रनो पार पाम्या पछी जेम तमने हित थशे तेम हुं करीश. तमे निश्चिंत पणें रहो. जे समये जे योग्य हशे, ते करशुं. एवो ते कामीने उत्तर दीधो. ते वाक्य लोचनशेठें सांजली स्वस्थ चित्त थई के टलोक काल गमाव्यो. जे माटे कह्युं छे के, आशा लुब्धा जीवने सो वर स विलंबें जाय. एम जाणवुं.

एम वहाण चालतां अन्याय पापथी समुद्र मांग वायुयें उछल्यो, उत्पा त थयो, पापें ते वहाण नांग्युं, तेना शत खंम थया. त्यां ऋद्धिसुंदरी धर्म ने पसायें मोटुं पाटीउं पामी. जेम संसारसमुद्रमां जीव, सम्यक्त्व मलवा थी संसारनो पार पामीने मोक्षना सुख पामे. तेम पाटीउं मलवाथी ते ऋद्धिसुंदरी हेलामात्रमां समुद्रनो पार पामी.

त्यार पछी पोतानो भर्तार, जेने लोचनशेठें मध्य रात्रे पाणीमां नांख्यो हतो, तेने धर्मने पसायें करी जे पहेलुं वहाण नांग्युं हतुं. तेनुं पाटीउं बू डतां बूडतां हाथ आव्युं. तेने अवलंबी ते धर्मकुमार दरियाने तटे आव्या. ऋद्धिसुंदरी पण पाटीउं अवलंबीने जे तटे भर्तार आव्यो छे, तेज तटे ध र्मने पसायें आवी मली. त्यां समुद्रतटे पुण्य योगे स्त्री भर्तार बेहु एकठां मल्यां. घणो हर्ष उपज्यो. संतोषामृत रसें सिंचाणां. घणी शीतल शाता उपजी. विरह वियोग मट्या. ते पछी पोत पोतानां दुःख वितर्कनां वृत्तांत कह्यां. पोतानुं अनुभव्युं जे दुःख ते बन्ने मांहो मांहे कहेता हवा. लोचन शेठनुं वहाण नांग्युं, ते बूड्यो, एम सांजली धर्मकुमार अशाता धरतो ह वो. जे अपकारी तथा पापिष्ठ होय तो ते उपर पण उत्तम प्राणी जे होय ते उपकार चिंतवे छे. परंतु तेनुं मातुं न चिंतवे.

हवे धर्मकुमार स्त्रीने कहे छे के, हे प्रिये! धन्य ते अरिहंतगणधरा दिक, के जेने समीपे रह्या जीव अशुभ भावने छांमे. लोचनशेठ आपणी पासे हतो पण ए जीवने धर्मबोध न थयो. हा हा! पाप परिणामे करी ए जीवनुं मातुं थयुं! जेणें आपणे बे ने निर्लोभी पणें वहाणे बेसाडी पार प माड्यां, उपकार कीधो, ते बापडा जीवने जीवतव्यनो संदेह थयो. धनहा नि पाम्यो, निरुपम रूप देखीने तेनुं चित्त चल्युं, एवुं ते पोतानी स्त्रीने कहेछे.

एटले ते गामनो एक वाणिउ त्यां आव्यो. तेणें सौम्य मुद्रायें शांत रूपी

स्त्री नरतारने देखी तेमने रूपवंत जोइ चिंतव्युं, जे ए कोइ कारणथी दैव योगें आंहीं आव्यां दीसे छे. ए पुरुष रत्नने प्राहुणा रीतें मारा वित्तने अनुसारें हुं बहु मान आपुं. तथा ए प्राणीनी नक्ति करुं ॥ यतः ॥ कट्टिज्जंति गइंदा, पंके खुत्ता महागयंदेहिं ॥ आवइ पडिया सुयणा, सुयणेहि समुद्धरिज्जंति ॥ १ ॥ एवुं चिंतवी ते वाणिउं घणे मीठे वचने बहु मान देइ प्रसन्नतायें सहित, विखवादरहित पणें पोताने आवासे तेमने तेडी गयो. अने आहारादिकनी नक्ति करी पोतानी पासे राख्यां. त्यां स्त्रीनरतार स्वस्थ चित्ते रहेतां धर्म करतां ते बेहुना सुखें दिवस जाता हवा ॥ ३५३ ॥

हवे लोचनशेठनो अधिकार कहे छे. ते शेठ पोताना पाप योग थकी दरिआमां फबकां खातो हतो. तेवामां कोइ काष्ठ मल्युं. तेने आधारें तरतो घणे कष्टें मत्स्योदीर्ण नामे तटे आव्यो. त्यांथी नमतो कोइ अनार्य पालमां गयो. त्यां अति क्षुधातुर थयो, पण अन्न न मल्युं, त्यारें मांसाहारी थयो. नूख्यो शुं न करे? मांसाहारथी अजीर्ण दोषें करीने दुष्ट एवो कुष्ठ रोग उपज्यो, शरीर बगडी गयुं. जे माणस धर्मनो घात करीने कामनोग करवानी इछा करे ते थोडा कालमां महा दुष्ट वेदना पामे. माटे कह्युं छे, जे कामी ते कामने देखे. पण धर्मनो घात थाय ते न देखे.

ते शेठ दुःखाकुल थको गामो गामे नटकतो ज्यां धर्म व्यवहारीयो रह्यो छे, त्यां आव्यो. ते वेला ऋद्धिसुंदरी पाणी लेवा गइ हती. त्यां जलाश्रये ते दुष्ट दुखीयाने तेणें दीठो. त्यारें तेणें दयावंत चित्तें पोताना नर्त्तारने जइ ते शेठनी वात कही. ते सांनली धर्मशेठ दया आणीने ते लोचनशेठने घरे तेडी आव्यो. आदरमान देइ पूछे छे. जे तमे एवी अवस्था केम पाम्या? तम सरखा उत्तम प्राणी ते एवी महा कष्ट अवस्था पाम्या, पण हवे तमो दुःख न धरशो, मोटानेज विपत् पडे छे. चंद्र सूर्य जो मोटा छे, तेथी तेने ग्रहण थाय छे, पण तारा न्हाना होवाथी तेमने विपत् पडती नथी. माटे हे मित्र! विषवाद म करशो, धीरज पणुं राखो, घणा औषध उपचारें करी तमारुं शरीर निरोगी करशुं, बहु धन खर्चीने आपदा निवारशुं. एम आश्वासना देइ, अन्नादिक जमाडी, औषधादिक उपायें करी तेनो रोग शांत कर्यो.

ते स्त्रीनर्त्तारें लोचनशेठनी चाकरी करीने तेने साजो कीधो. जगतमां असामान्य एवुं धर्मकुमारनुं सौजन्य जोइने लोचनशेठ हृदयमां चिंतववा

लाग्यो के, एक सज्जन अने बीजुं चंदन वृक्ष ए बे जगतमां परोपकार वास्ते निपजाव्यां ले. में ए बेहु उपर छुष्टपणुं चिंतव्युं. में ए बंने उपर अपकार कस्यो, तोपण तेमणें मुऊ पापीनी उपर हेत राखी उपकार कस्यो. में अधर्म अन्याय पणुं आदस्युं, ते पापें हुं समुद्रमां पड्यो, मृत्यु प्राय थयो, रोगिष्ट थयो, हुं समुद्रमां पड्यो त्यारें बूबीने मरण पाम्यो होत तो ठीक, पण ए स्त्री नतारने नजरे आवी जीवुं बुं. ते ठीक नथी. एटलां वानां पापना योगथी में जीवतां थकां दीठां ॥ ३६७ ॥

एम पोताना अंतःकरणमां लज्जा पामी नीचे मीलितलोचन थइ बेठो. त्यारे धर्मवंत धर्म व्यवहारीउ मीठी वाणियें तेने कहेतो हवो के, हे मित्र! शुं कुटुंबविरहनी, अथवा धन गयुं तेनी चिंता करो गे ? अथवा रोग उपनुं तेनी चिंता करो गे ? तमे ए शी चिंता करो गे ? डुःख करो गे? हे मित्र तमे जो मारी सहायताथी जीवता रह्या गे तो तमने घणुं धन, घणा मित्र आवी मलशे. मुऊसरखो मित्र मल्ये तमने घणो काल व्याधि नहि रहे.

जेम ग्रीष्म कालमां नदी, सरोवरनां जे जल सूकाइ गयां होय, ते क्षण मात्रमां मेघ आवीने नरे ले. क्षीण थयेलो चंद्रमा पण अमृतेंकरी फरीथी क्षणमात्रमां पूर्ण थाय ले. तेम संसारमां पोतानां डुष्कृतथी डुःख पामीये, अने सुकृतथी सुख पामीये, माटे खेद करशो मां. सुखार्थी प्राणीयें सदाय सुकृत करणी करवी. धर्मनुं सेवन करवुं. अनंत नवना कारण एवा पापना काम परिहरवां. जेथी जन्मांतरे पण कदापि डुःख पामीयें नही. एवां तेनां उपदेश वचन सांजली, लोचन ठोठें निसाशो मूक्यो. अने कहेवा लाग्यो के, मने मारां डुश्चरित्र शल्यनी पेठें हृदयमां साले ले. एज डुःख मुऊने ले. बीजुं कांइ डुःखनुं कारण नथी. ते महारा डुश्चरित्रमां एक तो में तुऊने अगाध समुद्र जलमां नांख्यो हतो, ते पाप हृदयमां शूलनी परे खटके ले. विसामा रहित पणे बलतां उबांडीआंनी परे मारुं मन बले ले. बीजुं में क्रूर डुष्ट परिणामें करी जे महा सती उपरे नोगाजिलाष कीधो. ते पाप हृदयमां खटके ले. तेनी अशातायें बेठो बुं. ते पापनुं फल हुं तुरत पाम्यो. वहाण नांग्युं, धन गयुं, समुद्रमां पड्यो, कोढी रोगी थयो, एटलुं आ नवमां में प्रत्यक्ष दीठुं. एवा मुऊ पापीने नूत प्रेत पण आदर न दीये. हे मित्र ! हुं तारो डुशमन अवगुणी हतो, ते

उपर तुं उपकारी थयो, निष्कारणे मारी चाकरी तमे स्त्री नर्त्तारें करी, ते गु णनो हुं उशिंगण क्यां थइश, ए पापना पश्चात्तापे हुं मारा जीवनी साथें फूरुं छुं.
एवीरीतें तेने विविध प्रकारना प्रलाप करतो देखी ऋद्धि सुंदरी कहे छे, जे तुजने धन्य छे ! के जे तुं पाप करीने तेनुं पश्चात्ताप करे छे, जे पाप करीने पण पछी संतोष करे, छेहेडो समारे, पापनो पश्चात्ताप करी धर्म आदरे, तेनेपण संत सज्जन कहीयें. इहां तारो दोष कांइ नथी. ए तारा अज्ञान पणानो दोष छे. जे अंध होवाथी कूपमां झंपाखाय तेने उलंनो केम दइये. माटे तमे जो तमारा आत्मानुं हित चाहो तो अज्ञानपणुं मूकी ज्ञान दिशाने नजो, इंद्रिय समूहनो संवर करो, विष समान जाणी विषय विकारने टालो, एवुं आत्महित आदरो, महा विष खावुं ते सारुं, तथा बलती अग्निमां पेसीयें ते रुडुं, पण इंद्रिय विषयने वश थइ जे दुष्कृत पाप करवुं, ते सारुं नहि. अकेक इंडयना विषयवसें तिर्यंच जीवपण केटलो अनर्थ पाम्या छे ते जुउ. हाथी फरसेंडीने वशें, माछलो रसेंडीने वशें, नमरो घ्राणेंद्रियने वशें, पतंग चक्षु इंद्रियने वशें, हरण श्रोत्रेंद्रियने वशें, एम एकेक इंद्रियना विषय दोषे करी उपर कहेला जीव वध, बंध, मृत्यु पामे छे. तो पांच इंडीना जे विषय सेवशे. अन्याय, परस्त्री गमन, अधर्म करशे, ते आ नवमां दुःख पामी परनवे घणा जन्म मरण करशे. मृगतृष्णा रूप विषय छे. ते मांहे सार सुख कोइ नथी. मृगतृष्णाने जोइ जेम मृग धावे छे तेम विषय उपर सुखनी भ्रांते जीव नवोनव धाय छे. पण मृगनी परे जीव विषयनो अतृप्तो थको घणां जन्म मरण करे छे. जे प्राणी विषयथी विरमी श्रीजिन शासनमां रंगाणा ते संसारनो पार पामी मुक्ति पद पाम्या.
एवां ऋद्धि सुंदरीनां नाख्यां उपदेश वचन सांनली ते लोचन शेठनां ज्ञानलोचन उघड्यां. तेवारे कहेतो हवो के, हे सुंदरी ! तुं मारी बेन अथवा माता समान छे. तुंज माहरी धर्माचार्य छे ॥ ३०० ॥ हे उदारवाणी ! तुं आदेश आप के, हवे हुं शुं करुं ? त्यारें ऋद्धि सुंदरीयें कह्युं, जो तमे आत्म हितने जाणो तो परस्त्री सेववानां पच्चरकाण करो. शियल रूप जलें करी विषय ताप निवारो. त्यारें लोचन शेठें सतीनुं वचन प्रमाण करी, परस्त्रीनां पच्चरकाण आदरी, सतीने खमावी, पोताने घरे गयो. धर्म व्यवहारीयो पण निर्मल धर्मे घणुं धन उपराजी स्त्रीने लेइने पोतानी ताम्रलि

निनगरीयें पहोंच्यो. त्यां पोतानो कुलाचार चिरकाल पालता हवो. अथ काव्यम्ः—कष्टे निकष्टे च सतीषु सुंदरी,प्रबोध्य तं श्रेष्ठि न मृद्धि सुन्दरी ॥ दधार रक्षा करणस्य निश्चयं, यूयं तथा रक्षत चाक्षतं स्त्रियः ॥ १ ॥अस्यार्थः—हे राजन् कष्ट आकरां आव्यां तोपण सतीमां शिरोमणि एवी ऋद्धि सुंदरीयें शेठने प्रति बोध देइ तेने तार्यो, पोतानुं शियल राख्युं. तेम तमे पण ए स्त्रीउनां अखंम शियल राखो. ए ऋद्धि सुंदरीनी कथा पूरी थइ ॥

हवे चोथी गुण सुंदरीनी कथा कहे ले. एवे समये गुणसुंदरी अगण्य लाव्यण रूप यौवन संपदाने पामती हवी. तेवे समये वेदशर्मा ब्राह्मणनो पुत्र वेदरुचि तेणें राज मार्गें सखी सहित जाती गुण सुंदरी दीठी. त्यारें तेणें मनमां चिंतव्युं, जे ए मृगाक्षी मारा घरमां न वसे त्यां सुधी मारुं जीवित कासना फूलनी परे निष्फल ले. ए स्त्री साक्षात् महालक्ष्मीनी परें मारा घरमां नावे त्यां सुधी मारुं जीवत वृथा ले. एवुं ते ब्राह्मण मदनातुर थको चिंतवे ले. एटलामां ते बाला लोचनअगोचर थइ,आघी चाली गइ. त्यारें त्यांथी ते ब्राह्मणने मित्रें तेने कामातुर जाणी जर कामज्वरमां ते ब्राह्मणने घरे तेडी लाव्यो, पण तेनो मन रूपी मधुकर ते गुणसुंदरीना मुख रूपी कमल मांहे लागी रह्यो ले. तेनी उत्कंठायें करी ते स्नान जोजन कांइ न करतो हवो. एवो कामातुर डुखीउ देखी तेनो कारण पितायें पूब्युं, त्यारे गलगलो थयो, पण लज्जाये पिताने ते वात कही न शक्यो. त्यारें पितायें तेना मित्रने पूब्युं, अने ते दयालु मित्रें सर्व वृतांत कह्युं के, ए गुणसुंदरीने देखी तेनी उपर आसक्त थयो ले.

एवुं मर्म जाणी पुत्रना स्नेहें तेना पितायें ते कन्यानो पिता सुघोष नामे ब्राह्मण हतो तेनी पासे ते कन्या याची. ते वखते तेणें कह्युं के, पूर्वे में सावत्री नगरीयें पुरोहितना पुत्रनें ए कन्या आपी ले. सगाइ कीधी ले. मोटानुं बोल्युं अन्यथा थाय नहि, माटे हवे बीजाने देवाय नहि ॥ यतः ॥ सकृज्जल्पंति राजानः सकृज्जल्पंति पंमिताः॥ सकृच्च दीयते कन्या, त्रीण्येतानि सकृत् सकृत् ॥ १ ॥ राजा एकज वार बोले. पंमित पण एकज वार बोले. तेम कन्या पण एकज वार अपाय ले आ कृत्य एकज वार थाय ले ॥ १ ॥ ते सांजली पिता पाडो फरी आव्यो. पुत्रने हकीकत कही. तोपण वेदरुचीनो कामाजिलाष न मट्यो. माटे शास्त्रे जे कामनी

वक्र गति कही छे. ते सत्य छे. जे स्वाधीन सुजन होय त्यां अभिलाष नकरे. अने जे पराधीन डुर्जन होय त्यां अभिलाष करे. ते वेदरुचि कामी ब्राह्मणे काम सिद्धिने अर्थें मंत्रादि कुजापना ध्यान कीधां घणी मानता कीधी पण पुण्य विना इछित अर्थ न पाम्यो ॥ ४०१ ॥

हवे सावत्थी नगरीथी पुरोहितना पुत्र पुण्य शर्माने तेडावी तेने मोटे उत्सवें शुभ दिवसे गुण सुंदरीना पितायें परणावी. वेदना जाणे भली रीतें विवाह कर्यो, पुण्यशर्माद्विज पण गुण सुंदरी लेइ पोताने नगरे आव्यो.

हवे वेद रुचिनामा कामी द्विज मदोन्मत्त अथवा जेम कोइ धतुर रसे प्रेर्यो अचेतन थयो होय तेम ते अचेतन थयो. कार्याकार्य अण जाण तो ते कामी द्विज विषयातुर थको पोताना घर, धन, सर्व छांमीने पिता दिकें वार्यो तो पण कामें वाह्यो थको सावत्थी नगरीयें चाल्यो. मार्गनी वचमां पर्वते करी विषम एवी पल्ली पतिनी पाल छे. त्यां ते अधम द्विज गयो त्यां सुंदरीना संगमने अर्थें पल्लपतिने सेव्यो, तेनी चाकरी करी. पापी जीव कांइ विकट कार्य करतां मरे नहि. डुक्कर कार्य करतां पल्ली पति एनी उपर विश्वास राखवा लाग्यो, त्यारें एणें पुरोहितना घर उपर धाड लइ जवाने वास्ते पल्लिपतिने विनव्यो. अने कह्युं के सावत्थी नगरी मध्ये पुरोहित महा धनवंत छे. त्यां धाडी लइ चालो तेना घरमांथी जे धनमले ते सर्व तमे लेजो अने कन्या मने आपजो एम परठ करी त्यारें ते पल्लीपति छाना पोताना सेवक मूकी तेनुं घर ठेकाणुं जोइ पछी तेना घर उपर द्विजसाथें धाडि लेइ आव्यो. ते भिल्ल ते पूरोहितनुं सर्व घर लूंटी धनमाल लेइ आ व्यो अने गुणसुंदरी द्विजने आपी. तेणें सारे ठेकाणे आदरमान देइ राखी ते कन्या मली त्यारे विनोद, वचनें करी ते गुण सुंदरी प्रते वाडव कहे छे हे भद्रे! मारुं चित्त तारे गुणें हरी लीधुं छे. माटे हवे तुं मने आदर. हुं तुझथकी जीवित पाम्यो छुं तुज विना हुं चेतनरहित छुं धर्मवति तुं धन्य छो माटे मारा उपर कृपा कर. मारा चित्तने विषे, सुपनने विषे, दिग चक्रने विषे, जीव्हाग्रने विषे, एक तुंहिज तुंहीं छे. तुं दूर थकी पण मारा हृदय आगले प्रतिभासे छे ते सांभली गुणसुंदरी कहे छे, तुं कोण छे? हुं तने कांइ जा णती नथी. में तने क्यां दीठो? अने में तारुं चित्त क्यां हर्युं छे? ते वारे कामीद्वीजे पोतानो वृतांत कह्यो. जे राज मार्गें जातां में तने दीठी त्यांथी

हुं तारो अभिलाषी थयो छुं ते वृत्तांत सांभली सतीये चिंतव्युं, जे मारो ए आकरो रागी थइ इहां आसक्त थयो छे अने अहीं हुं पण एकली अशरण छुं बीजा जे पल्लिना भिल्ल ते सर्वे अनार्य छे. तो पण एथी मारुं निर्मल शियल राखीश॥ यतः॥ अविचलइ मेरुचूला, उदेइ सूरो वि पच्छिम दिसा ए॥ मइल्ले विजियंती ए, निय कुलसीलं नहि कयावि ॥१॥ गुण सुंदरीयें विचार कर्यो के, ए पुरुष निर्गुण तो नथी. कारण, ए मारी पासे भोगनी प्रार्थना करे छे. जे निर्गुण तथा उद्धत पुरुष होय ते प्रार्थना करता नथी तेतो बलात्कारे करी शीलनो भंग करे छे. माटे हवे एने प्रतिबोध देइने, मारुं निर्मल शियल राखुं. साध्वीना आदेशथी मारे अखंड शियल पालवुं छे. तेथी धर्म राखवाने अर्थे माया पण करवी. एवुं विचारी तेने मधुर वाणियें कहे छे के, पेहेलां जो एवडो राग तें मने जणाव्यो होत, तो नजीक पासेनो तारासरखो वर मूकीने परदेशी वरने कोण वरे? मुख आगले फल्यो फूल्यो एवो जे आंबानो वृक्ष तेने मूकी वेगलो जे शाल्मलि वृक्ष तेने कोण पूजवा जाय? तमारांने अमारां बंने कुल निर्मल अने निष्कलंक छे. यश, सुख सर्व सरखां छे माटे आपण बेनो योग मल्यो होत तो घणुं सुंदर थात. हवे जेने वर्यो तेने भूंडो कहीयें तेनी निंदा करीयें तो दुर्गतिनां दुःख पामियें. तेने परण्या पछी आपणा बेनो योग मल्यो माटे धैर्यवंत थइ तमो विचार करो. जेमाटे जे सज्जन होय ते विवेकी होय.

एवुं सांभली कामी द्विज चिंतववा लाग्यो. अहो! ए तो मारी अनु रागिणीज दीसे छे! एने में पूर्वे मननो भाव जणाव्यो नहि. ते में मातुं कीधुं! अहो एने अर्थे में फोकट मोटो प्रयास कीधो. माटे हुं भूख्याने भोजननी परे हवे हाथमां आवी. एने केम मूकुं? एवुं चित्तमां धारीने कहे छे, हे सुंदरी! तें सर्व वात साची कही, पण हवे तुं मारा चित्तनो ए भाव जाणजे के, हुं तारा विना हवे जीवुं नही. जोइये तो कुलने कलंक लागो, मने लोक भूंडो कहो, परभवे दुर्गति थायो, पण तारा संग रूप सुधामृतें करी मने तुं जीवतो राख.

त्यारें गुण सुंदरी ते कामी द्विजनो कामाभिलाषनो निश्चय जाणी कहे छे. मारे तने हित करवुं छे. ए पाल्य कल्पवेल समान छे. तुं पण मारे संगे सुखें जीवीश. पण मंत्र सिद्धिने अर्थे में चार मास सुधी ब्रह्मचर्य व्रत आ

दर्युं बे. त्यांसुधी एकवार जमवुं, जूमि शयन करवुं, आजरण न पहेरवुं, पुरुष मात्रने बंधव समान जाणवा, एकाग्र चित्तें मंत्र ध्यान जाप करवो.

ते सांजली कामी द्विज कहे बे, एटलो काल विलंब करी तुं मने पडखावे बे. ते मंत्रेंशी सिद्धि थाशे. त्यारे सुंदरी कहे बे, ए मंत्र साधनथी धनवंत पणुं, पुत्रवंत पणुं पमाय. वली जीवुं त्यां सुधी विधवा पणुं न पामुं, ए एनुं फल बे. तेथी कामी द्विजें विचार्युं, जे ए सर्व मारां हितने चाहे बे. एवुं विचारी चार मास सुधी सुखें मंत्र साधन करो एम कह्युं. ते वारे सुंदरी चित्तनी स्थिरतायें स्वस्थ थई त्यां रही थकी पोताना घरनी पेठें घरनुं कार्य सर्व करे. तेने प्रतीति उपजाववाने अर्थे त्यां रही सरस रसवती करे. शाक पक्वान्न घृत खांमादिक करी विप्रने ईष्ट होय तेवी रसोइ पीरशे जमाडे. स्निग्ध जे गोरस तेणें करी तेने अंतर ने बहार पोषे, अंतरंग गोरस ते वैराग्य वचने अने बाह्य गोरस दधि डुग्धादिकें पोषे. निर्मल जले स्नान मज्जन करावे. घणुं शुं कहियें? एम थोडे दिवसें तेने विश्वास उपजाव्यो. जेम ते चित्तमां एम जाणे बे, जे ए मारी स्त्री अने हुं एनो जर्त्तार. एवो तेने विश्वास उपजाव्यो. पोतें आंबिल कणोदरी तपें करी शरीरने शोषवती हवी. ते महासतीयें स्नान शृंगार तंबोलादिक तज्यां. एम करतां चार मास वीत्या, अवधि पूरी थइ, तेने बेल्ले दिवसे पाबली रात्रे ते सुंदरी अत्यंत पोकार करती हवी. तेने द्विजें पूब्युं, तने शुं थयुं? त्यारें गुण सुंदरीयें कह्युं मने अंतरंग पेटमां महा शूलनो रोग उपज्यो बे. ते महाराथी नथी खमातो अत्यंत वेदना थाय बे. ॥ ४३४ ॥

त्यार पबी ते कामी द्विजें मणी मंत्र औषधादिकें करी घणा उपचार कर्या, पण शाता न थइ. वली पडे वली उठे, घरनां काम जे थाय ते करे; पण वेदनायें जल विनानां मीननी परें तडफड्यां करे. एम आक्रंद करती कामी द्विजने कहे बे. हे सुजग हुं डुर्जागणी तारा घरवासने योग्य नहि. जे माटे डुर्व्याधि, जे महाशूल रूप रोग तेणे करी पीडाणी. मस्तकनी वेदना अत्यंत बे. सर्व मारुं शरीर बले बे. महारुं बधुं शरीर बेदाय बे. सघला सांधे सांधा त्रूटे बे. मने जर्त्तारनो विरह पड्यो. ते एवडुं डुःख नथी वेदती. तथा आ व्याधि रोगनी एवडी वेदना नथी वेदती पण ए सर्व डुःखमां एक डुःख मोटुं बे. जे में तुऊने कांइ उपकार न कर्यो. मारा सारुं तें क्ले

श घणो कस्यो. पण तेनो फल कांइ तुं पाम्यो नहि. जेम मृग तृषातुर थ को, मृग तृषानो वाह्यो थको, घणुं दोडे, प्रयास करे; पण नीर न पामे तेवी रीतें तारे थयुं. तथा में पण कोइ पूर्वे घणां पाप कस्यां परने पीडा आपी पोताना सुखसारु जीव हिंसा कीधी तथा कोइने कूडां आल दीधां पारकां धन चोरी लीधां तथा पारकी स्त्री हरण करीने. जोरावरीथी तेनां शियल व्रत जंगाव्यां. एवां मोटां मोटां जे पाप कस्यां. तेथी मारुं अंग बले छे ते पाप विपाकनी अग्नियें करी मारुं अंग दाजे छे हवे हुं वेदनायें विधुर थइ छुं तेथी प्राण धरवाने समर्थ नथी, माटे तमे मने काष्ठाग्नि आ पो. तमारा मुख आगले बली मरुं, तो ए कष्टथी छुटुं. हवे महाराथी ए वेदना नथी खमाती. एम शोचना करी तेणें आहार पण मूक्यो.

एवुं जोइ ते कामिद्विज उद्वेग पामी कहेवा लाग्यो, हे जद्रे ! हुं मारा प्राण तुज उपर वारणे करीश. इव्य खरचीश, पण तारा शरीरनेशाता क रीश. कोइ कर्म्म योगथी ए तने दुःख उपज्युं छे, तो अहींथी आपण बे जण सावत्थी नगरीये जइशुं. त्यां औषधादिक योगें तारुं शरीर निरोगी थाशे. एवुं सांजली सती कहेवा लागी, हे सौम्य ! न जाणियें के, मारो दुर्जन जर्त्तार इर्षालु क्रोधी ते वली शो अनर्थ करे ? एक तो ए शरीरे दुःख छे, ने बीजुं दुःख दुर्जननां वचन सांजलीयें ते बंने दुख सहेवाने कोण समर्थ थाय. खंडडा उपर जेम खार क्षेपवो तेम ए बे दुख केम खमाय ? तेमाटे तमे चतुर छो. ते मनथी विचारो. हवे बीजे विचार्ये शुं वलवानुं ? ए दुःख समूहनी पीडामां हवे मने मरण शरण ते श्रेय छे. त्यारे कामी द्विज क हे छे, ए तारुं दुःख देखवाने हुं समर्थ नथी. हे मुग्धे ! अग्निनी ज्वाला तारा शरीरने कवलप्राय करे छे. ते केम खमाय ? माटे तुं निःशंक पणें मारी साथें आव. हुं तारुं सखाइ पणुं करीश. जे माटे जीवतो नर होय ते जइ कल्याणनी कोड पण पामे. एवुं ते द्विजे कह्युं.

त्यारें सती कहे छे. जेम तमने सुख उपजे तेम करो. त्यारें ते ब्रा ह्मण पण तेने रथे बेसाडी सावत्थी नगरी जणी चाल्यो. नगर नजीक आव्युं एटले कामीद्विज कहे छे. हुं गाममां मुख शुं देखाडुं ? तुं तारा घेर जा. हुं पाछो वलुं छुं. त्यारें सती चिंतवेछे के, एने प्रतिबोध दीधा विना हुं केम मूकुं ? एम विचारीने ते सती केहवा लागी हवे बीजी वार्त्तायें तो

सख्युं. आजथी तुं मारो बंधव छे. तुं नगर मध्ये आव. बेन साथें आवतां तने शी लज्जा छे. एटले तारे हृदये निवृत्ति थाशे. मारा पण जीवने शा ता थाय. त्यारें ते द्विज गुण दोष विचारी तेना नर्त्तारने घरें गयो.

त्यां सुसज्जन पुण्यशर्मा द्विज पोतानी स्त्री गुण सुंदरीने देखी हर्ष पाम्यो, तेने सतीये कह्युं, हे प्रिय! ए मारा बंधवें मने निल्लथी फुख पामती राखी. जीवथी एणे छोडावी. ए आपणो गुरु छे. एनी घणी गौरवतायें नक्ति करवी. एवुं सांनली ते पुण्यशर्मा द्विज, कामी द्वीज जे वेदरुचीनामे छे तेने कहे छे. तम सरखा उत्तमने पालमां रहेवुं योग्य नथी, कागना घर मां हंस केम रहे? हे सिष्टातमन्! ते माटे तमे अहीं रहो. तमे अमारी स्त्रीने मूकावी. माटे तमने जे जडुं होय ते अमे आपीयें. एवी तेनी मीठी वाणी शांनली लज्जा पामीने ते वेदरुचि चिंतववा लाग्यो जे, एणें मने गंनीर माधुर्य रूप तुंगताने पमाड्यो. तो ए नारीने हुं कोकिला कहुं, के कामधेनुं कहुं? अथवा ते कोकिलादिकना गुण एमां आव्या छे. अन्योन्य सौजन्यता न जाणीयें एणें क्यांथी ग्रहणकरी हशे? हुं एवो विष रूप महा अनर्थ निरर्थक चिंतवनारो, विषयालापनो बोलनारो, छतां एना सुधामृत समान आलाप सांनलुं छुं. ए उपरे में महा अनर्थ निरर्थक चितव्यो. बिल्लाडो जेम सार गोरस नोंय ढोले तेवो हुं थयो. एवो ए पुण्यशर्मा द्वीज नर मांहे रत्न समान तेने मूकीने ए गुण सुंदरी मुज सरिखा अधम साथे केम रमे? हंसी होय ते कमलने सेवे, पण लिंब फलने कदापि न सेवे. अहो एनी निर्मल बुद्धि के, जेणें निष्कलंक शियल पाल्युं. बीजुं मारा जीवने पाप रूपी पावकमां बलतो पडतो राख्यो. हुं अपराध रूपी ग्रहे ग्रस्त थयो छुं. हवे हुं जो कदी जीवतो निसरुं छुं. जीवतो उगरुं छुं. तो एवुं काम नहि करुं. ए महा सतीना गुणने संनारीशुं एवी रीतें मनमां चिंतवे छे.॥

एवे समये पुण्य शर्मा द्विजने सेवकें आवी कह्युं, हे स्वामी! जमवानो वखत थयो त्यारें कामी द्विजने उद्वर्त्तन स्नान करावी नवां वस्त्र पहेरावी घणो सत्कार दइ नली नक्तियें नोजन कराव्युं. रात्रे सूवाने माटे नली शय्या आपी, पण ते कामीद्विजने रात्रे निद्रा आवी नहीं. एटले रखे कोइ कपटथी दगो करीने ए स्त्री मुजने मरावशे एवी शंकाथी तेने निद्रा न आवी. ॥ यतः ॥ सर्वत्र शुचयो धीराः, स्वकर्म बलगर्विताः ॥ कुकर्मनिहितात्मानः,

पापा सर्वत्र शंकिताः ॥ १ ॥ अर्थः—जे धीर पवित्र शुनकर्मना करनारा होय ते मरे नहिं. पण कुकर्मना करनारा दुष्टात्मा होय ते पोतानी मेलेंज शंकाय पढी ते कामी द्विज दैवयोगथी मध्यरात्रे शय्या मूकीने नाशी जवा माटे बहार नीकल्यो, एटले तेने कालो सर्प मश्यो. त्यारें पोतें पोकार कीधी एटले पुण्यशर्मायें दीठो. दीपक करीने जोयुं तो कामीद्विजने सर्पें मस्यो दीठो. पढी तेना घणा प्रतिकार कीधा, मंत्रवादी तेडाव्या, पण सर्पनुं फेर न ऊतर्युं. एटले द्विजने विष व्याप्युं. वाचा रहित थयो. पण मनमां सावधान थइ जाणवा लाग्यो जे मारुं पाप मने आवी मल्युं. हवे हुं निश्चें मरीश. काले सर्पें मश्यो तेथी सर्व वैद्यें पण कह्युं के. ए जीवशे नहीं त्यारें ते वेदरुचि कामी द्विज तथा पुण्यशर्मा ए बेहु निराश थया.

हवे प्रातःकाले सर्व लोक देखतां गुण सुंदरी हाथमांहे जलें नरेलो कलश लइ सर्व लोकनी साखें बोलती हवी के, त्रिकरण योगथी एटले मन वचन कायाथी जो मह्यारुं शील निष्कलंक होय, तो आ माह्यरो नाइ निर्विष थाजो. एम कही तेनी ऊपर पाणी ढांट्युं कें, तरत सर्पनुं विष ऊतर्युं. वेदरुचि निर्विषि सावधान थयो त्यारें लोकमां शीलनो महिमा वध्यो. त्यां नगरना लोक सर्व एकठा मल्या अने कहेवा लाग्या के, आ सुंदरीयें आ विप्रने जीवीतदान दीधुं. एम कही सर्व लोक, ते गुणसुंदरीनां चरणनी कुसुमांजलियें करी पूजा अर्चा करता हवा.

त्यारें ते वेदरुचि कामी द्विज, चैतन्य आव्या पढी चित्तमांहे विचित्र प्रकारनुं आश्चर्य पामी कहे ढे के, अरे लोको तमे शी वार्ता करो ढो? त्यारें लोको कहे ढे, तुंने सर्प मसवाथी गारुडी वैद्य प्रमुख सर्वें जणे हाथ खंखेरया अने कह्युं आ नही जीवे. पहोर बे पहोरमां तो तुं काष्ठ रूप थात. अथवा चयमां पडी नवांतर पामत; पण आ बाइए जेनो, अमे पूजा सत्कार करीयें ढीयें, तेणें तने जीवतो राख्यो. माटे धन्य ए बाइना शीयलने के, जेणे तुफने ऊपकार कस्यो. एवी महासती आ पृथ्वीमां थोडीज हशे. एवुं सांनली वेदरुचि कामी द्विज संतुष्ट मान हर्षवंत थइ, सर्व लोकनी देखतां गुणसुंदरीने पगे लागी कहे ढे के, तुं माह्यरी पहेला बेन हती, पण हवे तें मने जीवित दान आपीने नवो अवतार धराव्यो तेथी तुं माह्यरी माता थइ. मोटा पापथी तें मने वास्यो, माटे हे नगिनी! ताह्यरुं महात्म्य

में आज जाण्युं. तथा माह्रुं पाप चेष्टित तें जाण्युं. तो पण तें मुझ पापी उपर उपकार कस्यो. ए तारा चित्तनी निपुणता कोण जाणे ? ते माटे हे बेन! हवे ए ताह्रो उपकार हुं केवी रीतें निस्तारुं आ उपकारनुं प्रत्युपकार हुं तुझने शो करुं? जे तुं कहे ते हुं करुं.

त्यारे गुणसुंदरी कहे छे. जो तुं मने नगिनी जाणी प्रति उपकार करे, तो परदारा गमन त्यज. हे नाइ! तुं एवुं व्रत लीयें तो मह्रारो बेह्निनो प्रत्युपकार थाशे. वली ए व्रत लीधाथी ताह्रो आत्मा पण आ नवे परनवे सुखी थाशे. परस्त्रीनो गमन करवाथी कुलनी कीर्त्ति हणाय, वली धन क्षय थाय, प्रयाश व्यर्थ थाय, क्लेश विरोध पामे. एवुं जाणी जे शुद्धि पुरुष छे ते परदारा गमन वर्जे ए व्रतनुं महिमा तो तें प्रत्यक्ष दीठो, ते माटे हवे घणु कहेवाथी शुं थाय? ताह्रा आत्माने हित थाय ते आदर. एवुं सांनली परदारा गमन न करवुं, एवुं व्रत आदरी पुण्यशर्माने खमावी, गुणसुंदरीने पगे लागी, निर्मल थइ, ते कामी द्विज पोताने घेर गयो. स्वकुलद्वयदीपिका निजा, धमसंगेगुणसुंदरी शुना अदधद्दृढधर्म संगता, ह्म करणनिश्चयमुत्तमस्तुता ॥ अर्थः–पोताना बे कुलनी स्तुतिकरवाने विषे दीप समान, एवी गुणसुंदरीयें अधमनो संग छतां पण निर्मल व्रत पाल्युं. धर्मने विषे दृढता राखी निश्चयें करी ब्रह्मव्रतनुं पालन कर्युं तेथी ते गुणसुंदरी उत्तम जनने स्तुति करवा योग्य थइ. ए चोथी गुण सुंदरीनी कथा मुनियें संपूर्ण कही एम ते चारे स्त्री परपुरुष त्याग करी शियल व्रत् पाली प्रथम देवलोके रतिसुंदर नामे विमानने विषे देवांगना थइ. त्यां सारस्फार शृंगार कांतियें देदीप्यमान एवा देवतानां दिव्य सुख नोगवी त्यांथी चवी शेष पुण्यें करी ए नगरने विषे ए चारे उत्तम कुले उपजी. तेमां एक, कांचन व्यवहारीयानी स्त्री वसुंधरा तेनी तारा नामें पुत्री थइ. बीजी, कुबेर वणिकनी पदमिनी नामा स्त्री तेनी श्रीनामें पुत्री थइ. त्रीजी, धरण वणिकनी लक्ष्मीवती नामा स्त्री तेनी विजया नामें पुत्री थइ. चोथी पुण्य सार वणिकनी वसुश्री नामें स्त्रीनी कुखे जेम छीपमां मोती उपजे तेम ते सद्व्रतनी धरनारी देवी नामें पुत्री पणे उपनी. ॥ ४८५ ॥

जेम आकाश ताराये शोने, सरोवर कमले शोने, तेम ते पुत्रियोना जन्मथी तेनुं कुल शोनवा लाग्युं. अनुक्रमें ते चारे कन्या मोटी थइ. सुखें

सर्व कला शीखी. यौवन रूप संपदा पामी, पूर्वेनी पेठें ते चारेने प्रेम प्रीति सारी थइ. त्यारें ते विशेष वधवा लागी, सुकर्मे करी तेमने गुरुनो योग थयो तेथी ते बारव्रत धारी श्राविका थइ तथा शेठना जीवें पूर्वे श्री तीर्थंकर देवने जे दान दीधुं ते पुण्यनी शृंखलायें आकर्षी एवी ते चारे कन्या विनयंधर शेठने परणावी. सरखां पुण्यें करी सरखो योग मले तेम ए शे ठने ए कन्या पण सरखे सरखी मली छे. जेमाटे योग्य होय ते योग्यने विषे रंजित थाय छे, एवी प्रसिद्ध लोकोक्ति छे.

पुण्यानुबंधी पुण्यरूप मेघें करी पुण्यना सात क्षेत्र सिंच्यां तेथी फल्यां एवां जे शातारूप धान्य ते महा आनंदमय थयां छे. तथा ए पांचे जीवने देवता सांनिध करे छे. ते तो जेना चित्तमां धर्म होय तेने देवता सांनिध करे. माटे एनी उपर जे मातुं चिंतवशे, तेने देवता विघ्न करशे.ने थोडा कालमां ते विनाश पामशे. वली मुनि कहे छे.

हे राजन् तुं पण जाणे छे. पोतानी चक्षूयें दीठुं छे. जे शासन देवतायें तुजने बिहामणुं रूप करी देखाडयुं, ते एना शीलने प्रतापें जाणवुं. ए एक हुंकार मात्रे हाक मारता जो सापदीए तो विद्याधर सरखो होय ते पण बली भस्म थाय. एना समकितना गुणथी एना चित्तमां तुज उपर अनुकंपा उपजी छे. तेणे करी तुजपर ते मातुं चिंतवती नथी. जे महासतीनुं शी यल भंगाववानी इछा करे तेनुं ते महासती जेटलुं मातुं करे, तेटलुं यक्ष, राक्षस अथवा विद्याधर विराध्यो थको ते मातुं न करे. हे राजन्! तुं का मरूपी गरलविषे पीड्यो छतो सत्य शीयल जलें करी थोडा कालमां धन्य थइ महा कल्याणने पामीश, अल्प शीयलरूपी तरुवरनां तुजने योग्य एवां फल तुं जोइश तो मोटा सत् शीयल रूपी कल्प वृक्षना फलना आस्वादननी चातुरी शी कहुं ? तेना तो अत्यंत मोटा लाभ छे, ते कह्या न जाय.

एवां ज्ञानीनां वचनरूप जे अंजन तेणे करी ते राजाना मिथ्यात्वरूप तम पडल दूर गयां. तेथी सर्व भावने प्रकाश करे एवी निर्मल सम्यक्त्व ज्ञानरूप ज्योति प्रगटी. त्यारें ते राजा मुनिने कहे छे. हे भगवन् ! ए पांचे जीवोना जीवितने धन्य ! ए स्त्री भरतारना चरित्रना अधिकार सांभल तां सर्व जीवने महा सुख उपजे छे. तथा हे मुनि ! महा पापना आचर

ण थकी हुं सतीने संतापनो करनार थयो, निंदकमां हुं निंदक थयो, ही णामां हुं हीणो थयो ॥ ५०० ॥

अथवा में पूर्वे कोइ मोटी पुण्याइ कीधी हती, जेथी में तमारा जेवा साधुनो वचनामृत रस पीधो. हवे तमें कह्युं जे मोटुं शियल तेज हुं म्हारी नार्यासहित आदरीश. घणुं कहे शुं? एवुं राजानुं कह्युं वचन सांजलीने ते समये विनयंधर शेठें साधुने विनंति करी के, हे जगवन्! तमारा वचन रूपी मंत्रें करी माहरो विषय रूपी ग्रह हतो ते जाग्यो. ते माटे हवे इछुं छुं के, तमारां चरण कमल समीपें हुं म्हारी नार्याउ सहित दीक्षा लेउं. त्यारें मुनि कहे छे, अहो देवाणुप्पिया! ए कार्यमां प्रमाद न करशो. धन्य छे तमने! एवुं चारित्र आदरवुं तमने घटे छे,

एवां गुरुनां वचन सांजली हर्षवंत थइने ते राजादि सर्व ते मुनिने नमी घेर जइनें दीक्षानी सामग्री करवाने उजमाल थया पण राजाने कोइ राज्य योग्य पुत्र नथी. त्यारें प्रधानें विनंति कीधी, हे स्वामि! तमने पुत्र थाय त्यांसुधी विलंब करो. कोइ पुत्र तमारे थाय तेने राज्य जार सोंपी पछी दीक्षा ल्यो. तो पण राजायें प्रधाननुं वचन न मान्युं. त्यारें जोग वैराग्य थकी छ मासनो गर्ज हतो. तेथी वैजयंती राणीने राज्याजिषेक करीनें पोताना प्रधान सामंतने जलामण दीधी के, राणीने जे पुत्र आवे तेने राज्यें स्थापी नगरनी प्रजानी रक्षा करजो. ए प्रमाणें जलामण दइने, विनयंधर शेठने खमावीने, श्रीजिन जवने अठाई महोत्सव करी, घणा अर्थी जनने दान दइ, विनयंधर शेठ तथा तेनी नार्या सहित, तथा बीजा नगरना घणा लोकनी साथें सर्व विधियें मोटे महोत्सवे, राजानी साथें दीक्षा लेवाने सर्वजन गुरु पासे आव्या. गुरुये पण तेमने दीक्षा दइ, सर्व शिष्य शिष्यणी साथें विहार कीधो.

त्यार पछी वैजयंती राणीने सामंतादिकें आश्वासना दइ स्थिरता उपजावी. ते राणी पण पुत्रनी आशायें ते गर्जनी प्रतिपालना करती हवी. समय जाते गर्जनी अवधि पूरण थइ. सर्व लोक सूतां त्यारें ते राणीयें मध्य रात्रे शुज मुहुर्त्ते रूपवती पुत्री प्रसवी. ते पुत्रीने देखीने राणी चिंतववा लागी के, में पापणीयें पुत्री प्रसवी. पुत्र न प्रसव्यो. विधात्रायें ए शुं विपरीत कीधुं? जेमाटे म्हारुं चिंतव्युं कांइ न थयुं? पछी ते पुत्रीने एकांते छानी राखीने एक विश्वासवंती दासीयें प्रधानने जणाव्युं, त्यारें बु

छिवंत प्रधानें पुत्रनी पेरें वधामणी आपी. लोक मध्ये एवी वार्ता चला
वी के, राणीयें पुत्र प्रसव्यो छे. एम कही राणीने एकांते राखी पुत्र जन्म
नी उद्घोषणा करी. सामंतादि सर्व आनंदने पाम्या. एम पुरुषने वेषे छानी
राखतां ते पुत्री मोटी थइ, यौवनावस्था पामी, ते देखीने राणीयें प्रधा
नने कह्युं के, अवश्य हवे एने वर जोइयें. हवे ढांक्युं नही रहे. त्यारें प्र
धान मनमां चिंतवीने जेनो स्वन्नावेंज सत्य प्रन्नाव छे एवो यक्ष आराध्यो
त्यारें ते यक्ष प्रगट थइने बोल्यो के, हुं आजथी त्रीजे दिवसे ए कन्याने
योग्य उत्तम वर सरोवरनी पाले लावीश. तेहने ए कन्या आपवी पण
योग्य छे. ते पोतनपुर नगरना राजानो पुत्र छे. ते आ देशनो स्वामी था
शे. ते पुरुष ए आ कन्यानो पाछला नवनो नर्तार पण छे ॥ ५१६ ॥

पछी ते मंत्री त्यां आव्यो. तलावनी पाले पुरुषने वेषें जे कन्या राजा
थइ बेठी हती तेनी साथे यक्षना आदेशथी तमो आव्या ते तमने हुं मा
हरे मंदिर तेडी लाव्यो. अने ते कन्या राज पुत्री पोताने मंदिर गइ. ए
पूछयानो सर्व वृतांत तमने कह्यो. शेष व्यतीकरतो सर्व तमे जाणो छो. त
मने जे समये दीठा ते समयथी तमारे विषे कन्यानुं तीव्र राग थयो. सम
काले ते अतिशये कामविकारे पीडाणी, कामेकरी ग्रहेवाणी.

ते कामीनां लक्षण कहे छे. कमल सरखां लोचन ते चपल थाय, ल
ज्जा तथा शरीरनी कांति ते मंद थाय, कपाले स्वेदना कणीया ( रेला )
थाय, जाणीयें कलारूप चंद्रनी पासे ताराना समूहज प्रगट्या होयनी ?
एवी ते थइ. कामीना शरीर लतायें सर्व रोम उत्कृष्ट उनां थाय, नाषा
गद गद बोलाय, साक्षात् ते राज्य कन्या तमने दीठे ए रूपें थइ जाणी,
ते माटे ए कन्यारूप सरोवर तेहना मनोरथ तमे मेघ समान पूर्ण करो,
एटले राज कन्याने अंगीकार करो. तमो परोपकारी छो. तेने घणुं शुं क
हियें ? एनो परमार्थ जे सत्य हतो ते में तमने कह्यो. माटे अमारुं वचन
प्रमाण करो. तमो तो बीजा पण घणा काम करवाने समर्थ छो ॥५२१॥

ते चरित्ररूप अमृतने कर्ण पुटें पानकरीने, एटले राजानुं चरित्ररूप अ
धिकार सांनलीने शंखराजानो जीव जे राजकुमार ते पोतानुं मस्तक धूणा
वतो हवो. अने ते प्रधाननुं वचन दाक्षिण गुणे संपूर्ण मानतो हवो. पूर्व
नवना अन्यासथी रम्य रूपना अतिशय थकी ते कुमरने पण ते राजक

न्या प्रत्ये प्रेम राग थातो हवो. ॥ यतः ॥ जाई सराई नूणं, नयणाइं मणं च हुंति लोयस्स ॥ पच्चमियाणंति जउ, पियापियं दिठमित्तंपि ॥ १ ॥ ते सांजली वैजयंतीराणीयें अर्थात् कुमरीनी मातायें कुंवर आव्यानी खबर जाणी त्यारें हर्षं करी विवाहनो उत्सव प्रारंन्यो. शुन तिथियें, शुन नक्त्रे, शुन वारें, शुन लग्नें, बहु दान सन्मान गीत नृत्यपूर्वक महा महोत्सवें कुंवरे, गुणसेना कुंवरी अती गौरवें करी परणी, पठी ते अंग देशनो राजा पोतें थयो. सूर्यनी पठें उग्र प्रतापें करी पृथ्वी मंमलमां विख्यात थतो हवो. एटले ते राजा महा प्रतापी थयो.

एक दिवसें वत्सदेशना अधिपति समरसिंह राजायें मत्सर धरी दूत मोकल्यो. ते दूतराजा आगल आव्यो, अने पोताना स्वामियें कहेलां वचन कहतो हवो के, हे राजेंद्र ! सांजलो. तमें पाम्या ठो एवी जे राज्य लक्ष्मी ते अनुक्रमें घणे कष्टें जोगवाय ठे. अने तुं स्वामिनी आज्ञा विना निर्नय पणें राज्य जोगवे ठे ? तो हे पंथि ! तुं कांइ जय नथी पामतो ? शुं राजा विना जगत् हशे ? शुं तुं वटेमार्गु थइने राज्य जोगवीश ? माटे तुं अमारा स्वामिनी आज्ञा मान्य कर. नहीं तो राज्य मेली दे. अथवा नाशी जा, अथवा पराक्रमी होय तो तेनी साथें संग्राम करवाने सज्ज था. ए विना चोथो उपाय ताहारे कोइ नथी. एवुं दूतनुं वचन सांजली राजा अंतरंगमां अति कोपायमान थयो, पण बाह्य वृत्तिये हसीने ते दूतने कहे ठे के, हे दूत ! मुज ठतां, पारकी धरती जोरावरीथी लेवाने कोण समर्थ ठे? राज्य आपवुं वली नासवुं, वाह ! ए शी वात ! हुं ए बेहुने दूर मूकीने. ए बे मांहेलुं कांइ न करतां संग्राम करवाने तैयार ठुं, अने तुं पण सिंहपणुं मूकीने जो पराक्रमी होय तो शंग्राम करवाने सज्ज थाजे. इत्यादिक कठण वचन कही दूतने विदाय कर्यो. तेणें जइ पोताना स्वामीने वात कही. त्यारें ते बे राजानां सैन्य सीमनी मर्यादायें आवी मल्यां. बहु आरंन देखीने अंगदेशनो राजा समरसिंह राजाने कहे ठे के, आपणे बेहु मदोन्मत्त बलीया ठीये तो बेहु जण परस्पर युद्ध करियें. पण बीजा प्राणीने पीडचे शुं लान ठे ? पठी जे जीतशे ते पृथ्वी लेशे ॥ ५३५ ॥ एवुं अंगाधिपतीनुं वचन समरसिंह राजायें अंगिकार कर्युं.

पठी ते बेहु राजा परस्पर युद्ध करता हवा. गजराजनी पठें गंनीर

गर्जना करता, एक एकनी चोट चुकावता, वली बेहु हांको मारता, हूंकारा करता, सिंह नादे पोकार करता, विविध प्रकारनां आयुध मूकता, मांहो मांहे वलगता, लीलायें खेलता, विद्याधर सरखाने भय पमाडता, एवा ते बेहु राजा महा युद्ध करे छे. घणा शूर पुरुषने त्रास पमाडता, घणा देवताने नसाडता, एवा ते बे युद्ध करता हवा. तेथी ते शूर पुरुषने प्रशंसा करवा योग्य थया. एवो संग्राम थातां कोइ दैवयोगथी वत्सदेशनो राजा समरसिंह ते घणा घातें पीडाणो थको मूर्छा खाइने भूमीयें पड्यो, लोचन मली गयां, त्यारें अंगदेशना कमलसेन राजायें पाणी मगावी तेनी उपर छांट्यो. पाणी सींच्यो, वस्त्रें करी वायु वींज्यो, घणा उपाय करीने समरसिंह राजाने स्वस्थ कीधो. त्यार पछी आश्वासना दइने हितेच्छुनी रीतें हीमत दीधी. अने कह्युं के, तमारो नाम जे समरसिंह छे ते सत्य छे. संग्रामने विषे तमे साचा सिंह छो. जेवा नामें तेवा परिणामें छो. माटे विषवाद न करो, अने प्रसन्न थइ हीमत राखी हाथमां आयुध धरो. एम कह्युं त्यारें समरसिंह राजा मनमां विचारे छे के, अहो! एनुं पराक्रम पणुं! अहो! एनी युद्ध कलानी कुशलता जोतां ए कोइ मोटा राजाना कुलमां उपज्यो हशे एम लागे छे. ए कोइ महा पुरुष छे. क्यां हुं वृद्ध थयो तो पण पर राज्यना लोजें करी केवो अन्याय करुं बुं! अने ए लघु वयनो छे तो पण केवो नीतिमान, विनयवंत अने न्यायवंत पराक्रमी छे. हवे हुं मानरहित थयो माटेराज्य भोगने योग्य नथी. हुं हवे दीक्षा लेवा योग्य बुं ५४४

एवुं चित्तमां धरीने समरसिंह राजा कहे छे. हे राजन्! मारो मान घात थयो. तेथी हुं मृत्यु मय थयो. माटे हवे मारी साथे तमारे संग्राम करवो घटे नहिं. मुवा साथे युद्ध शुं करवुं? तो हवे तमे सात्वीक छे. तमे मारुं राज्य लीयो मारी आठ कन्या छे, ते साथे तमे लग्न करो अने मारुं राज्य पण भोगवो. अमे हवे परभवनुं हित कारी एवुं चारित्र व्रत आदरशुं त्यारें कमलसेन कुमारें कह्युं तमो तमारी परंपरायें जे आव्युं ते राज्य पालो वली समय आवे त्यारें परभवनुं हित साधन करजो. एम कह्युं तो पण ते राजा अति वैराग्यवंत थको संसारमांहे न खुत्यो अने कमलसेन कुमार भणी पोतानी आठ कन्या तथा वत्सदेशनुं राज्य दइ पोते सुधर्माचार्य पासे

दीक्षा लीधी. त्यां बीजी पण घणी कन्या सामंतमंडलें परणावी. एम बीजुं राज्य पामी कमलसेन कुमार पाछो चंपा नगरीयें आव्यो.

त्यार पछी कमलसेन राजा एक दिवस सजामां बेठो हतो, एटलामां पोतनपुरथी पोताना पिता शत्रुंजय राजानो दूत आव्यो, ते राजाने नमिने तेमना पितानुं लखेलुं पत्र आपिने ऊनो रह्यो, त्यारें कमलसेन राजायें पोताना माता पितानी कुशल खबर पूछी. तेने दूतें प्रकट पणें सर्व शातानी खबर कही ते एवी रीतें. केः– हे स्वामी ! तमें वगर निमित्ते माता पिताना कह्या विना केम वसंतक्रीडा मूकीने बहार निकली गया ? तमें गया पछी तमारां माता पिता तथा नगरनां लोक ते घणां शोकातुर थयां छे, ते दिवसें कोइयें आहार पण न कर्यो, हाहाकार थइ रह्यो. तमारे वियोगें राजादिकें जे दुःख जोगव्युं ते दुःख नरकने विषे रह्या एवा नारकी जीवज जाणे. तमारी घणे ठेकाणे शोध करी, पण क्यांय खबर न पाम्या. त्यार पछी कोइ वैतालिकें आवी तमारा गुणनी स्तवना करी ते सांजली तमारा पिताने शाता थइ. त्यारें तमारा पिताना आदेशथी हुं अहीं आव्यो. ते माटे हवे हुं स्वामीनी विनति करुं छुं ते अंगीकार करो. तमारा माता पिता ते तमारा वियोग रूपी दावाग्नियें जे दाझयां छे, तेने पोताना दर्शन रूपी जलथी शीतलता करो. एटले एक वार पिता पासें आवी जाउ.

एवुं सांजली राजायें चिंतव्युं, जे अहो मारां माता पितानो मारी उपर अत्यंत निविड राग छे, जे माटे घणे काले पण तेमने पुत्रनो प्रेम नथी विसरतो, तो जगतमां संतान उपर प्रेम एवाज देखाय छे. अरे हुं पेटजरो थयो. जे माटे हुं माता पिताने विसारीने पोतानी विषय लीलामां पड्यो. ते माटे त्यां जइ मारी उपार्जित ऋद्धि तेमने आपी पगें लागी माता पिताने हर्ष उपजावुं. एम विचारीने दूतनुं वचन प्रमाण करी मतिवर्धन प्रधानने राज्यनी जलामण दइ, जले मुहूर्त्ते प्रस्थान करी मंगलमय पिताने मलवा जणी चाल्यो. गज, अश्व, रथ, पाला, एम चतुरंगी सेनायें परिवर्यो थको, उद्दंड महोटा छत्रे करी ताप निवारतो, घणा वाजिंत्रने घोषें आकाशने बधिर करतो, हाथीनी गर्जना थाते, घोडाना हणहणाट करते, घणा रथना चीत्कार थाते, पृथ्वीचक्रने चलावतो, मार्गे जला जला महोटा महोटा राजाना महोटा महोटा जेटणेकरी पगे पगें पूजा पामतो,

लोक तेनी शुद्ध संपदाना कुतूहल जोतां, गाम गाम मनोवांछित भवन करावतो, जिनपूजा रचावतो, घणा दानादिकें मुनि राजनी भक्ति करतो, घणा जीर्णोद्धार करावतो, घणा याचकने दान देतो, दीन दुःखीनी अनुकंपा करतो, एम सर्व स्थले उत्तम काम करतो, पोताना नगर पासें आव्यो. त्यारें पुत्र आव्यानी खबर सांभली, पिता पण महोटे उत्सवे सामो आव्यो. पिताना हृदयमां चिरकालनो विरहाग्नि तप्यो हतो तेने पुत्रना हृदयरूप चंदनें आलिंगन करी शीतलता उपजावी. एटले पिता पुत्र बेहु जण बाहु भीडीने मल्या. पछी पिता पुत्र बेहु हाथी उपर स्वारी करी बेठा त्यारें सधवा स्त्री तेने जोती हती, श्वेत चामर विंजाते, नगरना लोकने पोलेपोलें द्वार द्वार प्रत्यें मलतो अर्थिजनने दान देतो, पुर जनना मुख कमलने सूर्यनी पेरें विकास करतो, एवा ते कमलसेनें वाजिंत्र वागते नगर मध्ये प्रवेश कस्यो. सर्वजन राजमंदिरें आव्यां. कमलसेन कुमार पोतानी माताने चरणे नम्यो. त्यारें माता हर्षरूप जलें करी कुमारने सिंचती हवी.

त्यार पछी ते माता पुत्रने कहे छे. हे वत्स! चिरकालना दुःखनो टालनार जे तुं ते तुं विना जे अमें जीव्यां, तेथी अमारां हृदय वज्र जेवां कठोर छे. अद्भुत संपदा पामीने आज तुं अमारे भाग्यें अमने मल्यो. ते माटे तुं चिरंजीव रहो. वडनी शाखानी पेरें तारो विस्तार थाउ. एवी आशीष मातायें दीधी. एम मातानी आशीष लइने पछी अन्य माताने चरणे नम्यो, प्रधानादि सामंत सर्वने मल्यो, घणो आदर सर्वेयें दीधो. त्यार पछी सु अवसर पामीने पितायें तेने निकली गयानुं कारण पूछ्युं. पितानुं वचन पोताथी उल्लंघाय नही, तेम बीजो पण तादृश तेवो कहेनारो नही. तेथी पोतेंज मूलथी मांमीने सर्व हकीकत पितानी आगल कही ॥ ५७१ ॥

ते एवीरीतें केः—शब्द सांभली जे पलायन करतो हवो अने राज्यादिक जे पाम्यो, जेटली कन्या परण्यो, संपदा जेम पाम्यो, ते सर्व पूर्वनुं वृत्तांत पिता आगल कह्युं.

ते व्यतिकर सांभली पिताना रोम, हर्षें करी उल्लस्यां अने घणुं आश्चर्य पामी ते बोल्यो, अमारा कुलमां ए पुत्र धर्म शर्मनो दाता प्रगट्यो. किंवा कामधेनु अथवा कल्पवृक्ष अथवा रत्नचिंतामणि तेथी पण अधिक एवो ए पुत्र अमारे कुलें उपज्यो. हाथे पगे शरीरे तो सहू सरखा पु

रुष मात्र केहवाय छे. पण संख्यातीत, अचिंतनीय अने आपदा रहित एवा संपदाना धणी एवा पुण्यप्रकृतिवाला पुरुष तो मात्र धर्म थकीज थाय छे. जेम कर्दम मांहेथी कमल नीपजे, ते सार छे, वली माटीमांथी सुवर्ण निकले छे ते पण सार छे, छाशमांथी माखण निकले छे, ते सार छे, पथ्थरमांथी रत्न निकले, ते सार छे. तेम मनुष्यावतारमांथी जे धर्म उपार्जना करवी ते पण सार छे. ते माटे धर्म उपार्जन विना आ जाजरा राज्यपिंजरमां अमने हवे रेहवुं न घटे. हवे धर्म आदरीयें, तेज सारुं छे, एम विचारी जला ज्योतिषी पंम्ति तेडावीने जलुं मुहूर्त्त लइ महा महोत्सवें पितायें कमलसेन कुमरीने राज्यपदें स्थापना कीधी. त्यार पछी ते शत्रुंजय राजा कर्म शत्रु जीतवाने शीतल शीलंधराचार्य पासें सर्व संग निवारी दीक्षा लेतो हवो.

ते राजर्षि केवा थया ? ता के, महाव्रती, महाध्यानी, महाशांतिमय थया. ते मुनि तप संयमें करी पोताना कर्म खपावी, कुशल ध्यानें क्षपकश्रेणि आरोही केवल ज्ञान पामी मुक्तें पहोता. त्यार पछी ते कमलसेन राजा सूर्यनी पेरें महा प्रतापी थयो. पृथ्वी मंमलने विषे दिन प्रत्यें प्रतापनी वृद्धि पामवा लाग्यो. जाणे एक नवो चंद्रमाज उग्यो होय नही शुं ? तेनी पेरें सम्यक् प्रकारें, न्याय नीतियें, राज्य संपदा जोगवतो जैनधर्मनेविषे निश्चिंतपणुं राखतो, अनेक पुत्र पौत्रादिकें परम विस्तारने पामतो हवो.

वयः परिपक्व थया, एटले तेनी ज्यारें वृद्धावस्था थई त्यारें जोग अने राज्य एनेविषे ते राजा अनुक्रमें करी विरक्तपणुं पाम्यो. जे माटे सज्ञान होय तेने ए युक्तज छे, कारण के वृक्षना नवपल्लव जे छे, ते पण ज्यारें परिपक्व थाय त्यारे अचेतन छतां पण अनुक्रमे रंग बेरंग थाय तो सचेतन पुरुष होय ते केम वैराग्य न पामे ? पण सूका काष्ट समान जे मूर्ख होय ते वैराग्य न पामे.

एवे समयें ग्रीष्मकालनो जे ताप तेणें करी बल्या एवा जे लोक, तेनी बलतर देखी, पृथ्वी ठंमी करवाने जाणे दयावंतज होय नहिं ? एवो वर्षाकाल आवतो हवो. एटले वर्षाऋतु आवी, कलिकालनी उपमा जेवा घणाज काला मेघो उमाह्या. विलासवती स्त्रीनी जेने उपमा छे एवी जे विजली

तेना चमत्कारो थवा लाग्या, सूका सरोवरमांथी थोडा जलने लीधे जे जीव तडफडता हता ते दीन जीवने जीवाडवानेज जाणे वर्षा आवी होय नहिं शुं? मेघनी गर्जनाथी मोरो तथा बप्पैया शब्दायमान थइ रह्या छे, त्यार पछी मोटी धारासहित अखंम धाराथी निरंतर वरसतुं जे पाणी तेथी नीची उंची जे भूमि हती, ते सघली जलमय करी दीधी. एवी मेघनी घणी वृष्टि थइ त्यारें लोक सर्व हर्षवंत थया. त्यार पछी वरसादनी लीला जोवाने ते कमलसेनराजा हाथीयें बेसी प्रजा लोक सहित नदीने तीरें आव्यो. त्यां राजा चारे तरफ नजरें जोवे छे, तो नदीयें पूर वधतुं जाय छे, अने बे बाजुनी भेखडोने पाडे छे, तरुवरने निर्मूलक करे छे, नदीनां बे तटनी धूल पाणीमांहे पडे छे, तेथी सर्व जल मोहोलाइ जाय छे. हिंसक जीव सर्प सरिसृपादिक ते सर्व तणातां जाय छे, पंथी लोक नावमां छे, तो पण नावमां तोफान थवाथी तणातां जाय छे, ते सर्वेने राजा जोइ रह्यो छे. जलमां बूबता लोकोने तारनार जे हता, तेपण ते मेघमां रुबवा लाग्या. गाम तणातां तेमां बूबकां मारतां एवा लोकोने तारु लोक ज्यां त्यां काढे छे ते राजा जुवे छे. एवी रीतें सर्व जीवने भय उपजावनारी एवी ते भयंकर नदी वहेवा लागी, तेनुं भयकारक पाणी वधतुं आवे छे. अने तेथी लोक पाछा उसरता जाय छे. एवुं कौतुक राजा देखतो हवो.

हवे पाणीनुं पूर उतरी गया पछी नदी पोताना तटने पाडती रही गइ तथा तरुउने उन्मूल करती रही गइ. ते नदी वली एक क्षणमांहे सुखें उतराय तेवी अने वली निर्मल जलवाली थइ गइ सुखें लोक स्नान करे, पाणी पीये लीलायें जलक्रीडा पण करे, बाल, वृद्ध, युवान, सुखें उतरे, एवी थइ. एवी रीतें तादृश नदीनुं स्वरूप देखीनें राजाने वैराग्य उपज्यो, अने चिंतववा लागो, जे आम नदीनी पेठे धन संपदानी पण स्थिति छे. कारण के धन संपदा पण एमज घटे, ने वधे छे, वली एक क्षणमां विणसी पण जाय छे. तथा विशेषें पण थइ जाय छे. प्राणी जे छे ते नदी समान छे. अने संपत्ति जे छे, ते नदीना पूर समान छे. केमके ज्यारें मनुष्यने धन वधे, त्यारें पोते मदोन्मत्त थको पोतानी अने परनी वात करे छे पाणीयें करी जेम कचरो थाय छे, तेम आत्मा कर्मे करी मोहोलो थाय छे. ते दुष्कर्मरूपी धूलेंकरी आत्मा आ भवें अने परभवें अनर्थनी परंपरा पामे

ठे, जेनो आत्मा प्रसन्नमन थइ, शान्तिपणुं पामी, सुसंवरमां पोतानी मर्यादा पाळी, संसारमां पोताना स्वरूपें रह्यो, ते निर्मळजळयुक्त नदीनी परें पोताने अने परजीवने सुखदायी थया ॥ ५ए० ॥ जे देशने वश करे, संग्राम करीने शत्रुगणने जीते घर मंदिर निपजावे, तेपण एक मांचेज निद्रा करे ठे. तथा तेने रथ, अश्व, हाथी, पालखी, शय्या, शृंगार, हार वनिता इत्यादि वस्तु घणी होय तोपण तेने मितप्रमाणें करीज योग्य होय ठे. तोपण ए संसारीजीव ते वस्तुने आत्माने हितकारी जाणे ठे. जे राजा देश कोशादि घणा मेळवे ठे. अने जोगवे ठे, ते सर्व अहंबुद्धिनुं सुख माने ठे. ए सर्व संपत्तिनो जे विस्तार ठे, तेनां अजिमान ममत्व जीव करे ठे ते बधुं व्यर्थ ठे. धन्य ठे तेने के जे जगतमां मान्य थइने सर्व संगना त्यागी थइने पंडितमां श्रेष्ठ थया ?

एम वैराग्यजावना जावतो थको राजा सहसात्कार संवेग पाम्यो. विषयसंगथी विरक्त थयो. विषमिश्रित अन्ननी पेठें एटले जेम विषमिश्रित अन्न ठांमियें तेम ते राजा विषयोनो त्यागी थयो. पठी त्यांथी घेर आवीने गुणसेना राणीनो पुत्र जे सुषेण कुमार ठे, तेने शुजदिवसें, महोटे उत्सवें राज्य गादीपर स्थापन कीधो. त्यार पठी कमळसेन राजा दीक्षा लेवाने तत्पर थयो, एटले श्रीशीलंधरसूरिना शिष्य, सद्गुरु श्रीसंयमसिंहसूरि आवी समोसर्या. तेमनी पासेंथी धर्मदेशना सांजळी, महामहोत्सवें, गुणसेना राणी प्रमुख घणी अंतेउरी साथें, तथा घणा सामंत घणा उमराव प्रधानादिक अनेक पुरुष साथें कमळसेनराजायें अणगारपणुं पडिवज्ज्युं एटले दीक्षा लीधी. त्यार पठी ग्रहणा, आसेवना, ए बे प्रकारनी शिक्षाने ग्रहण करता. ठठ अठमादिक तपें करी, पोताना शरीरने शोषवता, यतिगणें स्तवना करतां, गुरुना चरण कमळनेविषे भ्रमर समान थाता, जाइनी पेठें सर्व साधुनुं वैयावच्च करता, गुर्वादिकें कार्य जळावे तुष्टिपणुं पामता, स्मरणादि क्रियायें हर्ष पामता, सर्व प्रमादरहितपणे, सर्व कृत्यने विषे उद्यमी थका प्रवर्त्ते ठे.

एवी रीतें घणाकाळ पर्यंत सत्त्वशीलें करीने संयम पाळीनें शरीर ज्यारें दुर्बळ थइ गयुं, त्यारें ठेहले समयें संलेषण संथारो कीधो. अनशन चौविहार करी, चार शरणां करी, अरिहंतनुं ध्यान धरता, धर्मध्यानें देहरूपी

घर छांमीने, पांचमे ब्रह्म देवलोकें देवता थया. त्यां दशो दिशे कां न्तिनो उद्योत करता, दश सागरनुं आयुष्य भोगवता, सुरनारी जे देवां गना तेनी साथें क्रीडा करता अक्षिप्त चित्तथका विचरे छे.

त्यार पछी गुणसेना राणी साध्वीपणें शुद्ध चारित्र पाली, अनशन आराधन करी, ते पण शुभध्यानें काल करी पांचमे ब्रह्मदेवलोकें तेज दे वताना मित्रपणें जइ उपज्यां. जेणे निरंतर तप संयम पडिवज्यां, तथा जेनी शीलनी लीला निर्मल छे, ते जीव शंखराजाना जीवनी पेठें भवो भवने विषे सुबोधलब्धि पामशे. ए कमलसेन राजाना सर्व व्रत चारित्रना लाभनी कथा कही. इति पृथ्वीचंद्रनां चरित्रने विषे लब्धि अंक एवे नामें बीजो सर्ग समाप्त थयो ॥ २ ॥

इति श्रीद्वितीयसर्गे पृथ्वीचंद्र अने गुणसागरना चरित्रना चार भवनो सं बंध संपूर्ण थयो ॥

---

## ॥ अथ तृतीय सर्गस्य बालावबोध प्रारंभः ॥

अथास्ति स्वस्तिसंपन्ने, तिलके भारत श्रियाः ॥ शूरसेनाभिधे देशे, सुस्थि रा मथुरा पुरी ॥ अर्थः—ते कमलसेन मुनिनो जीव, पांचमे देवलोके वीश सागरोपमनुं आयुष्य भोगवी, त्यांथीच्यवी जंबुद्वीप नामें द्वीपें भरतक्षेत्रने विषे शूरसेननामा देशने विषे तिलक समान मथुरानामा नगरी छे. त्यां मेघ नामा राजानी मुक्तावली राणीनी कुखमां उत्पन्न थयो. हवे ते नगरी केवी छे? तो के, त्यां दंभ तो एकमात्र देहराने विषेज छे ज्यां बंधन नारीना के शना अंबोडाने विषेज छे, एटले नारीने चोटलाने बंधन छे, त्यां मात्र मार शब्द तो सारा लोको सोगठाबाजी रमे, ते दावमां सोगठाने जे मारे छे तेज मारछे पण अन्यस्थानके नथी. कोइनो कर भालवो, तेतो विवाह मां वरकन्या परणे, त्यारेंज छे. बीजो कोइ कोइनो हाथ पकडतुं नही. स्ने हनी हानि ते तो दीपकने विषेज छे; पण बीजा लोकने विषे स्नेह क्षय नथी. कणना क्षेत्रविषे खल एवो शब्द छे, पण नगरने विषे कोइ पण पुरुष खल नथी. अशुद्ध मणिने विषे त्रास छे, पण नगरने विषे कोइने त्रास नथी. ते पूर्वोक्त गुणयुक्त नगरीमां मेघनामें राजा राज्य करे छे, ते राजा रूपें करी कामदेव जेवो छे. दाने कल्पद्रुम जेवो छे. पराक्रमें सिंह

समान छे. ते नगरने विषे रोग आतंकनुं भय नथी, तेना वैरीने आतंक भय छे. समस्त लोक कटक सैन्यनी वात तो जाणताज नथी.

ते राजाने मुक्तावली नामें भार्या छे. ते भला व्रतनी पालनारी छे. गुणवंतनी संगी छे. मुक्तिनी श्रेणिनी परे निर्मल छे. तथा ते छिद्रनी जोनारी नथी. हवे ते राजानुं नाम मेघ छे, तेथी ते राजाने मेघनी सार्थे सरखावे छे. ते मेघ जेम विजलीयें शोभे, तेम ते राजा राणीयें करी शोभे छे. मेघ जेम आकाशने शोभावे, तेम मेघराजा स्ववंशने शोभावे छे. मेघ जेम जलधाराने वरसे छे तेम मेघराजा दानें करी वरसे छे.

एवा समयने विषे एक दिवसें राजा सभा भरी बेठो ते सभा दरखास्त थइ त्यारे राजा सभामांथी उठी पोताने आवासें आव्यो. त्यां मुक्तावली राणी नीचे मुखें गाले हाथ दइने रुदन करती दीठी, त्यारे राजायें घणो आग्रह करीने दुःखनुं कारण पूछ्युं, त्यारे राणी कहे छे, के हे राजा! आपणुं दुःख तो जगतजनमां प्रसिद्ध छे ते शुं तमो नथी जाणता? त्यारें राजा कहे छे, के हुं प्रकट नथी जाणतो. तेथी मने आश्चर्य थायछे. हे राणी! ते शुं दुःख छे? ते मने प्रकट करी झट कहे. त्यारें राणी कहे छे के पूर्वें में तमने नथी कह्युं? तेपण शुं तमो विसरी गया? यतः॥ को नाम गुण मरहो, सोहग्ग भड फुरो य को तेसिं ॥ का वा सुहासिया वा, पियाण जेसिं सुउ नछि ॥ १ ॥ धावंत खलंत पडं, तयाइं धूलीइं धूसरंगाइं ॥ धन्नाण रमंति घरं, गणंमि दोतन्नि डिंम्भाइं ॥२॥ ते माटे राज्यरुद्धि संपत् सर्व छे, पण एक पुत्रविना जीवतर वृथा छे तेमाटे हुं एज दुःखें करी आज रुदन करुं छुं. ते दुःख तमे जाणता नथी? अथवा तमारा हृदयमां ते दुःख नथी आवतुं? एवुं राणीनुं केहवुं सांभली राजा कहे छे के हे राणी! आ कार्य दैवने हाथे छे, अर्थात् भाग्याधीन छे, पण बल पराक्रमें नथी थातुं. माटे तेनो श्यो शोक करवो? ॥ यतः ॥ वाएण बलेण परा, क्कमेण मंतो सुहाइ जुत्तीहिं ॥ विडसेहिवि कविहिवि हिय, न तीरए अन्नहा काउं ॥१॥ तेमाटे हे प्रिये! जेनो प्रतीकार नहीं, तेनो निःष्कारण शोष शो करवो? ने करेथी शुं वलवानुं छे? त्यारें राणी कहे छे, के एवुं कांइ एकांतवचन नथी. कारण के तमारुं मन तो एकांत ग्राही छे. तेथी तमे कांइ रुझता नथी. पण एकांत भावने अवलंबीने सज्ञान होय ते

न रहे, चतुर होय ते निश्चय तथा व्यवहार ए बेहुने अवलंबे; पण ए कांतग्राही न रहे. जेम मणिमंत्रनो प्रभाव अचिंत्य छे, तेमां दैवत छे, तोपण समग्र सामग्री पूजना कीधे फले छे. तेमाटे मारीपर करुणा करी मारुं कोइ पाप चेष्टित छे, तेणें पुत्र थातो नथी, माटे कोइ इष्ट देवने समरो. तो पुत्र लाभ थाय. त्यारें राजायें कह्युं, जे मुझने इष्ट थाशे त्यारे उपाय करशुं.

त्यार पछी राजा मणिमंत्र, यंत्र, अने औषधादि उपाय करतो एक दिवसने विषे स्मशानने विषे गयो, ते दिवस कालीचौदशनो हतो. त्यां जइ मांसादि बलिबाकुल विखेरतो एम बोलवा लाग्यो के, भो भो भूत प्रेतादि पिशाचको! एक मने पुत्र आपो, तमो बलिबाकुल सुखें ल्यो, ने स्वेछाथी भोगवो. त्यारें कोइ भूत आकाशें बोल्यो, अहो राजा! आ मांसना बलिबाकुलें पुत्रप्राप्ति न थाय, पण जो तुं तारुं मस्तक छेदी आपे, तो पुत्र प्राप्ति थाय. त्यारें राजा कहे, हुं मारे हाथे मस्तक छेदी त मने आपुं, एम कही माबे हाथे पोतानो चोटलो झाली खड्ग लइ पोतानुं माथुं छेदवा मांड्युं, एटले देवतायें आवी हाथ झाल्यो, अने कह्युं के, हे राजा! आवुं साहस म कर. तारे भावी पुत्र थनार छे. त्यारें राजायें कह्युं के, सत्य वाचा तमारुं वचन सत्य होजो. अर्थात् सफल होजो. पण आपें वचन कह्युं तेना मुल्यबदल मारा मस्तकनो भोग लेवो जोइयें.

त्यारें देवता कहे छे, के ए मूल्य न होय. तारुं धैर्य दीठुं, एटले एज मूल्य पाम्यो. हे नृपोत्तम! हुं तुने त्रुठो छुं विश्वास मान्य. एटले विश्वास राख. जा हुं तुने प्रत्यक्ष पुत्र आपुं छुं. आज मध्यरात्रे भला केसरीसिंह तेनो पुत्र लघुसिंह, तेने तारी राणी पोताने खोले बेठेलो स्वप्नामां देखशे ने पछी जागशे. ए प्रमाणे अमारुं वचन तुं सत्य मानजे. एम देवतानुं वचन सांभलीने ते खरुं मानीने राजा पोताने आवासें गयो.

त्यार पछी पेला कमलसेन देवतानो जीव पांचमा देवलोकथी च्यवी मध्यरात्रे मुक्तावली राणीने कुखें जेम मोती छीपमां उपजे तेम ते देवता आवीने उपजतो हवो. त्यार पछी राणीयें तेवुं सिंहनुं स्वप्न देखी राजाने कह्युं. राजायें ते सांभली देववाणीने अनुसरी राणीने कह्युं के, सिंह जेवो पराक्रमी पुत्र तुने थाशे. एवुं सांभली हर्ष पामेली राणीनो गर्भपुष्टि पाम्यो.

पूर्ण समय थये बते सुमुहूर्त उपर डुःखना दलक अने आनंदनां कारक एवा पुत्रने राणी प्रसवती हवी. त्यारें राजायें एवा अतुल दान आप्यां, के जेणें करी सर्व जगत् विस्मय पामी गयुं ॥यतः॥ गलन्मानिनिर्मान सन्मान दानं, लसज्जर्वसर्वस्वगांधर्वगानं ॥ स्फुरद्वारनारीकृतापूर्वनृत्यं, सुवर्धापकं तत्र चित्रं प्रवृत्तम् ॥ १ ॥ अर्थः–गल्यां बे दानमानीनां मान जेमां एवुं मानविनानुं दान घणा लोकोने आदरमानें राजा आपे बे. जेने बत घणी बे तेथी ते हर्षजरें करी दीपतो बे, तथा वली नाचता घणा एवा गंधर्वो गीत गान करे बे. वारांगनाउ घेर घेर वधाइ आपे बे तथा नृत्य करे बे. इत्यादि विशेषें करी उत्सवो थता हवा. त्यार पबी बारमे दिवसें देवतायें पूर्वें कहेला वचनने अनुसरीने जे सिंहनुं स्वप्न दीठुं, तेने अनुसारें पितायें ज्ञाति कुटुंबने पोषी पुत्रनुं देवसिंह एवुं नाम पाड्युं. ते पुत्र अनुक्रमें वधतो कलाचार्यनी पासेंथी बोहोंतेर कलानो जाण थयो. मनोहरता रूप पुण्यपणुं पामी पुरजननां लोको साथें परवर्यो थको नगरमध्ये क्रीडा करे बे. एवे समे गुणसेनानो जीव, पांचमा देवलोकथी च्यवी अवंती देशनेविषे धनें करी विशाला एवी जे विशाला नगरी, तेनेविषे जितशत्रु राजा तेनीस्त्री जे कनकमंजरी राणी तेनी पुत्री थइ. अर्थात् रूपवंती, कनकसुंदरी नी पुत्री थइ. ते अनुक्रमें वधती जाती सकल कलानी जाण थइ. नव यौवनावस्थाने प्राप्त थइ. पण विषयथी विरक्त हती त्यारें सकल शास्त्रमां प्रवीण एवी जे ते कन्यानी सखीयो हती ते काम विकारने दीपावनार एवी कथाउ केहवा लागीयो, तो पण साक्षात् मदन जेवो पुरुष होय ते पण ते कन्याने रुचे नही. त्यारें ते कन्यानो पिता, पुत्रीने विवाहथी विमुख देखी चिंतवे बे, तथा क्लेश करे बे, अने खेद पामे बे. पबी राजा तेना विवाहनो उपाय प्रधानने पूबतो हवो. त्यारें प्रधाने कह्युं, के पूर्व जवें जेनी साथें प्रेम हशेएवो कोइ पुरुष रत्न हशे, तेने परणशे, माटे हे राजन्! ते कन्यानो अन्य पुरुष उपर राग नथी उपजतो तेने बीजो पुरुष कोइ रुचतो नथी, तेथी कोइ चित्रकारपासें जे जे राजपुत्रो होय, तेनां चित्र करी प्रगट करो, ते पटमां एटले पडदामां काढो अने तेने देखाडो, त्यारें पूर्व जवनो जे जरथार हशे, तेने देखीने कन्याने राग उपजशे. एज एक उपाय बे. ते शीवाय बीजो कोइ उपाय मुने जासतो नथी ॥यतः॥ नामंपि सुयं पडिरू,वयं

पि दिठ्ठं मणिहाणं ॥ जम्मंतरियाणिजए, रायविराए पयासेइ ॥ १ ॥

धरता नथी. तथा नवी वस्तुनो अनिलाप पण करता नथी. त्यागनावें ए शरीरथी चेतननें न्यारो नावे ढे, ए वस्त्रानरणादिक जीवें जे मेलव्यां ढे, ते तो जे जेम ते तेमज रहेवानां ढे, तेथी जीवने शुं लान थावानो ढे! अने वली जीवें रतिवेदनां जे कर्मो बांध्यां हशे, तेना दुःखविपाक जरूर नोगववा पडशे! एवी रीतनां निपुण सखीयें मधुर अने सयुक्तिक एवां वैराग्यमय वचन कह्यां, तेथी पुण्य पापना विपाक जाणीने ते चंद्र कांताने तत्काल वैराग्य उत्पन्न थयो, तेथी तेने शांतिदशा प्राप्त थइ. अने दासीनें कहेवा लागी के हे दासी! जे तें कह्युं, ते सर्व अक्षरशः सत्यज ढे, जे अन्यजननी आशा करवी, ते महा दुःखनुं कारण ढे. अने हे दासी! कामनोगादिकनां सुख तो जीवो घणी वार पाम्या, अने पामीनें वली तेना सुखनो गर्व जीवें फोगट कीधो. वस्तुतः ते कामानोगादिक जे ढे, ते आत्माथी जुदाज ढे, वली ते मनोज्ञ गीत गानादिक पंचेंद्रियना सुखोनें पण जीव नोगवीनें पाढो ढांमे ढे तो पण ते जीव तृप्त थतो नथी. तो शा माटे नोगनां सुखनुं अनिमान करवुं? तेमाटे हवे मोहना विलासरूप ए उवटणाविकें करी मारे सखुं! अने आ असत्य संसारथी पण मारें सखुं! माटे हवे हुं तो प्रव्रज्या जे दीक्षा ते ग्रहण करीश, के जेथी सद्यः स्वाधीन एवा शाश्वतां सुख पामीयें! आ प्रमाणें दीक्षा ग्रहण करवानुं ज्यारें कह्युं, त्यारें पासें बेठेली दासीयो विलखी थइ विचारवा लागियो के आ पणें तो सेज आ चंद्रकांताने एमना मातापितायें नहिं मोकलेलां वस्त्रानरणा दिकना दुःखने मटाडवा आ संसारनां पौजलिक सुखनुं असत्यपणुं कह्युं, तेमांथी तो तेने तीव्र वैराग्य उत्पन्न थयो? अने एकदम प्रव्रज्या ग्रहण करवा तत्पर थइ गइ? माटे हवे आपणे सांसारिक रीतें सविनय, सांसा रिक विषयवासनानी वात कहियें? एम विचारीने नम्रतापूर्वक तेने पगे लागीने कहेवा लागीयो जे हे राणी! अमायें जे आपने कह्युं के पराधीन पणुं दुःखद ढे, ते खरुं पण ते पराधीनपणुं आपने नथी ए पराधीन पणुं तो अम जेवा पामर प्राणीनेज होय ढे, आपने तो पृथ्वीपति राजा माथे स्वामी ढे, तो आपने कोइ पदार्थनी खामीज नथी. अने पूर्वोक्त रीतें अमें आपने वचन कह्यां, ते सर्व, उपहासथीज कहेलां ढे. ते उपहा सनां वचन पर सत्यत्व मानी ते वचननी तमोने दृढ गांठ बांधी बेस

वुं, अने ते उपरथीज प्रव्रज्या लेवानी वात करवी, ते घटे नहिं? माटें हे बेहेन! आ अमारा लावेला अंगविलेपनादिकने कृपा करी अंगीकार करो. त्यारें चंद्रकान्ता राणीयें कह्युं, के हे दासी! हवे आ शरीरनी शुश्रूषाथी सर्युं. अर्थात् हवे आ शरीरने सुख देवानी कांइ जरुर नथी. अने में आ संसारना सर्व सुखनो अनुभव करी लीधो. तेमां मारूं अद्यापि पर्यंत कांहीं वध्युं नहीं? हे दासीयो! परमानंदना पामनारा जे मुनिराजा अनिर्वचनीय आत्मिक सुख अनुभवे छे, ते सुखथी तम जेवी अज्ञानी दासीयोयें अद्यापि पर्यंत पौद्गलिक सुखमां आसक्ति वधारी मुने वंची छे. अरे रे!!! हुं आ अनित्य एवा सांसारिक सुखमां रंगाणी! मुंजाणी! अरे प्रेम ते शुं! अने कोण कोने प्रिय छे! कोनो विरह! कोण विषय! वली जे अपूर्व आत्मिक सुख भोगवे छे, ते साध्वीने वारंवार नमो नमः जीवित पण ते स्त्रीनुंज धन्य छे, के जेना मास खमणादिक तपें करी तप्तथयेला देहने विषे दाह थवाना भयथी अनंग पण रहेवा आवतां भय पामे छे. अने जरा पण स्थान पामतो नथी. एम ते राणीने तीव्र वैराग्य उत्पन्न थयो. एवा समयमां प्रातिहारीयें आवीने राणीने कह्युं, के हे महाराणी! आपने माहाराजा तेडावे छे? माटे नाई, धोई, सर्व अंगविलेपन करी आभरण वस्त्रादिक पहेरी त्यां पधारो. हजी सुधी आपें कांई अंगशुश्रूषा केम करी नथी? वली शामाटे अमो त्यां आवीयें? एम जो आप कहेतां हो, तो असार अने अपार एवा संसारमांहे पडता प्राणीना हितार्थी, दुःखें पीडित एवा प्राणीयोने शरण दान देवाने दक्ष, इंद्र अने उपेंद्रादिकें पण जेने जिताय नहिं, एवा मोहमल्लना जीतनारा, संपूर्ण केवलज्ञानें करी लोकालोकने प्रकाश करनारा, विजयनामा तीर्थंकरें आपणा उद्यानने विषे पाउ धार्या छे. तो ते प्रभुने वांदवा जवाने माटे माहाराजा तेडे छे. एवुं प्रातिहारीनुं वचन सांभली आनंद पुष्टपणुं पामीने तेने हर्षप्रमोदें दान दीधुं. यतः– कृतांगसार श्रृंगारा, चलिता भूभुजा समं ॥ एटले राणीयें स्नान करी सार श्रृंगार अंगें पेहेर्या. पहेरीने राजा साथें जइने दिव्य जे समवसरण तेमां बेठां. जगत्गुरुने वांदवा गया, त्यां जइ पंचाभिगमन साचवी, पंचांग प्रणाम करी यथास्थानें बेसी जिनवाणी सांभलवां लाग्यां, त्यारें प्रभुयें पापनाशिनी देशना देवानो प्रारंभ कर्यो. ते जेम केः– भो भव्य लोको!

छिद्दामणी संसार अटवीनें विषे भमता प्राणीने अनंत शाश्वत सदाकाल दुःखो घणां छे, अने सुख ते तुच्छ अशाश्वत थोडुं छे. नरक गतें नारकी, पापना करनारा जीवो शीत अने उष्ण एवां पापनां जे शस्त्र. तेमां शीत जे शाल्मली वृक्ष तथा तप्त जे वालुकादि, क्षुधा, तृषादिक परमाधामीनी करी वेदनाने अनंतवार पाम्या. त्यार पछी तिर्यंच गतियें जीवो क्षुधा तृषा तथा भार वहेवो इत्यादिक लाखो गमे दुःख भोगवे छे. ते आपणें दृष्टियें करी देखीयें छीयें, तथा मनुष्य जन्ममां पण जीव, पुनर्जन्म, मरण, जरा, दौस्थ्य, रोग, शोक वियोगथी थयेलां जे दुःखो तेथी तथा ख राब स्वामीथी, पिशुन लोकोथी, थयेलां जे दुःखो तेणे करी वारंवार पराभव पामे छे. देवगतिमां पण आभियोगिकपणाना विषवाद, ईर्ष्या, क्रोध, लो भादिकनां जे दुःखो, तेने तथा विशेषें करी च्यवनकालनां जे दुःखो तेने भोगवे छे. माटे हे भव्यजनो ! जन्म, जरा, मृत्यु रहित निराबाध अक्लेश, अविनाशि, अपुनर्भव एवां सुख पामवानो योग तो अहियांज छे, तो ते सुख मेलववा माटे दुर्वासना मिथ्यात्वने मूकी. ते मोक्षपदनो आपनार जे वीतराग भाषित आत्मधर्म तेनुं, उद्यमवंत थइने समाचरण करो.

ए प्रमाणें जिनभाषित तत्त्वदेशना सांभली ते देवसेन राजा तथा तेनी राणीयें संसार असार जाणी विषयथी विरमी सर्व परिग्रह त्याग करी भवभ्रमणथी भय पामी, भगवंतने प्रणाम करी घरे आवी, शूरसेन कुंवरने राज्य दइ, सप्त क्षेत्रनेविषे घणुं धन वावरी, दीन अने अनाथने दान देइ, महा महोत्सवें करी अरिहंत पासें दीक्षा लीधी ! यतः—

गतविषयविकारश्चारुचारित्रचारः, शमशरजितमारः शुद्धसिद्धांतसारः ॥ तपइह विकलंकं चैष कृत्वाप शंकं, मुनिरगमदशोकं पंचमं देव लोकम् ॥ १ ॥ अर्थः— गया छे विषय विकार जेना, निर्मल चारित्राचार पालन करतो, शमतारूप बाणें करी जीत्यो छे कंदर्प जेणें, शुद्ध सिद्धांत सारना अभ्यास करवामां तत्पर छे, नियाणा रहित निष्कलंक तपनो करनार शंका, कंखा रहित, निरतिचारपणे मुनि मार्ग आराधी अंते अणसण करी समाधिमरणे करी पांचमे देवलोकें ते राजा राणी बेहु जीव देवपणुं पाम्यां. राजानो जे जीव हतो ते इंद्रपणुं पाम्यो अने राणीनो जे जीव हतो ते सामानिक देवतापणे उत्पन्न थयो. त्यां ते बेहु जणानी अत्यंत प्रीति

होती हवी, त्यां दश सागरने आउखे देव संबंधिया जोग जोगवी. इंद्र पणे थयेलो जे राजानो जीव हतो ते जीव, त्यांथी च्यवी एज जरतक्षेत्रे कुरुदेशने विषे गजपुर नगरें जे श्रीवाहन राजा राज्य करे छे, तेनी लक्ष्मी नामें राणी छे तेनी कुखें चौद स्वप्न सूचितथको पुत्रपणे उपन्यो. हवे तेज नगरें ते राजाने बुद्धिसागर नामें प्रधान हतो, तेनी सुदत्ता नामें स्त्रीनी कुखें प्रथम सामानिक देवता पणे उत्पन्न थयेलो जे राणीनो जीव, ते पुत्रीपणे आवी उपन्यो. हवे राजायें पोताना पुत्रनुं प्रियंकर एवुं नाम पाडयुं अने प्रधाने पोताना पुत्रनुं नाम मतिसागर एवुं पाडयुं. पछी आप आपणे पितायें ते बेहुनो जन्म महोत्सव कस्यो,

हवे ते बेहु बालको साथें रमे, अने परस्पर दृष्टि पडे, त्यारें पूर्व जवना स्नेहथी मांहोमांहे अत्यंत हर्ष उत्पन्न थाय. अने एक एकनो घडी एक पण वियोग खमाय नही अने एक एकने जो जरा वार न देखे, तो रुदन करे, हवे ते बेहुनुं क्षुधा तृषार्थ धावमाता प्रतिपालन करे छे, ते बेहु बालक परस्पर उद्याननें विषे क्रीडा पण करेछे, एकांग पणाथी विचरे छे, सुखें वधे छे. एम करतां बेहुजण महोटा थया अने सर्व पुरुषनी कला, कलाचार्य पासेंथी शीख्या अने अनुक्रमें यौवनावस्था पाम्या. हवे राज्यकुलमांहे तिलकसमान एवा प्रियंकर कुमारने राजायें मोटे मंमाणेकरी अतिरूपवती एवी राजानी कुंवरीयो परणावी. अने प्रधानना पुत्र मतिसागरने पण प्रधाने प्रधानवंशनी उत्पन्न थयेली अने अतिरूपवंती एवी कन्याउ परणावी.

एम ए बन्नेजण परण्या. पछी सांसारिक सुख जोगवता विचरे छे. एम करतां केटलेक कालें श्रुतसागर नामा आचार्य ते गामनी बहार आवी समोसस्या. त्यां सर्व जनो वांदवा गया, त्यां वाणी सांजली श्रीवाहन राजायें संसार असार जाण्यो, कषायनां फल माठां जाण्यां, स्त्रीना जोग ते रोग समान जाण्या. अने विषयना फल पण विरस जाणी घरें आवी पोताना प्रियंकर पुत्रनें राज्य गादी आपीने ते श्रीवाहन राजायें दीक्षा लीधी. अने तेना बुद्धिसागर नामा प्रधाने पण पोताना पुत्र मतिसागरने प्रधान पणे स्थापी श्रीवाहन राजा साथें दीक्षा लीधी. त्यार पछी प्रियंकर राजानें राज्य पालतां पुण्योदयें करी आयुध शालामां चक्ररत्न उपन्युं. तेचक्रें करी छये खंम जरतना साध्या. मुकुट बंध छत्रीश हजार राजा तेनी सेवा करवा

लाग्या, अने आज्ञा पण मानवा लाग्या. पछी चोशठ हजार स्त्रीयोना भोग तथा पुण्योदयें करी चक्री पदना भोग भोगवता बोहोंतेर लाख पूर्व वर्ष गयां. हवे ते प्रियंकर चक्रीने बीजा घणा प्रधान छे तो पण मतिसागर समान बीजा कोई उपर प्रीति नथी. ॥ यतः ॥ मातंगा नैव तुंगास्तुरगरथवरा नैव सामंतयोधा, भांडागारं न रत्नान्यथ नवनिधयोनैव दारा उदाराः ॥ गीतं नृत्यं तथा नो ध्वनडुरुमरुजं नैव राज्यं न राष्ट्रो, हृष्टो रुष्टोपि दृष्टिं सचिव इव तथा तस्य दृष्टिं विधत्ते ॥ १ ॥ अर्थः- हाथी, घोडा, रथ, सामंत, योधा, भंडार, रत्न, तथा नवनिधान उदार रूपवंती स्त्रीयो, गीत, नृत्य, मृदंगध्वनि राज्य, देश, ए कोइ वल्लभ नथी हर्षित तथा शोकवान् थया थका पण जो प्रधान पर दृष्टि, पडे तो तेने बीजुं जोवुंज गमे नहिं अर्थात् तेमने जेवो मतिसागर प्रधान वल्लभ छे, तेवुं बीजुं वल्लभ कोइ नथी. हवे प्रियंकर राजानो ते मंत्री उपर देवगुरुनी पेठें स्नेह छे, भाइनी पेठें हितार्थपणुं छे, अने सर्व राज्यनुं अधिकारिपणुं ते मंत्रीने हाथें सोंपेलुं छे. ते चक्रीराजा पोताना जीव समान एनेज जाणे छे. एम अत्यंत स्नेह छे. एकदा राजा तथा प्रधान हर्षवंत थया थका विचरे छे, तेवामां एक वातनी बेहु जणने चिंता उपनी, ते केवी रीतें? के जे आपण बेहुने मांहो मांहे अत्यंत स्नेह छे, ते शुं पूर्व भवनो हशे! के आज भवनो! कारण के आ भवमां स्वामी सेवकनो स्नेह एवी रीतें कोइनो जोयो नथी? एतो कोइ पाछला भवनी प्रीति दीसे छे, माटे कोइक ज्ञानी पुरुष मले तो आ वातनो संदेह टालीयें. एवो विचार करे छे. एटलामां सुप्रभनामा तीर्थंकर तेज नगरीनी बाहार उद्यानमां आवी समोसस्था. छत्रत्रय बिराजमान, भामंमल केवलज्ञाने करी टाल्या छे अंधकार जेणे एवा अने जेनी आगलें धर्मचक्र चाले छे, सिंहासन, चामर, आठ माहाप्रातिहारें सहित देव डुंदभिने नादें करी जगत्गुरु नव कंचनना कमलें करी विहार करता बहुमुनि परिवारशुं परिवस्था. दिव्य समोवसरणे आवी समोसस्था. भव्य जीवने प्रतिबोध देता एवा प्रभु आव्यानी वधामणी ज्यारे आवी, त्यारें ते वधामणीयाने वस्त्र आभूषण आपी ने विसर्जन कस्यो. हवे राजा तथा प्रधान बेहु हर्षवंत थइ साडी बार क्रोड धननुं ठेकाणे ठेकाणे दान आपता सर्व परिवारशुं तथा चतुरंगी सेना सहित प्रभुनें वांदवा गया. त्यां प्रभुनां

प्रातिहार्य जोइने राजा तथा प्रधान बेहु खुशी थया. राजा पछी राजचिन्हो नो त्याग करी समवसरणमां जइ त्रण प्रदक्षिणा दइ हाथ जोडी उचित स्थानकें धर्म सांभळवा बेठा. ते पछी त्रिलोकीबंधु, करुणासिंधु, त्रिजगत्स्वामी एवा प्रभु, सर्व भाषावाळा जनोथी समजी शकाय एवी अने सुधारस समान, योजनगामिनी वाणीयें करी सर्वने समजाय, एवी रीतें शनैः शनैः देशनानो आरंभ करता हवा. ते जेम केः—जन्म, मृत्यु, जरा, ते रूप जेमां जळ भरेलुं छे, अने दुःख रूप जेमां आवर्त्तो छे, तेवा अगाध समुद्रने विषे पडेला एवा हे जीवो! तमोने पुण्यरूप नावमां बेसवानो यत्न करवो युक्त छे. वळी आ असार संसारसमुद्रने विषे दैवरूप धीवरें निर्माण करेली एवी दारुण दुःखदायक काळरूप माहाजाळ, वखत विनानी आवी पडे छे. माटे ते जाळ हजी सुधी आवी नथी, ते पहेलां जो नहीं चेतो तो तमो महादुःखने पामशो! वळी आ संसारांबुधिमां विषयरूप विषना लोभने विषे समग्र मनुष्यरूप मीनगण पडेलो छे, तेने पूर्वोक्त दैवरूप धीवर, आरडता एवा जीवोने बाहेर काढीने कर्मरूप कुगारथी छेदी नाखे छे. वळी जळजंतुने तो एम जाळनां दुःखो थायज कारण के तेनी स्थितिज जळमां छे, परंतु नवाइनी वात तो ए छे के गुणवान् तथा समुद्रमांथी तरी नीकळवाने समर्थ एवा पण आ संसारमां डूबी जाय छे, ते जेम केः—संपत्ति प्राप्त थवाने माटे यत्न करता एवा ज्ञानी प्राणीयो मनोरथ रूप वाहाण भांगवाथी ते संसार समुद्रनें विषे प्रत्युत दुःखीया थइ जाय छे. वळी ते संसारसमुद्रने विषे केटला एक कळावान् तरवामां पण प्रवहण जेवा प्राणीयो दुराग्रह जे एकांत पक्ष तेणें गळायेला छे अंग जेमनां एवा थका पाताळ पर्यंत डूबी जाय छे, केटलाएक वळी आ संसार समुद्रने तरीने कांठापर जाय छे, त्यांपण पाछा प्रमादरूप कचरामां मग्न थइ भांग्यां छे मन जेमनां एवाथका हेठा पडी जाय छे. माटे हे भव्यजनो! प्रबोध पामो! प्रबोध पामो!! भयंकर भोगोथी मोह न पामो! आळस रहित पणायें पुण्यरूप पोतें करी आ प्रकारना संसारसागरनुं उल्लंघन करी अत्यंत सुखोनो जेमां निवास छे, एवा मुक्ति नगरने तमो पामो. एवी रीतनी श्रीतीर्थंकर भगवाननी प्रकाशेली देशना सांभळी संवेग पामी राजा तथा प्रधान ए बेहु प्रभुने कहेवा लाग्या के हे स्वामिन्! धर्मनाव विना जे संसारसमुद्र तरवो, ते दुस्तर छे, शामा

टे ! जे पुत्र कलत्रादिकना स्नेहबंधनथी बंधाणा एवा अस्मदादिक जेवा जड जनो, जात्यंधनी पेठें साक्षात् हिताहित जाणता नथी. माटे हे प्रभो ! अमोयें तो हालमां आपना चरणप्रसादें करी कांइक यथार्थ स्वरूप जाण्युं छे, तो पण वली पाछुं जाणवाने इच्छियें छीयें के अमारे बेने मांहोमांहे अत्यंत स्नेह छे, ते स्नेहथवानुं कारण शुं हशे ? त्यारें प्रभुजीयें तेमना पूर्व भवनो संबंध धुरथी मांमीने तेमने कही संभलाववा मांम्यो. ते जेम केः—तमो सूडा सूडी पणे जिनपूजतां पुण्यफल उपार्ज्यां, जे पूजाथकी धर्मबीज आरोप्युं, तेना पुण्यनो तरु, वृद्धिने प्राप्त थयो, ते तमोने अंतें अवश्य सिद्धिफलनो लाभ आपशे. हवे राजा तथा प्रधाने प्रभुना मुखथी एवी वाणी सांभली के तुरत पूर्वलो भव दीठो. तेथी माहा संवेग पामी माहाव्रत लेवाने उजमाल थइ भावचारित्रिया थाता हवा॥ यतः— प्राज्यं राज्यं झटिति कुरजःपुंजवत् वर्जयित्वा, बन्धुस्नेहं निगडसदृशं तंतुवत् त्रोडयित्वा ॥ त्यक्त्वा स्त्रैणं तृणमिव रुदल्लोचनं दीनवक्त्रं, श्रामण्यं प्राक् सुकृतकलितौ तौ च सम्यक् प्रपन्नौ ॥ अर्थः— प्राज्य एवुं जे राज्य तेने शीघ्र रजःपुंजनी पेठें छांमीने, बंधुजननी जे निबिड स्नेहरूप बेडी तेने तंतुनी पेठें त्रोडीने, रुदन युक्त छे नेत्रो जेमां तेथी दीन थयेलुं एवुं स्त्रीनुं जे मुख तेने त्रण समान त्याग करीनें पूर्वकृत सुकृत कर्में करी युक्त राजा अने प्रधान ए बेहु जणे माहामहोत्सवें दीक्षा ग्रहण करी अने अंते मुक्तिपदने पाम्या. ए रीतें सुडा सुडीनी कथा संपूर्ण थइ. एम वस्तु तत्त्व अजाणते पण उघसंज्ञायें द्रव्यथी आदरवी. अर्थात् जिनपूजा भद्रकभावें करवी. जुवो ! ए बेहु जीवें द्रव्यस्तव कर्यो, तेथी ते बेहु जीव, सुखना हेतु थया. माटें जे ज्ञान पामी वीतरागनुं स्वरूप जाणी जे भावथी जिनपूजा करशे तेने इह लोकें तथा परलोकें सुखनां अने कल्याणनां कारण थाशे. ए कथा सांभली जेम दरिद्रीने धन पामवाथी हर्ष उपजे, तथा विद्याधर अभ्यासी विद्या पामे अने तेने जेम हर्ष उपजे, अथवा शूरवीर पुरुष, शत्रु जीती जेम हर्ष पामे, तेटलोज हर्ष देवसिंह कुंवरने जिनवाणी सांभलवाथी उपन्यो. वली मोर जेम मेघनी गर्जना सांभली हर्ष पामे, वियोगी प्राणीने जेम पोतानो इष्ट प्राणी मले ने हर्ष प्राप्त थाय, एम देवसिंह कुमार भार्या सहित धर्म पामीने हर्ष धरता हवा. पछी त्यांथी मुनिराजने वांदी पोताने

स्थानकें गया. पछी केटलाएक दिवस त्यां रहिने सदाकाल साधु सेवा, क्रिया, अनुष्ठानमांहे निपुण थाता हवा.

त्यार पछी एकदा ते देवसिंह कुमारने पोतानां मातापिता सांजरी आव्यां तेथी पोतें पोताना नगरजणी चाल्यो. ते वखत,वाजित्रे करी आकाशने बधिर करतो, अने सैन्यरजें करी दिशानें धूसरी करतो ज्यारें चाल्यो, त्यारें तेमने वलावा माटे ते नगरनां घणां लोको आव्यां. त्यार पछी ते सहु दान, मान, सुवाही दृष्टि, तेणें करी कुंवरनें संतोष पमाडीने पाछा वल्या. परंतु तेउनी दृष्टि तो वारं वार ते कुंवरनी पछवाडेज लागी रही एम करतां ज्यारें पोताना नगरनी सीममां आव्या. त्यारें पोतानी स्त्रीने ग्राम, पुर, आराम देखाडतां मार्गे मांमलिक राजाना घणा मानथी जेटणां लेतो, घणाक पालाना पल्लिपतियोनी पासें आणा मनावतो पर्वत, नदी, वाव प्रमुखें क्रीडा करतो, ग्राम नगर उद्याने ज्यां जिननां चैत्य छे, त्यां पूजा करतो,सर्व दुःखी प्राणीने दयाथी दान देतो, पोतानी मथुरा नामा नगरीयें पहोच्यो. त्यारें मेघरथ नामा पोताना पिताने वधामणी पहोंची के तमारो पुत्र देवसिंह कुंवर स्त्री तथा धन सहित नगर बाहेर आवेलो छे. ते सांजली पिता घणा आमंबरथी सामो आव्यो. पछी माहा महोत्सवें करी सहुयें नगरमां प्रवेश कीधो. पिता, पुत्र तथा कुटुंब सर्वे मल्यां, परम प्रमोद पाम्यां. पछी ते पूर्व जवनां उपार्ज्यां जे समग्र पुण्य तेना योगें करी स्वर्ग समान सुखजोगने जोगवतो दानादिक देतो थको विचरे छे. एवे समयें मेघराजायें सुपुत्र देवसिंहने राज्ययोग्य जाणी तथा पोतानो पण वृद्धावस्थानो समय जाणी सर्व राज्य छोडी दई साधु पासें दीक्षा लेई सकल कर्म खपावी केवल ज्ञान पामी मोक्ष नगरप्रत्यें गमन कर्युं.

हवे देवसिंह कुमारे पण संग्राम कीधा विना पोताना तेजपराक्रमने प्रतापें दुर्दंत जे नृपतियो हता, ते सर्वेने नमावी पोतानी आज्ञामां राख्या. अने ते देवसिंह राजा अत्यंत न्यायवान् थयो, तेणे करी त्यांनी प्रजाने ते राजा अत्यंत प्रिय लागतो हवो. एकदा राजा प्रजातें जाग्यो थको हृदयमां बे प्रकारें चिंतववा लाग्यो के जे राजाउयें राज्यलक्ष्मीने तृणवत् छांमीने प्रवर्ज्या लीधी, तेउने धन्य छे. अने हुं जाणुं छुं, ते छतां पण कांइ व्रतनो उद्यम करतो नथी अने प्रमादमांहे खुचीज रह्यो छुं. महा

मोहने विलासें विलसतो एवो जे काल, तेने हुं निष्फल गमावुं बुं अनिला पारूप पिशाचीये मुजने अत्यंत ग्रह्यो बे. अरहुं परहुं न्नमतुं मारुं मन, ते धत्तुरासमान जे विषयन्नोग तेमांहे रति मानी रह्युं बे. वलीवक्र एवा कामरूप किरातें मारा विवेकरूप रत्नने चोरी लीधुं बे, शुद्धन्नावना रूपिणी जे लक्ष्मी तेणे मारा इंडियरूपीया चोर लूंटी लीधेला बे. जिनोक्त वच नरूप पटह वाजे बे, तेथी घणाक प्रवीण प्राणीयो होय बे, ते जागे बे. अहो!!! हुं अचेतन थइ मोहनिड्रामां सूइ रह्यो बुं, तेथी केमे करी जा गृत थतो नथी! माहादुष्ट मोहरूपियो शत्रु महोटा प्रयासें प्राप्त थयेला मारा चारित्रने ग्रहण करे बे. अने पाबो ते मोहने केम जीतवो ते पण मंदबुद्धिवालो हुं कांइ जाणी शकतो नथी! अरे! असार संसारमां आसक्त एवा माराथी ए महाप्रबल मोह केम जीताशे! एम ते मनमां दुःख करे बे. त्यार पबी ते देवसिंहकुमार, निश्चयात्मिक बुद्धि करीने कहे बे के हा! ते मोह जीतवानो उपाय तो पूर्वाचार्यें न्नावस्तवें तथा ड्व्यस्तवें कह्यो बे. एम निश्चय धारी प्रन्नातने विषे राजायें उत्तम न्नूमि शोधीने ते ठेकाणे केटलाएक प्रा साद करावववानें अर्थें सूत्रधारो तेडाव्या, केटलांएक बिंब करावववाने वास्ते शलाट कारीगरोने तेडाव्यो, अने उतावलथी तेणें थोडा वखतमां जिनप्रा साद तैयार कराव्या. अने तेमां जिनबिंबनी स्थापना करावी. हवे ते जिन प्रासादनुं आंगणुं जे बे, ते नीलरत्ननी शिलायें करी बांध्युं बे. मणिने खंन्ने करी मंमित कीधुं बे, ते उपरथी आकाशज जाणे आंगणे आव्युं होय नहीं! एवी रचना कीधी. स्फटिकना थांन्नलापर मणिरत्ननी पूतलीयो कीधी बे, ते केवी बे? तो के आकाशथकी साक्षात् विद्याधरीयोज जाणे उतरीने आवीयो होय नहीं? स्फटिक स्तंन्न कुंन्नीयो सारीरीतें न्नरावी बे, तेणे करी, शोन्नाय मान उंचा बे शिखर जेमनां एवा स्फटिकस्तंन्नो ते केवा शोन्ने बे के जाणे हिमाचलना टुकोज अहिंयां विश्राम लेवाने आव्यां होय नहिं! अने जाणे देवतानां विमानज इहां आव्यां होय नहिं! एवां जिन प्रासाद क राव्यां, वली ते जिन प्रासादना शिखर उपर श्वेत ध्वजाना आटोप लटक ता बे. तेवा प्रासादनी तुंगतानी चंगतानां आकर्ष्या लोको नित्य जिनप्रा सादनेज जोइ रहे बे. एवी रीतना जिनप्रासाद तथा जिनबिंबना करता एवा सलाटोने सन्मान दानथी संतोष्या. हवे बत्र, सिंहासन, चामर, तेणे

सहित मणिमय, अरिहंतना बिंब नराव्यां. तथा आचार्य पासें जिन बिंबनी प्रतिष्ठा पण करावी. ते पछी ते देवसिंह राजा तथा तेनी राणी जिनपूजादि कृत्य निरंतर करे छे, अने तेथी पोताना पातकरूप पंकने पखाले छे, जिनबिंब पासें लज्जा त्याग करी नाचे छे, वाजिंत्रना निर्घोष वजावे छे, ते केवां लागे छे के किन्नर तथा किन्नरीज जाणे रंगित गान प्रमुख करतां होय नहिं ? एम नर नारी जिन गुण गीत गाय छे. त्यार पछी तेणें रथ यात्रादि शुन कार्य कीधां, स्नान महोत्सवादिक कार्य कीधां, उजमणादि संघनक्ति वगेरे शुन कार्य कर्यां. तदनंतर देवसिंह महा पूजा अर्चावे. तेमांहे योगीन्द्रनी पेरे लयमान पामे, महोटां दान सुपात्रें आपे, शिव संपदामां लय पामे, वधते परिणामें जिननक्ति उपर दानादि कार्यें धन खरचतो तेणे समकित सहित निर्मल कार्य कीधां, नक्ति प्रनावनायें युक्त थयो थको जिन साधुनी जिनालयनी परिपूर्ण नक्ति करतो हवो. तेम करतां ते देशमांहे पण घणा प्राणीयो जिन नक्तिवंत थाता हवा. एम श्रावक धर्म घणा काल पर्यंत पालीने वृद्धावस्थायें ते देवसिंह राजा चिंतववा लाग्यो के हवे गृहस्थ धर्मनुं फलनूत जे साधुपणुं छे, तेज आदरवुं मुने उचित छे. पण शो उपाय करुं? महारो पुत्र जे छे, ते बालक छे, ते माटे राज्य तजी दीक्षा तो लइ शकुं नहीं. परंतु हुं एने बालपणेज राज्यें तो स्थापुं, अने हुं हलवे हलवे राज्य कारनारथी निर्व्यापार थाउं, अने ज्यां सुधी ए पुत्र, राज्य कारनार वहननुं सामर्थ्य पामे त्यां सुधी जो मारुं शरीर सशक्त रहे तो हुं दीक्षा ग्रहण करुं ! अने आत्म साधन करुं ! एम चिंतवी तुरत प्रधान प्रमुख तेडी पोताना नरसिंह कुंवरने तेडीने राज्य गादीपर स्थापन कीधो, त्यार पछी ते श्रावकना बार व्रतनी क्रियामां तत्पर थया. राजा पछी देशविरतिपणुं शुननावें आराधे छे. चारित्र लइ शक्या नहि, तोपण विविध प्रधान तपें करी काया शोषवी, नाव चारित्रपणुं नावतां अंतकालें एकमासनुं अणसण आराधी शुनदिनें काल करी ते देवसिंह राजा, सातमे देवलोकें सत्तर सागरना आयुष्यवाला देवतापणे जइ उपन्यो, त्यार पछी राणी पण श्रावक धर्म आराधी तपें करी क्षीणदेह करी अणसण आराधी अंते शुनध्यानें काल करी सातमा देवलोकें सत्तर सागरोपमनी आयुष्य वाला देवतापणे जइ उपन्यां, यतः– एकत्र तत्र

प्रवरे विमाने, तौ द्वौ च देवौ परमर्द्धियुक्तौ ॥ जातौ मरुत्कोटिनतौ तदायुः, सप्ताधिका वै दश सागराणि ॥ अर्थः- एकज उत्तम विमानमांहे बे देवतानुं परमर्द्धिपणुं पाम्यां, तिहां सुरकोडीनां पूजनीय थयां. एम देव सिंह राजा श्रमणोपासक धर्म आराधी स्वर्गे गया.

एम पृथ्वीचंद्रना चरित्रने विषे लब्धिअंक एवे नामे त्रीजो सर्ग संपूर्ण थयो ॥३॥ इति पृथ्वीचंद्र ने गुणसागरना पट्भवनो संबंध समाप्त थयो ॥

॥ अथ ॥

## ॥ चतुर्थ सर्गस्य बालवबोधः प्रारभ्यते ॥

हवे सातमा भवने विषे सातमा शुक्रदेवलोकमां सुखमय एवुं संपूर्ण आयुष्य भोगवी तिहांथी देवता थयेलो राजानो जे जीव, ते प्रथम च्यवि ने ज्यां उपन्यो, तेनी यथार्थ कथा कहियें ठयें. तेने एक चित्त राखीने हे भव्यजनो! तमो सांभलो.

एहिज जंबुद्वीपमां पूर्वमाहाविदेह क्षेत्र ठे. जे क्षेत्रने विषे संदेहना निवारक एवा तीर्थंकरो विचरे ठे. ते विदेहने विषे सारा सुखरूप जे वृक्ष, तेहना कच्छसमान सुकच्छ नामा विजयंत ठे तेने विषे पूर्वे इंद्रपुरी समान अयोध्या नामा नगरी ठे, तेमां मेघनी परें वरसे एहवा दातार, धर्मवंत, धनवंत, जयवंत, पंडित एवां घणांक लोको वसे ठे. वली ज्यां जिनप्रासादने विषे नाटक पूजाने अवसरें वागतां एवा जे मृदंगो, तेना गर्जारवनो ध्वनि सांभलीने सुखीया थया जे श्रावकरूप मयूरो, ते सदा नाच कस्या करे ठे. तथा वली जे नगरीने विषे राजकुमारो जे घोडा दोडावे ठे, तेहनी रज आकाश पर्यंत उडे ठे. जे नगरीना चतुष्कोने, जेना गंडस्थलमांथी मद फरे ठे, एवा हस्तीउ पोताना मदथी सींचे ठे. ते सुप्रशस्य एवी नगरीने विषे शुद्ध कर्पूर समान पोतानी कीर्तियें करी वासित कस्या ठे देश जेणे एवो विमलकीर्तिनामा राजा राज्य करे ठे. वली ते राजा केहवो ठे? तोके बलीया एवा वैरीने बंधन करवानुं सार ठे जेने विषे, तथा सुदर्शन जे समकित दर्शन तेनो धारण करनारो ठे, वली जेणे लक्ष्मी तो विष्णुनी पेठें वशज करेली ठे. हवे ते राजाने प्रियमती नामें पट्टराणी ठे, ते रूपें करी रंभा जेवी ठे अर्थात् इंद्राणी सरखी ठे. तेहनी कुखें देवसिंह राजानो

जीव देवतापणाथी च्यवीने जेम रोहणाचल पर्वतनी गुफामांथी महर्घ्य माणिक्य उत्पन्न थाय, तेम ते राणीने उदरें पुत्रपणे आवीने उपजतो हवो. जेवारें ते उदर आव्यो, तेवारें त्यां प्रियमती राणीयें सुतां थकांस्वप्नने विषे दिव्य मनोहर एवो देवतानो रथ दीठो, अने ते देवतानो रथ देखी जागीने पोताना नर्तारने स्वप्ननी वात सर्व कही, ते सांजली राजायें कह्युं के हे स्त्रि! आपणने उत्तम पुत्रनी प्राप्ति थाशे? एवुं सांजली राणी हर्षवंत थइ थकी गर्जनुं प्रतिपालन करवा लागी. पछी पूर्णमासें मध्यरात्रिने समयें देवकुमार सरखा दीप्तिमान् पुत्रनो ते प्रियमती राणी थकी प्रसव थयो. तेवारें दासीयें राजाने वधामणी आपी, त्यारें घणां गीत गान गवराव्यां, नटुवा नचाव्या, घणां दान दीधां, स्वजनने घणां आदरमान दीधां. एम दश दिवस सुधी पुत्रजन्मनो महोत्सव कीधो, अगीयारमे दिवसें राणी पवित्र थइ. पछी बारमे दिवसें सर्व कुटुंब परिवारने जमाडी, सर्व वडेराउने आदरथी तेडी पूछीने राणीयें जे स्वप्नमां देवतानो रथ दीठो हतो, तेने अनुसारें कुंवरनुं नाम देवरथ एहवुं पाड्युं.

हवे ते कुंवर पद्मकमलने विकस्वर करे, अने सूर्यनां पण तेजने हणे. एम निष्कलंक चंद्रमा समान कलायें करी वधतो हवो. पछी पोतानी इछायें नगरने विषे विचरतो, हस्तीनी पेरें शोजतो, अमान दानने देतो थको नगरनां लोकरूप जे च्रमर तेणे करी सुशोजित छे, वली ते कुंवर केहवो छे? तो के सौम्य, शीतल, सरल प्रकृतिवालो, निःकषाय, संतोषी, स्वजन वत्सल तथा गुणी छे. जे कुंवर यौवनावस्था पाम्यो छे, ते छतां पण विषयथकी विरक्त अने संसारी वार्ता, कथा, विनोद, तेथी रहित छे, परोपकार करवाने विषे म्हाह्यो छे. माता पिताने हर्ष उपजावे तेवो छे, यौवनावस्था पाम्यो छे तो पण तेनी तत्त्वदृष्टिथी धर्ममांज रुचि छे. हवे एहवे समयें तेहिज विजयने विषे षट्दर्शन वाला जनोथी व्याप्त तथा पृथ्वीरूप स्त्रीना कपालमां तिलक समान एवुं सुप्रतिष्ठित नामें नगर छे, ते नगरमां कुलवान् तथा महोटा स्कंधवालो, रूडा फलनो उदय छे जेमने एवा कल्पवृक्ष जेवो रवितेज नामा राजा राज्य करे छे. त्यां अशोक वृक्षना पत्र सरखा हाथ पगनां तलीयां छे जेमना वली जाणे के साक्षात् वसंत लक्ष्मीज होय नहीं? तेवी वसंतराणी नामें ते राजानी राणी छे. हवे

ते देवसिंहनी स्त्रीनो जीव, जे सातमा देवलोकमां देवता थयो हतो ते त्यांथी चवीने कर्मना वशथी ते वसंतदेवी राणीने कुखें पुत्री पणे आवी उपन्यो. त्यारें राणीयें रत्ननीमाला स्वप्नामां दीठी, पछी ते राणीये गर्भ प्रतिपालना करतां थकां पूर्णमासें शुभयोगें पुत्रीनो जन्म आप्यो, त्यारें पितायें जन्म स्थिति नो महोत्सव करी संपदानुसारें ते कन्यानुं रत्नावली एहवुं नाम पाड्युं. ते रत्नावली अनुक्रमें महोटी थइ ने चोशठ कलानी तथा बीजा घणा एक विज्ञानर्नां विज्ञात थइ. जेवारें यौवनावस्था पामी, तेवारें अति मनो हर थइ. तेविषे कवि उत्प्रेक्षा करे छे ॥ यतः—वक्त्रं पूर्णशशी सुधाधरलता, दंता मणिश्रेणयः, कांतिःश्रीर्गमनं गजः परिमलस्ते पारिजातादयः ॥ वाणी कामदुघा कटाक्षविशिखास्ते कालकूटं विषं, तत्किं चंद्रमुखि त्वदर्थं ममरैरामंथि दुग्धोदधिः ॥ अर्थः— ते कन्यानुं पूर्णचंद्रवत् मुख, अमृत समान अधर, मणि श्रेणि तुल्य दांतो, लक्ष्मी सदृशकांति, ऐरावत हाथी समान गमन, शरीरनो परिमल पारिजात वृक्ष समान, वाणी कामदुघा सरखी, कटाक्षविशिखा कालकूट विष तुल्य छे, माटे हे चंद्रमुखि ! शुं तारे माटेज देवताउयें आ दुग्धोदधि मंथन करेलो छे ? अर्थात् देवोने दुग्धोदधि मंथननुं कारण चौद रत्न उत्पन्न करवां तेज छे, तो ते चउदे रत्न हे कन्ये ? तारा शरीरमांज छे, माटे तारे माटेज देवोयें दुग्धोदधिनुं मंथन करेलुं हशे शुं ? ए कविनी उत्प्रेक्षा छे.

हवे रवितेज राजाना शिक्षाव्रत नामा प्रधाननो विबुधनामें पुत्र विमल कीर्ति राजाना पुत्र देवरथनुं वृत्तांत सांभली एकदम अयोध्यानगरीयें आव्यो. त्यां राजदरबारमां जइ राजाने हाथ जोडी प्रणाम करी कहेवा लाग्यो के हे विमलकीर्त्ति राजा ! सुप्रतिष्ठ नगरना रवितेज नामा राजायें विनति पूर्वक आपने कहेवराव्युं छे जे आपनो देवरथ नामा कुंमार छे, ते साक्षात देवरथज छे, तेनी अने देवना रथनी तुल्यता छे. जेम देवरथ अव्याहतगति छे तेम आपनो पुत्र पण अव्याहतगति छे. जेम देवरथ, विगेरेयें रेखायें करी युक्त छे तेम तमारो पुत्र चक्ररेखा वगेरेना गुणोयें करीयुक्त छे, देवरथ जेम गुण जे दोरडी तेणे करी युक्त छे तेम कुमार पण सदा औदार्यादिक गुणोयें करी सहित छे, देवरथ जेम सुमन जे पुष्पो, तेथी आछादित छे तेम कुमार पण सुमन जे रूडामन तेथी युक्त छे. अर्थात् पंडित छे.

माटे देवरथ एवुं जे तमारा पुत्रनुं नाम छे, ते वास्तविकज छे. हवे ते देवरथें जेम आपणे ध्वजा जोडीयें, तो ते शोभे, तेम आ तमारा देवरथ नामा कुमारने पण रवितेज नामक राजानी कन्यारूप ध्वजा जो जोडीयें,तो ते पण अत्यंत शोभे. हवे कन्यानुं अने ध्वजानुं कवि सरखापणुं कहे छे. ते जेम केः—हवे ते ध्वजा छे, ते चल छे, अने कुमारिका छे, ते अचल छे, एटलोज कुंवरीमां अने ध्वजामां फेर छे, वली देवरथने ध्वजा, भले वर्णें तथा भले गुणें एटले सारा दोरडाथी बांधेली छे,तेम कन्या पण सारा वर्णें अने गुणे करी युक्त छे. माटे सर्वरीतें सरखी एवी ते कन्या परणवी कोने न रुचे? वली ते देवरथने कन्या आपवाथी तमारा बेहुनां एकचित्त थाशे, तथा तमो बेहु जण संबंधी थाशो, तो महोटी आश्चर्य जेवी वात थाशे.

हवे ते पूर्वोक्त कन्याने परणाववा माटे ते रवितेज राजायें महोटो स्वयंवरमंडप कराव्यो छे. त्यां महोटा महोटा राजवीरो आवनारा छे. कदाचित् जो तमारो देवरथ पुत्र, कन्याने वरवाने न इछतो होय, तो पण तेने त्यां आववुं तो उचितज छे. अने राजायें पण केवराव्युं छे के जो ए तमारा पुत्र देवरथनुं अने मारी कन्यानुं लग्न थाशे, तो आगल जातां आपण बेहुनें महोटो आनंद थाशे? आवुं रवितेज राजानुं कहेलुं वचन, प्रधानना मुखथी सांभली, बुद्धिमान् एवो विमलकीर्त्ति राजा पोताना विज्ञातपुत्र देवरथने एकांतमां बेसाडी कहे छे. के हे पुत्र! तुं त्यां स्वयंवर मंडपमां जा. कारण के तिहां घणा राजकुमारो मलवाना छे, तेउना पुण्यत्वापुण्यत्वना निर्णय करवा माटे रवितेज राजायें स्वयंवर मंडप रचाव्यो छे. वली हे पुत्र! त्यां कन्यानी इछाथी वरेला वर विना बीजा राजकुमारो पण आव्या हशे, तेमनुं ते रवितेज राजा कांही पण अपमान करशे नहिं. अर्थात् ते कन्याने वरनारनुं तथा बीजा राजकुमारोनुं सरखुंज मान राखशे, माटे तैयारी करी हे वत्स! तमो ते नगरप्रत्यें जाउ.

एहवुं पितानुं वचन सांभली पितानी आज्ञायें चातुर्यथी त्यां जवुं कबूल कर्युं. पछी तिहांथी भले दिवसें अति चपल चतुर घोडाउ तथा मदोत्कटपणाथी नाचती एवी हस्तीयोनी घटाउ, चक्रोना चित्कारथी संभ्रांत लोकोयें देखाता सारा रथो, विविध एवा आयुधोना संबंधथी व्यग्र अने चालता एवा पायको, प्रयाणने योग्य एवा वाजित्रोना शब्दो, ते सर्वेनी

साथें देवरथ नामा कुमार, मदोन्मत्त हाथी उपर आरूढ थइ चाल्यो. जे वखत ते कुमार हाथीपर बेसी चाल्यो, ते वखत माथे छत्र धारण कर्युं, अने चामरो पण विंजावा मांड्यां, एम म्होटे मंडाणे अने शोभते सैन्यें ते कुंवर पोताना नगरथी बाहेर निकल्यो, पछी रस्तामां चालतां ग्राम, नगर, पुर, उद्यान,प्रमुख जे जे आव्यां, तेने उल्लंघतो थको एक वनमां आवी पहोंच्यो, त्यां वनमां चालतां छिन्नपक्ष पंखीनी पठें भूमिमां पडेलो, तडफडियां मारतो, उडवा जाय छे खरो, पण पाछो पडी जाय छे तेवा, दीनवदनवालो युवावस्थावालो, रूपवालो, विद्याथी भ्रष्ट थयेलो एवा कोईएक विद्याधरने दीठो, तेह्वा विद्याधरने जोइ आगल आवी दयालु एवा देवरथ कुमारें तेने पूछ्युं के हे महाभाग! आहिं तुं क्यांथी आवेलो छो? अने शामाटे आवा दुःखने प्राप्त थयो छो? तेवां राजकुमारनां वचन सांभली विद्याधर कहे छे के हे राजकुमार! तमो पांथिक छो,तेथी आपने धारेला गामें जवानें त्वरित जिगमिषा हशे खरी? तो पण कृपा करी आप जो थोडी वार आहिं मारी पासें उभा रहो, तो हुं माहारा वीतेला दुःखनी सर्वे वात तमोने कहुं, ते तमें सांभलो. एवां वचन सांभली दयाशील एवो कुमार,तिहां उभो रह्यो, एटले विद्याधरें सर्व पोतानी बनेली वात कहेवा मांडी के हे कुंवर! वैताढ्य नामा पर्वतने विषे कुंडलनामें नगर छे, तिहां श्रीध्वज नामा विद्याधरनो राजा राज्य करे छे, तेहनो पुत्र हुं चंडगतिनामा विद्याधर छुं. पोतानी वंश परंपरायें पिताथी पाम्यो जे विद्या, तेणे करी स्वेछायें हुं क्रीडा करतो एकदा वैताढ्यनी मेखलायें गयो. त्यां में कोइ एक नारीसमुदायनो हाहारव तथा कोलाहल शब्द सांभल्यो, ते सांभलतां वेंतज हुं त्यां गयो, त्यां जइ जोयुं,तेवामां तो घणी सखीयो जेने वस्त्रांचलें करी समीर नाखे छे,एवी सुरकन्या समान एक बालक स्त्री पोतानी आंख्यो मींची अचेतन थइ सूती पडेली हती ते में दीठी.

तेवारें मुने सर्वे सखियोयें कह्युं के हे उत्तम पुरुष! जलदी अत्रे आवो, कारण के ए गंधर्वराजानी बेटीने महान आशीविषें एटले सर्पें डशेली छे, माटे दयालु एवा तमो तेने प्राणनुं दान आपो. ते सांभली में विचार्युं जे हवे तेने हुं केवी रीतें जीवाडुं? तेवामां मारी दृष्टि ते कन्याना डाबा हाथपर पडी, त्यां तेना डाबा हाथने विषे विंटी छे, ते जोइ, अने

त्यां जइने में विचार्युं जे ते वींटीमां मणि छे, माटे तेने जलमां नाखी ते जल जो छांटुं तथा ते जल सींचुं, तो तेथी आ कन्या जीवती थाय ? एम विचारीने पूर्वोक्त रीतें जल, मणिसाथें मेलवीने छांटयुं, तथा ते जल सर्पदंश उपर पण सींच्युं तेथी ते कन्या तुरत हुशीयार थइ बेठी थइ. ने मुने जोवा लागी. जोइने लज्जा आणी पोताना वस्त्रें करी शरीर सर्व ढांकी निसासो मूकी सखीयोने पूछवा लागी के हे सखीयो ! तमो अश्रुयुक्त मुखवाली यो छतां हसो केम छो ? तथा आ कामदेव समान पुरुष कोण छे ? तेवारें सखीयोयें कह्युं के हे बेहेन ! तमने तो सर्पदंश थयो हतो तेथी काष्ठवत् थइ गयां हतां, तो ते सर्पनुं विष, आ मदनावतार पुरुषें हस्तगत मुद्रिका रत्नजलना सिंचनथी नाश कर्युं अने तमोने जीवतां कर्यां ? तो अमो पण प्रथम तमोने सर्पदंश थयो तेथी तमारा जीववानी आशा छोडी द इने शोकाक्रांत थइ रुदन करतीयो हती, तेवामां आ परोपकारी पुरुषें आवी आपने जीवतां कर्यां तेनो हर्ष थवाथी अमो हसवा लागीयो छैयें. अर्थात् तमो मरणशरण थयां एवुं जाणी अश्रुयुक्त मुखवालीयो हतीयो अने पाछां तमो जीवतां थयां माटे हसितवदन अमो थइयो छैयें.

आ सर्व हकिगत सखीयोना मुखथी सांजलीने ते कन्या विस्मय पामी. अने सरागदृष्टिथी मारी सामुं जोइने कहेवा लागी के, हे सखि ! मारी मुद्रिका क्यां गइ ? तेवारें सखियोयें कह्युं के ते मुद्रिका आ पुण्य पुरुषें ग्रहण करी तमोने जीवाडेलां छे. एवुं वचन सांजली ते वखत कृतज्ञपणाथी तथा प्रत्युपकारनी वांछायें करी लज्जाथी कामरसेंथी को इक एवा अनिर्वचनीय रसने अनुजवती हवी.

तेवा अवसरने विषे चोपदारना मुखथी ते बनेलुं सर्व वृत्तांत सांजलीने ते कन्यानो पिता जे गांधर्व राजा ते त्यां आवीने चाकरना मुखथी मने श्री ध्वज राजानो आ पुत्र छे, एम मानीने कहेवा लाग्यो के हे वदान्य ! मारी पुत्रीने प्राणदान देवाथी तमो अमोने माननीय छो. आ पुत्री आपवाथी पण तमारो उपकार वालवाने हुं समर्थ नथी. माटे आ कन्यानी मुद्रिका ले वाथी पूर्वें लग्न तो थइज रह्युं छे तथापि अमारा मनने आनंद देवा माटे तमो आ कन्यानुं पाणिग्रहण करो. तेवारें मे कह्युं जे जेम आप आज्ञा करो छो, ते करवुंज मने घटे छे.

ते पछी मह्होटा आडंबरथी में ते कन्यासाथें मारो विवाह कस्यो. अने ते कांतासाथें भोग भोगवतां मने घणोक काळ व्यतीत थयो. हाळमां दक्षिण समुद्र तटना उद्यानने विषे क्रीडा करीने निवृत्त थयेला एवा मनथी रस्तामां चालतां मारी फइनो पुत्र सुमेधा नामा विद्याधर मने मळ्यो, ते मने स्त्रीस हित जोता वेंत अत्यंत क्रोधायमान थयो थको कहेवा लाग्यो जे हे दुष्ट चेष्ट ! पापिष्ट !! मारे माटे मागेली एवी आ कन्याने लइने तुं मारी नजरें टकीश ! हुं जोउं तारुं बळ जोये केवुंक छे ? अने तेनुं फळ हुं तुने देखाडुं छुं ! एम कहीने स्पर्द्धाथी मारी सामो युद्ध करवा बद्धपरिकर थइ उनो रह्यो. में पण मारा सामर्थ्यपणे युद्ध करवा मांड्युं. परंतु दैवयोगें करी व्यग्रपणाथी विद्यानुं एक पद मुने विस्मृत थइ गयुं. तेथी हुं उपरथी ध सीने तत्काळ नीचें पडी गयो. तेवामां तो पांगळानीज जाणे स्त्री लइ जाय, तेम मारी स्त्रीनुं हरण करी कागडानी पठें ते नाशी गयो. ए प्र माणें में मारी वार्त्ता सर्व कही संनळावी.

ते पछी दयाळु तथा परदुःखें करी दुःखित अने उपकार करवा माटें व्याकुळ एवा कुमारें विचार्युं के मारी शक्ति प्रमाणें एनो हुं उपकार करुं ? एम विचारीने तेणे विद्याधरने कह्युं के तमारा जेवानो उपकार करवामां अमें ते शुं समर्थ थइयें ? अर्थात् तम जेवानो उपकार अमाराथी शुं बने ? तो पण जो ते विद्याथी कल्प थाय, तो मारी पासें तमो बोलो. तारें चंद्रगती नामा विद्याधरें विचार्युं जे निश्चें आ महापुरुषथी मारी कार्यसिद्धि थाशे. पछी ते विद्याधरें ध्यानमां लावी जेटली विद्या पोताने उपस्थित हति तेटली नण्यो, त्यारें पदानुसारिणी लब्धियकी ए देवर थकुमारें आगळनुं विस्मृत थयेलुं जे पद हतुं ते तुरत कह्युं अने पूछ्युं के शुं तमें जे विसरी गयेला हता ते आज पद हतुं ? तेवारें विद्याधरें कह्युं के हे राजन् ! आपें जे वाक्य कह्युं, तेज मने विस्मृत थयुं हतुं. हवे मुने आपना कहेवाथी याद आव्युं. तेवी रीतें कुमारना प्रतापें करी विद्या प्राप्त थवाथी हर्षाश्रुना बिंदुथी नींजाइ गया छे नेत्र जेनां एवो ते विद्याधर कहेतो हवो के निश्चें आप जेवा आर्यपुरुषना संगथी मारी का र्यसिद्धि थइ. तेथी हे मित्र ! आपनां दर्शनथी अत्यंत हुं संतुष्ट थयो छुं, पण हाळमां आपनो काळक्षेप थाय छे, ते सहन थइ शकतो नथी, तो पण हे

मित्र ! हुं तमारा गुणनो उशिंगण शी रीते थाउं ? माटे हे वयस्य ! मारी पासें थी विद्या ल्यो अने ते विद्या जणी मुने जेवारें संजारशो के तुरत हुं आवीश अने रूपांतर थाशे इच्छितवस्तु आपशे एवी वैक्रियलब्धिनामा विद्या तमोने आपुं बुं ते ग्रहण करो. अने मारी आपेली विद्याना मिषें करी संजारी दीधी बे विद्या जेने एवो हुं पण कांइक आपी कृतार्थ थाउं ? एम ए विद्याधरना मधुर आलाप थी देवरथ कुमार विद्याने ग्रहण करतो हवो. पढी ते चंद्रगति नामा विद्याधर पोतानी स्त्री हरण करीने लइ गयेला सुमेधा नामा विद्याधरनी पठवाडे दोड्यो.

हवे ते विद्याधरनी आपदाने मटाडवे करी हर्षित थयेलो देवरथ कुमार, आगल चालतां चालतां, जेमां घणाक राजकुमरो आवेला बे, एवा सुप्रतिष्ठनामा पुरने विषे पहोंच्यो. पढी त्यां रवितेज राजायें बहु मान पुरःसर सुंदर मंदिरने विषे ते देवरथ कुमारने उतारो आप्यो. त्यार पढी ते विविधप्रकारना आश्चर्यनो बे आमंबर जेमां एवो अने उंचा एवा मणिस्तंजें करी बनावेला प्रासादनी श्रेणीयोयें करी सुशोभित, मोतीना जेने कांधीयो बे एवा मणिना तोरणोयें करी शोजायमान, बांधेला बे रेशमी चंद्रवा जेने विषे तथा अनेक आश्चर्यना जोवाथी व्यग्र अने उन्मुख बे लोकनो समूह जेने विषे तथा नाचती एवी वारांगनाउयें करी मनोहर, बोलता एवा नानाप्रकारना यंत्रपङ्क्तियोथी उत्पन्न थयुं बे आश्चर्य जेने विषे एवो स्वयंवर मंमप, रवितेज राजाना हुकमथी सारा कारीगरोयें ते नगरने विषे बनाव्यो.

हवे ते पढी प्रजातने समयें राजानी आज्ञायें करी कोटवालें पटह वगडाव्यो जे परिवार सहित अहीं आवेला राजकुमारोयें त्वरित स्वयंवर मंमपमां आववुं. ते सांजलीने कस्या बे शृंगार जेमणे अने सारां उत्तम वस्त्रोयें परिवृत थका पोतपोताना परिवार सहित विविधदेशना कुंवरो त्यां आववा लाग्या. हवे देवरथ कुमार मनमां विचारवा लाग्यो जे जूषण वगेरे बे ते दूषण रूप बे. कारण के पोताना पुण्य अने अपुण्यना हेतुयें करी कन्यानुं वरवुं थाशे, परंतु कांइ जूषणादिथी थवानुं नथी. अने एमां हर्ष शोक करवानुं पण कांइ कारण नथी. कोइ पण एक पुण्यपुरुषने ते कन्यानो लाज थशे तेथी तेना पुण्यव्रतनी परीक्षा थाशे. अने जे पुण्य रहित जनो होय तेनो तो पराजव थायज बे. तेमाटे मारा पुण्यना निर्णय माटे कांइक हुं मारुं रूपांतर

करुं ! एम विचारीने पोताना मित्र विद्याधरें आपेली विद्यायें करी कांइक पोतें कुरूपडो थइ हाथमां वीणा लइने पुरमां चालवा लाग्यो. चालतो चालतो स्वयंवर मंमपमां आव्यो. हवे त्यां स्वयंवर मंमप कहेवो छे? के तेमां प्रवेश करतां कोइक कुमारोने दरवाजे रोक्या, तेथी ते रुष्ट थइने पाछा जाय छे तेने जोइने कोइक उपहास करे छे. वली तेस्वयंवर मंमपने विषे उपरना छाजापर बेठेला वानरोयें हरण कर्यां छे शिरोवस्त्र जेनां एवा पुरुषो ज्यारें अरहुं परहुं जुवे छे ने कोइ खरो वस्त्रहर्त्ता उलखातो नथी तेवारें बीजा कुतूहली माणसो कोइक नलता माणसनुं नाम लइने उपहास करे छे. वली केटला एक तो त्यां स्वयंवर मंमपमां बांधेली स्फाटिक मणिनी पृथ्वीने विशे जाल सहित 'आ हद छे' तेवी भ्रांतिथी वस्त्रोने जींजावाना नयथी उंचां लइ चाले छे. एम विचित्र प्रकारो ते स्वयंवर मंमपमां थाय छे.. हवे कन्या वरवाने उत्सुक एवा राजकुमारो, त्यां प्रतिहारें बतावेला एवा मांचा उपर यथोचित रीतें बेसवा लाग्या.

ते पछी देवरथ कुमार पण पोताना स्थान पर पोताना कोइ मित्रने बेसाडीने तेनी पासें वीणाने वगाडतो, विक्षेप रहित सुखें करी बेठो. एवा समयने विषे मनोज्ञ एवां गीत गानने विषे उद्यत एवा पोताना सखीयोनां वृंदोयें सहित जाणे अप्सराउयें सहित रथमां बेठेली रंजा नामा अप्सराज होय नहिं? तेम ते राजकन्या स्वयंवर मंमपमां आवी. ते समयने विषे ते रत्नावली कन्याना विकसित एवा मुखकमलने विषे राजकुमारोना लोचनरूप भ्रमरो समकालेंज पड्या. अने ते सर्वे राजकुमारो पोत पोतामां चिंतववा लाग्या. ते जेम केः—श्लोक ॥ नारत्या नैव रत्याः किमपि न हि ददे नैव गौर्या न लक्ष्म्याः, प्रछन्ना स्थापिता या त्रिजगति विधिना ऽगण्यलावण्यलक्ष्मीः ॥ साऽस्याएव प्रदत्ता विनयनयगुणैर्वर्जितेन प्रकामं, नार्यामुष्यां यदेतत्सदृशमिह नवे नांगचगत्वमस्ति ॥ १ ॥ नावार्थः—जे त्रण जगतने विषे ब्रह्मायें अगण्य एवी लावण्यशोना, छानी राखी मूकी हशे ते विनय अने नीति तेना गुणोथी वर्जित एवा विधियें ते लावण्यशोना, सरस्वतीने, कामदेवनी स्त्री रतिने, गौरीने अने लक्ष्मीने कांही पण दीधी नहिं, अने ते लावण्यशोना आ स्त्रीनेज यथेछित आपेली छे. कारण के जे अंग मनोहरत्व आ नारीमां छे, ते सरखुं आ संसारने विषे कोइमां देखातुं नथी.

एवी रीतें ध्यान करता एवा कुमारोने पोताना कटाक्षबाणोयें करी विंध ती एवी ते बाळा, मंमपना मध्यन्नागमां आवी. पछी त्यां वेत्रवती एवी न्नाटणीयें अनुक्रमें राजाउंनां नाम, गोत्र प्रनृतिनुं वर्णन करवा मांमयुं, जे कुमारनुं वर्णन धात्रीयें कर्युं तेनी उपर ते कन्या प्रथमदृष्टि अने पछी पूंठ देइने आगळ चालती हवी. तेथी ते राजकुमारोने दृष्टिना दर्शन थी हर्ष, तथा पृष्ठदर्शनथी खेद, ए बेहु अनुक्रमें थवा लाग्या. एम ते क न्यायें घणा राजकुमारो दीठा, परंतु दावाग्नियें बळेला वनने विषे तापथी बळेली कोकिलानी पेठें ते कन्यानी दृष्टि कोइ राजकुमार उपर विराम पामी नही. अने वरप्राप्तिने माटे तेने महोटो संदेह थवा लाग्यो. पछी जेवामां ते कन्यायें ते स्वयंवर मंमपमां नीचें बेठेला देवरथ कुमारने नजरें जोयो, तेवेज समयें पूर्वजन्मना स्नेहथी ते कन्यानुं मन ते कुमार मांज लीन थइ गयुं. अने ते कुमारें पण प्रेमना पूर्णपणाथी पोतानी दृष्टि तेनी उपर नाखी. पछी ते कुमारनी दृष्टिनी तुष्टिथी एकदम आगळ आवी कुमारना गळामां स्वयंवर वरवानी वरमाळा नाखी दीधी. ते पछी त्यां "बहु सारो वर वर्यो," एवी रीतनो एकदम मनोहर शब्द उत्पन्न थयो. अने अ नेक प्रकारनां मंगलतूर्योना शब्दोथी नगर सर्व पूराइ गयुं. अर्थात् आखा नगरमां मंगळतूर्यना शब्दो संनळाया. पछी देवरथ कुमारने जोइने रवितेज राजा मनमां जरा खेद पाम्यो, जे अरे! आ मारी पुत्रीयें आवा वीणाधर गायकने वर्यो? एम खेद पामीने वळी मनमां विचारवा लाग्यो जे अरे! आ वीणाधर गायकमां रूप, कुल, कला, वीर्य, प्रमाण, संपत्ति, तथा बीजी तरेनो कोइ पण गुण तो छे नहिं, तो पण आ मारी मूर्ख कन्याने ते वीणाधर उपर प्रेम अत्यंत केम थयो हशे? वळी उत्तम एवी आ कन्या सामान्य पुरुषमां आसक्ति ते केम करे? जुवोने जे राज्यलक्ष्मी छे, ते कोइ काळें पण तुच्छ पुण्यवाळा प्राणीने वांछे नहिं. माटे आ नियमथी तो ते बेहुना न्नाग्यना योगेंज आ वात बनवी घटे छे, बाकी बीजुं कांइ पण आमां वि चारवा जेवुं नथी. हवे तो आ मारी पुत्रीने जे वर रुच्यो, तेज आपणें पण उत्तम जाणवो! आवी रीतें रवितेज राजायें विचार कर्यो.

तेवा समयने विषे गांधर्वविवाहें देवरथकुमार ते कन्यायें वर्यो, ते सां नळी ईर्ष्यावाळा राजाउं, पोतपोतानुं सैन्य तैयार करीने ते देवरथ कुमारना

ससरा रवितेज राजाने कहेवा लाग्या, जे अरे अज्ञानपणाथी आ तमारी कन्यायें कांइ पात्रापात्रत्व जाण्युं नहिं, अने अयोग्यवरने कंठें वरमालारोपण करी, परंतु ते वात तमें केम कबूल करी? तमें कहेशो जे ते कन्यानी खुशी प्रमाणे कन्यायें ते कर्युं, तेमां अमो शुं करीयें? तो के, कोइ आंधला माणसोनी शुं कूवाथकी, कांटाथकी, अग्निथका, दया आणीने रक्षा न करवी? तेम अज्ञानपणारूप अंधत्वथी युक्त एवी आ कन्यानुं कूपादिक सरखा आ वीणाधरथी दया आणी तमारे रक्षण करवुं उचित नथी शुं? तेमाटे वीणाधर गायकने वरवारूप कदाग्रहमांथी कन्याने समजावी कोइ उत्तम राजकुमारने आपवी योग्य छे, के जेणे करी आ संग्राम करवा सन्नद्ध थयेला राजाउं पाछा विराम पामे? अने वली अति क्लेशनो नाश पण थाय? अने जो तमारी तेवा वीणाधर गायकरूप पामर प्राणीनेज कन्या आपवानी इछा हती, तो आ अमारा जेवा राजाउंने व्यर्थ अपमान करवा शामाटे आहिं बोलाव्या? हे राजन्! अमारा जेवानुं जो तमें पाषाणना कटकायें करी नाक काप्युं हत, तो तेने अमो उत्तम मानत, परंतु आवी रीतें अमोने बोलावीनें अमारो पराभव कर्यो ते तमोयें घणुंज खोटुं कर्युं ते माटे हे राजन्! विचारीने तमारे समयोचित कार्य करवुं जोइयें, जे करवाथी मानहानि तथा पराभव न थाय?

एवां राजकुमारोनां वचन सांभली पराक्रमवाला रवितेज राजायें कह्युं के, भो भो राजकुमारो! पोतानी मत्यनुसारें वरमालारोपण करी, यथेछ वरने ते कन्यायें वर्यो, तेमां वली तमारो पराभव अने अपमान शुं थयुं? पंच शब्दनां वाजां वागते जे हाथीये जेनीपर कलश ढोल्यो होय, अने जे पंचे कबूल करेलो होय, एवो कोइ मनुष्य राजगादीपर बेसे, अथवा कोइ कन्या कदाचित् तेवा पुरुषने वरे, तो बीजाउंने तेमां रीष करवानुं शुं कारण छे? कांहिंज नहिं. तथापि जो तमारा शरीरमां अजीर्णथी थयेलो कोपज्वर बलवान् थयो होय, तो आ वैद्य एवा अमो तमोने युद्धरूप लंघन करावीयें? तेवामां तो देवरथ कुमारनो मित्र बोल्यो के भो भो राजकुमारो! वृथा भिमानें करी तमो पोतेंज पोताने सकलंक न करो. कारण आ कुमार जे छे, ते पण राजकुमारज छे, परंतु ते पामर प्राणी नथी. आ कुमार तो केहवो छे? तो के सर्वोत्तमगुणोयें करी युक्त छे, मुक्ताफलनी पेठें स्वछ अने

स्थूलाकार छे, तथा मुक्ताफलना हारनी पेठें गुणनुं स्थानक छे. आहिं मुक्ताफलनो हार, गुण एटले दोरानुं स्थानक छे. तेम आ कुमार पण गुणोनुं आलय छे. वली विद्याधरनी पेठें सारी विद्यावालो छे, चंद्रमानी पेठें उत्तम कलावान् छे, तापें करी सूर्यसमान छे, गांभीर्यें करी पर्वपर्वने विषे समुद्रसमान छे, दानें करी सुरतरुतुल्य छे, माटे अमारा स्वामीने ते माननीय छे अने आ वीणाधरना लग्नें करी सर्वत्र महोटो आनंद थाशे, माटे तमारे अमारी पर क्रोध करवो योग्य नथी. ज्यारें पुण्योदय सारो होय, त्यारें तेवी कन्या वरे छे, अन्यथा तेमां कांइ कोइनो उपाय चालतो नथी. एम करतां जो आ कुमार साथें तमो विरोध करशो, तो ते विरोध तमारे आगल जातां अत्यंत दुःसह थाशे. वली तमोने ते विरोध केवो थाशे ? तो के कापेला नाक पर क्षार भरभरावा जेवो थाशे ? आ प्रकारनां देवरथ कुमारना मित्रना कानने अति कटुक लागे एवां वाक्यो सांभली राजाउ सर्व एकदम लडवा तैयार थइ गया, ते देखी रवितेज राजा पण ते राजाउनी सामो लडवा तैयार थयो. ते वखत देवरथ कुमारें कह्युं के हे सुभटो! जुवो, आ रणनुं कौतुक ह्मणां हुं तमोने देखाडुं छुं ? एम कहेतो थको रथमां बेसी युद्ध करवा लाग्यो. अने दुशमनोनी सामें बाणो नाखतो थको तीक्ष्ण एवा शत्रुनां धनुष्योने कापी नाखे छे तथा तेमना रथनी ध्वजाउ तथा छत्रोने पाडी नाखे छे तथा बकतरोने पण तोडे छे. कोइनी दाढी अने मुंछो तेने मुंभे छे. एवी रीतें सेनामां युद्ध करतां देवरथ कुमारें प्रबल शत्रुउना हाथी, घोडा, पायदल वगेरेनो बाणोथी करी घाण वाली दीधो. एम शत्रुनी सेनानुं भंगाण पड्युं, तेवारें शत्रुउ विचारवा लाग्या जे आ एकले देवरथ कुमारें आपणी सर्व सेना हणी नाखी? एम विचारी लज्जा पामेला एवा शत्रुउ संग्रामने मुकता नथी? ते वखतें ते शत्रुउने कुमारें वैक्रियविद्याथी नागपाशें करी युगपत्कालें बांधी लीधा, तेथी ते सर्वे दुशमनो पृथ्वीपर सूइ गया. तेवुं ते देवरथकुमारनुं चरित्र जोइने रवितेज राजा अतिआश्चर्य पामी तेना मुख सामुं जोइ कहेवा लाग्यो के अरे, आ महापराक्रमी पुरुष कोण छे? तेवामां ते कुमारनो मित्र बोल्यो के हे नृप! अमने आहीं लावनार, आवा वैरीयोने मारनार, एवो आ विमलकीर्त्ति राजानो पुत्र देवरथनामा कुमार छे? कोइ एक कारणने लीधे मने पोताना नामथी नि

र्माण करेला आसन उपर बेसाडी पोताना रूपनुं परावर्त्तन करी आवुं वीणाधर गायकनुं रूप लइने ते बेठेलो हतो. आ प्रकारनां वचन सांज लीने अति हर्षायमान थयेलो राजा, देवरथ कुमार प्रत्यें कहे बे के अहो पराक्रमी देवरथकुमार! तमोयें तमारा शूरवीरपणारूप सूर्यथी स्वकुलरूप व्योमने प्रकाशित कर्युं? वली अमारुं अंधारुं पण तमोयें दूर टाली नाख्युं? एम कहीने ते राजायें वाजित्रो सर्वे वगडाववा मांम्यां, अने बंदी लोकोनां वृंदोपासें बिरुदावली बोलाववा मांमी, ते वखतें देवरथ कुमारें राजकुमारोने नागपाश बंधनथी मुक्त कर्या अने पोताना स्वस्वरूपनुं प्रगटपणुं कर्युं. ते पनी बधा राजकुमारो विनयवंत थया थका देवरथ कुमारने प्रशंसवा लाग्या अने कहेवा लाग्या जे आ रत्नावली कन्यायें अहो? आवा स्वामीने वर्यो, ते घणुंज सारुं कर्युं! एम कहीने ते कुमारपासें क्षमा मागी तथा प्रणाम करी हृष्टांतःकरणयुक्त थया थका पोतपोताना नगरप्रत्यें जाता हवा.

हवे ते रत्नावली पण पूर्वजन्मना संबंधथी अद्वैतरसने अनुजवे बे. पनी अनुक्रमें देवरथ कुमारें योग्यलग्नसमयें शास्त्रविधि प्रमाणें ते कन्यानुं पाणि ग्रहण कर्युं, तेवी रीतें ते कुमार रतिसमान कन्या साथें उद्वाह करी अत्यंत आनंद पामतो हवो. पनी ते कुमारनो पिता विमलकीर्त्ति राजा पण 'पोताना कुमार रत्नावली कन्याने परण्यो' ते वात दूतना मुखथी सांजली सुधाथी पण अधिक अमंद आनंदना समूहने धारण करतो हवो. ते देवरथकुमार अने रत्नावली ए बेहुनुं उद्वाहित जोडुं जोइने सहु कोइ कहेवा लाग्यां जे आ कुमार जेम अत्युत्तम बे, तेम आ कन्या पण तेना सरखीज अति कमनीय बे. आ बेहु जण धन्य बे, अने शुज बे, आ बेहुजणें साथेंज सौजाग्य कल्पवृक्ष नामक तप, पूर्वजन्में कर्युं हशे? अथवा सुं डुस्तर एवुं सर्वांगसुंदर नामक तप कर्युं हशे? एम स्पष्टरीतें देखाय बे. नहिं तो ए बेहु जण सरखां स्वरूपवान् थइने दंपतीपणाने क्यांथी पामे?

हवे ते पनी देवरथ कुमार केटलाएक दिवस श्वसुरकुलने विषे रहिने पोताना नगरप्रत्यें जावा तैयार थतो हवो. पोतानी प्रिया रत्नावलीने लइने जेवारें पोताना नगर प्रत्यें कुमार चाल्यो, तेवारें ते रत्नावली वारंवार पोताना पितानी नगरीने जोवा लागी रही, अने तेना पिता वगेरे

थोडे दूर आवी कन्याने सारी शिखामण आपी पाछां वळ्यां, ज्यारें सहु पियरीयां पाछां वळ्यां, त्यारें जेनी आंखमां आंसु आवी गयां छे एवी स्त्री वल्लीनुं मुख जोइने देवरथ कुमार रस्तामां वननेविषे जेवा जेवा विनोद देखवामां आवे तेवा तेवा विनोदोयें करी आनंद करे छे. ते जेम केः–हे प्रिये! जो. आ स्नेहयुक्त एवो मृग, रोषयुक्त थइ पोताना शिंगडायें करी स्वकीय बालकनें मारवा माटे आवता एवा वाघने वेगें करी हणे छे. वली हे दयिते! विनोदने माटे वगाडवा लीधेला मृदंगने लइने रस्तामां चालता एवा भिल्ल लोको थाकी जवाथी ते मृदंगने झाडनी शाखामां बांधी पाछा विसरी जइ सुइ गयेला छे, तेवामां वानरो आवी, ते मृदंगने वगाडी तेना शब्दथी ते सूतेला भिल्लोकोने भय उपजावे छे. इत्यादि वननेविषे वननी लीलाउने पोतानी स्त्रीने देखाडतो, वनवनने विषे, सरोवरने विषे क्रीडा करतो, भमतो थको तथा बीजी पण क्रीडा करवानुं जेने मन छे अने ग्रामग्रामनेविषे मान पामतो पुरपुरने विषे कौतुकोने जोतो, दीन अने अनाथने रूडी रीतें दानादिकथी प्रसन्न करतो एवो ते देवरथ कुमार, कांता सहित पोताना नगर प्रत्यें आव्यो, पछी ते पोतानी पुरी स्वतः अति मनोहर तो हतीज, परंतु ते कुमारना आववाथी अत्यंत मनोहर थती हवी. ते समग्र पुरीने विषे महोटो उत्सव थवा लाग्यो. पछी समान रूपवाली स्त्रीयें युक्त, पोताना चरणमां प्रणाम करता एवा देवरथ कुमारने जोइ मातापितानुं चित्त तो चंदनोदकथीज जाणे सींच्युं होय नहिं? एवी रीतनुं शीतल थइ गयुं. पछी पितायें कुमारने आकाशपर्यंत उंचो तथा स्फटिकमणिसमान शुभ्र एवो रहेवा माटे प्रासाद करावी आप्यो. तदनंतर श्रृंगार सारने जाणवावालो कुंवर, इंद्रियोनां सुख भोगववा तत्पर थयो. त्यार पछी पोताना देवरथ नामा पुत्रना मित्रें तेना विवाहना सर्व समाचार कह्या, ते विमलकिर्त्ति राजा, सांभली आनंद अने विस्मय तेथी भरपूर थइ गयो. पछी घणा लाखपूर्व पोतानी स्त्रीयो सायें भोग भोगवतो हवो. एम करतां त्यां एक दिवस, बाहार वनने विषे, क्रोधरूप योद्धाउने निवारण करनार एवा धर्मवसुनामक धर्माचार्य गुरु आवी समोसर्या. पछी देवरथ कुमार गुरुनुं आगमन सांभली मेघना आववाथी जेम मयूर हर्ष पामी नृत्य करे, तेम हर्ष पामी नाचतो होय नहिं? एम शोभ

तो हवो. ते पबी विमलकीर्त्ति राजा पोताना सर्व परिवार तथा पुत्रें स हित गजेंद्र पर बेसीने धर्मवसु गुरुने वांदवाने आवतो हवो. पबी पांच अनिगमने साचवता एवा ते राजायें बत्र, चामरादिक राज्य चिन्होने बोडीने त्यां समवसरणने विषे आवी गुरुनी स्तुति करवा मांमी. ते जेम केः–मोक्षरूप मार्गने विषे कल्याणकारी रथसमान तथा विषयकषायरूप ताप शमाववाने चंदनसमान, एवा हे मुनीश्वर! हुं आपने नमस्कार करुं बुं. एम स्तुति तथा नमस्कार करी बीजा राजाउ अने पुरजनोनी संघातें स्व स्थानें विमलकीर्त्ति राजा बेगे. पबी पापसंतापने नाशकारक एवी देशना देवानो आरंन, धर्मवसुगुरु करवा लाग्या. ते जेम केः–हे नव्यजनो! आ संसार बे, ते स्मशान समान बे, एम जाणजो. तेमां नाश पाम्युं बे, ज्ञान जेनुं एवा प्राणीयो मृतकनी पेठें दौस्थ्य, दौर्नाग्य अने डुःखो ते रूप चिताग्निथी बले बे. वली तेमां चित्तचिंताकुलत्वरूप धूमनी धूसरता चाल्याज करे बे. जे संसार स्मशानमां अपराधी जनोने कषायरूप शूलीपर चडावेला बे. जेमां केटलाएक प्राणीयो, कुमतिरूप वृक्षने विषे डुराशारूप रज्जुना पाशें करी बांध्या बे. तथा केटलाएक जीवोने विषयसुखरूप विषनुं पान करावीने चोराशि लाख योनिरूप वंशजालनेविषे नाखी दीधेला बे. जे संसाररूप स्मशाननेविषे पाखंमीरूप मांसाशी निन्न लोको फरयाज करे बे. अने जेमां सकल स्त्रीयो जे बे, ते शाकिनीसमान वर्त्ते बे. जेमां सर्व प्र कारना रागो रूप शियालीयां फरयाज करे बे. ते संसाररूप स्मशानमां राजकथा, स्त्रीकथा, नक्तकथा, देशकथारूप महाविहामणी स्त्रीयो रहे बें, माटे ए संसारस्मशानमां रहेनार प्राणी पूर्वोक्त उपद्रवथी परानव पामे बे. माटे एवा संसारस्मशानमां जो कोइ पण जीव साहसिक सिद्धिने बां बनार एवी चारित्ररूप महाविद्याने साधे बे, तेने दैवयोगथी जो ज्ञान चेतना प्राप्त थाय, तो ते पूर्वोक्त डुःखदायक संसारस्मशानमां पण सिद्धिने प्राप्त थाय बे. अने चारित्र माहाविद्यारहित पूर्वोक्त सर्व जीवो तो, तेवी क दर्थनाने प्राप्त थाय बे. अने सिद्धिने प्राप्त थयेलो जीव, शिवपुरीने विषे सु खने पामे बे. अने ते ज्ञानचेतना तो जीवने ज्ञानथी प्राप्त थाय बे. अने ज्ञान जे बे, ते आप्तजननां वचनोथी प्राप्त थाय बे. अने ते आप्तजनो तो राग, द्वेष, अज्ञानादि रहित सर्व जीव उपर दयावंत होय ते जाणवा, अने

ते परमार्थथी जो जोइयें, तो तीर्थंकरज छे. कारण के राग, द्वेष अने अ ज्ञान, तेनो क्षय तो ते तीर्थंकरोयेंज करेलो छे माटे ते तीर्थंकरना वचनने विषे रहेवुं. वली ते तीर्थंकरने दीठा छे परंतु जे प्राणीयें भक्तिरहित पणाथी प्रभुपदें ओलख्या नथी, तेणें दीठा छे पण न दीठा जेवा जाणवा. ते माटे हे भव्यजनो! पंचपरमेष्ठीनुं निरंतर स्मरण करवुं. एमना संस्तवने विषे अवश्य यत्न कस्या करवो. ते अरिहंतना दर्शनथी निरंतर परम निर्मल एवी कल्याणमाला प्राप्त थाय छे. हे राजन्! आ ठेकाणे हुं एक दृष्टांत कहुं छुं, ते सर्व कोइ तमो सांभलो. ते सांभली राजा कहे छे, के हे महाराज! आ मोहोटो महारा उपर आपें अनुग्रह कस्यो. एम राजायें कह्युं. ते सांभली मुनि कहेवा लाग्या के हे राजन्! आ जंबुद्वीपना भरतक्षेत्रने विषे सद्ग्राम नामक एक ग्राम छे, त्यां भद्रकपणाना गुणयुक्त संगतनामें कोइ एक पामर रहे छे. एक दिवस सांजे ते गामने विषे साधुउ आव्या, ते साधुउने रात्रि व्यतीत करवा माटे ते संगत नामा पामरें उपाश्रय दीधो. अने तेमनी सेवा पण कीधी. त्यारें ते संगतने सुधारस समान मधुर, तथा अधर्मने नाश करनारी, पापरूप संतापने टालनारी, धर्मनी देशना दीधी. ते जेम के ॥ यतः—मातंगाः शैलतुंगामदजलकलिता वायुवेगास्तुरंगाः, सामंता श्राऽऽनुमंता वरसचिवगणोंतःपुरं तारहारं ॥ देशैर्ग्रामैः पुरैर्वा युतमवनितलं स्वर्णरत्नादिकोशा, गीतं नृत्यं च भोगा धवलगृहममी धर्मलभ्याः पदार्थाः ॥ १ ॥ अर्थः—पर्वतनी समान उंचा मदजल जेने गंडस्थलमांथी झस्याज करे छे एवा हाथीयो, वायुना वेगसमान वेगवाला अश्वो, अत्यंत प्रणाम करता एवा सामंतो, उत्तम एवो सचिवनो गण, आकाशमां उगता ताराना जेवा मोतीना हारवाली एवी स्त्रीयो, देश, ग्राम, पुर, तेणें युक्त एवुं पृथ्वीतल, स्वर्णरत्नादिक कोषो, गीत, नृत्य अने भोग, धवल एवुं घर, ए सर्वे पदार्थो धर्में करी उपलब्ध थाय छे. ए प्रमाणें धर्मनुं फल जाणी तमें धर्म आदरो. एम परलोकने विषे सुख थाय. तेवो धर्मोपदेश कही साधु विराम पामे छते श्रद्धावान् एवो संगत भिक्षु कहेवा लाग्यो जे महाराज! तमो मारे विषे अत्यंत कृपा करनारा छो. परम अनार्य देशमां वसतो एवो हुं अधर्मी तथा अज्ञानी छुं. तो पण हुं शाथी कृतार्थ थाउं? ते माटे हे भगवन्! गृहस्थने सुख देवावालो अने मारे आचरवा योग्य एवो धर्म कहो. तेवारें मुनियें कह्युं

के हे संगत! तारे पंचपरमेष्टीनुं स्मरण करवुं. प्रातःकाल, मध्यान्हकाल अने सायंकाल, ए त्रणे कालने विषे त्रण वार, पांच वार, अथवा आठ वार, पंचपरमेष्टीनुं स्मरण करवुं. भोजनकालने विषे तथा शयनकालने विषे पवित्र थइने आ पंचपरमेष्टी नामक महा मंत्रनुं स्मरण करवुं अने ते मंत्रने विषे भाव न छोडवो. ए प्रकारें उपदेश करीने सर्व साधुउयें त्यांथी विहार कस्यो. तदनंतर ते सुगत भिल्ल पण ते मुनिना वचन प्रमाणें श्रीपंचपरमेष्टीनुं स्मरण करतो थको घणो काल जीवतो रह्यो. पछी अंते विशुद्ध एवा ध्यानथी मरीने श्रीपंचपरमेष्टीना स्मरणना पुण्यथी संदर्भदेशनी भूमिरूप स्त्रीना भालस्थलने विषे तिलकभूत एवा नंदिपुर ग्रामने विषे पद्मानन राजानी कुमुदिनी नामनी राणीना गर्भने विषे निरुपम एवो पुत्र थइने अवतस्यो. ते गर्भमां आववाथी राणीयें स्वप्नमां रत्ननो राशि दीठो, तेथी ते पुत्रनुं "रत्नशिख" एवुं नाम पाड्युं. ते वयथी अने कलाथी वधतो थको यौवनपणाने पाम्यो, सुकृतथी खेंचाइ आवेली लक्ष्मीनी पेठें तेना गुणोयें करी रंजित, अने स्वयंवरथी प्राप्त थयेली एवी कोशल देशना अधिपतिनी कौशला नामनी कन्याने रत्नशिख नामा कुमार परणतो हवो. एक दिवस कुमदिनी नामा देवीयें पद्मानन राजाना मस्तकपरथी एक धोलो केश चुंटीने ते राजाने देखाड्यो, ते केशने जोइने तत्काल उत्पन्न थयो छे वैराग्य जेने एवा पद्मानन नामा राजायें पोताना रत्नशिख नामना पुत्रने राज्य आपीने भार्यायें सहित वैराग्य पामीने वनप्रत्यें गमन कस्युं. तदनंतर पूर्णिमाना चंद्रमानी पेठें अखंड मंगलोयें करी अलंकृत, मंत्री अने सामंतराजा वगेरेनी पंक्तियें करी आवृत एवो, रत्नशिख कुमार पण महोटो राजा थयो.

नविन नविन कथाना विनोदवालो ते रत्नशिखराजा छे, तेथी कोइ पण नविन नविन कथा कहे तेउने वृत्ति बांधी आपे छे. अने अनेक पुरुषोनां चरित्र सांभली ते अति संतुष्ट थइ जाय छे. एवामां कोइ एक कथाकारें आवी वीरांगद अने सुमित्रनी कथा कहेवानो प्रारंभ कस्यो. ते जेम केः—समुद्र जेम लक्ष्मीवान् छे, तेम लक्ष्मीथी भरपूर विजय पुरनामा नगर छे. ते नगरने विषे सुरांगदनामा नरेंद्रनो गुणवान् एवो वीरांगद नामें पुत्र छे. ते याचकोने मनोवांछित पूर्ण करवामां चिंतामणि रत्न समान छे. अने शरणागत जीवने तो लोढाना पांजरा सरखो छे. न्याय

वंतमां मुख्य गणना करवा योग्य छे, दुःखी अने दीन जनोनी उपर वात्सल्यने करनारो छे. तेनो सुमित्र नामा प्रधाननो पुत्र परम मित्र छे. तेनी साथें एकदिवस ते वीरांगद वनक्रीडा करतो हतो. क्रीडा करतां करतां तेणें पोताना मित्रने पूछ्युं के हे मित्र ! आपण बेहु जण पोत पोताना पुण्यनी परीक्षा करवा माटें दूर देशांतर जइयें ? अने अनेक कौतुकोयें करी युक्त एवी पृथ्वीने पण जोइयें ? अने हे मित्र ! देशांतर फरवाथी विशेषेंकरी सुजन दुर्जनो पण जाणवामां आवे छे. कहेलुं छे केः—॥ गाथा ॥ अत्थो जसो अ कित्ती, विज्जा विन्नाणयं पुरिसकारो ॥ पाएणं पाविज्जइ, पुरिसेण य अन्न देसम्मि ॥ वली पण कहेलुं छे के ॥ श्लोक ॥ देशाटनं पंडितमित्रता च, पण्यांगना राजसभाप्रवेशः ॥ अनेकशास्त्रार्थविलोकनं च, चातुर्यमूलानि भवंति पंच ॥ २ ॥ अर्थः—अर्थ, द्रव्य अने कीर्त्ति, विद्या, विज्ञान, पुरुषार्थ, ए सर्व पुरुषने परदेशाटन करवाथी प्राप्त थाय छे ॥ १ ॥ देशाटन, पंडितनुं मित्रपणुं, पण्यांगनानो मेलाप, राज्यसभामां गमन, अनेक शास्त्रार्थोनुं अवलोकन, ए पांच वानां चातुर्यनां मूल छे ॥ २ ॥ ते वात सांभली प्रधाननो पुत्र कहेवा लाग्यो जे हे मित्र ! तमोयें जे कह्युं, ते योग्यज छे. परंतु एकेक वस्तुना विलासी जनने चातुर्य क्यांथी होय ? एक देश, एकज सभा, एक स्त्री अने एकज शास्त्र एवी एकेक जे वस्तु तेना विलासी पुरुषने चातुर्य क्यांथी होय ? ना होयज नहिं. माटे अनेक नगरमां जावुं, अनेक ज्ञानोने शिखवां, अने अनेक राजाने सेववा, कारण के भाग्यनो उदय वा अनुदय ते अनेक पदार्थना अभ्यासथी थाय छे. ते वात सांभली कुमारें कह्युं के हे मित्र! तमें ते सर्व सत्य कह्युं. परंतु मातापिताने छोडी ने देशांतर जवुं ए घणुंज कठिन काम छे. कदाचित् जो आपणे छाना जाइयें, तो ते माता पिताने मोहोटी अधीरता थाय, अने दुःख थाय, अने जो तेमने कहीने जाइयें, तो ते जवानी आज्ञा आपे नही ? एम परदेश जवाविषे बेहु मित्र विचार करे छे, अनें वनमां क्रीडा करे छे, तेवामां "मारुं रक्षण करो, मारुं रक्षण करो." एम बोलतो एवो कोइ वध्य पुरुष आवी, रत्नशिख कुमारनां चरणमां पड्यो, तेवामां हाथमां दंड अने पाशने धारण करनार एवा ते वीरांगदना पिता सुरांगद राजाना सीपाइयो ते वध्य पुरुषनी पछवाडे दोडता आवी कहेवा लाग्या, जे हे राजपुत्र !

आ आपना चरणमां जे पडेलो छे ते अतिदुष्ट चोर छे, ते सुदत्तश्रेष्ठीना घ रमां खातर पाडी चोरी करी खातर पाडेला मार्गमांथी नीकली नाग। जतो हतो, त्यां ते तुरत अमारी नजरें पडवाथी तेने पकडी लीधो हतो, अने राजानी आज्ञाथी तेने बांधीने वधनूमिमां शूलिपर चडाववा आणेलो हतो, त्यांथी ते अमारी नजर चुकावी एकदम नागीने तमारा चरणमां आवी पडेलो छे. ते माटे तेनो आप त्याग करो, के जेथी अमो आपना पिता पश्चा नन राजानी आज्ञा प्रमाणे तेने जलदी शूलिपर चडावी दइयें? एवी रीतनां ते अनुचरोनां वचन सांजली वीरांगद कुमारें चिंतव्युं जे शरणमां आवेला प्राणीने पाछो मारवा माटे आपवो ते योग्य नहि. अने चोरनी रक्षा क रवी ते पण योग्य नथी, तोपण शरणमां आवेला जीवनो त्याग करवो, ते अस्मादृश शरणद पुरुषने तो घटेज नहीं? एम विचारीने कुंवर बो ल्यो के जेना आदेशथी तमो तेने शूलियें देवा लई जाउ छो, तेज मारा पिता राजाने जईने कहो के तमारा पुत्र वीरांगदें कह्युं छे जे आ वध्य पुरु षने तमो त्वरित छोडी मुको अने वली पण कहेजो जे तमारा पुत्रने शरण थवाथी तेमणे वध करवानो निषेध कर्यो छे. त्यारें अनुचरो कहे छे के आ पना कहेवा प्रमाणे जो राजाने कहेशुं, तो राजा, रोषाक्रांत थाशे? तेवारें कुमारें कह्युं के. सांजलो ॥ यतः॥ कोकिरकुलाजिमाणो, माहप्पा पोरिसं च किं तस्स ॥ सरणा गउ जस्स मउ, व नो नमइ सब्बंदं ॥ अर्थः—उत्तम कु लमां उत्पन्न थयेला अजिमानी महात्मा पुरुष, शरणमां आवेला जीवनुं रक्षण न करे, तो तेनुं बीजुं पुरुषार्थ होय, ते शुं कामनुं? काहींज नहिं. जुवो. चंद्रमाने शरण गयेलो जे मृग छे, ते अद्यापि पर्यंत तेनी साथेंज स्वछं दताथी आकाशमां फर्या करे छे. माटे जो पिताजी रीष करशे तो पण हुं श रणागत प्राणीने छोडवानो नथी. एवुं वचन सांजली सर्व शिपाईयोयें म नमां जाण्युं जे आ कुमार ते वध्य पुरुषनो त्याग करे तेम जासतुं नथी. माटे तेमनो कहेलो आदेश आपणे राजाने कहीयें. एम जाणीने ते कुंवरनी कहेली सविस्तर हकिकत तूर्णताथी आवी राजानी पासें कही. ते सांजली राजा एकदम रुष्ट थइने कहेवा लाग्यो जे जाउ. ते कुमरने कहो के स्व छंदपणे वर्त्तनारा एवा पुत्रनुं मारे कामज नथी? माटे तारे मारी राज्य नूमिमां कोइ पण ठेकाणे रहेवुंज नहिं? ने जलदीथी बाहेर निकली जा,

जो तुं अमारी जूमिथी बाहेर नहिं जा, तो पूर्ण शिक्षाने पात्र थईश! ए प्रमाणनी राजानी जे आज्ञा थई ते कुमारने कही. ते सांजली कुमारने तो परदेश जवानो विचार हतोज तेवामां वली राजानी आज्ञा थई तेथी अत्यंत खुशी थयो अने चोरने तेने घेर पोहोंचाडी पोतानो मित्र प्रधान पुत्र जे सुमित्र हतो, तेनी साथें शीघ्रताथी परदेश जवा माटे निकल्यो. तेवामां मार्गें चालतां ते बेहु जणने पुण्योदयने सूचना करनारां अने अत्यंत प्रशस्य एवां शकुनो थयां. कह्युं ठे के कन्या, गाय, शंख, जेरी, दधि, नविन पुष्प, देदीप्यमान पावक, मदोन्मत्त हस्ती, वृद्ध अश्व, नृपति, पूर्ण कुंज, ध्वजा, मरण पामेला बे मत्स्यो, रांधेलुं अन्न, वेश्या, सार्द्रमांस. एटलां वानां प्रस्थान करनारा प्राणीने जो सामां मले, तो ते शुजसूचक ठे. वली पण कहेलुं ठे के श्रमण, अश्व, राजा, मयूर, कुंजर, वृष, ते ठ पदार्थ, प्रस्थानमां तथा प्रवेशमां सिद्धिना देनारां ठे. ते सर्वे शकुनो कुंवरने थयां, एवां शुजशकुनोथी प्रोत्साहित थयेलो ते कुमार, पोताना मित्र सहवर्त्तमान अनुक्रमें घणोएक मार्ग उल्लंघन करीने महाटवीमां आव्यो. पठी कुमार, थाकी जवाथी महोटा एवा वड वृक्षनी ठाया नीचें सुतो, त्यारें तेनो मित्र सुमित्र जे हतो, तेणे कुंवरना प्रयासने मटाडवा माटे पगचंपी करवा मांमी. हवे ते वडने विषे एक जासुरप्रज नामा यक्ष रहेतो हतो, ते आ कुमरनुं तथा सुमित्रनुं स्वरूप जोइने तुष्टमान थइ अवधिज्ञानें ते बेहु पुरुषोनुं समस्त वृत्तांत पण जाणी प्रत्यक्ष थइने सुमित्रप्रत्यें कहेवा लाग्यो, के हे वत्स! तमो बेहु जण अत्युत्तम अतिथि ठो, तो तमारुं आतिथ्य हुं शुं करुं? त्यारें सुमित्रें कह्युं जे हे देव! डुष्प्राप्य एवां आ तमारा दर्शनथकी अमोने सर्वे प्राप्त थयुं? ॥ यतः ॥ तप्पंति तव मणेगे, जवंति मंते तहा सुविज्ञाउ ॥ वियरंति दंसणं पुण, देवा धन्नाण विरलाणं ॥ १ ॥ अर्थः– तमारा दर्शन माटे केटलां एक मनुष्य तप करे ठे तथा केटलां एक मनुष्यो मंत्र साधे ठे, तथा केटलां एक रूडी विद्याने साधे ठे, परंतु कोइ एक जाग्यवान् विरला मनुष्यनेज तमारां दर्शन थाय ठे. ते सांजली यक्ष कहे ठे के सज्जन पुरुषो, डुःखित माणस पासेंथी काहि पण माग्या विना ते डुःखित जीवने डुःखमांथी पोतानी शक्त्यनुसार काढे ठे. वली अमारा सरखा देवताउनुं दर्शन तो निष्फल होतुंज नथी, तेमां पण वली तमारा जेवा अत्युत्तम

अतिथिने अस्मादृशनुं दर्शन वृथा थायज केम! कहेलुं बे केः-॥ अमोघा वा सरे विद्यु,दमोघं निशि गर्जितम्॥ अमोघा चोत्तमा वाणी,अमोघं देवदर्शनम्॥ अर्थः-दिवसने विषे थयेली विजली खोटी थाती नथी। अर्थात् दिवसमां विजली थवाथी वरसाद निश्चें वरसे बे अने रात्रिने विषे मेघनी गर्जना वितथ थाती नथी. कारण के रात्रें गर्जना करेलो मेघ निश्चें वरसे बे. तेम उत्तम पुरुषोनी वाणी जे बे,ते खोटी थती नथी अने देवतानुं दर्शन जे बे, ते पण खोटुं थतुं नथी माटे हुं तमारां बेहुजणनां सदाचरण तथा रूप जोइ प्रसन्न थइने मारी पासें बे मणि बे, ते हुं अर्पण करूं बुं. ते ग्रहण करो. तेमां प्रथम जे नीलमणि बे, ते पूजन कस्यो थको त्रण उपवा सना अंतने विषे मनोहर राज्यने देनारो थाय बे. अने बीजो आ रक्त मणि बे, ते "ॐ ह्रीं" ए मंत्रें करी जप्यो थको मनोवांबितने आपे बे. तेमां पूर्वोक्त जे नीलमणि बे, ते आ तमारा राजकुमारने योग्य बे, अने बीजो जे रक्तमणि बे, ते तमारे योग्य बे. ते वात सांजली विस्मय पामेला सुमित्रें ते देवना आपेला बेहु मणि पोताना हाथमां लइने तेने प्रणाम कस्यो. अने विचारवा लाग्यो के अहो! ॥ गाथा॥ पहरइय पुरबं, होइ सहायं वणे वसंतेणं ॥ अइसुत्तस्स विजग्गइ, नरस्स पुव्वज्जियं पुण्णं ॥ १ ॥ अर्थः- पुरने विषे तथा वनने विषे रहेता एवा पुण्यशाली जीवने पूर्व जन्मार्जित पुण्य जे बे ते सहाय करे बे. माटे आ कुमार बे,ते महा जाग्यशाली बे, जेनुं वनने विषे पण देवता सहाय करवा आव्यो ? एम कुमारनो मित्र सुमित्र विचार करे बे, तेवामां यक्ष जे हतो, ते अंत र्ध्यान थइ गयो. अने कुमार तुरत जागी गयो. पठी ते बेहु जण त्यांथी चाल्या. त्यां वनने विषे फलित वृक्षो आववाथी कुमार फलजक्षण करवा तत्पर थयो, तेवामां कुमारने सुमित्रें कह्युं जे महाराज ! आप फल ज क्षण करशो नहिं! एम ज्यारें फल खावा तैयार थाय, त्यारे सुमित्र ना कहे. तेवी रीतें त्रण उपवास कुमार पासें कराव्या, एम करतां महाशाल नामा पुरना उपवनमां बेहु जण पहोंच्या. त्यां सुमित्रें राजकुमारने यक्ष प्रदत्त जे नीलमणि हतो ते आप्यो अने कह्युं के हे मित्र ! आ मारा आपेला मणिनुं तुं पूजन कर. तेम करवाथी तुं कोइ पण गामनो राजा थाईश ? ते सांजली विस्मय पामेला कुमरें कह्युं के हे मित्र ! आ मणि,

तुने क्यांथी उपलब्ध थयो ? त्यारें सुमित्रें कह्युं जे तमारा पुण्यथी मलेलो छे. बाकीनी सर्व हकिकत आपने राज्य प्राप्त थया पछी हुं कहीश. ते सांजली हर्षायमान थयेला वीरांगद कुमारें पण ते नीलमणिनी पूजा करी अने पछी उपहासथी कहेवा मांड्युं के केम हवे क्यांथी राज्यनो लाज थाशे ? एम विस्मय युक्त उपहास करतो थको एक आम्र वृक्षनी नीचें जइ बेठो अने कुमारनो मित्र सुमित्र जे हतो, तेणे वल्लीमंमपमां जइ ते यक्षना आपेला रक्तचिंतामणिनुं पुष्पादिकथी अर्चन कर्युं अने ते चिंतामणिपासें यक्षना कहेवा प्रमाणें शरीर स्थितिना उपजोगनी प्रार्थना करी, तो तेज क्षणमां ते मणिना प्रजावथी दिव्यवस्तुउ प्रगट थइ. प्रथम तो त्यां दिव्य पुरुषो प्रगट थया, तेमणे बेहु जणनुं अंगमर्दन कर्युं, ते पछी कमलसमान कोमल जेनां चरण छे एवी दिव्यस्त्रीयो प्रगट थइ. तेमणें सुगंधद्रव्यथी ते बेहु जणने उवटण कर्युं. पछी मणि, रत्न, तेणे जडित अने उल्लेछ जेने विषे बांध्या छे. एवा स्नानमंमपने विषे स्वर्णसिंहासनमां बेसीने रत्नजडित महोटी जारीयोथी जरता एवा जलथी विधिपूर्वक तेउयें स्नान कर्युं. पछी दिव्य एवा शृंगार, वस्त्र, पुष्प, विलेपन, तेणें करी शरीरने सुशोजित कर्यां, तदनंतर सोनाना थालने विषे खाद्य, पेयादिकनुं जोजन कर्युं, ते पछी हाथ तथा मुख धोयां, तदनंतर माहा मूल्य एवा तांबूलनुं जक्षण कर्युं, एम सर्व सामग्रियोनो उपजोग थयो, ते पछी ते सर्व सामग्रि इंद्रजालनी पेठें अदृश्य थइ गइ. तेवारें कुमारें कह्युं के हे सुमित्र! आ, जे आपणने अलौकिक सामग्रीना सुखनी प्राप्ति थइ, ते सर्व मने आपेला नीलमणिनो प्रताप छे ? त्यारें सुमित्रें कह्युं जे ना, तेम कांइ कहेवुं नहिं. जारें ते कहेवानो वखत आवशे, त्यारें तेनुं सविस्तर वृत्तांत हुं आपने कहीश. एम परस्पर बेहु मित्र सुखेंकरी वार्त्ता करे छे, तेवामां तेज नगरनो राजा अपुत्रीयो मरण पामेलो छे तेथी तेमना प्रधानवर्गें विचार कर्यो के हवे आपणे राज्यासन पर कोने बेसारीयें ? कारण के राज्य कांइ रेढुं रहे नहिं. तारे सहुयें मली विचार कर्यो, के आ आपणो पट्ट हस्ती छे, तेनी सुंढमां जल जरेलो सुवर्णकलश आपवो, अने तेने स्वतंत्र रीतें चालवा देवो. चालतां चालतां जे पुरुष उपर ते कलश ढोले, अने जे

पुरुषने पोताना शुंढादंडथी लहीने गर्जना करी पोताना स्कंध उपर चडावे, तेने आ नगरनुं राज्य देवुं. एम निश्चय करी पंचशब्द वाजां वगडावा मांड्यां. पछी पंचशब्द वाजां वागते शणगारेलो हाथी चाल्यो अने ते हाथीनी पछ वाडे राजाना प्रधान वगेरे चाल्या, पछी हस्ती चालतो चालतो जे स्थलें गामनी बाहेर उपवनने विषे सुमित्र नामा मित्र सहित वीरांगद कुमार बेठेलो छे, त्यां आवी गर्जना करी ते हाथीयें कुमारनी पर जलनो भरेलो कनककलश जे हतो तेणे करी अभिषेक कस्यो, अने ते पछी तुरत ते कुमारने शुंढादंडें करी लइने पोताना स्कंध उपर चडावी दीधो. तेवामां तो तुरत मंत्री जनना हुकमथी तेने राजा ठेराव्यो, छत्र, तथा चोतरफ विंजातां चामरोयें करी सुशोभित थयो. आनंद युक्त एवा अनेक बंदिजनोना वृंदोयें करी जय जय शब्दो ते समयने विषे थवा लाग्या. पछी ते कुमरने गाममां प्रवेश करवा माटे सचिवादिक सर्व नमन करी कहेवा लाग्या के माहाराज! आ आपना गाममां आप पधारो. तेवामां ते कुमारना सुमित्र नामा मित्रें विचास्युं जे मारो सखा वीरांगद कुमार तो उत्तम एवा राज्यने प्राप्त थयो, ते घणुंज उत्तम कार्य थयुं. हवे हुं पण मारा मित्रनुं सुख जोतो थको स्वेछायें करी प्रछन्नरीतें कोइ पण गामें जइने रहुं? एम विचारीने त्यांथी गयो, ते बीजा नगरने विषे प्रवेश करीने प्रछन्न रीतें रह्यो. तदनंतर राज्य तो प्राप्त थयुं, परंतु पोताना मित्रथी जुदा पडवायें करी वीरांगद कुमार अत्यंत व्यग्रचित्त थइ गयो, त्यारे मंत्रीयें विनयपूर्वक पूछ्युं के महाराज! आप आम अपशोषमां केम छो ? अने शुं आपने अपेक्षा छे ? ते कहो. तेवारें ते राजा थयेला कुमरें कह्युं के मारो प्राणप्रिय एक मित्र मारी साथें आहिं आवेलो हतो, तेने हाल हुं देखतो नथी, तेथी मुने अत्यंत हृदयमां दुःख थाय छे. माटे जो तेने कोइ पण ठेकाणेथी शोधी लावे, तो मुनें आनंद थाय? तेवां वचन सांभली सर्व सुभटो सर्वत्र दोड्या अने चोतरफ सुमित्रनो तपास कस्यो, परंतु कोइ स्थलमां तेने दीठो नहिं, त्यारें निराश थइ गयेला सुभटोयें आवी कह्युं के महाराज! ते पुरुष तो तपास करतां कोइ ठेकाणे अमोने मल्यो नहीं. ते सांभली सशोक थयेला कुमारें कह्युं के हुं गाममां प्रवेश करीश नहिं, त्यारें तो सर्व मंत्रीवगेरेयें अत्यंत आग्रह पूर्वक प्रार्थना करीने महोटा उत्सवें करी ते राजाने पुरमां प्रवेश कराव्यो अने तेज गा

मना मरण पामेला राजानी आठ कन्याउ हती, तेनुं पोतें पाणिग्रहण कर्युं. पछी ते देवतानी स्त्री समान आठ स्त्रीयो साथें सुख विलास करतो थको अखंड शासनवाला राज्यने उत्तम राजानी पठें पालन करतो हवो. परंतु पोताना सुमित्र नामा मित्रने हृदयथी क्षणमात्र पण विस्मृत करतो नथी. हवे सुमित्र पण पोतानी इछाथी जे नगरमां पोतें गयो, ते नगरमां जमतो हतो, जमतां जमतां त्यांनी रहेनारी अने नरनी वैरिणी वृद्धा एवी कोइ रतिसेना नामनी वेश्यायें तेने दीठो. अने स्नेहयुक्त तेनी सामुं अवलोकन कर्युं. अने पोतानी रतिसमान कन्या साथें समागम करावी द्रव्य हरण करवानी इछाथी गौरवपणे तेने बोलाव्यो अने विचार्युं जे आ पुरुषनी आकृति घणीज सरस छे, माटे जरूर आ द्रव्यवान हशे! एम विचारी ते सुमित्रने उपर बोलावी रूडे आसने बेसारी तेनी उत्तम संभावना करी तथा तेने तांबूलादिक आपी खुशी कर्यो. पछी रतिसेनानी पुत्रीना कटाक्षोथी विंधायुं छे हृदय जेनुं एवो ते सुमित्र, तेनी साथें विषय सुखने भोगवतो थको पोतानी मेलें मनमां विचार करवा लाग्यो के, गणिकाउ जे छे, ते द्रव्यथी रंजन थाय छे. परंतु गुणवानना गुणोथी राजी थाती नथी. जेम मक्षिका जे छे, ते डुर्गंधवाली विष्टापर बेसे छे परंतु चंदननी उपर बेसती नथी. वली गणिका धनने माटे चांमालनो पण संग करे, तथा कुष्टी जननो पण संग करे? कह्युं छे के ॥ श्लोक ॥ जात्यंधाय च डुर्मुखाय च जराजीर्णाखिलांगाय च, ग्रामीणाय च डुष्कुलाय च गलत्कुष्ठाभिभूताय च ॥ यछंती च मनोहरं निजवपुर्लक्ष्मीलवश्रद्धया, पण्यस्त्रीषु विवेककल्पलतिकासु स्त्रीषु कोरज्यते ॥१॥ वेश्याऽसौ दहनज्वाला, रूपेंधनसमन्विता ॥ कामिभिर्यत्र हूयंते, यौवनानि धनानि च ॥ २ ॥ अर्थः—जातिथी अंधने, तथा खराब मुखवालाने, जराथी जीर्ण थयेला अंगवालाने, ग्रामीणने, तथा खराब कुलमां उत्पन्न थयेलाने अने गलत्कोढीयाने, लक्ष्मीनी लालचथी मनोहर एवा पोताना कलेवरने वेश्या जे छे, ते स्वछंदपणे अर्पण करे छे. माटे विवेकनी कल्पलता एवी पण्यस्त्रीने विषे कयो सुज्ञजन आनंद पामे? ॥ १ ॥ वली आ वेश्या जे छे, ते अग्निनी ज्वाला छे, ते पोताना स्वरूपरूप इंधनोथी युक्त छे, ते अग्निज्वालाने विषे कामी पुरुषो, यौवन, तथा धनने होमी दीये छे? आ प्रमाणें सुमित्र विचार करे छे, तो पण

स्नेहामृतथी तथा हाव, नाव, कटाक्षोथी वश करेला एवा ते सुमित्रें विचार्युं जे आहींज रही केटला एक दिवस हुं निर्गमन करीश? एम विचार करीने केटलाएक दिवस ते रतिसेना वेश्याने त्यांज रहेतो हवो. पढी ते सुमित्रनी साथें रहेवाथी कुट्टिनी अत्यंत प्रसन्न थइ. परंतु धननी अतिलालसाथी केटलुंएक इव्य सुमित्रपासेंथी तेने मल्युं ढे, तो पण ते वेश्यायें जाण्युं जे एनी पासें कांहीं पण हाल देखातुं नथी माटे हुं मागुं तो खरी, जो मागवाथी ना कहेशे तो तेनुं हुं विसर्जन करीश? एम धारी नूषणादिकनी इछाथी नूषणोज मागवा लागी. त्यारें सुमित्रें विचार्युं जे आवेश्या कांही थोडे इव्यें तृप्ति पामशे नहीं माटे तेने घणुं इव्य हुं आपुं, एम विचारी एकांतस्थलमां जइ सुरमणिनी याचना करवा लाग्यो तेथी घणुंक इव्य प्राप्त थयुं, ते सर्व इव्य ते रतिसेना पण्यांगनाने आपी दीधुं. ते लीधाथी फरी पण इव्य माग्युं, अने कुमारें दीधुं एम जेटली वार जेटलुं ए रतिसेना वेश्यायें इव्य माग्युं तेटली वार तेटलुं इव्य सुमित्रें तेने आप्युं. तेम घणुं इव्य सुमित्रपासेंथी वारंवार मलवाथी ते वेश्यायें विचार्युं जे आ पुरुषपासें चिंतामणिज ढे, कारण के जेटलुं इव्य हुं मागुं बुं, के तुरत तेटलुं इव्य लावीने मुने आपे ढे. माटे हवे तेनी पासेंथी जेम तेम उपाय करी ते चिंतामणि लइ लेवो! एम धारीने ते चिंतामणिने चोरी लेवानी युक्तियो वारंवार शोधे ढे, परंतु कोइ युक्ति तेने मलती नथी.

हवे एक दिवस ते सुमित्र हतो, ते पोताना पहेरेलां वस्त्र उतारीने स्नान करवाने माटे प्रवृत्त थयो, तेवा वखतमां ते कुट्टिनी एवी रतिसेनायें ढल करी ते सुमित्रनां पडेलां वस्त्रो शोधवा मांड्यां, तेमां सुमित्रना उत्तरीय वस्त्रने ढेडे ते यक्षप्रदत्त जे चिंतामणि हतो, ते बांधेलो हतो, तेने वेश्यायें ढोडी लीधो. तदनंतर ते सुमित्रें स्नान करी पोतानां सर्व वस्त्रो पहेरी लीधां. थोडी वार पढी पाढुं ते वेश्यायें सुमित्रपासें इव्य माग्युं, तेवारें तेणें हा कही, अने एकांतस्थलमां जइ जे वस्त्रने ढेडे गांठ वाली मणि बांधेलो हतो, ते वस्त्रनो ढेडो जोवा मांड्यो, तो त्यां ते मणिज दीठो नहिं अने कोइयें चोरी लीधो एम तेने मालम पड्युं, त्यारें अति चिंतातुर थइ तत्रत्य सर्व जनोने पूढवा माड्युं, अने कह्युं के तमें कोइयें मारा वस्त्रने ढेडेथी मणि लीधो ढे? तेवारें अतिकपटघटनामां प्रवीण एवी ते कुट्टिनी

रतिसेना हती,ते सामो अत्यंत विलाप करवा लागी अने कहेवा लागी के हे दुष्ट ! तारे जो हवे द्रव्य न आपवुं होय तो सखुं अने अमारे जोतुं पण नथी, परंतु अमारे माथे खोटी चोरी खबडदार जो नाखी तो? तेवां वचन ते वेश्यानां सांजली सुमित्रें विचाखुं जे जरुर आ पापणी अने विश्वासघात करनारीयें मारो मणि चोरी लीधेलो छे. एमां कांहीं पण संशय नथी माटे हवे मारे आ वेश्यानी साथें रहेवुं पण उचित नथी अने वली मारा मणिनी चोरी थइ छे ते माटें आ वेश्याने कांही न कहेतां राजा पासें जइ फरीयाद करवी तेज वात योग्य छे. माटे फरीयाद पण करुं? एम विचारी सलज्ज थइने राजा पासें फरियाद करवा माटे देशांतर तरफ चाल्यो अने मार्गमां चालतो चालतो विचार करवा लाग्यो जे अरे धिक्कार छे अज्ञानने? जे अज्ञानथी लोजणी एवी ते वेश्यायें जेम जेम मारी पासें जेटलुं जेटलुं द्रव्य माग्युं, तेम तेम तेटलुं तेटलुं में द्रव्य तेने आप्युं, तो पण ते पापणीनी तृष्णा वृद्धिंगत थातीज गइ. ते तृष्णाथी विश्वासी जनना द्रोहने करनारी पापणीयें मने वंच्यो? तेणे मनेज वंच्यो एम नथी, परंतु पोताना आत्माने पण तेणें वंच्यो छे. कारण के ते वेश्यायें एम जाण्युं जे आ चिंतामणि तेनी पासें छे, ते जेटलुं जोइयें, तेटलुं द्रव्य तेने मले छे, तेथी ते मणि जो हुं चोरी लहुं, तो मुने पण तेनी पठें अनर्गल द्रव्यनी प्राप्ति थाय? पण तेने एम खबर नथी के मणिनो विधि तथा मंत्र जाण्या विना ते फलदायक थाय नहिं, माटे तेणे मणि मारी पासेंथी चोरी लीधो पण तेथी तेने कांही वांछित फल प्राप्त थवानुं नथी अने तेनी पासें ते मणि छे, ते पथ्थर समान फलदायक छे. माटे ते मणिथी थतो लाभ न होवाथी तेणीयें पोताना आत्माने पण वंच्यो छे. अर्थात् चोरी पोताना स्वार्थ माटे करी तो पण तेनो स्वार्थ न सख्यो, अने आ करुं चोरीनुं पाप कर्म बांध्युं? हवे एवो ते कयो प्रकार छे के जेणे करी ते वेश्यानुं नुरुं थाय अने मारुं पोतानुं माहात्म्य देखाडीने ते मारा महामणिने हुं तेनी पासेंथी पाछो लहुं !! कहेलुं छे ॥ यतः ॥ उपकारिष्युपकारं, वैरनिर्यातनं रिपोः ॥ कर्तुं नैव समर्था ये, तेषां धिक् पुरुषार्थता ॥ १ ॥ अर्थः—उपकार करनारनो प्रत्युपकार, शत्रुनुं वैर लेवुं, ते बेहुवानां करवाने जे अशक्त होय छे, तेना पुरुषार्थने धिक्कार छे. एम

संकल्प विकल्पना कल्लोलथी व्याकुल ने चित्त जेनुं एवो ए सुमित्र, भ्रमें करी भमतो भमतो जाजा जेमां प्रासाद ने, अने जाजां जेमां उद्यानो ने, जेमां कोइ मनुष्य तो रहेतुंज नथी एवुं कोइ एक नगरने देखतो हवो. पती तेवा नगरने दूरथी जोइ विस्मय पामीने तेणे ते नगरनी अंदर प्रवेश कर्यो. अनुक्रमें सर्व नगरने जोतो थको ते नगरना राजमंदिरमां आवी पहोंच्यो. त्यां पण सर्व स्थल निर्जन जोइ, ते राजमंदिरनी सप्तम भूमि पर चडी गयो. त्यां कर्पूरथी भरेलां ने मस्तक जेनां तथा पुष्पनी मालाथी सुशोभित ने ग्रीवाउं जेनी अने सांकलथी बांधेला ने पग जेना एवी बे हाथणीयो दीती. पती संभ्रम युक्त अरहुं परहुं जोतो थको विचार करवा लाग्यो के अरे हुं आहिं क्यां चडी आव्यो ! अने बे हाथणीयो आहिं कोणे बांधी हशे ? एम कहीने वली घडीक विराम पाम्यो. पाती वली संभ्रमथी गांमानी पेठें आम तेम जोवा लाग्यो, त्यां गवाक्षने विषे पडेली श्वेत अने कृष्ण एवा अंजननी भरेली बे शींशीयो नजरें पडी. अने ते शींशीनी पासें एक आंखमां अंजन करवानी शलाका पण दृष्टिगोचर थइ. ते सर्व जोइने सुमित्रने संभ्रम मटी शांति थइ अने तेणे जाण्युं जे जरूर आ योगांजननीज शींशीयो ने, कारण के आ बे हाथणीयोनी पांपणो धोली ने, कारण के तेनी पांपणोमां धोली शींशीमां पडेला उसड जेवुं उसड आंजेलुं ने. माटे हुं जाणुं बुं जे आ बे हाथणीयो ने, परंतु ते बे हाथणीयो नथी, पण ते बे स्त्रीयोज ने? अने ते बे स्त्रीयोने कोइएक योगी पुरुषें, आ श्वेतयोगांजन आंजी हाथणीयो करी दीधी ने? वली कदाचित् जो आ कृष्णांजन जे शींशीमां पडेलुं ने तेथी पाती पूर्वरूपनी स्त्रीयो थाय तो थाय? जे भावी हशे ते थाशे अने ए कृष्णांजन आंजवाथी कांइ आप णने अडचल पडवानी नथी? जो स्त्रीयो नही थाय, अने हाल जेम बेहु हाथणीयो ने, तेमज रहेशे, तो पण कांइ फिकर जेवुं नथी? एम विचारीने ते सुमित्रें शींशीमांथी कृष्णांजन लइ ते बेहु हाथणीनी चक्षुमां आंजी दीधुं. तेथी तुरत ते हाथणीयो बे उत्तम कामिनीयो थइ गइ. अने सुमित्रें ते बेहु जणीयोने कुशलप्रश्न पूछ्युं. तारें ते बेहु स्त्रीयोयें कह्युं के आपना समागमथी हवे अमारुं कुशल थयुं! त्यारें सुमित्रें कह्युं के हे उत्तम भामिनीयो! मारा चित्तने आश्चर्य उत्पन्न करनारुं तमारुं वृ

त्तांत मने सविस्तर कहो, ते सांजली बेहु महिलाउ कहेवा लागीयो के हे जाग्यशाली पुरुष! अमारुं वृत्तांत अमें जे कहीयें, ते सांजलो. गंगानदीथी उत्तर दिशामां जड्क नामनुं एक नगर छे, तेमां गंगादित्य नामा श्रेष्ठी वसे छे, तेनी वसुधारा नामा एक स्त्री छे, तेने आठ पुत्रो छे, तेनी उपर अमो जया अने विजया नामनी बे कन्याउ थयेलीयो छैयें, ते हाल यौवनावस्थाने प्राप्त थैयो छैयें.

हवे ते गंगानदीना कांठा उपर उद्याननेविषे क्रियावान्, शौचधर्मतत्पर, पुराणव्याख्यानने वांचनार, वैदिक अने ज्योतिषनिमित्तने पण जाणनार, देखवामां सरल अने अंतःकरणमां क्रूरपरिणामी शर्मक नामनो कोइएक परिव्राजक रहेतो हतो, तेने अमारा पितायें गुरुजावथी जोजन करवा माटे घेर बोलाव्यो, अने घणाज मानथी स्वस्थ आसनपर बेसाड्यो. त्यार पछी तेने अमारा पितायें शाल. दाल वगेरे उत्तम जोजन, एक थालीमां पीरस्यां, त्यारें ते जमवा लाग्यो. ते वखत अमो बेहु बेनो गुरुजावथी तेने पंखाथी पवन नाखवा लागी. तेवामां तो तेने अमारुं बेहुजणीयोनुं अति रमणीय रूप जोतां अंगमां अनंग उत्पन्न थयो, तेथी आर्त्त थयो थको अशन ध्यान छोडी चित्तमां चिंतववा लाग्यो के अरे! रंजा नामक अप्सरा सरखी आ बे स्त्रीयोथी में जोग न जोगव्या, तो मारुं तपथी पण शुं वलवानुं छे? अने क्रियाथी पण शुं वलवानुं छे? जाजुं शुं कहुं, परंतु तेउनी साथें जोग जोगव्या विना मारुं जे जीवित छे, ते वृथाज छे? वली पण विचारवा लाग्यो जे संसारमां वस्तुतः सार जो जोइयें, तो तो सारंगपक्षी समान लोचनवाली ललनाज छे॥ यतः॥ प्रियादर्शनमेवास्तु, किमन्यैर्दर्शनांतरैः॥ प्राप्यते येन निर्वाणः, सरागेणापि चक्षुषा ॥१॥ क्षीरसागरकल्लोल, लोललोचनयाऽनया॥ असारोऽपि च संसारः, सारवानिव लक्ष्यते ॥२॥ अर्थः—मने तो प्राणथी वाहाली एवी स्त्रीनुं दर्शनज हो. कारण के बीजाउना दर्शनथी शुं वलवानुं छे? जेना दर्शनथी निर्वाण पण सराग चक्षुथी याचना थाय छे॥१॥ क्षीरसागरना कल्लोल समान चपल नेत्रवाली आ स्त्रीयोथी असार एवो पण संसार, सारजूत जेवो देखाय छे. वली पण ते विचारवा लाग्यो के एक हुंज आ स्त्रीयोथी क्षोज पाम्यो छुं, एम नथी, परंतु ब्रह्मा जे हता, ते पण अप्सराउथी क्षोज पाम्या छे, अने गौरी तथा गंगाथी माहादेव मन्मथवश थया

ढे, गोपांगनाथी गोविंद पण पुष्पबाणना पासमां पडेला ढे. तो हुं जेवानो तो एमां व्रतनो मद क्यांथीज रहे? एवी रीतें अनित्य अने तुष्ठ विचारथी कल्पना कस्यो ढे अमारा बेहु जणीनो समागम जेणे एवो ते परिव्राजक, संभ्रांत थयेला मनने ठेकाणे लावतो कांइक अमारुं ध्यान करतो थको चूप थइ बेगे अने ते ध्यानथी नोजन करतो अटकी गयो. त्यारें तेवी रीतना बनेला ते परिव्राजकने जोइने अमारो पिता संभ्रात चित्त थइ गयो, अने कहेवा लाग्यो के महाराज! तमो जमता जमता बंध केम पड्या? जमो, जमो? शुं तत्त्व चिंतायें करीने हाल आ शीतान्न आपने नावतुं नथी? एम वारं वार, नोजन करवा माटे तेनी प्रार्थना करी. त्यारे तेणें कह्युं के आ प्रकारना डुःखथी दग्ध थयेलो ते नोजन केवी रीतें करी शके! एम कहीने तेणें नावरहित केटलाएक ग्रासो लीधा. पढी नोजनानंतर अमारा पितायें तेने पूढ्युं के हे तापस! आपने डुःख ते शुं ढे? त्यारें तेणें कह्युं के त्याग कस्यो ढे सर्वनो संग जेणें एवा मुने तमारा सरखानो संग जे ढे, तेज डुःख ढे, कारण के एकांतनक्त एवा तम सरखा सुजनजनोना डुःखने जोवाने हुं समर्थ थतो नथी, जो हुं तमारे त्यां न आव्यो हत, तो मने डुःख थातज नही? अने ते डुःख हुं पढीथी कहीश पण हाल नहि कहुं? एम कहीने ते तापस पोताना स्थानप्रत्यें गयो. ते पढी अमारो पिता पण तेना वचनथी सशंक थयो ढतो तेनी पढवाडे गयो, अने त्यां जइने एकांत स्थलमां बेठेला ते परिव्राजकने पूढवा लाग्यो के महाराज! आप शामाटे ते वखत विचारमां पड्या हता? ते कहो, त्यारें तापसें कह्युं के अरे! मारे तो नदीनो अने वाघनो न्याय थयो ढे, एटले जो आ तरफ जाय तो पूरमां आवेली नदीमां मूबे, अने जो बीजी तरफ जाय तो व्याघ्र खाइ जाय माटे मारे पण तेमज थयुं ढे? जो तमो पूढो ढो, ते न कहुं तो तमने डुःख लागे ढे, अने जो कहुं ढुं, तो आ मारो तपस्वीनो धर्म जाय ढे. तथापि तमे अमारा एकांत नक्त ढो माटे हे श्रेष्ठि! हुं तमने कहुं ढुं, ते सांनलो. हुं जे वखतें जमवा बेठो हतो, ते वखतें तमारी बे पुत्रीयो मुने पंखाथी पवन नाखती हती, त्यां में जमतां जमतां तेनां अंगलक्षण जोयां, तो मने एम मालम पड्युं जे आ बेहु कन्या ढे ते कुलक्षणोथी नरपूर ढे अने आनाथी ते शेठना कुलनो थोडा

वखतमां नाश थाशे ? तेवी रीतना नावि कुलक्षयने जाणी तत्काल मारा हृदयमां महा खेद उत्पन्न थयो. ते वखत जे तमोयें पीरसेलुं अन्न सरस हतुं, ते सर्व नीरस थइ गयुं. तो पण तमोयें ज्यारें मने वारं वार "नोजन करो, नोजन करो" एम कह्युं, त्यारें में यत्किंचित् नावरहित नोजन कर्युं.

ते सांनली अमारो पिता कहेवा लाग्यो जे महाराज! मार कुलनो क्षय न थाय तेवो कांइ उपाय छे? जो होय तो कहो. त्यारें तपस्वी बोल्यो के जेवो घटे तेवो उपाय जो तमो करशो, तो थाशे, पण ते करवो घणो दुष्कर छे? ते सांनली श्रेष्ठी बोल्यो के कुलरक्षाने माटे दुष्कर कार्य हशे, ते पण करशुं ? त्यारें ते परिव्राजक बोल्यो के प्राणथी पण वल्लन होय परंतु निर्लक्षण तथा जेथी आपणुं सर्व बगडी जतुं होय, तेवी वस्तुनो ज्ञाता पुरुषें जल दीथी त्यागज करवो. कारण के तेवी वस्तुनो त्याग करवाथीज श्रेय थाय छे, माटे मारुं तो ए कहेवुं छे के ए तमारी बेहु प्रिय पुत्रियोने सारीरीतें नवरावी, चंदनागरु लिंपी, सद्भूषणोथी अलंकृत करी, शांतिकर्म करावीने एकांतमां जइने मंजूषामां नाखी ते मंजूषा गंगामां तरती मूको. एम कर वाथी तमारा वंशने सुख उत्पन्न थाशे? ए वाक्य सांनली मूढ जेनुं मन छे, एवो ते अमारो पिता, तेनुं कहेलुं सर्व अंगीकार करी घेर आव्यो.

तदनंतर अमारा पितायें उत्तम एवी मंजूषा करावी, तेनां छिद्रो सर्व मीणथी पूरावी कांही पण बोल्याविना अमने बेहुने अंदर नाखी, अने कोइ पूछे तो कहे के जेनो विवाह करवो छे एवी आ कन्याउने मंजूषामां बे सारी गंगामां वहेवराववी जोइयें अने गंगाने जोवराववी जोइयें. कारण के अमारा कुलनी एवी परंपराज छे, आ प्रमाणें कहेतो थको परिव्राजकनी साथें पेटी उपडावी गंगातरफ चाल्यो, त्यां आवी ते पेटीने रहःस्थलमां स्थापन करीने गंगाना कांठा उपर शांतिकर्म करीने प्रातःकालनेविषे ते पेटीने जलमां मूकी दीधी. पछी विषादयुक्त थइ घेर आवी तेणे सर्व शोकनुं कृत्य कर्युं.

हवे ते दुष्ट परिव्राजक पण पोताना मठमां जइ पोतानी धारेली इच्छा पार पाडवाना सबबथी हर्षायमान थइ स्वशिष्यवर्गने उतावलथी कहेवा लाग्यो के हे शिष्यो! गंगादेवीयें मारा मंत्रनी सिद्धिने माटे पूजोपकरणें करी युक्त एवी एक मंजुषा कृपा करी हाल आपेली छे. तेमाटे तमो त्यां जइने गंगामां तरती आवती ते पेटीने त्वरित लइ आवो. पण ते

पेटी उघाडशो नहिं हो. कारण के जो तमो उघाडशो, तो मारे मंत्रसाध नमां विघ्न थाशे? तेवुं सांजली विस्मय पामेला ते सर्वे शिष्यो गंगाना कांठापर गंगाना प्रवाहने जोता जोता चार कोश पर्यंत चाल्या गया. परंतु ते मंजूषा तेउने दृष्टिगत थइ नहिं. हवे ते पेटी दृष्टि गत तेने न थइ, तेनुं कारण कहे बे. के एज गामनो सुजूम नामा राजा हतो, ते गंगाना कांठापर क्रीडा करतो हतो, तेणें गंगाना प्रवाहमां तरती आवती ते पेटी नजरें दीठी, के तुरत लही लीधी. ने उघाडीने जोवा लाग्यो, तो तेमां अद्भुत रमणीय स्वरूपवालीयो अमने जोइ अने जोतांवेत कामार्त्त थयो अने पोताना मंत्रीने कहेवा लाग्यो, के अहो आ आश्चर्य तो जुवो ॥ यतः ॥ किन्नारी किमु किन्नरी किमप्सरी विद्याधरी वाऽथ वा, किं नागानुचरी किमंबरचरी किं वांबरी किन्नरी॥ किं गौरीहरि सुंदरी.किमथ किं, किं चेह वागीश्वरी, तारुण्यडुममंजरी स्मरपुरी साक्षात् किमेषा जुवि ॥ ॥ १ ॥ पातालकन्ये किं विद्या, धर्यौ स्वर्गांगने च किं ॥ किं वा नृपसुते एते, जो जो ब्रूत युवां च के ॥ २ ॥ अर्थः- अरे आ ते शुं नारी हशे! के किन्नरी हशे! के विद्याधरी हशे! के नागनी दासी हशे! आकाशचरी हशे! के किन्नरी हशे! के शुं गौरी हशे! के विष्णुपत्नी लक्ष्मी हशे! के वली सरस्वती हशे! के तारुण्यवृक्षनी मंजरी हशे! के आ ते रतिपतिने रहेवानी साक्षात् नगरी हशे! के कोण हशे!!! तेम विचारीने अमने बेहुने पूबवा लाग्यो के हे कामलतिकाउ! तमो बेहु जणीयो पाताल कन्या बो, के विद्याधरी बो, के राजकन्या बो, के कोण बो? ते मुने याथातथ्यरीतें कहो. ए प्रमाणें रागाईवचनथी राजायें अमोने पूब्युं तो पण अतिडुःखडुःखित एवी अमोयें कांही पण जबाप दीधो नहिं. एवा समयमां राजानो अन्निप्राय जाणीने तेनो मंत्री कहेवा लाग्यो के हे राजन्! आप विचार करो. कोइ पण प्रबल कारण विना सर्व अंगें शणगारेली अति कमनीय, तथा तारुण्यने प्राप्त थयेली एवी आ कन्याउने केम त्याग करे? तेमाटे कोइयें पण पोताना स्वार्थ साधवा माटे आ बेहु कन्याउने पेटीमां पूरी गंगामां वहेती मूकी लागे बे. माटे मारो मत तो एम बे, के आ ए बेहुने काढी लइ बीजी बे कन्याउ आज मंजूषामां पूरी गंगामां वहेती मूकियें? ते वाक्य सांजली,बीजो कोइ डाह्यो माणस बोल्यो के मारो तो ए मत बे जें

आपणने आहिं गंगाना कांठा पर बीजी बे कन्यायो उपलब्ध थावी, ते घणुं डुस्तर छे, माटें कन्याउज पाछी पेटीमां मूकवी, एवी कांइ जरुर जासती नथी, माटे वनमां फरती बे वानरीयो अंदर मूकी दइयें? ते वचन सांजली राजा खुशी थइ गयो अने कहेवा लाग्यो के तमारो विचार छे, ते मुने सुंदर लागे छे, माटे तमें जे कहो छो, तेमज करवुं, आपणने उचित छे. एम कहीने अमने बेहुने पेटीमांथी लहीने ते पेटीमां बे वानरीयो मूकी दीधी अने पाछी जेम हती, तेमज पेटी बंध करी, पाणीमां वहेती मूकी हर्षसहित ते राजा आहिं आव्यो.

हवे ते परिव्राजकना शिष्यो जे हता, ते विचार करवा लाग्या के गुरुना कहेवा प्रमाणे हजी सुधी ते पेटी तो आवी नही, परंतु आपणा गुरु खोटुं तो क़दी बोलेज नहिं, माटे आपणे मुंजाइने कार्यसिद्ध थया विना पाछुं जावुं ते ठीक नही? एम घणी वार सुधी विचार करता करता चाल्या जाय छे, तेवामां तो सुजूम राजायें जेमां बे विकट वानरीयो पूरी छे, तेवी ते पेटी गंगाना प्रवाहमां तरती तरती आवती दूरथी शिष्योयें दीठी. त्यां तो ते नजीक आवी पहोंची अने तेने सर्वे जणे खेंची लीधी. लइने एमने एम ते पापी परिव्राजकने आपी दीधी.

पछी ज्यारें सूर्य अस्त थयो, त्यारें ते गुरुयें पोताना शिष्योने कह्युं के हे शिष्यो! हुं तो आ पेटी लइने मारुं मंत्राराधन करवा आ मठमां बेसुं छुं, अने आ पेटी लइने मठनी अंदर जाउं छुं, तमारे तो हमणांज आ मठने द्वारें बारथी तालुं दइने दूर जइने बेसवुं. आ मठनी अंदर कोइनो कांइ करुण शब्द थाय अथवा कोइ तमोने बोलावे, तो पण तमारे सांजली बेसी रहेवुं, परंतु आ मठनी आगल पण आववुं नही, अने तालुं पण उघाडवुं नही. कारण के तेम तमो जो आवो, तो मारे मंत्रसिद्धिमां विघ्न थाय? ते सांजली सर्वे शिष्योयें तेनी कहेली सर्वे वात कबूल करी. पछी ते पापी परिव्राजक पोताना मठमां पेटी लइ हर्ष सहित मठनुं द्वार दइने अंदर पेठो अने सर्वे शिष्यो तेना कहेवा प्रमाणे मठना द्वारने बारथी तालुं दइने दूर जइ बेठा.

हवे ते परिव्राजक, पेटीनी समीप जइने कहेवा लाग्यो के हे जद्दे! तमारीपर तुष्टायमान थयेलां गंगादेवीयें कृपायें करी देवस्वरूप एवो हुं रूप वर

तमोने आप्यो ले, तेने स्वीकार करो. एम करतां हुं पण तमारी पासें याचना करुं बुं जे रतिसमान रूपवती तमें मुने पतित्वें अंगीकार करो. हुं तमारो किंकर बुं, माटे दया करी मुनेज स्वामी करी कृतार्थ करो. एम कही जेवामां ते पेटी उघाडी अंदर हाथ नाखे ले, तेवामां तो स्वजावथी अतिचंचल, पेटीनी अंदर घणी वार पूरवाथी घणीज क्रोधायमान थयेली, घणा वखतनी नूखथी सूकाय गयेला उदरवाली, एवी बे वानरी योयें तेनो हाथ पकड्यो, पकडीने एकदम ठेकडो मारी पेटीथी बार नीकली पोताना दांतोयें करी ते तपस्वीना कान, नाक, होठ, कपाल, गाल, करडी खाधां, तथा हाथ, पग वगेरे सर्व बीजा अंगोने तीक्ष्ण नखोयें करी वतरडी लोहीजाण करी मूक्यो. ते वखत पारिव्राजकथी मठने बार तालुं दीधुं होवाथी कमाड नांगी बाहेर पण जवायुं नही अने अत्यंत दुःखी थयो. त्यारें महोटी राड्यो नाखी पोकार करवा लाग्यो के हे शिष्यो! जलदी धोडो धोडो!! अरे आ डुष्ट वानरीयो मारुं नक्षण करी जाय ले!!! आ प्रमाणें विलाप करतो करतो नूतलने विषे नमरी खाइ पडी गयो. हवे शिष्यो जे हता, ते पोतें गुरुनो विलाप सांनले ले परंतु गुरुयें पूर्वें कह्युं ले, के "कोइ करुणशब्द करे, के बोलावे, तो पण तमारे मठ नजीक आववुंज नही अने तालुं पण उघाडवुं नही" जो आवशो, तो मारी मंत्रसिद्धिमां विघ्न थाशे? ते संनारी सर्व शिष्यमांहेलो कोइ पण शिष्य, त्यां गयो नहिं. पढी तेना सर्व अंगोने क्षुधातुर एवी बे वानरीयोयें चार पहोर पर्यंत खूब चूष्यां, तेथी ते परिव्राजक प्राणमुक्त थयो, परंतु अज्ञानतपथी ते मरण पामीने राक्षसपणे उत्पन्न थयो. अने विनंगज्ञानें करी राक्षसावतारमां पण तेणे एवुं जाण्युं जे पूर्वजन्मे कामातुर पणाथी में वरवा इबेली अने युक्तियें करी पेटीमां नखावी गंगामां वहेती मूकावेली एवी बे कन्यानुं सुनूमराजायें हरण कर्युं ले, अने लुच्चाइथी तेने बदले बे वानरीयोने पेटीमां मूकी मारां प्राण लेवराव्यां ले, एम वारंवार ते सूनूमराजानुं वेर संनारी ते सुनूमराजाने मारी नाख्यो, अने तेना आ सर्व नगरने उजड कर्युं. अने पूर्व जन्मनो अमारी साथें अपूर्व प्रेम होवाथी अमारो बचाव कर्यो. वली हे चतुर पुरुष! आ एक शीशीमां कालुं अने एक शीशीमां धोलुं, ए बे जातनुं अंजन ले, ते पण ते राक्षस

नुंज करेलुं छे, ज्यारें ते राक्षस बाहेर जाय छे, त्यारें अमो बेहु जणीयोने श्वेत अंजन आंजे छे, तेथी अमो बेहु हाथणीयो थइ जायें छैयें, अने पाछो ज्यारें फरीने आवे छे, त्यारें पाछुं आ कृष्ण अंजन आंजे छे, तेथी पाछी अमो बेहु, स्त्रीयो थइ जायें छैयें.

आ प्रमाणें अमारुं वृत्तांत तो आप सुज्ञ जन पासें अमोयें सविस्तर कह्युं, हवे अमारा अंतःकरणनो जे विचार छे, ते अमो आपने कहीये छैयें. के हे सज्जन! आप सावकाशथी श्रवण करो. शून्य घरमां रहीने अत्यंत दुःखित एवी अमोने आ यमराज सरखा राक्षसथकी दया करी छोडावो. तेवां ते कन्याउनां वचनथी कारुण्ययुक्त, तथा प्रार्थनाना भंगथी भय वालो एवो ते सुमित्र, कहेवा लाग्यो के हे स्त्रीयो! ते राक्षस, केटले दिवसें आहिं आवे छे? अने ते क्यां जाय छे? त्यारें ते स्त्रीयोयें कह्युं के ते राक्षस, राक्षसद्वीपमां जईने बे त्रण दिवसें पाछो जलदी आहिं आवे छे. अने आहिं तो एक पक्ष अथवा मास पर्यंत रहे छे. अने आ जली रातें तो ते जरूर आववानोज छे, माटे हे भाग्यशालिन्! तमो हेठ ल भोंयरामां प्रछन्नरीतें रहो. प्रभातमां पाछो ते पूर्वोक्त स्थानें जातो रहेशे. ते पछी आपणे यथेछ अने यथोचित कार्य करशुं. पछी सुमित्र पण ते सर्व वृत्तांत सांभलीने स्त्रीयोना कहेवा प्रमाणें पाछुं अंजन आंजी पूर्व वत् हाथणीयो करीने त्यांथी नीचें उतरी ते राज महेलना भोंयरा संताइ बेठो.

संध्यासमय जारें थयो, त्यारें ते राक्षस पण तूर्णताथी त्यां आव्यो, आवीने नित्यनी पेठें अंजन आंजी तेने स्त्रीयो करी ने कहेवा लाग्यो, के अरे! आहिं कोइ पण मनुष्यनो गंध आवे छे? ए सांभली ते बेहु जणीयो कहेवा लागीयो के आहिं कोण मनुष्य छे? अमें बे मनुष्य छैयें, बीजो कोइ मनुष्य आंही छेज नही. एवी रीतें कहीने ते बेहु जणीयोयें राक्षसने विश्वास पमाड्यो. पछी रात्रि रही ने सवारमां पाछो राक्षस, राक्षसद्वीपमां जवा तैयार थयो. त्यारें ते बेहुजणीयो कहेवा लागी, के अमो आहीं बीये छैयें, माटे तमो पाछा जलदी आवजो. ए प्रमाणें स्त्रीयोनां सानुराग वचन सांभली खुशी थइ पाछुं बेहु जणीयोने अंजन आंजी हाथणीयो बनावी चाल्यो गयो. सुमित्रें राक्षसनुं निर्गमन थयुं ते जाण्युं. तेथी तुरत पाछो मेहेलनी उपर चडी गयो. अने त्यां अंजनना योगथी ते बेहूजणीयोने हाथणीयो मटाडी,

अंजननी बेहु शीशीयो लइ, ते राक्षसें संग्रह करेलां रत्नोनो नरेलो महोटो कुंन लई ते बेहुने स्त्रीरूपें उपरथी नीचें उतारी, तेमां एक जणीने उष्ट्री बनावी अने बीजी स्त्रीसाथें ते उष्ट्री उपर चडी बेगे, अने त्यांथी तुरत ज्यां पोतानो मित्र राज्यने प्राप्त थयेलो डे, ते शालपुर तरफ जवा माटे निकल्यो. पडी सुमित्र केटला एक दिवसोयें कोइएक मंत्रसिद्ध पुरूषने मल्यो. अने तेने पोतानुं बनेलुं सर्व वृत्तांत सविस्तर कही दीधुं. जाण्युं डे सर्व वृत्तांत जेणे एवा ते सिद्धपुरुषें तेनुं अत्यंत आश्वासन कर्युं अने कह्युं के हे मित्र! तुं निर्नय रहेजे. तारे राक्षसनो कोइ पण तरेनो नय राखवो नहिं.

हवे ते राक्षस पाडो पोताने स्थानकें आवीने जुवे डे, त्यां पोतानी बे हाथणीयो रूप स्त्रीयो तथा रत्नने नरेलो कुंन, तथा श्वेत, कृष्ण एवी अंजननी बे शिंशियो, ए सर्व दीठुं नहिं. त्यारें तो राक्षस, अत्यंत क्रोधांध थइ गयो, अने उष्ट्रीना पगलाने अनुसारें एकदम त्यांथी चाल्यो, ते चालतां चालतां जे ठेकाणे सुमित्र सिद्धपुरुषने मलीने रह्यो डे, ते स्थानपासें आव्यो, त्यां अत्यंत रुइ जेनी काकृति डे, अने महाडुष्ट, कू, कू, एवो मुखमांथी शब्द करता, त्रण लोकने कंपावता, सुमित्रनी पडवाडे आवेला एवा ते राक्षसने बलवान् सिद्धपुरुषें दीठो, अने देखता वेंतज थांनलानी पठें स्थिर करी मूक्यो, जेथी ते हाली पण न शके अने चाली पण न शके? पडी ते राक्षस तेनुं माहात्म्य न जाणीने चमत्कार पाम्यो थको कहेवा लाग्यो के अहो! राक्षसथकी पण सिद्धपुरुषो मंत्रशास्त्रमां अति प्रवीण होय डे, ते वात सांनली हती खरी, पण हे सिद्धपुरुष! तमोयें ते वात प्रत्यक्ष अमोने देखाडी. माटे हे दयालु सिद्धजन! तमोयें स्तंन समान तथा जड तुल्य मने करी नाख्यो डे, माटे डोडी मूको. अने किंकरीनूत थयेला मने कांईक आज्ञा फरमावो. आवां तेनां वचन सांनली सिद्धपुरुषें कह्युं के हे पापिष्ट! डुष्ट! डुरात्मन्! धिक् पडो तारा अवतारमां? जा, हुं तुने आज्ञा तो एटलीज करुं डुं. के मञ्शरणागत थयेला आ सुमित्रनी सार्थे तुं वैर राखीश नहिं खबर दार, जो जरा पण वैर राख्युं डे तो?

ते सांनली राक्षसें कह्युं के हे घृणालु पुरुष! तमारा कहेवा प्रमाणें हुं निश्चें करीश. परंतु महेरबानी करी आ प्राणथकी पण वल्लन एवी मारी

बे स्त्रीयो मने पाछी सोंपावो. एवां वचन सांजली ते पत्नादने सिद्ध पुरुषें प्रतिबोध देवा मांफ्यो, के हे पुरुषाद! जे स्त्रीयो माटें तुं पूर्वजन्मने विषे तपोजंग पाम्यो, तथा वानरीना हाथथी जूंमे हाले मरण पाम्यो, अने वली मिथ्या कष्टक्रियाकरी देवदुर्गतिने (राक्षसपणाने) प्राप्त थयो, तो पण हजी तुं नरकगतिनुं कारणजूत एवुं जे परस्त्रीगमन तेने ढोडवाने इब्तो नथी? एवी रीतें सिद्ध पुरुषें अत्यंत तेने धिक्कारी दीधो. तेथी ते राक्षस प्रतिबोध पामीने पोतानो सुमित्रें आणेलो रत्ननो कुंज, तथा बे स्त्रीयो ते सुमित्रने सोंपी वैर त्याग करी पोताना करेला सर्व अपराधने खमावी स्वस्थान प्रत्यें गयो. राक्षस गया पछी अत्यंत हर्षजरें करी प्रफुल्लित छे देह जेनो एवो सुमित्र, ते कृतोपकारी सिद्ध पुरुषनी स्तुति करवा लाग्यो. के हे सिद्धजन! परोपकारिन्! हे दयालो! हे सत्त्ववान्! साहसिक, धीर, ते आखा जगतमां आपज छो. कारण के आपें दुष्ट, पापिष्ट, एवा ए राक्षसने पण प्रतिबोध पमाड्यो? वली मारुं पण स्त्रीयो सहित आपें रक्षण कर्युं, माटे आपनो गुण उशिंगण हुं क्यारें थइश! एम ते सिद्ध पुरुषनी स्तुति करी, त्यारें ते सिद्ध पण सुमित्रनी प्रशंसा करी केहेवा लाग्यो के हे सुमित्र! साहसिक जनमां अने धर्मिष्ठ जनमां तो तमेंज श्रेष्ठ देखाउ छो. कारण के मंत्रविद्यादिथी वर्जित एवा पण तमोयें आ प्रकारनुं महोटुं साहस कर्युं? माटे तमोने पण धन्यवाद छे. परंतु साहस करवाथीज कार्यनी सिद्धि थाय छे ॥ यतः ॥ विजेतव्या लंका चरणतरणीयो जलनिधि, र्विपक्षः पौलस्त्यो रणजुवि सहायाश्च कपयः ॥ तथाप्याजौ रामः सकलमवधीद्राक्षसकुलं, क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ॥ १ ॥ रथस्यैकं चक्रं जुजगयमिताः सप्त तुरगा, निरालंबोमार्गश्चरणविकलः सारथिरपि ॥ रविः पारं याति प्रतिदिनमपारस्य नजसः, क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ॥२॥ अर्थः–जे श्रीरामचंद्रने समुद्र जे छे, ते तो पगथी उतरवो छे, जो शत्रु जोइयें, तो रावण छे, अने रणसंग्राममां सहायकारक जो जोइयें, तो वनचर वांदराउ छे, तथापि ते श्रीरामचंद्रें साहसपणाथी आखा राक्षसना कुलनो संहार करी नाख्यो, माटे महोटा पुरुषने कार्यसिद्धि जे छे, ते पोताना पराक्रममांज छे, परंतु बीजा उपकरणोमां नथी ॥ १ ॥ जे सूर्यना रथने एकज पैडुं छे, अनें तेने रथें जोडेला जे सात घो

डाळ छे, ते तो सर्पोथी बंधायेला छे, चालवानो मार्ग छे, ते अवलंबनविना नो छे एटले आकाश छे, अने रथनो सारथि जे अरुण छे, ते पगरहित छे तथापि ते रवि, साहसथी प्रतिदिन अपार एवा आकाशना मार्गने कापे छे. माटे कार्यसिद्धि जे छे, ते सत्त्वमां रहेली छे, पण बीजा उपकरणोमां रहेली नथी. ए प्रमाणें सुमित्रनी प्रकृष्ट प्रशंसा करी ते सिद्ध पुरुष, चाल्यो गयो.

हवे सुमित्र पण चालतो चालतो ज्यां पोतानो मित्र वीरांगद कुमार राज्यगादीपर बेठो छे, ते महाशाल नगरप्रत्यें आव्यो, त्यां आवी भाडे एक घर लइने रह्यो. पछी गंगा अने उमा साथें जेम शिवजी रमे, तेम पोतानी बे स्त्रीयो साथें रमतां कालक्षेप करवा लाग्यो.

हवे जे रतिसेना वेश्या हती तेनुं शुं थयुं ? ते कहे छे. के ते रतिसेना वेश्या ज्यारें सुमित्रनो मणि चोरावाथी सुमित्र पोतानी पासेंथी निकल्यो, त्यार पछी ते चोरेला मणिथी कांही पण न मलवाथी पस्तावा लागी. वली द्रव्य नो व्यय थवा लाग्यो अने घणुं द्रव्य मलतुं हतुं ते बंध थयुं. एम जाणी तेणें त्रण उपवास कर्या अने पछी पोतानी पुत्रीने कहेवा लागी के पुत्रि! हवे बीजा कोइ धनवाननी साथें तुं क्रीडा कर. अने तेनी पासेंथी द्रव्य कमाइ मधुर मधुर भोजन कर, कारण के आपणो स्वामी तो केवल धनज छे, तेथी आपणुं नाम वारांगना पड्युं छे? आवुं वचन सांभली जेने सुमित्रने विषेज दृढ आग्रह छे तेवी तेनी पुत्री कहेवा लागी के हे मात! जेम समुद्र जे छे, ते कोइ दिवस, नदियोनां पाणी घणांज अंदर आववाथी पण तृप्ति पामतो नथी, वली जेम घणां काष्ठ नाखवाथी हुताशन तृप्त थातो नथी, तेम हे पापिणि! तुं पण मारा कांत एवा सुमित्रें आपेला द्रव्यथी तृप्त थइ नहिं. हुं कदाचित् अग्निमां पडी बलीने भस्मीभूत थइ जावुं कबूल करीश, पण ते सुमित्र विना आ कलेवरथी उत्तममां उत्तम कोइ पण धनवान् पुरुषनो संग हुं करनार नथी! आ प्रकारनो पोतानी पुत्रीनो खरो आग्रहपूर्वक निश्चय जाणीने तेने केटलीएक गाल्यो दीधीने त्रीजे उपवासें पारणुं करी पाछी सुमित्रने तेज गाममां शोधवा माटे निकली. एम प्रतिदिन ते आखा गाममां शोधवा लागी. पण ते मल्यो नहिं. पछी साव द्रव्य मलवुं पण बंध थइ गयुं तेथी ते चिंताग्रस्त थइ गइ. एम करतां केटलाएक दिवस पछी उत्तम अलंकार अने सुशोभित वस्त्रो जेणे धारण

कस्यां छे, एवा ते सुमित्रने रस्तामां चालतो ते कुट्टिनीयें दीठो. अने तेनी पासें आवी अत्यंत आग्रह करी पगे लागी ने पोताने घेर तेडी लावी. अने कपटथी कहेवा लागी के हे सुजग ! स्नेहें करी मुने कह्या विना तम जेवा सुज्ञपुरुषने प्रवास करवो, ते उचित छे? आ गरीब अने निर्दोष एवी मारी सुतानो तमोयें केम त्याग कस्यो? अहो प्राणप्रिय ! दुःसह एवा तमारा विरहथी मारा प्राण रहेवानो पण मुने संदेह थयो हतो, ते मांड मांड हुं जीवती रही छुं, वली मारा परिवारें सहित में आपने बहुज शोध्या, पण कोइ ठेकाणे आपनो पत्तोज लाग्यो नहिं. माराथी आपने शोध्या विनानुं कोइ चैत्य, के मार्ग, के आगणुं, के वन, के कोइ पण स्थल रह्युंज नथी, अटलो बधो स्नेह राखतां छतां पण आपने अमे हिसाबमांज आवतां नथी माटे आपनुं हृदय, उपरथी पतंगरंग जेवुं सुशोभित छे अने अंदरथी पाषाण समान कठिन लागे छे, कारण के निरपराधी अने अंगीकृत एवां अमोने आपें दर्शन दीधुंज नहीं? आ प्रकारनां ते वृद्धकुट्टिनीनां वचन सांभली सुमित्रें विचार्युं जे अहो अद्यापि पर्यंत आ पोतानुं पाप छोडती नथी. अने केवां मीठां वचनथी मुने मोह करे छे? अने मारुं चिंतामणि रत्न जे चोरी गइ छे, तेनी तो वात कहेती पण नथी. परंतु तेणें मने ठग्यो छे, तो हुं पण एने ठगुं? कह्युं छे के 'शठं प्रति शाठ्यं कुर्यात्' एटले शठजननी साथें शाठ्यज करवुं जोइयें, ते विना ते मानेज नहि? एम विचारी सुमित्र ते वृद्धा प्रत्यें कहेवा लाग्यो के, हुं कार्यना उत्सुकपणाथी दूर देश गयेलो हतो, त्यांथी वेपार माटे घणुं करियाणुं लावी हजी हमणांज आ गाममां आव्यो छुं, तमारी पासें मारे आहीं आव्यो ने तुरतज आववुं हतुं, पण जाजुं करियाणुं हतुं तेथी तेनी उतारवानी ने मूकवानी खटपटमां हुं आवी शक्यो नही, ते माफ करजो. अने दूरदेशांतर हुं गयो हतो त्यां पण तमोने तथा तमारी दीकरीने घडीएक में विसारेलां नथी. खातां, पीतां, दिवसमां, रातमां, तमोने हुं भूल्योज नथी. जो हुं खोटुं बोलतो हउं तो मने तमाराज शपथ छे?

आ प्रकारनुं सुमित्रनुं वाक्य सांभली ते कुट्टिनीयें विचार्युं जे आ महारुं कहेलुं वचन खोटुं जाणतो नथी. पाछो वली पूर्वेनी पेरें द्रव्य आपवा मांडशे? परंतु हूं तेनो चोरी लाधेलो चिंतामणि तो पाछो आपीश

नही? एम विचारी ते कुट्टिनी, अत्यंत मनमां हर्षायमान थइ. पछी सुमित्रें ते कुट्टिनीने कह्युं के आ तमारी पुत्रीने आहिं एकांतमां मारी पासें मोकलो, तो हुं कांइक आपुं? ते सांभली द्रव्यलोभथी तेनी साथें एकांतमां पोतानी पुत्रीने मोकली, त्यां ते गइ के तुरत तेने राक्षसना घरथी उपलब्ध थयेलुं अंजन आंजी हाथणी बनावी हर्षायमान थइ ज लदी पोताने उतारे आवतो रह्यो.

हवे भोजननो वखत थइ गयो, तो पण जारें पोतानी पुत्री पाछी आवी नहिं, त्यारें ते वृद्धा कुट्टिनी महोटो साद करी बोलावा लागी, तो पण ज्यारें ते न आवी, त्यारें तेणें विचार कर्यो के ते केम हजी सुधी आवती नथी? अरे तेने सुमित्र तो नहिं लइ गयो होय? एम विचारी संभ्रमसहित तुरत त्यां आवीने जुवे छे, तो पोतानी पुत्री न दीठी, अने एक हाथणी बांधेली दीठी. तेने जोइने विचारवा लागी के अरे आ हाथणी रूप राक्षसीयें मारी पुत्रीनुं जरूर भक्षण कर्युं हशे? एम विचारी मनमां दुःख थवाथी मोहोटी पोक मूकीने रडवा लागी के अरे कोइ परदेशीयें हाथणी रूप राक्षसी पासें मारी पुत्रीनुं भक्षण कराव्युं? तेवो पोकार तेनो सांभली पोतानो स्वजन वर्ग तथा बीजां लोको पण त्यां एकठां थइ गयां, अने सर्वजनोयें ते कुट्टिनी मोशीने पूछयुं के हे मोशी! आ हाथणीनो अधिकारी कोण छे? त्यारें ते कहेवा लागी के जेनुं नाम, ठाम, कांइ हुं जाणती नथी, तेवो कोइक परदेशी माणस छे, तेणे कपटथी मारी सुताने आवा रहस्य स्थलमां आणीने कोण जाणे क्यां अदृष्ट करी दीधी वली आ हाथणी कोण जाणे क्यांथी लाव्यो अने क्यारें बांधी? तथा ते विदेशी पण क्यां गयो? एनी मने कांइ पण खबरज पडी नथी. अरे! मने तो एम लागे छे के आ हाथणीरूप राक्षसीपासें मारी पुत्रीनुं तेणे भक्षण कराव्युं, अने ते नाशी गयो? ते सांभली सर्व लोको कहेवा लाग्यां के हे वृद्धा! अमने तो एम भासे छे, के ते पुरुषनो कांइक तारी पुत्रीयें अपराध कर्यो हशे, तेथी रुष्ट थइने तेणे हाथणी करी दीधी हशे? माटे जलदी जइने राजापासें फरियाद कर. अने जो फरियाद करवामां विलंब लगाडीश, तो ते परदेशी छे माटे क्यांहिक पलायन थइ आघो जातो रहेशे? ए वात सांभली तुरत त्यांथी दोडी वीरांगद राजानी सभामां आवी पूर्वोक्त सर्व

वातनी फरीयाद करी. ते सांभळी वीरांगद राजा विचारवा लाग्यो के आ वृद्धा ना कहेवा परथी एम लागे छे के शुं ते मारो मित्र सुमित्र तो नहिं होय? कारण के तेवुं पराक्रम तेनेज घटे छे. पछी वीरांगद राजायें विचार करी ते कुट्टिनीने पूछ्युं के तारे ते पुरुषनो समागम कये दाडे थयो? त्यारें तेणे कह्युं के महाराज! आपने जे दिवसें राज्याभिषेक थयो, ते दिवसें मारे घेर ते परदेशी आव्यो हतो. ते वचन सांभळी वीरांगद राजायें एकदम पोताना सीपाइयोने कह्युं के तमो जलदी जाउ. अने आ वृद्ध स्त्री जेने बतावे तेने मारी पासें भक्तिभाव तथा विनयथी तेडी लावो.

पछी ते अनुचरो कुट्टिनीने साथें गया अने पूछता पूछता सुमित्रना उतारा पासें आव्या, अने ते उतारामां बेठेला सुमित्रने जोइने कुट्टिनीयें कह्युं के आज पुरुषें मारी निरपराधी दीकरीने हाथणी करी नाखी छे? माटे तेने पकडो. सीपाइयो अंदर जइने ते सुमित्रने प्रणाम करी सविनय कहेवा लाग्या के आपने अमारा राजा जरा बोलावे छे, माटे पधारो. ते सांभळी सुमित्र कुमार, वस्त्रालंकार पहेरी तेनी साथें राजसभामां आव्यो. त्यां तो तेने वीरांगद राजायें दूरथी जोयो, के तुरत जाण्युं के अहो! आ तो हुं धारतो हतो, तेज पंमें मारो प्राणथी पण वल्लभ सुमित्रनामा मित्रज आव्यो? एम जाणी प्रेमथी एकदम संभ्रांतचित्त थइ राज्यासन परथी उठीने तेणें छातीमां घाली बथ भीडीने तेनुं गाढ आलिंगन कर्युं. अने हसते मोढे कह्युं के हे धूर्त्तराज! सन्मित्र! खुशीमां तो छो? ते सांभळी मस्तक नमावी सुमित्र पण कहेवा लाग्यो के आपना प्रसादथकी खुशीमांज छउं. त्यारें वळी वीरांगद राजायें हसीने कह्युं के ते तो ठीक. पण आ बीचारी वृद्ध स्त्रीनी एकज एक सुताने हाथणी केम करी दीधी? तेनुं कारण कहो. त्यारें हसता मुखथी सुमित्र बोल्यो के ज्यारें ए लोभणी मोशीनी दीकरी मनुष्य हती, त्यारें तेने बीचारीने अन्नपानादिक वगेरे भोजन कराववानो खरच थतो हतो, तेथी में तेने हाल करभी करी नाखी छे, तो हवे ते वन वगेरेमां जइ वृक्षपल्लवने यथेछ चरशे, तेथी वृद्धाने अन्ननो गण थाशे. एमां में तेनुं खराब ते शुं कर्युं? ए सांभळी जरठा क्रोधांध थइ कहेवा लागी के हे ऐंद्रजालिक! वृथा उपहास करवो छोडी दे. ए तारुं भापण छे ते सर्वे में जाण्युं छे? बीजी वात पडती मूक. पण

मारी सुताने पाछी हती एम करी आप, नहिं तो हुं जेवी कोइ जुंमी नथी? त्यारें सुमित्र बोल्यो के आ तो तारी दीकरीनेज हाथणी करी छे पण मारी दाऊ तो क्यारें उत्तराय, के ज्यारें हुं तुनेज महोटा पेटवाली गधेडी बनावीने उकरडमांथी विष्टा चरावुं, मूत्र पीवरावुं? अने मारा फापणनी पण तारेज तुनें मालम पडे? ते विना मालम पडे नहिं. हवे पेलो तें चोरी लीधेलो मारो मणि तो पाछो आप. ते सांजली ने राजा कहेवा लाग्यो के वली मणि केवो? त्यारें सुमित्र कहे छे के महाराज! जेना प्रतापथी आपणने आ गामनी बाहेर उपवनमां सर्व शरीरनुं सुख साधन प्रगट थयुं हतुं? तेज मारो मणि, आ पापणीयें चोरी लीधेलो छे. ते सांजली क्रोधायमान थयेलो ते वीरांगद राजा वृद्धाने जोरथी कहेवा लाग्यो के अरे दुष्टा! धृष्टा! प्रत्यक्ष तस्करी! मारा आवा सुज्ञ मित्रने पण तें ठग्यो? त्यारें ते वृद्धा जयजीत थइ थर थर धूजती धूजती सुमित्रना पगमां पडी, मोढामां आंगली दइने कहेवा लागी के हवे मारुं रक्षण करो. रक्षण करो. "शरणमां आवेला दुशमननी पण रक्षा करवी ते उत्तम जनने उचित छे," ते सांजली ज्ञानवान् एवा सुमित्रें राजानी विनति करी ते फोशी पर चडेलो क्रोध उतरावी दीधो. ते वखत तुरत तेणें चोरेलो जे मणि हतो तेने घेरथी मगावी सुमित्रने हाथमां आपी दीधो. त्यारें सुमित्रें तेनी दीकरीने पाछी हाथणी मटाडी स्त्री बनावी दीधी. पछी पोतानी मातानुं आवुं दुष्ट चरित्र जाणी ते रतिसेनानी पुत्रीनो प्रेम सुमित्र पर पूर्वें हतो, तेथी वधारे थयो. हवे ते कुट्टिणी पण पोतानी दीकरीने लइने पोताने घेर आवी. अने ते सुमित्रें पण राजानी आज्ञा लइने रतिसेनानी पुत्रीने पोताने वश करी. पछी हृष्ट थयेलो वीरांगद राजा सुमित्र प्रत्यें कहेवा लाग्यो, के हे जाई! तो मने कह्या विनाज जुदा पडी जइने तुरत तमो क्यां गया? अने शुं थयुं? अने क्यां रह्या? शुं सुख मल्युं? अने शुं दुःख प्राप्त थयुं? ए सर्व कुतूहल, हुं सांजलवाने इछुं छुं, माटे मने कहो. त्यारें सुमित्र पण मणि प्राप्त थयो त्यांथी आरंजीने पोतें पाछो वीरांगद पासें आव्यो, त्यां सुधीनुं सर्व वृत्तांत कहेतो हवो. ते सर्व वृत्तांत सांजली चमत्कार पामेलो वीरांगद राजा सुमित्रने कहे छे. के हे मित्र! पथ्याहारथकी जेम नीरोगता प्राप्त थाय छे, तथा पु

एथी जेम स्वर्ग अने मोक्ष प्राप्त थाय छे. तेम व्यापारथी लक्ष्मी यथेष्ट प्राप्त थाय छे. ते सांभली सुमित्रें कह्युं के हे प्रभो! कोदराना ढगलानी पेठें पुण्यविना व्यापार वगेरे सर्व व्यर्थ थइ जाय छे. परम पदार्थो तो प्राचीन पुण्योथीज प्राप्त थाय छे.

यतः ॥ लक्ष्मीर्दानमयी वपुः सुखमयं श्रद्धामयं मानसं, धर्मः शीलदयामयः सुचरितः श्रेणीमयं जीवितम्॥बुद्धिः शास्त्रमयी सुधारसमयं वाग्वैभवो जृंभितः व्यापारश्च परार्थसाधनपटुः पुण्यैर्विना नाप्यते॥१॥ यद्दुर्लभं दुर्गम दूरसंस्थितं, वशो यदन्यस्य च दुर्जनाश्रितम् ॥ सुखं भवेत्तत्किल लीलया वरं, पुण्यं कृतं प्राग् यदि जीव पीवरम् ॥ २ ॥ अर्थः—दानमां देवाय एवी लक्ष्मी, नीरोगी एवुं शरीर, श्रद्धायुक्त मन, सारी रीतें आचरण करेलो एवो दयामय धर्म, लांबुं आयुष्य, शास्त्रप्रचुरबुद्धि, अमृतरस समान वाणीनो वैभव, द्रव्य मेळववामां योग्य एवो व्यापार, ए सर्व चीज, पूर्वे जन्मकृत पुण्यविना प्राप्त थाती नथी ॥ १ ॥ दुर्लभ, दुर्गम, दूर रहेली, बीजाने वश पडेली, दुर्जन पासें रहेली, एवी सुखमय जे वस्तु छे, ते हे जीव! तें जो पूर्वजन्में अत्यंत पुण्य कर्युं हशे, तो तुने निश्चें रमतमात्रमां प्रयास विना प्राप्त थाशे. माटे हे स्वामी! आपने जे राज्यलक्ष्मी, प्रयासविना एनीज मेळे मळी छे, ते केवळ पुण्यनोज महिमा छे. वळी जुवो, मने पण मणि मळ्यो, स्त्रीयो मळी, तथा रस्तामां सिद्ध मळ्यो, राक्षसनो पराजय थयो, पाछा जुदा पडेला आपडे मळ्या, तथा सर्व बीजां सुख जे कांई मळ्यां, ते सर्व पुण्यनोज प्रताप छे.

हवे जो आप जरा ध्यान आपो, तो ते राक्षसें करेलुं उजड गाम आपणे वसावीयें? अने जे राक्षस रहेतो हतो ते, ते स्थान मूकी बीजे स्थानें गयो छे. ए वात सांभळी वीरांगद कुमार प्रसन्न थयो. पछी शुद्धवर्णवाळा दूध, अने जळनी पेठें बेहु जण परस्पर प्रीति राखी घणो एक काळ सुखमां निर्गमन करवा लाग्या. एकदिवस वीरांगद राजा पोताना मित्रना कहेवा प्रमाणें ते राक्षसें उजड करेला महानगरमां जइ नगर वसाव्युं अने त्यां पोतानी आज्ञा वरतावी अने पाछो पोताने जेनुं राज मळ्युं छे ते शालनगर प्रत्यें आव्यो. पछी त्यां सुखरूप समुद्रमां मग्न थइ. राज्यने यथान्याय पाळवा मांड्युं. हवे आ प्रमाणनी सर्व नवीन नवीन कथा कहेनारो कोइ भट्ट

ते रत्नशिख राजाने कहे छे, के हे राजन्! आ में सर्व वीरांगद कुमार तथा सुमित्र मित्रनुं वृत्तांत कह्युं, ते वितथ जाणशो नही. माटे हे नृप! आ इतिहासथी आपणें शुं समजवुं जाइयें के पुण्य विना व्यवसाय सर्व खोटो छे. यतः ॥ यत्र तत्रैव वा यांतु, करोतु व्यवसायकं ॥ सुकृती लनते सौख्यं, सुवीरांगदराजवत् ॥ अर्थः—आहीं जाय, वली बीजे जाय, व्यवसाय एटले व्यापार पण नासे तेवो करे, परंतु सुकृती जे जीव छे, ते वीरांगद कुमारनी पेठे सुखने पामे छे अने बीजाने सुख मलतुंज नथी.

आ प्रकारनी नट्टनी कथा सांजली ने रत्नशिख राजा विचारवा लाग्यो के अहो आवां सुधारस समान धीर पुरुषोनां जे चरित्र छे, तेने सांजलतां मने तृप्तिज थाती नथी ? यतः ॥ उत्तमानां च कोमानः, श्रिया वंशक्रमोछया ॥ श्वानोपि नक्ष्यमश्नाति, संतुष्टः स्वामिनाऽर्पितम् ॥१॥ पंचाननोवहत्वेकां प्रकटं पुरुषार्थताम् ॥ लब्धोमृगेंद्रशब्दोत्र, येनैव निजविक्रमात् ॥ २ ॥ अर्थः— उत्तम पुरुषने वंश परंपरायें प्राप्त थयेली लक्ष्मीयें करी अनिमान शुं करवुं ? करवुंज नहिं. कारण के पोताना स्वामीयें आपेला नक्ष्यने संतुष्ट थइने श्वान पण खाय छे, अर्थात् वंशपरंपराथी आवेली लक्ष्मीथी उत्तम पुरुषने अनिमान आणवुं उचित नथी. वली सिंह जे छे, ते एक पोतानाज पुरुषार्थने वहन करे छे. जुवो के जेणें पोताना पुरुषार्थी मृगेंद्र एवो शब्द उपलब्ध करेलो छे. ते माटे हुं पण देशांतर जइने म्हारा पुण्यनी परीक्षा करीश ? आवी रीतें मनमां निश्चय करीने पोताना बुद्धिमान एवा सुनद्रनामा प्रधानने सर्व अनिप्राय कह्यो. ते सांनली प्रधानें कह्युं के हे देव ! आपनी जे इछा थइ, तेने कोण हणी शके ? तो पण आपने किंचित् हुं विज्ञापन करुं छुं. के हे विनो ! परदेश छे, ते दुःखें करी जवाय तेवो छे, रस्ता पण घणाज दुःखदायक छे तेमां मनुष्यो मरण पण पामे छे, तेमां वैरीयो पण छल कपटनी इछा करनारा होय छे. तेम छतां वली आपनुं शरीर घणुंज सुकोमल छे. माटे परदेश जवालायक आप नथी. वली आपने राज्य पण प्राप्त थयेलुंज छे. तो हे स्वामिन्! ते प्राचीन पुण्यनुंज फल छे. माटे बीजा फलनी वांछा करीने आपने शुं करवानुं छे ? एम मंत्रीयें रत्नशिख राजाने घणुं समजाव्यो, तो पण तेणे ते मंत्रीनुं वचन मान्युं नहिं. अने पछी पोतानो

अभिप्राय कोइने पण कह्या विना पाछली रातें उठी हाथमां एक खड्ग ल इने नगरथी एकदम बाहेर निकली गयो. अने सारां शकुन जोइ उत्तर दिशा तरफ चालवा लाग्यो. हवे मनोरथरूप रथमां बेठेलो, अने पुण्य रूप सैन्यें सहित, संतोषरूप मंत्रिवर्गेयुक्त थको ग्राम, आकर, खेट, ख र्वेट, पर्वत, नदी, तलाव प्रमुखने विषे नवां नवां कौतुकोने जोतो तथा मनोहरनेत्रवाली स्त्रीयोयें पग पगनेविषे जोवातो, क्षमाने धारण करतो, सुशीलवान्, क्षुधा तृषाने सहन करतो, भूमिमां शयन करतो, संतुष्टमन युक्त, मुनि मार्गस्थ, कोइ पण स्थलने विषे प्रतिबंधने न पामतो, अर्थात् सर्व स्थलमां निर्भयपणाथी चालतो, एवो ते रत्नशिख राजा, क्रमें करी विषम अटवीने विषे आव्यो. त्यां थोडी एक भूमि आगल चाले छे, तेवामां तो जेणें गलामां सोनानी माला पहेरेली छे अने शंखमालाथी सुशोभित छे कान जेना, महोटो शब्द करतो मनोहर एवी घंटाउनी मालायें करी शो भायमान छे ग्रीवा जेनी, एवा एक आश्चर्यने करावनार मदोन्मत्त हाथीने दीठो. ते जोइने विचारवा लाग्यो के अरे! आवा निर्जनवनमां आवो मदो न्मत्त हाथी क्यांथी आव्यो हशे? एम विचारी सिंहनी पठें निर्भय थइने उभो छे, तेवामां तो तुरत ते रत्नशिख राजाने हाथीयें नजरें जोयो, के तुरत क्रोधें करी रक्त नेत्र युक्त थइने पोताना शुंढादंडने उंचो उलाली एक दम तेनी पासें आव्यो. ते वखत ते रत्नशिखें पण ते हस्तीने थोडीवार रमाडीने जे वामां पोताने वश करी लीधो. तेवामां तो आकाशमांथी सुगंधमय, अने जेनो सुंगध लेवा माटे गुंजारव करता भ्रमराउ पछवाडे फर्याज करे छे, एवी पुष्प नी माला, ते रत्नशिख राजाना गलामां अचानक आवीने पडी. ते जोइने विस्मय पामता एवा ते राजायें ज्यां उंचुं आकश सामुं जोयुं. त्यां तो आका शमां चालती एवी कमलसमान नेत्रवाली स्त्रीयोने दीठी. अने तेनुं भाषण पण सांभल्युं के अहो "बहु सारो वर वर्यो," पछी रत्नशिख राजा पण मंद हसतो थको विस्मय पामी पोतें वश करेला प्रौढ हाथी पर बेसी स्थिरासन थइ पुष्पनी मालाथी शोभायमान छे स्कंध जेनुं एवो थको उत्तरदिशा प्रत्यें चाल्यो. तेवामां तो तेने थोडीक जलनी तृषा लागी, तेथी ते विचारवा लाग्यो जे आहिं क्यांही जो जलाशय होय तो हुं जल पीउं? एम विचारे छे, त्यां तो पक्षियोथी संकुलित, शोभायमान छे जलकुर्कुट जेमां, उत्तम

जळवाळुं अने डुमराजिथी विराजित तटवाळुं एवुं एक सरोवर नजरें पड्युं. त्यां तो ते सरोवरने विषे हाथी स्वतः गयो. जइने जळपान करी तेमां जळक्रीडा करवा लाग्यो. राजा पण ते गजथी उतरीने सरोवरमां पडी मत्स्यनी पठें तरतो तरतो ते तळावना कांठा पर आव्यो, तेवामां तो तेना कांठा पर रहेली एक स्त्रीयें तेने सुंदर डुकूलो तेजस्वी अने मनो हर एवा विभूषणोयें करी विभूषित कस्यो. तथा पुष्प, विलेपन, तांबू लोयें करी तेनो सत्कार कस्यो. अने मधुर भाषणें करी कहेवा लागी के हे अपूर्वदेव! आपना आगमनथी हुं घणीज खुशी थइ छुं. ते वचन सांभळीने रत्नशिख राजा कहेवा लाग्यो के हे मानिनि! तमें मने अपूर्वदेव कह्यो, ते अपूर्वदेवपणुं मारामां शुं दीठुं? त्यारें स्त्रीयें कह्युं के हे महाराज! देवताओ घणा वखत सेवन करवाथी निवृ त्तिने आपे छे तथा नथी पण आपता? अने आपें तो ते निवृत्ति मारी सखीने दर्शन मात्रमांज आपी दीधी, माटे आप अपूर्वदेव केम नहिं? ते सांभळी रत्नशिख बोल्यो के हे सुभ्रु! ते तमारी सखी क्यां छे? अने तेणे मने क्यारें जोयो? आ उक्ति सांभळीने ते स्त्री बोली के हे स्वामी! हुं तमने कहुं, ते सांभळो.

आहिंथी उत्तरदिशामां रजताढ्यनामा एक श्रेष्ठ पर्वत छे. पूर्व पश्चि मना समुद्रने विषे अवगाहन करीने रहेलो छे, ते केवो देखाय छे? के जाणे प्रथ्वीने मापवानो दंमज होय नहिं? तेनी उपर सुरसंगीतनामा एक नगर छे, ते नगरने विषे सकल जननी आशा पूर्ण करनार अने रिपुजनने नाश करनार सुरण नामक एक विद्याधरेश्वर रहे छे. तेने स्वयंप्रभ अने महाप्रभ नामा बे स्त्रीयो छे. अने शशिवेग ने सुरवेगनामा बे पुत्रो छे, ते विद्यायें करी आश्चर्यकारक छे. हवे सुरण विद्याधर जे हतो, तेणे तीव्र वै राग्य उत्पन्न थवाथी शशिवेगनामा पोतानो जे प्रथम पुत्र हतो तेने राज्य सोंपीने रवितेज चारणर्षिनी पासें जइ दीक्षा ग्रहण करी. हवे शशिवेग राजा राज्यभार चलावे छे. तदनंतर तेनो सुरवेगनामा नानो भाइ हतो, ते पोताना भाइने मळेला राज्यने ग्रहण करवाने इच्छतो हतो पण पि तायें आप्युं नही तेथी तेना भाइने जीतवा माटे प्रबळ सैन्यनी सहा यने माटें सुवेगनामा पोताना मामाने मळी तेनी पासेंथी सैन्य ग्रहण

करी तत्काल पोताना जाइना पुरने वींटी लेतो हवो. त्यारें ते शशिवेग पण लडवा तैयार थयो. ते वखत तेना मंत्रीयो कहेवा लाग्या के तमारे नाना जाइनी सार्थे युद्ध करवुं ए उचित नथी माटे तेने आ राज्यासन सोंपी दीयो. एवुं वचन सांजली तुरत पोतानुं राज्यासन छोडी सर्व परिकर लइ आपणें ज्यां हाल बेगं छैयें, तेज महाटवीमां सुगिरिनामा पर्वतने विषे नविन नगर वसावी पोताना सैन्य सहित आवी रह्यो. हवे ते शशिवेगने चंद्रप्रजा नामनी एक कन्या छे. तेने एकदिवस नैमित्तिकें जोइने कह्युं के हे राजन्! आ तमारी कन्याने जें परणशे, ते पुरुषनी सहाय थकी तमने पाछुं राज्य प्राप्त थाशे? ते सांजली शशिवेग राजायें ते नैमित्तिकने पूछ्युं के महाराज! केवा पराक्रमें युक्त हशे, ते मारी कन्याने वरशे? त्यारें नैमित्तिक बोल्यो के सुग्रीवपुरना राजानो मदोन्मत्त हाथी, तोफान करी, आलानस्तंज जांगीने आ गामनी अटवीमां आवशे, ने ए स्वेछाथी फरशे, ते हस्तीने जे वश करशे, ते तमारी सुतानो जर्त्ता थाशे? ते तमें निश्चें जाणजो. तेमां कांही पण संशय राखशो नहिं. पछी ते वातनी वाट जोइने शशिवेग राजा बेगे हतो, तेवामां तो तेना कहेवाज प्रमाणें सुग्रीवपुरना राजानो पट्ट हाथी तोफान करी आ अटवीमां आव्यो. तेनी शशिवेग राजाने खबर पडवाथी पोतानी कन्याने कह्युं के बेहेन! तमारे सखीयोयें सहित आकाशनेविषे वैमानमां बेसी फरवुं अने जोया करवुं जे आ सुग्रीव पुरना राजानो मदोन्मत्त हाथी हाल अटवीमां फख्या करे छे, तेने कोण वश करे छे? अने जे वश करे, तेना गलामां तमारे तुरत वरमाला आरोपण करवी. पछी ते राजाना कहेवा मुजब अमो सर्वे आकाश मार्गें वैमानमां बेसी हाथीने जोती जोती फरतीयो हती, तेवामां तो आपें आवी ते हस्तीने वश कख्यो, ते अमोयें दीगे, तेवारें अमारी स्वामिनी एवी आ शशिवेग राजानी कन्यायें आपना गलामां त्वरित वरमाला आरोपण करी आकाश मार्गें गमन कर्युं. अने तेणें चालतां चालतां प्रीति पूर्वक अमोने कह्युं के वस्त्राजरणादिक लइने तमोमांथी एक जणी जाउ. अने ते पुरुषने अलंकृत करो. तेनी आज्ञायें करी आहिं आवी आ वस्त्र आजूषणथी आपने में अलंकृत करेला छे. एम ज्यां ते खेचरी रत्नशिख राजाने केहे छे, तेवामां तो सुग्रीवपुरना राजा वसुतेजनी अश्वारूढ पुरुषोयें युक्त ए सेना आवी, त्यां तो ते अटवीमां

बेठेला, अने आम तेम जोता एवा ते रत्नशिख राजाने जोइ सर्व सेना विचारवा लागी के शुं आज आपणा राजायें कहेलो पुरुष हशे? एम विचारीने एक मनुष्य अश्व उपरथी हेठो उतरी नमस्कार करी कहेवा लाग्यो के हे देव! जे मनुष्य, अटवीमां फरता सुग्रीवपुर पतिना मत्त हाथीपर बेसीने आंही आव्यो हतो, ते क्यां गयो? नला ते तो ठीक, पण एक बीजुं पण पूछवानुं छे के तेना शरीरने कांइ हस्तिकृत इजा तो थइ नथी? ते वामां तो त्यां बेठेली किन्नरी हसीने बोली के शुं ते पुरुष हाथीने चोरीने आहिं तो आव्यो नथी? त्यां वली पाछो असवार बोल्यो के अरे! आम बोलवुं तमने घटे नहिं. अमें तो ते पुरुषना मत्तहस्तिवशीकरण रूप पराक्रमथी प्रसन्न थयेला छैयें. माटे ते अमारो स्वामी क्यां छे? तेने आप बोलावो, अमो तेना दर्शननी अभिलाषा करीयें छैयें. गंभीर अने उदारचरित्रना सत्त्वने कोण जाणी शके छे? कोइ नहिं. माटे प्रसन्न थइ हालने हाल कहो. के ते क्यां छे? अने ते पुरुषना दर्शनविना अमारा स्वामी वसुतेज राजाने पण कांइ चेनज पडतुं नथी. तेवारें ते खेचरी कहेवा लागी के नाइ! आ बेठेला देवपुरुषंज तमो कहो छो, ते हाथीने स्वपराक्रमें करी वशीनूत करेलो छे. अने ते तमारो स्वामी आहींज तमारी सन्मुख बेठेलो छे, ते तमें पूर्ण दृष्टियी जुवो. ते सांनली असवार एकदम त्यांथी उनो थइ अश्वउपर बेसीने पोताना स्वामी वसुतेज राजापासें आवीने कहेवा लाग्यो के महाराज! आपना छुटेला हाथीने वश करी बांधनारो पुरुष एक सरोवरना कांठा उपरथी अमने मली आव्यो छे, माटे आप त्यां पधारो. ते सांनली सुग्रीवपुरपति वसुतेज राजायें विचार कर्यो के जरूर कोइ पुण्यवान् पुरुष आव्यो, अने हस्तीने वश कर्यो, हवे तेने हुं आपणा नगरमां तेडी लावुं? एम विचारीने ते राजा तेने तेडवा माटें आव्यो. ते वखत जे किन्नरी बेठी हती, ते त्यांथी गुपचूप चाली गइ. पछी बुद्धिमान् एवो ते रत्नशिख राजा तलावमां पडेला मत्तहस्तीनें पाछो लावी तेनी उपर पोतें बेठो, अने तेने वसुतेज राजा पोतानें नगर तेडी लाव्यो, पछी सनामां बेसीने तेने कहेवा लाग्यो के हे देवपुरुष! आ मारी आठ कन्याउ छे, तेने तमें वरो अने आ मारूं राज्य छे, तेने पण ग्रहण करो. कारण के हुं एक दिवस सुमंगल केवलीनी देशना सांनलवा गयेलो हतो, तेथी आ असार संसा

रना स्वरूपने में जाण्युं, तेमाटे राज्यना त्याग करवानी में इच्छा जणावी, अने गुरुजीने पूछ्युं के महाराज! म्हारे आ संसारमां रहेवुं नथी परंतु मारे पुत्र नथी तथा कुंवारी कन्याउ आठ छे तो आ आठ कन्याउ तथा आ मारुं राज्य मारे कोने आपवुं? त्यारें ते गुरुजीयें कह्युं के आ तारो हस्ती मदोन्मत्त थइने ज्यारें सांकळ वगेरे तोडी तोफान करीने वनने विषे जाशे, त्यारें त्यां जे पुरुष ते हाथीने वश करे, तेने तुं तारी आठ कन्याउ परणावजे तथा राज्य पण तेनेज आपजे. पछी तुं दीक्षा ग्रहण करजे. आ प्रमाणनां केवळीनां वचन सांभळी संसारथी वैराग्य पामेलो हुं तेनी वाट जोतो हतो के आ मारो हाथी तोफान करी क्यारें अटवीमां जाय, अने क्यारें ते हाथीने कोइ पुरुष वश करे? तेवामां ते हाथी तोफान करी अटवीमां चाल्यो गयो अने तेने वश करनार पुरुषने जोवा माटे मारा अनुचरोने ते हस्तीनी पछवाडे सैन्यसहित फरवानो में हुकम कीधो, के ज्यां आ मदोन्मत्त हाथी जाय, तेनी पछवाडे तमो जाजो. अने जे वश करे, तेनुं नाम ठाम पूछीने मने कहेजो. त्यां तो तमोयेंज आवी गजराज वश कर्यो, अने मारा अनुचरें आवीने ते हस्तीने वश करवानी वात मने कही. ते सांभळी हुं आहीं आव्यो छुं, केवळी भगवाननी कहेली वात प्रमाणे सर्व वात पण मळी रही छे, तो हवे तमें आ राज्यने ग्रहण करो. अने आ मारी अष्ट कन्याउनुं पाणिग्रहण पण करो. एज मारी विनति छे. तेवारें रत्नशिख राजायें कह्युं के जेम आपनी इच्छा? पछें सुरतेज राजायें म्होटा मानथी पोतानी आठ कन्याउ परणावी. तथा राज्य पण सोंप्युं. अने वळी तेने शिखामण दीधी के हे कुमार! आ राज्यने विषे रहीने शास्त्रविरुद्ध कर्मनो त्याग करवो. कारण के प्रजानुं सारी रीतें पुत्रवत् राजा पाळन जो करे छे, तो ते राजा सुखी थाय छे. वळी जो राजा प्रजाने राजी करे छे, तो प्रजाना पुण्यनो छठ्ठो भाग ते राजाने मळे छे. जो राजा, पुत्रपठें प्रजानुं रक्षण करतो नथी, तो ते प्रजानो करेलो अधर्मनो छठ्ठो भाग राजाने भोगववो पडे छे. अने हे राजन्! प्रजानुं सारी रीतें जे पाळन करवुं, तेज राजानो अलंकार छे. वळी शठ लोकोनुं दमन करवुं, सारा लोकोनुं पाळन करवुं, जे आश्रय करीने रहेला होय, तेनुं पोषण करवुं, ते सर्व उत्तम राजानां चिन्हो छे. न्याय, धर्म, रुडुं दर्शन, तीर्थ, सुखसंपत्ति, ए सर्व जेने आधारें वर्त्ते छे, तेज

पृथ्वीपति उत्तम जाणवो. जे राज्यनो राजा धार्मिक न होय, ते राज्य नरक दायक जाणवुं. अने जे राज्यनो राजा धार्मिक होय, तेने आ लोकमां अने परलोकमां सुख प्राप्त थाय छे ॥ यतः ॥ जितेंद्रियत्वं विनयस्य कारणं, गुणप्रकर्षोविनयादवाप्यते ॥ गुणाधिके पुंसि जनोऽनुरज्यते, जनानुरागप्रभवाहि संपदः ॥१॥ अर्थः—नम्रतानुं कारण जितेंद्रियपणुं जाणवुं. अने गुण प्रकर्ष पण नम्रताथीज उत्पन्न थाय छे. अने गुणप्रकर्ष वाला जनने विषे जनमात्र खुशी थाय छे. अने सर्व संपत्तियो जे छे, ते पण जनमात्रनी खुशीथी उत्पन्न थाय छे. ते माटे हे राजन्! जेम तमने प्रजा सर्व संभाख्या करे, तेम तमारे वर्तवुं. ए प्रमाणें रत्नशिखने शिखामण आपीने वसुतेज राजा सद्गुरुपासें संयम लेवा जवानी अनुमति मागवा लाग्यो. अने कहेवा लाग्यो के मने तमो संयम लेवाने माटे शीघ्रताथी संमति आपो, के जेथी हुं मारा हृदयनुं इच्छित कार्य करुं? रत्नशिख राजायें पण तेमनो संसारविषे तीव्र वैराग्य जाणीने संयम लेवानी तूर्णताथी आज्ञा आपी. तदनंतर विचारवा लाग्यो के अहो! आ वसुतेजराजायें जीर्ण रज्जुनी पेठें राज्यने छोडी दीधुं. पण हा! ते वात तेने घटेज छे. कारण के विरक्तचित्त वाला जनोने आ संसारना भोगोनो तृणनी पठें त्याग करतां विलंब लागतो नथी? जुवो. जे रोगीजन होय, कदाचित् तेणें मिष्टान्न जो खाधुं होय तो तेने ते वमन करी नाखे छे. ए प्रमाणें प्रशंसा करीने तेमनो दीक्षामहोत्सव कस्यो, अने पछी ते वसुतेज राजायें सद्गुरुनी पासें जइ दीक्षा ग्रहण करी. अने रत्नशिख राजा पण गुरुनी पासेंथी सम्यक्त्व ग्रहण करीने राज्यने पोताना ससराना कह्या मुजब पालवा लाग्यो.

हवे ते शशिवेग राजायें पण रत्नशिख राजानुं वृत्तांत, पोतानी कन्यानी दासी पासेंथी सांभल्युं. पछी पोतें ते रत्नशिख पासें जइ, जेना विवाहनो योग प्रथम नैमित्तिकें कह्यो हतो, ते पोतानी चंद्रभानामा कन्याने रत्नशिखराजा साथें परणावी दीधी. अने साधन सहित सहस्र परिमित यक्षविद्याउ पण तेने आनंदथी अर्पण करी दीधी.

हवे ते सर्व वृत्तांतने पूर्वोक्त सुरवेगनो, सुवेग नामा जे मामो हतो, ते सांभली क्रोधथी हस्तीनुं रूप करी, ते रत्नशिख राजाना पुरना उपवनमां आव्यो, ते वातनी खबर रत्नशिखने पडवाथी ते पण ते हाथीने ग्रहण

करवामाटे थोडोक परिछद साथें लइने गयो. अने अनेक रीतें ते हस्तीने घणी वार रमाडी मंदजोर करी, जेवामां गजापर चडी गयो, तेवामां तो तेणे पोतानी शुंढ तेने पकडवा माटे उंची करी, परंतु ते शुंढमां पोतें न आवीने तुरत वज्रसमान कठिन एवा मुष्टिदंडें करी तेनीपर प्रहार कर्यो. ते वखत "नमोऽर्हद्भ्यः" एवो शब्द कही जमरी खाइ पृथ्वीपर पडी गयो. परंतु मरती वखतें नमोऽर्हद्भ्यः एवो शब्द कह्यो, ते सांजली रत्न शिख राजा कहेवा लाग्यो के हा हा ! ! ! में कोइ साधर्मिकने मार्यो? अरे में पापीयें अतिदुष्ट कार्य कर्युं? जेनुं मारे रक्षण करवुं जोइयें, तेनो ज में नाश कर्यो? एम खेद पामी तेने शीतजलें करी तथा शीतपवनें करी सावधान कर्यो. अने कह्युं के अहो जाग्यशाली पुरुष! तुने धन्य छे? तुं दृढसम्यक्त्व तत्त्वनो जाणनार छो, कारण के आवा मरण समयमां जे तुं नमस्कारनुं स्मरण करे छे? माटे हे जाइ! तुं मारो साधर्मिक जाइ छो, अरे! में तुने दुर्बुद्धिथी पीडा करी, तेनो अपराध तुं मारी पर कृपा करी क्षमा करजे. एवुं वचन सांजली शांत मन राखी सुवेगनामा विद्या धर बोल्यो, के हे राजन्! तमारो जरा पण दोष नथी. जेवुं में आ देहथी कर्म कर्युं, तेवुंज फल मने तुरत आ लोकमांज प्राप्त थयुं? पण हे सुजन! ते ठीकज थयुं छे, कारण के हवे ए मारें पाछुं जोगववुज पडशे नहि? कारण के कर्म जोगव्या विना तो जीवने छूटकोज नथी? एम जाणीने पण अज्ञानी प्राणी, पापो करे छे. केनी पेठें के जेम मिष्ट पयने पान करतो एवो मिंदडो पोतापर लाकडीनो प्रहार थाशे? ते जाणतो नथी. माटे तेमां हे राजन्! तमारो कांइ दोष नथी. तमो कांइ पश्चात्ताप करो नहिं. वली मारी हुं कथा कहुं ते सांजलो. आ वैताढ्य पर्वतपर चक्रपुर नामा नगर छे, तेनो सुवेग विद्याधर नामा हुं राजा छुं. मारी बेननो पुत्र सुरवेग नामा छे, ते नानो होवाथी तेने तेना पितायें राज्य आप्युं नही ने महोटा शशिवेग नामा पुत्रने राज्य आप्युं. तो ते सुरवेग मारी पासें आवी कहेवा लाग्यो जे मारा मोटा जाइने मारा पितायें राज्य आप्युं, अने मुने न आप्युं माटे ते राज्य मने मलवुं जोइयें? तेम कहेवाथी में तेनी सहायता करी शशिवेग कुमारने तेना पिताना आपेला राज्यथी ज्रष्ट कर्यो, अने ते राज में मारा जाणेजने अपाव्युं, त्यां में सांजल्युं जे "शशिवेग राजानुं जे राज्य तेना

नानाज्ञाइयें मामानी सहायताथी लइ लीधुं ठे, ते राज्यनी पर, शशिवेग राजा, हाल थयेला रत्नशिख नामा पोताना जमाइनी सहायताथी पाठो प्राप्त थाशे" ते सांजली वली पण मारा सुरवेग नामा जाणेजना राज्य रक्षण माटे में हाथीनुं रूप लइ, तमनेज मारवानो दृढविचार कर्यो के ते शशिवेग राजाना जमाइनेज हुं गजरूप धारण करीने मारी नाखुं तो मारा ज्ञागिनेय पठी अविचल राज्य प्राप्त थाय ? तेम विचार करी ईर्ष्याथी हुं तमने मारवा माटे आहिं आ गामनाज उपवनमां आव्यो, त्यां तो हे महाश्रद्धालो ! तमोयें मने मारीने पाठो अनिर्वचनीय अत्युत्तम धर्ममय बोध कर्यो ? कडवा अने तीखा एवां औषधो पाइने वैद्य जेम रोगीनो रोग मटाडे ठे, तेम तमें पण मारो अज्ञानरूप रोग मटाड्यो. हवे हुं निर्मल एवा संयमने पालीश ! अने आ मारुं जे राज्य ठे, तेने तमें अंगीकार करो. जेणें करी हुं पण मारुं इच्छित साधन करुं? तेम कहे ठे, तेवामां तेज सुवेग विद्याधराधिपना घणाएक विद्याधरो आव्या. अने शशिवेग राजा पण सैन्य सहित त्यां आव्यो, ते वखत प्रशमरसना कल्लोलें आक्षिप्त चित्तवाला सुवेग विद्याधरें कह्युं के हे राजन्! आ मारुं राज्य तमें ग्रहण करो. अने तेनी ना कही मुने धर्मकरणीमां कांही पण विघ्न करशो नहिं. ते सांजली शशिवेग राजायें युक्त रत्नशिख राजायें कह्युं के, हे साहासिक शिरोमणे ! कुलपरंपराथी प्राप्त थयेला राज्यने हाल ज्ञोगवो. पठी ज्यारें वयःपरिपक्वता थाय, त्यारें संयमधर्मने विषे यत्न करजो. कारण के आ इंद्रियग्राम ठे, ते दुर्जय ठे, तथा परिसहो जे ठे, ते पण अतिदुःसह ठे, अने मन जे ठे, ते पवनथी उडती ध्वजाना अग्रज्ञाग जेवुं चंचल ठे, ते कदापि पण स्थिर रहे तेवुं नथी. अने प्रथम चारित्रव्रत लइने पाठो तेनो त्याग करवो, ते महा अनर्थ बांधवो ठे ? ए प्रकारें सुवेग विद्याधरने शशिवेगें तथा रत्नशिखें समजाव्यो, तो पण वैराग्यशूर एवा ते सुवेग राजायें मनोहर एवा चारित्रने अंगीकार कर्युं.

पठी शशिवेग अने रत्नशिख ए बेहु जण ते सुग्रीवपुरथी अनुक्रमें सुवेग विद्याधरना वैताढ्य पर्वत पर रहेला चक्रपुरनगरप्रत्यें आव्या. त्यां रत्नशिख राजा विद्याधरनी श्रेणिनो स्वामी थयो.

हवे शशिवेग राजानो ज्ञाइ सुरवेग विद्याधर पोताना मातुल जे सुवेग

विद्याधर तेनुं सर्व वृत्तांत जाणी पोताना मह्होटा जाइ शशिवेगें घणो सम जाव्यो, तो पण तीव्रवैराग्यने वश थइने पोताना मामा सुवेग विद्याधर पासेंथी मुक्तिमार्गरूप चारित्रने अंगीकार कर्युं. पठी संपूर्ण पोताना आत्माने कृतार्थ माननार अने सुख समुद्रने जोगवनार, सम्यक्त्ववान् एवो ते रत्नशिख राजा सर्वत्र जिन चैत्योनुं वंदन करे ठे, अने सर्व साधुउने नमन करे ठे. साधर्मिक जाइयोने संतोष पमाडे ठे, दीनजनोनो उद्धार करे ठे, पोताना संताननी पेठें प्रजानुं पालन करे ठे. श्रीमज्जैनगृहमां, जिनप्रतिमास्थापनमां, जिनमंदिर कराववामां, श्रीजिननी स्नात्र पूजामां, दिनार्चनविधिमां, चतुर्विधसंघपूजादिकमां, श्रीजैनशास्त्र लेखनमां, तीर्थयात्रादिकमां, घणुंक धन खरचीने सम्यक्त्वने निर्मल करे ठे. एम अनेक लाख वर्षो, ते रत्नशिख राजायें निर्गमन कर्यां,

हवे एकदिवस, सांकेतपुरना उद्यानने विषे सुयशनामा तीर्थंकर समवसर्या, ते वात रत्नशिख राजायें जाणी, मह्होटा आमंबरें त्यां जइ, ते तीर्थंकरने यथायोग्य प्रणाम करीने हर्षथी तेमनी स्तुति करवा लाग्यो ॥ यथा ॥ जय जुवनत्रयवत्सल, ठलजलधरपवन वनजसमनयन ॥ नयनवजिनमतवर्द्धन, धनतृणसुखदुःखसमहृदय ॥ १ ॥ अर्थः—हे त्रण जुवनना वत्सल! ठल कपटरूप जे मेघ, तेने विषे हे पवनसमान ! हे कमलसमान नयन वाला ! हे नवनययुक्त जिनमतने वृद्धि करनार! धन, तृण, सुख, दुःख, तेमां समान ठे हृदय जेनुं एवा हे तीर्थंकर! तमो उत्कृष्टपणाथी जय पामो ॥ १ ॥ आ प्रकारें तीर्थंकर जगवाननी स्तुति करीने जक्तिथी निर्जर एवो ते रत्नशिखराजा, तेमने नमस्कार करीने तदनुयायी जे मुनिवृंद हतुं, तेने पण वंदन करतो हवो. पठी पोतानें घटे तेवा आसन पर बेशी मस्तक पर बे हाथ लगाडी एटले बे हाथ जोडी श्रीतीर्थंकरनी देशना सांजलवा लाग्यो. जगवानें पण मेघना सरखी गंजीर वाणीयें करी धर्मनी देशना देवानो प्रारंज कर्यो. ते जेम केः—हे जव्य जनो ! अपार एवा संसारने विषे फरता अने कर्मवश थयेला प्राणीयो नीच अने उंच स्थनकोने विषे उत्पन्न थाय ठे. ते एवीरीतें केः—क्यारेंक नरकमां, क्यारेंक स्वर्ग लोकमां, क्यारेंक मनुष्य पणामां, क्यारेंक तिर्यंच पणामां उत्पन्न थाय ठे. वली पृथिवी, अप्, अग्नि, वायु, तेने विषे, वनने

विषे. द्वींद्रियादिकने विषे पण उत्पन्न थाय ले. पाबा वली तेज जीवो राजा, रंक, बुध, मुर्ख्य, निर्धन, सधन, धर्मिष्ठ, अधर्मिष्ट, सुनाग्य, दौर्नाग्य, नोगी, कृपण, सुखी, डुःखी, पुण्यवान, अपुण्यवान्, सुरूप, कुरूप, खल, सज्जन, सुस्वर, डुःस्वर, कीर्त्तिमान, अपकीर्त्तिमान, ब्राह्मण, चांमाल, मूक, अंध, बधीर, पंगूल, ठुंग, कुष्टी, वगेरेमां पोताना सारा नरसा कर्मने अनुसारें उत्पन्न थाय ले. एम जीवो विविध प्रकारें संसारमां पर्यटन करे ले. तेमां पण केटलाएक डुर्बोधथी दिङ्मूढ एवा थका कुमतरूप डुर्दशामां फस्या करे ले. केटला एक जीवोने तो धूर्त्तलोको कुयोनिरूप कुंममां पाडी दीये ले. परंतु नवनने विषे मोक्षमार्गना उपदेशको ज्ञानी गुरु तो पुण्यना योगथीज मले ले, तेमाटे ते सद्गुरुना लानने माटे सर्व सुज्ञनव्य प्राणीयोयें यत्न कस्त्राज करवो.

आ प्रकारनी श्री तीर्थंकरनी देशना सांनली ते रत्नशिख राजायें कह्युं के महाराज! में ते शुं पूर्वजन्ममां सुकृत कर्युं हशे? के जे कांइ सुख ले, ते प्रयास कर्या विना अणधार्युं पोतानी मेलेंज प्राप्त थाय ले? त्यारें तीर्थंकरें कह्युं के हे नद्रकजन! पूर्व नवने विषे तें पंच परमेष्ठीना नमस्कारनुं स्मरण कर्युं हतुं, तेना प्रनावथी तुं आ सर्व महासुखनो नोक्ता थयो बो. हे नाइ! पंच परमेष्ठीना नमस्कारथकी तथा तेना जपथकी सम्यक्त्वज्ञान प्राप्त थाय ले. अने सम्यक्त्वथी विरति थाय ले अने विरतिथकी मोक्ष प्राप्त थाय ले, मोक्षथकी अक्षय सुख प्राप्त थाय ले. वली संसारने विषे जे अत्युत्तम फल ले, ते पंच परमेष्ठिना नमस्कारनुं अल्पमां अल्प फल जाणवुं. वस्तुततस्तु चिदानंदसुखप्राप्तिरूप जे फल, ते पंच परमेष्ठीना नमस्कारनुंज फल जाणवुं. आ प्रकारें श्री तीर्थंकरें कहेलो पोतानो पूर्वजन्म सांनली ते रत्नशिख राजाना तुरत रोमांच उना थयां, अने अत्यंत खुशी थयो. एवी रीतें बोध पामेला एवा ते रत्नशिख राजायें, पोताना पुत्रने राज्य सोंपी, तीर्थंकरनी समीप आवी नावें करी चारित्रने ग्रहण कर्युं. पबी क्षपक श्रेणिपर चढी, केवलज्ञान उत्पन्न करी घणो काल पृथिवीने विषे विहार करी, क्रमें करी मोक्ष सुखने प्राप्त थयो. आ प्रकारनो पंच परमेष्ठीना स्मरणफल विषे रत्नशिख राजानो इतिहास सांनली धर्माराधनने विषे रसिक, एवो देवरथ कुमारनो पिता जे विमलकीर्त्ति राजा, ते पोताना देवरथ कुमारने राज्य सोंपी समस्त जिन

चैत्यने विषे अष्टाह्निक महोत्सव करी मोहोटा वैराग्य युक्त थयो थको गुरुनी समीप जइ चारित्रने ग्रहण करतो हवो.

हवे ते देवरथ कुमार राजगादीपर बेसवाथी जेम कोइ देव शोभे, तेम शोभवा लाग्यो. तदनंतर कृतज्ञपणाथी ते विचारवा लाग्यो के संतुष्ट थयेला एवा मारा पितायें मने समग्र लक्ष्मी सोंपी छे, तो मारे पण कोइ एक उत्तम पात्र जोइने ते लक्ष्मी आपी देवी जोइयें? आ प्रमाणें गइ छे संसारमांथी प्रीति जेने अने सम्यक्त्ववान्, अणुव्रत, गुणव्रत, शिक्षाव्रत, तेणे युक्त एवो ते देवरथ राजा, रत्नावलीनामा पोतानी स्त्रीयें सहित त्रणे वर्गने एटले धर्म, अर्थ अने काम, तेने सारी रीतें साधतो, जिनमतने विषे अत्यंत प्रीति धरतो थको उत्तम राज्यने करवा लाग्यो. पछी तेणे अनेक जिनप्रासाद कराव्यां, अने जिनजीनी प्रमाउ पण अनेक निर्माण करावी. दर्शननी विशुद्धिने माटे घणी रथयात्रा करावी. पछी चतुर्विध संघें युक्त एवा ते देवरथ राजायें घणीक तीर्थयात्रा करी, अनेक साधर्मीयोनो समुद्धार कर्यो अने जिनशासनना दुशमनोनो पराजय कर्यो, पोताना देशमांथी सात व्यसनो कढावी नाख्यां. ए प्रकारें राज्य पालता अने सद्धर्ममां चालता एवा देवरथराजाने क्रमें करी रत्नावली स्त्रीना उदरथकी धवल नामा एक पुत्र प्रगट थयो. ते ज्यारें उम्मरलायक थयो, त्यारें तेने राज्य सोंपी वीर्यांतराय कर्मथी चारित्र ग्रहण करवानें असमर्थ होवाथी चतुर्विध संघनुं पूजन करतो, पोषध अने आवश्यक क्रियामां ते निरत थयो ॥ यतः ॥ तपःशुष्कदेहो मृतोमंदमोहो, वरोऽभूत्सुरश्चानते देवलोके॥सुरत्नावली श्राविका चारु मृत्वा, प्रधानोऽभवन्निर्जरस्तद्विमाने ॥ १ ॥ समराण्युषितौ तत्र, संपूर्णैकोनविंशतिः ॥ दिव्यभोगर्द्धि संयुक्तौ, सुप्रीतौ सुहृदौ सुरौ ॥ २ ॥ अर्थः—तपें करी शुष्क जेनुं शरीर छे, मंद थइ गयो छे मोह जेनो एवो ते देवरथ राजा, अनशन व्रतथी मरण पामी आनतनामा देवलोकने विषे श्रेष्ठदेव थयो. तथा तेनी स्त्री रत्नावली नामा श्राविका पण उत्तम अनशन व्रतथी मरण पामी, तेज देवलोकने विषे उत्तम देवता थइ. त्यां बेहु देवता, दिव्य ऋद्धिनें भोगवनार अत्यंत परस्पर प्रीतिवाला थइ, मित्रपणे रही तेणे संपूर्ण उगणीश सागरनुं आयु भोगव्युं. ए पृथ्वीचंद्र अने गुणसागरना चरित्रने विषे रत्नशिख कथान्वित

देवरथ नृपतिश्राद्धधर्मपालनरूप चतुर्थसर्ग समाप्त थयो ॥ ४ ॥ इति आहिं पृथ्वीचंद्र अने गुणसागरना आठ नवनो संबंध संपूर्ण थयो ॥ ७ ॥

अथ

॥ पंचमसर्गस्य बालावबोधः प्रारभ्यते ॥

हवे आ जंबुद्वीपने विषे महाविदेह नामा क्षेत्रमां पुष्कलाविध सातमा विजयने विषे प्रशस्त वस्तुयें करी युक्त अने उत्तम, एवी शिवा नामा नगरी छे, जे नगरीने विषे त्यांना रहेवासी जनोना घरना आंगणामां जडेला चंद्रकांत मणियो, रात्रिने विषे पडता चंद्रकिरणना योगें करी उष्णकालने शीतकालनी समान करे छे. अने शीत कालने विषे त्यांना रहेवासी जनोना घरना आंगणामां जडेला अर्कमणियो दिवसमां पडता सूर्य किरणना योगें करी शीतकालने उष्णकाल समान करे छे. ते नगरीने विषे पोताना प्रतापें करी नाश कर्युं छे रिपुसैन्य जेणें एवो सिंहसेन नामा महिपति राज्य करे छे. तेमनी उत्तम गुणयुक्त शोभायमान प्रियंगुमंजरी नामा पट्टराणी छे. हवे पूर्वोक्त रेवरथ कुमारनो जीव जे आनत देवलोकमां देवता थयो हतो, ते त्यांथी च्यवी, सिंहसेन राजानी प्रियंगुमंजरीना गर्भने विषे पुत्रपणायें करी उत्पन्न थयो, ज्यारें ते गर्भे रह्यो, त्यारें ते प्रियंगुमंजरीयें स्वप्नमां पूर्णचंद्रने दीठो, के तुरत ते जागी गइ, अने तेमना स्वामी पासें आवी ते स्वप्ननी वात कही. ते सांभली सिंहसेन राजायें कह्युं के हे प्रिये! तमोने पूर्णचंद्रमा समान उत्तम पुत्र उत्पन्न थाशे ? ते सांभलीने राणी हर्षायमान थइ. पछी राजायें तथा राणीयें ते गर्भनुं पोषण करवा मांड्युं. प्रशस्त पुण्यें करी तथा उत्तम दोहदोयें करी युक्त एवा पुत्रने ते राणीयें प्रशंसनीय समयने विषे उत्पन्न कर्यो. त्यारें राजायें घणुंक द्रव्य वावरीने पुत्रजन्मनो महोत्सव कर्यो. कारागृहमांथी केदीयोने छोडाव्या अने पोताना घरनुं शोधन पण कराव्युं, पछी बारमे दिवसें, गर्भ रह्यानी वखतें स्वप्नमां जोयेला चंद्रना अनुसारें सकल स्वजननी समक्ष, ते पुत्रनुं 'पूर्णचंद्र' एवुं नाम पाड्युं, अनुक्रमें ते पुत्र धावमातायें पालन करेलो, तथा लाडलडाव्यो थको कलाउना समूहथी युक्त, तारुण्यरूपसमुद्रने उदित चंद्र जेवो थयो. एटले चंद्रने जोइ समुद्र जेम आल्हादित थाय, तेम पूर्णचंद्रने जोइ तारुण्य समुद्र अल्हादित थयो. हवे ते

चंद्रमा जड छे, अने आ पूर्णचंद्र पुत्र तो जड नथी. एटलुं ए पुत्रमां आश्चर्य छे. वली कलाभ्यासनो व्यसनी, प्रश्नोत्तरादिक क्रीडानो करनार, लौकिक क्रीडानो त्यागी. उत्तम प्रस्तावोयें करी आनंदी मृगयामां, द्यूतकथामां, तथा वारांगनाउनां गीत गान श्रवण करवामां तृषावान्, मद्यमांसादिकना तो नामने पण न सहन करनार, सज्जन पुरुषनो संगी, दुर्जनजननो त्यागी, माता पितानी जक्तिने करनार, चंद्रनी समान शीत गुण युक्त, सूर्यसमान प्रतापी, राजनीतिमां विद्वान्, सुखांबुधिने विषे मग्न, एवो ते पूर्णचंद्रकुमार, सुखें करी रहे छे.

हवे ते पूर्वोक्त देवरथ कुमारनी स्त्री रत्नावलीनो जीव, ते आनत देवलोकमांथी च्यवीने जेमां देवरथ कुमारनो जीव पूर्णचंद्र कुमार नामें प्रगट थयो छे, तेज नगरने विषे प्रियंगुमंजरीना जाइ विशालाख्य सामंतनी जया नामनी स्त्रीना उदरने विषे पुत्रीपणायें उत्पन्न थयो. ते कन्या ज्यारें गर्जमां रही, त्यारें तेनी मातायें स्वप्नमां पुष्पनी माला दीठी हती, तेथी तेनुं नाम पुष्पसुंदरी एवुं पाड्युं. हवे अनुक्रमें ते महोटी थवा लागी, त्यारें कामीने क्रीडा करवाने वनरूप एवुं यौवन प्राप्त थयुं. ते जेम केः– श्लोक ॥ वक्त्रं चंद्रविडंबि पंकजपरीहासे क्षमे लोचने, वर्णः स्वर्णमपाकरिष्णुरलिनी जिष्णुः कचानां जयः ॥ वक्षोजाविजकुंजविभ्रमधरौ, गुर्वी नितंबस्थली, वाचां हारि च मार्दवं युवतिषु स्वाजाविकं मंमनम् ॥ १ ॥ अरोषणा च सरला, मृद्वंगी सतृपा स्थिरा ॥ कलासु कुशला बाला, विनीता च विवेकिनी ॥ २ ॥ अर्थः– जेने जोइने चंद्रनो पण उपहास करवो पडे, एवुं मुख, जेने जोइने कमलनो परिहास करवो पडे, तेवां बे नेत्रो, सुवर्णना वर्णने पण जीते तेवो शरीरनो वर्ण अने भ्रमराउनी पंक्तिने पण तिरस्कार करे जीते, तेवो केशपास, हस्तीना गंमस्थलनो पण विभ्रम थाय, एवा बे पयोधर, महोटो एवो नितंबजाग, मनने हरण करे एवी मृडुल वाणी, ए सर्व, उत्तम युवतीजनने विषे स्वाजाविकज जूषणो छे ॥ १ ॥ वली पण कहे छे के, उत्तम युवती स्त्री, रोष रहित, सरल, लज्जायुक्त, मृडुअंगवाली, स्थिर, कलाउमां कुशल, विनीत, अने विवेकी होय छे ॥ २ ॥ हवे एक दिवसने विषे ते पुष्पमंजरी कन्या, वसंतऋतु आववाथी पोताना पितानी आज्ञा लइने, सखीवर्गोयें युक्त मनोहर एवा पुष्पोद्यानने विषे क्रीडा करवा माटे गइ. ते उद्यानने विषे पुष्प अने फलोयें करी युक्त एवा

आम्रवृक्षो अत्यंत शोजे बे ॥ यतः ॥ सकुसुमसहकाराः पुष्पिताशोक नागा, विकसितवनमाला माधवीदिव्यगंधः ॥ जनयति मदरागं कोकिलाशब्दितं च, प्रवरपुरुषसेव्यो वर्त्तते श्रीवसंतः ॥ अर्थः– जे वसंत ऋतुमां सहकारना वृक्षो ते कसुमयुक्त थाय बे, अशोकवृक्ष अने नागवृक्ष पुष्पित थाय बे, सर्ववननी पंक्तियो विकसित थइ जाय बे, अने मोघरानो दिव्य गंध प्रसृत थयाज करे बे, कोकिलना शब्दो मद अने रागने वधारे बे, माटे ते वसंतऋतु प्रवरपुरुषोने सेवन करवा योग्य बे. हवे त्यां शृंगार युक्त वाणीयें करी ते पुष्पमंजरीने पोतानी सखीयो वसंतनी शोजा बतावे बे. ते जेम केः– हे सखि ! जो. वसंत ऋतुरूप पतिने प्राप्त थइने आ वनराजिरूप स्त्रीयो केवी शोजे बे ? जो. पुन्नागना वृक्ष साथें आ वींटाइ गयेली एवी नागवल्ली केवी शोजे बे? तेम पुन्नाग वृक्षपण नाग वल्लीने मलवाथी केवो शोजे बे ? तेम हे सखि! नर, अने नारी पण परस्पर मलेथीज शोजे. तेवी रीतनी सखीनी वाणीथी पण शृंगारवृत्तिथी विरहित एवी ते, बहिर्वृत्तियें करी वननी शोजाने जोतीथकी मोघरानी वेलना मंमपने विषे वीणाना विनोदनो प्रारंज करवा लागी. तेवामां एज अवसरने विषे एज उद्यानमां मित्रोयें परिवृत एवो पूर्णचंद्र कुमार पण क्रीडा करवाने आव्यो. ते त्यां वीणाविनोद करती एवी राजकन्या जे पुष्पसुंदरी तेनी दृष्टियें पड्यो. त्यारें ते वखत कामदेवनो मित्र जे वसंतऋतु तेना समय होवाथी, पोतानी युवावस्थाना अतिविशमपणाथी, अने पूर्णचंद्र कुमारना अत्यंत स्वरूपथी तथा पूर्वजन्मना अतिस्नेहथी, ते पुष्पसुंदरीना मनरूप मर्मस्थानने विषे बाणनी पेरें अकुंठित एवो ते कुमार लाग्यो, के तुरत स्वेदयुक्त अंगवाली तथा मिलितनेत्रयुक्त थइ विचेतन जेवी थइ गइ. ते जोइने तरत सखीयें पवनथी तथा शीतांबुथी तेने सावधान करी, त्यारें ते सखीयोने पुष्पसुंदरी पूबवा लागी के हे सखि! लावण्यामृत सागर, युवान, जे पुरुष देखाय बे, ते कोण बे ? शुं कामदेव बे ? के सूर्य बे ? सुर बे ? के कोइ विद्याधर बे ? त्यारें सखीयोयें कह्युं के हे सखि ! तें कामदेव अटकल्यो पण ए कामदेव तो बेज नहि. कारण के कामदेव जे बे, ते तो अंगरहित बे, तेथी तेने लोको अनंग कहे बे, अने आ तो अंगवालो बे. वली तें एने सूर्य अटकल्यो, परंतु ते सूर्य पण नथी, कारण के सूर्य तो तपनशील बे,

अने आ पुरुष तो सौम्यगुण युक्त छे एटले शीतल देखाय छे. वली एने सुर अटकल्यो तो ते सुर नथी कारण के सुर तो निमेषोन्मिष रहित चक्षुवालो शून्य होय छे, अने आ तो चंचल नेत्रवालो तथा विचक्षण छे. वली तें एने विद्याधर अटकल्यो परंतु ते विद्याधर पण नथी. कारण के विद्याधर जे छे, ते तो आकाशमां गमन करे छे, अने आ पुरुष तो पृथ्वीमांज उन्नो रह्यो छे. ते केवो छे, ने कोण छे, ते हुं कहुं छुं, सांजल ॥ यतः ॥ सौम्यत्वं शशिनो गजीरिमगुणं वार्द्धेः प्रतापं रवे, स्त्यागं वित्तपतेः प्रजुत्वममराधीशात् स्वरूपं स्मरात् ॥ माधुर्यं त्वमृतात् बलं मृगपतेर्लीत्वा बृहच्चातुरीं, धैर्यं मेरुगिरेः किमेष विहितः सन्मेधसा वेधसा ॥ १ ॥ अर्थः—चंद्रमाथकी गांजिर्य, सूर्यथकी प्रताप, कुबेर थकी द्रव्यत्याग, इंद्रथकी प्रजुता, कामदेवथकी स्वरूप, अमृतथकी माधुर्य, सिंह थकी बल, तथा मोहोटुं चातुर्य, मेरुपर्वतथकी धैर्य, ते सर्वने ग्रहण करीने बुद्धिमान् एवा विधातायें शुं आ पुरुष निर्माण कस्यो हशे? अर्थात् पूर्वोक्त सर्वे गुणो आ पुरुषमां देखाय छे ॥ १ ॥ माटे जाजुं शुं कहियें परंतु हे सखि! शिवा नगरीने विषे सिंहसेन नामा राजा छे, तेना कुलरूप अंबरने प्रकाश करनार चंद्र समान आ पूर्णचंद्रनामा पुत्र छे, ते तमारी फइनो पुत्र थाय छे. ते वचन सांजलीने तुरत अत्यंत उत्सुक थयेली पुष्पसुंदरी कहेवा लागी के हे सखि! तारुं कहेवुं खरुं छे. मुक्तासमान बीजा पुरुषोमां आ पुरुष, रत्नसमान देखाय छे. आ पुरुषना गुणो पासें अन्यजनना सर्व गुणो कलंकित थइ गयेला छे, एम कह्युं, तेवामां तो तेनी अशोकनामा सखी हसीने कहेवा लागी के हा, निश्चें आ पुरुष गुणमय छे. कारण के हमणांज आ प्रिय सखी जे पुष्पसुंदरी तेणें पोताना कटाक्षोयें करी तेनां सर्व अंगोने देखी लीधां. ते सांजली पुष्पसुंदरीयें विचार्युं जे मारो अजिप्राय आ सर्वसखीयोयें जाणी लीधो देखाय छे? एम विचारी लज्जायुक्त थइने सखियोने कहेवा लागी के हे सखियो! हवे सर्व वात जावा द्यो. विलंब लगाडो मां. क्रीडानो त्याग करीने आपणे जलदी घेर जइयें? कारण के माताजी आपणी वाट जोतां हशे? त्यारें सुदता नामा कन्यायें कह्युं के हे सखि! चालो. पण आ पूर्णचंद्रकुमार तो आपणी समीपमांज उन्ना छे, माटे तेने बोलावीने सूक्तवार्त्ताथी तेनो सत्कार करियें, पछी जायें, नहिं तो आपण सर्वेने ते अविनयी जाणशे? एवां सुदता सखीनां यथायोग्य वाक्यो सांजली लज्जायुक्त

थइने ते पुष्पसुंदरीयें मंदस्वरथी कह्युं के त्यारें तमोने जे योग्य जासे, ते करो. पढी ते सखीयें विनयें करी धीर स्वरथी पूर्णचंद्रने बोलाव्या, के तुरत ते त्यां आवी तेज स्थलने विषे बेठा. अने दृष्टियें करी काम कदली जेवी ते कन्याने जोइ ने कुमार घणोज विषयथी विरक्त ढे, तो पण सराग थइ गयो. ते वखत त्यां रहेला सहुने ते कन्या तथा कुमार प्रीतिने उत्पन्न करतां हवां. हवे पुष्पसुंदरीयें हाथमां वीणा लीधी ढे, तेथी पूर्णचंद्र कुमारें जाण्युं जे अहो आ सुंदरी वीणावाद्यमां कुशल देखाय ढे ? एम जाणी विद्यानो विनोदी ते कुमार, कहेवा लाग्यो के हे सुंदरि ! अमारा मनना विनोदने माटे जरा ए वीणा तो वगाडो ? ते वचन सांजली सुदता सखी कहेवा लागी के हे कुमार ! तमारा दर्शनथी क्षोज पामेली ते कन्याने वगाडवानी लज्जा आवे ढे. माटे ते वगाडवाने उद्युक्त थाती नथी, तेथी ते वीणाने आपज बजावो. जेथी अत्रत्य सहु विनोद पामे ? एम कहीने सुदतायें पुष्पसुंदरीना हाथमांथी वीणा लइ पूर्णचंद्र कुमारना करमां आपी. ते वीणाने हाथमां लइ, स्नेहें सहित तेनो स्पर्श करतां कुमारने अशोकनामा बीजी सखी कहेवा लागी, के अहो कुमार ! सरल, सुगुण, शुद्ध, वांसडामांथी उत्पन्न थयेली, मधुरस्वरवाली, प्रवर एवी आ वीणा आपना कराग्रमांज शोजे ढे. आ वचनथी ते सखीयें अन्योक्तिथी समजाव्युं के पुष्पसुंदरी तमारी पासें ढे ते पूर्वोक्त सर्व गुण संपन्न ढे, एम अशोका सखियें कहेली अन्योक्ति सांजली मस्तक धुणावी, पूर्णचंद्रकुमारें ते वीणा वगाडीने तत्रत्य सर्व कन्याउनां तथा मनुष्यना चित्तने आकर्षण करी लीधां. एवो प्रसंग ज्यां चाले ढे, तेवा समयमां तो ते पुष्पसुंदरीनी धावमाता ते कन्याने तेडवा आवी. अने ज्यां जुवे ढे, त्यां तो समान वयवाला अने सर्व गुणसंपन्न ते राजकुमारने कन्यापासें वीणा वगाडतो जोयो, तेथी ते धावमातायें कह्युं के हे कुमार! आ सर्व प्रसंग थाय ढे, ते तो घणोज उत्तम थाय ढे, कारण के बेहु तमें वयथी अने गुणोथी योग्यज ढो ? तेम कुमारने कहीने पाढी कुंवरीने कहेवा लागी के हे वत्से ! तमाराविना तमारी माता जोजन करतां नथी, माटे जलदी चालो. एम कहीने ते पुष्पसुंदरीने केवल शरीरथी घेर तेडी लावी, परंतु तेनो जीव तो ते पूर्णचंद्रमांज जराइ रह्यो. कारण के घेर आवी तेणे जोजन पण बराबर कर्युं नही. त्यारें तेनी

मातायें सखीयोने पूछ्युं के आ पुष्पसुंदरी आम विकलमनवाली केम थइ गइ छे? त्यारें सखीयोयें उद्यानगत सर्ववार्त्ता कही देखाडी. पछी ते राणीयें तेना मननी विश्रामनू एवी एक प्रियवंदा नामा सखी हती तेने कुंवरीनी आश्वासना तथा हृच्छांति करवा माटे मोकली. ते पण कुंवरी पासें जइने आ प्रमाणें कहेवा लागी के हे प्रियसखि! चंद्रनी एक कलाथी मनुष्यमात्रने शांति थाय छे, तो तुने पूर्णचंद्रथी पण केम सुख नथी थातुं? अर्थात् अन्योक्तियी कहे छे, के तमने पूर्णचंद्र कुमार मल्यो, तो पण शांति केम थाती नथी? ते कहो. त्यारें पुष्पसुंदरीयें कह्युं के मारुं मन जेम योगिणीना योगें भ्रमित थाय, तेम थइ गयुं छे, माटे तुं मारा मननी अधिष्ठायिका सखी छो, तेथी कांइक उपाय कहे, के जेणे करी म्हारा मनने निवृत्ति थाय? ते सांभलीने प्रियंवदा सखी कहेवा लागी के, जे में वृत्तांत सांभल्युं छे, ते हुं कहुं छुं, ते सांभलो. आपणने जे समयें पिताजीयें वसंत जोवा जवानी रजा आपी, अने त्यां वली पाछा पूर्णचंद्र कुमार आव्या, तेमां तो एक सुखदायक वृत्तांत बन्युं छे, ते सांभलो. गइ कालें सवारें तमारो पिता विशाल जे छे, ते तेनी बहेन प्रियंगुमंजरी पासें आवीने कहेवा लाग्यो के हे बेहेन! आ तमारो पूर्णचंद्र कुमार अने मारी पुष्पसुंदरी ए बेहुनो विवाह जो थाय, तो घणुंज योग्य थाय, मुकुटने मणियें जडीयें ने जेम शोभा आपे, तेम ते बेहुना लग्न शोभे? परंतु एक मोहोटुं दुःख छे, के ए बेहुने परस्पर राग विकार कांइज देखातो नथी अने तेनी पासें जो तेना विवाहनी वात आपणे करीयें छैयें, तो तेने ते वात पण बिलकुल रुचती नथी. हास्य, विनोद, के शृंगारकेली तेने गमती नथी. तेम कोइनी काम क्रीडाथी ते प्रसन्न थातां नथी. तथा शृंगार रसमां पण राजी थातां नथी, एटलुंज नहिं परंतु ते सामी शृंगारनी निंदा करे छे. माटे हे बेहेन! ते बेहु जणनी परस्पर प्रीति विना आपणी इच्छाथी जो विवाह करीयें तो ते, पछी हृदयमां शल्यनी पेठें खटक्याज करे? वली कदाचित् बेहुनी सरखी प्रकृति छे, माटे बेहुने परस्पर प्रेम थाय तो थाय पण खरो, तेथी मारो मत तो एम छे, के आपणे तेने परस्पर मुखदर्शन करावीयें? आवां वचन पोतानां भाइ विशालसामंतनां सांभली तेनी बेन कहेवा लागी के हे भाइ! तमारुं जेवुं नाम विशाल छे,

तेवी बुद्धि पण विशालज छे, अर्थात् जेवुं तमारुं नाम छे, तेवाज तमारामां गुण पण दीठामां आवे छे,

हे सखि ! एम कहीने पछी तमारा पितायें तमने तथा प्रियंगुमंजरीयें तेमना पुत्र पूर्णचंद्रने परिवार सहित वसंत ऋतुनी शोभा जोवाना मिषें उपवनमां मोकल्यां हतां. तेथी तमारी बेहु जणनी परस्पर मनोवृत्तिने जाणी लीधी. तेमां धारेला मनोरथ पार पडवाथी तमारा तथा पूर्णचंद्रनां माता पिताने अत्यंत हर्ष उत्पन्न थयो छे. तेम तमो अने पूर्णचंद्र पण अत्युत्साहित थयेलां देखाउ छो. ए प्रमाणें सखियें सर्वे वात कही. हवे जे प्रमाणें ते सखीयें हकिगत पुष्पसुंदरीने कही, तेज प्रमाणें पूर्णचंद्रना सखायें पुष्पसुंदरीथी मोहित थइ दुःखित थयेला ते पूर्णचंद्रने सर्व हकिकत कही संभलावी. तेथी बेहु जण मनमां संतोष पामी सुस्थिर थइने परस्पर एक बीजाना ज्ञान जोवाने तत्पर रहेतां थकां दिवस निर्गमन करवा लाग्यां. पछी विशालसामंतें प्रशस्त दिवस तथा वार जोइने पोतानी बहेन प्रियंगुमंजरीना पुत्र पूर्णचंद्रसाथें पोतानी पुष्पसुंदरी नामा कन्यानुं वेसवाल कर्युं.

सिंहसेन राजायें पण गीत, वाजित्र, दान, सन्मान पूर्वक पोताना पुत्रनां पुष्पसुंदरी साथें लग्न कर्यां. तेने जोइने आखा नगरनां लोको कहेवा लाग्यां के अहो! विवाह घणोज उत्तम थयो. वरवधूनुं जोडुं पण जेवुं जोइयें तेवुंज उत्तम मल्युं. एम विवाह थया पछी पोतानी स्त्री पुष्पसुंदरी साथें स्वर्गविमान समान घरने विषे रही सुख भोगवतो ते पूर्णचंद्र कुमार दिवस निर्गमन करवा लाग्यो. एम करतां एकदिवस सभा भरीने पूर्णचंद्रनो पिता सिंहसेन राजा बेठो हतो, तेवामां कोइक वनपालकें आवी नमन करी कह्युं के हे राजन! हालमां पुष्पशाल वनने विषे घणा गुणोयें युक्त, रूपवानने विषे पण अति रूपवान् घणा लावण्य गुणवाला, सौंदर्य युक्त, जाणे मूर्त्तिमान् धर्मज होय नहिं? एवा, मुनिवृंदना इंद्र श्रुतसुंदर नामा सूरींद्र पधारेला छे. ए वचन सांभलतांज हर्षोत्कर्षथी प्रफुल्लित छे रोमकूप जेना एवा ते सिंहसेन राजायें वनपालकने वधामणीमां घणुंक द्रव्य आप्युं. पछी पुत्र दारादिक सर्वेने साथें लइने महोटा आडंबरथी गुरुपासें जइने यथाविधि प्रणाम करी हर्षें करी ते गुरुनी देशना सांभलवा माटे

गुरुनी समीपमां बेठो. गुरुजीयें पण तेमनी योग्यताने जाणी देशना देवानो आरंभ कर्यो.

हे भव्यजनो ! जन्म, जरा, मृत्यु, तेना भयें करी व्याप्त अने दुर्गतियें करी भयंकर एवा आ संसारने विषे अनंतकाल पर्यंत स्वकृत पापोयें तमो महा दुःखने प्राप्त थाउ छो, तो पण हजी सुधी तमोने कांइ वैराग्यज थतो नथी. अने धर्मने विषे निरुद्यमी थया थकाज रह्या छो. माटे महेनत लइने पण तमो आ उत्तम आर्हत् धर्मने विषे उद्योगी थाउ. बीजा सर्व कार्यमां प्रमाद करो ते तो ठीक, पण धर्ममां प्रमाद करवो, ते उचित नहिं. कारण के प्रमादसमान जगत्मां कोइ शत्रु नथी ॥ यतः ॥ मज्जं विसय कसाया, निद्दा विगहा य पंचमी भणिया ॥ ए ए पंच पमाया, जीवं पाडंति संसारे ॥ १ ॥ अर्थः– एक मद्य, बीजो विषय, त्रीजो कषाय, चोथी निद्रा, अने पांचमी विकथा कहेली छे, ते पांच प्रमादो, जीवने संसारमां पाडी नाखे छे. अने हे भव्यजनो ! धर्मसमान आ जगत्मां बीजो कोइ मित्र नथी ॥ यतः ॥ धर्मोमंगलमुत्तमं नरसुरश्रीभुक्ति मुक्तिप्रदो, धर्मः स्निह्यति बंधुवद्दिशति वा कल्पद्रुवद्वांछितम् ॥ धर्मः सद्गुण संगमे गुरुरिव स्वामीव राज्यप्रदो, धर्मः पाति पितेव वत्सलतया मातेव पुष्णाति च ॥१॥ अर्थः–धर्म जे छे, ते उत्तम एवा मंगलने, तथा ते धर्म नरत्व, सुरत्व, श्री, भुक्ति, अने मुक्ति, तेने देवावालो छे, वली धर्म जे छे, ते सगा मनुष्यनी पेठें स्नेहने आपे छे तथा कल्पद्रुमनी पेठें वांछित फलने पण आपे छे. वली ते धर्म, सद्गुणना संगमने विषे गुरुसमान छे, अने राज्य देवाने विषे स्वामी सरखो छे अने पितानी पेठें रक्षण करे छे. ते धर्म, वात्सल्यथी जेम पुत्रनुं रक्षण माता करे, तेम जीवनुं रक्षण करे छे.माटे जीवें धर्माराधन जरूर करवुं. अने सेवन करेलो प्रमाद जेम जीवनें अत्यंत दुःख आपे छे, तेम सेवन करेलो धर्म, जीवने चिंतामणि अने कल्पवृक्ष समान सुखने देनारो थाय छे. जेम कोइ प्रमादी जन, बलता घरने विषे तथा अगाध पाणीने विषे प्रमाद करी सुइ रहे छे, तथा घरमांथी सर्व वस्तुनी चोरी थाय छे, ते जाणे छे, ते छतां पण सुइ रहे छे, पोतानुं अरिमंडल पोता पर प्रहार करे छे, तो पण विश्वास पामी उभो रहे छे, तेमज जे पुरुष संसारावर्त्तमां पड्यो थको धर्ममां प्रमाद करे छे, एम जाणवुं. वली जे

धर्ममां प्रमाद करे छे, ते प्राणीना पुरुषार्थो सर्व तैयार थयेला देखाता होय, तो पण ते तेमज नाश थइ जाय छे. अने धर्मवान् पुरुषना नहिं धारेला पुरुषार्थो, प्रयास विना स्वतः सिद्ध थइ जाय छे ॥ यतः ॥ तारं किंकणिहारनूपुरभरैरंतःपुरं भन्यते, सीत्कारैर्विकटाघटा करटिनां हेषारवा ढयाहयाः ॥ एकं छत्रमिहोत्कटोरुकटकं राज्यं च निष्कंटकं, यस्मात्सत्रिदिवं शिवं भजत भोस्तं धर्ममत्यादरात् ॥ १ ॥ अर्थः—हे भव्यजनो! जे धर्मना प्रतापथी किंकणी युक्त कटिमेखला तथा मुक्ताना हारो तथा शब्दाय मान नेपूरो, तेणे करी स्वछ एवी स्त्रीयो, सीत्कारोयें करी भयंकर एवी हस्तीयोनी घटाउ, हेषारव करता एवा अश्वो, जेने विषे मदोन्मत्त अने महोटा सैन्यो छे, एवुं एक छत्र अने निष्कंटक राज्य, स्वर्ग अने मोक्ष, ते सर्व प्राप्त थाय छे. तेवा धर्मनुं तमो अति आदरें करी आराधन करो. हे भव्यजीवो! आ संसारने विषे धर्म करवानी सामग्री मलवी घणीज डुर्लभ छे. ते जेम केः— प्रथम तो मनुष्यपणुं डुर्लभ छे, तेमां पण वली आर्यक्षेत्र मलवुं डुर्लभ छे तेमां पण पाछुं विशुद्ध कुल मलवुं डुर्लभ छे. तेमां पण वली शुद्ध जाति मलवी डुर्लभ छे. तेमां वली दीर्घ आयुष्य प्राप्त थावुं डुर्लभ छे, तेमां पण रोग रहितता थवी डुर्लभ छे. तेमां वली आचार्यनो संयोग थवो डुर्लभ छे. तेमां पण सुबुद्धि थावी डुर्लभ छे. तेमां पण तत्त्वनुं जे श्रद्धा न थावुं, ते डुर्लभ छे. तेमां पाछी विरति थावी, ते डुर्लभ छे. तेमाटे हे भव्यजनो! तमो धर्मनो उद्यम करो. आ प्रकारनी सुधाबिंडु समान गुरुनी देशना सांभलीने आचार्यना रूपथी व्याक्षिप्त जेनुं चित्त छे एवो ते पूर्णचंद्र कुमार, आचार्यने विनति करी पूछे छे, के हे भगवन्! आपनी शरीरनी कांति महोटा राजाना देहने तथा मोहोटा धनवानना देहनी सूचना करे एवी देखाय छे? तो वली आपने आवा यौवन वयमां पण व्रतादिकरूप कष्टने देनारुं वैराग्य थवानुं कारण शुं छे? त्यारें गुरु कहेवा लाग्या के हे कुमार! तुं आ संसारमां पगले पगले प्रत्यक्ष वैराग्यज देखे छे, तो पण वैराग्य थवानां कारण माने शामाटे पूछे छे? यतः॥ भुंजिरन् राज्यलक्ष्मीः कति कति सुखिनः केपि सर्वर्द्धियुक्ताः, सेवां कुर्वंति तेषां सततपरवशा रज्जुबद्धाइवान्ये ॥ केचित्कल्पद्रुकल्पास्त्रिजगदभिमताः स्वोदरापूरिणोऽन्ये, केचित्सौभाग्यभाजो वरतरुणिवृताः केऽपि दौर्भाग्य

दग्धाः ॥ १ ॥ यस्मिन् जन्मजराविपत्तिमरणाधिव्याधिशोकाः सदा, स्वेष्टा निष्टवियोगयोगसहनं रोधश्च कारागृहे ॥ तिर्यग्नारकसंभवानि च भवे दुः खान्यसंख्यानि चेद्भूयंते विषये मनो न कुरुते कश्चित्तदेकक्षणम् ॥ २ ॥ अर्थः— केटला एक सुखीया पुरुषो, राज्य लक्ष्मीने भोगवे छे. केटलाएक सर्व ऋद्धिवाला होय छे. बीजा केटला एक पुरुषो ते पूर्वोक्त सर्व समृद्धि वान् जनोना वशपणाथी रज्जुयें बांधेलानी परें सेवाने करे छे, केटला एक जनो कल्पद्रुमनी परें त्रण जगतना सर्व मनोरथने पूरे छे, अने केटलाएक जनो मात्र पोतानुं उदर पूरणज करे छे. केटलाएक श्रेष्ठ तरु णीयें वींट्या थका सौभाग्य भोगवे छे, अने वली केटलाएक पुरुषो दौ र्भाग्यथी दग्ध थाय छे ॥ १ ॥ जे संसारने विषे निरंतर जन्म, जरा, वि पत्ति, मरण, आधि, व्याधि, शोक, इष्ट अने अनिष्टना योग वियोगनुं सहनपणुं, कारागृहने विषे संरोध, तिर्यंच, नारकीनो छे संभव जेने विषे एवां असंख्य दुःखो भोगवे छे, ते दुःखो जो सांभल्यां होय, तो विषयने विषे एक क्षण पण मन आपवानी इच्छा थाय नहिं. तो पण हे पूर्णचंद्र कुमार ! मारे विशेष वैराग्य थवानुं जे कारण बन्युं, ते हुं कहुं छुं, ते सांभ लो. एम ज्यारें सूरियें कह्युं त्यारें तो सर्व सभ्यजनो सोत्कंठित थइ गयां. त्यार पछी मुनीश्वरें कहेवा मांड्युं केः—

आज विजयने विषे रत्नपुर नामा नगर छे. त्यां एक सुधन नामा श्रेष्ठी वसे छे, तेनुं जेवुं नाम छे, तेवाज तेना गुण छे अर्थात् सुधन एटले घणो द्रव्य पात्र श्रेष्ठी छे. तेनी लक्ष्मी समान लक्षणवाली लक्ष्मीनामा एक स्त्री छे, तेनो सुंदर नामा हुं पुत्र हतो, हुं ज्यारें यौवन युक्त थयो, त्यारें मारा पितायें मुने उत्तम कुलनी बत्रीश कन्याउ परणावी. उत्पन्न थयेला प्राणी जरूर मरणने तो पामे छे, तेज प्रमाणें कालना नियमथी मारां माता पिता मरण पाम्यां, तेना मरण दुःखरूप अनलथी तप्त थयेलो हुं गृहव्या पारनी चिंतामां निरत थयो ॥ यतः ॥ प्रियस्य विरहे कोपि, प्रव्रजेत् म्रियते न च ॥ शुष्यत्येवास्य हृदयं, प्रत्यहं पंकपिंमवत् ॥ १ ॥ अर्थः— पोताना प्रियनो विरह थवाथी कोइएक प्रव्रज्या ग्रहण करे, अथवा मरण पामे, नहिं तो तेनुं हृदय, कचरानो पिंम जेम तपता अग्निमां प्रतिदिवस पाकतो

जाय छे, तेम पाके छे. एम अत्यंत रागवान् हतो, तो पण हुं काळें करी निःशोक थयो. पछी मारी स्त्रीयो व्यनिचार कर्म करशे? एवा वेहेमथी ईर्ष्यायुक्त एवो हुं ते मारी स्त्रीयोने कोइनी साथें बोलवा दउं नहिं अने तेना पिताने घेर पण जावा दउं नहिं. अने मारे घेर सारा माणसोने आववानो पण में निषेध कस्यो. जाझुं शुं कहुं, मारे ज्यारें बाहार जावानुं काइक कार्य आवे, त्यारें हुं घरने दरवाजे तालुं दइने बाहेर जाउं? त्यां पण घणा डुर्विचारथी जाजी वार खोटी थाउं नही? तेम करवाथी निक्षुउयें तथा विशेषें करी जैन साधुउयें मारा घरनो साव त्यागज कस्यो. एक दिवस कोइक कार्यने माटे उत्सुक थयो थको हुं द्वारें तालुं दीधा विना एमने एमज उतावळथी बाहिर, गामना चोकमां गयो, तेवामां दैवयोगथी कोइक जैनमुनि मारे घेर वहोरवा माटें आव्या. तेने जोइने हर्षथी मारी स्त्रीयो कहेवा लागीयो के अहो! आज अमारो नाग्यकल्पडुम अंकुरित थयो? एम कहीने तेणे प्रणाम कस्यो. आसन अने परिग्रहने माटे मुनिने विनति करी. तेवारें मुनियें जाण्युं जे मारे आसन तो कल्पे नहिं, तो पण नावि लानने जाणनारा एवा ते मुनि, स्त्रीयोना लावी आपेला आसन पर बेठा, अने तेमणे धर्मनी देशना देवानो आरंन कस्यो. तेवामां हुं पण मारे घेर आव्यो अने दूरथी जोउं त्यां तो मारी स्त्रीयोयें परिवृत तथा रूपवान् एवा मुनिने जोया, जोइने मारा घरना द्वार पासें आवी छानो मानो उनो रह्यो. अने पछी विकल्परूप सर्पें मशेलो रोषरूप राक्सें ग्रहण करेलो डुर्बुद्धिरूप शाकिणीयें पीडित एवो हुं चिंतववा लाग्यो के अहो! आ मुनि केवो अधर्मी छे! वळी डुष्ट केवो छे! मारी स्त्रीयोनी साथें एकांतमां बेठेलो छे! तेमाटे तेना आठे अंगोने विषे पांच पांच लाकडीयोनो हुं प्रहार करुं! जेथी करी मारो कोप पण सफळ थाय! पण जरा हुं सांनळुं तो खरो जे मारी स्त्रीयोनी साथें ते शुं विचार करे छे! तेवी रीते विचार करीने छानो मानो ज्या हुं सांनळवाने उनो छुं, त्यां तो ते साधु धर्मोपदेश देवा लाग्या के हे धर्मशिलाउ! तमो यत्नें करी सावधान थइ सांनळो, सर्व एवा जीवोने जिन नगवाने धर्मनुं मूळ दयाज कहेली छे. तेमाटे ते दयाने विषेज माह्या पुरुषोयें यत्न करवुं. वळी जुवो. त्रणशें ने त्रेशठ पाखंमीना नेदो छे, परंतु तेमां कोइ पण दया

धर्मनी निंदा करता नथी. माटे ज्यां दया त्यांज धर्म छे. जेमां दयानुं आराधन थाय, तेज दान, तेज तप, तेज ध्यान, अने तेज पूजा, तेज क्रिया, ते विना सर्व व्यर्थज जाणवुं. ते दयाथीज धर्म चिरायु थाय छे. वली संपत्ति, आरोग्य, सौभाग्य, भोगसंगम, कीर्त्ति, सुगति, धृति, भक्ति, ए सर्व दयारूप कल्पवेलीनां फलो छे ॥ यतः ॥ दया स्वर्गस्य सोपानं, दया मोक्षस्य वर्त्तिनी ॥ दया च दुर्गतिद्वारे, पिधानं मुनिना कृतं ॥ १ ॥ अर्थः—दया छे, ते स्वर्गमां जवानुं सोपान छे, ते दया, मोक्षमां पोहोंचाडनारी छे, अने दया जे छे, ते दुर्गतिना द्वारने ढाकवानुं कमाड छे ए मुनिये करेलुं छे. तेमज वली जीवोने हिंसा छे, ते कडवा फलनी देवा वाली छे. एम ज्ञानी पुरुषोयें कहेलुं छे, कारण के हिंसक प्राणीयो जे छे, ते सर्व विपत्ति अने अनर्थ तेने संपादन करवामां समर्थ छे. हिंसक प्राणीयो गर्भस्थ, जातमात्र, बालयौवनशाली थकाज मरण पामे छे. ते हिंसक भोगी होय तो पण स्वल्पजीवी होय छे. वली ते जीवघातक प्राणीयो मूक, अंध, बधिर, पंगु, कुब्ज, कुष्ठी, जड, रोगी, शोकी, भयाक्रांत, क्षुधार्त्त, दुर्भाग, दुःस्वर थाय छे, जाझुं शुं कहियें परंतु जे हिंसा थकी निवृत्ति पामता नथी, ते दुःखना भाजनज थाय छे. अने जे हिंसानो त्याग करे छे, ते पवित्र थाय छे. अने जे हिंसाथी निवृत्त थया नथी, ते पोताना बापने पण मारी नाखे छे, पण तेने दया आवती नथी. अने ते प्रत्येक भवमां नरकमां जाय छे. ते केनी पेरें? तो के शत्रुंजय राजाना शूर कुमारनी पेरें. तेवारें ते स्त्रीयोंयें पूछ्युं के महाराज! ते शत्रुंजय राजा कोण हतो? अने तेनो पुत्र शूर कोण हतो? ते सर्व वृत्तांत सविस्तर कहो. तेवारें मुनियें कहेवा माम्ड्युं.

आज विजयने विषे विजयपुरनामा नगर हतुं, त्यां शत्रुंजय नामक राजा राज्य करतो हतो. तेने शूर अने चंद्र नामा बे पुत्र हता, तेमां ज्येष्ठ पुत्रने राजायें युवराजनुं पद दीधुं. अने तेथी लघु जे चंद्रकुमार हतो, तेने प्रीतिना अभावथी शत्रुंजय राजायें कांही पण आप्युं नही. माटे ते चंद्रकुमारें जाण्युं जे मान छे, तेज धन छे, एम जाणी एकदम देशांतर गयो. अने त्यां कौतुकाकुल पृथ्वीने जोतो थको अनुक्रमें रत्नपुर नामा नगरमां आव्यो. त्यां सुदर्शनाभिध मुनि बाहेर उद्यानमां समोसर्या हता, तेमने हर्षें करी नमस्कार कर्यो. मुनियें पण आ पुरुष योग्य छे, ए जाणी देशना देवा मांमी.

ते जेम केः—कल्लाण कोडि जणणी, डुरंत डुरिआरि वग्गनिठवणी ॥ संसार जलहितरणी, इक्का चिय कोइ जीवदया ॥१॥ विउलं रक्कं रोगे,हि वज्जियं रूवमाउअं दीहं ॥ अन्नंपि तं सुखं जं, जीव दयाउ नहू सम्मं ॥ अर्थः—कोटिकल्याणने उत्पन्न करनारी, डुरंत डुरित अने अरिवर्ग तेने नाश करनारी तथा संसार रूप जलधिने विषे तरणिरूप, एवी एक जीवदया जाणवी. विपुल राज्य, रोग वर्जित एवुं रूप, दीर्घ आयुष्य, बीजुं पण सुख जीवदयाथी प्राप्त थाय ठे. जे जीवदयाथी सुख थाय ठे, ते बीजाथी थातुं नथी. वली हे कुमार ! यतः॥ कृपानदीमहातीरे, सर्वे धर्मा स्तृणांकुराः॥ तस्यां शोषमुपेतायां, कियन्नंदंति ते चिरम् ॥१॥ अर्थः—जीवकृपारूप नदीने विषे सर्वे धर्मो ठे, ते तृणांकुर समान ठे. ते नदी ज्यारें शोषित थाय, त्यारें सर्व धर्म रूप तृणांकुरो घणोकाल केटलो आनंद पामे? आ प्रकारनी देशना सांजली चंडकुमार बोध माम्यो, तेथी गुरुनी पासें संग्रामादिक कार्यविना स्थूल प्राणातिपातादिक मारे करवुं नहिं. अर्थात् मुनिपासें स्थूल प्राणातिपातविरमण नामा व्रत अंगीकार कर्युं. पठी तेज नगरने विषे तेनो राजा जयसेन नामा हतो, तेनी सेवा करवामां ते चंडकुमार रह्यो, तेम करतां ते प्रीतिपात्र थयो. एक दिवस ते जयसेन राजायें कह्युं के आपणो कुंज नामक सामंत ठे, ते घणोज प्रचंम ठे, माटे त्यां जइ तेने तुं ठानी रीतें मारी नाख. त्यारें चंडकुमारें कह्युं जे में तो सुदर्शन मुनि पासें ठानो मारवानो नियम लीधो ठे, ते वचन सांजली राजा अत्यंत खुशी थइने तेने पोतानो अंगरक्षक बनाव्यो. तेने पुत्र पणे राख्यो, अने सामंतनी कन्याउ पण तेने परणावी. सर्व राज्य कार्यमां तेनी योजना करी. हवे ते पठी एक दिवस सैन्य सहित चंडकुमार सामंत एवा ते कुंज राजाने संग्राममां जीती तेना नगरना किल्लाने जांगी कुंज राजाने बाधी, पोताना स्वामी जयसेन राजाने स्वाधीन कर्यो. शरण थयेला कुंज राजाने सन्मानपूर्वक जयसेन राजायें ठोडी मूक्यो. पठी चंडकुमार मनोहर चंडसरखा निस्तंड यशथी शोजवा लाग्यो.

हवे ते चंडकुमारनो ज्येष्ठ ज्राता शूर कुमार, पोताने युवराज पद पितायें आप्युं ठे, तो पण असंतुष्ट चित्तथको पोताना बापने मारवा माटें उद्युक्त थयो, कारण के तेणे विचार कर्यो के मारा पिताने जो हुं मरण शरण करुं, तो तेमनुं मने स्वतंत्र राज्य मले? तेम विचार करी पहेरदारोने

छेतरी शयनगृहमां पेशी खड्गना कर्कश एवा प्रहारोयें करी पोताना बापने मारवा लाग्यो, ते वखत त्यां राणी हती तेणें महोटो बुंबारव करवा मांड्यो, तेवामां त्यां राजाना पहेरावाला हता, तेणें आवीने तत्काल तेने बांध्यो, बांधीने तेनो न्याय करवा माटें रात्रियें तो तेज ठेकाणे राख्यो. प्रातःकालने विषे ज्यां जुवे, त्यां तो शूरकुमार छे? पछी राजापासें जइ निवेदन कर्युं जे महाराज! आ तो आपने मारनारो आपनो पुत्र शूर कुमारज छे? ते सांभली शत्रुंजय राजायें पण पुत्रमारण अपवादना जयथकी मार्या विना तेनुं सर्व धन वगेरे लूंटी लइने हुकम कर्यो के मारा राज्यमां तारे कोइ ठेकाणे रहेवुं नहिं? एम कही पुरथी बाहेर काढी मूक्यो. पछी पोताना बाहार फरता दूतो थकी ते चंद्रकुमारनुं सर्व वृत्तांत जाणीने आमात्यो पासें कागल लखाव्यो के, "हे चंद्र! तमारा जाइने, तमारा पितायें मारवाना सबबथी काढी मूकेलो छे, तेमाटे तमें जलदी आहीं आवजो." एवी हकीगतनो लखेलो कागल आपी माणासोने हाथी पर बेसाडी चंद्रकुमार पासें रत्नपुरमां मोकल्या, तेमाणासोयें पण त्यां जइने ते कागल चंद्रकुमारना हाथमां दीधो, चंद्रकुमारपण तेमां लखेलो सर्व लेख वांची तेनो सर्व सार जाणी, ते सर्वबिनानी जयसेन राजाने विज्ञप्ति करीने हुकम लइ अश्वारूढ थइ तूर्णताथी पोताने गाम आव्यो.

हवे शूर अने चंद्रकुमारनो पिता जे शत्रुंजय राजा ते शूर कुमारना मारेला घाथकी वेदनार्त्त थयो थको शूर कुमारने विषे मत्सर युक्त थइ केटलेएक दिवसें मरण पामी कोइएक वनने विषे हाथी थयो. पितृवधना पापरूप कलंकित कर्मे करी जीविकानो करनार, एवो ते शूर कुमार पण दैवयोगें तेज वनमां क्रीडा करवा माटें गयो. त्यां हस्ती थयेला एवा पोताना पितायें पूर्वजवना वैरें करी तेने मारी नाख्यो. ते मरीने त्यांज कोइएक भिल्ल हतो, तेनो पुत्र थइ अवतर्यो. ते भिल्लनो पुत्र थयेलो शूर मृगया माटें गयो, त्यां पण फरीने तेज हाथीयें तेने मारी नाख्यो. अने ते हाथीने बीजा किरातोयें मारी नाख्यो, एम ते बेहु जण मरीने महाटवीने विषे एक हाथी अने बीजो वाराह एम बे जण थया. त्यां ते जन्मने विषे पण पूर्व जन्मना वैरथकी क्रोधांधथका परस्पर युद्ध करवा लाग्या, तेवामां कोइएक व्याधें आवी तेने मारी नाख्या. ते पाछा विंध्याचलनी अटवीने विषे हाथीना बच्चा थया, त्यां पण पूर्व वैरना स्मरणेंकरी हस्तीना

यूथथकी बेहु जुदा थइ गया अने पूर्वनी पठें युद्ध करवा लाग्या, तेवामां त्यां तत्रत्य भिल्ल लोकोयें दीठा, के तुरत पाशमां नाखी, ग्रहण कस्या अने परंपराना रिवाज प्रमाणें तेने राजाने सोंप्या, त्यां पण परस्पर, पूर्व प्रमाणें युद्ध करवा लाग्या. युद्ध करता एवा ते बहुने जोइने राजायें महोटा कष्टें करी जुदा पाड्या. एवा समयमां त्यां केवली भगवान् समोसस्या, त्यारें तो ते नगरनो जयसेन नामा राजा वंदन करवामाटे गयो, अने गुरुना मुखथकी देशना सांभली. पठी अवसर जोइने राजायें आश्चर्यथकी पोताने त्यां लडता एवा ते बे हाथीना बच्चाना पूर्व जन्मनो व्यतिकर पूछ्यो, त्यारें केवली भगवाने तेना पूर्वजन्मनुं सर्व वृत्तांत कही बताव्युं ते सांभली राजाने वैराग्य उत्पन्न थयो, तेथी पोताना पुत्रने राज्य गादीपर बेसारी केवली पासें जइ चारित्र ग्रहण कस्युं. पठी शुद्धचारित्र पालीने ते राजा स्वर्गमां गयो. अने बेहु हस्तीपोत मरण पामीने प्रथम नरकने विषे नारकी थया, त्यां परमाधामी देवताउनी करेली अत्यंत वेदनाउने अनुभवीने पाठी कुयोनिने विषे परिभ्रमण करशे. माटें हिंसा थकी अनेक दोषो थाय ठे अने दयाथकी अनेक गुणो थाय ठे, तेथी हिंसानो सर्वदा त्यागज करवो. आ प्रमाणें करेला उपदेशथी बोध पामेली ते सर्व स्त्रीयोयें प्रथम दयाव्रतरूप अणुव्रत अंगीकार कस्युं. हे पूर्णचंद्र कुमार ! ते समय में विचार कस्यो, के आ मुनियें बहु सारुं कस्युं, कारण के आ स्त्रीयो थी मारुं वैरूप्य वगेरे कांइ पण थाशे नहिं तेथी प्रथम में आ मुनिनी एकेक अंगमां पांच पांच प्रहार करवा धारेला ठे, ते विचार बंध राखी हवे ते मुनिने लाकडीना एकेक अंगमां चार चार प्रहार करीश ? एम ज्यां हुं विचार करुं ठुं, तेवामां तो पाठी फरीने मुनियें देशना देवानो प्रारंभ कस्यो. ते जेम केः–

हे श्राविकाउ! सत्यवाणी जे ठे, ते धर्म, अर्थ अने काम, ए त्रणे पदार्थने देवावाली ठे तथा स्वर्ग मोक्षने पण देवावाली ठे. कारण के सत्यवादी मनुष्य सर्वजनने प्रिय होय ठे अने ते वली विश्वासनुं पात्र थाय ठे. देव, दानव वगेरे सर्व ते प्राणीनी आज्ञाने अंगीकार करे ठे. तो माणसो तेनी आज्ञा पाले, तेमां तो शुंज आश्चर्य ठे ? सत्यवादी जनो जल, वायु, वगेरे सर्व दिव्य वस्तुउ जे ठे, ते पण कोइ दिवस अपकार करती नथी. सहु कोइ जनो तेना निर्मल एवा यशने विस्तारे ठे अने

हे श्राविकाउ! जे अनृतवादी जनो छे, ते जगतने विषे जुगुप्सनीय एटले निंदानांज पात्र थाय छे. असत्यवक्ता पुरुष, जाइ, बाप, मित्र प्रजृति कोइ पण जनने विश्वासास्पद थातोज नथी, तो बीजाजनने तो क्यांथीज थाय? वली असत्यवादी जीवो, बीजा जन्ममां खराब मुखवाला, नथी ग्रहण करवा योग्यवचन जेनां एवा थाय छे, मुंगापणाना तथा गुंगापणाना दुःखोने जोगवे छे. असत्यवादी जन, जिव्हाछेदन दुःखना जोक्ता थाय छे. असत्यवक्ता अने खल लोको सर्पसमान होय छे ॥ यतः ॥ कुटिला जीषणा छिद्रा, न्वेषिणोप्रशनप्रियाः ॥ द्विजिव्हा मारयंत्यन्यान्पयंःपानेन पालिताः ॥ अर्थः— कुटिल, जयंकर, छिद्रो गोतवामां तत्पर, अने जीवने प्रसवामां उत्सुक एवा सर्पो होय छे, ते पयःपानें करी पालन कर्या थका पण सर्वनां प्राण ले छे. तेम खल पण तेवीरीतें कुटिल, जयंकर, मनुष्यनां खोटां छिद्र गोतवामां तत्पर, जीवने कुवाक्यरूप प्रसण करवामां उत्सुक, पयःपानरूप तेनो उपकार कर्यो होय, तो पण तेनुं जूंडुं करनार होय छे. तेमाटे हे विवेकी श्राविकाउ! क्रोध, लोज, हास्य, तेणे करी पण अलिक वचन बोलवुंज नही. जुउ सत्यवचनना बोलनारा सरल प्राणी धन्यनी पर्ते कोइथी पण छेतराय नहिं. अने असत्य बोलनारा प्राणी, धरणनी पेठें पोतें पोतानेज छेतरे छे. त्यारें ते स्त्रीयोयें पूछ्युं के हे जगवन्! ते धन्य अने धरण ए बे पुरुषो कोण हता? अने तेमां एक छेतरायो अने बीजो न छेतरायो, ते केवी रीतें? ते वचन सांजलीने मुनि कहेवा लाग्या के हे श्राविकाउ! सांजलो. आज विजयने विषे सुनंदनामा नगर छे, त्यां सुदत्तनामा श्रेष्ठी वसे छे, तेने बे पुत्रो छे, तेमां पहेलानुं नाम धन्य छे अने बीजानुं नाम धरण छे. तेमां धन्य छे, ते सज्जन, सौम्य अने सत्यवादी, प्रियंवद छे. अने बीजो धरण छे, ते पूर्वोक्त गुणोथी विपरीत छे. तो पण ते बेहु सुजनने अने दुष्टने परस्पर घणीज प्रीति छे. एक दिवस धरणें विचार्युं जे आ मारो मोहोटो जाइ धन्य ज्यां सुधी जीवशे, त्यां सुधी तेना गुणो पासें मारुं मान थाशेज नहिं? एवो विचार करी कपटथी धन्यने एकांत स्थलमां तेडी जइने आ प्रमाणें कहेवा लाग्यो के हे धन्य! हे जाइ! तारा प्राणथी पण वल्लज एवो जे हुं, ते मारो एक मनोरथ छे, तेने तुं पूरीश? त्यारें धन्यें कह्युं के हे धरण! जाइ! तारो शो मनोरथ छे? ते कहे. त्यारें धरण बोल्यो जे

आपणे बेहु जण परदेश जइयें, अने त्यांथी आपणा हाथे करीज धन उपार्जन करीयें ! कारण के स्वहस्तोपार्जित लक्ष्मी विना आपणी लोकोमां कीर्त्ति थवानी नथी अने परदेशगमन शिवाय ते लक्ष्मी मलवानी पण नथी ॥ यतः ॥ जीवंतो मृतकाः पंच, श्रूयंते किल भारते ॥ दरिद्रो व्याधिवान् मूर्खः, प्रवासी नित्यसेवकः ॥१॥ वरं वनं व्याघ्रगजेंद्रसेवितं, द्रुमालयैः पत्र फलैश्च भोजनम् ॥ तृणैश्च शय्या वसनं च वल्कलं, न बंधुमध्ये धनहीन जीवनम् ॥ २ ॥ अर्थः—दरिद्री, व्याधिवान्, मूर्ख, प्रवासी, निरंतर पारकी चाकरी करनार, एवा पांच प्रकारना मनुष्य, जीवता थका पण मुवा जेवाज जाणवा, एम महा भारतने विषे लखेलुं छे. वली व्याघ्र तथा गजेंद्र तेणें सेवन करेला वनमां रहेवुं, जाडपर थयेलां पत्र अने फल, तेथी भोजन करवुं, तथा तृणनी शय्या पाथरी सूवुं, अने वल्कल वस्त्र पेहेरवां, ते सर्वे सारा छे, परंतु बंधुउनी मध्यें धनहीनपणाथी जीववुं, ते घणुंज खराब छे. माटे हे भाइ ! आपणे परदेश जइने धन उपार्जन करीयें ? कारण के आ सर्व जगत् छे, ते द्रव्यमूलक छे. अर्थात् सर्वजगतने धनविना पलमात्र पण चालतुं नथी. मरण पामेलामां अने निर्धनमां कांही पण फेर हुं जाणतो नथी. अर्थात् निर्धन मनुष्य मृतक प्रायज जाणवो. केम के मृतक शबनी पेठें तेनी सामुं कोइ पण जोतुं नथी ॥ यतः ॥ निर्द्रव्योह्नियमेति ह्रीम पगतः प्रभ्रश्यते तेजसो, निस्तेजाः परिभूयते परिभवान्निर्वेदमागच्छति ॥ निर्विण्णः शुचमेति शोकसहितोबुद्धेः परिभ्रश्यते, निर्बुद्धिः क्षयमेत्यहो निधनता सर्वापदामास्पदम् ॥ १ ॥ अर्थः— निर्द्रव्य मनुष्य, निर्लज थाय छे, अने निर्लज जन, तेजथी भ्रष्ट थाय छे. निस्तेज जन, घणाक परा भवने अनुभवीने दुःखने पामे छे, दुःखी जन, शोकने पामे छे अने शोकें सहित पुरुष, बुद्धिथकी भ्रष्ट थाय छे अने निर्बुद्धि जीव, क्षयने प्राप्त थाय छे. माटे हे भाइ! सर्व आपत्तिनुं कारण तो एक निर्धनपणुंज छे. एम स्पष्ट जणाय छे. एवां वचन सांभली ने धन्य कहेवा लाग्यो के हे बंधो ! धन विनानुं धन ते आपणें केवी रीतें उपार्जन करशुं ? ए सांभली धरण कहेवा लाग्यो के भाइ! कोइकना कान त्रोडीने, कोइकनी छानी मानी गांठो छोडीने, वली खातर पाडीने, बंदीखानामां पडवा जता चोरोने मलीने अने बीजा केटलाएक चोरीना प्रकारथी आपणे घणुंक धन मे

लवी लेशुं ? ते वचन सांजली एकदम ससंभ्रम थइ धन्य कहेवा लाग्यो के अरे पापी ! आ तुं शुं बोले ले ? अरे विचार तो कर, परजनने लेतर वानुं केटलुं मोहोटुं पाप ले ? तें कह्युं एवुं जो बोलीयें, चिंतवन करियें, सांजलियें, तो पण पाप लागे, तो आपणे ते काम करियें, तो तो पाप नो पारज रहे शेनो ? माटे हे धरण ! तुं तेवुं वाक्य हाल बोल्यो, तो तेना प्रायश्चित्तरूप देवगुरुनुं स्मरण कर, के जेथी तुं ते वाचककर्मथी मुक्त था ? तेवां वचन धन्यनां सांजली धरण विचारवा लाग्यो के आ कांइ मारुं कह्युं करशे नहिं ? एम विचारी, तेने सारूं लगाडवा, दुष्टवाक्य बोलवारूप पापने उपरथी खोटी रीतें आलोवतो थको कहे ले, के हे भ्रातः ! आपनुं कहेवुं खरुं ले अधर्मोपार्जित द्रव्य कांइ कामनुंज नहिं. अने आ जे में पापवाक्यो आपनी पासें कह्यां, ते आपना चित्तनी परीक्षा माटेज कहेलां ले, परंतु आपणे परदेश जइने में कह्युं तेम करशुं नहिं, अने आपणे कोइक धनवाननुं सेवन करीने घणुंक धन उपार्जन करशुं ? आवां धरणनां वचनथी धन्य विश्वास पाम्यो अने बेहु जणे परदेश जवानो निश्चय कर्यो. ते पठी बेहु भाइयो पोताना माता पिताने पूछ्या विना ठाना माना पाठली रातें नगरथी, एकदम बाहेर निकली गया. तेमार्गमां चालतां चालतां नानो भाइ जे दुष्ट धरण हतो, ते विचारवा लाग्यो के आ मारा महोटा भाइ धन्यने युक्ति लगावीने में मांड मांड नगर बाहार काढ्यो ले, हवे वली जो पाठो जाशे, तो मारुं धारेलुं काम पार पडशे नहिं ? एम विचारी ते धन्य पाठो घेर न जाय, तेवो उपाय मनमां शोधि, धरण कहेवा लाग्यो के हे बांधव ! जन जे ले, ते धर्मथी सुखी थाय ले के अधर्मथी ? त्यारें धन्य बोल्यो के तेमां ते तें शुं पूछ्युं ? ते वात तो सहु मानेज ले, जे धर्मथी जय थाय ले अने अधर्मथी क्षय थाय ले. तेम हुं पण मानुं लु ? त्यारें धरण कहेवा लाग्यो के तमें जगतना पणबोलवा परथीज कहो लो, के धर्मथी जय अने पापथी क्षय. परंतु तमारा मनमां तमें काहिं समजता नथी. जुउ, हालमां जय तो पापथकी थतो देखाय ले, पण धर्मथी थतो तो क्यांहि देखातो नथी ? ए प्रमाणें बेहु भाइने ज्यारें परस्पर विवाद थयो, त्यारें धरण बोल्यो के हाल तमें चूप रहो, आगल एक गाम आवे ले, तेमां आपणे जइ तेनो निर्णय पूछीयें, तेमां जेनो वाद मिथ्या ठरे, तेनुं एकलोचन फोडी नाखवुं, एवी

प्रतिज्ञा करीयें. ए सांभली धन्यें विचार कर्यो के मारो पक्ष तो सत्यज छे, माटे तेम थाय तो पण मारे फिकर नथी अने धरण जरूर तेनी चक्षु खोशे ? एम जाणी धन्यें कह्युं के ठीक छे, तमो कहो छो, तेम जेनो पक्ष खोटो ठरे, तेनी एक आंख फोडी नाखवी, ते मारे कबूल छे. तदनंतर चालतां चालतां एक गाम आव्युं तो ते गाममां बेहु जण गया. जइने त्यांनां मनुष्योने पूछ्युं के भाइयो! धर्मथी जय थाय छे, के पापथी? त्यारें ते गामना रहे नारां सर्वे जन ग्राम्य अने पशुसमान हतां, तेथी कहेवा लाग्यां जे जय तो पापथकीज थाय, धर्मथी ते कोइ दिवस जय होय? एवां वचन सांभली धरण अत्यंत मनमां खुशी थइ कहेवा लाग्यो के भाइ! जे हुं कहुं छुं, तेज खरुं थयुं के केम? माटे तमो एक चक्षु हारी गया, हवे वली पण मारी प्रतिज्ञा छे, के चालतां चालतां आगल आवता गाममां जइने तमारुं क हेलुं त्यांना पण लोको जो खोटुं कहे, तो तमारी बीजी आंख फोडवी, नहिं तो मारी एक आंख फोडी नाखवी. ते वात पण पाछी धर्माग्रही भद्र भाववाला धन्यें कबूल करी, केम के तेणें जाण्युं जे सर्वे जन कांइ एवा मूर्ख हशे ? पछी पाछा बीजे दिवसें त्यांथी बेहु जण चाल्या, ते चालतां चालतां एक गाम आव्युं, त्यां गया. त्यां जइने ते ग्रामनिवासी मनु ष्योने पूछ्युं जे धर्मथी जय थाय छे, के पापथी ? त्यारें त्यानां पण निर्वि वेकी ग्रामीण तथा पशु समान लोको कहेवा लाग्यां जे एमां ते शुं पूछो छो, पापथीज जय थाय छे, एम प्रत्यक्ष देखायज छे ? जुर्ड. धर्मी लोको दुःखी थाय छे, अने पापी लोको मोज माणे छे. वली विद्वज्जन दुःखी थाय छे, अने मूर्ख, मनमानी मोज माणे छे. सज्जन पुरुष सीदाय छे अने दुर्जनो अनेक प्रकारनी लीला लहेर करे छे. दाता ते निर्धन देखाय छे अने कृपण धन वान् होय छे? ते सांभली सत्यवक्ता एवो धन्य कहेवा लाग्यो के हे भाइ धरण! हुं तो चक्षुनुं तारी पासें पण करीने बेहु चक्षु हारी गयो, माटे हवे आ बे मारां नेत्र तो तारे आधीनज थयेलां छे, वास्ते जेम तुने रुचे, तेम कर. पछी पापी एवा धरणें थोर तथा आकडानुं दूध नेत्रोमां नाखी तेनां बे नेत्रोने अंध करी दीधां, तेथी ते बीचारो नेत्रहीन थयो. तेने जोइने धरण कप टथी मह्रोटो विलाप करवा लाग्यो जे अरे! आ केवुं मारुं मूढपणुं ! अने केवी मारी अविवेकता ! अरे केवी मारी खोटी अनर्थकारी उत्सुकता! अहो !

में हास्यथी जे कार्य करवा धार्युं हतुं, ते कार्य मने महोटा शोकनुं देवा वालुं थयुं ? माटे धिक्कार छे मुने जे परिणाम जोया विना सहसात्कारथी आवुं दुष्ट कार्य कर्युं, अरे आ में घणुंज अकृत कार्य कर्युं ? जे माणस परिणाम जाण्याविना कार्य कारक थाय छे, ते दुःखीज थाय छे. कह्युं छे ॥ सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम्॥ वृणुते हि विमृश्यकारिणं गुणलुब्धाः स्वयमेव संपदः ॥१॥ अर्थः—सहसा कांइ पण कार्य करवुं नहिं. कारण के अविवेक छे, ते परम आपत्तिनुं स्थानक छे, अने विचारीने कार्य करनार प्राणीने गुणोथी लोभाइ गयेलीयो सर्वे संपत्तियो पण पोतानी मेलेंज आवीने वरे छे. अर्थात् जे समजीने कार्य करे छे, ते सुखी थाय छे, अने जे साहसथी कार्य करे छे, ते अत्यंत दुःखी थाय छे. एम खोटो उपरनो विलाप करीने धन्यने कहे छे, के हे भाइ ! तमारो एमां कांइ पण वांक नथी परंतु मेंज मुग्धभावें करी आ काम कर्युं छे, हवे हुं शुं करुं ! क्यां पोकार करुं !! अरे हुं हवे सगां वहालांने मुख केम देखाडी सकीश !!! इत्यादि कपटथी कहेवा लाग्यो, ते जोइने दयाशील धन्य, प्रेमें करी पोतापरना स्नेहभावनी सर्ववात मानीने आश्वासना करी कहे छे, के हे प्रियभ्रात ! तुं कांइ पण खेद कर नहिं. आमां तारो कांहि दोष नथी, सर्व जीवो छे, ते पोत पोताना कर्मने वश थयेला छे. जेवा जेनां कर्मो होय, तेवी तेने बुद्धि उत्पन्न थाय छे अने कर्मो पण तेवांज ते भोगवे छे. माटे तुं कांइ पण खेद कर मां. एवी रीतें परस्पर कहेतां कहेतां केटलोएक मार्ग कापी आघा गया. त्यां एक दम धरण जे हतो, ते त्यांथी दोडी जइ कपटथी खोटो पोकार करी कहेवा लाग्यो के अरे ! आ सिंह, आपणने मारवा आवे छे, हा ! ! ! हवे शुं थाशे ? त्यारें धर्मिष्ठ धन्य, स्नेहथी कहेवा लाग्यो के हे वत्स ! तुं गभरा मां अने जलदी घेर जा अने आपणा पिताना वंशनुं रक्षण कर. कारण के आपण बेहु सिंहना मुखमां आवी जाशुं, तो आपणा पितानो वंश उछेद थइ जाशे ? एम ते धरणने घेर जवानी रजा आपी. पछी खराब जेनुं चरित्र छे तथा दुष्ट भुजंग समान एवो ते धरण, पोताना आत्माने कृतकृत्य मानतो थको, ते बीचारा अंध एवा एकला धन्यने उजड वनमांज पडतो मूकीने घर तरफ चाल्यो आव्यो. हवे धन्य जे हतो, ते इतस्ततः परिभ्रमण करतो थको सायं

काळें, अटकळें अटकळें एक मोटोटा वडवृक्षनी नीचें गयो, त्यां जइने रात्रियें विलाप करवा लाग्यो, के अरे! मारो जाइ एकलो निराधार वनने विषे क्यां गयो हशे!!! एम विलाप करे छे, त्यां तो तेज वनमां वनदेवता हती ते विलाप करता धन्यनी प्रौढानुजावता अवधिज्ञानें करी जाणीने दया आणी कहेवा लागी के, हे धन्य! ते दुर्जन शिरोमणि अने अतिद्रोही एवा तारा जाइ धरणनी चिंता करवाथी हवे सखुं? अर्थात् ते दुष्टनी चिंता तुं शामाटे कस्या करे छे? हे वत्स! आ नेत्र रोगने नाश करनारी एक गुटिका मारी पासें छे, ते तुं ग्रहण कर. एम कहीने पोतानी पासें जे गुटिका हती, ते तेना हाथमां आपी ने वनदेवी पोताना स्थानक प्रत्यें गइ. पछी धन्यें पण ते देवीनी दीधेली गुटिका लइने तेनुं पोतानी आंखमां अंजन कस्युं, के तुरत तेनां दिव्य नेत्रो थइ गयां, तेथी ते वनदेवीनो जक्त थयो.

प्रजातें त्यांथी चालवा लाग्यो, ते चालतो चालतो हळवे हळवे सुजद्रा नामना नगरमां आवी पहोंच्यो. त्यां तेज गाममां ते राजानी एकज एक खोटनी कन्या हती, तेने चक्षुमां कांइक रोग थवाथी अंध थइ गइ हती, तेनी चक्षु सारी थवा माटे तेणे घणाक वैद्योनां उसड कस्यां, पण कोइना उसडथी आराम थयो नही, त्यारें मुंजाइने ते राजायें ठेराव कस्यो के जे वैद्य आ मारी कन्यानी आंखो सारी करी तेनुं अंधपणुं मटाडे, तेने आ मारी कन्या परणावुं तथा मारुं अर्धुं राज्य पण आपी दउं? एवो ठेराव करी गाममां पटह वगडाव्यो, तेवामां तो ते गाममां आवेला धन्य कुमारें पटहनो शब्द सांजळ्यो अने तुरत कहेवा लाग्यो जे हुं राजकन्याने देखती करुं? त्यारें राजायें ते वात कबूल करी अने ते धन्यने पोतानी कन्या पासें तेडी गयो धन्य कुमारें वनदेवतायें आपेली अंजन गुटिका लइने राज कन्यानी आंखोमां आंजी दीधी, तेथी त्वरित ते दिव्य नेत्र वाळी थइ गइ ने, वहेवा लागी के अहो आ औषधथी तो मारां जे प्रथम नेत्र हतां, तेथी पण घणांज सारां थइ गयां? ते सांजळी राजायें मो होटे मंमाणे पोतानी कन्याने धन्य साथें परणावी दीधी. तथा अर्धुं राज्य पण आपी पोता सरखो करी गादी पर बेसाड्यो.

एम करतां एक दिवस, ते धन्य पोतें राज मंदिरथी नीचें उतरी मार्गमां जतो हतो, तेवामां कोइ एक ब्राह्मणें आवी आशीर्वाद दइ याचना करी.

के हे गोब्राह्मणप्रतिपाल ! हजी हमणांज आपना पिताना सुनंदनपुरथी आवेला मुज नवीन ब्राह्मणने पेहेरवा माटे बे धोतीयां अने दक्षणा आपो. ए वचन सांभलीने धन्य कुमार, ते ब्राह्मणने पोताना पिताने गामथी आव्यो जाणीने घेर तेडी लाव्यो, अने पोताना माता पितानुं सर्व कुशल पूछयुं. त्यारें ते ब्राह्मणें कह्युं के हे भाइ ! सहु खुशी आनंदमां छे पण तमोने अने धरणने रस्तामां वाघ मारवा दोड्यो, ते वात त्यां धरणें कहि, ते सांभली तमारां माता पिता बहुज क्लेश करे छे. के धरण तो आहीं आव्यो, पण धन्यनुं शुं थयुं हशे? त्यारें धन्यें पूछयुं के बीजुं कांइ धरण बोल्यो? त्यारें कहे छे. धरण तो वाघना मेलाप शिवाय बीजुं काइ पण बोल्योज नथी. त्यारें धन्यें कह्युं के ए तो ठीक, पण मारो लघु भाइ बीचारो ते धरण खुशीथी त्यां पोहोंच्यो छे ? कारण के ते वनमां निःसहाय एकाकी मारी पासेंथी गयो हतो! त्यारें ब्राह्मण कहे छे, के तेनी काइ चिंता करशो नहिं, ते तो नीरोगी खुशीमां छे. ते सांभली खुशी थयेला धन्यें ते ब्राह्मणने लाडु जमाडी उत्तम बे वस्त्रो तथा दक्षणा पोतानी नमांकित मुद्रिका, अने एक पत्र लखी आपीने कह्युं के आ पत्र मारा पिताने आपजो. एम कही तेने रजा आपी. हवे ते ब्राह्मण पण सुनंदन पुरमां गयो, अने तेना माता पितानी आगल जइ ते धन्यनां आपेलां वस्त्र, दक्षणा अने नामांकित् मुद्रिका, तेने देखाडीने धन्यनो लखेलो पत्र हतो, ते आप्यो, ते पत्र लीधो. पछी तेवी रीतना पोताना पुत्रना शुभ समाचार लावनारा ते ब्राह्मणनो सुदत्तश्रेष्ठीयें घणोज सत्कार कर्यो अने ते धन्यना लखेला कागलमां पोताना भाइ धरणना करेला कर्म विना बीजी लखेली सर्व हकिगत वांची सहु कोइ अत्यंत खुशी थयां अने सुदत्तश्रेष्ठीयें वधाइ वगडावी.

हवे ब्राह्मणें आणेला धन्य कुमारना सर्व समाचार जाणीने धरणें विचारवा मांड्युं के अरे! आंधलो करेलो ते धन्य, एवुं मोहोटुं निर्जनवन ते केम उतर्यो हशे? अरे वली एने आवी उत्तम राज्य लक्ष्मी तथा स्त्री ते क्यांथी मली हशे ? हवे ए राज्य लक्ष्मीने प्राप्त थयो, छे अने में तेनी आंख्यो फोडी छे तेथी द्वेष राखी जरूर मारुं कांही पण जलदी प्रतिकूल करशे, एम करतां जो ए आहिं आवे, तो तो हुं तेनो कोइ पण उपायें तुरत नाशज करुं? परंतु सुखमां पडेलो ते आहीं आवेज शामाटे ? हवे

ए सर्व विचार छोडी दइने तेथी हुं पोतेंज त्यां जइने एवो कोइ उपाय करुं के जे उपायें करी त्वरित ते नाश पामे? एम विचारीने पोताना माता पिताने कहे छे के हे मातापिता! मारा धन्य नाइने में घणा दिवसथी दीठो नथी, तेथी मारुं मन तो त्यांने त्यांज वलगी रह्युं छे, ने मने ते विना गमतुं पण नथी ते माटे हुं तो नाइ पासें जाउं छुं? एम कही ने धरण त्यांथी एकदम धन्य कुमार जे गाममा रहेलो छे, ते सुनइ नगरमां आव्यो. आवीने तुरत धन्य पासें गयो. धन्य कुमार तो तेने जोइने मनमां अत्यंत हर्ष पाम्यो. अने धरण तो मनमां खेद पामी विचारवा लाग्यो के अरे! आ धन्यें कह्युं हतुं, के धर्मे करी जय छे, ते वात तो आ जोतां खरीज लागे छे? वली पण पाछो विचार करे छे, के फिकर नहिं. ते धनवान तथा राज्यलक्ष्मीवान् थयो, तो पण शुं थयुं? तेने हुं कोइ पण प्रकारथी दुःखजालमां नाखी दीधाविना रहीश नहिं, अने मारो धारेलो मनोरथ पूर्ण कस्या विना पण रहीश नही? एम विचार करीने त्यां रह्यो. धन्यने राज्य प्राप्त थयुं छे, तो पण सरल पणाथी पोतानी समान ते धरणनी आसना वासना राखे छे, अने ते राजा पण आ धरण धन्यनो नाइ छे,' एम जाणी धन्य कुमारथी पण वधारे मान आपे छे, चाकरो पण ते बेहु राजा करतां तेनी सेवा चाकरी वधारे करे छे. परंतु कृतघ्नीपणायें तथा निर्लज्जपणायें ते धरणें शुं कर्युं? के एक दिवस, ते, राजा पासें एकांतमां गयो, त्यां जइने कहेवा लाग्यो के हे राजन्! तमो तथा तमारुं चाकरमंमल, ते सर्व सहस्रचक्षु वाला छो, तो पण तमने आ धन्यें केवा छेतरी नाख्या छे? ते सांनली राजा ससंभ्रम थइ पूछवा लाग्यो के हे नाइ! तुं शुं बोल्यो? फरीने कहे. त्यारें पाछुं पण तेणे तेज वाक्य कह्युं. तेथी राजा बोल्यो के केम, शुं ए धन्यें अमोने छेतस्या छे? धरणें कह्युं हे हा. पण जो मारुं नाम प्रसिद्ध न करो, तो हुंज तमोने सर्व हकीगत कहि बतावुं. कदाचित् जो मारुं नाम तमें कहो तो ए दानवरूप धन्य मुने मास्याविना मूके नहिं. त्यारें राजायें कह्युं के तमो निश्चिंत रहो. अमो तमारुं कोइ पण रीतें नाम नहिं लहियें? त्यारें धरण बोल्यो के हे राजन! अमारा गाममां एक चांमाल हतो, ते अत्यंत अनाचारी होवाथी अमारा राजायें तेने पोताना देशथी बाहिर काढी मूक्यो

छे, तेज आ धन्य छे. अने हुं पण आहिं फरतो फरतो आवी चड्यो अने तेने मळ्यो, त्यां तो तेणें जाण्युं जे अरे आ तो मारा गामनो छे, ते वळी आहीं क्यांथी आव्यो हशे? हवे जो हुं तेने मारा हाथथी छुटो पाडीश तो मारुं गुप्त चरित्र सर्व कही देशे? एम जाणीने मने आ बंदीखानामां नाख्यानी पेठें रोकी राख्यो छे अने मारी शरजरा पण घणीज करे छे. माटे महेरबानी करी मुने आहींथी कोइ उपायें छोडावो, के जेथी हुं तेना स्प र्शास्पर्शथी थयेली अशुद्धिने मटाडवा माटे तीर्थाटन करी शुद्ध थाउं? आ आपने जे में गुह्यवात करी छे, ते आप समर्थ छो, माटे करी छे. हवे राजा तेनी खोटी करेली वातने सत्य मानी क्रोधाक्रांत थइ गयो ने धरणने कहेवा लाग्यो के हे जद्रक जन! आ रीत जोतां तो ते धन्य कुमार, दुष्ट, धृष्ट अने महा धूर्त देखाय छे? जाइ! तुं आ वात हवे कोइने कहीश नहिं हो? कारण के जो ते वात प्रसिद्ध थाय, तो मारी महोटी मूर्खाइ ठरे, ने फजेती पण थाय? केम के ते दुष्ट धन्यने में मारी दीकरी आपेली छे? जो. आजथी हुं पण हवे एवो यत्न करीश, के जेथी तुं तारे गाम सुखें जइ शक्य. अने ते धन्यनुं मूळ पण निकळे? ते वचन सांजळी अति खुशी थयेलो धरण पोताना स्थान प्रत्यें गयो.

संध्या समयने विषे राजायें प्रच्छन्नपणे ते गामना चांमालोने तेडाव्या अने तेउने कह्युं के आ जे धन्य कुमार छे, ते प्रातः काळमां ज्यारें शौच करवाने पायखानामां आवे, त्यारे तमें त्यां पायखाना फरता छाना माना उजा रहीने तेने जलदी तरवारथी मारी नाखजो. तेम करवाथी हुं तमने घणाज खुशी करीश? ते सांजळी चांमालोयें ते काम करवानी हा कही. पछी सवारना प्रहरमां चांमालोयें आवी तरत ते पायखानाने प्रच्छन्नरीतें एटले पोतें न देखाय तेवी रीतें घेरी लीधुं. सवारमां धन्य कुमारने पाय खानामां जइ नाही धोइ सजामां जवानो वखत थयो, तेज वखतमां अ चानक धन्य कुमारनुं माथुं दुःखवा आव्युं, त्यारें तेणे विचार्युं जे हाल काहिं माराथी राजसजामां जवाशे नहीं माटे मारां वस्त्र पहेरावीने मारा जाइ धरणनेज राजसजामां मोकलुं? एम विचार करी धरणने बोलावीने कह्युं के जाइ! तुं मारो वेष पहेरी, सजामां जइ जे आसनपर हुं बेसुं छुं, त्यां जइ ते आसनपर तुं बेस. अने जो त्यां तुने कोइ पूछे, तो कहेजे, जे धन्य

ने शिरोव्यथा थवाथी ते सुतो ठे. ते सांनळीने खुशी थयेला धरणें पोताना नाइ धन्यनां सर्व वस्त्र पहेर्यां अने पहेरीने ज्यां राजसनामां बेसवा जाय, त्यां तेने शौच जवानी इच्छा थइ, तेथी ते धन्य कुमारनो वेष पेर्यां ने पेर्यांज पायखानामां गयो, तेवामां तो ते चांमालोयें धन्य कुमार जेवां वस्त्र पहेरवाथी आ धन्यकुमार आव्यो, एम जाणी तरवारथी तरत तेने गुपचूप मारीज नाख्यो, तेणे तरवारना मारना दुःखथी घणा पोकार पाड्या, पण पाय खाना पासें थता पोकारो कोण सांनळे? तेथी कोइयें सांनळ्याज नहीं अने मरण पाम्यो अने थोडीवार पठी तेनो तपास करावतां राजाने ते धरणज पायखाना पासें मारी नाखेलो जणायो? राजा पोताना मनमां, पोतानुं करेलुं अवळु थयुं जाणी मनमां ने मनमां ते दुष्टकार्यनो पश्चात्ताप करी कांहिं पण बोल्या विना बेसी रह्यो. पठी धन्यें त्यां आवी घणुं रुदन करी तेनुं औध्वेदेहिक कर्म कर्युं अने तेना मारनारनो तपास कराव्यो. परंतु ते धरणने मारवामां पंफे राजाज होवाथी कांइ पण मारनारनो पत्तो लाग्यो नहिं, पठी तेना मरण शोकथी धन्यकुमारें तो नोजननो साव त्यागज करी दीधो. ते वात कोइयें आवी राजाने कही, के धरण मरी जवाथी धन्य कुमार शोकाक्रांत थइ नोजन पण करतो नथी अने तेने घणुं समजावीयें ठेयें, तो पण ते समजतो नथी. ते सांनळी राजायें विचार्युं जे अरे आ धन्य कुमार तो सरळ, महापुरुष, सुकुलोत्पन्नज ठे, कारण के ते धरणना मरण शोकथी ठाइ रही अन्न पण लेतो नथी. माटे आ रीत जोतां तो स्पष्टरीतें एम लागे ठे, के ते धरणज दुष्ट हतो, अरे! ते केवुं मुने अवळुं सवळुं समजावी गयो हतो? हा, खरी वात ठे तेनी मुखमुद्राज क्रूर कर्म करनारी देखाती हती? 'जे खोदे, ते पडे,' ते कहेवत प्रमाणें तेपोतेंज पोताने पापें नाश पाम्यो? एम विचार करी राजा धन्य कुमारनी पासें आव्यो, आवीने संसारनी अनित्यता विषे केटलाएक दृष्टांत दइ तेने समजाव्यो. अने ते धरणनी कहेली सर्व दुश्चेष्टा पण कही संनळावी नोजन करवा बेसार्यो. धन्यें, आवो द्वेष मारा सगा नाइने मारी उपर केम हशे? तेवो विचार करतां थकां केटलो एक काळ निर्गमन कर्यो. हवे एवा समयमां तेज गामना उद्यानमां विजयकेवली नामा मुनिराज समोसर्या, ते सांनळी राजा वगेरे सर्व वांदवा माटे गया, त्यां मुनिराजें देशना देवा मांफी, ते सर्व कोइयें सां

वली. पछी अवसर पामीने केवली जगवानने, धन्य कुमारें पूछ्युं के महा राज! धरण नामा एक मारो नानो जाइ जे हतो, ते मारी उपर वृथा घणोज द्वेष राखतो हतो, तेनुं शुं कारण हशे ? अने ते मरीने क्यां गयो हशे ? ए आप कृपा करीने मने कहो. त्यारें केवल ज्ञानी जगवान् बोल्या के हे धन्य ! तुं जेम नामथी धन्य छो तेम अर्थथी पण धन्यज छो. अर्थात् तारुं नाम धन्य छे, तेवाज तारामां गुणो छे. हे जाइ ! तुं सत्यवक्ता तथा जनमान्य छो. हवे तारो जाइ धरण जे ताराथी विपरीतकार्यकारी तथा तारो द्वेषी हतो, ते पूर्व जन्मना कारणथी हतो. अने हाल ते धरण मरीने क्यां गयो हशे ? ए जे पूछ्युं ते सांजल. हे धन्य! ते धरण प्रथम तो आहिं चांमालना हाथथी मरण पामी चांमालनी कन्यापणे उ पन्यो. ते ज्यारें जुवान थइ, त्यारें चांमालने आपी, तेने त्यां सर्प कर डवाथी मरण पामीने हाल ते धोबीने घेर पुत्रीपणे उत्पन्न थयो छे, ते कन्या कुरूप, खराब मुखवाली, दुर्गंध, दुःस्वर, मूगी, बहेरी थयेली छे. हाल ते आज नगरमां वसे छे. आ प्रमाणें केवली जगवाननां वचन सांजली देशना सांजलवा बेठेली सर्व सजा एकदम चमत्कार पामी गइ. अने धन्य कुमारें तो ते सांजली वैराग्य पामी पोतानो जे पुत्र हतो, तेने पोतानी राजगादी पर बेसारीने तेज केवली पासें दीक्षा ग्रहण करी. क्रमें करी ते धन्य कुमार देवलोकें गयो. अने परंपरायें ते मोक्षने पण पामशे. वली जे धरण कुमार छे, ते दुःख जोगवतो थको जवाट वीमां भ्रमण करशे ? माटे हे धर्मशीला श्राविकाउ ! सत्य बोलनारने तथा असत्य बोलनारने जे फल मले छे, ते फल में धन्यना अने धर णना दृष्टांतथी सविस्तर कह्युं. माटे सत्यज बोलवुं, परंतु प्राण जाय, त्यां पर्यंत असत्य तो बोलवुंज नहिं.

आ प्रमाणें मुनिनो कहेलो धर्म सांजली तुरत ते श्राविकाउयें अलिक वाक्य निवृत्तिरूप मुनि पासें व्रत लीधुं. त्यारें श्रुतसुंदर सूरि कहे छे, के में चिंतव्युं जे आ उपदेशथी तो ठीक थयुं, केम के हवे मुने आ स्त्रीयो कोइ पण दिवसें खोटुं बलीने छेतरशेज नहिं, माटे अटलो आ मुनियें मारो उपकार कर्यो छे, तो ते मुनिना प्रत्येक अंगमां आगल में चार चार प्रहार मारवा धार्या छे, ते विचार मोकुब राखी तेना प्रत्येक अंगमां त्रण त्रणज लाकडीना

प्रहारो मारीश? आवी रीतें में बे प्रहार तो वर्जी दीधा. वली पाछो हुं श्रव णोत्सुक तथा निश्चल थइने सांभलवा तत्पर थयो, तेवामां तो पाछा पण मुनि, देशना देवा लाग्या के हे श्राविकाउ! अदत्तवस्तु पण धर्मज्ञजनोयें ग्रहण करवी उचित नथी. कारण के ते अदत्तनुं ग्रहण जे छे, ते वीतरागें पापनुं मूलज कहेलुं छे. कोइ प्राणी जीवोने मारे ने ते जीवोने जेवुं दुःख उत्पन्न थाय छे, तेवुंज दुःख जेनुं द्रव्य चोरी लइयें, तेने उत्पन्न थाय छे. माटे परस्वहरणनो पण प्रयासें करीने त्यागज करवो. जुवो. परद्रव्यहरण करनारा एटले चोरी करनारा मनुष्यो आ लोकमां पण प्रत्यक्ष हाथ, पग, व गेरे छेदन भेदन शूलि परोवाना तथा बंदिखाना वगेरेनां दुःखोने भोगवे छे अने मृत्यु पाम्या पछी पण पाछा परभवने विषे दासपणाने, दरिद्रप णाने, प्रेष्यपणाने, वाहनपणाने प्राप्त थाय छे. चोरी करनार प्राणी घणा काल पर्यंत नरकमांज पचे छे. अने हे श्राविकाउ! जे परद्रव्यपराङ्मुख प्राणी होय छे, ते आ लोकने विषे विश्वासास्पद थाय छे, आ जन्ममां सुख कीर्त्तिने पामे छे. कोइ पण दिवस धननी हानिने पामता नथी, तेनुं धारेलुं काम पार पडे छे. अने परलोकने विषे पण तेने समग्रलाभ थाय छे, कोइ तरेनी चिंता प्राप्त थाती नथी. जेणे अदत्त परद्रव्यग्रहण करवानुं पच्चरकाण लीधुं छे, ते जन तो सिद्धदत्तनी पेठें सुखीज थाय छे, अने जेणें ते चोरी करवानुं सरु राख्युं छे, ते कपीलनी पेठें दुःखी थाय छे. आ वचन ज्यारें गुरुयें कह्युं त्यारें हे कुमार! मारी स्त्रीयोयें ते मुनिराजने पूछ्युं के हे भगवन्! ते सिद्धदत्त अने कपील कोण हता? अने तेनुं केम थयुं? ते अमोने कृपा करी सविस्तर कहो. त्यारें अमृत समान वाणीयें करी मुनि वली पण कहेवा लाग्या के.

हे श्राविकाउ! आज विजयने विषे विशाल नामा एक नगर छे, तेमां तुल्य वैभववाल मातृदत्त अने वसुदत्त नामक बे वाणीया रहेता हता, परस्पर ते मित्र हता, तेथी ते बेहु जण व्यापार पण साथेंज करता हता, तेमां मातृदत्तें तो स्थूलादत्त ग्रहणनुं प्रत्याख्यान लीधेलुं हतुं, अने वसुदत्त तो अधर्मी होवाथी कूट तोल अने कूटमानथी धमधोकार धंधो करतो हतो, परंतु ते वसुदत्तनी पापिष्ठ वृत्तिथी तेने धननी वृद्धि थाती न हती ॥ यतः ॥ मूल्येन किंचित्कलया च किंचित्, माप्येन किंचित्तुलया च किंचित् ॥ किंचिच्च किंचिच्च

सत्तासमक्षं, तथापि लोकेऽस्ति वणिग्घि साधुः ॥ १ ॥ श्रुत्वा दुर्वाक्यमुच्चै र्हसति मुषति च स्वीयमानेन लोकं, द्रव्यं गृह्णाति पण्यं बहुकमिति वदन्न र्घमेव प्रदत्ते॥स्वीयाऽन्यायेऽपि पूर्वं व्रजति नृपगृहं लेख्यके कूटकारी, मध्ये सिंहप्रतापी प्रकटमृगमुखः स्याद्वणिक्कूटपृष्ठः ॥ २ ॥ अर्थः– कांइक मूल्यथी, कांइक कलाथी, कांइक मापथी, कांइक तोलवाथी कांइक सत्ता नी समक्ष, द्रव्यने लूंटी लीये छे,तो पण लोकमां वैश्य सारो माणस कहे वाय छे ॥१॥ वली वैश्य छे, ते कोइ दुर्वाक्य कहे, तो ते वाक्य सांभली उंचां स्वरथी खड खड हसी काढे छे. अने पोतानी पासें राखेलां तोलां उथी लोकोने छेतरे छे, वली वस्तुनुं मूल्य बमणुं लीये, अने आ में तमने घणुंज आप्युं छे, एम स्पष्ट रीतें कहीने अर्धुंज आपे छे. अने खोटुं नामुं लखी पोतानो अन्याय छतां पण ग्राहकने कहे के तारो अन्याय छे ? एम कही पाछो पोतेंज ते ग्राहक पहेलां न्यायस्थानमां जाय छे, कांइ वस्तु लीधी अथवा दीधी होय तो तेनी वच्चें सिंहसमान प्रतापी होय छे, अने प्रत्यक्ष जो आपणे जोइयें तो मृग समान देखाय अने आपणा अ भावमां तो ते निंद्य कार्य करनार होय छे.

हवे ते बेहु जण व्यापार माटे स्वल्प मूल्यवालुं करियाणुं लावीने पुंड्रपुर नामक एक महोटुं गाम हतुं त्यां गया. ते गाममां वसुतेजा ना मा राजा राज्य करे छे. ते राजाने द्रव्यनो भंडार साचवे एवो कोइ विश्वा स पात्र पोताना गाममां भंडारी मलतो न हतो, माटे ते भंडार साचव वामां साची दानत वालो कोइ पण परदेशी मनुष्यनी परीक्षा माटे एक रत्नजडित कुंडल, गामनी बाहिर रस्तामां नाखी दीधुं हतुं. अने ते कुंडल, बाहेर गामनो कोण लीये छे, अने कोण नथी लेतो? ते जोवा माटे झाडनी उठें कोइ न देखे तेवी रीतें माणासो राख्यां हतां,तेमां कोइ पण जो तेज गामनुं माणास रस्तामां चालतां चालतां रत्नकुंडल ग्रहण करे छे, तो तेने सुभटो झाडनी उथ्थी बाहार आवी हाकल मारी पाछुं मूकवानुं कहे छे, अने दंड करावे छे. तेथी ते सुभटना भयनी तत्रत्य जनने खबर पडवाथी तद्ग्रामस्थ माणास तो रत्न कुंडलने कोइ पण ग्रहण करता नथी. हवे ते वामां मातृदत्त अने वसुदत्त ए बेहु मित्रो तेज रस्ते निकल्या, त्यां र स्तामां पडेलुं रत्नजडित कुंडल बेहु जणें दीठुं, तेमां मातृदत्तें दीठुं, पण

मनमां समजो जे, ते अदत्त छे, माटे लेवायज नहिं. एम समजी एमने एम गुपचूप चाल्यो गयो, अने पछवाडे चाल्यो आवतो वसुदत्त ते रस्तामां पडेला कुंमलने जोइने एकदम खुशी थइने लेवा दोड्यो. त्यारें मातृदत्तें कह्युं के भाइ! ए कुंमल नथी पण विष छे, माटे ते तुं लइश नहिं. त्यारें तेनी देखतां तो तेणे ते कुंमल पडतुं मूक्युं. अने पाछा त्यांथी चाल्या, चालतां चालतां तेने बोध थवा माटे मातृदत्तें एक दृष्टांत कहेवा मांम्यो. के कोइ एक नगरने विषे देव अने यश नामना बे वैश्य रहेता हता, ते पण आपणी पेठें बेहु मित्र हता, अने व्यापार पण बेहु सरखोज करता हता, तेमां देवनामनो श्रावक हतो ते अदत्त वस्तुथी पराङ्मुख हतो, अने बीजो यश जे हतो, ते देवथी विपरीत हतो. हवे एक दिवस ते बेहु जण शौच जवा गया, अने त्यांथी ज्यारें पाछा वल्या, त्यारें तेने मार्गमां पडेलुं एक कुंमल नजरें पड्युं, तेमां देवश्राद्धें ते कुंमल जोयुं, तो पण जेम न जोयुं होय, तेवीज रीतें रस्ते चाल्यो गयो, अने यश जे हतो, ते, ते कुंमलने लेवा दोड्यो, त्यारें देवश्राद्धें कह्युं के भाइ! ते आपणुं नथी, माटे ते लेवाथी अदत्तादान थाय अने अदत्तादाननुं शास्त्रमां मोहोटुं पाप लखेलुं छे. तेथी तारे ते लेवुं योग्य नथी. ते सांभली ते वखत तो तेणे पण लज्जाथी लीधुं नहिं अने पछी तुरत ते देखे नहि, एवे बीजे आम्हे रस्ते जइ ज्यां कुंमल पड्युं हतुं त्यां पाछो आव्यो, आवीने तेणे ते कुंमल लइ लीधुं. पण विचार करवा लाग्यो के धन्य छे देव श्राद्धने के जेणें आ कुंमलने जोयुं, पण निर्लोभ थइ लीधुं नहिं? परंतु फिकर नहिं तेने पण हुं छोडीश नहि, एटले तेने पण हुं कुंमलनो भागीयो करीश तेथी ते पण मारा पापनो भागीयो थाशे? एम विचारीने ते कुंमल देवथी छानुं राख्युं. पछी बेहु जण बीजा नगरमां गया, अने ते देवथी छाना माना चोरी लीधेला कुंमलना द्रव्यथी तथा पोताना द्रव्यथी घणुंज करियाणुं बेहु जणे मलीने लीधुं अने पछी पोताने स्थानकें आव्या. हवे पोताना द्रव्यथी जेटलुं करियाणुं आववुं घटे, तेथी घणुंज वधारे आवेलुं जोइने देवश्राद्धें पूछ्युं के हे यश! आपणुं द्रव्य तो थोडुं हतुं अने आ करियाणुं केम घणुंज आव्युं देखाय छे? त्यारें तेणें कुंमलवेचाना द्रव्यथी करियाणुंलेवानी छानी वात जे हती, ते स्पष्टरीतें कही देखाडी. ते सांभली त्रास पामी देवश्राद्धें तेनो हिसाब कर्यो अने कुंमलना

द्रव्यनुं जेटलुं करियाणुं लीधुं हतुं, ते सर्व तेने आप्युं अने पोताना नागना द्रव्यनुं जेटलुं करियाणुं आव्युं हतुं, ते विजाग करी पोतें राख्युं. तेम करवाथी पोताना जागमां आवेलुं घणुंज करियाणुं जोइ यश, मनमां अत्यंत खुशी थयो अने तेणें जाडे राखेला करियाणा जरवाना उरडामां ते सर्व जर्युं. पछी तेज रात्रिने विषे यशें जेमां करियाणुं जरेलुं हतुं, ते घर, रात्रियें चोरोयें फाडीने सर्व चोरी लीधुं अने ज्यारें सवारनो प्रहर थयो, त्यारें त्यां जइ जोवे, तो घर फाडी सर्व करियाणुं चोराइ गयेलुं छे? ते जोइने अत्यंत क्लेश पामी तुरत ते देवश्राद्ध पासें आव्यो अने रुदन करी कहेवा लाग्यो के जाइ! तमाराथी जुदो पडी में मारुं करियाणुं जाडे राखेला एक महोटा उरडामां जर्युं हतुं, तेमांथी तो रात्रियें चोरोयें आवी सर्व चोरी लीधुं? अरे! हवे हुं ते शुं करुं? ते सांजली पुण्यवान् एवो देवश्राद्ध बोल्यो के हे मित्र! अन्याय करवाथी तो महोटो अनर्थज थाय छे. ते माटेज सुज्ञजनो कोइ पण प्रकारनो अनर्थ करता नथी. जुउ. तमें हजी हालज अनर्थ कर्यो, तेनुं फल तमने प्रत्यक्ष हमणांज मली आव्युं. तेथी हजी पण हुं कहुं छुं.के तमें अदत्तादाननुं व्रत ग्रहण करो. ते सांजली उद्बोध पामेला यशें ते व्रत अंगीकार कर्युं. हवे बीजे दिवसें ते गाममां दूर देशथी वेपारी आव्या, तेने केटलीएक हाटनी वस्तुउ वेचाथी आपी, तेथी यशने बमणो लाज थयो, त्यारें तेणे अदत्तादानना व्रतनुं प्रत्यक्ष पारखुं जोइने सुश्रावक पणुं स्वीकार्युं.

हवे मातृदत्त कहे छे, के हे वसुदत्त! न्यायोपार्जित द्रव्यथीज जीवनुं कल्याण थाय छे. माटे तारे हवे, दुष्टपरिणामदायक चोरीथी लीधेला द्रव्यें करी विरामज पामवुं उचित छे. एवी रीतें वसुदत्तने घणो उपदेश करी ते कामथी निवृत्त थवा कह्युं, तो पण ते पाछो मातृदत्तथी छानोमानो त्यां जइने कुंफल लही आव्यो. हवे मातृदत्तें एक तो रस्तामां पडेलुं कुंफल लीधुं नहिं अने बीजुं लेवाने इच्छा करता वसुदत्तने उपदेश आपी अटकाव्यो.एम बेहु रीतें तेनी नीति जोइ लीधी. अने वसुदत्तें कुंफल लीधुं, ते पण जोयुं. तेथी राजसुजटोयें आवी वसुदत्तने तुरत पकडी लीधो, अने तेना मालनां जरेलां गाडां कबज कर्यां. अने पछी मातृदत्तने पकड्यो, तेथी ते तो विचारमां पडी कहेवा लाग्यो जे जाइयो! मारो शुं अपराध छे! ते तमो मने पकडो छो? त्यारें सिपाइयो बोल्या के हे माहा सात्विक! तुं जरा पण मनमां खेद करीश नहिं, तारा

नीतिनां आचरणथी आ गामनो राजा अत्यंत संतुष्ट थइने तुने कांइक अलभ्य लाभ आपशे? ते सांभली मातृदत्त कहे छे, के महेरबानी करी आ मारां करियाणानां गामां तमें जपत करो, परंतु आ वसुदत्तने तथा वसुदत्तना गामांछने छोडी मूको. होय, बालस्वभाववाला नरनी भूलथी थयेला एक अपराधनी तो तमारे क्षमा करवीज जोइयें? वली हे भाइयो! जो आ मनुष्यने तमो छोडी देशो, तो हुं जाणीश के एज मारी पर आपना राजायें मोहोटो उपकार कर्यो? अने हे सुभटो! अमारे ग्राम्यजनने राजाना दर्शन कर्यानुं शुं प्रयोजन छे? कारण के अमो राजरीतमां नो कांहि समजताज नथी? ते सांभली सुभटो कहे छे के हे महासत्त्व! तमारा कहेवाथी ल्यो, आ अमें तेने छोडी मूक्यो. पण तमो तो जलदी अमारा राजानी पासेंप महेरबानी करी पधारो? एम कहीने मातृदत्तने राजानी पासें तेडी लाव्या अने कुंभलग्रहणनी जे कांइ बीना बनी हती, ते सर्व राजानी पासेंप कही बतावी. ते सांभली विस्मय पामेलो राजा कहेवा लाग्यो के हे भाइ! तें, ते रस्तामां पडेला कुंभलने लेवामां जरा पण मन न कर्युं तेनुं शुं कारण? जो ने, रस्तामां पडेला पदार्थने तुं विना बीजो कोण न लीये? अर्थात् सहु कोइ लेज. त्यारें मातृदत्त बोल्यो के महाराज! में मारा गुरुपासें एवुं व्रत लीधुं छे, के कोइ वस्तुने ते वस्तुना स्वामीना दीधा विना लेवी नहिं. माटे दीधा विना कांइ पण हुं ग्रहण करतो नथी. ते सांभली खुशी थयेला राजायें तेनी मोहोटी आजीविका ठेरावीने पोताना द्रव्यभंडार साचववानी चाकरी पर राख्यो, तेथी ते सुखी थयो. सर्व ठेकाणे मानने प्राप्त थयो. कालें करी सुसमाधिथी मरण पामी, आज पुरने विषे चंद्राभा नगरीने विषे उत्तम वणिकना कुलमां पुरंदर सतीनामा स्त्रीथकी पुत्रपणे उपन्यो. तेना पितायें तेनुं सिद्धदत्त एवुं नाम पाड्युं. पछी अनुक्रमें सर्व कलामां कुशल थयो. अने वन, उपवन, राजरस्ता प्रमुखमां विविध प्रकारनी कलाउनां कुतूहलोने करवा लाग्यो.

हवे वसुदत्त जे हतो ते कुकर्मथी पोतानी आजीविका चलावीने केटलेएक कालें करी मरण पामी ने कर्मना विचित्रपणाथी ब्राह्मणना कुलने विषे कपिल नामा पुत्र थइने अवतर्यो. ते निर्धन एवा ब्राह्मण कुलमां अवतरवाथी तेना पितायें पोताथी पण हीन कुलवालानी याचना करीने एक कन्या परणावी आपी. तेनी साथें विषयसुख भोगवतां तेने घणांक

छोकरां थयां. छोकरां घणां थवाथी तथा निर्धनपणाथी ते घणोज दुःखी थवा लाग्यो ॥ यतः ॥ कुर्कुटीणामजानां च, सूकरीणां सुताघनाः ॥ यथा निःस्वगृहे भिन्नाः पापाः स्युर्बह्वस्तथा ॥१॥ अर्थः—कूकडीने, बकरीने अने सूकरीने, ए त्रणे जातिने जेम संतानो घणांज होय छे, तेम पूर्वे पाप कर्म करनारा एवा बालको, निर्धन पुरुषनी स्त्रीने पण घणांज थाय छे. हवे ते कपिल ब्राह्मणनां जे माता पिता हतां ते कोइ पण ठेकाणेथी लावी कपिलनुं तथा कपिलना कुटुंबनुं पोषण करतां हतां. दैवयोगथी ते पण मरण पाम्यां, त्यारें तो पछी निराधार थवाथी दारिद्रें करी पीडाता एवा ते कपिलने पोतानी स्त्रीयें अत्यंत धिक्कारी काढ्यो. तेथी ते बाहिर देशावर प्रत्यें द्रव्य उपार्जन करवा माटे निकल्यो. परंतु पूर्वजन्मना कुकर्मथी बहुज क्लेश पामवा लाग्यो अने पापोदयने लीधे कोइ पण ठेकाणेथी तेने कांइ पण द्रव्य मल्युं नहि तेथी महा कष्टें करी दिवस निर्गमन करवा लाग्यो ॥ यतः ॥ कुग्रामवासः कुनरेंद्रसेवा, कुभोजनं क्रोधमुखी च भार्या ॥ कन्याबहुत्वं च दरिद्रता च, षट् जीवलोके नरका भवंति ॥ १ ॥ अर्थः— एक तो कुग्राममां वसवुं, बीजुं दुष्ट राजानी सेवा करवी, त्रीजुं रात दिवस दग्धदोषादिक युक्त अन्ननुं भोजन करवुं, चोथुं घरमां स्त्री क्रोधांध होय, पांचमुं जाजी कन्यायो उत्पन्न थइ होय, छहुं घरमां अति निर्धनपणुं होय. ते छ वानां आ लोकने विषे प्रत्यक्ष नरकज जाणवां. हवे ते कपिलने एक दिवसें फरतां फरतां कापडीनो वेष धारण करनारो कोइ एक योगी मल्यो, तेनी साथें तेणें मित्रता करी अने पोताना सर्व दुःखनी वात पण कही आपी, ते सांभली कापडीयें कह्युं के हे मूर्ख! तुं वृथा द्रव्यनो प्रयास न कर. अने एम करतां जो तुं धननोज अर्थी हो, तो चंद्राभा नामा पुरीमां जलदी जा. त्यां आशापुरी नामनी देवी छे, ते देवीमां जेवुं नाम छे, तेवाज गुणो छे, माटे ते देवीनुं आराधन कर, जेथी ते देवी तारी आशा पूर्ण करशे? ए सांभली कपिल ब्राह्मण चंद्राभा नगरीयें गयो, त्यां नाइ धोइ पवित्र थइने पुष्पादिकोयें करी ते देवीनुं अर्चन करी स्तुति करी ध्यान धरी मौन राखी, उपवास करी कुशनुं आस्तरण नाखीने बे दिवस पर्यंत बेठो. त्रीजे दिवसें रात्रिने विषे आशापुरी देवी बोली के हे ब्राह्मण! तुं शा माटे तपस्वी थइ क्षुधा वगेरे

दुःख सहन करी मारी पर बेठो बो ? त्यारें कपिल बोल्यो के हे देवि ! मारे तो द्रव्य जोइयें बेयें, बीजुं कांइ जोतुं नथी. माटे द्रव्य आपो ? त्यारें देवी बोली के शुं तुं आहिं कांइ तारा बापनी थापण मूकी गयो बो, ते लेवा आव्यो बो ? त्यारें कपिल कहे के तमो देवी बो माटे सर्व जाणोज बो. मने शा माटे अमथो हेरान करो बो ? हवे तो मुने दरिद्रपणाने लीधे जीववानो पण कंटालो आवे बे. आ जीववा करतां तो हुं जो तमा री पासें तमारा बलिदानरूप थइ जाउं, तो घणुंज सारुं थाय ? आ प्रका रनां वचनथी ते कपिलना मननो दृढ निश्चय जाणीने देवी बोली के, आ एक श्लोकना पदनुं लखेलुं पुस्तक हुं तुने आपुं बुं, ते ग्रहण कर्य. अने जे तुने पांचसो रुपैया आपे, तेने आ पुस्तक तुं आपजे. परंतु द्रव्य लीधा विना कोइने आपीश नहिं. अने तेनी पांचशोथी वधारे द्रव्यनी पण प्रार्थना करीश नहिं. एम कही पुस्तक दइने देवी तो अंतर्ध्यान थइ गयां. तदनंतर ते कपिल, देवीना आपेला ते पुस्तकने लइने त्यांथी वेचवा माटे चाल्यो, ते गाममां आवी, आखा गाममां फर्यो, पण तेनो एक पैशो पण कोइयें आप्यो नहिं. एम करतां करतां अनुक्रमें ते पूर्वजन्मना मित्र सिद्धदत्त पासें आव्यो, अने तेने ते पुस्तक देखाडयुं, त्यारें सिद्धदत्तें पूबयुं के महाराज ! आ पुस्तकनी शुं किम्मत ल्यो बो ? त्यारें तेणें कह्युं के पांचसो रूपैया ? ते वखत सिद्धदत्तें विचार कर्यो जे हुं एमां जोउं तो खरो, के एमां शुं लखेलुं बे ? पबी ते कपिलना हाथमांथी पुस्तक लइने अंदर ज्यां जोवे, त्यां तो तेमांथी "प्राप्तव्यमर्थं लभते मनुष्यः" ए, श्लोकनुं एकज पद निकल्युं, ते पदमां अर्थ ए हतो के, मनुष्यने पूर्वजन्मना योगथी जेटलुं मलवानुं होय, तेटलुंज मले बे, वधारे कांइ पण मलतुं नथी. एवो अर्थ मनमां विचारी निश्चय करीने ते ब्राह्म णने हर्षे करी पांचशो रूपैया आप्या. पबी ते कपिल, द्रव्य प्राप्त थवाथी हर्षित थइने पोताना घर तरफ चाल्यो. ज्यां रस्तामां चाल्यो जाय बे, त्यां भिल्ल लुंटाराउ मल्या, अने तेणे तेने लुंटी लीधो अने द्रव्य आपवानी हा ना कहेवाथी खूब मार्यो. पबी उल्लास रहित तथा निराश थइ जेवो गयो हतो तेवोज पाबो घेर आव्यो.

हवे सिद्धदत्तनो पिता, सिद्धदत्तने प्रतिदिन, सायंकालें पूबीने घर खरच

रोजमेलमां लखावे छे, अने मेलनी पुरांत पोतेंज गणे छे. जे दिवसें सिद्ध दत्तें पांचसो रुपैया आपी पुस्तक लीधुं, ते रूपैया चोपडामां लख्या न हता, तेथी पुरांत गणतां ते रूपैया त्रुटी पड्या अने मेल मल्यो नहिं, त्यारें सिद्ध दत्तने पूछ्युं के नाइ! आजनी पुरातमां पांचशे रूपैया केम घटे छे? त्यारें तेणे ते पांचसो रूपैयाने ठेकाणे ब्राह्मण पासेंथी वेचातुं लीधेलुं पुस्तक ब ताव्युं अने कह्युं के पिताजी! आ पुस्तक, में पांचशो रूपैयानुं लीधुं छे, पण तेना रूपैया चोपडामां लख्या नथी, माटे पुरांतमां घटे छे? ते लखवाना तो हता खरा, पण आपने पूछीने लखवाना हता, तेथी में लख्या नथी. आवुं वचन सिद्धदत्तनुं सांनालतांज तेने अत्यंत कोप चड्यो. पछी तुरत सिद्धदत्तने खूब मारीने कह्युं के अरे डुष्टपुत्र ! आवो नकामो खोटो व्यय करी मारूं ड्व्य तुं लुंटावी दे छो, तेथी तुं ते शुं कमाइने खावानो छो? माटे जा. निकल मारा घरमांथी? जेटला रूपैया पुस्तक लीधामां व्यर्थ तें गमा व्या छे, तेटलाज रूपैया कमाइने लाव्या विना खबडदार जो मारा घरमां पेठो छो तो!! ते सांजली सिद्धदत्तें धीरें रही कह्युं के हे पिताजी! तमो तो मने पांचसोज रूपैया कमाइ आववुं कहो छो, परंतु हुं तो पांच हजार रूपैया कमाया शिवाय तमारा घरमां आवनार नथी ? एम कही ते वेचातुं लीधेलुं पुस्तक लहीने पोताना बापना घरथी एमने एम एकदम निकली गयो. परंतु ते वखत रात्रि होवाथी नगरना दरवाजा बंध थइ गया हता, तेथी ते दर वाजानी पासें एक जीर्ण देवमंदिर हतुं, तेमां जइ पुस्तकने हाथमां राखी स्वस्थ पणाथी सुइ रह्यो. हवे तेवा समयमां शुं बन्युं? ते कहे छे.

एक कन्या ते गामना राजानी, बीजी कन्या सचिवनी, त्रीजी कन्या ग्रा मशेठनी, अने चोथी कन्या गामना पुरोहितनी. ए चार कन्याउ त्यां रहे छे, तेने बाल्यावस्थाथी परस्पर घणोज स्नेह छे. एक दिवस चारे जणीयो एकठी थइने गाढस्नेहें करी परस्पर कहेवा लागीयो के हे बेनो ! आपणे जन्मथी नेगीयोज रहीयें छैयें अने एक बीजीनो परस्पर वियोग सहन करी शकतीयो नथी, तो हवे आपणने यौवनावास्था प्राप्त थवानी तैयारी छे, ते जोबनमां दैवरूप वायु आपणने जुदी जुदी करी मूकशे, ते आपणथी केम सहन थाशे? त्यारें तेमांथी प्रथम राजकन्या जे हती ते बोली के हे प्रियस खियो ! ज्यां सुधी आपणने आपणा पितायें जुदा जुदा वरनी सायें वरावी

यो नथी, ते पहेलांज आपण चारे जणीयो पोतानी मेळेंज एक वर शोधीने ते एकज वरसाथें परणीयें तो केवुं सारुं के, जेथी आपणने कोइदिवस जुदुंज पडवुं पडे नहिं? ते राजकन्यानी वात अनुकूल लागवाथी सर्वे कन्याउयें स्वीकार करी. हवे ते पछी थोडा दिवसमां त्यां कोइ देशांतरथी उत्तम कुल वालो, शुद्ध आचारवालो, अने स्वरूपवान् एवो कोइएक राजसेवक आव्यो, तेने ते कन्याउयें राजमार्गमां चाल्यो जातो गवाक्षमांथी जोयो. अने जोइने एकदम माणास मोकली तेने तेडावी लीधो. पछी राजकन्यायें प्रछन्न रीतें कह्युं के तुं अमारुं चारे जणीयोनुं छानुं मानुं पाणिग्रहण करीश? ते सांजलीने राजसेवक बोल्यो के ए वात माराथी बनवानी नथी. त्यारें राजकन्या कहे छे के जो तुं अमोने वरवानुं नहिं कबूल राख्य, तो हुं तुने मारा अनुचरो पासें जीवतोज मारी नखावीश. ते सांजली तेणे राजकन्यानुं वचन, मर वाना जयथी ते वखत तो स्वीकारी लीधुं अने कह्युं के जाउ हुं जरूर तमने चारे जणीयोनो वरीश? पण हुं क्यां आवुं अने केम करुं? ते कहो. त्यारें वली पण राजकन्याज बोली के अमारा गामना दरवाजा पासें एक जीर्ण देवमंदिर छे, तेमां तमारे आजनी रात्रें आवीने सुइ रहेवुं, अने अमो त्यां चारे जणीयो एकेक प्रहरने आंतरे आवशुं. तेमां जरा पण संदेह राखशो नहि. अने तमे आव्या विना रहेशो नहिं? ते वात राजसेवक अंगीकार करी, त्यांथी रजा लइ चाल्यो, अने पोताने स्थानकें आव्यो. अने पछी विचार करवा लाग्यो के ए स्त्रीयो सर्वे, राक्षसीयो जेवीज छे, तो तेना पासमां मारे ते शीद पडवुं जोइयें! वली एकने जो परणवुं होय तो तो जाणे ठीकज छे, परंतु आ तो चार स्त्रीयोने परणवुं? वली चारने जे परणे, ते केवी रीतें सुखी रहे! तेमां पण वली तेना बोलवा परथी लागे छे, के ते तो पिशाची जेवी छल करनारीयो छे! ज्यारें आपणे परण्या, त्यार पछी तो तेने छोडायज केम! जुउ. कानें पकडेली जे व्याघ्री छे, ते बलवानथी पण पछी छोडाती नथी, कारण के जो ते छोडे, तो ते व्याघ्री बलवाननांज प्राण लीये! माटे तेउनी साथें न परणवुं तेज सारुं छे अने परण्या पछी तो मारो कोइ उपायज नहिं. अहो जुवो तो खरा मुने ए राजपुत्रीयें केवो छल्यो!!!

एवी रीतें चिंतासमुद्रना मध्यमां रहीने तेणे आखो दाडो तेज वि

चारकर्या कर्यो. पछी सायंकाल थयो त्यारें वली पण विचारवा लाग्यो के ए कुड़ स्त्रीयोने परणीने एक तो मारा निर्मल एवा कुलने कलंक लगाडवुं, अने बीजुं आ गामनो जे राजा तेनी सार्थे गुप्तरीतें विवाह करी द्रोह करवो! माटे ए काम कुलवान् पुरुषने करवुं तो उचितज नथी! एम विचारी प्रदोषने समयें ते नगरमांथी बाहिर जइ कोइक ठेकाणे रह्यो.

हवे राजसुता वगेरे चारे जणीयोयें एकत्र थइने ठराव कर्यो के आपणे अनुक्रमें एकेक जणीयें एकेक प्रहरने आंतरें रातमां आपणा संकेत करेला देवमंदिरमां जवुं. ते ठराव परस्पर कबूल करीने प्रथम प्रहरमां सर्व वैवाहिक उपकरण लइने राज कन्या सखि सहित सांकेतिक देव मंदिरमां पेठी, अने अंदर जइ ज्यां जोवे छे, त्यां तो सिद्धदत्त सुतेलो छे. तेने जोइने तेणें जाण्युं जे अहो ते राजपुरुष अमारी पहेलांज मारा कहेवा प्रमाणें आवीने सूतो छे! तेथी ते माणस घणोज हुशीयार लागे छे, अने तेने परणवाथी अमो घणां सुखी थाशुं? एम विचार करी ज्यां निकट आवी जुवे, त्यां तो पुस्तक हाथमां लइने सिद्धदत्तने निद्रा करतो दीठो, त्यारें राजकन्या विचारवा लागी के अहो ते राजपुरुष बुद्धिमान् तथा साहसिक पण लागे छे, परंतु निद्रालु छे, कारण के ते धमधोकार निद्राज कर्या करे छे! एम विचारी तेनी पासें गइ. अने कहेवा लागी के हे स्वामीनाथ! निश्चिंत थइने केम सूता छो? जलदी उठो. जे लग्ननो अवसर जाय छे, ते न पासतां आलसु थइ सुवुं, ते ठीक कहेवाय? आवा उत्साहना कार्यमां निद्रा ते केम आवे छे? एम बोलतां बोलतां प्रेम निर्भरपणायें तेने उठाड्यो अने अंधारे ने अंधारे ते राजकन्यायें पोतानो हथेवालो तेना दक्षिण हाथमां मेलवी आप्यो अने हाथने विषे कंकण बांधी गांधर्व विवाह करी लीधो. पछी नथी जाण्यो राजकन्या वगेरेनो संकेत जेणें एवा सिद्धदत्तने सांकेतिक राजपुरुष जाणी राजकन्या कहेवा लागी के हे वल्लभ! आपें आपनो बेसवानो रथ क्यां छोड्यो छे? ज्यां छोड्यो होय, त्यां जइ तेने घोडा जोडी ने जलदी तैयार राखजो. कारण के आपण सर्वेने ते रथमां बेसी सवारमां एकदम पलायन करवुं पडशे. माटे तेनी तैयारी राखो? ते सांभलीने सिद्धदत्त बोल्यो के सर्व सारुंज थाशे. परंतु हाल तो हूं निद्रामां छूं माटे मने तेमां अंतराय करो नहिं. अने सुवा आपो.

एम कही कपटनिद्राथी पाछो तेमने तेम सुइ गयो. तेवामां तो राजकन्या ते पुरुषनो शब्द सांभली मनमां शंका तथा त्रास पामी विचारवा लागी जे अरे! अमोयें संकेत करी जे पुरुषने आ देवालयमां सुवानुं कह्युं हतुं, ते तो भासतो नथी अने आ तो बीजो कोइ नवीनज पुरुष भासे छे? एम विचार करी संपुटमां करेला दीवाने संपुटमांथी उघाडो करी तेनी सामो कर्यो अने ज्यां जोवे, त्यां तो सारा वर्णवाला, सुकुमार अंगयुक्त, कामदेवना रूपने पण जीती जाय एवा रूपवाला, ते सिद्धदत्तने जोयो. जोइने जेवामां तेने कांइक कहेवा जाय तेवामां तो तेना मस्तकनी पासें हाथमां राखेला पुस्तकने जोयुं. अने तरत तेमां लखेलुं श्लोकनुं एक पद वांच्युं, ते जेम केः "प्राप्तव्यमर्थं लजते मनुष्यः" एटले मनुष्यने दैव योगें जेटलुं मलवानुं छे, तेटलुंज मले छे. ते वांची राजकन्यायें तुरत पोतानी आंखमांथी अंजन काढी घांसनी सलीयें करी ते पुस्तकमां एक बीजुं पद लख्युं केः "देवोपि तं लंघयितुं न शक्यः" एटले प्रारब्धथी बनेला कार्यने देव पण उल्लंघन करवाने समर्थ थतो नथी, तो मनुष्यनी तो शीज गति? एम ए श्लोकमां बीजुं नवुं पद लखी, राजकन्या पोताने घेर चाली आवी. पछी बीजो प्रहर थयो, तो ते बीजा प्रहरने विषे पूर्वोक्त संकेतप्रमाणें मंत्रीनी पुत्री आवी अने पूर्वोक्त राजकन्यानी रीतें तेनुं पण बन्युं, तो तेणे पण ते श्लोकमां त्रीजुं पद नवुं करी राजकन्यानी पेठें पोतानी आंखमांथी अंजन काढी सलीयें करी लख्युं, के " तस्मान्न शोचे न च विस्मयोमे" एटले ते दैवनुंज करेलुं थाय छे, ते माटे हुं कांहि शोक करती नथी तथा मनमां विस्मय पण पामती नथी. आ प्रमाणें त्रीजुं पद लखीने ते पण पोताने घेर आवी. ते पछी तृतीय प्रहरने विषे श्रेष्ठीनी पुत्री आवी, तेनुं पण पूर्वोक्त रीतें बन्युं अने तेणें पण तेज श्लोकनुं एक नवीन चतुर्थ पद बनावीने लख्युं जे "यदस्मदीयं नहि तत्परेषां" एटले जे आपणुं छे, ते कोइ दाडो बीजानुं थइज शकतुं नथी. एम लखीने ते पण पोताने घेर चाली गइ. पछी चतुर्थ प्रहरें पुरोहितनी पुत्री आवी, तेनुं पण त्रण कन्यानी प्रमाणें बन्युं. त्यारें तेणे तो एक नवीन श्लोकज बनाव्यो, ते जेम केः– व्यवसायं दधत्यन्यः, फलमन्येन भुज्यते ॥ पर्याप्त व्यवसायेन, प्रमाणविधिरेव नः ॥ १ ॥ अर्थः– व्यवसाय कोइक करे

छे, अने तेनुं फल कोइ बीजोज जोगवे छे, पूर्ण व्यवसाय कर्यां छतां पण जे अमने फल मल्युं, तेमां अमारुं कर्मज कारण छे, बीजुं कोइ नथी.

पछी प्रजातना समयने विषे ते चारे कन्याउनी सखीयोयें विचार्युं जे आ कन्याउनां लग्ननी वात तेमनी माताउने आपणे कहियें? अने ते तेना पिताउने कहेशे. जो आपणे नहिं कहेशुं तो तेमनां माता पिता आपणने अपराधी गणशे, के तमो जाणती हती ते छतां अमने कह्युं केम नहिं? एम विचारी चारे कन्यानी सखीयोयें तेनी प्रत्येक माताउने रात्रिमां बनेला लग्ननी सर्व हकीगत कही संजलावी अने ते वात पाछी कन्याउनी माताउयें पोतपोताना स्वामीने कही दधी, ते सांजली खुशी थइ राजायें प्रधानोने तेडाव्या अने कह्युं के हे बुद्धिमान् मंत्रीयो! आपणा गामना दर्वाजा पासें जीर्ण थयेलुं एक देवमंदिर छे, तेमां पुण्यशाली एवो अमारो जामाता सूतेलो छे, तेने महोटा आम्डंबरथी तथा धामधूमथी तेडी लावो. एवुं वचन सांजली ते मंत्रीयो त्यां जइने प्रथम तो तूर्यना घोषें करी सिद्धदत्तने जगाड्यो. पछी प्रौढ एवा गजराजनी उपर बेसार्यो अने बंदी लोकोना वृंदोयें जेनी स्तुति करी छे एवा ते सिद्धदत्तने राजाना मंदिरमां आण्यो, त्यां लोको तेने जोइने कहेवा लाग्यां के अहो! आ तो आ गामना रहेवासी पुरंदर शेठनो पुत्र सिद्धदत्त छे? ते सांजली राजा अत्यंत हर्षायमान थयो.

हवे ते सिद्धदत्तनो पिता पुरंदर जे हतो, तेणें मारीने पोताने घेरथी ते सिद्धदत्तने काढी मूक्यो हतो, परंतु पोतें पिता छे तेथी मनमां दया आणी तेने मारवानो पश्चात्ताप करी गामना दरवाजा बंध थया छे, तेथी ते गाम मांज हशे? एम जाणी ते गामनीज गली कुंचीयो शोधतो हतो, अने शोधतां शोधतां सवार थइ पडी परंतु तेने ते मल्यो नहिं, त्यारें ते निराश थइ घेर आवी ज्यां निराश बेठो. त्यां तो ते सिद्धदत्तनी सर्व लग्न वगेरेनी हकिगतने तथा सिद्धदत्त परणवा माटे हस्तीपर बेसीने राजमंदिरमां आव्यो ते सर्वने गामना माणासोना मुखथी सांजली पुरंदर श्रेष्ठी हर्षित थइ एकदम त्यां आव्यो अने जोइने अत्यंत खुशी थयो. पछी ते कन्यानां माता पिता वगेरेने खबर पडी के अमारी दीकरीयोयें पण तेज पुरुषने वर्यो छे. तेम जाणी ते पण सहु त्यां आव्यां. पछी ते चारे कन्यानां माता पिता, कामसमान

स्वरूपवान एवा पोतानी कन्याना वर सिद्धदत्तने जोइ अत्यंत खुशी थयां, अने कन्याउ पण खुशी थइ विचारवा लागीयो के अहो! प्रथमना सांकेतिक राजपुरुष करतां तो आ वर आपणने हजारगणो सारो मल्यो? पछी ते मतिमान् एवा राजा, तथा मंत्री प्रमुखें महोटी धाम धूमथी पोतानी कन्याउना विवाह कस्या. तेमां राजायें पाणिग्रहणने समयें कन्या दानमां पंचाशी गाम आप्यां, तेम सचिव, श्रेष्ठी अने पुरोहित, तेणे पण पोत पोतानी कन्याना पाणिग्रहण समयें, स्वस्वशक्त्यनुसारें हर्षथी आन्नरण तथा धन वगेरे आप्यां.

सिद्धदत्त, राजायें आपेला उत्तम धवलगृहमां नवोढा एवी चार स्त्रीयोनी साथें स्वर्गमां जेम देव काल निर्गमन करे, तेम काल निर्गमन करवा लाग्यो. एम करतां एक दिवस ते नगरना उद्यानमां गुणशेखरसूरि नामा मुनि घणाक शिष्यो सहित समोसस्या. ते सांजली राजा प्रमुख वांदवा माटे गया, त्यां सिद्धदत्त पण चार स्त्रीयोयें सहित गुरुने वांदवा माटे आव्यो. गुरु पण सहुने यथायोग्य स्वस्थानपर बेठा जोइ करुणारस युक्त देशना देवा लाग्या. ते जेम केः– ॥ दुष्प्राप्यं प्राप्य मानुष्यं, तत्किंचिज्जन्मनाऽमुना॥ ध्रुवमासाद्यते येन, शुद्धजन्मांतरं पुनः ॥१॥ त्यज दुर्जनसंसर्गं, नज साधुसमागमम्॥ कुरु पुण्यमहोरात्रं, स्मर नित्यमनित्यताम् ॥२॥ निंदां मुंच शमामृतेन हृदयं स्वं सिंचितं च कुर्याः, संतोषं नज लोनमुत्सृज जनेष्वात्मप्रशंसां त्यज ॥ मायां वर्जय कर्म तर्जय यशः साधर्मिके ष्वर्जय, श्रेयोधारय हंत वारय मदं स्वं संसृतेस्तारय ॥ ३ ॥ अर्थः– दुष्प्राप्य एवा मनुष्यना जन्में करी कांइक जो सुकृत संपादन थाय छे, तो ए सुकृतथी वली पाछो शुद्धजन्म थाय छे, अने तेथीज पाछी सद्गति थाय छे ॥ १ ॥ वली हे नव्य जीव! तमो दुर्जनना संगनो त्याग करो. अने साधुनो संग करो. अहोरात्र पुण्य करो. नित्य संसारना अनित्यपणानी नावना करो. निंदानो त्याग करो. शमरूप अमृतथी पोताना हृदयने सिंचित करो. संतोषने नजो. लोननो त्याग करो. मनुष्यो पासें आत्मश्लाघा न करो. मायानुं तर्जन करो. दुष्टकर्मोथी त्रास पामो. साधर्मिकोने विषे यशनुं संपादन करो. श्रेयने धारण करो. मदने वारो अनें तमारा जीवने संसार समुद्रथी तारो. इत्यादिक गुरुना मुखथी देशना सां

वली सिद्धदत्तें पूछयुं के महाराज! हुं पूर्वजन्में कोण हतो? त्यारें गुरुयें तेनो सर्व पूर्व जन्म कह्यो. ते सूरिना मुखथकी सांभली संसारथकी विरक्त थइ तेज गुरु पासें दीक्षा लइ, घणा काल पर्यंत मनोहर चारित्र पाली, स्वर्गमां गयो अने अनुक्रमें सुकृतें करी मोक्षने पण पामशे. माटे हे धर्म करणी करनारी श्राविकाउ! आ दृष्टांतथी अदत्तादानना गुण अने दोषो तमारा चित्तने विषे तमो जाणी ल्यो. ए प्रकारनां साधुनां वचन सांभलीने हे पूर्णचंद्रकुमार! बोध पामेली एवी मारी स्त्रीयोयें कह्युं के हे प्रभो! आ जथी चोरीथी कोइनुं द्रव्य अमारे यावज्जन्म लेवुं नहिं. वली लेवुं नहिं एट लुंज नहिं, परंतु अमारा घरमां पडेलुं द्रव्य पण अमारा पतिनी आज्ञा विना बेतरीनेरे लेवुं नहिं. हे गुरो! आपनी साक्षीथी उत्तम एवुं ए त्रीजुं व्रत पण अमोयें अंगीकार कर्युं. ते सांभली अत्यंत खुशी थइने में चितव्युं जे आ तो घणुं सारुं थयुं, हवे आ स्त्रीयो मने वंचीने कोइ दिवस धननुं हरण तो करशेज नहिं. ते पण आ साधुयेंज मारो उपकार कर्यो, माटे तेना अंगमां लाकडीना त्रण प्रहार करवानो जे विचार कर्यो हतो, ते बंध राखी हवे हुं तेने बेज प्रहार करीश? एम ज्यां विचार करुं बुं, त्यां तो पाछी वली मुनियें देशना देवा मांडी के, हे भद्रकस्त्रियो! सर्व व्रतमां शिरोमणि परम उत्तमोत्तम, कल्याणकारक, मंगलकारि, श्रेयस्कर एवुं शीलव्रत पण छे, ते कुलवती स्त्रीने विवाहथी आरंभीने आ व्रत कहेलुं छे. ते जेम केः– कुलवती स्त्रीने मनथी पण परपुरुषनो अभिलाष कोइ पण वखत करवो नहिं. तथा सराग दृष्टिथी कोइ पुरुषनी सामुं जोवुं नहिं. अने एवा शुद्धव्रतने पालनारी सतीस्त्रीने मनुष्य तो शुं? पण वैरी, जल, विष, व्याघ्र, सर्प, वैताल, अग्नि, तेनी पण विपत्ति कोइ दिवस आवती नथी. अने ते स्त्री सर्वत्र माननीय तथा तीव्र तेजस्वी थाय छे, तेनी महोटप जगतमां प्रसरे छे. ते सतीनुं चंद्रपर्यंत शुभ्र यश प्रकाशमान थाय छे, ते सती स्त्रीने सौभाग्य, सुख, संपत्ति, पुत्रप्राप्ति, चित्तनिवृत्ति वगेरे सुख प्राप्त थाय छे अने पर लोकमां पण स्वर्ग अप वर्गनी प्राप्ति थाय छे. हे श्राविकाउ! जे शीलभ्रष्ट प्राणी छे, ते प्राणी, नासिका, उष्ठ, हाथ, पग, तेना तथा इंद्रियना छेदन भेदनने पामे छे. तेमज वली वध, बंधन, क्षय, तेने पण प्राप्त थाय छे. अने जे

कुशीला स्त्री छे, ते तो परजवने विषे कुरूपपणाना कुगर्नपणाना, वंध्यत्वना, जगंदररोगथी ङुःखितपणाना, रंमा कुरंमा तथा वंध्यपणाना जन्मने पामे छे. वली ते आ जन्मने विषे निर्लांछन, तिर्यग्गति, वध, बंधन, ताडन, तर्जन, जारारोपण, कुधा तृषानुं सहन करवुं, इत्यादिक महाङुःखोने जोगवे छे अने मरीने पाछो नरकगतिमां जाय छे. त्यां पण तेने परमाधामी देवता, वज्र उपर तथा अग्नि उपर नाखीने विविध प्रकारनां ङुःखो जोगवावे छे. तेमां ङुराचारी पुरुषने तपावेला लोढानी पूतली साथें, अने असती स्त्रीने तपावेला लोढाना पुरुषसाथें आलिंगन करावे छे. हवे जुउ. ते शीलनो महिमा? के एक शीलसुंदरी जे हती ते शीलें करी साम्राज्यपणानें पामी, अने तेनी पर मोह पामेला ङुर्ललित एवा कोइ चार पुरुषो हता, ते ङुःशीलपणायें करी महोटा ङुःखमां आवी पड्या. ते सांजली हे पूर्णचंड् कुमार! ते स्त्रीयोयें मुनिने पूछ्युं के हे जगवन्! ते शीलसुंदरी ते कोण हती, अने तेने शीलव्रतथी केवी रीतें साम्राज्य सुख मल्युं? तथा ते चार ङुर्ललित पुरुषो पण कोण हता? अने ते उने केवी रीतें ङुःख प्राप्त थयुं? ते कृपा करी सविस्तर कहो. त्यारें मुनि कहे छे, के हे श्राविकाउ! ते वृत्तांत कहुं, ते सांजलो.

आज विजयने विषे विजयवर्द्धननामा नगर हतुं, तेमां कोइ वसुपाल नामक श्रेष्ठी रहेतो हतो, तेनी सुमाला नामा स्त्री हती, तेने एक सुंदर आकारवाली तथा जिनागममां प्रवीण एवी सुंदरी नामा कन्या हती, ते सर्व कलामां कुशल तथा धर्मकार्यमां अग्रेसर हती. हवे ते कन्या अनुक्रमें यौवन वयने पामी ॥ यतः ॥ स्मितं किंचिद्वक्त्रं. सरलतरलोद्दृष्टिविजवः, परिस्पंदोवाचामजिनवरसोक्तिः सरजसम्॥ गतीनामारंजः किसलयितलीलापरिकरः, स्पृशंत्यास्तारुण्यं किमिव नहि रम्यं मृगदृशः॥१॥ अर्थः–युवावस्थाने स्पर्शी करती एवी मृगसमाननेत्रवाली स्त्रीनुं कयुं अंग रमणीय नथी थतुं? अर्थात् सर्व अंग रमणीय थाय छे. ते जेम के, ते स्त्रीनुं मुख काहिंक स्मितयुक्त थाय छे, सरल अने चंचल एवो दृष्टिनो वैजव थाय छे, नविन नविन रसनी छे उक्ति जेमां एवो वाणीनो परिस्पंद थाय छे, गमननो आरंज उतावलथी थाय छे. ते तो जाणे नवांकुरनी लीलानो परिकरज होय नही? तेवो थाय छे. हवे एवी रीतें युवावस्थाना प्राङुर्जावने प्राप्त थयेली ते कन्याने तेनां माता पितायें समानरूपवाला पुरुषनी साथें न

परणावी, परंतु श्रावकना सर्वे गुणोयें परिपूर्ण एवा सुनद्र नामा श्रावक नी सार्थे परणावी. तेथी जे मध्यस्थ लोको हता, ते तो ते विवाहने वखाणवा लाग्या, अने ते कन्याना जे अर्थी हता, ते शोक करवा लाग्या.

एज अवसरने विषे तेज नगरमां ब्राह्मणना कोइक बे पुत्रो अने बे कोइ वाणीयाना पुत्रो रहेता हता. ते चारे जण समानचित्त, समान वय अने समानगुणवाला मित्र हता. तेउ ते शिलसुंदरीना गुण तथा रूप सांजली तेना संगम करवामां अत्यंत उत्सुक थया, तेथी ते चारे ज णोयें अद्भुत एवा शृंगार पहेख्या अने ज्यां ते शीलसुंदरी गवाक्षमां नित्य बेसे ले, तेनी नीचें राजरस्तामां तेने मोह करवाने माटे अनेक कुचेष्टाउ करवा लाग्या. ते जेम केः– क्यारेंक पोतानां अद्भुत स्वरूपो बनावी देखाडे ले, क्यारेंक त्यां जइने ते सुंदरीना मंदिरनी नीचें वीणाउ वगाडे ले. क्यारेंक काव्य, श्लोक, षट्पदीने अन्योक्तियें करीने संजलावे ले. तेवी रीतनी ते चारे जणनी चेष्टा जोइने शीलसुंदरीयें मनमां विचाख्युं जे धि क्कार ले, धिक्कार ले, आवा अज्ञ जनना विलासने ! अने धिक्कार ले, आवी असार संसारनी वासनाने ! अने धिक्कार ले, आवी कामचेष्टाउने! के जे कामचेष्टाथी जीव सदसद्विचारथी आ चार डुष्ट जनोनी पेठें रहित थइ जाय ले ! अने वली नीच आचारने अंगीकार करवो पडे ले ॥ यतः ॥ संपूर्णेपि तडाके, काकः कुंनोदकं पिबति ॥ स्वाधीनेऽपि कलत्रे, नीचः परदार लंपटोनवति ॥ अर्थः–जेमां जलपान करवानी कोइ नाज कहेतुं नथी, तेवा संपूर्ण जलथी नरेला तलाव वगेरे जलाशयने लोडी कागडो जे ले, ते जल नरीने आवती स्त्रीना माथापर रहेला कुंनमां पोतानी चांच घालीने जल पीये ले. तेमज नीच पुरुष जे ले, ते पोताने स्वाधीन स्त्री लतां पण परस्त्रीने विषे लं पट थाय ले. एम विचारीने शीलसुंदरीयें ते चारे डुर्ललित पुरुषोने आंखना कटाक्ष मात्रथी पण आश्वासन कख्या नहिं. पली ते पुरुषोयें घणाक ड्रव्यनो व्यय करी कोइएक परिव्राजिकानो मेलाप कख्यो, अने ते परिव्राजिकाने पो तानी अनिलषित वातनी सूचना करी. एटले तेने कह्युं के तमारे एवुं कार्य करवुं के ते जेथी शीलसुंदरी अमने सुरतसुख आपे ? पली डुष्ट एवी ते परिव्रा जका तेना कहेवा प्रमाणें शीलसुंदरीने समजावा माटे त्यां गइ, त्यां तो ते परिव्राजिकानी मुखमुड्राथी तथा तेना गमनथीज सुशीलायें मनमां जाण्युं के

आ परिव्राजिकानो वेष लेइ जगतमां सुशील जनोने फसावनारी कुट्टिनी छे अने ते चार दुर्ललित पुरुषोनी मोकलेली छे. एम जाणी पोताने घेर आवेली परिव्राजकाने शीलसुंदरीयें नमन मात्र पण कर्युं नहिं, तथा तेनी स्तुति पण करी नहिं. तो पण ते तेनी सन्मुख आवीने पोतानुं कार्य साधवा माटे मान विनानी थइने बेठी. अने काकु उक्तिथी कहेवा लागी के हे वत्से ! दयाधर्म तो सर्वजीवने संमतज छे, तेमां पण श्राव कने तो ते सर्वजीवनी पर दया राखवाथी विशेषपणे सम्मत छे ? माटे ते दुःखीयाउना प्राणनुं तुं रक्षण कर. ते सांजली शीलसुंदरी बोली के हे सखि ! आ तुं जे बोले छे, ते करवानुं महा पाप छे, अने ते कुलीन स्त्रीने तो सर्वथा करवा योग्यज नथी. माटे ते वात करतां तुने लाज नथी आवती ? वली हे सखि ! जेणे व्रत अंगीकार कर्यां छे, एवी तुं सरखी परिव्राजिकाने तो एवुं पाप वचन बोलवानुं पण महापाप छे, ॥ यतः ॥ प्राणिनः पापबुद्धिं ये, परेषां परितन्वते ॥ आत्मानं च परं चैव दुर्गतौ पातयंति ते ॥ १ ॥ अर्थः— जे प्राणी बीजा मनुष्योने पाप बुद्धि आपे छे, ते प्राणीयो पोताना आत्माने तथा बीजाउने दुर्गतिमां नाखे छे. आ प्रकारनां न्याययुक्त वचन सांजली ने परिव्राजिकायें मनमां धार्युं जे आ स्त्री तो निश्चें साचीज सती छे ? पछी त्यांथी गुप चूप उठीने पोताना स्थानक प्रत्यें आवी.अने ते चारपुरुषो पासें जइ कहेवा लागी के हे पुरुषो ! जो तमो सुखें जीववानी इच्छा करता हो, तो ते स्त्रीना संगम रूप दुराग्रहने छोडी द्यो. कारण के तमारा कार्य माटे में त्यां जइने कपटथी घणां वाक्य कह्यां, पण ते दुष्टायें पोतानो दुराग्रह जरा पण छोड्यो नहिं. अने सामो मुने उपदेश देवा लागी ? एवां वचन तेनां सां जली जे कांइ ठरावेलुं द्रव्य हतुं, ते परिव्राजिकाने आपीने विसर्जन करी. पाछा वली ते चारे जण विचार करवा लाग्या के हवे तो आपणे, ते रांडने कोइ वातें छोडवीज नहिं, माटे कोइ मंत्रसिद्धने मलीने मंत्रविद्याथी तेने तेडावी तेनी साथें रतिसुख लेवुं ? एम विचारी कोइ एक मंत्रसिद्ध पुरुषने मल्या अने ते मंत्रसिद्धने पोतानुं सर्व मनीषित कही बताव्युं, त्यारें ते मं त्रसिद्धें चारे जणने तेमनुं धारेलुं काम पार पाडवा माटे काली चउदशने दिवसें रात्रिने विषे एक निर्जन वनमां आववानुं कह्युं अने ते त्यां आव्यो.

पछी मंत्रसिद्ध पुरुष, भूमिने पवित्र करी तेने विषे मंमल लखी तेनुं पूजन करी, ते मंमलनी वच्चे बेसी विधिपूर्वक देवीनो मंत्र आराधवा लाग्यो. ए मंत्रना आराधनथी मंत्रदेवीने प्रसन्न करी. त्यां तो प्रसन्न थयेली ते देवी सन्मुख आवी उभी रही, त्यारें ते देवीने सिद्धपुरुषें कह्युं के हे देवि! शीलसुंदरी नामा एक अतिस्वरूपवान् स्त्री छे, तेने तमो जइने जलदी लावो. ते सांभली अचिंत्य महिमावाला मंत्रना प्रभावथी वशीभूत थयेली देवी, आकाशमार्गें गई. ज्यां एकली ब्रह्मचारिणी पौषधयुक्त ते शीलसुंदरी घरमां सूती हती, त्यां आवी तेने एकदम त्यांथी उपाडीने आकाशमार्गें सिद्धपुरुष पासें आणी मूकी. हवे त्यां तेने आणी तो खरी, पण शीलसुंदरीना तेजने सहन न करी शकवाथी देवी कहेवा लागी के अरे पापी! तें आवा निंद्य कर्ममां मुने क्यां नाखी? जा. हुं तारुं धारेलुं काम करीश नही. एम कहीने क्रोधायमान थइ मंत्राधिष्ठायिका देवी पोताने स्थानकें गइ. पछी सिद्धपुरुषें तुरत ते चारे जणने बोलाव्या अने कह्युं के अरे दुर्जलित पुरुषो! तमो आहिं आवो, अने जे स्त्री तमारा मनोमंदिरमां निवास करी बेठेली हती ते आ प्रत्यक्ष आवी छे, ते जुओ, के ते एज छे के बीजी? ते सांभली सर्व त्यां आव्या, अने तेने जोइ के तुरत अत्यंतात्यंत प्रसन्न थइ कहेवा लाग्या के हा!!! अमारा मनने हरण करी हस्तगत न थाती हती ते आज छे? पछी मंत्रसिद्धपुरुषें कह्युं के हवे तमने जेम रुचे तेम करो. ते सांभली चारे जणे संकेत कर्यो के जे प्रथम दोडी, ते स्त्रीनो स्पर्श करे, ते पुरुष तेनी साथें प्रथम रतिसुख भोगवे. एम संकेत करी उद्यम युक्त थइने सर्वे दोड्या अने ज्यां ते शीलसुंदरीनी नजिक आवे छे, तेवामां तो ते चारे जणने एकदम देवीयें काष्ठनी पठें विचेतन करी मूक्या, के जेथी ते चाली, हाली अने बोली पण न शके? जेम चित्रामणमां आलेखी लीधा होय, तेवा थइ गया. तेने जोइने सिद्ध पुरुष तो थर थर कंपायमान थयो थको शीलसुंदरीना चरणने विषे पड्यो, अने प्रणाम करी कहेवा लाग्यो के हे भगवति! हे परमयोगिनि! तमारुं आ प्रकारनुं अचिंत्य माहात्म्य में पूर्वें जाण्युं न हतुं, तेथी आवो में दुष्ट व्यवसाय कर्यो? हवे पगे लागी कहुं छुं के एक मारो करेलो आ अपराध क्षमा करजो. अने आजदिवस पछी कोइ दाडो हुं आवुं

काम करीश नहिं. तमारा चरणमां पडेला दीन कंगाल एवा मुने अभय दान आपो. एम पगमां पडी कालावाला करे छे, तेवामां तो प्रभात थइ गयो. तो पण शीलसुंदरीयें ते सिद्धपुरुषने कांइ पण प्रत्युत्तर आप्यो नहिं अने ते सर्व वात आखा नगरमां प्रसरी. ते सांभली ते गामनो शूर राजा, तथा बीजा माणसो विस्मय पामी ते कौतुक जोवाने त्यां आव्या, अने त्यां आवी ज्यां जोवे, त्यां तो चारे जणने जडीभूत थयेला दीठा. राजायें ते सर्वने जोइ प्रधान पासें पूछाव्युं, के तमो पूछो जे ए चारे जण कोण छे? ने आ सर्व वृत्तांत केवा कारणथी बन्युं छे? त्यारें मंत्रीयें पूछ्युं के हे डुराचारियो! आ तमोने शुं थइ गयुं छे, ते बोलता पण नथी? एम घणुं कह्युं पण ते देवीयें जडीभूत करेला होवाथी कांइ बोलीज शक्या नहिं. त्यारें त्यां बेठेली शीलसुंदरीने पूछ्युं के हे बेन! आ पुरुषो, आम केम थइ गया छे? अने तमें कोण छे? त्यारें ते शीलसुंदरी लज्जा पामी नीचुं मुख करी कहे छे, के हुं कांइ पण जाणती नथी? तेवामां तो ते सिद्धपुरुष बोल्यो के मारो गुनो जो आप माफ करो, तो हुं कहुं. ते सांभली राजायें कह्युं के जा. तारो भासे तेवो गुनो हशे, तो पण अमो माफ करशुं, त्यारें बनेली सर्व वात यथास्थित तेणे कही, के तुरत पछी देवीयें तेने छोडी मूक्या. छूटा थयेला एवा ते चार जणाउयें पण तेवीज रीतें सर्व वात कही देखाडी. ते सांभली अत्यंत कोपायमान थयेला राजायें कह्युं के तमारे मारा गाममां रहेवुं नहिं अने कोइ ठेकाणे जइने पण आवुं काम करवुं नहि. एम तेने कही सीपाइयोने स्वाधीन करी दीधा, अने वली पण कह्युं के हे पापिष्टो! आ मारा गाममां हुं राखुं तो तमें आप्रणें मारी पण स्त्रीयोनुं हरण करो के? पछी ते सर्वनो धारा प्रमाणे दंम लइ निर्भ्रंछीने पोताना देशथकी बाहिर कढावी मूक्या. पछी पुरजननी साथें शूर राजा ते शीलसुंदरीने पगे लाग्यो. शीलसुंदरीनो पिता वसुपाल श्रेष्ठी पण त्यां आव्यो, त्यारें शीलसुंदरीयें तेना पिताने नमस्कार कस्यो. राजायें ते श्रेष्ठीनी प्रशंसा करीने कह्युं, के हे श्रेष्ठिन्! तमोनें धन्य छे, के जेनी पुत्री आवी उत्तम सती छे? त्यारें वसुपाल श्रेष्ठीयें कह्युं. के आपने धन्य छे, जे आपना राज्यछायानी अवनीमां आवी सतीयो वसे छे? पछी प्रसन्न थयेला शूर राजायें ते शीलसुंदरीना पिताने तथा तेना पतिने पोताना राजवेरामांथी मुक्त कस्या, अने ते शीलसुंदरीने सर्व शृंगार, तथा मोटां मूल्यवाला

वस्त्रो आप्यां, पछी म्होटा आडंबरें तेनो गाममां प्रवेश कराव्यो अने ते दिवसथी आ पृथ्वीने विषे ते शीलसुंदरी एवे नामें प्रसिद्धपणाने पामी. शीलें करी उज्ज्वल एवी ते शीलसुंदरी शीलमाहात्म्यथी स्वर्ग प्रत्यें गइ, अने अनुक्रमें मोक्षने पण पामशे. जेनुं द्रव्य राजायें लूंटी लीधुं छे एवा ते सुललित पुरुषो घणा दिवस पर्यंत बंदीखानुं जोगवी मरण पामी प्रथम नरकमां जाशे. पछी पण घणा काल पर्यंत डुर्गतिमां जम्याज करशे. माटे हे सुश्राविकाउ! आ प्रकारें शीलना अने अशीलना गुण दोषो तमोने में कह्या. आवी रीतनो मुनिना मुखथी उपदेश सांजली सर्व स्त्रियोयें तुरत परपुरुषना संग करवानो नियम ग्रहण कर्यो. हवे मुनि कहे छे, के हे पूर्ण चंद्र कुमार! ते जोइ में मारा मनमां चिंतव्युं जे आ तो ठीक थयुं, कारण के हवे आ स्त्रीयो परपुरुषनुं गमन कोइ दिवस करशेज नही? एम जाणी मारा मनमां आ स्त्रीयो व्यजिचार करशे! तेवो चिंताग्नि जे हतो ते उपशांत थइ गयो अने तेथी मारा मनमां परम निवृत्ति थइ गई. त्यारें में चिंतव्युं जे मुनियें तो मारो म्होटो उपकार कर्यो, जे मारी स्त्रीयोने व्यजिचार कर्मनुं पण व्रत लेवराव्युं! हवे ए में धार्युं के प्रथम जे में तेमने बे प्रहार लाकडीना करवा धार्या छे, ते बंध राखी हवे हुं एकज प्रहार करीश! एम ज्यां हुं विचार करुं छुं, त्यां तो पाछा निर्मल मनवाला मुनि बोलवा लाग्या के, हे निर्मल शीलवती श्राविकाउ! मारा वचनथी तमो परिग्रहना परिमाणनुं पण व्रत ग्रहण करो. कारण के ते व्रत करनारा प्राणीने डुःखनुं पण परिमाण थाय छे. ते जेम केः जेने एक स्त्री होय, तेने स्वल्प चिंता होय छे, तेथी जेम वधारें वधारे होय, तेम चिंता पण वधारे वधारेज थाती जाय छे, तेमज वली हाथी, तुरग, द्रव्य, रथ, गृह, हाट, शय्या, अशनादिकने पण वधारे वधारे राखवाथी वधारे वधारे चिंता थाय छे, ते जेम के एक राखवाथी एक गुणी अने बे राखवाथी द्विगुणी, एम अनुक्रमें जेटलीगुणी वस्तु तेटलीगुणी चिंता थाय छे ॥यतः॥ यथा यथा महत्त्वं च, विस्तरश्च यथा यथा ॥ तथा तथा महद्दुःखं, सुखं च न तथा तथा ॥ १ ॥ यथा यथा जूरिपरिग्रहाशा, तथा तथारंजपरः प्रसंगः ॥ आरंजतोडुःखशतोपलंजः, स्वल्पं प्रकल्पेत परि ग्रहं तत् ॥ २ ॥ उपार्जयेत्कष्टशतानि कृत्वा, जगज्जनं दासयितं धनं यत् ॥ सदैव तद्वीक्षणरक्षणाद्यै, स्तस्यैव दासः स्वयमेव स स्यात् ॥ ३ ॥ अर्थः–

जेम जेम महत्त्व राखे, अने जेम जेम परिग्रहनो विस्तार राखे, तेम तेम मोहोटुं दुःख होय. परंतु सुख न होय. जेम जा जा परिग्रहनी आशा होय, तेम तेम जीव हिंसानो प्रसंग स्वतःज आवे, अने ज्यारें जीव हिंसा थाय, त्यारें तो सहस्रावधि दुःखनी प्राप्ति थाय छे, माटे बुद्धिमान् मनुष्य, परिग्रह तो स्वल्पज राखे ॥ २ ॥ द्रव्यने उपार्जन करवामां हजारो कष्ट, जीव नोगवे छे, तेथी ते द्रव्य, आखा जगतने दास करनारुं छे, वली ते धनना निरंतर तपास राखवाथी तथा तेना रक्षण वगेरेथी, तेने उपार्जन करनारो प्राणीज निरंतर तेनो दास थइने रहे छे. माटे हे धर्मशीलाउ ! परिग्रहनो त्याग करी संतोष पोषथी जे सुख मले छे, ते सुखना रसने तो साधुउज जाणे छे, परंतु बीजो कोइ पण जाणतो नथी. जुउ. परिग्रहवृद्धिने इबता लोनी प्राणी, कांइ पण कार्याकार्यने जाणता नथी अने घणांक दुष्कृत कार्य करे छे. वली लोनी जीवो, आ संसारने विषे जेना तेना धिक्कारने तथा अपमानने सहन करे छे अने ते मरण पामीने पण नरक तिर्यग्योनिने विषे तीक्ष्ण एवां अनंत दुःखोने प्राप्त थाय छे. माटे पापनरथी नय पामता जे प्राणीयो होय तेणें परिग्रहपरिमाण व्रतने धारण करवुं. अने हे स्त्रियो ! जे परिग्रहपरिमाण करनारा प्राणी छे, ते गुणाकरनी पेठें सुखी थाय छे, अने जे ते व्रतनो त्याग करे छे, ते गुणधरनी पेठें दुःखी थाय छे. ते सांनली, हे कुमार! मारी स्त्रीयोयें पूछ्युं के महाराज! ए गुणाकर कोण हतो, अने ते केवी रीतें परिग्रह परिमाण व्रत पाली सुखी थयो? तथा ए गुणधर वणिक पण कोण हतो, जे ते व्रतनो त्याग करी दुःखी थयो ? ए सर्व कृपा करी सविस्तर कहो. ते सांनली मुनि कहेवा लाग्या के हे धर्मरसास्वाद करनारी स्त्रीयो! तमो सावधान थइने सांनलो.

आज विजयने विषे जयस्थल नामा नगर हतुं तेमां विष्णु, अने सुविष्णु नामना बे वैश्य हता, ते बेहु नाइयो हता, तेमां जे विष्णु हतो, ते द्रव्य संचय करवामांज तत्पर हतो, तेथी ते व्यवहारमां कोइनुं देवुं लेवुं, कोइनो उपकार, मित्रवर्ग माटें द्रव्य खरचीने कांइ मान, सज्जन पर अनुकंपा, दुःखीया जीवनो उपकार, धार्मिकोने कोइ दिवस नोजन, पोतें सारुं अनाज, अंगनोग, ते कांइ पण करे नहिं. वली याचक लोकोने तो घरमां पण पेसवा दे नहिं. अने धन मेलववाने माटे अहोरात्र ते क्लेशज

कष्या करे. तेना मागणा वाला तेने घेर उघराणी करवा नित्य आवे, पण ज्यारे तेनुं लेणुं न मले, त्यारें ते लोको तेनी अत्यंत गर्हना करे. वली तेना सगा वहालां आवी तेनी अपकीर्त्ति जोइने शोक करे छे. अने धनाढ्यजनो तेनो धिक्कार करे छे, म्हाह्या पुरुषो तेने जोइने हसीने कहे छे के अरे! आ केवो कदरी माणास छे, के ते छते पैशे पोतानो सर्व समय, महा दुःखमांज गुजारे छे?

हवे बीजो तेनो नाइ सुविष्णु नामा जे छे, ते महासंतोषी, सत्पात्रने दान देवमां रुचिवालो, सदाचारी, प्रियवाणी बोलनारो, विवेकवान्, सज्जननो संग करनारो छे. अने प्रतिदिवस अर्थीना पण मनोरथने पूरे छे. एक दिवस ते सुविष्णुने घेर कोइ एक महात्मा साधु आव्या, तेने तेणे मिष्टान्नें करी पडिलाभ्या, तेथी तेणे नोगाढ्य एवुं मनुष्यायु बांध्युं. हवे ते साधुने सुविष्णुयें मिष्टान्न पडिलाभ्युं ते जोइने त्यां बेठेलो तेनो कदरी नाइ जे विष्णु हतो, ते हसीने कहेवा लाग्यो के अरे! आवा साधु थइने जे फरे छे, ते तो व्यवसाय करवामां अति आलसुज होय छे तेथी ते कोइनुं काम के काज कांही करताज नथी, तेम मजुरी पण करता नहिं, अने हरामनुं खावामांज तत्परज रहे छे. आवा साधुना वेशरूप दंन करीने पारका घरमांथी जे धूती जाय छे. तेवा दंनी जनोने ते आपे शुं थाय? पण जगतमां नोलाजनो तो कांइ समजताज नथी. अने आवा मुंम्फाउने मफतनुं आपी दीये छे? आ प्रमाणें अल्पज्ञ अने अज्ञानी एवा विष्णुयें तेज वखत आवां कटु वाक्य कहीने निकाचित नीचगोत्र अंतराय कर्म बांध्युं. हवे एक दिवस ते विष्णुने धन माटे खाण खोदनारा लोनी माणसो मल्या, तेणें तेने लोनीयो जाणीने छानामाना एकांतमां लइ जइने कह्युं के हे विष्णु! आहिं एक पर्वत छे, तेनी नीचें घणुंक धन छे, परंतु अमारी पासें तेनी कांइ पण पूजा वगेरे करवानी सामग्री नथी, तेथी तमने सामग्रीवाला तथा म्हाह्या जाणीने अमो तमारी पासें आव्या छैयें. ते सांनली विष्णु अत्यंत खुशी थइ खड खड हसीने कहेवा लाग्यो जे अरे! एमां ते शुं छे? हुं तमोने सर्वे धन संपादन करी आपुं? ते धन काढवाने माटे सर्व पूजा सामग्री मारी पासें तैयारज छे ते सांनली ते लोको कहेवा लाग्या, के जो ते द्रव्य तमे काढी आपो, तो तमोने अमें ते द्रव्यनो अर्धो नाग आपशुं? पण जुउ. आ गुह्य वात छे माटे कोइने कहेशो नहि. एम निश्चय करी उत्तम तिथि, लग्न जोइ पूजादिक सामग्री तैय्यार करी पोताना

कुटुंबने छानी रीतें सर्व वात कही विप्रु ते लोकोनी साथें रात्रिमां जेनी नीचें धन छे ते पर्वत पासें आव्यो, त्यां पर्वत नीचें खाखरानुं एक जाड हतुं, तेनी शाखा हेठल पग मूकतां ते लोकोनो पग ऊंडो उतरी गयो, तेने जोइने विप्रुयें कह्युं के हे भाइयो! शास्त्रनुं एवुं वाक्य छे, के "ध्रुवं बिल्वपलाशयोः" एटले बीलिना तथा पलाशना जाडनी नीचें निश्चें धन होय छे. माटे तमोने द्रव्य मल्युं के नहिं? त्यारें ते बोल्या के हा धन मल्युं होय, एम लागे छे खरुं, पण उपरनुं ढाकणुं घणुं कठिन छे? ते सांभली विप्रु बोल्यो के त्यां तमो झट खोदवा मांडो, कारण के द्रव्य तो त्यांज छे. पछी सर्वें जणें खोदीने जोयुं तो त्यांथी प्रथम रक्त रत्नो निकल्यां, त्यारें विप्रुने कह्युं के आहींथी रत्नो निकल्यां, पछी तेनी विप्रुयें बलि पूजा करी. पछी तेमांथी धन सर्व बाहार काढी लावी विप्रुनी सांनिध्यमां मूक्युं. पछी सर्वें जणाउ विप्रुने कहेवा लाग्या के तमो जलदी गाममां जाउ. अने आ सर्व धन लइ जवा माटें एक गाडी लइ आवो. ते सांभली खुशी थइने विप्रु कहे छे, के ठीक. तमो बेसो. आ घडीयेंज हुं गाडी लईने आवुं छुं. तमो आहींथी क्याहिं पण जाशो नहिं. एम कहीने जेवामां ते पोताने घेर आव्यो, तेवामां ते खाडो खोदनारा पुरुषो परस्पर विचार करवा लाग्या के ते विप्रु हजी ज्यां गयो छे, त्यांज आपणे आहिंथी पसार थइ जायें? एम विचारी ते सर्व द्रव्य लइने त्यांथी सहु भागी गया. हवे विप्रु पण एकदम गाडी लइने ते पर्वत नीचें आव्यो अने आवीने ज्यां जुवे छे, त्यां तो द्रव्य पण न मले, अने तेना खोदनारा पण न मले? तेथी तेने एकदम धेसत लागवाथी मूर्छा खाइने ते भूमिपर पडि गयो. थोडी वारें ज्यारें मूर्छा वली, त्यारें दुःखाकुल थइ शोक करतो करतो निराश थइ सवारें पोताने घेर आव्यो. हवे ते विप्रु रात्रियें गयो अने पाछो सवारें आव्यो, ते जोइने पडोशमां रहेला कोई चाडिया माणसें जाण्युं जे आज रात्रें ते क्यां गयो हशे? जरूर तेनो तपास करवो. कारण के ते अनर्थकारी छे? अने तपास करतां पण मालम पड्युं जे ते धन मेलववा माटे एक पर्वत नीचें गयो हतो, पछी तेणे त्यां जईने ज्यां जोयुं त्यां तो खोदेलो खाडो जोयो. पछी ते चाडिये पोतें जोयेली सर्व बिना त्यांना राजाने कही. त्यारें राजायें तुरत बोलावीने तेने पूछ्युं के हे विप्रु! ए पर्वतनी नीचें तें खाडो केम खोद्यो? त्यारें भय पामीने जेवी वात

बनी हती तेवी सर्व कही देखाडी. पढी राजायें न्यायकर्त्ताउने पूठ्युं के आने शुं शिक्षा करवी? त्यारें न्याय कर्त्तायें कह्युं के ॥श्लोक॥ चोरश्चोरार्पकोमंत्री, नेदज्ञः काणकः क्रयी ॥ अन्नदः स्थानदश्चैव, चौरः सप्तविधः स्मृतः ॥१॥ अर्थः—चोरी करनार, चोरीनुं धन राखनार, चोरीनो नेद कहेनार, चोरीनी वात करी शीखवनार, चोरीनो माल वेची देनार, चोरने अन्न आपनार, चोरने स्थान आपनार, ए साते प्रकारना शास्त्रमां चोरज कहेला ढे. ते सांनली राजायें तेने चोर मानी, तेनां घरबार, धन, सर्व लूंटी लीधां अनें तेने नगरथी बाहेर काढी मूक्यो. पढी एकदम द्रव्यनो नाश थवाथी तेने उन्माद रोग थयो, तेथी महा दुःखी थयो ॥ यतः ॥ अदत्तादानतोदौस्थ्यं, दौस्थ्यतः पापकल्पनम् ॥ पापेन नरकं घोरं, प्रयाति च पुनः पुनः ॥१॥ अर्थः—अदत्त दानथकी अर्थात् चोरीथी दुःस्थिति थाय ढे, दुस्थितिथी प्रतिदिन पापनी कल्पना थाय ढे. अने पापें करी वारंवार घोर एवा नरकमां जाय ढे.

हवे ते विष्णु कालें करी मरण पामीने पोतानाज घर आगल श्वान थइने अवतर्यो, अने ते घर फरता फेरा खाय, पण कोइ खावा आपे नहि, ने सहु कोइ तेने मारखाज करे. पढी ते मारथी मरण पामी पाढो पण पोतानाज घरमां मिंदडो थइ अवतर्यो, अने ते घरना रसोडामांज प्रतिदिन फरवा लाग्यो. त्यां पण तेने रसोयायें मार्यो, तेथी मरण पामी ने पाढो दरिद्री चांमाल थइने अवतर्यो, त्यां पण हिंसादिक पापकर्म करीने मरण पामी प्रथम नरकने विषे नारकी थइने अवतर्यो. त्यां पण परमाधामी देवताउनी करेली वेदनाने अने ते क्षेत्रनी वेदनाने सहन करवा लाग्यो.

हवे तेनो नाइ सुविष्णु जे हतो, ते न्यायथी मेलवेला वित्तथी धर्म, अर्थ अने काम, ए त्रणे वर्गने साधतो थको मरण पामी उत्तरकुरुने विषे जुगलीयो थइने अवतर्यो, त्यां, जे नोग दश कल्पवृक्षोथी पूरा पडे, तेटला नोगना संकल्पने पूरा पाडे ढे. तेवी रीतना नोग नोगवतो थको त्रण पल्योपमनुं आयु नोगवी त्यांथी प्रथम स्वर्गने विषे महाद्युतिमान् एवो देव थइने अवतर्यो. त्यां देवांगना साथें नोग नोगवतो तथा नृत्यगीत, तेने विषे निरंतर आसक्त थयो थको ते देवताना लोकनेविषे एक पल्योपमनुं आयु नोगवी, त्यांथी च्यवीने आज विजयने विषे जयस्थल नामा नगरने विषे पद्मदेव शेठनी जया नामनी नार्या थकी गुणाकरनामा पुत्र थइने अवतर्यो,

अने सुखमां वृद्धि पाम्यो. पछी अनुक्रमें तेने रमणीना नयनने आनंद संपादन करनार एवुं यौवन वय प्राप्त थयुं.

हवे नरकमांथी निकलेलो ते विष्णुनो जीव, धनंजय नामा पुरुष अने जया नामनी स्त्री ते थकी उत्पन्न थयो, तेनुं नाम गणधर एवुं पाडयुं. ते पण अनुक्रमें यौवन वयने प्राप्त थयो. पूर्व भवना योगथी तेउने परस्पर मैत्री थइ. पछी ते बेहु मित्र नविन द्रव्य उपार्जन करवानी आसक्तिमां कोइक वनने विषे गया, त्यां श्रीधर्मदेवनामा मुनि समवसर्या हता, तो ते मुनिने जोइने नमस्कार करीने तेने गुणाकर पूछवा लाग्यो के हे मुनिराज! अमने बेहु जणने निष्फल न थाय, एवो कोइक द्रव्य उपार्जन करवानो उपाय कृपा करी आप बतावो? त्यारें मुनियें कह्युं के जो तमने बेहुने धननीज इछा होय, तो निःशंकरीतें जैनधर्मनुं आराधन करो. ते धर्माराधनथी निर्मल अंतःकरणवाला थइने आ लोकमां तथा परलोकमां आपत्तिरहितत्वने अने संपत्तिने पामशो ॥यतः॥ नित्यं पुष्णंति पात्राण्यपि मरणगतानंधपंग्वादिदीनान्, दुःस्थान् मित्राणि शत्रून् नृपसचिवमुखान् मार्गणान् सेवकान् ये ॥ शृंगारस्फारसाराशनवसनधनैर्भुंजते भव्यभोगान्, दुःखं नो याति तेषां तत सुकृत जुषःसंपदस्तास्तथापि ॥१॥ अर्थः–हे तात! जे पुरुषो, पात्रोने, तथा मरणोन्मुखने, अंधने, पांगलाउने, स्थानरहितने, मित्रोने, शत्रुने, राजाने, सचिवप्रमुखने, मागणोने, सेवकोने पोषे छे. ते पुरुषो घणा शृंगार, मनोहर एवां भोजन, वसन अने धन, तेणें करी दिव्य एवा भोगोने भोगवे छे. अने ते पुरुषोने कोइ दिवस दुःख तो आवतुंज नथी. वली बीजा जन्ममां पण ते सुकृतीने तेज प्रमाणें पूर्वोक्त सर्व संपत्तियो स्वतः मले छे, अर्थात् तेने जन्म जन्मने संपत्तिनो नाश थातो नथी, अने जे पाप करनारा प्राणी होय छे, तेने कोइ पण ठेकाणे संपत्ति प्राप्त थवानो संभवज नथी ॥यतः॥ लोकाः केपि खनंति रोहणभुवं, ध्मांतीह धातून् परे, केचिद्वारिधिमुत्तरंति कतिचिद्भक्तया भजंते नृपम् ॥ कांतारं प्रविशंति वा विदधते मंत्रामराराधनं, पापाः काणकपर्दिकामपि तथा नैवाप्नुवंति क्वचित् ॥ २ ॥ अर्थः– धन माटे केटलाएक लोको रोहणाचल पर्वतनी भूमिने खोदे छे, वली बीजा केटला एक मनुष्यो प्रवास जइ धातुउने धमे छे, केटला एक लोको महोटा समुद्रने उतरीने परदेश जाय छे, केटलाएक तो देवताना मंत्र आराधन

करे छे. तो पण जो ते पापी होय छे, तो तेने कोइ स्थलथी फुटेली एक कोडी पण मलती नथी. माटे लोनरूप समुद्रमां मूबेलो प्राणी, राजाधिराज कदाचित् होय, तो पण ते दुःखीज जाणवो. अने संतोषी जे छे, ते धनवानना मस्तक पर पग दइने सुखें करी सुइ रहे छे. वळी. जो लोनी जीव जे छे, ते कदाचित् कोटिपति होय तो पण ते दरीद्रीज जाणवो, केम के तेनाथी दान अने नोग ए बे वानां थइ शकतां नथी. अने संतोषरूप अमृतरसनो पीनारो प्राणी निर्धन अने तुच्छ होय छे, तो पण कोटिध्वज समान छे. अने जे द्रव्यवान् थइने अजिमानथी कोइ सामुं न जोतां केवल उचुंज जोया करे छे, ते दरिद्री थाय छे, अने नीची दृष्टिथी विनयवान थइने निरच्चिमान पणाथी सहु सामुं जोवे छे, ते गरीब छे, तो पण ते ईश्वर थाय छे. लोनी पुरुषने कोइ एकवस्तु सो जोजन दूर होय छे, तो पण ते दूर देखाती नथी. अने संतोषी जे छे, तेने हस्त ग्राह्य जेवी वस्तु होय, ते पण सो जोजन दूर जेवी थाय छे. ते माटे हे नद्रक जनो! सर्वथा परिग्रह त्याग करवाने जो शक्तिमान् न थवाय, तो पण विशेषें करी तमारे इच्छा परिमाण परिग्रह राखवानी तो जरूरज छे. जे पोतानी इच्छाने रोधी न शके ने लोनें करी व्याकुलांतःकरणयुक्त थको द्रव्यवानने घेर श्वाननी पेठें दोड्याज करे छे. अने घणाक्लेशोने अने छेवट मरणने पामे छे. आ प्रकारनो मुनिना मुखथी उपदेश सांचलीने गुणाकर जे हतो तेणें तो सम्यक्त्वप्रतिपत्ति पुरःसर स्वेच्छाप्रमाणें परिग्रह परिमाण व्रत, हर्षें करी अंगीकार कर्युं अने श्रद्धा रहित एवो तेनो मित्र जे गणधर हतो तेणे व्रत वगेरे सर्व खोटुं मानी परिग्रह परिमाण प्रमुख कांइ पण स्वीकार्युंज नही. ने वळी विचारवा लाग्यो के, जे माणास पोतानी इच्छाने कोइ पण कार्यमां रोकी राखे छे अने निवृत्तिपरत्व करे छे, तेने दैव, कांइ पण अधिक आपतुं नथी. कारण के तेणे कर्मेज वेच्युं छे! आ मारो मित्र मूर्ख कहेवो छे, के पेला मुंमाना खोटा प्रलापथी यथेच्छ, परिग्रहपरिमाणनुं व्रत लइ बेठो ? हवे ते पछी नावथी ए गुणाकरें अने अनावथी गुणधरें मुनिनुं वंदन कर्युं. अने तुरत पोत पोताने घेर आव्या.

बीजे दिवसें पोताना मित्र गुणाकरने कह्या विना एकलोज ते गणधर करियाणां नरीने व्यापार करवा माटे चाल्यो, अने परदेशमां वेपार करवाथी तेने घणोज लान थयो. परंतु संतोष न होवाथी मळेला द्रव्यथी पण

अधिक द्रव्यना लाभने माटे तेज द्रव्यनां, वेचवा माटे उत्तम वस्त्रो पाछा लीधां, लइने त्यांथी पण दूरदेशें गयो, अने त्यां पण तेने घणोज लाभ थयो, वली पण लोभना वशथी वेपार माटे ते मलेला सर्व द्रव्यनां अति मूल्य वालां वस्त्रो तथा करियाणां लीधां. लइने तेनां गाडां भरीने ते पोताना देश तरफ चाल्यो, चालतां चालतां रस्तो भूली गयो तेथी महोटा अरण्यमां आवी पड्यो. त्यां वेणुनुं घर्षण थावाथी महोटो दावानल लाग्यो ते बलतो बलतो ज्यां गणधर शेठनां गाडां चाल्यां जाय छे, त्यां आव्यो, तेथी गाडावाला तो मरणभयथी जीव लइने नाठा, अने गाडां जे हतां, ते त्यां माल सुधां बली भस्मभूत थइ गयां, अने जे बेलो हता, ते पण बली मूवा. पछी भूख अने तृषाथी आर्त्त एवो ते गणधर शेठ पोताना जीवने बचाववा माटे एकदम त्यांथी थाक्यो पाक्यो सात दिवसें कोइ एक यंत्रिकावतीनामनी नगरी हती, त्यां आवी पहोंच्यो. त्यां राज रस्तामां कोइएक मठवासी कापडी रहेतो हतो, तेणे ते गणधर शेठने पोताना मठनी बारीमांथी दीठो, के तुरत तेने पोताना मठमां बोलाव्यो, अने दया लावी प्रथम तो भोजन कराव्युं. पछी ते गणधर शेठने तेनी वीतेली सर्व वात पूछी. त्यारें तेणें यथास्थित जे वात थइ हती, ते कही आपी, तेथी ते लिंगधारी कापडीयें जाण्युं जे आ लोभी बहु छे? एम जाणी त्यां कोइ एक पर्वत हतो, तेनी नीचें लइ गयो, अने त्यां एक उषधि हती, ते बतावी. अने कह्युं के हे भाइ! आ उषधिने तुं उलखी ले, जो. आ उषधिने मध्यरात्रें आहिं आवीने लेजे. तेम करीने बेहु जण पोताने स्थानकें आव्या, ज्यारें रात्रि पडी त्यारें कापडीयें ते गणधरने कह्युं के हे गणधर! मारी शक्तिथी त्यां जइने प्रकाशित कांतिवाली उष धिने तुं बुंटी लेजे अने तेने डाबा हाथमां लइ गाढ मूठीथी पकडीने मारी पासें आवजे. पण आवतां आवतां वननी सामुं पाछुं वाली तुं जोइश नहिं हो? तथा मनमां जरा पण भय पण राखीश नहीं. एम करवाथी तारुं दारिद्र चूर थइ जाशे. ते सर्व वात समजीने ते लोभी गणधर तत्काल त्यां गयो, जे प्रमाणें कापडीयें कह्युं ते प्रमाणें जइने उषधि लइ पाछो निर्भय थइने जेवामां चाल्यो, तेवामां तो एक राक्षस हतो ते खड खड हसतो अने शीयालीया जेवा कूकारा नाखतो शैलनी नीचें

आव्यो अने ते राक्षसना पादप्रहारथी खंडित थयेली गिरिनी टुकोना कांकरानो तथा राक्षसनो शब्द सांजली कांइक जय पामीने तेणें पाढुं वाली जोयुं, त्यां तो दृढमूठीमां राखेली जे औषधि हती, ते तत्काल उडी गइ, तेथी खेद पामी कापडी पासें आवीने बनेलुं सर्व वृत्तांत कह्युं. ते सांज ली कापडी बोल्यो के हे जाइ! तारामां साहस तथा व्यवसाय, ए बेहु वानां तो बे, परंतु पूर्वोपार्जित पुण्य नथी माटें ते पुण्य विना बेहु वानां निष्फल थाय बे, एटलुंज नथी, पण उलटां अवलां थाय बे. तेथी तुं हवे वृथा उद्यम करवाथी निवृत्ति पाम. केम के तें उद्योगो तो घणा कस्या, परंतु हीनपुण्यने लीधे तुने सुखने बदले दुःख उत्पन्न थाय बे, माटे संतोष राखी घेर जा. उद्योग तथा साहस करी वृथा दुःखनुं जाजन ते शा माटे थाय बे? एम ना पाडी तो पण अत्यंत तृष्णावंत एवो ते गणधर शेठ, त्यांथी पाबो कोइ एक महालय नामा गाम हतुं, त्यां आव्यो अने त्यां कोइ परिव्राजक रहेतो हतो तेने मल्यो, अने तेने पोताना सर्व दुःखनी वात कही ब तावी. पबी परिव्राजक बोल्यो के कोइक ठेकाणें रातो थोर होय, तो जो. जो ते थोर मले, तो तेथी तारुं दुःख हुं हणुं. त्यारें गणधरें कह्युं के तमो पण चालो. तमारा विना ते काम बराबर बनशे नहिं अने आपण बेहु मलीने ते काम करियें? एम ठेराव करी बेहु जण शोधवा गया अने शोधतां शोधतां ते पूर्वोक्त थोर मल्यो. पबी उत्तम योगवालो दिवस जोइने परिव्राजकें ते थोरने मंत्र्यो. पबी एक कुंम बनावी ते कुंममां अग्नि सलगाव्यो. हवे जे थोरनो जारो हतो, तेने उत्तम काष्ठोथी वींटयो, अने काष्ठ सहित ते थोरना जाराने गणधर शेठने माथे मूक्यो ने कुंममां होमवाने माटे तेना हाथ पकड्या, त्यां तो ते गणधरें जाण्युं जे अरे! आ तो मने होमवो धारे बे? तेथी जोर करीने परिव्राजकना हाथमांथी बटकी तेनेज कुंममां नाखवा तैयार थयो. एम एक बीजाने कुंममां नाखवा माटे प्रयास करता तेटने कोइएक गोवालीये जोया, ने तेणें पोकार कस्यो के अरे जाइयो! आहिं कोइक बे जणा परस्पर एक बीजाने अग्निकुंममां नाखवा माटे लडे बे? ते शब्दने आ हेडीयें आवेलो कोइ राजकुमार हतो, तेणे सांजल्यो के तुरत ते त्यां आव्यो, अने तेणे बेहु जणने माहोमांहे क्लेश थवानुं कारण पूब्युं. त्यारें ते गणधरें बनेलुं सर्व वृत्तांत कह्युं ते सांजली राजकुमारें जाण्युं जे सर्व वांक आ कापडीनोज

ठे. पठी एकदम कोपायमान थइने ते राज कुमार बोल्यो के रे डुष्ट ! पापिष्ट ! निर्घृण ! आ बिचारा गरीबने अग्निमां केम नाखे ठे ? एम कही उत्तम काष्ठथी विटेलो रक्त घोर तेने माथे मूकी ते परिव्राजकनेज कुंममां नाखी दीधो. त्यां तो ते एक घडीमां सुवर्णमय पुरुष थइने निकल्यो, तेने संतोष पामेला राज कुमारें लइ सेवकोने कही एकांतमां रखावी मूक्यो. पठी थोडुं घणुं नातुं आपीने गणधरने त्यांथी विदाय कस्यो. हवे गणधरें जाण्युं जे मारुं मोत तो आव्युंज हतुं पण ते राजकुमारें जरा पण मने मारवा दीधो नहिं ? एम विचार करतो करतो पोताना गाम तरफ चाल्यो. मार्गमां चालतां चालतां तेने कोइएक पाथिक मंत्रवादी मल्यो, तेनी साथें चाल्यो. अने ते मंत्रवादीने पोतानी सर्व हकीगत कही संजलावी. पठी ते बेहु जण, कोइएक नगर हतुं, त्यां आव्या. त्यां ज्यारें नोजन वेला थइ, त्यारें गणधरने मंत्रवादीयें कह्युं के हे गणधर शेठ! कांइ तमारे नोजन करवानी इछा ठे ? त्यारें तेणे कह्युं के हा, घणा दिवस थया मारा मनने खुशी करे एवा में मोतीचूरना अने केसरीया लाडु खाधा नथी, पण ए आहीं क्यांथी मले ? जो ए मले, तो हुं पेट नरी नोजन करुं. ते सांनली सिद्धपुरुषें ध्यान करी मंत्रसाधनथी तेणे कह्या तेवाज मोदको उत्पन्न करी आप्या, ते जोइने गणधर शेठने तथा बीजा पण केटलाएक पांथजनोने विस्मय थयो, अने पठी ते सर्वें, लाडु जमीने तृप्त थया. तदनंतर ते मंत्रवादी पोतें जम्यो. पाठा वली सायंकालें पण मंत्रसिद्धिथी घृतपूर्ण अन्नें करी घणाकने जमाड्या अने पठी पोतें जम्यो, पाठा सवारें पण दूधपाकें करी सहु कोइने जमाड्या. वली पण सायंकालें ते बेहुजणे खजूर खाधो अने पठी त्यांथी चाल्या. चालतां चालतां ते सिद्धपुरुषनो आवो मंत्रसिद्ध चमत्कार जोइ गणधर पूठवा लाग्यो के हे महाराज ! आवी महासिद्धविद्या आपने क्यांथी प्राप्त थइ ठे ? के जे विद्याथी धारो ठे, ते पदार्थ प्राप्त थाय ठे ? त्यारें तेणें कह्युं के नाइ ! हुं माहादारिद्र्यथी पीडा पामतो हतो, तेथी दारिद्र मटाडवा माटें हुं घणाक देशोमां नम्यो, नमतां नमतां, प्रत्यक्ष जाणे मंत्र मूर्त्तिज होय नहिं ? एवा कोइएक कापालिकने दीठो. तेनी में घणीक सेवा करी. त्यारें मारी पर तुष्टमान थयेला कापालिकें मने अद्भुत एवो वेतालनो मंत्र आप्यो, अने ते मंत्र में साहसपणेथी साध्यो. हे नाइ! आ स

वें माहात्म्य ते साधेला मंत्रनुंज छे? अने दारिद्र्यना दुःखथी घेरथी हुं निकल्यो छुं, ते हजी पाछो घेर पण गयो नथी. हवे आ मंत्रसिद्धि मुने मली छे, तेथी घेर जइश अने सर्व वस्तु मंत्रसिद्धिथी संपादन करीश? एम वातो करतां बेहुजण केटलो एक रस्तो कापता चाल्या, त्यां तो ते बेहु जणने पोत पोताने गाम जावानो मार्ग जुदो जुदो फंटाणो. त्यारें सिद्धपुरुषें कह्युं के हे सखे ! तमारो देश तो आ निकट आव्यो, ते माबाहाथ तरफज छे तेथी तमारे हवे ते तरफ जावुं पडशे, ने मारे दक्षिण तरफने मार्गें जावुं पडशे, कारण के मारुं गाम दक्षिण तरफ छे. परंतु आपण बेहुने हवे वियोग थाशे? माटे हे मित्र! तमें मारा मित्र छो, तेथी जे कहो ते आपुं? तमो मागो तो हुं तमने कोटि द्रव्यनुं दान देवाने पण समर्थ छुं? त्यारें ते गणधर विचारवा लाग्यो के कोटि द्रव्यनो लाभ मले, ते शुं कामनो ! परंतु जो मंत्र मले, तो दरिद्र जाय. तेम मानी असंतुष्ट एवो गणधर ते सिद्धपुरुष पासें वेतालदत्त मंत्रनी याचना करवा लाग्यो. त्यारें सिद्धपुरुषें कह्युं के ए मंत्र तो हुं तमने आपुं, परंतु ते मंत्र, धर्मिष्ठ पुरुषने साध्य छे, तेने जो कोइ अधर्मी साधे छे, तो तेना प्राणनो नाश थइजाय छे. एम समजाव्यो, तो पण ते ज्यारें पोताना कदाग्रहथी निवृत्त थयो नहिं. त्यारें दाक्षिण्यनिधि एवा ते सिद्धपुरुषें वेताल मंत्र आप्यो अने ते मंत्र साधवानो विधि पण कह्यो. पछी ते पोताना स्थानक प्रत्यें गयो. हवे गणधर शेठ, पोताना देशपासें सुसीम नामा नगरमां पोतानो मामो ज्यां रहे छे, त्यां आवी ते मामाने घेर गयो, केटला एक दिवस त्यां सुखेंथी रह्यो.

एक दिवस पोताना मामानी आगल ते वेताल मंत्र साधवानी सर्व वात कहि बतावी अने तेमनी रजा लइने कालिचतुर्दशीने दिवसें रात्रे स्मशानमां गयो. त्यां जइ कुंभ बनावी, तेमां होमवा योग्य आहुतियो विधिथी होमवा तथा ते मंत्रनो जाप करवा जेवामां लाग्यो, तेवामां तो त्यां नाना प्रकारनी भयकारक चेष्टाउ थवा लागी, तो पण ज्यारें ते भय न पाम्यो, त्यारें तो ज्यां ते बेठो हतो, तेज सर्व भूचक्र फरवा लाग्युं अने एकदम भयंकर शब्द थयो, तेथी तेनुं चित्त कंपायमान थइ गयुं, अने तेथी तेने ते मंत्रनुं एक पद पण विस्मृत थइ गयुं. त्यां तो मंत्राधिष्ठाता वेताल जे हतो ते, तेने मंत्रभ्रष्ट थयेलो जोइने कहेवा लाग्यो

के अरे दुष्ट ! आवा पराक्रमें करी मने साधवानी इच्छा करे ले? एम कहीने लाकडीना प्रहारें मूर्छित करी तेने स्मशानमांथी बाहेर काढी नाख्यो. पछी सवार थइ गइ तो पण ज्यारें ते आव्यो नहिं, त्यारें तेना मा मायें विचार्युं जे सवार तो पडी गइ, पण गणधर केम आव्यो नहिं? चाल, हुं स्मशानमां जइ तपास तो करूं? एम विचारी त्यां आवी तपास करी ज्यां जुवे, त्यां तो स्मशानथी बाहेर पडेला ते गणधरने जोयो अने दया आणी स्वस्थ करीने घेर आण्यो अने उसड वेसड करी साजो करी तेनुं जयशेखरनामा जे गाम हतुं त्यां मोकल्यो. पछी तेणे घेर आवी पोतानी सर्व बिना कही बतावी. ते वात सांनलनाराउयें तेनी समक्ष तो तेनुं आश्वासन कर्युं पण पछीथी तेनुं "निर्नाग्यशेखर" एवुं नाम पाड्युं. अने सहु कोइ ते नामथीज बोलावा लाग्या. तेथी अत्यंत लज्जा पामी ज्यां त्यां पोतानी निंदाने सहन न करतो थको गला फांसो खाइ दुर्ध्यानथी मरण पाम्यो. मरीने नरकमां उत्पन्न थयो. त्यांथी निकलीने तिर्यग्योनिने विषे नमण करशे. त्यां पण घणा प्रकारनां दुःखोने सहन करशे.

गुणाकर तो रत्नाकरनी पेठें श्रीमान् पोतानी धर्ममर्यादाने अनुसरी धनने वापरतो, पुत्रादिक संततिथी युक्त थको अत्यंत शोनवा लाग्यो. हवे पोताना मित्रनुं आवी रीतें गलाफांसाथी मरण थयुं सांनली पोतें वैराग्यवान् थइ पांचमा अणुव्रतने निरतिचाररीतें पाली समाधि मरण करीने स्वर्गमां गयो. अने अनुक्रमें मोक्षने पण पामशे. माटे हे श्राविकाउ! आ इतिहासथी पंचमअणुव्रतना गुण तथा दोषोने समजी विवेक लावीने परिग्रह परिमाण व्रतने अंगीकार करो. ते उपदेशथी बोध पामेली एवी मारी स्त्रीयोयें मुनिनी पासें ते पांचमुं परिग्रहपरिमाण व्रत स्वीकार्युं. त्यार पछी में विचार्युं जे आवा सारा गुणना देनारा धर्ममूर्त्ति एवा गुरुने विषे में जे वारंवार प्रहार करवानो विचार कर्यो, ते घणुंज दुष्ट कर्म कर्युं, माटे ते अपराधने मटाडवा माटे तेना चरणमांज मारे पडवुं जोइयें? एम विचार करी एकदम ते मुनिना चरणमां हुं पडी गयो अने मारो चिंतवन करेलो सर्व अपराध में कही दीधो. पछी ते अपराध खमावीने, हुं विज्ञापन करवा लाग्यो के हे नगवन्! हाल जे गणधर थइने नरकमां गयो, तेनो पूर्वावतार विष्णु हतो, तेणे पोताना मित्र सुविष्णुने त्यां वहोरवा आवेला

मुनिने उपहासथी क्रूरवचन कह्यां, तेथी तेने दारुण फल मल्युं, तो हे महारा ज! हुं पण प्रद्वेषथी दूषित छुं, तो मारो ते केवी रीतें निस्तार थाशे ? त्यारें मुनियें कह्युं के त्रण जगतना जनने मानवा योग्य, ब्रह्मचारी, सौम्य गुण युक्त एवा साधुउने विषे जे दुर्ध्यान करवुं, ते महोटुं पाप छे, ते पापनुं जे मटा डवुं, ते तो गुरुपासें आलोइने अथवा मुनिपणुं आचरीने थाय छे, ते शि वाय बीजी कोइरीतें थातुं नथी अने गुरुनी जे गर्हा छे, ते तो गुरुनी नक्ति विना मटती नथी. वली हे महानाग ! तुं तारा मनने विषे आ संसारनी असारताने नाव, अने मनने विषे वैराग्य लाव, कारण के आ कामनोगनुं जे सुख छे, ते तो दुर्गतिनेज देवावालुं छे अने आ देहा दिक सर्व संयोग जे छे, ते अनित्य छे अने मृत्यु जे छे, ते तो 'अमुक दिवसें मरशुं,' एवा निर्धार न होवाथी आशानरेला प्राणीने अचानक लइज जाय छे ? एम चिंतवन कर, सांसारिक सुखने तुछ जाणी तेनो त्याग करी सुख दायक एवा संयमने ग्रहण कर. अने हे नाइ! पारकी निंदाने छोडी दे, मा यानो त्याग कर, कामनी तर्जना कर, मदने वार, आलसने छोडी दे, निर्मल एवा संयमने नज, कारण के संयमथकी कर्मरूप पांजराथी मुकाइ जवाय छे. आवां सुधासमान मुनिनां वचन सांनलीने हे पूर्णचंद्रकुमार ! मारा शरी रगत जे मोहविष हतुं ते नाश पामी गयुं अने विवेकथी मारुं मन विकसित थयुं, त्यारें में चिंतव्युं जे ॥ यतः ॥ अद्याऽचिंत्यमहाफलेन फलितोमानुष्य कल्पद्रुमः, संसारांबुधिमज्जनात्तु कलितं सद्यानपात्रं मया ॥ विद्याद्यां बरगामिनी शिवपुरे गंतुं च लब्धा मया, सत्साधुर्यदयं तपःकृशवपुः प्राप्तो मदीये गृहे ॥ १ ॥ अर्थः– तपें करी कृश छे शरीर जेनुं एवा आ रूडा साधुवर्य मारे घेर पधार्या, तेथी हाल मारे मानुष्यरूप कल्पवृक्ष महा फलें करी फल्यो! संसारांबुधिमां बूडता एवा मने गुरुरूप वाहाण हाल उपलब्ध थयुं. अने शिवनगरप्रत्यें जवानी आकाशगामिनी विद्या पण मने मली ? ए प्रकारें प्रमोदने प्राप्त थयेला में, आ संसारने असार जाणी मारी सर्व स्त्रीयोने बोध कर्यो, तेथी वैराग्य पामेली एवी सर्वस्त्रीयो सहित घणुंक द्रव्य हतुं ते सात क्षेत्रमां वावरी, मुनियोना गुरु एवा श्री सिंहसेन नामा सूरिनी पासें जइ, दीक्षा ग्रहण करी. अने ते गुरु वर्यना शुद्ध प्रसादथी आ गुणरूप लक्ष्मीने प्राप्त थयो छुं ॥ यतः ॥ टो

लु व टलटलंतो, अहियं विन्नाण नाण निलएण ॥ देवु व वंदणिज्जो, कउ ह्मि गुरु सुत्तहारेण ॥ १ ॥ अर्थः– पाषाणनी पेठें रखडता एवा मने अधिक एवा ज्ञान अने विज्ञानना स्थानमय गुरुरूप सूत्रधारें देवनी पठें पूजनीय कस्यो, एटले जेम पाषाण होय, ते प्रथम रखडतो होय, ने पछी तेने सलाट घडे त्यारें प्रतिमा थाय, अने पछी ते पूजन करवा लायक थाय, तेम हुं पण प्रथम मूर्खज हतो, त्यारें पाषाण समान हतो, पछी गुरुरूप सलाटें धर्मोपदेश देइ घड्यो, त्यारें हुं प्रतिमा समान पूजनीय थयो. हे पूर्णचंद्रकुमार ! आ प्रमाणें मुने विशेष वैराग्य थवानुं कारण में सविस्तर कह्युं. आवी रीतें सूरिनुं सर्वचरित्र श्रवण करी बोध पामेलो ते पूर्णचंद्र कुमारनो पिता सिंहसेन राजा, ते मुनिपतिने कहे छे. के हे नगवन् ! तमें धन्य छो, पुण्यवान् छो, त्यागी जनोमां पण अग्रगण्य छो, कारण के जे तमोयें अगण्यलक्ष्मीने तथा सुंदर श्यामाउने तथा पृथ्वीना राज्यने पण तृणनी पेठें त्याग कस्योछे? हे माहाराज! महारी जेवा क्लीब एटले निःसत्त्व संसारासक्त, असारसंसारथी जरा पण विराम पामता नथी. अने हे महाराज ! आ देहथी शब्द, स्पर्श, रूप, रस, गंध, एवा पांच प्रकारना नोग नोगव्याज करे छे. केनी पेठें? के जेम कोइ जीव, धनवानने घेर अवतार लइने घणो वखत दारिद्रनेज नोगवे ? माटे हे मुनिपते ? हुं आपनी सन्मुख निरवद्य एवी तत्त्वविद्याने सद्य पामीने निर्वंध्य अने हर्षदायक एवी संयमश्रीने स्वीकारीश? एम कही नगरमां जइ पोताना पुत्र पूर्णचंद्र कुमारने महामहोत्सवें करी सर्व सामंत, प्रधान, सेनापतिनी समक्ष, राजगादी पर बेसास्यो. पछी पूर्णचंद्र कमारें दीक्षामहोत्सव जेनो कस्यो छे एवो ते सिंहसेन राजा, सूरिनी पासें जइ दीक्षा ग्रहण करतो हवो. हवे ते राजा शिक्षा ग्रहण करी शांत, दांत, महाव्रतने विषे आसक्त षष्ठ अष्टादिक तपने तपतो थको महामुनि थयो. पूर्णचंद्रराजा पण शुद्ध धर्मना धुरने धारण करतो तथा पर्वतनी पेठें स्थिरताने ग्रहण करतो थको सर्व राजसंपत्तिने योग्यरीतें नोगववा लाग्यो, अर्थात् राजसंपत्ति प्राप्त थवाथी अधर्माचरण तथा मद तेथी रहित वर्त्तवा लाग्यो. न्यायमार्गे प्रवर्त्ततो, कर्पूरना पूर समान शुभ्र यशने प्रसारतो एवो ते राज्यश्रीने नोगववा प्रवर्त्त थयो अने अणुव्रतनी स्थितिने दृढ करवा लाग्यो. वली ते कुमार,

ज्ञान दर्शनना रक्षण माटे पोता पासें रहेनारा सुनटो पण सदाचारवाला, स मिति गुणयुक्त, क्षमा युक्त एवा ते इच्छे छे, परंतु बीजा अन्यधर्मीने इच्छतो नथी. पछी मनोहर अश्व, तथा हस्तीनी उपर बेसवाने चतुर, प्रजा रक्ष णमां प्रचुर, पुण्यमनोरथने धारण करनार, गुणशिक्षासक्त, दीनजनोने दुःखथी मुक्त करनार, सदा पोताना शासनने उद्योत करनार, पर शासनने वारनार, विविध पदार्थोनो संग्रह नरनार, अंतःपुरनो विचार राखनार एवो ते पूर्ण चंद्र, धर्मनाज संगें करी सर्व रिपुचक्रने वश करतो हवो.

हवे पोतानी पुष्पसुंदरी स्त्रीनी साथें जोगने विषे नीति राखतां रा खतां केटलो एक काल व्यतीत थइ गयो, त्यारें तेने एक “वीरोत्तर” नामा पुत्र थयो, अने पछी तेने युवराजपदने विषे स्थापन कर्यो. पुष्पसुंदरी राणी पण सम्यक्त्वपूर्वक पांच अणुव्रतने धारण करती थकी शुद्ध जेनो नाव छे, एवी परम श्राविका थइ. एक दिवस बाहिरना सर्व वृत्तांतना कहेनारा पुरुष पासेंथी पोताना पिता मुक्तियें गया, एवुं सांनली, परम विषाद युक्त थइ ते पूर्णचंद्रराजा नावना नाववा लाग्यो के, धन्य छे महानु नाव म्हारा पिताने के जेणें पोताना कोमल अंगें करी दुष्कर एवुं कार्य साधी लीधुं ! महापापमां आसक्त, अल्पसत्त्व एवो हुं तो जराने प्राप्त थयो, तो पण विषयमांज लोलुप थइ रह्यो छुं. वली आ देहादिकने विषे अनित्यता जोउं छुं, तो पण हजी धर्ममांज प्रमाद करी बेसी रह्यो छुं ! आ प्रमाणें विचार करतां प्रतिदिन सचिंतज रहे छे. एम एक दिवस, सचिंत थयेला ते पूर्णचंद्रराजाने जोइ पोतानी प्रिया पुष्पसुंदरी कहेवा लागी के हे नाथ ! न कामो खेद शामाटे करो छो ? तेवा खेद कर्याथी शुं वलवानुं छे ? माटे खेद छोडी कांइक उद्यम करो. कारण के शोकने तो जे निःसत्त्व एवी स्त्रीयो होय छे, तेज करे छे. माटे शोक छोडी द्यो अने हवेथी ब्रह्मचर्यव्रत जावजीव पालो. ज्यां सुधीमां आलस्यविरहित एवा सुरसुंदरसूरि आ हिं पाउ धारे, त्यां सुधी पूर्वोक्तरीतें आप वर्त्तो. अने ज्यारें ते गुरु पधा रे, त्यारें आपना जे मनोरथ होय, ते साधजो. आवा वचन सांनली पूर्ण चंद्र राजा कहेवा लाग्यो के हे प्रिये ! तुं घणी चतुर छो, कारण के मारा मनमां जे बाबतनो मुने क्लेश हतो, ते बाबत, तें सर्व कही देखाडी. ते ब हूज सारुं कह्युं. एम ते पुष्पसुंदरीनी स्तुति करीने राज्यनी सर्व चिंता

पोताना पुत्र पर नाखी, सर्व व्यापार रहित थइने अहोनिश जिनेंद्रपूजा तथा सामायकने ग्रहण करवा लाग्यो. अने क्रियारत थइने अखंड पौषध व्रतने करे बे. सत्त्ववान् एवो ते राजा, चित्तने विषे निर्ममत्वने भावे बे. अने राणी पण तपें करी कृशांगी थइ गइ.

हवे ते दंपती, सुरसुंदरसूरिना आगमननी वाट जोइ बेठां बे, ते वामां तो शुं थयुं? तो के अकस्मात् प्रचंड एवा अतिसारनी उग्रवेदनाथी पूर्णचंद्र राजा अर्दित थइ गयो. त्यारें पूर्वें तेने वैराग तो हतोज तेमां वली शरीरमां रोग आव्यो तेथी देह गेहने विषे निरीह थयो थको सूरिनी भावना भाववा लाग्यो के अहो ! जे ठेकाणे सूरि विहरता हशे, ते देश, पुर, ग्राम, तेने धन्य बे ? जे मुनियो ते सुरसुंदरसूरिना चरणद्वयनी उपासना करता हशे, ते मुनियोने पण धन्य बे ? अरे·ए दिवस ते हुं क्यारें देखीश के जे दिवसमां गुरु पादांबुजने सेवीश, तथा गुणो थी श्रेष्ठ एवा साधुउनी सेवा पण करीश ? वली पूर्ण अमृतरस समान श्रीगुरुना मुखथकी निकलता आगमामृतनुं पान करीश ? संसाररूप अटवीमां विहार करवाथी भय पामेलो तथा सदा शमरूप आरामने विषे निवास कर्युं बे चित्त जेनुं एवो हुं तृणमां अने मणिमां तुल्य मन करीने रूडा साधु साथें क्यारें वार्त्ता करीश ? कारण के ते साधु पुरुषनी साथें जे वार्त्ता बे, ते आ लोकने विषे संतापसमूहने नाश कर नारी, चोतरफना पापरूपपंकने प्रक्षालन करनारी अने सुधा सिंधुसमान बे ? वली ते साधु संघातें धर्मवार्त्ता बे, ते पुरुषने परम निवृत्तिने आपे बे? ए प्रकारें धर्मध्याननी भावनाने भाववा लाग्यो. त्यां तो ते राजाने निद्रा नरहित प्रबल रोगनी व्यथा वधी, तेने सहन करी, माननो तथा क्रोध कषायनो त्याग करी अने सन्मृत्युथी तेणे पोताना देहनो त्याग कर्यो. पबी ते पूर्णचंद्र कुमार, राज्यसुख भोगववानां गृह वगेरे साधन जेमां बे एवा अग्यारमा आरणदेवलोकें महर्द्धिक देवपणाने प्राप्त थयो.

पबी शास्त्रोक्त तपथी कृशशरीर वाली, श्रीमत् अरिहंतपदपद्मां भ्रम रीसमान ते पुष्पसुंदरी राणी पण समाधियोगथी आराधन करी गृह स्थभावथीज मरीने अगाधसुखथीभरपूर एवा तेज अग्यारमा आरणदे वलोकने विषे महर्द्धिकदेवता थइने अवतरी ॥ श्लोक ॥ तत्रैकस्मिन्ने

तयोर्वै विमाने, चंचत्कांत्योर्देवयोर्जासमाने ॥ आसीदायुर्विंशतीसागराणि, स्फूर्जदब्धीरेकयुक् सागराणि ॥ १ ॥ अर्थः– प्रकाशमान एवा ते एकज आरणविमानने विषे बेहु देवता मित्र थया, अने त्यां सुंदर वीश सागर आयुने नोगवता हवा.

ए प्रमाणें पृथ्वीचंद्र अने गुणसागरना चरित्रने विषे पूर्णचंद्रराजाधिकारनामा पाचमो सर्ग संपूर्ण थयो ॥५॥ आहिं पृथ्वीचंद्र अने गुणसागरनो दशनवनो संबंध समाप्त थयो ॥ १० ॥

---

॥ अथ ॥

## ॥ षष्ठसर्गस्य बालावबोधः प्रारभ्यते ॥

पुण्यानुबंधि पुण्येन, सुस्थितौ सुचिरं च तौ ॥ उषित्वा च ततश्च्युत्वा, यत्प्राप्तौ तन्निशम्यताम् ॥१॥ अर्थः–पुण्यानुबंधि पुण्यें करी घणोक काल ते बेहु जण, देवतापणे सारी स्थितिमां रहि त्यांथी च्यवीने जे स्थलें प्राप्त थया, ते कवि कहे ठे, के हे नव्य जनो! हुं कहुं छुं, ते सानलो. श्रीजंबुद्वीपना नरत खंममां दक्षिणनरतार्द्धने विषे विदेहनामा जनपद ठे, तेमां मिथिला नामा नगरी ठे, जे नगरीनी बाहार तथा अंदर, उत्तम मनोहर ठाया वाला अने पुष्पफलथी नरपूर एवा पुन्नागना वृक्षोथी तथा बीजा पण वृक्षोथी सुशोनित आरामो ठे. तेमां नरसिंह नामा राजा राज्य करे ठे. ते सिंहसमान एवा नरसिंह राजानुं नाम सांजली शत्रुनृपरूप गजो त्रास पामे ठे. शील अने लीलाना विलासवाली, दोषसमूहथी विरहित, सर्व कलाकलापथी मनोहर एवी तेनी गुणमाला नामा पट्टराणी ठे, तेनी साथें अत्युत्तम नोग नोगवतां ते राजाने घणोज काल व्यतीत थयो.

हवे एक दिवस ते राजायें एकांतमां बेठां बेठां, विचार कर्यो के जगत्मां मारी कीर्त्ति थाय ठे के अपकीर्त्ति ! तेनी हुं तपास तो करावुं! ए मविचारी तेना तपास माटे मोकलेला पोताना अनुचरें आवीने कह्युं के, हे राजन् ! आपना कहेवा प्रमाणें हुं तपास करतो हतो त्यां में रस्तामां चालतां कोइएक स्त्रीयोनो शब्द सांनल्यो के ॥ श्लोक ॥ नरसिंहनृपोजीयात्, कयाऽप्युक्ते प्रगल्नया ॥ अन्याह नरसिंहोन, किंत्वयं नरजंबुकः ॥१॥ अर्थः–कोइएक प्रगल्न स्त्रीयें कह्युं के हे बेन ! आ गामनो नरसिंह राजा घणां वर्ष जीवतो रहो, कारण के

तेमां पोताना नाम प्रमाणेंज गुणो ले. ते सांजली बीजी स्त्री कहेवा लागी के हे बेन ! तुं खोटुं बोले ले, ते नरसिंह राजा नामथीज नरसिंह ले, पण गुणो थी नथी. गुणोथी ते तो जंबुक सरखो ले. कारण के जे पुत्र न बतां पण निश्चिंत थइ सुइ रहे ले ! तथा जोजन पण करे ले. वली तेमां सर्व प्रकारनुं सामर्थ्य बते पण ते पुत्र प्राप्ति माटे मंत्र, योग, कला, तथा विद्यानी सामग्री मेलववामां निरुद्यमीज रहे ले. माटे तेने तुं गुणथी नरसिंह कहे, पण हुं केम कहुं ? यतः ॥ पुत्रं विना कुलं कीदृक्, मंत्रहीनाश्च काः क्रियाः ॥ नेत्रहीनं तु किं रूपं, शीलहीनं च किं तपः ॥ १ ॥ अर्थः—पुत्र विनानुं कुल शा कामनुं ? तथा मंत्र विनानी क्रियाउ पण शा कामनी ? नेत्र विनानुं रूप शा कामनुं ? अने शील विनानुं तप पण शा कामनुं ? ॥ १ ॥ हे बहेन ! पितादिक सर्व पण सत्पुत्रें करी सुखी थाय ले. ॥ यतः ॥ आनंदं जनकोबिजर्त्ति हृदये, स्वास्थ्यं जनन्यद्भुतं, तृप्तिं पूर्वजपूरुषाः स्वसुहृदोहर्षं विषादं द्विषः ॥ प्रत्याशां च पितृष्वसापि गुरवो देवाश्च पूजां परां, स्तौत्याः स्युः स्वगुणा हि तत्सुतजनिः कल्पद्रुमेन्योऽधिका ॥ १ ॥ अर्थः— हे सखि ! पुत्र जन्मथी पिता जे ले, ते हृदयने विषे आनंदने धारण करे ले, जननी पण आश्चर्यकारक स्वास्थ्यने पामे ले. पूर्वज पुरुषो तृप्तिने प्राप्त थाय ले, पोताना सगां वहालां जे ले, ते हर्षने प्राप्त थाय ले, विद्वेषी जनो विषादने पामे ले, पितृष्वसा जे फइ, ते पाली इव्य वगेरे लेवानी आशाने प्राप्त थाय ले अने गुरु तथा देवताउ पूजाउने प्राप्त थाय ले. पिताना जे गुणो होय ते तेना मरणथी नाश पाम्या होय, पण पुत्र थवाथी पाला स्तुति करवा योग्य थाय ले, ते माटे पुत्रनो जन्म ले, ते कल्पद्रुमथी पण अधिक गुणवालो ले ॥ यतः ॥ नेपथ्यैर्विविधैरसैर्बहुविधैरुल्लापनैः क्रीडनैः, र्नामस्थापनचूलिकादिकरणैरालिंगनैर्वाहनैः ॥ विद्याध्यापनकर्मकौशलगुणारोपैश्च ये नंदनं, स्वस्मादप्यधिकं करोति च पिता, कैर्नाम न श्लाघ्यते ॥ १ ॥ अर्थः— अनेक प्रकारना वस्त्र वगेरे पेरावयाथी, विविध प्रकारना रसोथी, घणा प्रकारना लाड लडाव्याथी, बहुप्रकारनी क्रीडाउथी, नामस्थापन, चूडाकर्मना करवाथी, ते पुत्रना आलिंगनथी, तेने तेडवाथी, विद्याना अध्यापनथी तथा कर्मकुशलपणाना अने गुणोना आरोपणथी जे पोताना नंदनने पोताथी पण अधिक राखे ले. माटे ते पिता, केम वखणाय नही ? अर्थात् पुत्रवालो प्राणी सुखने तथा यशने

केम न पामे? ए प्रकारनां वचन माणासना मुखथकी सांजली पोताना हृदयने विषे ते सर्व साची वात मानी तुरत मंत्रीने बोलाव्यो. अने पुत्रप्राप्तिने माटें नरसिंह राजा मंत्रीने पुत्र थवानो उपाय पूछवा लाग्यो. त्यारें मंत्रीयें कह्युं के हे स्वामिन्! में सांजल्युं छे के विचित्र प्रकारना आडंबरने धारण करतो केटलाएक देशोमां फरतो फरतो कोइ एक योगींद्र पुरुष, आहिं आपणा गामनी बाहेरना वनमां आवेलो छे. ते योगी सर्व सामर्थ्यवालो छे माटे तेनी पासें आप पुत्र मागो. कारण के तेनी सरखो बीजो कोइ प्रौढकार्यकारक पुरुष आ आखा जरत खंममां देखवामां आवतो नथी. ते सांजली नरसिंह राजायें माणास मोकली ते योगींद्रने सविनय तेडाव्यो, त्यारें ते योगी फुलता हाथीनी पठें विद्यामदथी जरपूर थको त्यां आव्यो. पछी तेने प्रौढ आसन नाखी आप्युं, त्यारें तेनी पर बेठो, पछी तेनो सत्कार करी नमन करी राजायें कह्युं के हे योगींद्र! आपनी केटलीक शक्ति छे? त्यारें योगीयें कह्युं के तमारे पूछवानुं शुं काम छे? जलें दुष्करकार्य होय अने तेनी पण जो तमारा मनमां इछा होय तो ते पण कहो? जो तमे कहेता हो, तो नागकन्याने पण हुं आहिं वेगांज लावी आपुं, अथवा तमे कहो, तो तमारा रिपुसमूहने तमारा चरणमां नमावी दउं? अने तमारा मनमां धारेला अने जे घणाज दूर होय, ते गज अश्वादिकने पण हरण करी आहिं सहु देखे एम आणी आपुं? ते सांजली विस्मित थयेला राजायें कह्युं के ज्यारें एटलुं बधुं कहो छो, त्यारें ए सर्व वात तो रहेवा द्यो, पण हाल एक नागकन्यानेज लावी आपो जोइयें? त्यारें ते योगीयें हृदयमां एक क्षण वार ध्यान कर्युं, त्यां तो रत्नाजरण जूषित एवी एक नागकन्या आवी उजी रही अने कहेवा लागी के हे योगींद्र! मुने आपें केम तेडावी छे? जे इछा होय, ते फरमावो. एम कहीने उजी रही. त्यारें योगीयें कह्युं के हे जद्रे! जेम आ राजा कहे, तेम तुं कर. त्यारें ते नागांगना राजा पासें जइ हाथ जोडीने कहेवा लागी के हे स्वामिन्! मने केम बोलावी छे? जे आज्ञा होय, ते फरमावो. त्यारें राजायें कह्युं के हे स्त्रि! तुं केम आवी छो, अने कोण छो? त्यारें ते बोली के महाराज! हुं नागेंद्रनी स्त्री छुं, अने आ योगींद्रना बोलाववाथी नागलोकथी आवेली छुं. ते पछी राजायें कह्युं के ते तो ठीक. पण तुं शुं करवा आवेली छो? त्यारें ते बोली

के ते कांही हुं जाणती नथी. पठी राजायें ते योगीने एवो चमत्कारिक जाणी नागेंद्रकन्याने नमस्कार करी जावानी रजा आपी अने पठी योगींद्रने कहेवा लाग्यो के हे योगींद्र ! अहो आप आवा महोटा सामर्थ्यवान् ठो, ते तो मने हाल प्रत्यक्षमांज देखाड्युं ? एम कहीने ते महायोगीने एकांत स्थलमां बोलावीने पोताना पुत्ररूप स्वार्थने पूठवा लाग्यो. त्यारें योगीयें कह्युं के बस, एटलुंज काम ठे ना? अरे हे राजन्! मारा महिमारूप अंबुधि पासें एवी अणुसमान वातमां ते शुं करवुं ठे ? जेणे समुद्र तरी लीधो तेने जलें नरेला गायनी खरीना खाडानो ते शो हिसाब ठे ? कांहिंज नहिं. माटे हे राजन्! हुं तुने कहुं, तेम कर के जो, तुं काली चौदशने दिवसें हाथमां उघाडुं खड्ग लइने मध्यरात्रें स्मशानमां आवजे. त्यां ज्वालिनी देवीपासें हुं तुने पुत्र अपावीश ? वली बीजुं पण तुने जे कांइ अनीष्ट हशे, ते अपावीश ? तथा तारी सहायता पण ते देवीना अनुग्रहथी थाशे ? ते वचन सांनली अत्यंत खुशी थयेलो राजा कहेवा लाग्यो के महाराज ! आप कहो ठो, तेम हुं जरूर करीश. एम कही ते योगींद्रने विसर्जन कर्यो.

त्यार पठी माह्या एवा मंत्रीयो नेला थइ नरसिंह राजाने कहेवा लाग्या के महाराज! ए योगीना बोलवा पर विश्वास करशो नहिं हो ? कारण के जगत्मां मनुष्यो जे ठे, ते कर्में करी निन्न निन्न स्वनाववालां होय ठे. तेमां पण आवा योगीयोनो तो विश्वास करवोज नहिं॥यतः॥ कृतघ्नो निर्दयः पापी, परद्रोही विघातकः ॥ रौद्रध्याननरोयोगी, न विश्वासास्पदं सदा ॥१॥ अर्थः—कृतघ्न, निर्दय, पापी, परद्रोह करनार, रौद्रध्यानी एवो योगी नर, निरंतर विश्वास करवा योग्य होतो नथी. राजायें ते वात सांनली कह्युं के ठीक ठे, तमें कहो ठो, तेमज करीश.

हवे जे कालि चउदशनो दिवस योगीयें कह्यो हतो ते दिवसें राजा मध्यरात्रियें हाथमां उघाडी तरवार लइने स्मशानमां गयो अने ते योगी पण आव्यो, पठी त्यां ए बेहु जण नेगा थया, अने शुद्धनूमि करी दीवो करी मंमल काढयुं. पठी योगीयें नरसिंह राजाने कह्युं के हे राजन् ! दक्षिण दिशामां एक वड ठे, ते वडनी शाखामां एक शब बांधेलुं ठे, तेने तुं जलदी जइने लइ आव्य.जो कदाचित् ते शब बोले, तो पण तेने तारे कांइ पण प्रत्युत्तर

देवो नहिं. एमने एम बोल्याविनाज चाल्युं आववुं, अने कोइथी बीवुं पण नहिं. ते सांजली राजा एकदम दक्षिण दिशामां वडपासें जइ ते वडनी शाखापर चडी शबने छोडी लइ ने त्यांथी चालवा लाग्यो, त्यां तो जे शब हतुं ते राजापासेंथी जेम हतुं तेमज वडनी माले आवी पाछुं बंधाइ गयुं. त्यारें राजा विचार करवा लाग्यो के अरे! मारी पासें शब हतुं ते क्यां गयुं? एम विचारी ज्यां आघुं पाछुं जोवे छे, त्यां तो शबने वडनी माल पर पूर्ववत् बंधायेलुं दीतुं. पाछो वली बीजी वार राजा वडपर चडी ते शबने छोडी लइ चालवा लाग्यो, तेवामां शबमां रहेलो व्यंतर बोल्यो के अहो नूपाल! तारुं नाम जे नरसिंह छे, ते खोटुंज छे, कारण के तुं शृगाल समान छो. केम के तुं स्वधर्मने छोडी कुकर्मने करे छे! अरे तुं तारा मनोहर अने उत्तम एवा स्थानकने मूकीने जेमां जइ ने स्नान कर वुं पडे, एवा आवा नयंकर स्मशानमां आव्यो? तथा वली आ अपवित्र शबने अड्यो? वली हे राजन्! हुं तुने कहुं छुं के जो तुं मने आही मूकीने पाछो नहिं जा, तो हुं तारा जीणा जीणा कटका करीने तेनुं स्मशानस्थ सर्व नूतोने बलिदान करी दइश? इत्यादिक नयकारक वाक्य कहीने ते व्यंतरें नयानक आकारवालां हजारो रूप देखाड्यां, तो पण राजा ज्यारें क्षोन न पाम्यो त्यारें राजाना निर्नयपणारूप साहसने जोइने तुष्टायमान थयेला ते व्यंतरें कह्युं के हे राजन्! जे कार्यने तुं निश्चें करवा बेठो छो, ते कार्य मां तुं निश्चल छो, अर्थात् तें धारेला कार्यमां कदाचित् नय उत्पन्न थाय छे, तो पण ते कार्यमांथी तुं पाछो पग करतो नथी? ते माटे तारा आवा पराक्रमथी हुं तुष्टायमान थयेलो छुं तेथी एक तुने सत्यवचन कहुं छुं, ते सांजल. हे राजन्! तुं तो सरल छो तथा पुत्रार्थी छो, परंतु आ योगी जे छे, ते तो ठग छे अने तुने ठगवा इछे छे. तेनुं करेलुं आ बधुं खोटुं छे, तुने जे नागेंद्रनी स्त्री देखाडी, ते पण ऐंद्रजालिक विद्याथी बतावी छे, तेथी हे नाइ! तुं विश्वास पाम्यो. परंतु वस्तुतः ते सर्व असत्यज छे. ते योगी तारा शरीरनुं वलिदान दइने अमोने साधवाने इछे छे माटे डुर्जनशिरोमणि एवा ते योगींद्रने तारे दूरथीज त्याग करवो जोइयें ॥ यतः ॥ डुर्जनानां कंटकानां समा वृत्तिर्नवेत्सदा ॥ उपानन्मुखनंगोवा, दूरतोवा विसर्जनम् ॥ १ ॥ मृगमीनसज्जनानां तृणजलसंतोषविहितवृत्तीनाम् ॥ लुब्धकधीवरपिशु

ना, निष्कारणवैरिणोजगति ॥ २ ॥ क्षुद्राः स्वल्पाय कार्याय, महतां व्यसनैषिणः ॥ मक्षिकाणामनावाय, कुष्ठी सूर्यास्तमीहते ॥ ३ ॥ नीचेषु जंतुषु प्रायो, रंज्यते स्वामिनां मनः ॥ यादृग् तैलेन तेजस्वी, दीपस्ता दृग् न सर्पिषा ॥ ४ ॥ अर्थः—डुर्जनोनो अने कांटानो स्वनाव सरखोज होय ढे, माटे ते बेहुनो उपानें करी मुखनंग करवो, अथवा तेनो दूरथी त्याग करवो ॥ १ ॥ मृग, मीन अने सुजन, ए त्रणे जण तृण, जल, अने संतोष, तेणें करी निवृत्ति पामेला ढे, तो पण ते त्रणमां एकनो वैरी लुब्धक, बीजानो वैरी धीवर अने त्रीजानो वैरी चाडीयो, आ त्रण जण ते त्रणना जगत्ने विषे निष्कारणज वैरी थाय ढे ॥ २ ॥ वली क्षुद्र प्राणी ढे, ते पोताना स्वल्प कार्य थावा माटें महोटा जनने डुःख देवानी इछा करे ढे. केनी पेरें ? तो के, जेम पोताना सडेला अंगो पर माखीयो न बेसे, ते माटे कुष्ठी पुरुष, सूर्यना अस्तपणाने इछे ढे? एटले जे कुष्ठी होय ढे ते एम विचारे ढे, के जो सूर्य आथमी जाय, तो मारा अंगोपर माखीयो. आवती बंध थाय ॥ ३ ॥ नीच एवा मनुष्यने विषे तेना अधिकारीयोनुं मन राजी थाय ढे, केनी पेरें? के दीपक, जेवो तेलथी प्रकाश करे ढे, तेवो घृत थी करतो नथी॥४॥ माटे हे राजन्! ते खल एवा योगीश्वरनो तुं विश्वास करीशज नहिं. अने पुत्रने माटे जे तुं प्रयत्न करे ढे, ते पण हवे करीश नहिं. अने जा. हुं तुने एक वचन आपुं बुं, के आजथी सातमे दिवसें तारी स्त्रीने सूर्यनुं स्वप्न आवशे, अने ए एंधाणीथी तुं जाणजे जे तारे कुलदीपक पुत्र जरूर थाशे. तेम ढतां पण कदाचित् तुं आ शब लइ जावा वगेरेना प्रय त्नने ढोड्य नहि अने योगी पासें आ शबने लइ जा. तो पण अटलुं तो ध्यानमांज राखजे के जो ते योगींइ तारी पासें तारी तरवार मागे, तो तेने सर्वथा आपवी नहिं, जो तारा हाथमां तरवार हशे, तो मारी सहायताथी ते योगीने तुं जरूर जीतीश ? ए प्रकारनां शबगत व्यंतरनां वचन सांनली ते वचन ध्यानमां राखी, शबने लइ ते योगीपासें आव्यो. पढी ते शबने योगीयें बतावेला स्थलमां मूकी रक्तचंदन तथा राती कणेरनां पुष्पोथी तेनुं पूजन करी मंमलमां मूक्युं. पढी ते योगी नरसिंह राजाने कहे ढे, के हे राजन् ! तारा हाथमां जे आ तरवार ढे, ते मारा हाथमां आप. त्यारें राजा पेला व्यंतरनुं वचन संनारीने विचारवा लाग्यो

जे मने व्यंतरें तेना हाथमां तरवार देवानी ना कही छे. माटे ते आपवी नही ? एम विचारी योगींद्रने कहेवा लाग्यो के हे योगींद्रनाथ ! सुभट जनने पोतानो हथीयार तो कोइने आपवोज नहिं. कारण के तेने अचानक कांइक जो आफत आवे, तो ते हथीयारथीज मटे छे ? माटे आ तरवार हुं आपने आपीश नही. ते सांभली योगींद्र बोल्यो के हे राजन्! जाळुं बोलवुं मूकी दे अने ते तरवार मुने आप. कारण के तुं तो ते तरवारनोज स्वामी छो, पण हुं तो तारो पण स्वामी छौं अने हुं ज्यारें तारुं रक्षण करवा बेठो छुं, त्यारें तारे कोनी बीक छे ? ते कहे. अने मारे तो मंत्र साधवाने माटे लो ढाना हथीयारनी अपेक्षाज छे, अने तारे कांइ तेनी जरूर नथी. ए वचन सांभली राजा कहे छे, के हे तपस्वी महाराज ! हुं आ तरवार लइ ज्यारें आहिं ऊभो रहेलो छुं, त्यारें तो देव पण मारी पर अने तमारी पर कोप करवाने समर्थ नथी. तो बीचारा क्षुद्र व्यंतरो तो शुंज करवाना छे? माटे आप खुशीथी मंत्रसाधना साधो. आम कहेवाथी ते योगीनो स्वार्थ सिद्ध न थयो तेथी तेणें तेने घणी रीतें समजाव्यो, पण ते व्यंतरनुं वाक्य याद राखी राजायें ते योगीनुं एक पण वाक्य मान्युं नहिं अने छेवट पोतानी तरवार नज आपी. त्यारें तो जेम दुग्ध पान करावी ऊछेरेलो सर्प पोताना स्वामीने करडवा तैयार थाय, तेम अत्यंत क्रोधांध थयेलो ते दुष्ट योगींद्र कहेवा लाग्यो के हे क्रूरराजा! आवी रीतनी महोटी महेनत मारी पासें करावी अने जराक जेटलुं आ तरवार देवारूप मारुं वचन छे ते पण मानतो नथी? एवी रीतें बकतो थको पोतानी पासें एक खड्ग हतुं, ते लइने योगी, राजानी सामो दो ड्यो. पछी तेने पोतानी सामो आवतो जोइने राजा कहे छे, के हे योगींद्र ! तुं मने मारवा आव्यो, ते जाण्युं, पण तुने हुं प्रार्थना करी कहुं छुं के तुं मारी दृष्टिथी आघो जा. कारण के कषायवस्त्र पहेरी योगीना वेषने धारण करनार एवा तारी पर माराथी घा थाय तेम नथी? अर्थात् तुं लिंगधारी योगी छो, माटें हुं लाचार छुं. कदाचित् जो अन्यवेषधारी हत तो तो हुं सर्वे तारुं जोर बतावी आपत ? माटे तारा जीवित सामुं जोइनें जे रस्ते मारी सामो आव्यो, तेज रस्ते पाछो तारे ठेकाणे जइ बेस. अने हे धूर्त्त! आवो योगीनो वेश धारण करी हुं जेवा धर्मीजनने ठगीने तुं केटलाक काल जीववानो छो? हुं तो तुने हालज यमराजाना घरनो अतिथि करवाने सावधान छुं, पण धर्म

वेष धारण करनार थइ बेगे डो, माटे निरुपाय डों. हे पापी ! मारा शरी रथीज ते वेतालने प्रसन्न करी तुं वेताल मंत्र सिद्धिनी इछा करे डे! तेथी एम समजाय डे के तुं आ लोकना अने परलोकना पुण्य पापनी शैलीने पण जोतोज नथी? आवां राजानां वाक्य सांजली योगी विचार करवा लाग्यो के अरे! आ मारी हजत वात राजायें केवी रीतें जाणी? वली पण विचा रवा लाग्यो के जे कार्य माटे में लिंगीनो वेषधारण कस्यो, ते कार्य तो मारुं जरा पण पार पड्युं नहिं! एम विचारी ते लज्जायुक्त थयो थको पश्चात्ताप पामी पोताना हाथथी खड्ग दूर फेंकी दइने हाथ जोडी नरसिंह राजाने कहेवा लाग्यो के हे शूरवीर! आ प्रकारनां तारां वचनथी मारा हृदयमां जे अज्ञान हतुं ते सर्वनाश थइ गयुं. अने ज्ञानद्वार उघडी मने सत्याऽसत्य पदार्थ सर्व देखवामां आव्या, अने एटला दिवस हुं खराब जनोनी संग तिथी जटक्यो, हाल हवे तमारी कृपाथी मने विवेकमार्ग उपलब्ध थयो? ते माटे गुरुपासें जइ तमने उगवानां पापनुं प्रायश्चित्त ग्रहण करी परजव साधवाने माटे यत्न करीश? अने हे राजन् ! में तमारो महोटो अप राध कस्यो, ते क्षमा करजो अने एक हुं तमने कहुं बुं, ते सांजलो. के गुरु परंपरायें आवेलो व्रणसंरोहण नामनो आ एक मारी पासें मणि डे, ते ने डुष्टकर्मथी निवृत्त करवाना उपदेशदायक एवा तमने हुं आपुं बुं. ए सांजली राजा कहे डे, के हे योगींइ ! तमारा सरखा विवेकी जनने तो जेम तमे कह्यो बो, तेमज करवुं घटे डे अने माराथी जे कांइ आपने डुर्वाक्य कहेवाणां होय, ते माफ करवां. एम कही तेणें मणिनी पूजा वगेरेनो विधि पूढी लीधो अने ते मणि पण लीधो. पडी प्रातःकालने विषे परस्पर घणुंज क्षमापन करी परमार्थ साधवामां जेना चित्त वंधाइ गयां डे, एवा बेहु जण पोत पोताने स्थानकें गया. पडी राजायें घेर आवी ते बनेली वात मंत्रीवगेरेने कही, ते सांजली सहु कोइ खुशी थया. अने नगरी ने विषे महोटो उत्सव थयो. नगरस्थ सर्व लोक अत्यंत उत्साहित थयां.

हवे अग्यारमा अरण देवलोकमां पूर्णचंड राजा जे देवता थयो हतो, ते त्यांथी च्यवीने आ नरसिंह राजानी स्त्री गुणमाला नामा जे राणी हती, तेना उदरसरोवरने विषे वेतालने मल्या पडीना सातमा दिवसनी रात्रें आवी पुत्रपणायें अवतस्यो, त्यारें ते गुणमाला राणीयें स्वप्नने विषे निर्मल एवो सूर्य

दीठो, के तुरत जागी अने प्रजातने विषे ते स्वप्ननी वात राजाने कहेवरावी. ते सांजली राजायें पण स्मशानमां कहेला व्यंतरना वचनने अनुसारें कह्युं के हे प्रिये ! तारे नयनने आनंद देनार एवो एक उत्तम पुत्र प्रगट थाशे ! ते सांजली नवीन मेघना समागमें करी जेम मयूर हर्षायमान थाय, तेम ते राणी परम हर्षने प्राप्त थइ अने पोनाना गर्जने प्रयत्नें करी पालन करवा लागी. तेम करतां सातमा मासमां पाठो राणीने एवो दोहद उत्पन्न थयो के हुं समग्र सैन्यसमूहें सहवर्त्तमान राजलीला करुं ? अने सेनासहित वनक्रीडा पण करुं ? ते वात राजायें जाणीने सामंत, मंत्री, सेनापतियें सहित पोतानी सर्वसेनाने एकठी करी अने तेना नायक पणामां पोतानी स्त्री गुणमाला राणीनी योजना करी. राजा पण पोतें सामंतपणाने अंगीकार करी सुहृद लोकोयें समन्वित थको राणीनी पासें आव्यो. उक्तं. स्नेहथकी पुरुषने सर्व कांहि करवुं पडे ठे ॥ यतः ॥ कासावाज्ञा यत्र कार्ये विचार्यं, तत्किं दानं यत्र वेलाविलंबः ॥ का सा प्रीतिर्यत्र काप्यप्रतीति, स्तत्किं सौख्यं यत्र कोऽप्यंतरायः ॥ १ ॥ अर्थः– जे आज्ञा करवा पठी ते आज्ञाना कार्यमां विचार करवो पडे, ते आज्ञा शेनी ? अने जे दानमां ते दान आपतां विलंब थाय, अथवा एम कहेवाय के हा, हुं आपीश हाल नथी ? ते दान शेनुं ? जे प्रीतिमां कोइ पण प्रकारनी प्रतीति आवे नहिं ते प्रीति पण शा कामनी ? अने जे सुखमां कोइ पण प्रकारनो अंतराय आवे, ते सुख शा कामनुं. ?

हवे प्रौढ अने मदोन्मत्त हाथीपर बेठेली, घणाक आमात्योयें परिवृत, सीमाडीया राजाउयें सेवन करेली, तरुणीना गणोयें प्रार्थना करायेली, अनंतदानने देती, बंदिजनोना वृंदोयें स्तुति करायेली, परम प्रमोदने पामेली, एवी ते गुणमाला राणी, गामना सीमाडाना अरण्यमां गइ अने त्यां यथेष्ट वनक्रीडा करवा लागी. एवामां कोइएक रमणीनुं करुण शब्द युक्त रुदन सांजली ते राणी पोताना स्वामी नरसिंह राजाने कहेवा लागी के हे स्वामिन् ! आ शब्दथी हुं जाणुं छुं जे कोइक विद्याधरी विलाप करी रुदन करती हशे. माटे तेनी पासें जइ तेनो कांइक उपकार आपणें करियें तो सारु ? यतः ॥ शास्त्रं बोधाय दानाय, धनं धर्माय जीवनम् ॥ वपुः परोपकाराय, धारयंति मनीषिणः ॥ १ ॥ अर्थः– मतिमान् पुरुषो जे ठे,

ते शास्त्रने बोध माटे, धनने दान माटे, जीवनने धर्म माटे अने शरीरने परोपकार माटे धारण करे छे ॥ १ ॥ एम परस्पर कहेतां कहेतां ते बेहु स्त्री पुरुष, ज्यां करुण शब्दथी रुदन थातुं हतुं तेने अनुसारें त्यां गयां. त्यां जइ जोवे, त्यां तो कोइ एक शत्रुना करेला प्रहारोथी विकल एवा विद्याधरने दीठो. अने तेनी पासें दीन जेनुं मुख छे तथा रुदन करती एवी एक विद्याधरीने दीठी. ते बेहुने जोइने नरसिंह राजायें दुःखित एवा ते विद्याधरनुं योगींइना आपेला मणिना जलथी प्रक्षालन कर्युं. त्यां तो ते विद्याधर चैतन्ययुक्त थइ जइ हर्षायमान थयो थको विस्मय पामी ते राजाने कहेवा लाग्यो के अहो! हालमां तो अमारो महोटो पुण्योदय थयो लागे छे? नहिं तो आप सरखा सुजन पुरुषोनो आवा जंगलने विषे समागमज क्यांथी थाय? ते सांभली राजा कहे छे के अरे भाइ! तमारा जेवा सुज्ञ पुरुषो तो विधातायें पुण्यना अणुउंथीज बनावेला छे. अर्थात् पुण्यरूप शरीर वालाज बनाव्या छे, ते छतां पण तमोने आवुं दुःख ते क्यांथी थयुं? वली पण कहे छे, के हे सुज्ञ! दुःख पण होय? केम के संपत्ति अने विपत्ति ए बे वानां महान् पुरुषोने आव्याज करे छे ते कांइ हीनजनने आवतां नथी. जुउ. क्षय तथा वृद्धि, ए बेहु वानां चंइमानेज होय छे, अने बीजा ताराउ तो घणा छे परंतु तेने काही होतां नथी. तो पण हे भाइ! आपना दुःखनी वात तो सविस्तर मने कहो. त्यारें विद्याधर कहेवा लाग्यो के हे सज्ञन! सांभलो.

देवताउयें युक्त एवा वैताढ्य नामा पर्वत उपर ते पर्वतनी उत्तरश्रेणियें रत्नधर्म नामक एक पुर छे, तेमां जयंत नामा राजा राज्य करे छे. तेनो जयवेग नामा हुं पुत्र छुं. विद्या तथा पितृबल तेणें करी हुं उद्धत छुं. हवे तेज वैताढ्य पर्वत उपरनी उत्तर श्रेणीमां वली बीजुं अपूर्व, कुंभपुरनामा एक पुर छे. तेमां दर्पधर नामक राजा राज्य करे छे, तेने महारा पितायें महारी रवि नामनी बहेन आपी. त्यार पछी कोइ निमित्तियायें आवीने कह्युं के तमें दर्पधर राजाने कन्या तो आपी, पण तेनुं आयुष्य अल्प छे, माटे तमारी कन्याने थोडाज दिवसमां वैधव्य आवशे? ते सांभली वहेममां पडेला मारा पितायें ते कन्या बीजा अचलपुरना राजा अनंगवेग नामा विद्याधरने आपी. ते वात सांभली कोपायमान थयेलो दर्पधर राजा,

मारापिता सामो लडवा माटें तैय्यार थयो. पछी त्यां तेनी साथें महोटो संग्राम थयो. तेमां मारा पितायें तत्काल ते दर्पधर राजाने यम राजानी सेवा करवा पहोंचाडी दीधो. तदनंतर पोताना पितानुं वैर लेवाने इछतो एवो तेनो पुत्र, मने दुशमननो पुत्र जाणी मनेज मारवानुं छिद्र शोधतो थको सर्वत्र घणा दहाडा आडो अवलो परिभ्रमण करवा लाग्यो. हवे एक दिवस हुं आ मारी स्त्रीयें सहवर्त्तमान आपना नगर आगलना वनने विषे क्रीडा करवा आव्यो. प्रमत्त थइ क्रीडा करतो मुने जोइने त्यां छिद्र पामी आकरा प्रहारोयें करी मुने आवीरीतें मारीने ते नागी गयो. आ प्रमाणें मार पडवाथी हुं आहिं निश्चेष्ट थइ पडेलो हतो अने आ मारी स्त्री मने आवी दशामां जोइ दुःख पामी रुदन करे छे. ते वात सांनली राजा बोल्यो के अरे ! सारा माणासने प्रमत्तपणामां पडेला जीव पर जे घा करवो, ते उचितज नहिं. हवे जयवेग विद्याधर कहे छे के हे राजन्! आवी आपत्तिमां पण आप जेवा सुज्ञ जननो मुने समागम थयो ? तेथी मुने आनंद थयो छे. पछी राजायें तेनो सत्कार कर्यो, तथा तेनी स्त्री विद्याधरी पण आवी रीतें पोताना स्वामीने स्वस्थ करवा रूप चमत्कार जोइने विस्मय पामी. पछी ते बेहुजणने साथें लइ राजा पोतानी स्त्रीनो दोहद पूरो करी घेर आव्यो अने केटला एक दिवस तेने राख्यां. त्यारें विद्याधरें कह्युं के महाराज ! हवे अमोने अमारा स्थानपर जावानी आज्ञा आपो. त्यारें राजायें तेने रजा आपी. पछी विद्याधर तथा तेनी स्त्री ए बहुजण पोताना स्थान प्रत्यें गयां.

हवे ते राणीयें समय पूर्ण थये छते एटले नवमास पूर्ण थये थके सुदिवसमां सारा प्रकाशमान तथा सुशोभित एवा पुत्रने प्रसव्यो. ते प्रनाना नरें करी युक्त, मनोहर, कमलनी पांखडी समान नेत्रवाला एवा पुत्रनें जोइने राणीने, कांइ पण प्रसव वेदना जणाणी नहिं. पछी पुत्र उत्पन्न थवाथी सुमुखा नामा दासीयें आवी राजा पासें वधामणी खाधी. राजायें ए वधामणी सांनली एक माथाना मुकुट शिवाय स्वांगगत जे कांइ आनरणो हतां, ते सर्व तेने आपी दीधां. ते वखत याचक जननें मोहोटां दानो अपाव्यां, बंदीखानेथी बंदीवानोने छोडी मूक्या, आखा गामां वधाइ देवरावी. हवे प्रथम ज्यारें पुत्र, गर्नमां रह्यो हतो त्यारें राणीयें स्वप्नमां सूर्य

जोयो हतो, तथा सातमे मही्ने सेना सहित राजलीला तथा वनक्रीडा करवानो दोहद उत्पन्न थयो हतो, तेथी ते पुत्रनुं नाम स्वजनोनी समक्ष "सूरसेन" एवुं पाड्युं. नरसिंह राजाने पुत्र थयो सांजली ते समयने विषे, प्रहार पामी पडेला जे विद्याधरनुं रक्षण करेलुं हतुं ते जयवेग नामा विद्याधर, रविकांता नामा पोतानी स्त्रीयें सहित त्यां आव्यो. आवीने ते राजाना अद्भुत कुमारने जोइने अत्यंत हर्षायमान थयो. अने पोताना नूषणोयें करी तेने सर्वांग नूषित कस्यो. विद्याधरी पण राणीपासें आवी पुत्रनो हर्ष करी कहेवा लागी के हे सखि! मुने पण हाल गर्न ठे, ते जोइने एक नैमित्तिकें कहेलुं ठे, के जो तमारे कन्या आवे, तो ते कन्या तमे नरसिंह राजाना सूरसेन नामा पुत्रने आपजो. माटे हे बहेन! जो मारे कन्या आवशे तो ते कन्या हुं तमारा सूरसेन पुत्रनेज आपीश, एमां संशय राखशो नहिं. अने जो पुत्र आवशे तो तो कांइ उपाय नथी. ए सांजली राणी कहेवा लागी के हे प्रियसखि! आपणे बेहु एकज ठैयें मात्र शरीरथीज जुदां ठैयें. माटे जेम तमने रुचे ठे, तेम मने पण रुचे ठे. एमां कांहि पण विचारणीय नथी. एम कहीने राणीयें तेने खान, पान, दान अने मानथी अत्यंत सत्कार कस्यो. तेम नरसिंह राजायें पण ते विद्याधरनो सारी रीतें सत्कार कस्यो. पढी राणी अने राजा, विद्याधरी अने विद्याधर, ए चारे जण परस्पर अमृतें जाणे सींच्यां होय नहि? एवी प्रीतिलताने अधिक वधारवा लाग्यां ॥ यतः ॥ ददाति प्रतिगृह्णाति, गुह्यमाख्याति पृछति ॥ नुंक्ते नोजयते चापि, षड्विधं प्रीतिलक्षणम् ॥ अर्थः– ग्रहण करे अने पाढुं आपे. गुह्य वात कहे अने वली पूढे, जमे, तथा जमाडे, ए ठ प्रकारें प्रीतिनुं लक्षण होय ठे. एवी रीतें प्रीतिमां वधारो करी विद्याधर अने तेनी स्त्री ए बेहु जण पोताना वैताढ्य पर्वत प्रत्यें गयां. अने त्यां सुखें करी पोताना राज्यनोगने नोगववा लाग्यां.

हवे पूर्वनवें जे पूर्णचंद्रनी स्त्रीनो जीव अग्यारमा आरण देवलोकमां पूर्णचंद्रनी सार्थे देवता थयो हतो, ते त्यांथी चवीने जयवेगविद्याधरनी स्त्री जे रविकांता विद्याधरी ठे, तेना उदरने विषे पुत्रीरूप थइने उत्पन्न थयो. हवे ज्यारें ते गर्न उदरमां आव्यो, त्यारें तेनी मातायें स्वप्नने विषे उत्तम जलबिंदुनी समान ठे, मोती जेमां अने पोतानी कांतियें करी प्रकाश करी ठे,

दिशाउ जेणें, वली प्रत्येक मोतीनी साथें एकेक मणि रहेलो छे जेमां, एवो एक मोतीना हारने दीठो. ते जोइ पोताना स्वामीने कह्युं अने गर्भनुं पोषण करवा लागी, एम पोषण करतां करतां दश मास पूरा होवाथी तेने एक उत्तम कन्या प्रगट थइ. रक्तकमल सरखा हस्तपादवाली, कमल सरखां नेत्रवाली, पूर्णचंद्र समान मुखवाली ते एवी कन्याने जोइ माता पिता अत्यंत हर्षायमान थयां, अने तेना पितायें जेम पुत्र प्रसव थाय, ने जन्ममहोत्सव करावे, तेम पोताना गाममां महोत्सव कराव्यो. हवे ज्यारें ते कन्या गर्भमां रहि हती, त्यारें रवि कांतायें स्वप्नमां मुक्तानो हार जोयो हतो, तेथी ते कन्यानुं नाम पण 'मुक्तावली' पाड्युं. पछी सूरसेन कुमार तथा रत्नावली कन्या ए बेहु बालक पोत पोताना माता पिताने त्यां धावमातायें पोषण कर्यां छतां, कालानुक्रमें युवावस्थाने प्राप्त थयां, साधुना अने श्रावकना भक्त, सर्व जनने आनंद देनार, एवां ते बेहु जण थयां. हवे पोतानी रविकांता स्त्रीयें प्रथम नरसिंहराजानी स्त्रीने कह्युं हतुं के मारे जो कन्या प्रगट थाशे, तो हुं तमारा सूरसेन पुत्रने आपीश, तो ते प्रमाणें वाग्दानथी तथा प्रीतिथी बंधायेलो होवाथी ते जय वेग विद्याधर, शोभायमानधारण कर्यां छे केयूर कुंमल अने मुकटो जेणे एवा केटलाएक विद्याधरोने साथें लइने पोतानी मुक्तावली नामा कन्याने सूरसेन कुमारसाथें परणाववा माटें आकाश मार्गे चाल्यो, तेथी आकाश सर्व वैमानोथी आछादित थइ गयुं अने अनुक्रमें ते मिथिला नगरीमां आव्यो. नरसिंह राजायें पण पोताना पुत्रनी साथें कन्या परणावा माटे सैन्य सहित आवेला ते जयवेग विद्याधरने महोटा उतारा आप्या अने पोतानी मिथिला नामा नगरीने पण शणगारी दीधी, तेथी जाणे ते स्वर्गपुरीज होय नहि? तेवी शोभवा लागी. ते वखत ए गाममां जे वाणियाउ रहेता हता, तेउयें पोताना हाटो शणगार्यां, अने नर्तकीयो नाचवा लागी, गायको गावा लाग्या, विविध प्रकारनां वाद्यो वागवां लाग्यां, भूचरी अनें खेचरी गावा लागीयो. आ प्रमाणें ते नगरमां महोटो महोत्सव थवा लाग्यो अने त्यां लग्नमंमप पण सुशोभित बनाव्यो. हवे तेम करतां ज्यारें लग्न समय आव्यो, त्यारें महोटी रुद्धिना विस्तारें करी पोतानी मुक्तावली कन्यानो विवाह जयवेगविद्याधरें सूरसेन कुमार साथें कर्यो. तेना पाणिग्रहण

वखतें एटले कन्यादानना समयमां कोटि सुवर्ण अने कोटि रत्न आप्यां. एवी रीतें प्राण समान वह्लन एवी पोतानी कन्याने परणावी पोतानी स्त्रीयें सहवर्त्तमान ते विद्याधर, अत्यंत प्रसन्न थइ पोताना नगर प्रत्यें आव्यो. सूरसेन कुमारें पण पूर्वजन्मना प्रेमथी रत्नावली नामा पत्नीने तेना माता पिताथी जुदा पडवाना डुःखथी डुःखित थयेली जाणीने गीत, नृत्य, पत्र बेदादिक अनेक कलाउना विज्ञानोयें करी ते डुःखथी मुक्त करी.

हवे एक दिवस रत्नावलीयें सूरसेन कुमारने कह्युं के हे स्वामिनाथ! मारा मनना विनोदने माटे कांइक नविन प्रश्नो पूछो? ते सांजली कुमार कहे छे के ठीक ल्यो, हुं प्रश्न करूं ॥ श्लोक ॥ किं विश्वजीवनं प्रोक्तं, सामर्थ्ये चास्ति किं पदं ॥ उपमानं किमत्रास्ति, कांते किं ते मुखस्य च ॥ १ ॥ अर्थः- विश्वनुं जीवन ते कोने कहेलुं छे? सामर्थ्यने विषे पूर्णवाचक पद कोने कहे छे? अने हे कांते! तमारा मुखनुं उपमान कयुं छे? ए त्रणेना उत्तर मुने एवी रीतें आपो के ते त्रणेना प्रत्युत्तरना पदमां छेल्लो अक्षर लकार आवे? ते सांजली रत्नावली बोली के स्वामीनाथ! सांजलो. प्रथम प्रश्ननो उत्तर तो 'जलं' एटले जल, अर्थात् ए जलथीज जगतना जीवो जीवे छे. जुउ. ते जलपदमां आपना पूछवा मुजब छेल्लो अक्षर लकार ज आवेलो छे हवे बीजा प्रश्नना उत्तरमां 'अलं' एटले परिपूर्ण. अर्थात् त्यां काहीं बाकी सामर्थ्य रह्युं नहि. अने अलं ए पदमां पण आपना पूछवा मुजब छेल्लो अक्षर लकारज आवेलो छे. वली त्रीजा प्रश्नना उतरमां कहुं छुं के 'कमलं' एटले कमल अर्थात् मारा मुखने कमलनी उपमा देवाय छे. जुउ ते कमलपदमां पण आपना पूछवा मुजब छेल्लो अक्षर लकारज आवेलो छे. आ प्रमाणें कुमारना करेला त्रणे प्रश्नना उत्तर दइने वली पण पाछुं कुमारने कहे छे के हे प्राणनाथ! हजी बीजा पण प्रश्नो आप करो, जेथी मारा मनने आनंद थाय? त्यारें वली पण कुमारें पूछयुं के ॥ श्लोक ॥ का एका जायते शुक्ति, संपुटे स्वातिवारितः ॥ कएकोऽपि रिपून् हंति, का नूषा हृदयस्य मे ॥ १ ॥ अर्थः- स्वातिनामना नक्षत्रमां वरसता वरसादना जलथी शुक्तिसंपुटमां शुं उत्पन्न थाय छे? तथा कयो पुरुष, शत्रुउनो नाश करे छे? अने मारा हृदयनी शोजा शाथी थाय छे? आ प्रमाणें करेला त्रणे प्रश्ननो उत्तर, एवी रीतें आपो के प्रथम अने बीजा प्रश्ननो उत्तर बबे

अक्षरथी अने त्रीजो उत्तर तो पूर्वोक्त बेहु प्रश्नना बबे अक्षरोयें आपेला उत्तरनाज चार अक्षरोथी आपो.

हवे राणी उत्तर आपे छे के आपना प्रथम प्रश्ननो उत्तर तो 'मुक्ता' एटले मोती. अर्थात् स्वातिनक्षत्रमां वरसता वरसादना जलथी छीपसंपुटमां मुक्ता थाय छे. बीजा प्रश्ननो उत्तर 'बली' एटले बलवान् अर्थात् बलवान् पुरुष, शत्रुने हणे छे कारण के सामर्थ्यरहित पुरुषथी शत्रुनो नाश थायज नहीं. आ बली तथा मुक्ता पदमां पण आपना कह्या मुजब बेज अक्षरो छे. हवे त्रीजा प्रश्ननो उत्तर "मुक्तावली" एटले मोतीनी मालाज थाय छे अर्थात् ते मुक्तावली आपना हृदयने शोभावे छे, तथा मुक्तावली एवुं मारुं नाम छे, तो हुं पण अहोनिशस्मरणे करी आपना हृदयथी जातीज नथी, तो माराथी पण आपनुं हृदय शोभे छे जुठ. आ त्रीजा प्रश्नना उत्तरमां कहेला मुक्तावली ए पदमां पण आपना पूछवा मुजब पहेला अने बीजा प्रश्नना उत्तरमां कहेला जे बे बे अक्षरो छे, तेज चार अक्षरोनुं पद बनावीने उत्तर कहेलो छे.

हवे बीजा प्रश्नना उत्तरमां बली एवुं पद कहेलुं छे, तेथी त्रीजा प्रश्नना उत्तरमां "मुक्ताबली" एम थावुं जोइयें अने ते उत्तरमां तो मुक्तावली एम आवे, तोज खरो उत्तर कहेवाय छे ? तो त्यां कहे छे के व्याकरणना नियमथी बनुं अने वनुं ऐक्यज छे, तेथी कोइठेकाणे उच्चारमां वने ठेकाणे बनो करीयें तो कांइ पूर्वोक्त दोष आव्यो कहेवाय नहिं. माटे बली अने वलीनो दोष नथी.

आ प्रमाणें रत्नावलीयें ज्यारें त्रणे उत्तर आप्या, त्यारें वली सूरसेन कुमार कहेवा लाग्यो के हे वरांगि ! हवे तमो कांइक मने पण प्रश्न करो, जुउ तो खरां के मने पण तमारी मुजब प्रश्नोना उत्तर आपता आवडे छे के नहिं ? त्यारें रत्नावलीयें पूछ्युं के॥श्लोक॥ हरिः का जलधेर्लेभे,किदृगन्नं न पुष्टिदम्॥ प्राणेशस्योपमानं किं, हस्तयोः पादयोरपि ॥१॥ अर्थः– हरि जे विष्णु ते जलधिथकी कइ वस्तुने प्राप्त थया? तथा पुष्टिने न आपे, तेवुं अन्न कयुं छे ? प्राणेश जे आप ते आपना हाथ अने पगने केनी उपमा देवाय छे ? हवे आ त्रणे प्रश्नमां पहेला प्रश्ननो उत्तर एक अक्षरथी, बीजा प्रश्ननो उत्तर त्रण अक्षरथी अने त्रीजानो उत्तर तो ते पूर्वोक्त कहेला बेहु प्रश्नना मली जे

चार अक्षरो थया छे, तेथी आपो. ए सांजली कुमार कहे छे. के हे स्त्रि! सांजलो. तमारा प्रथम प्रश्ननो उत्तर तो 'ते' छे, एटले प्रथम हरि छे, ते जलधियकी ते जगत् प्रसिद्ध एवी लक्ष्मीने पामे छे. ते पहेला प्रश्ननो उत्तर आपना पूछवा मुजब एकअक्षरथी आप्यो छे. वली बीजा प्रश्ननो उत्तर 'अ रस' एटले रसरहित अर्थात् जे अन्न रस रहित होय, ते पुष्टिदेनारुं होतुं नथी. तेनो उत्तर पण आपना कहेवा मुजब त्रण अक्षरथीज कह्यो छे. हवे त्रीजा प्रश्ननो उत्तर 'तामरस' एटले रक्त कमल अर्थात् रक्तकम लनी उपमा तमारा हाथ तथा पगने अपाय छे. आमां पण तमारा पूछवा मुजब पेहेला तथा बीजा प्रश्नना जे चार अक्षरो थया ते चार अक्षरथीज उत्तर दीधो छे. वली पाछी रत्नावली राणी राजाने पूछे छे, के॥ श्लोक॥ कंदर्पः किल कीदृक्, आधारो जगतां च कः ॥ कः पद्मिन्याः प्रियः प्रोक्तो, मन्मनो मोहनोपि कः ॥१॥ अर्थः—प्रथम, कंदर्प जे कामदेव ते केनी सरखो छे? बीजो, जगतनो आधार कोण छे? त्रीजो, पद्मिनीने वल्लन्न कोण कहेलो छे? अने चोथो, माहारा मनने मोह करनारो पण कोण छे? आ प्रमाणें चारे प्रश्नो जे छे तेना उत्तर एकज पदथी आप कहो. त्यारें कुमार जरा हसीने कहे छे के हे स्त्री! चारे प्रश्ननो उत्तर जो कहीये छैयें तो 'सूरः' एटले सूर थाय छे अर्थात् सूरसेन तो हुं छुं, माटे हे प्रिये! तें आ चार प्रश्नोथी तो मारुंज स्मरण कर्युं लागे छे? प्रथम प्रश्ननो उत्तर 'सूर' एटले कंदर्प छे कंदर्प केवो छे तो के सूर जेवो छे. अर्थात् कंदर्प समान हुं छुं ने मारुं नाम सूर छे वली बीजा प्रश्ननो उत्तर पण 'सूर' एटले सूर्य अर्थात् जगतनो आधार सूर्य छे तेमां पण मारुं नाम आव्युं. अने त्रीजा प्रश्ननो उत्तर 'सूर' एटले त्यां पण सूरपदें करीने हुंज आव्यो. वली चोथा प्रश्ननो उत्तर पण 'सूरः' एटले सूर अर्थात् त्यां सुस्त्रीने मन्मोमोहन तो पोतानो पतिज होय छे तो तमारो मन्मोहन हुं सूर छुं. माटे आ प्रमाणे चारे प्रश्नमां हे प्रिये! तमें मनेज संजार्यो छे. एम मनोहर उक्तिरूप सुधाना स्वादने विषे रंजित एवा ते बेहु जणने घणोक काल पण क्षण समान चाल्यो गयो.

हवे एक दिवस ते सूरसेन कुमारनो पिता नरसिंह राजा, स्नान करी अलंकार धारण करी, हर्षोत्कर्षथी स्वदेहनी शोजाना निरीक्षण माटे पोताना काचना बंगलामां गयो, त्यां जइ बंगलाना काचमां पोतानुं

स्वरूप जोइने मनमां ग्लानि पामी विरक्त थइ गयो. अने पछी पोताना चित्तमां चिंतववा लाग्यो के अरे ! यौवनकालमां भ्रमरसमूहनी समान तथा काजलनी समान जे मारा केशो देखाता हता, ते हाल वृद्धावस्था थवाथी कापासना फुल जेवा श्वेत थइ गया देखाय छे. अरे ! युवास्थामां अष्टमीना चंद्रमा जेवुं तेजस्वी मारुं भाल देखातुं हतुं, ते आ जरा आववाथी खजुरीना पाका पान जेवुं देखाय छे! वली युवावस्थामां विकसित कमल समान जे मारां नेत्रो देखातां हतां, ते हाल जराना प्रादुर्भावथी मलिन पाणीना परपोटा जेवां देखाय छे, यौवनावस्थामां रत्नना आदर्श समान मांसल जे मारा गाल देखाता हता, ते आ जरा दोषें करी अग्निज्वालाथी तपावेला कढेला जेवा देखाय छे ! तरुणावस्थामां मारा मुखमां कुंदसमान मित्रसरखा जे दांतो हता, ते हाल जरामां रणांगणने विषे दुष्ट सेवकनी पेठें विरल अने शिथिल थइ गयेला देखाय छे. जे युवावस्थामां मारा भुज, नगरना गोपुरनी परिघ जेवा देखाता हता, ते हाल जराना पापथी धोइने निचोइ नाखेला वस्त्रनी पठें वलिकलित थइ गया देखाय छे! तरुणावस्थामां मारुं उदर जे मत्स्यना उदर समान देखातुं हतुं, ते वृद्धावस्थाना आववाथी जाणे चर्मज वलगेलुं होय तेवुं देखाय छे ! प्रथमवयमां जे हाथीनी शुंढ समान मारी जंघाउ देखाती हती, ते हाल जरायें करेला जर्जरितपणाथी काकनी जंघासमान देखावा लागी छे. झाझुं शुं कहुं, घणाज यत्नेंथी लालन करेलुं आ कलेवर, धनक्षय थवाथी जेम कुमित्र देखाय, तेम जाणे कोइ दिवस लालन पालन कर्युंज नथी ! तेवुं देखावा लाग्युं छे ॥ यतः ॥ वलिभिर्मुखमाक्रांतं, पलितैरंकितं शिरः ॥ गात्राणि शिथिलायंते, तृष्णैका तरुणायते ॥ अर्थः— मारुं मुख जे छे, ते करकचलीयोथी आक्रांत थइ गयुं छे, मारुं मस्तक पलियोयें करी व्याप्त थइ गयुं छे, अने मारां गात्र सर्व शिथिल थइ गयां छे, परंतु एक आ तृष्णा छे ते दाडे दाडे तरुण थाती जाय छे ? अहो ! अज्ञानी एवा में असार एवा आ देहने माटे घणाज काल क्लेशो भोगव्या, परंतु मारा आत्मानुं हित तो कांइ कर्युंज नहिं ? ॥ यतः ॥ नाराद्धं निजपूज्यपादकमलं, सम्यग् न धर्मः श्रुतः, सत्त्वं नो विहितं न चेंद्रियदमो नो ते कषाया जिताः ॥ न ध्यानं न कृपा न दानतपसी नान्योपकारः कृतस्तीर्थे न द्रविणव्ययो मम मुधा गच्छंति वै वासराः ॥ १ ॥ अर्थः—अरे ! आज दिवस सुधी में

म्हारा पूज्य एवा गुरुना पदकमलनुं पूजन कर्युं नहिं! तथा सारी रीतें धर्म सांभल्यो नहिं! कोइ धर्म तत्त्व पण आचर्युं नहिं! इंद्रियदमन कर्युं नहिं! अने उग्र कषायो पण जित्या नहिं, अरिहंत भगवाननुं ध्यान पण कर्युं नहिं! कोइनी पर दया करी नहिं! दान अने तप पण कर्यां नहिं! तेम बीजा कोइनो उपकार पण कर्यो नहिं! माटे मारा आज दिवस सुधी दिवसो सर्वे व्यर्थज गया! एम ध्यान करतां ते नरसिंह राजाने उपशम ज्ञान एटले केवल ज्ञान उत्पन्न थयुं तेथी ते केवलज्ञानी थयो. पछी ते सिंहनी पेठें महापराक्रमी थयो थको पांच मुष्टिनो लोच करी संयम ग्रहण करी देवतायें अर्पण कर्यो छे मुनिवेष जेने एवो थको गृहरूप गह्वरमांथी निकलीने एकाकी, निर्भय, स्वस्थ थइने भरतक्षेत्रना सर्व क्षेत्रोने विषे फरवा लाग्यो. हवे सूरसेन कुमार, पोताना पितायें चारित्र लीधुं, एम जाणी मनने विषे ज्यारें अत्यंत खेद करवा लाग्यो, त्यारें तेना मंत्रीवर्गें ज्ञानोपदेश दइ तेने शोकथी निवृत्त कर्यो. अने पछी तेनुं युवराज पद छोडावी तेने महाराज्याभिषिक्त कर्यो. तेथी ते सूरसेन, राजा थयो ॥ यतः ॥ कीर्त्या चंद्रायमानो निजयुवतिमुखाब्जेच हंसायमानो, धाम्ना सूर्यायमानः स्वजनहितकृतावेशतातायमानः॥ स्फूर्त्या सिंहायमानो, ऽभिमतवितरणे कामकुंभायमानो, राज्ये लीलायमानोऽप्यकुरुत सुचिरं मार्गणैर्गीयमानः ॥१॥ अर्थः—कीर्त्तिथी चंद्रमा समान अने युवतीना मुखरूप कमलमां हंससमान, तेजथी सूर्यसमान, स्वजनहित करवामां पिता समान, स्फूर्त्तिथी सिंहसमान, स्वेछितदान देवामां कामकुंभ समान एवो ते सूरसेन राजा, मागणोयें गान कर्यो थको लीलामात्रथी घणाक काल पर्यंत राज्य करतो हवो.

हवे एम मुक्तावली स्त्री साथें भोग भोगवतां ते राजा सूरसेनने ज्यारें घणो काल व्यतीत थयो, त्यारें तेने मुक्तावलीथकी एक चंद्रसेन नामा पुत्र उत्पन्न थयो. ते दिन दिन प्रत्यें वृद्धि पामवा लाग्यो अने सर्वे कलाउ पण शीख्यो, अनुक्रमें लक्ष्मीथी पालन थयो थको ज्यारें यौवन वयने प्राप्त थयो. त्यारें तेने मनोहर एवी आठ कन्याउ परणावी दीधी. पछी तेनी साथें भोग भोगववा लाग्यो. तेवामां शरद् ऋतु आवी. हवे ते शरद् ऋतुनुं वर्णन करे छे ॥यतः॥ निष्पन्नधान्यभरपूरितचित्ततोषाः, संपन्नचंद्रकिरणोज्ज्वलचारुदोषाः ॥ प्रायोजनाः प्रमुदिता दिवि देवदेवाः, क्रीडंति यत्र च वनेषु गृहेंऽगना वा॥ १ ॥ अर्थः— जे शर

ऋतुने विषे प्राणीयो पाकेला धान्यना समूहथी पूर्ण थयो छे विचित्र संतोष जेने एवा थाय छे, वली जेमां परिपूर्ण चंद्रना किरणोयें उज्ज्वल पणाथी मनोहर रात्रियो थाय छे. जे ऋतुने विषे प्रायः मनुष्यो, हर्षायमान थइने स्वर्गमां देवेंद्रोनी परें वनोने विषे क्रीडाउ करे छे. अने तेमनी स्त्रीयो पोताना घरने विषे क्रीडा करे छे ॥ १ ॥

हवे तेवा समयने विषे ते सूरसेन राजानो बंधु जीवनामा एक प्रधान छे, तेणें आवीने कह्युं के महाराज! दूरदेशना रहेनारा कोइएक घोडाउना वेचनाराउ वेचवा माटे घोडाउ लइने अहिं आपनी पासें आवेला छे, माटे ते घोडाउनी परीक्षा करीने जे उत्तम अश्वो होय, ते लइने तेने रजा आपो. ते सांजली सूरसेन राजा पोताना घोडा पर बेसीने जे घोडाना वेचनाराउ हता तेने बोलावी तेना अनेक अश्वोपर वेसी खेलावी तेनी परीक्षा करी तापथी तप्त थयोथको एक साजडना जाडनी नीचेंजइ बेठो. तेवा समयने विषे तेणें स्वस्थ छे चित्त जेनुं अने लांबा हस्तवाला, नासाग्रनी पर राख्यां छे नयनयुगल जेणें, शांत मूर्त्तिमान, सूर्याभिमुख तपने तपता एवा कोइएक मुनिवर्यने जोया. जोइने एकदम त्यां गयो अने त्यां जइ ते मुनिने नक्तिथी नमस्कार करी तेनुं रूप अने लावण्य जोइने मोह पामेलो एवो सूरसेन राजा तेमनी स्तुति करवा लाग्यो ॥ यतः ॥ त्वं धन्योसि मुने येन, मदनो डुर्जयोजितः ॥ प्राप्तोऽस्मादृशडःप्रापा निःसीमाः शमसंपदः ॥ १ ॥ रत्नत्रयोपार्जनसावधानो, जितेंद्रियोमोहजयैकतानः ॥ सुपर्वणामप्यनिवंदनीयो, नतोस्मि ते पादयुगं मुनीश ॥२॥ अर्थः—हे मुने! जेणें डुर्जय एवा अनंगने जीत्यो, तथा जे आप अमसरखाने डुष्प्राप्य एवी सीमाविनानी शम रूप संपत्तियोने प्राप्त थयेला छो ॥१॥ माटे आप धन्य छो. ज्ञान, दर्शन, शारित्रने उपार्जन करवामां सावधान, जितेंद्रिय, मोहने जय करवामां एकतान, देवोने पण अनिवंदनीय एवा आपछो, माटे आपनां चरणारविंदमां हुं वारंवार नमस्कार करुं छुं ॥ २ ॥ आ प्रकारें मुनिनी स्तुति करीने ते मुनिनी नक्तिथी आनंदने प्राप्त थयेलो, तथा स्वपरिवारसहित, मुनिसेवापरायण एवो ते सूरसेन नृपति, तेमनी पासें हाथ जोडीने बेठो. पछी मुनियें पण पोतानुं ध्यान पूर्ण करीने धर्मनी देशना देवानो प्रारंन कर्यो. ते जेम केः—

हे राजन्! जेमणें पोताना कानथी शास्त्रोक्त नरकनां डुःखो सांजल्यां छे,

तेवा सुश्रवण जनो, रोगोनी पेठें नोगोमां मति करता नथी. कारण के ते जाणे ढे, जे इंद्रियोना नोगो जे ढे, ते असार, अस्थिर, अपवित्र, अतृप्ति कारक, वियोग कालने विषे डुःखदायक होय ढे. अर्थात् ते नोगो मरणा नंतर डुःखदायकज होय ढे. वली ते विषयो, नोग कालमां तो मधुर जणा य ढे परंतु विपाककालने विषे अति कटुफलदायक होय ढे. माटेज ते पूर्वोक्त विवेकिजनो तेनुं सेवन करता नथी. कहेलुं ढे केः—॥ आदौ माधुर्यरूपा परिणतिकटुका ये च किंपाकतुल्याः, कंडूकंडूयनानाः क्षणिकसुखकरा डुःखसंयोजिनोऽते ॥ मध्यान्हे चैणतृष्णावदवृतमतिदा निःफलायासमूलं, नुक्ता दद्युः कुयोनिभ्रमणमपि महावैरिणस्तेत्र नोगाः ॥१॥ अर्थः—आरंन मां मधुरगुण युक्त अने परिणामें किंपाकना फल जेवा कडवा एटले किंपा कनां फल जेम जोवामां सारां, लालरंगवालां होय ढे, पण खावामां अत्यंत कडवां ढे तेवा, अने जेम खुजली थइ होय अने तेने खजवालीयें ने जेवुं सुख आवे, तेवा सुखने देनारा, तथा क्षणिकानंद दायक अने अंतसमयमां डुःखने देवावाला, मध्यान्हकालनेविषे क्षारनूमिमां देखाता मृगतृष्णाना जलनी पेठें मतिने आवरण करनारा, जेमां प्रयास करनारने ते प्रयासनुं कांहीं पण फलज मलतुं नथी, महावैरी समान, एवा आ पंचेंद्रियना नोगो ढे, ते नोगो नोगवे थके जीवने कुयोनिवगेरेमां भ्रमण करवुंज पडे ढे. भ्रमण करता ते जीवो जो नारकीमां जाय ढे, तो तेमां नारकिपणाने नोगवी अति डुःखित था य ढे. कारण के त्यां कांइ पण तेने नोगसामग्री उपलब्ध थाती नथी, वली ते जीवो जो पशुपणामां जाय ढे, तो त्यां विवेकहीनताने प्राप्त थाय ढे, अने त्यां पण नोगसामग्री तेने मलती नथी. हवे वली ते जीवो जो नरजन्ममां जाय ढे, तो त्यां स्वजननो वियोग, रोग वगेरेथी डुःखित पणा ने ते प्राप्त थाय ढे, ते जीवो जो देवजन्ममां जाय ढे, तो तेने ज्यारें देवलो कना नोगनो वियोग थाय ढे, त्यारें महोटुं डुःख उत्पन्न थाय ढे, कारण के ते जीवो कांइ शाश्वत देवपणामांज रही शकता नथी. ते माटे ते विषय नोगोमां माह्या पुरुषनुं मन ते केम राजी थाय? ना थायज नहिं. वली ते नोगोने तुब सत्त्व जीवोयें अत्यंत सुखरूप मानेला ढे.

आ प्रकारनी मुनिनी वाणी सांनलीने नोगोथी वैराग्य पाम्यो एवो ते सूरसेन राजा ते मुनिने प्रणाम करीने पोताने घेर आव्यो. अने ते मुनि

ना जे प्रत्यक्ष सर्व गुणो दीठा हता, तेने स्मरण करतो थको रात्रें सुतो. ते पछी तेने क्षण निद्रा आवीने पाछो ते गुरुनुंज स्मरण होवाथी तुरत जागी गयो, तेवामां तो तेणे आकाशमां वागता देवताउना डुंडुनिनो शब्द सांजल्यो, ते सांजली मनमां चिंतववा लाग्यो के अहो! जे मुनियें मने दिवसमां उपदेश आप्यो हतो, तेज मुनिने हाल केवल ज्ञान उत्पन्न थयुं होय, एम लागे छे? एम चिंतवन करी सूइ रह्यो. सवारना प्रहरमां पोतानी मुक्ताव ली नामा राणीनी साथें महोटा आमंबरथी पाछो ते मुनिनी पासें गयो. त्यां ज इने ज्यां जोवे, त्यां तो देवताउयें कस्यो छे महोत्सव जेनो एवा ते साधुने जोया अने जोइने अत्यंत हर्षायमान थइने मुनिवर्यने नमस्कार करी स्तुति करीने तेमना मुखना वचनामृतना पान करवामाटे पवित्र जूमि पर बेठो. तेवामां तो तेजें करीने सूर्य समान, देदीप्यमान कुंमलवालो मंदहास्यें करी प्रसन्न छे मुखा रविंद जेनुं अने जय जय शब्द करतो एवो कोइएक पुरुष ते केवलीना चरण कमलने विषे एकदम पडीने स्तुति करवा तत्पर थयो. ते चरणमां पडेला पुरुषने जोइने विस्मय पामेला सूरसेन राजायें केवली जगवानने पूछ्युं, के हे जगवन्! आ कोण पुरुष छे? अने आपने विषे अत्यंत जक्तिमान् केम छे? त्यारें केवली जगवानें कह्युं के हे राजन्! शुद्धसम्यक्त्वज्ञान थवाथी जीव, तीव्रजक्तिमान् थाय छे. वली बीजुं पण कारण जक्ति थवामां थयुं छे, ते पण हुं कहुं छुं, ते सांजल.

पूर्वे पद्मखंम नामा पुरमां धनें करी कुबेर समान एवा ईश्वर अने धनेश्वर नामना बे वैश्य रहेता हता, तेमां ईश्वर जे हतो, ते जैनधर्ममां सावधान हतो अने धनेश्वर जे हतो, ते मिथ्यात्ववासनावासित हतो. ते बेहु निक टसंबंधी तथा यत्किंचित् परस्पर स्नेह युक्त हता. हवे जैनधर्मी एवो जे ईश्वर छे, ते दिवसना आठमा जागमां एटले रात्रिजोजन दोषना परिहार माटें सूर्यास्तनी पहेलांज प्रति दिन जोजन करि लीये छे. तेने जोइने कदाग्रही एवो तेनो मित्र धनेश्वर तेनी निंदा करवा लाग्यो के अहो! आ तमारुं जैनोनुं अज्ञान तो जुउ. के जे तमो निरंतर दिवसमां बे वखतज जोजन कस्या करो छो? अर्थात् सदा पवित्र एवुं नक्तजोजन तो कोइ पण दिवस करताज नथी? ते सां जली ईश्वर श्रावकें कह्युं के हे मित्र! तुं खोटो आग्रह राखी मिथ्या जाषण करी निविड पापोने शा माटे बांधे छे? ॥ यतः॥ विडुषा युज्यते कार्यं, गुण

दोषविचारतः ॥ प्रवृत्तिश्च निवृत्तिश्च, स्वीकृता स्वेष्टसिद्धये ॥ १ ॥ अर्थः— विद्वान् पुरुषो, गुण अने दोषोनो विचार करीने कार्य करे ले. अने प्रवृत्तिनो अने निवृत्तिनो स्वीकार, पोतानी इष्टसिद्धिने माटे करे ले. तेमां पण जेमां अल्प दोष होय, तेने ग्रहण करे ले अने जेमां घणा दोषो होय, तेनो त्याग करे ले. अर्थात् एक अल्पदोषी अने बीजुं बहुदोषी एम बेहु देखातां होय, तो तेमांथी विद्वान माणस, अल्पदोषीनेज ग्रहण करे ले अने बहुदोषीनो त्याग करे ले. ते जेम केः—देहनिर्वाहने माटे नोजन तो सहु कोइने करवुंज जोइयें, ठैयें एटले तेनो तो साव त्याग थायज नही, तो हवे जे नोजनना समयमां बहुदोषी समय देखातो होय, ते समयनो त्याग करवो. वली जेम परस्त्रीगमन परधनहरण करवुं, ते बहुदोषी ले, तो तेनो त्याग करवो अने स्वस्त्रीगमन, स्वद्रव्योपनोग ते अल्पदोषी ले, तेनुं ग्रहण करवुं. तेमज कुंथु, कांटो, काष्ठनुं जीणुं ठोडियुं, अस्थि, माखी, कीडी वगेरे पदार्थो जेवा दिवसमां सारी रीतें देखाय ले, तेवा रात्रिनेविषे देखाता नथी, माटे रात्रिना समयमां नोजन करवानो रीवाज ले, ते खराब ले तथा बहुदोषी ले. अने दिवसना समयमां नोजन करतां पूर्वोक्त पदार्थ जो पड्या होय, तो ते सर्व सुलन रीतें देखाय ले. माटे दिवसना समयनुं नोजन ले, ते अल्पदोषी एम प्रत्यक्ष रीतें सहु कोइने देखायज ले. अने जो कदाचित् तमें कहेशो के ते दिवस नोजनमां मनुष्यने तृप्ति थाती नथि? तो जो दिवसना नोजनमां तृप्ति जेने न थाय, तो तेने रात्रिना नोजनथी पण तृप्ति शुं थवानी ले? माटे निर्दोष एवा दिवसनोजनने ठोडीने जे रात्रिनोजन करे ले, अने कहे ले, के अमें नक्तनोजन कर्युं ले, तो तेउनुं ते महोटुं स्पष्टरीतें अज्ञानज जणाय ले. अने वली नक्तनोजननो जे मार्ग ले. ते पण यवनजननोज ले. कारण के रविना किरणें करी जे अदृश्य ले, ते केवल सदोषज होय ले. वली सर्व कर्मनो अधिकार पण मनुष्यने सूर्योदय थयेथीज थाय ले, एम हुंज नथी कहेतो, परंतु तमारा दर्शनीयो पण कहे ले. माटे हे धनेश्वर! जे रात्रिमां नथीज जमता, तेने तो जेम कोइ जीवना जीवितनो अर्द्ध काल तपश्चर्यामां जाय ले, ने तेने जेवुं पुण्य थाय ले, तेटलुंज पुण्य थाय ले. अने जे रात्रिनोजन करे ले, तेनुं तो आयुष्य तिर्यंचजीवोनी पेठें व्यर्थज चाल्युं जाय ले ॥ यतः ॥ ये रात्रौ सर्वदाऽऽहारं, वर्जयंति सुमेधसः ॥ तेषां पक्षोपवासस्य,

फलं मासेन जायते ॥ १ ॥ जानोः करैरसंस्पृष्ट, मुच्छिष्टं प्रेतसंचरात् ॥ सूक्ष्मजीवाकुलं चापि, निशिजोज्यं न युज्यते ॥ २ ॥ चत्वारो नरकद्वाराः, प्रथमं रात्रिजोजनं ॥ परस्त्रीगमनं चैव, संधानं नतकायके ॥ ३ ॥ परशास्त्रेपि ॥ नोदकं चापि पीतव्यं, रात्रावत्र युधिष्ठिर ॥ तपस्विना विशेषेण, गृहिणा तु विवेकिना ॥ ४ ॥ मृते स्वजनमात्रेऽपि, सूतकं जायते किल ॥ अस्तं गते दिवानाथे, जोजनं क्रियते कथम् ॥ ५ ॥ रक्तीजवंति तोयानि, अन्नानि पिशितानि च ॥ रात्रिजोजनसक्तस्य, ग्रासे तन्मांसजक्षणम् ॥ ६ ॥ चत्वारि खलु कर्माणि, संध्याकाले विवर्जयेत् ॥ आहारं मैथुनं निद्रां, स्वाध्यायं च विशेषतः ॥७॥ आहाराज्जायते व्याधिः, क्रूरगर्जश्च मैथुनात् ॥ निद्रातो धननाशः स्यात्, स्वाध्याये मरणं जवेत् ॥ ८ ॥ नक्तं मत्वा न जोक्तव्यं, रात्रौ पुंसा सुमेधसा ॥ क्षेमं शौचं दयाधर्मं, स्वर्गं मोक्षं च वांछता ॥ किं च ॥ गाथा ॥ संपातिम कुंथुम तसा, तीरंति न वारिउं तहिं जेण ॥ पच्चरक दंसिणो विहु, तेण निसाए न जुंजंति ॥ १० ॥ इंदिय विजउ आरं, जवक्षणं तायणाइ परिसुद्धी ॥ पसुजावपरिच्चाइ, दिणजुत्तीए गुणा हुंति ॥ २ ॥ अर्थः– जे बुद्धिमान् मनुष्यो, रात्रिने विषे मास पर्यंत जो सर्व प्रकारथी आहारनो त्याग करे ले, ते जीवोने पक्षोपवास जेटलुं फल प्राप्त थाय ले ॥ १ ॥ रविना किरणोथी जेनो स्पर्श थयो नथी, तथा प्रेतना स्पर्शथी, तेना संसर्गीना संसर्गथी, उच्छिष्टथी, सूक्ष्मजीवथी व्याप्त, एवा अन्नना जोजननो, तथा रात्रिजोजननो बुद्धिमाने त्याग करवो ॥ २ ॥ वली नरकनां द्वार चार कहेलां ले. तेमां प्रथम रात्रिजोजन, बीजुं परस्त्रीगमन, चोथुं परद्रव्यहरण, अने चोथुं आपणने पगे लागता जीवपर बाण वगेरे हथियारनुं अनुसंधान करवुं ॥३॥ वली परदर्शनीना शास्त्रोमां पण कहेलुं ले के ॥ हे युधिष्ठिर ! रात्रिने विषे जल पण पीवुं नहिं, तेमां तपस्वी पुरुषोयें तो विशेषें करीने पीवुंज नहिं, अने विवेकी एवा गृहस्थाश्रमी पुरुषें पण पीवुं नहिं ॥४॥ कदाचित् कोइ संबंधी ज्यारें मरण पामे, त्यारें तो सूतक लागे, तो दिवानाथ एटले दिवसना पति एवा सूर्य नारायण ज्यारें अस्त थाय त्यारें, जोजन केम थाय? ॥५॥ रात्रिने विषे जल जे ले, ते रुधिरसमान थाय ले, अने अन्न जे ले, ते मांससदृश थाय ले अने वली रात्रिमां अन्ननो ग्रास लेनार जनने मांसजोजन जेवो दोष लागे ले ॥६॥

चार कार्योनो संध्याकालने विषे त्याग करवो, ते कयां चार कार्य ? तो के आहार, मैथुन, निद्रा अने विशेषें करी स्वाध्याय, एटलां वानानो त्याग करवो ॥७॥ कारण के संध्याकालमां आहार करवाथी व्याधि थाय ठे अने मैथुन करवाथी क्रूरगर्न थाय ठे, तथा निद्राथी धननो नाश थाय ठे अने स्वाध्याय करवाथी मरण उत्पन्न थाय ठे ॥ ८ ॥ क्षेम, दया, शौच, धर्म, स्वर्ग अने मोक्ष, तेने वांबता एवा बुद्धिमान् पुरुषें रात्रिनोजनने नक्तनोजन मानीने नोजन करवुंज नहिं ॥ ए ॥ वली पण कह्युं ठे के सूक्ष्म, त्रस, एवा जीवोनो रात्रिनोजन करनारना नोजन पात्रमां संपात थाय ठे. अर्थात् रात्रि नोजन करनारना नोजनमां सूक्ष्मत्रस जीवो आवी पडे ठे, कारण के ते जीवो हाथें करी वारियें पण पड्या शिवाय रहे ताज नथी. केम के ते जीवोने रात्रिमां दृष्टिनो अनाव होय ठे ? माटे तेमां प्रत्यक्ष दोष मानी ते रात्रिनोजन करवुंज नहिं ॥ १० ॥ इंद्रियोनो विजय, तथा जीवनी हिंसाना त्याग वगेरेथी जीवनी परिशुद्धि थाय ठे. तथा पशुनाव परित्यागरूप गुणो पण थाय ठे ॥ ११ ॥ ते कारण माटे हे धनेश्वर ! तमें दोष अने गुणोने जाणी प्रवृत्ति अने निवृत्ति करो. अने ग्राम्य पुत्रनी पठें कदाग्रह करी अनर्थने शा माटे करो बो ? ते जेम केः– एक गामनेविषे कोइ एक ग्रामीण मनुष्य रहेतो हतो, ते मरण पाम्यो, तेथी तेनी नार्या, पोताना स्वामीनुं स्मरण करीने अत्यंत रुदन करवा लागी. त्यारें ते नो एक पुत्र हतो, तेणें कह्युं के हे मातः ! तमें शामाटे शोक करो बो ? हुं तमारो पुत्र बुं माटे अनुचरनी पठें हुं तमारी सेवा करीश, अने गृहकार्य पण करीश. माटे आवो महोटो शोक करवानुं शुं कारण ? त्यारें ते स्त्री बोली के हे पुत्र ! तारो पिता जे कार्य हाथमां लेता हता, ते कोइकालें मूकताज नोता, अने तुं तो निश्चिंत जेवो देखा बो, तथा बालक बो, तेथी हाथमां ली धेला कार्य करवामां शिथिल बो, माटे मने महोटो शोक उत्पन्न थाय ठे ? त्यारें ते पुत्र बोल्यो के हे माता ! जुउ. आजथी आरंनीने हवे हुं गृहकार्यमां सचिंतज रहिश, अने मारा हाथथी जालेलुं कार्य हुं घणो दुःखी थाइश तो पण मूकीश नहिं. एम कहीने पोतानी माताने स्थिर करी. पठी एक दिवस राजरस्ते पोतें निकल्यो, तेवामां तेज रस्तामां कोइ एक धोबीनो गधेडो पोताना घरथी बंधन तोडी दोड्यो जतो हतो अने तेनी पठवाडे तेने

पकडवा तेनो स्वामी रजक दोडतो हतो, पण ते रासन्न हाथ आव्यो नही, त्यारें ते धोबीयें महोटा सादथी रस्तामां चाल्या जता ते ग्रामीण छोकराने कह्युं के हे भाइ! आ मारो गधेडो तोडावी दोड्यो जाय छे, ते तारी पासें आव्यो छे, माटे तुं तेने पकडी लेजे. ते सांभली तेणें ते गधेडानुं पूछडुं पकडी लीधुं, त्यां तो क्रोधायमान थयेला ते गधेडायें पोतानुं पूछडुं पकड्युं जाण्युं के तुरत तेने पाछला बे पगनी लातो मारवा लाग्यो. तेथी ते ग्रामीण पुत्रनुं मस्तक तथा हृदय ए बेहु फूटी गयां, तो पण तेणे रासन्ननुं पूछडुं छोड्युं नहिं, त्यारें गाममां चालनारां लोको कहेवा लाग्यां के हे मूर्ख ! तुं आ गधेडानुं पूछडुं छोडी दे, नहिं तो तुने पादप्रहारथी मारी नाखशे ? त्यारें ते छोकरो बोल्यो के मारी मातायें मने छोडवानी ना कही छे, के हाथमां लीधेलुं कोइ पण कार्य तारा बापनी परें तुं छोडीश नहिं, माटे मारी माताना कहेवाथी उलटुं हुं केम करुं? तेवां ते ग्रामीणनां वचनो सांभली सर्व माणास उपहास करवा लाग्यां. परंतु तेणें ते पूछडुं छोड्युं नहिं, ने महोटा दुःखने प्राप्त थयो. एम हे मित्र ! तमें पण जो गुणदोषनुं विवेचन न करी कदाग्रहज पकडशो, तो ते ग्रामीणनी पेरें दुर्गतिरूप दुःखने प्राप्त थाशो ? ए प्रकारें घणी रीतें उपदेश कर्यो, तो पण ते, रात्रिभोजनथकी निवृत्ति पाम्योज नहिं. अने आर्त्त ध्यानें करी दुःखित अने तृप्तिरहित थकोज मरण पामीने वागुल थयो. वली सम्यक्त्वनी निंदा करवाथी तेणें तिर्यग्नाम कर्म बाध्युं, तेथी ते पांचे वार वागुलनाज भवने पाम्यो. त्यांथी मरण पामी बे वार चिमाचोडनो अवतार पाम्यो, त्यांथी मरी बे वार घूडनो भव पाम्यो. पाछो त्यांथी मरण पामी बे वार शीयालीयो थयो. त्यांथी मरण पामी विशाला पुरिमां देवगुप्त नामा ब्राह्मणनी नंदा नामनी भार्याने विषे पुत्रपणे उत्पन्न थयो. ते बाल्यपणाथीज व्याधिवान् थयो. तेनो एक रोग ज्यां तेनी माता औषध करी मटाडे छे, त्यां बीजा नवा बे त्रण रोगो उत्पन्न थाय छे. एम करतां तेनी माता पण मरण पामी. पछी तेनो पिता बीजी स्त्री परण्यो. त्यारें तेनी ते ओरमान माता होवाथी ते रोगीनी कांइ पण आश्वासना करे नही अने तेम तेनी आगल पण जाय नहीं. हवे ते पुत्र अत्यंत रोगी रहे

वा लाग्यो तेथी लोकोयें तेनुं रुग्नट एवुं नाम पाड्युं, अने जेम विष्टामां कीडो महोटो थाय, तेम रोगमां ने रोगमां वधवा लाग्यो.

हवे तेनो मित्र ईश्वर श्रेष्ठी जे हतो, ते तो धर्म जागरणने विषे अत्यंत उद्युक्तज हतो, ते माटे धन, पुत्र, दाराथी विरक्त थइ तेणें श्री धर्मेश्वर नामा गुरु पासें जइ चारित्रने ग्रहण कर्युं. पढी मुक्तिस्त्रीमां रसिक, तथा शमतामृतपानमां तृषित, एवा ते मुनि विहार करता हता. हवे ते मुनि, एक दिवस जेमां रुग्नट्ट रहे ढे, ते विशाला नगरीने विषे पक्कमणने पारणे आहार वरोवाने माटे गोचरीयें निकल्या, ते रोगीना पिता देवगुप्त नामा ब्राह्मणने घेर आव्या. ते मुनिनां दर्शन करीने खुशी थयेलो ते ब्राह्मण, मुनिने प्रणाम करी विनति करवा लाग्यो के, हे नगवन्! आप करुणाना आकर ढो, तेथी एक मारी विनति ढे, ते सांनलो. त्यारें गुरुयें आज्ञा करी के हे द्विज! तारे जे कहेवुं होय, ते कहे. त्यां ते कहेवा लाग्यो के हे महाराज ! आ एक मारो पुत्र ढे, ते अवतर्यो त्यांथीज रोगी ढे, अने तेना रोगने मटाडवा माटे में घणाक उपायो कर्या, परंतु कोइ पण रीतें तेना रोगो मटताज नथी. माटे आप काहिंक उपाय कहो, तो आ बीचारो रोगोथी मुक्त थाय? ते सांनली मुनि बोल्या के हे ब्राह्मण! अमोने यतिलोकने तो ज्यारें गोचरीयें निकलीयें, त्यारें कोइनी साथें वातो करवी कल्पेज नहिं. ए शास्त्रोक्त मार्ग ढे, तोपण तारा पुत्रोना रोगो जोइ मने दया आवे ढे, तेथी हुं कहुं बुं, ते सांनल. हे द्विज! आ तारा पुत्रने बीजा कोइ पण औषधो लागु पडशे नहिं माटे तेने तो धर्मौषध करवुंज उचित ढे. एम कही ते मुनि, त्यांथी निक्षान्न मलवाथी पाढा बाहेर उद्यानमां चाल्या गया.

हवे ते ब्राह्मण पण जलदी नोजन करी पोताना रोगी पुत्रने लइ एकदम ते मुनिनी पासें आव्यो. अने नमस्कार करी ते मुनिने पुत्र माटे धर्मौषध पूढ्युं. त्यारें नाववेदी एवा मुनि बोल्या के हे विप्र! जेथी रोगो उत्पन्न थाय ढे, ते रोगनुं निदान कहेवाय ढे, माटे प्रथम रोगनुं निदान जाणी ते निदाननो ज्यारें त्याग करीयें, त्यारेंज तेनुं औषध थाय ढे. अने ते औषध पण त्यारेंज लागु पडे ढे. जो कदाचित् निदान जाण्या विना कोइ एमने एम उंसड आपे ढे, तो ते औषधनो गुण थातो नथी परंतु सामो ते रोगनो वधारो थाय ढे? हवे ते रोगोनां निदानो कयां कयां ढे? के प्रथम तो प्राणीयोनी हिंसा

करवी ते, बीजुं असत्यभाषण, त्रीजुं चौर्य, चौथुं परस्त्रीगमन, पांचमुं परिग्रहासक्ति. ए पांचे,रोग थवानां निदान छे. कारण के ते पांचे आचरण कर्यां थकां रोगना कारणभूत थाय छे. हवे ते पूर्वोक्त पांचे निदानथी थयेला रोगो कया औषधथी नाश पामे छे? तो के प्रथम तो परमेष्ठीना स्मरण करवाथी, बीजा चार कषाय अने इंद्रियोनो जय करवाथी, त्रीजा यथा शक्ति पात्रोमां दानदेवाथी, चौथा पापनी गर्हा करवाथी, ए चार प्रकारना औषधोथी पूर्वोक्त निदानथी थयेला रोगो, नाश पामे छे. माटे आ मारा कह्या प्रमाणें निदानने जाणी, ते निदाननो त्याग करी धर्मौषधने ग्रहण करी जे प्राणी निरंतर चाले छे, ते प्राणीने कोइ दिवस, रोगो थाताज नथी अने रोग थया विना पण जे आ प्रमाणना धर्मौषधने लीधाज करे छे, तेने आरोग्य पण रह्याज करे छे ? एम कही ते ब्राह्मणने गुरुयें एकेक व्रतनुं माहात्म्य सविस्तर कह्युं, ते सांभली पिताने अने ते रोगी पुत्रने मिथ्यात्व नाश थइ गयुं, तेथी ते पिताने पुत्रने सम्यक्त्व प्राप्त थयुं. अने पछी तेउ रोग मटाडवाना बीजा सर्व उपायोनो त्याग करी निश्चल शुद्ध श्रावक थया अने रोग थवानुं मूल कारण तो दुष्कर्मज छे, एम जाणवा लाग्या.

हवे एक दिवस सिंहासन पर बेठेला सौधर्मेंद्रें सुधर्मा सभामां तत्रत्य देवताउनी समक्ष ते पिता पुत्रनुं धर्मदाढर्य वखाण्युं, तेने ते सभामां बेठेला बे देवो जुठुं मानीने कहेवा लाग्या के जो तेनी अमें अमारी जातेंज परीक्षा लइयें, तोज ते वात अमें साची कहीयें? त्यारें सौधर्मेंद्रदेवें कह्युं के तमोने ज्यारें अमारा बोलवा पर भरोंसो नथी आवतो, त्यारें तमो तमारी जातेंज जइ परीक्षा ल्यो. ए वाक्य सांभली ते बेहु देवो, वैद्यनुं रूप धारण करीने ज्यां रोगी ब्राह्मण रहे छे, ते विशालानगरीमां आवी ते ब्राह्मणने घरे गया. अने ते रोगी ब्राह्मणने कहेवा लाग्या के हे रोगी! अमें वैद्य छैयें, ते तुने गरीब माणासने मांदो सांभली दया आणी तारूं उसड करवा आवेला छैयें. माटे तारा माता पिता वगेरेनी समक्ष अमें जेम कहीयें तेम निःशंकरीतें तुं अमारुं औषध ले, तथा पथ्य पण पाले; तो तारा रोगो, थोडाज दिवसमां नाश थइ जाय. ते सांभली तेना माता पिता वगेरेयें कह्युं के तेने केवी रीतनुं औषध केवी रीतें लेवुं? ते आप कहो. त्यारें ते वैद्यो कहे छे, के जुउ. प्रथम तो आ रोगीयें आखा दिवसमां तथा रात्रिमां

शुं खावुं जोइयें? ते कहियें छैयें. के आ रोगीयें दिवसना प्रथम प्रहरने विषे मधुर एवा मधनुं भक्षण करवुं. पछी वली ज्यारें दिवसनो बीजो प्रहर थाय, त्यारें कृष्ण एवा मदिरानुं पान करवुं. पछी पाछी रात्रि ज्यारें पडे, त्यारें माखण, चोखा, जलचर, स्थलचर, खेचर, एवा प्राणीयोनुं मांस लावी तेनुं भक्षण करवुं. हवे अमारुं औषध केवी रीतें खावुं? ते कहियें छैयें. के, आ रोगीयें अमें जे औषध आपीयें, तेने प्रतिदिवस सवारमां पूर्वोक्त प्राणीयोनुं मांस लावी तेनी साथें मेलवीने खावुं. तेम सात दिवस पर्यंत अमें जूडुं जूडुं औषध आपशुं, तेने पण ते प्रथम कहेला मांसनाज अनुपानसाथें लेवुं. तेथी सात दिवसमां आ ब्राह्मणना सर्व रोगो निर्मूल थइ जाशे? तेमां कांही पण संशय नथी. ए सांभली ते रोगी ब्राह्मण बोल्यो के अरे वैद्यो! आ ते बोलो छो शुं? आ प्रकारना तमारा कहेला आरंभकारक उसड खाइने मारे शुं करवानुं छे? आवा उसडथी मारा रोगो जो मटता होय, तो ते रोगो मारे मटाडवाज नथी. कारण के आवुं तमारुं उसड खाइने हुं भवोभव नरक वेदनाने भोगववा तैय्यार थाउं केम? माटे आज बोल्या ते तो बोल्या, पण हवेथी एवुं कोइ दिवस बोलशोज नही. जुउ. प्रथम तो तमोयें मने दिवसथी ते रात्रिपर्यंत मध वगेरे खावानुं कह्युं, तो तेमां प्रथम मध वगेरे चारे विगयनुं तो में जाव जीव पच्चरकाण लीधेलुं छे. माटे तमारा कहेवा प्रमाणे मध तथा माखण वगेरे तो में खवायज नहिं. वली रात्रिभोजननो पण में जावजीव पर्यंत त्याग कर्यो छे, तेथी रात्रिमां हुं जैनशास्त्र विहित अन्न पण लेतो नथी तो तमारुं कहेलुं महापापकारी मांस वगेरे तो शेनुंज लहुं? अने वली त में मने उसड खावानुं कह्युं, तेमां पण अनर्थकारि मांस मेलवीने खा वानुं कह्युं, माटे ते उसड पण माराथी खवाय एम नथी? ते सांभली देववैद्यो बोल्या के हे ब्राह्मण! आ ते तुं शुं बोले छे? एकदम धर्ममां कां गली जा छो, तुं विचार तो कर के आ शरीर जो हशे तो बधां वा नां थाशे, अने शरीर ज्यारें नहिं होय, त्यारें एकला धर्मने तुं शुं करी श? अने धर्म पण शेणें करी पालीश? माटे देहमां ज्यारें कोइ पण रोग थाय, त्यारें कर्त्तव्याकर्त्तव्यनो कांइ पण विचार, डाह्या माणसें करवोज नहिं. अने एम धर्मविरुद्ध उसड खावाथी कदाचित् पाप लागे, तो पछी

ज्यारें साजा थइने तेनुं प्रायश्चित्त करीयें, तेथी ते दोष सर्व निवृत्ति पामे, माटे आ अमोयें कह्युं, तेम करी शरीरनुं रक्षण करवुं. अने धर्मनुं पण रक्षण करवुं. एम ते रोगी ब्राह्मणने कहिने ते वैद्यो तेनां माता पिता वगेरेने कहेवा लाग्या के हे नाइयो! आ रोगी तो कांइ पण समजतोज नथी माटे अणसमजु, रोगी अने गरीब एवा आ माणासनी तमारें उपेक्षा करवी घटती नथी. तेथी तेने समजावी कहो, जे अमारा कहेवा मुजब ते उसड खाय? अने तेम कारवाथी तमोने पण पुण्य अने यश प्राप्त थाशे? ते सांनली तेना सद्धु संबंधी जनो कहेवा लाग्यां के हे वत्स! आ बे वैद्यो बिचारा परोपकारी देखाय ले, केम के तारा जेवा निर्धन माणासनो रोग मटाडवा माटे उसड देवा पोतें पोतानी मेलेंज बोलाव्या विना आवी उन्ना रह्या ले, तथा ते उसडनुं कांइ द्रव्य पण मागता नथी? माटे आ दयालु वैद्यो जेम कहे ले, ते प्रमाणें उसड ग्रहण करवाथी तारो जो बचाव थाशे तो अमो पण राजी थाशुं? अने हे नाई! ते उसड खावाथी जो तुने पाप थाशे, तो ते पाप कोइ पण उग्र एवा तपे करी तुं मटाडी सकीश? एम घणुंज कह्युं, तो पण ते रुग्नट्टें मान्युं नहिं. त्यारें ते वैद्यो, एज गामना राजा पासें आव्या अने ते राजाने कहेवा लाग्या के महाराज! आपना आ गाममां एक जन्मनो रोगी ब्राह्मण रहे ले. तेथी तेनुं नाम पण रुग्नट्टज ले. हवे अमोयें कोइएक माणासना कहेवाथी सांनळ्युं जे विशालानगरीमां गरीब, जन्मनो रोगी अने घणोज दुःखी, कोइ एक ब्राह्मण रहे ले, तेना रोगो घणा उपायो करवाथी मटताज नथी, ते सांनली मनमां दया लावी अमो तेनी पासें आव्या अने आवीने अमोयें तेने उसड खावानुं कह्युं, तो पण ज्यारें तेणें न मान्युं, त्यारें पाछुं तेना संबंधीजनो पासें उसड खावाने माटें घणुंज समजावी कहेवराव्युं, तो पण ते मानतोज नथी परंतु अमारा मनमां तेनी पर दया आवे ले, के तेने रोगथी मुक्त करवो. ते माटे आप तेने आहिं बोलावी अमारा कहेवा मुजब उसड खावानो तथा पथ्य पालवानो हुकम करो. अने हे राजन्! अमो प्रतिज्ञा पूर्वक कहियें लैयें के अमारा उसड खावाथी तेने जरूर सारूंज थाशे? अने जो ते नहिं खाय तो ते थोडाज दिवसमां मरण शरण थइ जाशे? ते सांनली राजायें तेने एकदम तेडाव्यो अने घणीज रीतें समजाव्यो, तो पण ते

समज्यो नहिं, अने तत्रत्य सहु सांजले तेम सामो उपदेश करवा लाग्यो. के हे राजन! तमो विचार तो करो, के आ अशुचिपदार्थयुक्त, असत्य एवा देहने माटे शास्त्रविरुद्ध अने जवभ्रमण दायक एवा जैनशास्त्र विरुद्ध पदार्थने हुं केम स्वीकारूं? तथा जावजीव ग्रहण करेला व्रतने पण हुं केम ठोडुं? वली एवो ते कोण मूर्ख होय के जस्मने माटे बावना चंदनने बाले? तथा सोनाना कुंजमां जरेली जे लाख होय, ते लाखने माटे सोनाना कुंजने जांगी तुकडा करी नाखे? वली देहने विषे ममत्व राखनारा जनो, ते देहना रक्षण माटे जेम इव्यनो त्याग करे ठे, तेम ज्ञानी पुरुषो धर्मने माटे देहनो त्याग करे ठे. एम घणीक युक्तिथी त्यां बेठेला सहु कोइ जनोने बोध पमाड्या. त्यारें ते वैद्यो कहेवा लाग्या के हे ब्राह्मण! तें जिनधर्मनुं तत्त्व घणुंज सारी रीतें जाएयुं ठे? एम कही तेने नीरोगी करी, पोतानुं देवरूप देखाडी, तेनी स्तुति करीने ते देवो स्वर्गप्रत्यें गया. पठी ते दिवसथी ते ब्राह्मणनुं नाम रुग्जट्ट हतुं, ते मटी अरुग्जट्ट थयुं. अने धर्मौषधथी रोग मटवे करी प्रथम करतां पण ते वधारे धर्मासक्त थयो. अने ते घणा काल पर्यंत जिनधर्मनुं आराधन करी समाधिमरणें मरण पामी सौधर्मदेवलोकने विषे देवता थयो. त्यां अवधिज्ञानथी जाएयुं जे पूर्व जवमां हुं जन्मथीज महारोगी हतो, त्यारें जे मुनियें मने धर्मौषध आपी सारो कस्यो हतो अने ते धर्मना प्रतापथी आ देवलोकने विषे हुं देवता थयो बुं, वली ते मुनिने हाल केवल ज्ञान उत्पन्न थयुं ठे? एम जाणी ते एकदम आहिं आवी हर्षायमान थइ नृत्य करवा लाग्यो ठे. आ प्रमाणें ईश्वर केवलीना करेला धर्मोपदेशथी घणाकजनोयें रात्रिजोजननो त्याग कस्यो.

हवे तीव्र संवेगें रंगित एवो सूरसेन राजा, ते केवली जगवानने हाथ जोडीने कहेवा लाग्यो के हे जगवन्! महा मिथ्यात्विपणाथी रोगी थयेला ते रुग्जट्टने धर्मौषध आपी आपें देवता कस्यो, माटे आपने धन्य ठे. अने ते हालमां देवता थयेला धनेश्वरने पण धन्य ठे, के जे पूर्व जन्ममां धर्मौषधरूप उपकार करनारा आपने उपकारी तथा धर्माचार्य मानी आहिं वांदवा माटे आव्यो, अने वली तेणे मनोहर अने दृढ एवी जक्ति पण राखी? आवी रीतें केवलीनी स्तुति करीने तेमनी विनति करी के हे जगवन्!

आपना कहेवाथकी में साधुनुं तथा श्रावकनुं माहात्म्य यथास्थितरीतें जाण्युं, तेमां पण मुने एवो निश्चय थयो के जे साधुनो धर्म छे, ते एकांत मोक्ष सुखनो देनारो छे. हवे जो आपने मारी चारित्र लेवानी योग्यता जासती होय, तो संमयश्रीने विषे उत्कंठित मनवाला एवा मुने संयम आपो. त्यारें के वली नगवानें कह्युं के हे राजन् ! तमारी संयम लेवानी तो योग्यताज छे, माटे जलदी घेर जइ सर्व राज्यप्रतिबंधने छोडी, पाछा आहिं आवी संयमश्रीने स्वीकारो. ते सांजली हर्षनरथी प्रफुल्लित मनवालो एवो सूरसेन राजा, ते मुनिने नमस्कार करी शीघ्रताथी घेर आवी आमात्यो तथा पोतानी स्त्री वगेरेने वैराग्य युक्त थइ कहेवा लाग्यो, के हे सुहृद् र्गो ! में तो उद्यानमां पधारेला केवलीना उपदेशथी जाण्युं, के आ आयुष्य छे, ते जलना पर्पोटा जेवुं चंचल छे, आ संसार नोगनुं जे सुख छे, ते फोतरा नी मुष्टिसमान छे अने संसारमां जे प्रियजनोनो संयोग थाय छे, तेनो वियोग पण थया विना रहेतोज नथी. अने जे द्रव्य छे, ते पण अनर्थनुं मूल छे. कारण के ॥ यतः ॥ अर्थानामर्जने दुःख, मर्जितानां च रक्षणे ॥ आये दुःखं व्यये दुःखं, धिगर्थाऽनर्थनाजनम् ॥१॥ अर्थः— प्रथम तो द्रव्यने उपार्जन करवामां महोटुं दुःख नोगववुं पडे छे, तेवुंज पाछुं तेना रक्षणमां पण दुःख थाय छे, माटे जेना रक्षणमां पण दुःख तथा उपार्जनमां पण दुःख तेवा अनर्थना पात्रनूत एवा द्रव्यने धिक्कार हजो. तथा वली जे काल (मृत्यु) छे, ते आपणने शोध्याज करे छे कर्म योगें आवी लइ जाय छे॥ यतः ॥ कैवर्त्तकर्कशकरग्रहणच्युतोऽपि, जाले पुनर्निपतितः शफरोवराकः ॥ जालादपि प्रगलितो गलितोबकेन, वामे विधौ बत कुतोव्यसनान्निवृत्तिः ॥ १ ॥ अर्थः— कोइ एक नानो मत्स्य हतो, ते जलमांथी कोइ एक मत्स्य मारनारना कर्कश एवा हाथमां आव्यो, परंतु ते मत्स्य अत्यंत सुंवालो होवाथी तेना हाथमांथी सरी गयो, ते पाछो जलमां पाथरेली जालमां आवी पड्यो, त्यांथी पण पोतें घणोज नानो होवाथी ते जालना छिद्रमांथी निकली गयो, ते पाछो जलमां पड्यो, त्यां पण तेने कोइएक बगलो हतो, ते गली गयो. माटे जीवनो ज्यारें कर्म योगें काल आवे छे, त्यारें कोइ पण ठेकाणेथी ते जीवने खोलीने लइ ज जाय छे. वली आ संसारमां एक बीजानो स्नेह छे, ते पण तिलवृक्षना पुंज समान छे. अने जरा अने रोगो तो जीवोनी पछवाडे धमधोकार दोड्याज

करे छे. इष्टमित्र जे छे, ते पोताना करेला कर्मने अनुसारें कर्म भोगवतां थकां कालें अकालें मरण पाम्याज करे छे, तेने आपण कोइथी राखी शकातां नथी. ते माटे विद्वान् पुरुषो छे, ते कोइ पण जनने विषे प्रीतिज करता नथी. जुउ ! एवो ते कोण मूर्ख होय, के जे सम्यक्त्वथी अनंतसुख संतान दायक एवो मोक्ष मली शके, एम छतां पण ते छोडी इंद्रजाल समान संसारने विषे आ सक्ति राखे ? वली एवो कोण मूढ होय, के तपने साध्य मुक्ति सुख छे, अने तप ते पोताना स्वाधीन छे, ते तप न करतां तपावेला कढेलो जेवा संसारसुखने विषे आसक्त थाय ? वली हे भाईयो ! क्षारजलथी भरेलो जेम लवणसमुद्र छे, तेम शारीरिक अने मानसिक वगेरे दुःखथी भरपूर आ संसारसमुद्र छे. माटे तेवा संसारमां अज्ञानी विना कोण आसक्ति राखे ? वली स्वप्नमां मलेला निधाननी पठें संसारमां जे कांइ वस्तु छे, ते खोटीज छे, अनित्य छे, तेथी आ सर्वसंसारने खोटो जाणी हुं हवे अगण्यगुणग णालंकृत एवा श्रामण्यने स्वीकारीश ! ए प्रकारनुं सूरसेन राजानुं वचन सांभली बोध पामेली एवी तेमनी मुक्तावली राणी कहे छे के आपें जे कांइ हालमां कह्युं, ते सर्व सत्यज छे, कारण के आ संसार सर्व मृगतृष्णाना जल जेवोज छे, तेथी आपें जे हाल संयम लेवानो विचार कर्यो, ते घणोज योग्य कर्यो छे, जुउ. आपणें भोग पण घणा काल भोगव्या. तथा सुहृ द्लोकोने पण परिपूर्ण रीतें संतोष्या ! सामंत वर्गने पण सुख आप्युं ! पुत्र प ण थयो ! तथा ते वली महोटो पण थयो ! त्रण भुवनने विषे आपनो कीर्त्ति पटह पण वाग्यो ! झाझुं शुं कहियें परंतु आपणने मनुष्य जन्मने विषे आ लोकना सांसारिक भोगोनुं सुख तो सर्व उपलब्ध थयुं, छे. माटे आपना कहेवा प्रमाणें जो आपणे मोक्ष सुखदायक मनुष्य जन्मनुं फल रूप जे चारित्र छे. ते स्वीकारीयें, तो पछी आपणने कोइ पण पदार्थ प्राप्त थयो नहिं एम कहेवाय नहिं, अर्थात् हवे आपणे चारित्र लेवुंज उचित छे. तेथी हे नाथ ! ते काममां हवे एक क्षणमात्र पण विलंब करवो जो इतो नथी. माटे चालो आपणे जलदी चारित्र लइ आ अघोर एवा सं सारसमुद्रने तरियें ? कदाचित् जो आपणे प्रमाद राखी संयम लेवामां विलंब करशुं, तो आपणने आवी सद्गुरु रूप सामग्री मलवी दुर्लभ थशे ? वली श्रेयनां काममां विघ्नो पल पलें आवे छे ॥ यतः ॥ श्रेयांसि बहु वि

घ्नानि, जवंति महतामपि ॥ अश्रेयसि प्रवृत्तानां, क्वापि यांति विनायकाः ॥ १ ॥ अर्थः— मोहोटा पुरुषोने श्रेयस्कर कार्य करवामां घणांज विघ्नो आवे छे. अने पाप कार्य करवामां प्रवृत्तता एवा जनोने विघ्नो आवे छे, एम देखातां होय, तो पण क्यांक जातां रहे छे ॥ १ ॥ तेवां मुक्तावली राणीनां तीव्रवैराग्य युक्त अने संयम लेवामां उत्सुकता रूप वाक्य सांजली मंत्री वगेरे कहेवा लाग्या के हे देवि ! धर्मासक्त जनने तो कोइ पण विघ्न करी शकताज नथी.

ते पछी सूरसेन राजायें पोताना चंद्रसेन नामा पुत्रने महोटा महोत्सवथी राज्यगादी पर बेसारी पोताना कुलपरंपरानी सर्व राजरीति समजावी, अने वली शीखामण पण दीधी, के हे पुत्र ! आ राज्यने विषे रहेजे, पण राज्यमां अति आसक्ति राखीश नहि ? कारण के ए राज्य छे ते केवुं छे ? तो के जे राज्य निरपराध छतां बंधीखानुं छे ! माथा पर नायक विना परवशपणुं छे ! छती चक्षुयें अंधपणुं छे ! मद्यपान कर्या विना उन्मदपणुं छे ! अने रज्जु विनानुं बंधनपणुं छे ! माटे ते राज्यमां तत्त्वबुद्धि राखीश नहिं. अने सर्व प्रजानें पुत्रनी पेठें सुखी करजे. सर्व ठेकाणें दुर्नीतिने वारजे. अने मंत्री वगेरेनी पण दीधेली शिक्षानुं चित्तमां स्मरण राखवें. अने हे पुत्र ! पाप कर्म रहित धर्म करी कीर्त्तिने वधारजे.

आ प्रकारें पोताना चंद्रसेन पुत्रने शिखामण दइ, श्रीजिनचैत्योने विषे अष्टाह्निक महोत्सव करी, चारित्र वेश रहित एवा श्रावकोना वृंदनुं रूपुं, सुवर्ण, मणि, मोति, वस्त्र, आजरणना दानोयें करी सन्मान पूजन करी, चंद्रसेन कुमारें कर्यो छे दीक्षा महोत्सव जेनो अने चंद्रमानी चंद्रिकासमान उज्ज्वल एवां वस्त्रोयें कर्यो छे शृंगार जेणें, पुष्पस्रग्, चंदन, तेणें करी अर्चित एवो ते राजा, मनुष्योयें वहन करेली एवी शिबिकामां, हर्षायमान थइ बेठो. पछी सामंत, मंमलेश्वर, सेनापति, मंत्री, श्रेष्ठी, सार्थवाह, संधिपाल, दुर्गपाल, तेणें अन्वित अने हस्त्यारूढ, अश्वारूढ तथा रथारूढ, एवा लक्षावधिजनोयें परिवृत, कोटि परिमित पालाउयें व्याप्त बंदीवृंदोयें स्तुति करेलो, धार्मिकजनोयें श्लाघित, दीन अने दौस्थ्यने अनुकंपा दान देनार, एवो ते राजा, विविध प्रकानां वाद्यो वागते थके चारित्रने ग्रहण करवाने तत्पर एवा केटलाएक आमात्यादिकें सहित, उ

ध्यानमां रहेला ईश्वर नामा केवलीनी पासें आव्यो. त्यां आवी गुरुने नमस्कार करी बेठो. ते पछी साथें आवेला सहु कोइ मनुष्यो पण यथा योग्यस्थानें बेठा. हवे बे हाथ जोडी ते सूरसेन राजायें विनति करी के, हे भगवन्! आ मारी साथें दीक्षा ग्रहणमां उत्सुक थइ आवेला एवा मारा आमात्यादिकोने तथा मने, आप कृपा करी संसारसमुद्रने निस्तार करनार एवी दीक्षा आपो. ते सांभली ईश्वर केवलीयें जेने दीक्षानी इछा हती तेने दीक्षा आपी.

हवे मुक्तावली राणीयें पण पोताली साथें दीक्षा ग्रहण करवामां उत्सुक थइ आवेली एवी आमात्य वगेरेनी स्त्रीयोयें सहित, श्रीचंद्राभा नामा आर्यानी पासें दीक्षा ग्रहण करी. पछी गुरुने विषे विनीत तथा चारित्रीयां एवां ते स्त्री पुरुषें, अग्यार अंगोनुं अध्ययन कर्युं. अने निरतिचारपणे चारित्र पाली पोताना आत्माने सम्यग्भावें करी भावन कर्यो. अने तप रूप अग्निना तापथी संतप्त एवा पोताना अंतःकरण रूप सुवर्णने शोधी लीधुं ॥ यतः ॥ भिन्नोमिथ्यात्ववृक्षः जिनमतविहितौ त्रोटितौ द्वौ च बंधौ, द्वौ दुष्टध्यानचौरौ चरणधनहरौ निर्जितौ दुर्जयौ तौ ॥ शल्यानां संयमांगे श्रुतकवचवृते सुष्ठु भग्नः प्रवेशो, विध्वस्तं गारवारित्रिकमति विकटं निर्ममास्त्रेण ताभ्यां ॥ १ ॥ दंभाश्चंभटाद्दि खंभितमदाः संज्ञाविषस्त्राइव, क्रोधाद्याश्चिरवैरिणोपि विधिना मंदप्रतापाः कृताः ॥ माहात्म्यं कुसुमायुधस्य निहतं क्षुद्राः प्रमादादय, आसन्नीकृतमेव निर्वृतिपदं ताभ्यां भुजाभ्यां ततः॥२॥ एवं चरित्रं विमलं चरित्वा, संलेखनां मासभवां च कृत्वा ॥ द्वावप्यभूताम हमिंद्रदेवौ, ग्रैवेयके च प्रथमे समृद्धौ ॥३॥ अर्थः—जिनमतने जाणनारां एवां ए बेहु जणायें मिथ्यात्वरूप जे वृक्ष हतो, तेने छेदी नाख्यो. जिन मतोक्त राग अने द्वेष, ते रूप बंधनने त्रोडी नाख्यां, चारित्ररूप धनने हरण करनार, एवा आर्त्त अने रौद्र ए बे ध्यानरूप दुर्जय दुष्टचोरो जे हता ते जीती लीधा. श्रुत रूप बकतरथी आवृत एवा संयमरूप अंगने विषे शल्योनो प्रवेश सारी रीतें बंध कर्यो. अने अति विकट एवा गारवरूप त्रणे शत्रुउने निर्ममत्वरूप शस्त्रें करी नाश करी नाख्या ॥१॥ वली आत्माना घणाक कालना वैरी जे मोहराजाना चंभ एवा त्रण्य दंभरूप सुभटो हता, तेना मदनुं खंभन कर्युं. अने संज्ञा उ जे हती ते तो खेद पामी तेनी पासेंथी चालीज गइयो. घणाक कालना वैरी

एवा जे क्रोधादिक हता, तेने शमतादिक गुणविधियें करी मंद प्रतापवाला करी नाख्या. एटले बेहु मुनिवर मंदकषायी थया. कंदर्पनो जे दर्प हतो, ते पण हणी नाख्यो. प्रमादादिक दोषो जे हता, ते एक क्षणमां क्षीण करी नाख्या. एटले बलरहित कर्या अने ते बेहु जणें पोतानी तप अने संयमरूप भुजाउयें करी मोक्षपद जे हतुं, तेने निकटवर्त्ति कर्युं. ए प्रकारें निर्मल चारित्रने आचरण करीने अंतसमयें एक मासपर्यंत संलेषणा संथारे अणशण व्रत ग्रहण करी ते सूरसेन तथा तेनी स्त्री मुक्तावली, ए बेहु सर्वसमृद्धियें युक्त एवा प्रथम ग्रैवेयकने विषे अहमिंद्रनामें देवपणे थयां ॥ यतः ॥ अभुंक्त ताभ्यां विशदद्युतिभ्यां, पवित्रचारित्रजऋद्धिभाग्भ्यां ॥ सुखं च तस्मिन् कमनीयमीषत्, न्यूनं त्रयोविंशति सागराणि ॥ १ ॥ अर्थः— ते प्रथम ग्रैवेयकने विषे निर्मल छे कांति जेनी अने पवित्र एवा चारित्रथकी उत्पन्न थयेली जे ऋद्धि तेने भोगवता, एवा ते बेहु देवता, मनोहर सुखने कांइक न्यून एवा त्रेवीश सागर आयु प्रमाण भोगवता हवा.

ए पृथ्वीचंद्र अने गुणसागरना चरित्रने विषे ईश्वरकेवलिदीक्षित श्री सूरसेन मुक्तावलीना गुणगणवर्णननामा छठो सर्ग संपूर्ण थयो ॥ ६ ॥ आहिं पृथ्वी चंद्र अने गुणसागरना बार भव समाप्त थया ॥ १२ ॥

---

॥ अथ ॥

## ॥ सप्तमसर्गस्य बालावबोधप्रारंभः ॥

हवे देवरूप थयेलो सूरसेन राजा तथा तेनी स्त्री मुक्तावली, ते प्रथम ग्रैवेयकथकी चवी, क्यां समुत्पन्न थयां ? ते कहे छे.

आ जंबुद्वीपने विषे भरतक्षेत्रमां मध्यखंडमें उत्तरदिशाने विषे स्वर्गना जनोने तर्जन करनार, घणाक जेमां सज्जनो रहे छे, एवुं अने सुखने आपनारुं, क्रोधविरहित मनुष्योयें प्राप्य, बलवान् एवा दुशमनोथी जेमां आवीज शकातुं नथी, सुरसमान विबुधगणोयें अलंकृत, एवुं एक गर्जनपुर नामा नगर हतुं. तेमां पोताना नाम समान गुणवालो एक सुरपति नामा राजा राज्य करतो हतो. जेणें भूभृत जे दुशमन राजाउ तेनो पक्ष छेदी नाख्यो छे, एटले जेम सुरपति जे इंद्र तेणें जेम भूभृत जे पर्वतो तेनी पांखो छेदी नाखी छे, तेम आ सुरपति राजायें पण शत्रुनो पक्ष

छेदी नाख्यो छे. हवे ते राजानी नामथी अने गुणोथी विख्यात, सती ए वे नामें पट्टराणी हती. ते पण एवी हती के जे पापनी वात तो कानथी पण सांभळती न हती. अर्थात् जे, पापनी वात न सांभळे, ते पाप करेज केम ? हवे ते राणीनी साथें सुख भोगवी राज्य करतो एवो ते सुरपति राजा, वेदधर्मने विषे अति प्रीतिमान् होवाथी उत्तम एवा वैदिक ब्राह्मणो ने अत्यंत मानतो हतो. अने तेउने विशेषें करी वस्त्रादिकोनुं दान पण आपतो हतो. तथा अहोनिश तेनुं पूजन अने घणुंज मान करतो हतो. ज्यारें ते राजाज एम मानतो हतो, त्यारें ते गामना रहेवासी सर्वे जनो पण ते राजानी पठें अत्यंत ब्राह्मणोने मानता हता. कह्युं छे के " यथा राजा तथा प्रजाः " एटले जेवो राजा वर्त्ते, तेम प्रजा पण वर्त्ते छे. हवे राजा ना अने प्रजाना मानथी मदोन्मत थयेला धिक्कारवा योग्य ब्राह्मणोयें ते नगरमांथी बीजा पाखंम धर्मवाळा जंगम अने जोगी वगेरेने बहार का ढावी मूक्या.

तेवा अवसरनेविषे देव थयेलो एवो ते सूरसेन राजा, प्रथम ग्रैवेयक थकी चवीने हंसनी पठें सतीनामा राणीना उदररूप सरोवरने विषे आ व्यो. त्यारें तेज रात्रिने विषे ते राणीयें स्वप्नामां मनोहर जलथी परिपूर्ण, अने हंसादिक पक्षीयोयें करी विराजित, पद्माकरें युक्त एवुं एक सरोवर दीठुं. ते देखीने पद्मलोचना एवी ते राणी एकदम जाग्रत थइ, अने तु रत राजा पासें आवी पोताने थयेला स्वप्नानी वात राजाने कही बतावी. ते सांभळी स्वप्नना कारणने जाणता एवा ते सुरपति राजायें रा णीने कह्युं के हे प्रिये ! तमोने आवेला स्वप्नना अनुसारथी तमारे उत्त म पुत्र उत्पन्न थाशे ? ते सांभळी अमंद आनंदने प्राप्त थयेली ते राणी यें पोताना शुभ गर्भनुं पालन करवा मांमयुं. पठी राणीने दान देवा व गेरेना जे कांइ दोहद उत्पन्न थया, ते राजायें सर्वे पूर्ण कस्या. अने सा डा नव मास ज्यारें पूरा थया, त्यारें ते राणीयें शुभसमयने विषे सर्व अवयवोयें करी सुंदर अने सुइजनोने आनंद देनार एवा पुत्रने, भूमि जेम कल्पवृक्षने उत्पन्न करे, तेम उत्पन्न कस्यो. पठी राणीयें राजापासें वधामणी देवा माटे एक दासीने मोकली. ते दासीयें जइने राजाने वधामणी दीधी के महाराज ! आपने त्यां हाल उत्तमोत्तम पुत्र प्रगट थयो ? ते सांभळी

राजायें ते दासीने कोटि सुवर्णनुं दान आप्युं अने पछी पुत्रजन्म महोत्सव कराव्यो. ते जेम के ॥ श्लोक ॥ उच्चलच्चारकं चिंतितद्वारकं, नृत्यकद्वारकं चापदां दारकं ॥ सारजृंगारकं जूरिशृंगारकं, वित्तविस्तारकं दौस्थ्यनिस्तारकम् ॥ १ ॥ अर्थः—आनंद पामी दोडता दासोयें करी युक्त, चिंतित पदार्थनुं द्वाररूप, पुत्रोत्पन्नथी आनंदित थइ नृत्य करता एवा छे, दरवाण जेमां, आपत्तिने नाश कनार, जेमां जलनी जरेली जारीयो मूकी छे, जेमां घणा शृंगारो पहेराय छे, घणुं द्रव्य जेमां खरचाय छे, जेमां दुःखीयाजनोनो निस्तार थाय छे, एवुं पुत्र वर्द्धापन कराव्युं. अर्थात् ते राजायें महोटा आडंबरथी पुत्रजन्म महोत्सव कराव्यो. तदनंतर ते पुत्र ज्यारें राणीने गर्जमां रह्यो, त्यारें राणीयें स्वप्नने विषे पद्मसरोवर दीतुं हतुं, ते स्वप्नना अनुसारें पुत्रनुं नाम " पद्मोत्तर " पाड्युं. हवे पांच धाव्य मातायें पालन कर्यो थको ते पुत्र, प्रतिदिन अनुक्रमें वधवा लाग्यो. अने ते कलाकुशल, दयादाक्षिण्य, ज्ञानवान्, सौम्यमूर्त्ति, सज्जनप्रिय, शांत अने दांत थयो. वली ते कुमारने मद्य, मांस, परस्त्रीगमन, द्यूत अने चोरी, ते पांच महोटां व्यसनोनी तो वात पण गमती नथी. हवे तेनो पिता जे छे, ते वैदिककर्म निष्ठावान् छे, ते थीते प्रतिदिन ब्राह्मणोने बोलावी, तेउने पोतानी पासें मानपुरःसर बेसारी वेदधर्मनी वातो करावे छे. आ प्रमाणें पोतानो पिता मिथ्यात्वी छे एम जाणी तेनी पासें कुमारने जवुं पण गमतुं नथी, परंतु ते विचार करे छे, के जो हुं मारा पितापासें नहिं जाउं, तो तेने दुःख लागशे ? एम जाणी तेनी पासें जाय छे अने त्यां धिक्कृत जन्मवाला, ब्राह्मणोनी करेली परमार्थ शून्य, जूनां कल्पितशास्त्रोनी कथाउथी उद्वेग पामी मनमां विचार करे छे के अरे ! आ मारो पिता साव मिथ्यात्वग्रहग्रहीत थइ गयो छे, तेने हुं ते मिथ्यात्वथी केवी रीतें मुक्त करुं ? हा, एक उपाय छे खरो, के हाल जो तेने सद्गुरुसामग्रि मले, तो ते जिनधर्मने पामे ? केम के कोइ खाडा खडियालो मणि होय, तो ते मणि, मणिकारना करेला संस्कार विना बीजा कोइ पण उपायें निर्मल थातो नथी.

हवे ते सूरसेन राजानी स्त्री मुक्तावलीनो जीव जे प्रथम ग्रैवेयकें देवता थयो हतो, ते क्यां अवतर्यो ? ते कहे छे. के वैताढ्य पर्वतमां दक्षिण श्रेणिने विषे सार्वभौमपुर नामा एक नगर छे. ते नगरनो प्रतापें करी सूर्य स

मान, उत्तम एवा विद्याधरना कुलने विषे उत्पन्न थयेलो तरवेग नामा राजा छे. तेनी कमलसमान सुकोमल, कलाकलापें करी संपन्न, देवनी स्त्री समान, कमलमाला नामनी एक राणी छे. तेनी कुक्षिरूप गुहानेविषे सूरसेन ननी स्त्री मुक्तावली राणीनो जीव जे प्रथम ग्रैवेयकमां देव थयो हतो, ते त्यांथी चवीने केसरीना बच्चानी पर्ठे आव्यो. ज्यारें ते गर्भमां आव्यो. त्यारें ते राणीयें स्वप्नने विषे सिंहना बच्चाने जोयो, ते जोइने तुरत जागी गइ अने ते स्वप्ननी वात पोताना स्वामीने कही बतावी. ते सांभली ते नो स्वामी कहेवा लाग्यो के हे प्रिये ! तमें स्वप्नामां सिंहनो शिशु जो यो छे, तेथी तमारे सिंहना शिशु जेवो प्रतापी पुत्र उत्पन्न थाशे ? ते सांभली मुदितमन थइ थकी राणी गर्भनुं पोषण करवा लागी. पछी ते राणीयें संपूर्णरीतें सुशोभित दिवसमां शुभ एवा नक्षत्र मुहूर्त्त वेलाने विषे महोटा तेजें करी प्रकाशित एवा पुत्रने, प्राची दिशा जेम सूर्यने उत्पन्न करे, तेम उत्पन्न कस्यो. त्यारें तरवेग राजायें पुत्रनो महोटो जन्म महोत्सव कराव्यो. अने ते पुत्र गर्भमां रह्या वखतें तेमनी मातायें स्व प्नमां सिंहनो शिशु जोयो हतो, तदनुसारें सुहृज्जननी साक्षीयें तेनुं " ह रिवेग " नाम पाड्युं. ते पुत्र त्यांनी खेचरीयोयें रमाड्यो थको महोटो थयो, तेम ते पुत्रें सद्विद्यानो अभ्यास पण कस्यो. पछी ते, मानिनीना म नने स्तंभन करनार एवा यौवनारंभने प्राप्त थयो.

एवा अवसरने विषे मथुरा नगरीमां कोइ एक चंद्रध्वज नामा राजा राज्य करे छे. तेने बे स्त्रीयो छे. तेमां एकनुं नाम चंद्रमती अने बीजीनुं नाम सूर्यमती छे. ते बेहु जणीयोने एकेक पुत्री थइ छे. तेमां एकनुं नाम शशिलेखा अने बीजीनुं नाम सूर्यलेखा छे. ते बेहु कन्याने यौवनथी अने धनथी अनुरूप एवा वरनी प्राप्तिने माटें तेना पितायें स्वयंवरमंमप रचाव्यो अने ते स्वयंवर वास्ते देशांतरना राजाउना पुत्रोने बोलावा माटें जुदे जुदे ठेकाणे दूतो मोकल्या. ते सर्व दूतोमां कोइएक मुखप्रिय नामा दूत हतो, तेने गर्जनपुरमां मोकल्यो, ते त्यां आवी पद्मोत्तर कुमारना पिता सुरपति राजाने प्रणाम करी योग्य समय जोइने विनति करी कहेवा लाग्यो. के हे देव ! मथुरा नगरीनो चंद्रध्वज एवे नामे राजा छे, तेणे मारी साथें क हेराव्युं छे, " के मारे त्यां शशिलेखा अने सूर्यलेखानामा बे कन्याउ छे,

तेने माटे में स्वयंवर मंम्प करेलो छे, तो तेमां में मह्योटा मह्योटा राजकुंवरोने तेडवा माटे दूतो मोकलेला छे. तेथी ते सर्वराजकुमारो आवशे. माटे तमारा पुत्रने पण मोकलो. कारण के तमारो जे पुत्र छे, तेनां रूप तथा गुणसमूह्नां गीतो, सर्वत्र गुणी जनो गायाज करे छे. ते सांजली ए दूतने में तेडवा माटे मोकलेलो छे. माटे ते जाग्यशाली पुत्र, आहिं आवी पोताना सौजाग्यरूप वज्रें करी बीजा प्रौढ राजाना मह्योटा गर्वरूप पर्वतने छेदी मारी बेहु कन्याने वरे. अने तेम थवाथी मने पण घणोज ह्र्ष उत्पन्न थाशे ? वली आ स्वयंवर मंम्पमां रूप तथा पराक्रमज जोवाशे एटलुंज नथी, परंतु तेमां ते राजकुमारना जाग्यनी पण परीक्षा थाशे ? जेम के रणने विषे शौर्यथकी तथा स्वयंवर मंम्पने विषे पराक्रमें करी कन्योपलब्धिथी क्षत्रिय पुरुषना पुण्यनी परीक्षा थाय छे. तेमाटें हे प्रजो ! आहीं लग्नने दिवसें जलदी तमारा पुत्रने मोकलो." आ प्रमाणें चंद्रध्वज राजायें मारी साथें कह्वेराव्युं छे. ते वाक्य सांजली प्रफुल्लित जेनुं मुख थयुं छे एवा राजायें ते वात कबूल करी.

पछी पोताना पद्मोत्तरनामा पुत्रने बोलावीने तेने चंद्रध्वज राजाना दूतना मुखथी जे वात सांजली ह्ती ते सर्व कही बतावी, ते सांजली पद्मोत्तर कुमार, उत्तम दिवसने विषे त्यांथी प्रयाण करी चाल्यो. पोतानी सेनाना चालवाथी उडती एवी रजोयें करी आकाशने ढांकतो, वनवनने विषे विश्राम लेतो, प्रतिसरोवरें क्रीडा करतो, एवो ते पद्मोत्तर कुमार, गामगामने विषे मान पामतो पर्वत पर्वतने विषे चडतो, अनुक्रमें पोताना देशनुं उल्लंघन करी मह्योदय नामक एक तापसाश्रम ह्तो, त्यां आव्यो. त्यां नालियेरी, खजुरी, डाक्षना मंम्पो, नागवल्ली, नारंगीना वृक्ष, सोपारीना वृक्ष अने आम्रना वृक्ष, तेणें करी शोजायमान एवा स्थलने तथा तत्रत्य लोकोयें अग्निमां होमेला सशीवथकी उत्पन्न थयेला धूमथी धूसरित आकाशने जोइने ते कुमार, पूछवा लाग्यो के अहो तपस्वीयो ! आ तमो रह्हो छो, ते आश्रमनुं नाम शुं छे? त्यारें ते तपस्वीयोयें कह्युं के आ अमारुं तपस्विजनोनुं तपोवन छे, अने मह्योदय एवुं नाम छे. आहिं सर्वजीव पर दयावान, ब्रह्मचर्यव्रतथकी उत्तम, मह्यानुजाववाला, आरंजपरिग्रह्थकी रहित, शस्त्रधारण कर्म व्यापार वगेरे कार्यथी मुक्त, कंद अने फल तेनुंज जोजन करनारा, अति कारुणिक एवा त

पस्वीयो रहे छे. ए सांभली कुमार, पोताना सैन्यना माणसोने कहे छे, के हे सैनिको ! तमो आ सर्व महर्षियोने कोइ रीतें उपद्रव न थाय, तेवी रीतें अश्ववगेरें वाहनोने बांधी यथावकाश निवास करो. अने हुं तो आ तपो धन एवा तपस्वीजनोना चरणनुं पूजन करी पाप तापने टालवा इच्छुं छुं. पछी सैन्यना जनोयें कुमारना कहेवा प्रमाणें त्यां निवास कर्यो. त्यार पछी कृतकृत्य एवो ते कुमार, ते तपस्वीना आश्रममां गयो. त्यां केटला एक माथा पर जटाने धारण करनारा, वल्कल वस्त्रने पहेरनारा, सूर्यसामा बे हाथ करी उभा रहेला एवा वृद्ध तपस्वीयो बेठा हता तेनां दर्शन कर्यां. तथा पद्मास नथी बेठेला, सूका काष्ठोथी देदीप्यमान, अग्निने तृप्त करता, वृक्षोना क्या रामां जलने वालता एवा कुमारतापसोनां पण दर्शन कर्या. पछी अनुक्रमें घासना कुबामां दर्भना आसन पर बेठेला, निर्मल मुखवाला, परमशांतमूर्त्ति मान् एवा ते तपस्वीना कुलपतिनां दर्शन कर्यां. ते करीने कुमारें तेने नमस्कार कर्यो. त्यारें कुलपतियें पण धर्माशिष आपीने ते पद्मोत्तर कुमारने पोतानी पासें बेसार्यो. अने तेनां नाम, गोत्र वगेरे पूछ्यां, त्यारें कुमारें तेने पोता नां नाम, गोत्र, वगेरे सर्व कही आप्यां. ते सांभली कुलपति कहे छे, के आप उत्तम एवा राजकुलमां उत्पन्न थयेला होवाथी मोहोटा माणस छो ? माटे अम लोकोने आतिथ्य तथा अर्घदान करवा योग्य छो. एम कहीने पोतानी पर्णकूटीमांथी एक अत्यंत स्वरूपवाली कन्याने बोलावी अने तेने ते कुमारनी आगल उभी राखी, वली ते राजकुमारने योग्य एवां वस्त्राभ रणादिको पण पर्णकूटीमांथी मगावी, कुमारनी आगल मूक्यां, अने कह्युं के हे चतुराश्रमी जीवोना गुरु ! तमो अमारा अतिथि छो, तेथी तमारुं आतिथ्य करवा माटे अमारा प्राणथी पण वल्लभ अने राजाधिराजने योग्य एवी आ कन्याने, तथा तमारी पासें मूकेलां वस्त्राभरणादिकोने पण अंगीकार करी अमारा मनने आल्हाद करो. अने तमो सुकुलीन तथा गुरुभक्त छो, तेथी अस्मद्वर्गनी प्रार्थना भंगमां भीरुज हशो ? तेथी अमोयें आपवा धारेली कन्यानो तथा वस्त्र मुकुट वगेरेनो स्वीकार करो.

हवे कुमारें ते सर्व वात तो सांभली, पण ते कन्याने जोइने विस्मय पामी गयो. अने विचारवा लाग्यो के अरे ! आ ते शुं नारी हशे ? के आ ते शुं मूर्त्तिमती चंद्रचंद्रिकाज हशे ! के आ ते शुं चांचल्य छोडी उभी

थइ रहेली लक्ष्मी हशे? के शुं सुरेंद्रना शापथकी नूमिपर आवेली कोइ देवांगना हशे ? के आ ते शुं पातालथकी निकलेली नागकन्या हशे ? अ हो! आवी आ अत्यंत रूपवती कन्या ते कोण हशे? कदाचित् हाल में उत्प्रेक्षा करेली स्त्रीयोमांथी जो आ कन्या न होय, तो सर्वजनोनो त्याग करी एकांतवनमां पर्णकूटी करी रहेला आ तपस्वी मुनि पासें ते क्यांथी होय?

एवी रीतें चित्तमां चिंतवीने कुमार कहे ले. के हे नगवन्! सर्वथा सर्वना संगने त्याग करनारा, ब्रह्मचारी, वनमां रहेनार, एवा आपनी पासें आवी अतिरूपवती कन्या क्यांथी आवी? कारण के आ में कह्यां एवां कारणोथी तो आपनी पासें आवी कन्या होवानो सर्वथा संनव नथी. तेथी आ अघटित घटना थइ ले. ते जोइने मारा मनने महोटुं आश्चर्य उत्पन्न थाय ले? माटे कृपा करी आ कन्या, आपनी पासें क्यांथी आवी ? ते सर्व हकीगत कही संनलावो. ते सांनली तापस कुलपति ते कन्यानी उत्पत्ति वगेरेनी सर्व बिना कहेवा लाग्या. के हे राजकुमार! जे कार्य, अनेक युक्तियोने करवे करी जीव थी नथी बनतुं, ते कार्य कोइक कर्मयोगें प्रयास विना एनीज मेलें बनी जाय ले. जुउ. के जेनो आपणे सदा संयोग इछियें लैयें, तो तेनो आपणथी वियोग थइ जाय ले. तथा वली जेनो आपणे सदा वियोग इछियें लैयें, तो तेनो कर्मयो गथी संयोग थइ जाय ले. माटें कर्मयोगमां कोइनुं माहापण चालतुं नथी. यतः ॥ लित्त्वा पाशमपास्य कूटरचनां नंक्त्वा बलाद्वागुरां, पर्यंताग्निशि खाकलापजटिलान्निर्गत्य दूरं वनात् ॥ व्याधानां शरगोरवादतिजवेनो त्प्लुत्य धावन्मृगः, कूपांतः पतितः करोति विमुखे किं वा विधौ पौरु षम् ॥ १ ॥ अर्थः—कोइ एक मृग हतो, ते प्रथम तो पाराधीना करेला पाशमां पड्यो, त्यांथी ते पाशलाने लेदीने नीकली गयो. त्यां पाछो कोइ एक बीजा पाराधिनी करेली कूटरचनामां आवी पड्यो, तेमांथी पण कांइक युक्ति करी नीकलीने नाग्यो, त्यां अकस्मात् मृग बांधनाराउयें करेली जालमां आवी फस्यो, तेमांथी पण बल करी महाप्रयासें नीकली एकदम नागी वनमां आव्यो, त्यां ते वनमां दावाग्नि लागवाथी दुःखित थइ पलायन थयो, त्यां पण मृगोने मारवा माटे उना रहेला पाराधियोनां बाणो बुटवा लाग्यां, तो तेमांथी पण महत्कष्टें करी जीव लइने नाग्यो, तो ते मृग, कर्मना योगथी अचानक एक उंमा कूवामां पडी मरण पा

म्यो. माटें ज्यारें जे जीवनुं दैवज प्रतिकूल होय छे, त्यारें तेमां तेनो तथा कोइनो कांही उपाय चालतोज नथी. तो पण हे राजकुमार! आ कन्या क्यांथी मारी पासें आवी ? ए जे पूछयुं, तेनुं वृत्तांत हुं कहुं, ते सांजलो.

उत्तरापंथने विषे इव्यना उघें करी सुगंधमय सुरजिपुरनामा एक नगर छे. तेमां प्रजारूप लतापर वसंत समान वसंतराजा राज्य करे छे. ते राजाने शीलरूप सुगंधोयें करी सुवासित पुष्पमालानामा राणी जेमां मुख्य छे एवी घणीक स्त्रीयो छे. ते राजा अनेक मांफलिक राजाउने जीतीने पोताना प्रौढ प्रतापें करी राज्य करे छे. ते राजाने पांच पुत्रनी उपर, रूपें करी मनोहर तथा गुणयुक्त एवी गुणमाला नामा एक कन्या छे, ते कन्या तेनां माता पिताने एकज एक होवाथी घणी वल्लज छे. हवे ते ज्यारें युवावस्थाने प्राप्त थइ, त्यारें तेनो विवाह करवाने माटे माता पिता उद्युक्त थयां, परंतु ते प्राणवल्लज एवी ते कन्याना विरहने सह न करवाने अशक्त होवाथी विवाह करवानो विचार करी बेसी रहे छे. हवे लावण्यगुण युक्त ते गुणमाला कन्याने तेनी सखीयो विवाह माटे वारंवार उपदेश कस्या करे छे, तथापि ते पण गुरुजक्तिमां प्रीतिमती होवाथी विवाहने इछतीज नथी. वली मकरंदने विषे लुब्ध एवा च्रमराउ जेम केतकी वनमां आवे, तेम ते कन्याने वरवा माटे घणाक राजाउ त्यां आवे छे, पण ते वसंत राजा, कोइने परणावतो नथी. एकदा त्यां बहुसैन्यें युक्त, गुणवान् अने रूपवान् एवो चंपापुरीना राजानो शुककुमार नामा पुत्र आव्यो. तेने वसंतराजायें घणुं मान आप्युं.

पछी त्यां यौवनावस्थाने प्राप्त थइ एवी ते गुणमाला कुंवरीने जोइने, वसंतराजाना मंत्री सार्थे ते शुककुमारें जक्तिथी तथा युक्तिथी ते वसंतराजाने कहेवराव्युं, के "हे स्वामिन्! सुंदर, मिष्ट अने प्राणरक्षक, एवुं जे रांधेलुं अन्न होय, तेने माह्यो पुरुष, घरमां केटलाक दिवस राखे ? एम करतां जो जाजा दिवस राखे, तो ते अंतें डुर्गंध मारी जाय अने पछी तेने रस्तामां फेंकी देवुं पडे. तेम ए कन्या तमने घणीज वहाली छे तथा ते चतुर छे, वली तेनो विरह तमाराथी घडी एक खमाय तेम नथी, तोपण तेने युवावस्था प्राप्त थइ छे, माटे तेने परणाव्या विना राखवी, ए योग्य नथी. जो तमें ते कन्याने घणो वखत परणाव्या विनाज राखशो, तो चंड

किरण समान तमारा उज्ज्वल कुलने जरूर कलंकित करशो. वली पुत्री उपरना स्नेहनुं फल शुं छे? के, सुंदर ते पुत्रीने अने योग्य एवा वरने आपवी, तेज छे. माटे जो तमारो ते कन्याने कोइनी पण सार्थे परणावानो विचार होय, तो चंपापुरी पतिनो पुत्र शुककुमार नामा हुं हाल तमारा नगरमां आवेलो छुं, तो ते कन्या मने आपवी उचित छे. कारण के हुं जेवो तमने रूपथी, धनथी, प्रतापथी, अने कुलथी समान, उत्तम वर मलशे नहिं." आ प्रकारनां ते शुककुमारें कहेवरावेला नीतियुक्त संदेशाथी ते शुद्ध स्वभाववालो राजा समजीने कहेवा लाग्यो के हे प्रधान! तेणें कहेवरावेली वात बधी खरी छे, तेथी तमो तेने जइने कहो, के "हे शुककुमार! घणा राजाउ, आ मारी कन्याने वरवा माटे आव्या हता, पण तमारा पुण्यें प्रेरेला एवा में कोइने आज दिवस सुधी आपीज नहिं. अने ते सर्वे राजाउ निराश थइ जेवा आव्या हता तेवाज पाछा गया छे. जेम कोइ कृपण पुरुष, पोतानी लक्ष्मीने कोइक पुण्यशाली जीवमाटे राखी मूके छे, तेम में पण तमारी माटेंज आ मनोहर कन्या राखी मूकी होय? एम लागे छे. माटें दूरथी आवेला, अति स्नेहवाला, एवा तमने ते कन्या अमो आपशुं. तेथी हाल पुण्यथी उपलब्ध थयेली आ कन्याने वरो. परंतु तमारी सार्थे प्रथमथी अमें एटली बोली करीयें छैयें के, ज्यां पर्यंत आ अमारी कन्याने संतान न थाय, त्यां पर्यंत तमारे तथा अमारी कन्याने अमारे घेरज रहेवुं पडशे!" ए सर्वे वात मंत्रीयें जइने शुककुमारने कही. ते सर्वे वात कबूल करी. वली ज्यां पर्यंत संतान न थाय, त्यां पर्यंत आहिंज रहेवुं, ते पण कन्याना रूपथी मोह पामेला शुककुमारें कबूल कर्युं. पछी वसंतराजायें शुभलग्न जोवरावी ते कन्याने शुककुमार सार्थे परणावी दीधी.

पछी लग्न कर्या पहेलां बोलीथी बंधायेला ते कुमारने, पोताना ससरानेज घेर मनोहर हवेलीमां ते गुणमाला स्त्री सार्थे क्रीडा करतां केटलोक काल व्यतीत थइ गयो. हवे चंद्रमामां जेम कलंकरूप दूषण छे, तथा समुद्रमां जेम लवणरूप दूषण छे, तेमज स्थैर्य, गांभीर्य, दाक्षिण्यादिक गुणोथी युक्त एवा ते शुक कुमारमां महापापकारी एक मृगया रमवानुं महोटुं दूषण हतुं, तेथी ते व्यसनमाटे प्रतिदिन दूर वनमां जाय छे, अने त्यां जइने वाराह, शश, शंबर वगेरे अनेक पंचेंद्रिय जीवोनी हिंसा करे छे.

एम वसंतराजायें डुष्टकर्मासक्त थयेला ते शुककुमारने जोइ उपदेश देवा माटें वाक्पटुतामां निपुण एवा एक सुमुख नामा नहने मोकल्यो. ते निपुण नह तेनी पासें आवीने अवकाश जोइने कहेवा लाग्यो के हे स्वामिन् ! आ आप मृगया रमवाना मिषथी जे जीवहिंसा करो बो, ते ठीक करता नथी. कारण के ते हिंसासमान बीजुं लज्जास्पद कोइ पण कर्म नथी. वली बीचारा दीन, प्रमत्त, नयथी नागता एवा जीवोने जे मारवा, ते कांइ क्षत्रिय जननो आचार बे ? ॥ यतः ॥ यत्पृष्ठिं ददतां सदैव वदने, दीनं तृणं गृह्णतां, आत्मीयं शरणं स्वयं श्रितवतां शस्त्रं न वा बिभ्रताम् ॥ जंतूनां क्रियतेऽप्यथो बहुविधैरप्यायुधैर्निर्दयं, कोयं क्षत्रियवंशधर्म इह नो स्वामिन् त्वया पाल्यते ॥ १ ॥ अर्थः– जे पोतानो पृष्ठ नाग देखाडी नयथी नागता, जे निरंतर मुखपर ग्लानिने, तथा मुखमां तृणने धारण करता, आपणाज शरणने इछता, शस्त्र धारण रहित, एवा प्राणीयोने, आयुधोयें करी निर्दय एवा हिंसकजननी पेठें जे तमें हणो बो, तो तेमां ते क्षत्रियवंशनो धर्म कयो पालो बो? अर्थात् तेवा कर्मथी तो क्षत्रियवंशनो धर्म उछेद थइ जाय बे. वली हे स्वामिन् ! परप्राणने पीडा करनार, तथा तेनां प्राणो लेनार प्राणीने, अनेक प्रकारना व्याधिनी वेदनाउ, तथा वारंवार अकालमरण, प्रियजनना विरहाग्निथी दाहपणुं, गर्नमां आवी उबे महिने ते गर्ननुं पातपणुं, बालपणमांज नाशपणुं, नवोनव नसंतानपणा वगेरे डुःखने प्राप्त थाय बे. अने हे कुमार ! आप जुउ तो खरा, के जेने मारे ते प्राणीना तो प्राण जाय बे, अने ते मारनार धणी खुशी थाय बे, तो तेवी रीतें खुशी थनार प्राणी केवो मूर्ख कहेवाय ? जेम कोइ एक मनुष्यनी रात्रे झाढी बली, तो हवे ते झाढी बलनार मनुष्यनी साथें रहेनारो एक मूर्ख हतो, ते विचारवा लाग्यो के आ तो ठीक थयुं, केम के? मारे घरमांथी अंधारुं मटाडवा दीवो करवो हतो, ते न करवो पडतां अजवालुं थयुं, माटें आ प्रमाणें जो रात्रे सहु कोइनी माढीयोज सलगती होय, तो हुं जेवा माणासने थोडी वार दीवो करवानी तो खटपट मटे? तेम जीवहिंसा करी खुशी थाय बे, ते पूर्वोक्त मूर्खजन जेवाज जाणवा. अने वली मृगवगेरे पशुउने मारनारा जे व्याध लोको बे, ते हे कुमार ! आ लोकने विषे पण नूख, तृषा, टाढ, तडको, तेने हसन करनारा, विवस्त्र, नांगी गया बे गूमा जेना,

अने घासनी अणीयोयें त्रोपाइ गयां छे अंगो जेनां एवा दुःखी थया थ
का वनने विषे प्रतिदिन नम्याज करे छे, तो पण तेनी परिपूर्णरीतें उदर
पूर्त्ति पण थाती नथी. अने ते पाछा पण तेवी तेवीज दुर्गतिने विषे उत्पन्न
थाय छे. ए माटें बुध्धिमान् एवा हे शुककुमार ! तमारे कौतुकथी पण पा
पनी पेटीरूप मृगया तो रमवीज नहिं ? वली एवो ते कोण मूर्ख होय
के कौतुकथी पण आपत्तिनी पेटी समान मृगया रमवामां आसक्त थाय ?
आ प्रकारनो ते नट्टनो कहेलो उपदेश सांजलीने तेणें जाण्युं जे ते नट्टें कह्युं
ते सर्व खोटुंज केम के छे, ने मृगया रमवामां काइ क्षत्रियने दोषज नथी. पण
हुं आहिं ज्यां सुधी रहीश, त्यां सुधी मृगया नहिं रमुं! कारण के मारा
ससराने दुःख लागे छे! अने आहिंथी निकल्या पछी तो मृगया रमुं, तो मने
कोण कहे एम छे! तथा दुःख पण कोने लागे एम छे! माटें आहिंथी बाहा
र जइने मृगया रमीश ! एम विचारी ते शुककुमारें उपदेशक नट्टने तथा
पोताना ससरा वसंतराजाने सारू लगाडवा माटें उपरथी देखाडवा मात्र मृ
गया रमवी छोडी दीधी. एवा समयमां शुं बन्युं ? के त्यां ते शुककुमारनेज
बोलावा माटे तेना पितायें मोकलेलां माणासो आव्यां, अने तेउयें कह्युं के
आपने आहिं घणा दिवस थया, माटे आपना पितायें जलदी बोलावेला
छे. ते सांजली शुककुमार पोताना ससरा वसंतराजापासें आव्यो अने
तेने कहेवा लाग्यो के हवे मुने आहिं आपना नगरमां आव्यां घणा
दिवस थइ गया छे, तेथी मारा पितायें तेडवा माटे माणासो मोक
लेलां छे, ते माटे मने आहिंथी सस्त्रीक जवा माटें आज्ञा आपो. ते
सांजली राजायें विचार्युं जे आपणे आ जामाता सार्थे ठेराव करेलो छे,
जे अमारी दिकरीने कांइ पण ज्यारें संतान थाय, त्यारे तमने बेहुने
तमारे गाम जवानी रजा आपवी, तो तेने कांइ हजी संतान तो थयुं नथी
माटे केम रजा आपाय ? पण हुं तपास तो करूं जे ते कन्याने हाल
गर्न्न तो नथी, जो गर्न्न होय, तो रजा आपियें. एम विचार करी तेनो
तपास करावतां मालम पड्युं जे पोतानी दीकरी हालमां सगर्न्ना छे. एम
जाणी ते दंपतीने जवानी रजा आपी.

पछी उत्तम एवा मुहूर्त्तने विषे ते शुक कुमार पोताना तथा ससरायें
आपेला मोहोटा सैन्य सहित ज्यारें त्यांथी चाल्यो, त्यारें थोडेक दूर

तेना ससरा वगेरे सर्व वलावा आव्यां. पछी अनुक्रमें आ अमारा आश्रम पर्यंत आवी, आहिंथी जरा दूर मेरा नाखीने रह्यो. तेवामां तो तेणे स्वछं दताथी फरता एवा अनेक प्रकारना वनेचर पशुउने दीठा, ते जोइने तेणें विचार्युं जे अहो! आहिं केवा मजानां वनेचर पशुउ छे? अने आहीं कोइ ना कहे, तेम पण नथी, वली एटला दिवस तो एम बीक हती के जो हुं मृगया रमीश, तो मारा ससराने दुःख लागशे, ते पण हाल नथी तो हवे आहीं स्वेछाप्रमाणें मृगया रमुंश? एम विचारी मृगयाना छदमां पडेलो ते कुमार, ते जीवोनें मारवा तत्पर थयो॥ यतः॥ द्यूतं द्यूतकरः सुरां प्रिय सुरः कामातुरः कामिनीं, मांसाशी पिशितं खगोपि कुणपं शून्यं धनं तस्कर ः॥ कांतारं च वनेचरान् विचरतो दृष्ट्वा तु पापर्द्धिमा, नात्मानं च व शीकरोति भुवि कश्चात्यंतमुत्कंवितः॥ १ ॥ अर्थः—जुगारी जन जुगारने, सुरापान करनार मनुष्य, मदिराने, कामातुर पुरुष, कामिनीने, मांसाशी नर, मांसने, मांसाशी पक्षी पण मांसने, तस्कर प्राणी, शून्यधनने अने मृ गयासक्त एवो पापिष्ट जीव, वननेविषे स्वछंदताथी फरता वनेचरने जोइ ने उत्कंवित एवा थका आ पृथवीने विषे पोताना मनने वश करी शकता नथी. कवि कहे छे, के जे कार्यमां जेने प्रीति होय अने वली पाछुं ते कार्यनुं तेने ज्यारें साहित्य मले, त्यारें ते केम खुशी थाय नहिं? ना थायज. माटें तेने त्यां मृगया रमवानी सामग्री मलवाथी ते खुशी थयो. अने वली पण जाण्युं जे आ स्थलमां हुं हवे घणाक दिवस रहिश? कारण के आवी मृगया रमवानी सामग्री मने बीजे ठेकाणे मलवी दुर्लभ छे? एम जाणी प्रथम जे पोताना मेरा नाख्या हता, तेने पाछा मजबूत नाखीने तेणें त्यां शांतवृत्तिथी रहेवा ठेराव कर्यो.

पछी उंचा अने महोटा एवा एक अश्वपर बेसी पापर्द्धिक एवो ते कुमार, मृगवगेरेने मारवा माटे अत्युत्सुक थइ चाल्यो. ते अरण्यमां आव्यो, त्यां प्रथम दूरथी तेणें विश्वसित चित्तवाला, निरपराधी, निर्भय तथा स्वस्थम नथी उत्नेला सूकरोने जोया. जोइने मनमां विचारवा लाग्यो के हवे हुं जलदी ते बधा सूकरोने मारी नाखुं? हाल जो हुं बीजुं आडुं अवलुं कांइ पण काम करीश तो ते सर्व सूकरो भागी जाशे, तो मारुं सर्व मृगयानुं सुख चाल्युं जाशे? एम विचारी पोताना घोडाने वेगथी एकदम दोडाव्यो, त्यां दोडतां

दोडतां रस्तामां तृणोथी आच्छादित थयेलो एक उंडो खाडो आव्यो, ते खाडा मां घणीज जडपथी दोडतो एवो ते कुमारनो घोडो अचानक पडी गयो. तेमां पडतांज ते घोडानी साथें पडेला शुककुमारने त्यां पेटमां एक अणीदार लाकडानो खांपो हतो, ते पेसी गयो, ते एवो पेठो के ते तेनुं पेट फोडीने पछवाडे चार आंगल बाहार निकल्यो. त्यां तो तेनी पछवाडे धीरें धीरें घोडापर बेसी चाल्या आवता एवा तेना अनुचरोयें ते शुककुमारने घोडा सहित खाडामां पडतां जोयो. जोइने ते सहु दुःखथी एकदम बोली उठ्या के हाय, हाय ! ! ! नूंडूं थयुं. कुंवर, घोडासहित उंडा खाडामां पडि गया, हवे तेनो केम बचाव थाशे! तेम विचारी ते सर्वे तूर्णताथी त्यां आव्या, अने जलदी ते कुंवरने खाडामांथी बाहार काढ्यो अने काढीने ज्यां जुवे छे, त्यां तो लाकडानो अणीदार खांपो वागवाथी जेनुं पेट फुटी गयुं छे तथा जेना पेटमांथी आंतरडां पण निकली गयां छे एवा ते कुमारने जोयो. पछी तेने एमने एम एक पालखीमां नाखीने तंबूमां आण्यो. त्यां घणीज वेदनाने प्राप्त थयो. ते जोइने तेनां सुज्ञ एवा माणसोयें विचार कर्यो के, अरे! आ राजकुमरनां माता पिता तो घणांज दूर छे, तेथी ते कांइ बोलाव्यां जलदी आहिं आवी शके एम नथी, परंतु तेना ससरानुं गाम आहिं नजिकमां छे, माटे तेना सासु ससराने आपणे बोलावी लहियें, तो ठीक कहेवाय! एम विचार करीने तेमनां सासु ससराने तेडवा माटे कोइक माणसने मोकल्यां, तेणें एकदम त्यां आवीने कुंवरने वागवा वगेरे जे कांइ हकिगत बनी हती, ते सर्व कहि बतावी. ते सांभली अत्यंत खेद पामी रुदन करतां तथा क्लेश करतां तेनां सासु अने ससरो घणाक माणासोने लही त्यां आव्यां. अने आवीने ज्यां जुवे छे, त्यां तो महावेदना ग्रस्त अति दुःखित एवा पोताना जमाइने दीठो अने बोलावा मांड्यो पण ते बेभान होवाथी कांइ पण बोलीज शक्यो नहिं. पछी बे त्रण दिवस सुधी मोहोटी मांदगी भोगवीने ते मरणशरण थइ गयो. त्यारें तो तेनां सासु, ससरो तथा ते कुमारना माणासो वगेरे सर्व कालो कल्पांत करवा लाग्यां. अने ते शुककुमारना शबने बालवा माटे काष्ठनी चिता करी. तेमां तेने सुवाड्युं. ते जोइ कुमारनी स्त्री जे गुणमाला हती, ते पोताना पति साथें सती थइ बलवा तैय्यार

थइ, त्यारें अत्यंत डुःखें करी रुदन करतां ते गुणमालानां माता पितायें तेने पकडी राखी, उपदेश देवा मांम्यो. के हे बेहेन ! जो ॥ श्लोक ॥ आत्म घातसमं पापं, न भूतं न भविष्यति ॥ तस्मान्न हि त्वया कार्यं, कष्टमज्ञा नसंभवम् ॥ १ ॥ अर्थः– आत्महत्या समान बीजुं कोइ पाप थयुं नथी, अने थाशे पण नहिं ? ते माटे तारे ते चितामां बली आत्मघात रूप पाप करवुं योग्य नथी. अने अग्निमां बली मरवुं, ते समजण तो अज्ञानीज नोनीज छे, तेथी ते काम, ज्ञानी मनुष्यने तो करवा लायक छेज नही. कोइ पण बुद्धिमती सती स्त्री,हजी सूधी पोताना स्वामीनी साथें चितामां बली नथी. ते जेम के, प्रथम तो रामचंद्रनी साथें सती सीता, बीजी रावणनी साथें सती मंदोदरी, त्रीजी डुर्योधननी साथें भानुमती सती, चोथी श्रीकृष्ण साथें तेनी स्त्रीयो, पांचमी तेना भाइनी साथें तेनी स्त्रीयो बली नथी. माटे हे पुत्रि ! पोताना स्वामी साथें चितामां पडी बली मरवुं, ते हालनी स्त्रीयोयेंज उत्पन्न कर्युं छे. अने वली हे बहेन ! प्राची न इतिहास पुराणोमां पण सती स्त्रीने पोताना पुरुष साथें चितामां ब ली मारवानो निषेध करेलो छे. ते सांभली गुणमाला एकदम निराश थइ ने घणुंज रुदन करवा लागी, के हा वल्लभ ! हा प्राणनाथ ! ! मने मूकीने आप क्यां जता रह्या ! ! ! अरे ! आ महाघोर अरण्यमां एकली अनाथ एवी मने छोडीने आप क्यां गया छो ? अरे ! गुणवान् एवा आप विनानी विधवा थयेली हुं हवे मारी सहवासी सखीयोने शुं मुख देखाडीश ! आ प्रकारें अत्यंत छाती फाटे तेवी रीतें रोती अने पोताना मस्तकने अने हृदयने कूटती एवी ते गुणमालाने जोइने माता पिता घणांज खेद पाम्यां, अने रुदन करवा लाग्यां. पछी ते कन्याने खेद मट वा माटे घणीज समजावी, तो पण ज्यारें ते जरा पण समजी नहिं, त्यारें हे पद्मोत्तर कुमार ! तेना माता पितायें जाण्युं जे अत्यंत डुःखमां पडेली आ पुत्री आपणुं कह्युं मानशे नहिं माटे आहिं निकट रहेला ए वा कोइ एक तपस्वी पासें लइ जाइयें, अने ते तेने कांइक सामजावशे, तो तेना जीवने शांति थाशे ? एम जाणी तेनां माता पिता तेने तेडी अहिं आव्यां, अने बनेली सर्व हकिगत कही आपी, ते सांभली ते त्रणे ज णने डुःखीयां जाणी ते वसंतराजाना उद्देशें उपदेश देवा मांम्यो के

हे राजन् ! जयानक एवा आ संसारने विषे रहेनारा जीवोने मृत्युनो जय तो सदा सर्वदा मटतोज नथी अने सगां वहालांनो जे संयोग छे, ते पण जोतां जोतांमां नाश पामी जाय छे अने तेनो वियोग थया विना रहेतोज नथी. कारण के कर्मने वश पडेला प्राणीयो पोताना कर्मानुसारें अवतरे छे, तथा मरण पण पामे छे. तेमां पण जगतमां जेनी उपर आपणने घणोज स्नेह होय, ते आपणी सार्थेज जो मरता होय, तो तो दुःख नहिं. पण तेम तो कर्मरूप जलप्रवाहमां पडेला जीवोनुं बनतुंज नथी माटें संसारमां पडेला जीवोना स्नेहनो तो त्याग करवोज उचित छे. वली आ संसारमां पंचेंद्रियना जे जोगो छे, ते पण माजनी अणी पर रहेला जलबिंदुनी समान अस्थिर छे अने वली रोग, अने शोक रात्रि दिवस मनुष्यने बाध्याज करे छे. माटें ज्ञानीजनें तो आवा दुःखदायक संसारमां आसक्त थावुं योग्यज नथी. हा, आ संसारमां रहिने जे जीव, पुण्योपार्जन करे, तथा स्वजन जननो स्नेह छोडी तपोलक्ष्मी सार्थे पोताना देहनी योजना करे अने सांसारिक सकल आयासने छोडी वनमां वास करे, तेज जीव उत्तम कहेवाय.

आ प्रकारनो कुलपतिनो करेलो उपदेश सांजलीने राजा तथा राणी बेहु जण वैराग्य पामी तापसी दीक्षा लेवाने तत्पर थयां, परंतु तेउने दीन, दुःखित अने विधवा एवी पोतानी पुत्रीने छोडवानो महोटो विचार थइ पड्यो ? हवे त्यां तो शोकथकी जराक विराम पामेली एवी तेनी पुत्री गुणमालायें विनति करी के हे महाराज ! आपने जो मने दीक्षा देवी योग्य जासती होय, तो आपो ? ते सांजली कुलपतियें कह्युं के दीक्षा जे लेवी, ते तो सहुने योग्यज छे, तेमां तम जेवां संसारमां महादुःखी जीवने तो विशेषें करी लेवी जोइये छेयें ॥ यतः ॥ पीडितानां पराजूत्या, ताडितानां तथापदा ॥ दुःस्थितानां जवस्थानां, शरणं तापसव्रतम् ॥ १ ॥ अर्थः— पराजवथी पीडित अने आपत्तिथी ताडित, संसारने विषे अत्यंत दुःखित एवा जनने तो तापसव्रत जे छे, तेज शरण छे. ते सांजली पुष्पमाला राणी बोली के हे गुरो ! आ मारी पुत्री सगर्जा छे, माटे सगर्जा एवी स्त्रीयें दीक्षा लेवाय के केम? त्यारें कुलपतियें कह्युं के ते स्त्री जो सुखमां होय, तो तो लेवी घटे नहिं, परंतु जो ते दुःखित होय, तो लेवी घटेज छे. माटे आ स्त्रीने दुःखनुं विस्मरण करवा माटे दीक्षा लेवी योग्यज छे. अने वली

दुःखनुं विस्मरण करनार दीक्षा जेवुं बीजुं कोइ उत्तम आचरण बेज नहिं ? ते माटें आ तमारी पुत्रीने तो दीक्षा लेवानी जरूरज बे अने तेम करवामां मारी संमति बे. ते सांजलीने तत्रत्य सहु कोइ खुशी थयां. पबी वसंत राजा घेर आवी पोताना ज्येष्ठ पुत्रने राज सोंपी सामंतादि कनी रजा लइने पोतानी स्त्री, तथा विधवा पुत्री, तेणें सहित तेणें तापसी दीक्षा लीधी, अने पबी ते त्रणें जण तापसी क्रिया करवामां प्रवृत्त तथा शुद्ध ध्यानने विषे तत्पर रहेवा लाग्यां.

हवे ते गुणमालाने पण पूरा दिवस थयेथी अमारी पर्णकूटीमां एक पुत्री अवतरी. परंतु ते गुणमाला तो सुवावडमांथीज दारुण रोग थवाथी, तथा प्रतिदिन ज्वर आववाथी, योनिशूलनी वेदनाथी केटलेक वहाडे मरण पामी. त्यारें तेना दुःखें करी दुःखित एवी तेनी माता पुष्पमाला, अत्यंत दुःख पामी रुदन करवा लागी, त्यारें त्यांनी रहेनारी तापसी स्त्रीयोयें तेने वैराग्य कारक वातोयें करी बोध दइ, शांति पमाडी.

पबी स्नेहें करी उत्पन्न थयेला पोताना स्तनना दूधथकी ते कन्यानी मानी मा पुष्पमालायें धवरावी उबेरवा मांमी. तेथी ते वनमां ने वनमांज महोटी थइ, तेथी तेनुं नाम वनमाला पाड्युं, अनुक्रमें ते कन्या सर्व तापसीयोना मनने आल्हाद कारक एवा यौवन वयने प्राप्त थइ. हवे ते कुलपति, पोताना शिष्य थयेला वसंतमुनिने पोताना पाट पर बेसारी योग मार्ग साधी स्वर्गमां गया. अने पुष्पमाला पण दैवयोगें मरण पामी गइ. हवे हे पद्मोत्तर कुमार ! हाल में कह्युं के वसंतमुनिने पाटें बेसाख्यो. ते वसंत मुनि पंमें हुंज बौं. ते कन्यानां माता, पिता, तथा मानी मा, ए सर्व मरण पामेलां होवाथी ते कन्या अत्यंत दुःखी थइ रुदन करवा लागी. तेने जोइने महामोहथकी मोहित थयेलो हुं चिंताक्रांत थयो थको ए कन्यानुं पालन पोषण करवा लाग्यो, ते अद्यापि पर्यंत तेनुं पालन पोषण कखाज करुं बुं. अने तेना विवाह माटें तेने योग्य एवा वरनी पण शोध कखाज करुं बुं. तथा वली ते विषे महारा गुरु मने कहि गया बे के आ वनमाला कन्या सार्थे जेनो विवाह थाशे, ते महोटो राजा थाशे. हे कुमार ! ते कन्या आ आपनी पासें उनी राखेली बे, तेज बे. आ प्रमाणें मने पूबवाथी जे खरी वात हती, ते में कही आपी. हे कुमार !

बीजुं तो ठीक, पण सर्वसंगत्यागी एवा मने दैवयोगथी तेनी साथें पुत्री वत् स्नेह लागेलो छे, तेथी जो तमें तेनुं दया करीने पाणिग्रहण करो, तो हुं ते स्नेहरूप पाशथी छूटुं? ते सांजली पद्मोत्तर कुमारें खुशी थइने तेनुं वचन स्वीकार कर्युं. पछी ते वसंतकुलपतियें विवाहनी सर्व सामग्री एकठी करीने ते कन्याने त्यांज पद्मोत्तर कुमारसाथें परणावी आपी. पछी ते कन्यानी मानां तथा ते कन्यानी मानी मानां जे कांही वस्त्र आजूषण वगेरे राखी मूक्यां हतां ते, अने बीजां पण केटलांएक नवां करावेलां आजूषण वस्त्रो, वनमालाने कन्यादानमां आपी दीधां. अने वसंत मुनियें पोतानी पासें जे सिद्धवेताल नामा विद्या हती ते पण ते कुमारने आपी दीधी. हवे पद्मोत्तर कुमार पण नवोढा एवी ते वनमाला साथें केटलाएक दिवस त्यां रहीने पछी ते वसंत मुनिनी रजा लइने त्यांथी चाल्यो, अने पोताना मातामहना वियोग थवाना दुःखें दुःखित एवी पोतानी प्रियस्त्रीने केटलीएक विनोदनी वार्त्ताउयें करी आनंद पमाडतो थको क्रमें करी ते मथुरा नगरीमां आव्यो. अने त्यां आवी मथुराधिपतियें आपेला आवासमां सैन्य सहित उतारो कर्यो.

हवे त्यां बीजा पण केटलाएक राजकुमारो आव्या. पछी ज्यारें स्वयंवरनो उत्तम दिवस आव्यो, त्यारें धारण कर्यां छे सूर्यसमान प्रकाशित मुकुट वगेरे आजरणो जेणें, अने ते कन्याउने परणवा माटे अत्युत्कंठित एवा ते देश देशना राजकुमारो, पूर्वोक्त स्वयंवर मंमपमां मणि अने रत्नो, तेणें जडित उंचा तथा नीचा एवा मांचडाउने विषे यथायोग्यरीतें सुरकुमारोनी पेठें आवी बेठा. पछी दिव्यवेषने धारण करनारा एवा ते कुमारो, पोत पोतानी जेवी जेवी जोग सामग्री, अने पोत पोतानां जेवां जेवां ज्ञान प्रमुख हतां तेमने एकबीजानी स्पर्द्धाथी उछांछला थइने बतावबा लाग्या. एटले ते राजकुमारो एम जाणे छे के अमारां जे काहिं संपत्ति वगेरे छे, ते जो आ बेहु कन्याउने बतावीयें, तो ते कन्याउ तेथी लोजाइ जइ अमोनेज वरे? हवे एवे समयें धन्य, अने शुज एवी लीलायें करी सुशोन्नित, विवाहने योग्य एवां वस्त्र तथ आजूषणोयें करी मनोहर, जाणे स्वर्गमांथी आवेली रंजा अने तिलोत्तमा नामा अप्सराज होय नहिं? एवी ते चंद्रलेखा अने सूर्य लेखानामा बेहु राजकन्याउ पोताना हाथमां उत्तम एवीवरमालाने धारण

करीने एक रथमां बेसीने ते सुशोनित एवा स्वयंवर मंमप पासें आवीयो. अने पछी रथथी नीचें उतरी स्वयंवर मंमपमां चालीयो, चालतां चालतां ते कन्याउनी पासें, त्यां बेठेला राजकुमारोना गुण कुल वगेरे कहेवा माटें राखेली नाटणीयें, जे जे कुमार पासें ते कन्याउ आवे, ते ते राजकुमारना गुणग्रामनुं वर्णन करवा मांम्युं. अने तेवी रीतें आखो स्वयंवर मंमप फरीने पाछी ते कन्याउ स्वस्थानें आवीयो, परंतु तेना मनमां तथा नजरमां कोइ पण राजकुमार आव्यो नहिं. त्यारें वली ते बीजी वार पाछी स्वयंवर मंमपमां वरमाला लइ चालीयो, अने चालतां चालतां देव कुमारसमान ज्यां पद्मोत्तर कुमार बेठेलो छे, त्यां आवीयो. अने तेनी पर बेहु कन्यानी एकज समयें दृष्टि पडी, के तुरत तेउनुं मन, ते कुमार मांज चोटी गयुं, तेथी एकदम ते बेहु कन्यायें पद्मोत्तर कुमारना गला मांज वरमालानुं आरोपण कर्युं, ते वखत जय जय शब्द थवा लाग्यो तथा अनेक वाद्यो पण वागवा लाग्यां अने त्यां बेठेला राजकुमारो शिवाय सहु कोइ जनो अत्यंत प्रसन्न थइने एक साथेंज कहेवा लाग्यां के "अहो! आ बेहु कन्यायें घणोज उत्तम तथा मनोहर, पोताने योग्य, एवोज वर वर्यो" हवे ते बेहु कन्यायें ते पद्मोत्तर कुमार वर्यो. ते जोइने कृतांत नी पेठें कोपायमान थयेलो एवो कोइएक सांकेतपुरनो विडुर नामा राजा, तत्रत्य सर्व राजकुमार मंमलने कहेवा लाग्यो, के हे राजकुमारो! आ अल्पज्ञ, मूर्ख एवा पद्मोत्तर कुमारें हाल आ बेहु कन्याउने जे वरी छे ते, ते पापीयें आपणुं सर्वेनुं नाकज काप्युं छे. माटे तेने आहींथी जीवतो जवा देशो नहिं हो. अने जो जो ते नागी जाशे, माटे तमें ऊट पकडो! पकडो! ए डुष्टना मदने तमो कोइ जो नहिं उतारो, तो पण हुं तो तेनो मद एक क्षण मांज उतारी दइश! ते सांनली सामर्ष थयेला राजकुमारो तुरत हथियार लइने लडवा माटें सन्नद्ध थइ गया. पछी ते पद्मोत्तर कुमारना ससरा चंड ध्वज राजायें जाण्युं जे आ मारो जमाइ एकलो छे, अने ए राजकुमार तो घणा छे, तेथी तेनी हुं सहाय करुं? नहिं तो ए पद्मोत्तरें मारी बेहु कन्याने वरी छे, तेथी मने महोटुं डुःख आवी पडशे? तेम जाणी पोतें तेने आश्रय देवा वास्ते सैन्य तैयार करी लडवा बहार पड्यो. ते जोइने विडुर राजायें जाण्युं जे, तेनो ससरो तेनी सहायमाटे मल्यो, ते माटे हवे हुं ते बेहु

जणने जीती सकीश नहिं, तेथी एक वाचाल दूतने मोकली साम, दान, विधिभेदथी समजावीयें, अने एम समजाव्याथी कोइ रीतें ते बे कन्यामांथी मने एक पण कन्या जोइयें आपे छे? जो आपे तो तो ठीक थाय, नहिं तो पछी छेवट लडवुं तो छेज? एम विचारी एक वाचाल दूतने ते चंद्रध्वज राजा पासें मोकल्यो, ते दूतें आवीने ते चंद्रध्वज राजाने कह्युं के हे राजन्! मने सांकेतपुरना विदुर राजायें मोकलेलो छे. अने तेणें कहेवराव्युं छे के. "आहिं आवेला कोइ पण राजकुमारने एक कन्या तमारे आपवीज जोइयें. कारण के आप्या विना आ अमारो राजकुमारोनो कोप शांत थाशे नही! तथा तमने सहुने सुख शाता पण रहेशे नहिं अने महोटो उत्पात थाशे? वली हे नृप! तमें सर्व राज कुमारोने आमंत्रण करी तेडावीने एकज जणने बेहुकन्याउ आपी दीधी, ते तमोयें अमारूं सहुनुं मोहोटुं अपमान कर्युं छे अने नाक काप्युं ने? माटे अमारा कहेवा प्रमाणें एक पण कन्या जो नहिं आपो, तो तमारा जमाइने ए बेहु कन्याने परणी पोताने घेर जावुं, बहुज कठिन थइ पडशे? जाजुं शुं कहियें, पण ते पद्मोत्तरनो नाशज थाशे?" ए वाक्य सांभली मथुरापति एवो चंद्रध्वज राजा बोल्यो के हे दूत! तुं आवा कटु वाक्य म बोल. अने तुं तारा स्वामीनुं हित करवा आव्यो छो खरो, परंतु कांइ युक्तायुक्त समजतोज नथी. कारण के जे संदेशाथी वृथा महोटो क्लेश उत्पन्न थाय, तेवो संदेशो देतां जरा पण झर केम खातो नथी? त्यारें ते दूत बोल्यो के हे राजन्! आप कहो छो, एमज हुं मारा स्वामीनो भक्त छौं, एम तो सहु कोइ जाणेज छे, परंतु जो विचार करशो, तो आपनो पण हुं हितैषी छौं, केम के आपनी बे कन्याउमांथी एक कन्या आपवारूप संदेशो कहिने आपनां तथा आपना जामाताना अने सर्व सैन्यना जीवोने बचाववा इच्छुं छौं, कदाचित् अमो बलवान् छैयें, तो अमारो तारा स्वामी विदुरराजा वगेरेथी पराजय कोइ दाडो थाय एमज नथी! एम जो आप जाणता हो, तो ते आपनी महोटी भूल छे. कारण के एक कोइ महोटो बलवान् हस्ती होय, तो तेने जाजा जण जो दमन करे छे, तो तेनुं दमन थाय छे, अने तेथी पछी ते बीचाराना शरीरने कीडीयो जेवा हलका जीवोने खावानो प्रसंग आवे छे. वली जुउ. आवो अति प्रकाशमान सूर्य छे, ते पण जो जाजां

वादलांउथी घेराइ जाय ठे, तो ते निस्तेज थइ जाय ठे. तेमज एक जण कदाचित् शूरवीर होय, तो पण ज्यारें तेने जाजा सुनटो वींटी लीये ठे, त्यारें तेनो पराजव थया विना रहेतोज नथी. हवे आ प्रकारनी सर्व वात, त्यां नजीक उनेला पद्मोत्तर कुमारें सांजली के तुरत ते बोली उठ्यो के हे दूत! तुं अवलां तथा रजोगुण जरेलां वचन केम बके ठे ? अने तुं कहे ठे के हुं मारा स्वामीनो नक्त बुं, ते पण खोटी वात ठे, कारण के जो तुं स्वामिनक्त हो, तो तारा स्वामीनो तथा तदनुयायीनो जेथी नाश थाय तेवां कटु वचनरूप संदेशो शामाटें कहे? वली तुं मूर्खशिरोमणि पण ठो, केम के तें जे हस्ती वगेरेना दृष्टांत आप्या, ते पण समज्या विनाज आप्या ठे. जो. एक गंधहस्ती जे होय ठे, ते बीजा हस्तीयोने मारी नाखे ठे, अने ते हस्तीने वली एकलो सिंहज मारी नाखे ठे, अने ते सिंहने वली एकलो शरजनामा पक्षी मारी नाखे ठे, एम तारतम्यपणाथी एकथी एकनुं बल वधारेज होय ठे. वली नें कह्युं के एकला शूरवीरने सुनटो मारी नाखे, पण अतिबलवान् सुनट, जलें एकलोज होय, तो पण ते, तेथी अल्पबल वाला सुनटोने मारीज नाखें ठे. तेथी तारा कहेला पूर्वोक्त सर्व दृष्टांत अनुप युक्त जेवा देखाय ठे. माटें सिंह समान पराक्रमवाला जे अमो ठैयें, ते शृगाल तथा श्वान समान तारा स्वामी विडुरराजा प्रमुख राजकुमारोथी कोइ दाडो जय पामनाराज नथी. अने श्वानो जे ठे, ते बहुज नष्या करे ठे, परंतु ते कोइने करडी शकता नथी. अने हे दूत ! हवे जो जाजुं केहे वरावतो हो, तो जे शूरवीर न ठतां मानजंगजीरू होय, तेउयें तो आ स्वयंवर मंमपमां आववुंज उचित नथी. वली आहिं आवनारा अमोने राजकुमारोने तो प्रथम जाणवुंज जोइयें, के स्वयंवर मंमपमां जे कन्या हशे, ते तो कोइ पण एक वरनेज वरशे? तेम जाणतां ठतां ज्यारें पोताना डुर्नाग्यथीज पोताने ते कन्या न वरे, त्यारें तेमां तेनुं मानजंग ते शेनुं थयुं कहेवाय? ना नज कहेवाय. माटें तारो स्वामी विडुर राजा जे ठे, ते चित्तने विषे मफतनो खोटो पराजव माने ठे? तेथी तो स्पष्टरीतें एम जणाय ठे, के ते पंके काची बुद्धिवालो माणास ठे, तेमज वली तेणें पोताना हितचिंतक एवा माह्या मंत्रियो पण राख्या नथी. वली हे दूत ! तारा स्वामी विडुर राजानुं नाक तो ज्यांथी मारा गलामां आ कन्याउयें वरमाला आरोपण करी,

त्यांथीज कपाइ गयुं छे, तो वली पाछो ते कापेला नाकपर तारी साथें मो कलेला संदेशाथी क्वार जनरावानी शामाटे इछा करे छे? आ प्रकारनां कुमारनां वचन सांजली क्रोधायमान थयेलो ते दूत, एकदम बोली उठ्यो के, हे मिथ्याभिमानी कुमार! आ तारा बोलवारूप पांमित्यें तो तुं जरूर हाल ते विछुर राजा वगेरे राज कुमारोयें यमराजाना पग चांप वा मोकली दीधेलो हो. एम जणाय छे. हे वृथाभिमानी! सांजल. सर्प जे छे, ते दशन करी सहुनां प्राण लें छे एवो प्रबल छे, परंतु तेने सर्व पक्षीयो एकठां थइ पोतानी चांचथी विंखी नाखे छे, तेम तुं रूप जे सर्प छो, तेने पक्षीरूप राजकुमारो घडी एकमां बाणरूप चांचें करी वीखी ना खशे, तेमां जरा पण संशय राखीश नहिं. एवां वचन सांजली कोपाय मान थयेला चंद्रध्वज राजायें पोताना पहेरापर रहेला चाकरोने हुकम कर्यो, के हे अनुचरो! आ छुष्ट दूतने एकदम गले पकडी बाहार काढो. ते सांजली तुरत ते अनुचरोयें ते दूतने गले पकडी बाहार काढ्यो.

हवे दूत पण घणोज मनमां क्रोध पामी शीघ्रताथी पोताना स्वामी पासें आव्यो, अने त्यां आवी बनेली सर्व वात कही देखाडी. ते सांजली कृतांत समान कोपायमान थयेला विछुर राजायें तुरत रणतूर वगडाव्यां. अने हाथी तथा घोडाउ पाखर्या, अने सैन्य सहित लडवा माटे तैय्यार थयो. ते जोइने बीजा राजकुमारो पण पोत पोतानुं सैन्य तैय्यार करी लडवा तत्पर थया. अने तेउयें पण रणतूर वगडाव्यां. पछी ते सर्वने लडवा तैय्यार थयेला जोइने चंद्रध्वज राजा पोताना सैन्यने तैय्यार करी लड वा तत्पर थयो, अने तेणें पण रणतूर वगडाववा मांमयां. आ प्रमाणें चंद्रध्वज राजाने लडवा तत्पर थयेलो जोइने पद्मोत्तर कुमार कहेवा लाग्यो के हे प्रजो! आवा कीटकसमान तुछ राजकुमारोनी सार्थे तमारा जेवा महोटा योद्धाउने शामाटे लडवा जावुं जोइयें? अने आपें लडवा माटें अवडुं मोटुं जे सैन्य तैय्यार कर्युं, तो ते सैन्यनुं पण आवा अल्प युद्धमां शुं काम छे? त्यां तो हुं एकलोज जाइश, कारण के ते पण सर्वे बालकोज छे? माटे हुंज रथमां बेसी जाउं छुं. तमो जुउ तो खरा, के हुं एकलोज ते सर्वेनो पराजय, केटली वारमां करुं छुं! एम कही ते चंद्रध्वज राजाने तथा तेनी सेनाने अने पोतानी सेनाने शपथ दइने पाछां वाली

अने पोतें एकलोज रथमां बेसी सिंहनी पेरें युद्धनूमिमां गयो. त्यां तेने जोइने सामर्थ्यवान् एवा विडुरादिक राजाउ बोल्या के, हे मंदमते ! तें ज्यारें तारा पराक्रमना अनिमानथी सर्व सैन्यने काढी मूक्युं, त्यारें तुं पण आ रणनूमिथी जलदी नागी जा. कारण के अमें बालक एवा तारा एकला सार्थे युद्ध नहिं करीयें ? त्यारें लीलायें करी ललित एवो पद्मोत्तर कुमार बोल्यो के, आवी खल समान वाणी बोलवानुं तमारे शुं प्रयोजन ले ? हुं प्रगटरीतें तमारी सर्वेनी सामो उनोज बुं, माटें तमारामां जेटलुं जोर होय, तेटलुं देखाडो. वृथा बकवाद शामाटें करो ठो ? ए वचन सांनली क्रोधायमान थयेला राजकुमारो एकदम प्रहार करवा तत्पर थइ गया. ते जोइने, ते वसंत कुलपतिनी आपेली वेताल विद्या जे हती, तेनुं कुमारें स्मरण कर्युं के ते विद्याना प्रनावथी वैरीउयें जे जे शस्त्रो तथा अस्त्रो कुंवर पर नाख्यां हतां ते तेज शस्त्रोयेकरी वेतालमंत्रथी साध्य थयेला पिशाचो, निर्दयपणें ते राजकुमारोनेज मारवा लाग्या. तेथी ते सर्व राजकुमारो अति प्रहारथी दीनवदन थइ, जीववाने विषे पण निराश थइ गया. पढी पद्मोत्तर कुमारनुं आवुं अत्यंत डुरत्यय पराक्रम जोइने कंपायमान ठे शरीर जेनुं एवो, अने युद्ध करवा आवेला सर्व राजकुमारोनो अग्रेसर विडुर राजा, गर्वपर्वतथी नीचें उतरीने अर्थात् हारी जइ नम्र थइने एकदम कुमारना बेहु चरणमां आवी पड्यो. अने कहेवा लाग्यो के हे कुमार ! महा अपराधी एवा जे अमें ते अमारुं रक्षण करो, रक्षण करो ! तेवा दीन वचन सांनलीने ते कुमारें तुरत वेताल विद्यानो उपसंहार करी लीधो. पढी युद्ध करवा आवी पराजय पामेला एवा सर्व राजकुमारोयें कुमार पासें क्षमा मागी अने सहु कोइ दास समान थइ रह्या. कुमारना सैन्यमां तथा चंड्रध्वज राजाना नगरमां वधाइ वागवा लागी. पढी ते चंड्रध्वज राजायें अत्यंत अपमान पामेला एवा ते विडुरादिक राजकुमारोने सन्मान करी पोत पोताने गाम जवा आज्ञा आपी. एम पद्मोत्तर कुमारना प्रनावथी सर्व क्लेश नाश पाम्यो. पढी स्वयंवरमां वरमाला आरोपी वरेली पोतानी बेहुकन्याने चंड्रध्वज राजायें ते पद्मोत्तर कुमार साथें परणावी दीधी. विश्वने वल्लन एवो ते कुमार, केटलाएक दिवस त्यां रहीने पढी पोताना ससरानी आज्ञा लइ मोहोटा सैन्यें पृथ्वीने आह्लादित करतो थको उद्दाहित एवी त्रणे स्त्रीयोयें सहित

स्वनगरमां आव्यो. त्यारें तेनां माता पितायें घणोज आनंद पामी माहा महोत्सवथी वधूसहित ते मनोहर पुत्रनो प्रवेश कराव्यो. पढी ते पोताना पुत्रने, मंत्री, सामंत प्रमुखनी, सम्मतिथी युवराजपद उपर प्राप्त कस्यो. अने ते कुमारपणा, पोताना पूर्वकृत पुण्यना प्रनावथी विषयसुखने नोगववा लाग्यो.

हवे जे मुक्तावलीनो जीव देवपणामांथी हरिवेग नामा विद्यार थइने अवतस्यो बे, तेना उद्घाहनुं वृत्तांत कहे बे. के वैताढय पर्वत पर विद्याधरोना राज्यनी दक्षिण अने उत्तर श्रेणि बे, तेमां उत्तरश्रेणिने विषे ते श्रेणिनुं शृंगारनूत गगनवल्लन नामा एक नगर बे. तेनुं विद्याधरशिरोमणि एवो कनककेतु नामा विद्याधर राज्य करे बे, तेने बे स्त्रीयो बे. तेमां एकनुं नाम कनकवती अने बीजीनुं नाम रत्नावली बे. ते बेहुने एकेक कन्या थइ बे. तेमां एक कन्यानुं नाम कनकावली अने बीजी कन्यानुं नाम रत्नावली बे. ते बेहु कन्याना जन्म दिवसने विषे कोइ एक नैमित्तिकें आवीने कह्युं के जे कोइ नाग्यवान् पुरुष, ए बेहु कन्यामांथी एक कन्याने वरशे, ते नावीकालें आ वैताढय पर्वतनी एक श्रेणीनो अधिपति थाशे ? अने जे नाग्यशाली पुरुष बेहु कन्यानुं पाणिग्रहण करशे, ते आ वैताढय पर्वतनी उत्तर अने दक्षिण, ए बेहु श्रेणियोनो नावीकालें नोक्ता थाशे. हवे यौवनावस्था प्राप्त थवाथी ते बेहु कन्यानुं सर्वांग सौंदर्य जोइने तेना पितायें स्वयंवर करवानो प्रारंन कस्यो. त्यारें ते कन्याना पिता विद्याधरना तेडाव्याथी कलाकलापोथी संपन्न, विद्यायें उन्मत्त, महारूपवान्, एवा केटला एक विद्याधरो आव्या. एम घणा एक विद्याधरो एकठा थया. तेमां पूर्वोक्त हरिवेग विद्याधर पण आव्यो, त्यारें ते बेहु कन्या, सहु कुमारोनो त्याग करी ते हरिवेगनेज वरी. ते वखत ते कन्याना पिता कनककेतु राजायें ते कन्याना लग्ननो महोटो समारंन कस्यो.

हवे केटला एक दिवस ते हरिवेग, पोतानी बेहु स्त्रीयोयें सहित त्यां रहिने पढी ससरानी आज्ञा लइ त्यांथी स्त्रीयो सहित अनुक्रमें पोताने गाम आव्यो. हवे ते कुमारनो पिता तरवेग विद्याधर, मनमां खुशी थइ विचारवा लाग्यो के अहो! आ मनुष्यना नवमां प्रथम विद्याधरनो नव थावो तेज महा पुण्यें करी थाय बे. तो तेमां आ मारा पुत्रनो जन्म थयो बे. तेमां पण

वली आ मारो पुत्र बीजा विद्याधरो करतां नाग्यशाली देखाय छे. कारण के जेम कोइ एक सुकृती पुरुष, श्रीने अने कीर्त्तिने वरे, तेम आ मारो पुत्र हरिवेग, उत्तम एवा कनककेतु राजानी बेहु कन्याने वर्यो छे. नहिं तो आवा महोटा पराक्रमी एवा लक्षावधि विद्याधरोनी उपेक्षा करीने ते कन्याउ आ मारा हरिवेग पुत्रनेज केम वरे? वली ज्ञानीनुं वचन छे, के जे कन्याउने हाल आ मारो पुत्र हरिवेग वर्यो, ते कन्याउने जे पुरुष वरशे, ते वैताढ्यपर्वतनी उत्तर दक्षिण श्रेणीनो राजा थाशे, तो ते ज्ञानीनुं वचन कांइ कोइदाडो खोटुं पडे? ना, पडेज नहिं. तेथी ते राज्य पण जरूर माहारा पुत्रनेज मलशे माटें आ हरिवेगें ते पूर्वजन्में शुं पुण्य कर्युं हशे? ते वात केवली विना बीजो काइ जाणे नहिं. माटें चाल कोइ ठेकाणे केवली नगवान् होय, तो त्यां जइ तेमने पूछी जाउं? एम विचार ज्यां करे छे, त्यां तो ज्ञाननानु; विश्वना मनने हरण करनार, एवा श्रीतेजनामा केवली तेज गामना उपवनने विषे समोसर्या. ते सांनली हर्षनरें प्रफुल्लित छे गात्रो जेनां, एवो तरवेग राजा, पोतानो हरिवेग पुत्र, अनेक सामंत, मंत्रीश्वर, चतुरंगी सेना, तेणें युक्त थको ते केवली नगवानने वांदवा माटे आव्यो. त्यां आवी केवलीने नमन करी सहु कोइ जनो यथोचित स्थानपर बेठा. त्यारें पोतें पण बेठो. पछी केवली नगवाने देशना देवानो प्रारंन कर्यो. ते देशना सर्व सांनलीने समय जोइने तरवेग राजायें पूछ्युं के हे नगवन्! आ हरिवेग नामा मारो पुत्र पूर्वजन्में कोण हतो, अने तेणें शुं सुकृत कर्युं हशे? जे तेने अनायासें सर्व सुख प्राप्त थयुं छे? ते सांनली केवली नगवानें प्रथम थयेला शंखराजा अने कलावती राणीना नवथी आरंनीने आहिं सुधी बेहु जणना बार नव थया, तेनी सर्व कथा कही बतावी. अने हालमां तेरमे नवें, ए हरिवेग कुमार थयो छे, ते कह्युं, तथा तेउना प्रत्येक नवमां निर्मल थयेला धर्मना नावो, तथा धर्मसेवनें करी जे पुण्यानुबंधी पुण्य, वृद्धिंगत थयुं ते, तथा हालमां पण ते पुण्यना मार्गें करी बेहुने सुख प्राप्त थयेलुं छे ते सर्व, कहि बताव्युं.

ते सर्व सविस्तर चरित्र सांनलीने उत्तम परिणामवालो एवो तरवेग राजा, पोताना पुत्र हरिवेगने राज्यासन पर बेसारीने केवली नगवान् पासें मनोहर एवा चारित्रने अंगीकार करतो हवो. अने हरिवेग पण पोताना पूर्वना बार नव सांनली जिनमतने विषे अत्यंत प्रीतिमान् थइ श्रावकना

धर्मने अंगीकार करतो हवो. पछी पूर्वजन्मना प्रेमें करी ते हरिवेग केवली गुरुने पूछवा लाग्यो के हे ज्ञगवन्! ते अग्यारमा ज्ञवमां थयेलो शूरसेन कुमारनो जीव बारमा ज्ञवमां देव थयो, हतो ते त्यांथी चवीने हाल तेरमे ज्ञवें क्यांहि अवतरेलो छे के नहिं? अने ते अवतर्यो छे, तो तेनुं शुं नाम छे? अने ते सुलज्ञबोधी के फुर्लज्ञबोधी? तथा ते जिनधर्मने प्राप्त थयेलो छे, के मिथ्यात्वी छे? ते सर्व कहो. ते सांज्ञली केवली ज्ञगवान् बोल्या के हे पुण्यात्मन्! सांज्ञल. हाल तेसूरसेन कुमारनो जीव तो देवपणाथी चवीने दक्षिण ज्ञरतार्द्धना मध्यखंमने विषे गर्जनपुरना राजानो पद्मोत्तर नामा पुत्र थइ अवतरेलो छे. परंतु ते हजी जिनधर्मने प्राप्त थयेलो नथी. पामवाने योग्य छे, अर्थात् ते सुलज्ञबोधी छे. अने हे कुमार! कोइ जीव, धर्म पामवाने योग्य होय, तो पण गुरु सामग्रीना अज्ञावथी ते जीव, धर्मने प्राप्त थइ शकतो नथी ॥यतः॥ जोगावि धम्मरयण,स्स पाणिणो नहि लहंति संबोहिं ॥ सुविसुद्ध धम्माचरियं, धम्मायरियं अयाविंता ॥ १ ॥ सुद्धे विदले पडिमा, न होइ तणु सुत्तहार विरहेण ॥ सुद्धेवि जीव दव्वे, न गुणप्पत्ती गुरुविउंगे ॥ २ ॥ अर्थः—प्राणीयोने धर्म रत्नना योगो होय, तो पण तेने सुविशुद्ध धर्मनुं आचरण करनारा एवा धर्माचार्यना योग विना धर्मनी प्राप्ति थाती नथी॥१॥ जेम के शुद्ध विदल पाषाण होय, पण ते पाषाणनी प्रतिमा सूत्रधारना योग विना कदापि बनती नथी॥२॥ हे राजन्! पूर्वें ब्राह्मणोना ज्ञयथी मुनियो विहार करता अटक्या हता, तेथी गुरु सामग्रीना अज्ञावथी ते पद्मोत्तर कुमार, सम्यक्त्वने प्राप्त थयो नथी. तेम वली ब्राह्मणो पण ते सुलज्ञबोधी होवाथी तेने शैवधर्मवासित करी शक्या नथी. हाल तो ते काचमणियोनी मध्यें जेवो अविद्ध मरकतमणि होय, तेवो थइ रहेलो छे. परंतु हे ज्ञाइ! ते पद्मोत्तर कुमार, तमाराथीज जिनधर्मने पामशे, अने पछी सम्यक्त्वने प्राप्त थाशे. ए प्रमाणें सर्ववृत्तांत हरिवेग विद्याधर सांज्ञलीने अत्यंत हर्षायमान थयो थको ज्ञगवानने नमस्कार करीने पोताना स्थानक प्रत्यें आव्यो. त्यां मोहोटी रुद्धिवालो थइ, पूर्वोक्त ज्ञानीना कहेवा मुजब वैताढ्य पर्वतनी उत्तर तथा दक्षिण श्रेणीना विद्याधर राजाउयें अर्चित, अने अतुल तेजें करी प्रदीप्त थको अनुक्रमें तत्रत्य सर्व विद्याधरोनो चक्री थयो.

हवे एक दिवसें केवलीनुं वचन याद राखीने ते पद्मोत्तर कुमारनें जिन धर्मनो बोध देवा माटें पोताना राज्यपर मंत्रीने बेसारी, तें हरिवेगें काजलना समूह समान, कालो, पीली अने वर्त्तुलाकार एवी चक्षुवालो कोमीयोना हारथी अलंकृत, मोहोटी ग्रीवा तथा कपाल युक्त, विशाल उदरवालो, मनोहर हाथ पगवालो, स्थूल देहयुक्त, शब्दायमानथती घुघरमालो तथा लोढानी सांकलोयें करी सहित एवो एक वैक्रिय विद्याथी मिंदडो बनाव्यो. अने पढी मिंदडाना गलामां बांधेली सांकलने हाथमां लइने अत्यंत उत्सुक थयो थको ते हरिवेग, पोताना मित्र पद्मोत्तर कुमारना गंजन पुरना चोकमां आवी ऊनो रह्यो. त्यां तो ते नगरनां लो को तथा त्यांना रहेवासी केटलाएक ब्राह्मणो वगेरे एकठा थया अने तेनी पासें एवो महोटो उत्तम मिंदडो जोइने ते सर्व हरिवेगने पूढवा ला ग्या, के हे पांथजन ! आ मार्जार, तमें मूल्य लइने अमने आपशो? त्यारें हरिवेग बोल्यो के तेना मूल्यनी कांइ तमने खबर ढे ? त्यारें ते लोकोयें पूढ्युं के तेनुं शुं मूल्य ढे? त्यारें ते बोल्यो के तेनुं मूल्य तो एक लाख दिनार थाय ढे ? ते सांजली नागरिकजनो हसीने कहेवा लाग्यां के आ ते तमें बोलो ढो शुं ? कोइ ठेकाणें आवा मार्जारनुं अटलुं बधुं मूल्य होय ? जो तमें विचारी बोलशो तो कोइ पण लेशे ? त्यारें ते बोल्यो के हे लोको ! गुणोनुं मूल्य ढे, पण कांइ वस्तुनुं मूल्य नथी. मनोहर गुणवालुं काष्ठ ढे, ते लक्षपरिमित द्रव्यना मूल्यवालुं थाय ढे, तथा पाषाण पण गुणें करी कोटि द्रव्यना मूल्यवालो थाय ढे. अने जे गुणहीन होय ढे, ते कोइ पण ठेकाणें मूल्य पामतोज नथी. कहेलुं ढे के ॥ श्लोक ॥ गुरुदेवब्राह्म णर्षि, हयेनवृषनाश्मनाम् ॥ वस्त्रादीनां विशेषोस्ति, गुणाऽगुणनवोमहान् ॥१॥ अर्थः—गुरु, देव, ब्राह्मण, रुषि, हय, हस्ती, बेल, पढर अने वस्त्रादिक, तेमना गुणपणाथी अने गुणरहितपणाथी महोटो फेर फार होय ढे. तेमज मार्जार मार्जारमां पण महोटो नेद होय ढे. वली सांजलो ॥यतः॥ वाजिवारणलोहानां, काष्ठपाषाणवाससाम् ॥ नारीपुरुषतोयाना, मंतरं बहु धांतरं ॥१॥ तथा ॥ देवाणय धम्माणय, समणाण य बंनणाण नुवणम्मि ॥ अह्विबिसेसो गरुउं, नऊइ नवरं खु विरलेहिं ॥२॥ अर्थः—अश्व अश्वमां, हाथी हाथीमां, काष्ठकाष्ठमां, पाषाण पाषाणमां, वस्त्र वस्त्रमां, स्त्री स्त्रीमां,

पुरुष पुरुषमां, जल जलमां, घणोज फेरफार होय छे ॥१॥ वली देव देवमां, धर्म धर्ममां, श्रमण श्रमणमां, ब्राह्मण ब्राह्मणमां, भुवन भुवनमां पण निश्चे महोटो फेर फार होय छे ॥२॥ ए वचन सांभली ते नगरना रहेवासी ब्राह्मणो बोल्या के ए तो तमो ठीक कहो छो, पण आ तमारा बिल्लाडामां एवा क्यां गुणो छे ? के जेथी तमो अवडी मोहोटी किम्मत करो छो ? माटे तेमना गुणो तो कहो ? ते सांभली हरिवेग बोल्यो के आ अमारा मींदडामां कोट्यवधि गुणो छे. ते गुणो कांही तमारी पासें कहेवाना नथी. तेना गुणो तो आ गामना राजा पासें कहेशुं के, जेथी ते सांभली अमारा कहेवा प्रमाणें तेनी किम्मत ते राजा आपी शके ? ने अमारी महेनत पण सार्थक थाय ? तमारी जेवा भीखारी पासें तेना गुणो केहवेथी शुं लाभ थाय ? अने एवी लाभ विनानी वृथा माथाकूट कोण करे ? ॥ यतः ॥ तुंबिका नारिकेलाणां, नादंति क्षुधिता द्विकाः ॥ निष्फलः शक्तिमुक्तानां, रत्नग्रहमनोरथः ॥ १ ॥ अर्थः—क्षुधित एवा तथा कादव खानारा देडकाउं, कोइ दिवस नालियेरनी तथा खजुरनी तुंबो खातां नथी, अने शक्ति रहित जनोने रत्नग्रहण करवानो मनोरथ निष्फलज थइ जाय छे ॥ १ ॥ वली हे ब्राह्मणो ! आ वाणिया जे छे, ते तो कोडी कोडीनो हिसाब चोपडामां लख्याज करे छे, तेम तमो ब्राह्मणो छो, ते जन्मना भिक्षुकज छो, माटे ते वाणीया पासेंथी तथा तमारी पासेंथी आ अतिमूल्यवान् मार्जारनुं मने शुं मूल्य मले ? वली कदाचित् आवा घणा गुणवाला मार्जारने तम जेवा दरिद्रीने थोडा मूल्यथी हुं आपुं, तो मारुं दारिद्र पण केवी रीतें जाय ? एम कहेतो थको ते हरिवेग पद्मोत्तर कुमारना राजमहेलनी नीचें आवी उभो रह्यो, त्यारें तेनी पछवाडे कौतुक जोवाना मिषथी ते ब्राह्मणो पण चाल्या आव्या.

हवे पद्मोत्तर कुमारें त्यां महेलनी नीचें मार्जारने लइने आवी उभा रहेला हरिवेग विद्याधरने दूरथी जोयो. के तुरत तेने पूर्वजन्मना स्नेहथी पोतानी आगल बोलाव्यो, अने नम्रताथी कह्युं के हे भाइ ! आवो, आवो अने आ आसनपर बेसो ! एम कही सारा आसनपर बेसाड्यो. पछी तेनी पासें रहेला मार्जारने जोइ विचार करी पूछ्युं के हे भद्रक ! आवो महोटो मार्जार आपने क्यांथी मल्यो ? त्यारें हरिवेग बोल्यो, के आ मार्जार, अ

त्यंत जक्तिथी रंजित करेला एवा देवें मने आपेलो बे. तेथी रत्नसमान आ मिंदडानुं कांइ मूल्यज नथी. अर्थात् आ मिंदडो जे बे, ते अमूल्यवस्तु बे. तेथी ते कोइ पण ठेकाणे मले तेम नथी. परंतु हुं निर्धन बों तेथी निरुपायपणाथी एक लाख दीनार मूल्य लइने तेने वेचवा इछुं छुं. त्यारें तेवी कौतुक सरखी वात सांजली पद्मोत्तर कुमार बोल्यो, के हे जइक! आ तमारा मार्जारमां केवा केवा गुणो बे, के जेनी तमें अवडी महोटी किम्मत करो बो? त्यारें हरिवेग बोल्यो के जुउ. आ मार्जारमां पहेलो तो ए गुण बे, के घणोज महोटो अने जाडो बे. बीजो ए गुण बे, के अपर सामान्य मार्जारो तेने मारी शकता नथी. त्रीजो ए गुण बे, के ते जे स्थलमां रात्रियें वसे बे, तेनी फरती बार योजन जूमिमां कोइ उंदर आवी शकतो नथी. आ प्रकार नो महोटा त्रण गुणो तो प्रत्यक्ष देखाय बे. बीजा अन्यंतरना तो घणा ज गुणो बे, ते हाल, कहेतां पार आवे तेम नथी. आ प्रमाणें तेनुं मूल्य तथा गुणो कह्या, वली हे राजन्! हुं आपने राजा जाणी तेने आहिं वेचवा माटें आव्यो बुं तेथी आ मार्जार आप ल्यो, अने आपना राजमां मान पा मेला आ ब्राह्मणोने आ मिंदडो सर्व रीतें सारो बे के केम बे? तेनी परी क्षा तथा तपास करवानी आज्ञा आपो. ने पबी जो लेवा योग्य जासतो होय, तो लइने मने तेनुं मूल्य आपो, के जेथी हुं सवारमां जलदी मारे घेर जाउं? त्यारें पद्मोत्तर कुमारें ते हरिवेग पर पूर्वजन्मना योगें अत्यंत स्नेह आववाथी ते मिंदडो लेवानो निश्चय कस्यो. अने पबी ते मिंदडो सर्वांगें सारो बे के केम बे? तेनी परीक्षा तथा तपास करवा माटे त त्रत्य ब्राह्मणोने आज्ञा आपी, त्यारें ते ब्राह्मणो ते मिंदडानां सर्व अंगो जोवा लाग्या, जोतां जोतां तेनो माबो कान खंमित थयेलो जोयो, त्यारें ते ब्राह्मणोयें हरिवेगने पूबधुं के आ मिंदडानो माबो कान केम खंमित थइ गयो बे? ते सांजली हरिवेग बोल्यो के सांजलो. हुं आ मिंदडाने वेचवा माटे दूर देशथी आवुं बुं. ते हुं चालतां चालतां थाकी जवाथी रस्तामां आवेला एक जीर्ण देवमंदिरमां उतस्यो अने रात्रे सुतो, त्यां चालवाना श्रमथी मने तथा मारा आ मार्जारने निद्रा आवी गइ. तेवामां एक उंदर आव्यो, तेणे आ मिंदडानो माबो कान करडी खाधो. तेथी तेनो कान खंमित थइ गयेलो बे. बीजुं कांइ दूषण नथी. ते सां

नली ब्राह्मणो एकदम खडखड हसीने कहेवा लाग्या के अरे नाइ ! आ तमारा मिंदडाना त्रण गुणो तो तमें प्रत्यक्ष हजी हमणांज गणाव्या हता, तेमां त्रीजो गुण एम गणाव्यो हतो, के आ मार्जार जे नूमिमां वास करी रहेतो होय, ते नूमिनी आसपास बारयोजन पर्यंत उंदर आवी न शके ? अने हाल कहो बो, के तेनो कान रातमां आवी उंदर खाइ गयो. माटे तमारो कहेलो एनो त्रीजो गुण क्यां जतो रह्यो? अने तेनो आ फाबो कान करडावाथी ते दूषित बे. ते सांजली हरिवेग बोल्यो के सांजलो. हे नइकजनो ! आवा महोटा रत्नमां एक दूषण आववाथी शुं ते दूषित कहेवाय ? ना नज कहेवाय. अने ते जो एक अल्पदोषथी दूषित बे, तो तमारा देवमां घणाक दोषो बे, ते बतां तेने तमें देव केम मानो बो? वली आ बीचारा मार्जारमां एक दोष होवाथी कहो बो, के आ मिंदडो तो दूषित बे. आ बोलवुं तमारुं केवी मोहोटी नूलनरेलुं बे ? ए सांजली ब्राह्मणो क्रोधायमान थइ बोल्या के हे मूर्ख ! अमारा देवमां ते कांइ दोष होय ? अमारा देव तो निर्दोषज बे ? त्यारें हरिवेग कहे बे, के हे नट्टो ! सांजलो. ज्यारें तमें कहो बो, के अमारा देव निर्दोष बे, त्यारें एक वात हुं पूबुं बुं, तेनो तमो खुलासो करो. के ब्राह्मणने, बालकने, स्त्रीने, गायने जे हणे, तेने केवो कहेवो जोइयें ? त्यारें नट्टो बोल्या के ते दुष्ट कर्म करनारने तो महा पापिष्टज कहेवो जोइयें ? तथा तेनुं मुख पण जोवुं न जोइयें ? त्यारें हरिवेग बोल्यो के जे वैश्वानर एवो अग्नि बे, ते प्रज्ज्वलित कर्यो थको पूर्वोक्त सर्वेने बाली नस्मसात् करी नाखे बे, परंतु तेमां कोइने पण जीवतो मूकतो नथी. तो ते अग्निने तमें देव बुद्धिथी केम पूजो बो ? वली तमो कहेशो के ते अग्नि बे, ते तो तेत्रीश करोड देवताउनुं मुख बे, कारण के देवताउनी तृप्ति तो ते वैश्वानर अग्नि द्वारायेंज थाय बे. माटें तेने देव मानी मधु घृतादिक हविथी पूजीयें बैयें ? तो त्यां हुं कहुं बुं, के ज्यारें ते अग्नि, तेत्रीश कोटि देवतानुं मुख बे, तेथीज ते देव बे, तो ते देव थइने अनिष्ट, तथा मृतकनुं कलेवर अने बीजी पण अंदर होमेली खराब वस्तुने केम नक्षण करी जाय बे? माटें अपवित्र पदार्थनुं नोजन करनारा देवनुं पूजन करनारा जे तमो ते तमो पण अपवित्रज थया. एमज वली जलने पण कहो बो, के "जल बे, ते विष्णुनी मूर्त्ति बे." एम कहीने पाबा तेज

जलथी गुदानुं तथा पग वगेरे अपवित्र अंगनुं प्रक्षालन करो बो ? माटे जुउ. तमें जेने देव मानो बो, तेनी साथें विरुद्ध व्यवहार करनारा नथी शुं? ना बेज. कदाचित् तमें एम कहेशो के जल बे, ते विश्वनुं जीवन बे, कारण के ते जल विना विश्व जीवीज शकतुं नथी माटे ते जगतनो उपकार करे बे, तेथी तेने देव मानियें बैयें ? त्यारें हुं कहुं बुं, के जो तेवा हिसाबथीज जलने देव मानीयें, तो कुंनारने पण देव मानवो जो इयें, कारण के ते पण जगडुपकारी कुंन प्रमुख कार्य करे बे. वली पण तमें कहो बो के बोकडाना अने गायना मूत्रनें घरमां बांट्या विना अमारा घरमांथी मृतक सूतक जातुं नथी. अने जलविना देहमांथी सूतक जातुं नथी ? तो तमारा घरने तथा देहने पवित्र करनारुं पूर्वोक्त बोकडानुं मूत्र, तथा जल होवाथी ते पण तमारा देव थया ? वली हे नाइ ! विचार करो, के तमारा मतमां पण सर्वत्र जल अने अग्निने जगतना सुख माटे विधातायें कुंनारादिकोनी पेठें उत्पन्न करेला बे. माटें तमारा मतथी पण जलनुं अने अग्निनुं उपकारीपणुं सिद्ध थाय बे. परंतु तेथी देव पणुं सिद्ध थातुं नथी. माटे जलमां अने अग्निमां तथा बोकडाना मूत्रमां जे देवपणानी कल्पना करवी, ते अयोग्यज बे. वली पण विचार करी जुउ, के कोइ माणस, कोइएकने इष्ट देव मानी अने तेनी पासें पोताना शरीरनी सेवा तथा गृहकार्य करावे, तो ते कर्म करावनार माणास दोषवान् न थाय शुं? ना थायज. तेम तमें जलने अने अग्निने इष्टदेव मानी जलथी गुदप्रक्षालन प्रमुख, तथा अग्निथी रसोइ वगेरे कार्य करावो बो, तेथी तमो शुं दोषवान् न थाउ? ना थाउज. अने वली एम करवाथी जलनुं अने अग्निनुं देवपणुं रहे शुं? ना नज रहे. अने तमारुं सेवकपणुं पण रहे? ना नज रहे. माटे ते देवत्वरहितने तमे देव मानो बो, ते तमारी महोटी नूल बे ? अर्थात् घणादोषवाला अग्निने अने जलने देव मानी तमो दूषित कहेता नथी अनें देव मानो बो, अने आ बिचारा मारा मार्जारने जरा खंमित कर्णपणाना दोषथी दूषित कहो बो, तो ते तमारी केवी अज्ञानता बे ? तेमज वली गंगा अने गौरी तेने विषे आसक्त एवा शिवजीने तमो निर्दोष देव कहो बो, अने आ बिचारा मिंदडानो एक माबो कान उंदरना करडवाथी जरा खंमित थइ गयेलो बे, तो तेने तमें दूषित कहो बो, ए पण तमारुं केवुं मौर्ख्य बे ?

आवां सयौक्तिक अने सप्रमाण वाक्यो हरिवेगनां सांजलीनें ब्राह्मणो तो सर्व निरुत्तर, निश्चेष्ट अने चित्रामणमां आलेख्या जेवाज थइ गया. अने पद्मोत्तर कुमार पोतें सुलजबोधी होवाथी प्रथम ब्राह्मणमतमां निरादर तो हतोज, परंतु पोतानो पिता ते मतमां होवाथी जरा आदर राखतो हतो, पण आ प्रकारनां ते हरिवेगनां वाक्य सांजलीने तुरत, ब्राह्मणोना कहेला मतने विषे साव मंदजाववालो थइ गयो. अने मनमां विचारवा लाग्यो के अहो! आ पुरुष कांइ मिंदडो वेचनार माणास नथी, परंतु कोइ महान् पुरुष छे, माटे धर्मनुं स्वरूप आ महात्मा पुरुषनेज पूछुं, के जेने समजवाथी मारुं कल्याण थाय? अरे! अटला दिवस सुधी आवा पाखंमी ब्राह्मण लोकोयें मने ठग्यो, अने मारुं आयुष्य निरर्थकज खोवराव्युं! एम विचार करीने ते कुमार, रूपांतरधारी हरिवेगने पूछवा लाग्यो के हे मित्र! जेम राजहंस, कमलवनमां क्रीडा करे, तेम आप कया देव, कया गुरु अने कया धर्मरूपवनने विषे क्रीडा करो छो? अने आप क्यां रहो छो? त्यारें हरिवेग बोल्यो के हे जाइ! सर्व दर्शनोनां शास्त्र हुं सारी रीतें जाणुं छुं, परंतु मुने कोइ पण ठेकाणे एक जिनदर्शन विना शुद्ध अने सविवेक, मोक्षदायक बीजुं कोइ पण दर्शन जोवामां आव्युं नहिं. कारण के सर्व दर्शनवाला हिंसा न करवी, खोटुं न बोलवुं, चोरी न करवी, परस्त्रीगमन न करवुं, निष्किंचन रहेवुं, एम कहे छे खरा, परंतु तेम ते पालता नथी. अर्थात् ते केवल मुखथीज बोले छे पण तेमांथी कांहिं पण पालता नथी. जुउ, के केटलाएक दर्शनवाला, परिग्रहधारी होइने क्रय विक्रय एटले अनेक प्रकारना जे व्यापारो, तेने करे छे, तेमां कीडी प्रमुख जीवोने मारे मरावे छे. तेम पचन पाचन वगेरेना आरंजोने पण करे करावे छे. वली केटलाएक दर्शनवाला कंद, मूल, फल, तेना आहार करवारूप खोटां तप करी शुष्क शरीरवाला थाय छे अने दयाधर्मनो प्रलाप करे छे. अने ते पूर्वोक्त कंद, मूल, फलने विषे जीवपणुं जाणताज नथी. केटलाएक जड पुरुषो तो धर्मने माटे यज्ञना कुंममां निरपराधी एवा बीचारा अजा वगेरे पशुउने होमी दीये छे. अने आपण जेवो कोइ पण तेने जइ पूछे छे, के आवा निरपराधी बीचारा जीवोने आ यज्ञकुंममां शामाटे होमी दीयो छो? अने तेनुं हिंसारूप पाप शा माटे बांधो छो? त्यारें ते कहे छे, के आ यज्ञकुंममां जे पशु होमवा

अने तेनो नाश करवो, ते काहिं हिंसा कहेवाती नथी, कारण के याज्ञिकी जे हिंसा ते हिंसाज कहेवाय नहिं, तेथी यज्ञमां हिंसा करवारूप पाप जे छे ते पाप अमने लागे नही. वली कहे छे, के आ जे पशुउने यज्ञकुंममां अमो हो मियें छैयें, तेथी ते पशुउनो देखवामां तो नाश जणाय छे खरो, परंतु तेनो अमें नाश नथी करता, पण उपकार करीयें छैयें. केम के? ते कुंममां होमेला पशुउ स्वर्गमां जाय छे. हवे त्यारें तेने आपणे एम पूछीयें के ज्यारें तमें ते पशुउने कुंममां होमी स्वर्गमां मोकली तेनो उपकार करो छो, त्यारें तमारा माता पिता वगेरेने कुंममां होमी तेने स्वर्गमां मोकलवारूप उपकार केम करता नथी ? एम करवाथी तो तमने मोहोटुं पुण्य थाय ? मार्टे हे राजन् ! कहेवानुं कारण एटलुंज छे, के ते लोको मुखथी मात्र कहे छे, के अमें धर्म पालीयें छैयें, परंतु प्रत्यक्ष ते हिंसाज करे छे. माटे ते दर्शनवाला जेम बाफेला अडद अने कलुषित अन्न वगेरेनुं नोजन करे छे, तेम धर्म अने अधर्मनां कर्मोयें करी कलुषित एवा धर्मने पण पाले छे. वली हे राजन् ! तेवां बीजां घणांज दर्शनो छे, के जेमां केवल दोषोज नरेला छे. अने निर्दोष मत जो जोइयें, तो तो एक जिन मतज छे. कारण के विश्व जे छे, ते घर्षणथी, तापमां तपावाथी, कापणीयें करी कापवाथी परीक्षा करेला सुवर्णने शुद्ध सुवर्ण कहे छे, तेम सुज्ञजनो पण हवे कहेशुं एवां कारणोथी परीक्षा करी शुद्ध थयेला जिनमतने शुद्ध करी कहे छे. हवे ते कारणो कहुं छुं. के प्रथम तो जिनमतने विषे देव जे मानेला छे. ते १ दानांतराय, २ लोनांतराय, ३ वीर्यांतराय, ४ नोगांतराय, ५ उपनोगांतराय, ६ हास्य, ७ रति, ८ अरति, ए नय, १० हर्ष, जुगुप्सा एटले निंदा, ११ शोक, १२ काम, १३ मिथ्यात्व, १४ अज्ञान, १५ निद्रा, १६ अविरति, १७ रोग अने १८ दोष. ए अढार दोषोथी रहित छे. वली आ जिनमतमां जे गुरु मानेला छे. ते पण महाव्रतने धारण करेला मानेला छे, एटले हिंसा, असत्य, अचौर्य, ब्रह्मचर्य अने अकिंचनत्व. ए पांच समितियें युक्त तथा मनोगुप्ति, कायगुप्ति अने वचनगुप्ति, ए त्रण गुप्तिउयें युक्त, षट्जीवनिकायना रक्षक मार्टे निरीह, निःस्पृह कहेला छे. वली जिनदर्शनमां धर्म पण तेनेज कहेलो छे. के जे दुर्गतिमां पडता जीवोने धारण करी राखे छे. अने सम्यक्त्व ज्ञान जे छे ते धर्मनुं सारनूत कहेलुं

छे. जेम के कोइ एक महोटा वनमां अनेक वृक्षो छे खरां, परंतु जे वृक्षने सुगंधित पुष्पो लागेलां होय छे, तो ते वृक्षथीज ते वन सुगंधित कहेवाय छे, तेम जिनमतरूप महावनने विषे पुण्यकारक बीजी क्रियारूप वृक्षो तो घणां छे, परंतु एक सम्यक्त्करूप जे कुसुमित वृक्ष छे, ते वृक्ष सारभूत छे. वळी आ जिनमतना शास्त्रमां तत्त्वश्रद्धान तो एटलुंज कहेलुं छे, के कोइ पण प्राणीने क्यारें पण हणवो हणाववो नहिं. माटे हे मित्र ! आ जिनधर्म छे, ते पूर्वोक्त सर्वरीतथी मोक्षदायकज छे. एम तमारें निश्चें करी जाणवुं. आ प्रकारें रूपांतरधारी हरिवेगना मुखथी शुद्ध एवा अर्हन्मतना गुणोनी स्तुति सांभळी पद्मोत्तर कुमार तो परम आनंदने प्राप्त थयो. त्यारें वळी रूपांतरधारी हरिवेग कहेवा लाग्यो, के हे कुमार ! जे धर्मना प्रभावथी गया भवमां आपणे बेहुयें प्रथम ग्रैवेयकमां देवता थइ त्यांनुं सुख भोगव्युं हतुं, ते तमने सांभरे छे, के भूली गया? वळी त्यां आरसो प्रतिमायें युक्त, मणि अने रत्न, तेणें जडित, एक सिद्धायतन नामनुं वैमान आपने प्राप्त थयुं हतुं, अने तेमां बेसीने आपें आरसो प्रतिमानुं वंदन कर्युं हतुं, ते पण आपने सांभरतुं नथी शुं? वळी आ प्रकारना सुखदायक एवा धर्मने पूर्व भवोथी जाणो तो छो, परंतु आदरता शा माटे नथी? आवां पोताना पूर्वभवना मित्र हरिवेगनां वचन सांभळीने उत्पन्न थयुं छे, जातिस्मरण ज्ञान जेने एवो ते पद्मोत्तर कुमार, आह्लादित थइ कहेवा लाग्यो के अहो ! आ केवुं मनोहर ज्ञानदान ! अहो ! आ केवो वळी मारी पर दृढस्नेह! अहो ! आ केवुं आपनुं परोपकारीपणुं ! अहो ! में पण हाल जाण्युं, के गया जन्ममां ज्यारें हुं सूरसेन कुमार हतो, त्यारें आप मुक्तावळी नामा स्त्री हता, ते मुक्तावळी थयेला आप मारी साथें ग्रैवेयक लोकने विषे अहमिंद्र देव थइ त्यांथी चवीने हाल हरिवेग नामा विद्याधर थया छो, अने वळी मारी साथें पूर्वना घणाक भवोनी मित्रता होवाथी मायायें करी माळीर वेचनारा पुरुष जेवुं रूप लइने मने बोध देवा माटें आव्या छो? तो हवे हे मित्र! ते मायाकृत रूपने छोडी दइने आपनुं खरुं स्वरूप मने बतावो. ते सांभळी रूपांतरधारी हरिवेगें जे पोतानुं खरुं रूप हतुं ते प्रगट कर्युं. अने पछी अत्यंत प्रेम विह्वळ थइने ते पद्मोत्तर कुमारनुं दृढ आलिंगन कर्युं. पछी पद्मोत्तर कुमारें कह्युं के अहो ! मने आपनो मेळाप थयो, ते घ

णुंज सारुं थयुं ? एम कहीने ते हरिवेगने पोताना अर्द्धा आसन पर बे साड्यो. हवे हरिवेग कहे छे, के हे मित्र ! आपने मळवानो मने घणोज अभिलाष होवाथी आपना ध्यानने क्षण मात्र पण में मनथी उतार्युं नथी. ते जेम के ॥ श्लोक ॥ तत्त्वं ब्रह्म यथा स्मरंति मुनयो हंसा यथा मानसं, यद्वत्पल्लवसल्लकीवनयुतां ध्यायंति रेवां गजाः ॥ युष्मद्दर्शन लालसा अनुदिनं तद्वत्स्मरामो वयं, धन्यः संप्रति वासरोऽत्र भवतां जातश्च यत्संगमः ॥ १ ॥ अर्थः— मुनियो जेम ब्रह्म तत्त्वने संभारे छे. हंसो जेम मानसरोवरने संभारे छे, नवांकुरित एवा सल्लकी जाडना वनथी युक्त एवी रेवा नदीनुं जेम हाथीयो ध्यान करे छे, तेमज अमें पण आपना दर्शननुं प्रतिदिन स्मरण करता हता, माटे आजनो दिवस धन्य छे के जेमां हाल मने आपनो समागम थयो ? ते सांभळी पद्मोत्तर कुमार कहे छे, के हे मित्र ! आवा आप सरखा सज्जन जनना सौजन्यने कोण वर्णवी शके? अर्थात् आपना सौजन्यनो तो पारज नथी. अने अहो मित्र! आपनो मने मेलाप थवाथी आजनो दिवस छे, ते सुदिवस छे, अने आजनी वेला पण सुखदायकज छे. वळी आपना मेलाप विनानो जे मारो आज दिवस पर्यंत काल गयो, ते सर्व निरर्थकज गयो छे ? हे भाइ ! आर्त्ति, शोक, भय, तेने नाश करनार, अने प्रीति तथा विश्वास तेनुं पात्र एवुं 'मित्र' एवा बे अक्षरवाळुं रत्न, ते कोणें उत्पन्न कर्युं हशे वारु ? कह्युं छे ॥ श्लोक ॥ वरमसौ दिवसो न पुनर्निशा, ननु निशैव वरं न पुनर्दिवं ॥ उभयमप्यथ वा व्रजतु क्षयं, प्रियतमेन न यत्र समागमः ॥ १ ॥ भुंजउ जं वा तं वा, निवसिज्जउ पट्टणेव रत्ने वा ॥ इठजण जथ्थ जोगो, तं ठाणं चेव रमणीअं ॥२॥ अर्थः—जे दिवसमां प्रिय तम मित्रनो मेलाप थाय, ते दिवसज श्रेष्ठ जाणवो, पण रात्रि नहिं ? अने जे रात्रिमां प्रियतर मित्रनो समागम थाय, ते निशा पण उत्तमज जाणवी, पण दिवस नहिं ? तेमां पण जे रात्रिमां अने जे दिवसमां प्रिय मित्रनो समागम थायज नहिं, ते दिवस अने रात्रि बेहु क्षय पामो. अर्थात् बेहु काहीं कामनांज नहिं ॥१॥ कदाचित् खावानुं मळे, अथवा न मळे, कदाचित् नगर मां वास थाय वा अरण्यमां वास थाय, परंतु जे ठेकाणें इष्टजननो योग मळे, ते स्थान रमणीय जाणवुं. अर्थात् महोटां दुःखो कदाचित् प्राप्त थयां होय,

तो पण तेमां जो आप जेवा इष्ट मित्रनो मेलाप थाय, तो ते दुःखो पण ज णातां नथी. एम स्नेह रस युक्त एवो पद्मोत्तर कुमार, विस्मय पामी हरि वेगनी सामुं जोइने पूछे छे, के हे मित्र! हवे आपना आज पर्यंत जेटला नव थया, ते सर्व नवनी सविस्तर वात मने कहि आपो. त्यारें ते हरिवेग विद्याधरें शंख राजा अने कलावतीना नवथी मांमीने हालमां थयेला पद्मोत्तर कुमारना तथा पोताना हरिवेग विद्याधरना नव पर्यंतनी सर्व कथा कहि बतावी. अने पद्मोत्तर कुमारें पण जातिस्मरण ज्ञान होवा थी जाण्युं जे मारा मित्रें जे वात कही छे, ते सर्व बराबरज कही छे.

पछी पद्मोत्तर कुमारें पोताना सर्व देशमां सर्वस्थलें उद्घोषणा करावी के अमारा देशमां रहेनारा माणसें जैनधर्म शिवाय बीजो कोइ पण धर्म पालवो नहिं. अने एम करतां जो कोइ पालशे, तो तेने अमारा देशथी बाहार काढवामां आवशे! कारण के जिनधर्मसमान बीजो कोइ उत्तम धर्म नथी. हवे सुरपति राजा पोताना पुत्रनो हरिवेग साथें मेलाप थयो अने तेमां जैनधर्म विषे घणीज चर्चा चाली, ते सांनली बीजा धर्मोने मिथ्या मानी त्यांना रहेवासी सर्व ब्राह्मणोसाथें जिनधर्मने विषे दृढरागी थयो. हवे ग्रामग्रामने विषे विहार करता, केवलज्ञानें करी नास्कर समान, सुर, अ सुर, तेना निकरोयें करी सेवन कस्यां छे चरणकमल जेनां, एवाश्री गुणसा गर नामा केवलीयें पोताना केवलज्ञानथी जाण्युं जे हाल हवे पद्मोत्तर कु मार तथा तेना देशमां रहेनारा सहु कोइ मनुष्य, जिनधर्मना दृढरागी थया छे, माटें हुं त्यां जाउं! तेम जाणी त्यां पद्मोत्तर कुमारना गामनी बाहेर आवी उपवनमां समोसस्या. ते सांनली हर्षायमान थयेला एवा सुर पतिराजा प्रमुख सर्व वांदवा गया, त्यां जइने सहु कोइ, केवली नगवा नने नमस्कार करी धर्मदेशना सांनलवा यथोचित स्थान पर बेठा. अने नगवानें पण पापने नाश करनार एवी देशना देवानो प्रारंन कस्यो. ते जेम केः— हे नव्यजनो! जन्म, जरा अने मृत्यु, ते रूप तरंगोना नंगथी नयंकर एवा संसारसमुद्रने विषे नाना प्रकारनी आपत्तिरूप मकरोथी दुःख पामता एवा तमोने ते दुःखथी रक्षण करवाने एक सर्वज्ञोक्त धर्म शिवाय बीजो कोइ पण आधार नथी ॥ यतः ॥ चिंतामणेर्वा किल कल्पवृक्षात्, स्वर्धामधेनोरपि कामकुंनात् ॥ एतदुरापं च ततो नवब्धि, र्यत्नेन कार्य

सुगृहीतमेतत् ॥ १ ॥ अर्थः—जे जिनधर्मतत्त्व चिंतामणिथी, कल्पवृक्ष थी, स्वर्गनी कामडुघाधेनुथी, कामकुंनथी पण प्राप्त थातुं नथी, ते जिनधर्मतत्त्वने तमें यत्नें करी ग्रहण करो. अर्थात् चिंतामणि वगेरे कोइ पण पदार्थथी जे नहिं मले, तेवा धर्मने तमो घणाक प्रयासथी पण ग्रहण करो. अरे ! जेम कोइ मूर्ख होय, ते पोताने आंगणे उगेला कल्पवृक्षने कापी नाखीने ते स्थलपर धंतुरो वावे, वली पोताना हाथमां आवेला चिंतामणिने एम जाणे के आ तो रस्तामां पडेला कांकरा जेवो कांकरो छे, एम जाणी ते मणिथी कागडाने उमाडे, वली हाथमां आवेला अमृतने ढोली नाखीने हालाहल जेर पीये, तेम जे अज्ञानी जीव छे, ते पूर्वोक्त कल्पवृक्षादि समान प्रत्यक्ष फलदायक जिनधर्मने छोडीने धत्तुर वृक्षादि समान बीजा धर्मने ग्रहण करे छे. अने हे नव्यो ! ते जिनधर्म, गुरु सामग्री मल्या विना प्राप्त थाय नहिं. तो हवे ते गुरु पण केवा जोइयें? के ॥ यतः ॥ अवद्यमुक्ते पथि यः प्रवर्त्तते, प्रवर्त्तयत्यन्यजनं तु निःस्पृहः ॥ स एव सेव्यः स्वहितैषिणा गुरुः, स्वयं तरन्तारयितुं क्षमः परम् ॥ १ ॥ अर्थः— आरंभ जे जीवहिंसा तेथी मुक्त, एवा मार्गने विषे जे प्रवर्त्ते छे, तथा बीजाउने पण तेवाज मार्गमां प्रवर्त्तावे छे, एवा गुरुनुं स्वहितैषी पुरुषोयें सेवन करवुं, कारण के तेवा गुरु पोतें तरे छे, अने बीजाने पण तारे छे. जेम जल विना समुद्र न कहेवाय, जेम सूर्यविना दिवस न कहेवा, तेम पूर्वोक्त गुण विना गुरुज न कहेवाय. माटे एवा गुरु जोइयें, अने तेवा गुरु विना स्वर्गापवर्ग दायकजिन धर्मनी प्राप्ति कोइ कालें थाय नहिं. तो हे राजन् ! हाल तेवी गुरुसामग्री पण तमोने प्राप्त थयेली छे, तेथी संसारना निस्तारने करनार, प्राचीन पुण्यें प्राप्त थवा योग्य, एवा डुर्लन जिनधर्मने विषे प्रमादनो त्याग करी यत्न करो. ते सांनली विद्याधरनो चक्री एवा हरिवेग कुमार बोल्यो के हे विनो ! आप सत्य ज कहो छो, आप जेवा गुरु विना धर्मनी प्राप्ति कोइ दिवस थायज नहिं. जुउ. आ पद्मोत्तर, घणाज चतुर तथा समजु छे, तो पण तेने शुद्ध गुरु विना मिथ्यात्वनी प्राप्ति थइ. एम ज्यां कहे छे, त्यां तो सुरपति राजा कहेवा लाग्यो के हे नगवन् ! में तो आपना हालमां कहेला उपदेशथी निश्चय कर्यो छे, के सर्वशिरोमणि एवा वीतराग परमात्मा जे छे, तेज देव छे. बीजा कोइ देवज नथी. अने गुणगणना आधार, सदाचारने प्रवर्त्तावनार, जे गुरु

होय छे, तेज गुरु कहेवाय छे, बीजा गुरु ते गुरु नहिं. वळी षड्निकायनुं जेमां कायक, वाचक अने मानसिकरीतें रक्षण थाय छे, तेज धर्म कहेवाय छे, बीजो धर्म नहिं. परंतु हे माहाराज! एक हुं आपने पूछुं छुं, के आ प्रकारनो जगतमां उत्तम धर्म छे, ते छतां राजा लोको वगेरे केटलाएक जीवो, पाखंडी, अने हिंसक एवा देवने, तथा तेवाज देवने मानवाना उपदेश करनारा मिथ्यात्वी गुरु प्रमुखने सेवन करी पोताना आत्माने मिथ्याक्रियाउयें करी शामाटे क्लेश पमाडे छे? ते सांभळी केवळी भगवान कहे छे, के हे राजन्! आ जगतमां मनुष्यो जे छे, ते कोइ पण प्रकारनो व्यवसाय, कांइ पण फळ प्राप्तिनी आशायें करे छे, परंतु कोइ निरर्थक व्यवसाय करता नथी. जुउ, तेमां केटलाएक चक्रवर्त्ती राजाने, कोइक माहामांडलिक राजाने, केटलाएक खंडाधिपतिने, कोइक ग्रामाधिपतिने, कोइक क्षेत्राधिपने, कोइक धिक्कार पामेली जातिवाळाने, कोइएक नटने, कोइ एक भटने, अने कोइएक भिक्षुकने पण सेवे छे. परंतु ते पूर्वोक्त चक्रवर्त्ती प्रमुख, पोत पोतानी शक्ति प्रमाणें तेने फळ आपे छे, पण तेथी कांइ वधारे आपी शकता नथी. जेम कोइएक भिखारी होय तेनी सेवा करी प्रसन्न करीने तेनी पासें कदाचित् कोइ लक्ष सोनामोर मागे, तो ते बिचारो क्यांथी आपी शके? तेम धर्मने विषे पण मनुष्य, जेवा जेवा गुणवाळा देव, गुरु, धर्मनुं आराधन करे छे, तेने तेवां तेवां फळो ते देव, गुरु अने धर्म आपे छे. वळी जगत्मां शुं बन्युं छे? तो के केटलाएक पाखंडी लोकोयें पोतानो स्वार्थ पार पाडवा माटें पोताने सुख मळे, तेवां कपोलकल्पित असंगत शास्त्रो बनावी ते शास्त्रोना उपदेशें करी भोळा लोकोने धर्मना प्रपंचथी फसावेलां छे, ते फसाइ पडेला अविवेकी लोकोनी बुद्धि, स्वेच्छाथी स्नान, पान, कंदमूलादिकनुं भक्षण, रात्रिभोजन, कन्यादान, कूप, तळाव, वाव्य प्रमुखनुं करावबुं, इत्यादिक शरीरसुखदायक बाळकनी लीला समान धर्मने जाणीने कठिन क्रियावाळा जिनधर्मने विषे प्रीतियुक्त थाती नथी. वळी अतिप्रयासें पाळी शकाय एवा पंच महाव्रतना भारने अंगीकार करवाने असमर्थ एवा ते पाखंडी धूर्त्तजनो विषयाभिलाषने विषे लुब्धथका एक गृहस्थाश्रम धर्मनेज उत्तम धर्म कहे छे.

वळी ते मूर्खजनो, तळाव, कूवा, नदी, ज्यां बे नदीयोनो संगम था

तो होय तेवुं स्थल, गंगा, यमुना, सरस्वती, त्रवेणी, नर्मदा, गोदावरी, सेतुबंधरामेश्वरादिकने विषे स्नान करवाथी मोहोटुं पुण्य थाय छे, एम कहे छे. तेमज वली कोइएक हिंसक तो त्रिपुरा, तोतला, भवानी, व्याघ्रेश्वरी प्रमुख उग्र देवीयोना मंत्र जपथी तथा यजुर्वेदादिकना मंत्रजपथीज पुण्य थाय छे एम कहे छे. केटला एक मतिमंदजनो तो तेज मंत्रोथी तिल वगेरेनो अग्निमां होम करवाथी पापोपशमन थाय छे, एम कहे छे. कोइक जडबुद्धिजनो तो,रस्तामां जाड वाववाथीज धर्म थाय छे, एम कहे छे. केटला एक अज्ञानी जीवो, केवल आत्माना शून्यध्यानथीज पापनो प्रलय थाय छे, एम कहे छे. कोइएक डुष्टदिलवाला जनो, पोतानाज पूजन करवाथी धर्म थाय छे, तेम कहे छे. कोइएक बालबुद्धिवाला माणसो तो, जीव जे छे, तेज परमात्मा छे, तेथी ते जीवने एक क्षणवार पण डुःख देवुं नहिं. अने जे सुख भोगववानी पोताने इछा थाय,ते सुखने भोगवी पोतानी इछा पूर्ण करवी, तेज धर्म छे, एम कहे छे. माटें ते पूर्वोक्त मिथ्यात्वी जीवो तीर्थंकरप्रणीत शुद्ध धर्मने विषे केम यत्न करे? तथा प्रीतिमान् पण केम थाय? कारण के ते जनो पोताने जेमां सुख पडे, तेनेज धर्म कहेनारा छे. हवे पूर्वोक्त सर्व जे मिथ्यात्व छे, ते सर्व, डुःखने देवावालुं तथा वैरीसमान उत्कट हलाहल जेर समान छे, एम जाणवुं. ते माटे ते मिथ्यात्वनो तमारे त्याग करवो. कहेलुं छे के ॥ श्लोकः ॥ विषाहिरुग्वह्निरिपुव्रजेभ्यो, मिथ्यात्वमत्यंतडुरंतडुःखम् ॥ एकत्र जन्मन्यहितं विषाद्यं, मिथ्यात्वमाहंति नृणामनंतम् ॥ १ ॥ अर्थः— मनुष्योने विष, सर्प, रोग, अग्नि अने रिपु, तेना समूहथी पण मिथ्यात्व जे छे, ते अत्यंत डुःखदायक छे. केम के? ते विषादिक तो मनुष्यने आ जन्मने विषेज नाशनां करनारां छे. परंतु मिथ्यात्व जे छे, ते तो अनंत जन्म मरणादिक डुःखने आपनारुं छे.

आ प्रकारनां केवलीनां वचन सांभलतांज सुरपति राजाने मिथ्यात्व मोहनी कर्मनो क्षय थइ गयो. तेथी ते शुद्ध सम्यक्त्वने पाम्यो. पछी अनुक्रमें तेने चारित्र परिणाम उत्पन्न थवाथी ते केवली भगवानने नमस्कार करी कहेवा लाग्यो के हे भगवन्! जेम हाल आपें मने मिथ्यात्व रूप खाडामांथी मूबतो राख्यो,तेमज हवे दीक्षारूप पर्वत पर पण चडवानो अनुग्रह करो. एम भावयुक्त तेनां वचन सांभलीने ते सुरपति राजाने तुरत दीक्षा

आपी. पछी ते सुरपतिसाधु, विशुद्धचारित्रने पालतो थको शुद्धध्यानें क्षपकश्रेणि पर चढी केवलज्ञान अने दर्शनने उत्पन्न करी घणोक काल पृथिवीपर विहार करी नवोपग्राहि कर्मोने खपावी, परंपद जे मोक्ष पद, तेने प्राप्त थयो.

पछी श्रावकधर्म जेने प्राप्त थयो छे एवा ते पद्मोत्तर कुमारने हरिवे गादिकें, तेना पितानी राज्यगादी पर बेसाड्यो. अने ते माहामांमलिक राजा थयो. हवे हरिवेग विद्याधर, ते पद्मोत्तर राजानें वैमानमां बेसारी पोताना वैताढ्य पर्वत पर वसेला सुनौम नामा नगरप्रत्यें तेडी लाव्यो. अने त्यां घणुंज तेनुं सन्मान कर्खु, पछी कह्युं के हे मित्र! आ मारा वै ताढ्य पर्वतनी उत्तर तथा दक्षिण श्रेणिना राज्यने तथा आ मारी विद्याध रपणानी विद्याने आप ग्रहण करो. त्यारें पद्मोत्तर कुमार बोल्यो के हे मित्र! मारामां अने तमारामां काहिं अंतर छे? जे आपनुं राज्य छे, ते मारुंज छे,कारण के आपनाथी हुं कोइ रीतें जुदो नथी. वली आपें मने दुर्लभ एवो जिनधर्म आपीने मोक्षरूप राज्य आप्युं, तो हवे आ लौकिक राज्य ते तेनी गणतीमां क्यां रह्युं? वली हे मित्र! आ जगतमां आप जेवा धर्मोपदेशना करनार पुरुषो तो घणाज थोडा छे ॥ यतः ॥ ये द्रव्यव्यय कारिणः शुभकृते ते संत्यहो कोटिशो, ये कष्टाभिनिविष्टलष्टवपुषः स्तोका न तेभ्योऽपि ते ॥ नानाशास्त्रविचक्षणा भुवि तु ये ते चापि नो दुर्लभा, ये जैन्युक्तिविधायिनः प्रशमिनो द्वित्राः पुनस्तेऽधुना ॥ १ ॥ अर्थः—सारां सांसारिक काम माटे द्रव्यनो व्यय करनारा पुरुषो तो कोटि शः मले छे. परंतु तेमांथी कष्टमां पडेला एवा दुःखी जनना दुःखने मटा डवाने द्रव्य व्यय करनारा तो थोडा पण मलता नथी. तेमज विविध प्रका रना शास्त्राभ्यासमां विचक्षण तो आ पृथ्वीने विषे घणाज छे, परंतु आप जेवा मोक्षकारक जैनधर्मना जाणनारा तो मांड बे त्रण मले, तो मले? एम ते हरिवेगनी प्रशंसा करीने वली कह्युं के हे मित्र! मारी तो एवी मनीषा छे के हवे आपण बेहुने वियोग न थाय माटे आपणे एकत्रज रहीने आ वैताढ्यनी उत्तर दक्षिण श्रेणिना राज्यो चलावीयें. अने ते राज्यनांज सुख भोगवीयें. वली ते राज्यसुख पण क्यां सुधी भोगवीयें, के ज्यां सुधी आपण बेहुने राज्यधुरने धारण करे, एवा बे पुत्रो उत्पन्न न थाय त्यां सुधी?

अने ज्यारें आपणने राज्य वहन लायक पुत्रो थाय, के तुरत ते राज्यो पोत पोताना पुत्रोने सोंपी दीक्षा ग्रहण करियें ? ते सांभली अत्यंत खुशी थयेलो हरिवेग बोल्यो के हे वयस्य ! मारा मनमां जे विचार में धारेलो हतो, तेज आपें पण कह्यो. एम कही बेहुजण त्यां साथेंज रह्या. पछी अत्यंत स्नेहयुक्त ते बेहु मित्र प्रतिदिन हर्षायमान थका मनोहर वैमानमां बेसी महाविदेहक्षेत्रने विषे जिनप्रतिमाउने वांदवा माटे जाय छे. वली प्रतिदिन धर्मोपदेश सांभले छे. शाश्वत एवां जिनचैत्योनी भक्तिभावथी पूजा यात्रा पण करे छे. जगतने आह्लादकारक एवा ते बेहु मित्रो, जैनधर्मना प्रत्यनीक जनोनुं निवारण करी चैत्योनी तथा जैनसाधुउनी उत्तम प्रभावना करे छे. साधर्मिकवात्सल्यने करवे करी तेउ केटलाएक श्रावकोने दुःख मांथी निवृत्त करे छे. अने पोतानी प्रजाने पण तेउ कर वगेरे दुःखोथी मुक्त करे छे. तेथी सर्वत्र महाआनंद वर्त्ते छे. वली तेउना राज्यमां ब्राह्मणो जे हता, ते पण जिनधर्मने विषे परम आदर वाला थया. कहेवत छे के “ यथा राजा तथा प्रजाः ” एटले जेवा राजा होय, तेवीज प्रजा पण थाय ? आ प्रमाणें पोताना देशोमां रहेनारा सहुकोइ जनो जिनधर्मना रागी थया. अने बीजा लोको पण निकटबोधी होवाथी ते बेहु जणनी करेली धर्मनी अनुमोदनायें करी जिनधर्मने विषे निर्मत्सरी थया.

एम करतां राज्यभारने चलावता एवा हरिवेग अने पद्मोत्तर कुमार, एक दिवस ध्वजा, पताका अने तोरण वगेरे उत्सवोयें करी मनोहर एवा पद्मोत्तरना गर्जन पुरमां आव्या, त्यारें ते नगरना रहेवासी उत्तम श्रावकोयें त्यांना जिनेंद्रप्रासादोने विषे मोहोटी भक्तिथी गीत, वाजित्र अने नाट्य, तेणें युक्त एवा परम महोत्सव करवानो प्रारंभ कर्यो. विविधवर्णवाली श्रीअरिहंत भगवाननी प्रतिमाउने आंगीनी रचना करी, तथा अनेक प्रकारनी पूजाउ पण भणावी. तेथी त्यां सहु कोइने मोहोटो आनंद थयो. पछी ते बेहु कुमारो जिनालयमां जइ त्यां भगवाननी पूजा करी दर्शन करी परम प्रमोद पामी ते अरिहंत भगवाननी पूजानी स्तुति करवा लाग्या. ते जेम के ॥श्लोक॥ नेत्रानंदकरी भवोदधितरी श्रेयस्तरोर्मंजरी, श्रीमद्धर्ममहामहेंद्रनगरी व्यापल्लताधूमरी ॥ हर्षोत्कर्षशुभप्रभावलहरी भावद्विषां जित्वरी, पूजा श्रीजिनपुंगवस्य भवतु श्रेयस्करी देहिनाम् ॥ १ ॥ चेतः पुनाति घनकर्मचयं

लुनाति, स्वर्गं ददाति शिवसंपदमादधाति ॥ पुण्योदयं वितनुते तनुते सुसौख्यं, सज्जैनपूजनमिदं किमु यन्न धत्ते ॥ २ ॥ अर्थः—नेत्रने आनंद करनारी, जवोदधिने तारनारी, कल्याणरूपवृक्षनी मंजरी, सुशोभित धर्म रूप महाराजानी नगरी, महोटी आपत्तिरूप लताने विषे अग्नि सरखी, हर्षाधिक्यनी तथा शुजप्रजावनी लहरी, अने जावद्वेषी जे चतुःकषाय तेने जीतनारी एवी जे श्री जिनपतिनी पूजा,ते प्राणिमात्रने श्रेयस्कारक थाउ ॥१॥ वली आ श्री जिनपतिनुं पूजन जे ठे, चित्तने पवित्र करे ठे, गाढा एवा कर्मसमूहने नाश करे ठे, स्वर्गने आपे ठे, शिवसंपदाने पण आपे ठे; पुण्योदयने विस्तारे ठे, रूडा एवा सौख्यने आपे ठे. माटे ते जिनपूजन शुं नथी आपतुं ? अर्थात् सर्व वस्तुने आपे ठे.

आ प्रकारें अरिहंत जगवाननी पूजानुं स्तवन करीने ते बेहु जण, पोताना घर तरफ चाल्या, ते राजरस्तामां आव्या. त्यां तो ते बेहु जणें, जटिल, धूडथी जेनुं सर्व शरीर खरडायेलुं ठे, तांबूलना जक्षण करवाथी जेना होठ लाल थइ गया ठे, हाथ अने पग जेना खडीथी रंगेला ठे, केवल लंगोटीज जेणें पहेरी ठे, जेना बेहु हाथो पाठलथी बांधेला ठे, आक्रोश करता केटलाएक द्यूतकारोनी वच्चें ते द्यूतकारोथी लाकडी वगेरेयें हणाता एवा कोइएक जुगारीने जोयो. तेने जोवाथी एकदम खेद पामी पद्मोत्तर राजा बोल्यो के अरे डुष्टो ! मारा राज्यमां आ प्राणीने अटली बधी पीडा केम आपो ठो? वली तेने पीडा करीने पलायन पण केम करता नथी ? अने तेनी पठवाडे ने पठवाडे लागुज रह्या ठो ? एम तेना मारनाराउने कहीने ते जुगारीने पोतानी पासें बोलावी मगाव्यो. त्यारें ते मारनारा जुगारीयो बोल्या के महाराज ! आ डुष्टमाणास पर आपने दया लाववा जेवुं नथी. त्यारें पद्मोत्तरें कह्युं के ए ते बोलो ठो शुं ? आवा निरपराधी गरीब माणासने तम जेवा मारे, ते तमोने अमारे मारतां अटकाववा न जोइयें ? तथा आ बीचारा पर दया पण न आवे ते सांजली ते जुगारीयो बोल्या के हे राजन् ! आ गाममां एक नव करोड द्रव्यनो स्वामी वरुण श्रेष्ठीनामा वैश्य रहे ठे, तेनो आ पुत्र ठे, ते घणोज जुगारनो व्यसनी ठे. तेनां माता पिता तेने जुगार रमवानी ना कहे ठे, तो पण ते जुगार रमवामां अत्यासक्त होवाथी बीलकुल कोइ

नुं कह्युं मानतो नथी अने पोताना पिताना घरमांथी सर्व मिलकत चोरी लइने जुगारमां हारी जाय छे, ते हवे पोताना बापनी सर्वमिलकत हारी गयो छे. अने तपास करतां तेना बापने ज्यारें पोतानी सर्व मिलकत जुगारमां हारी गयो एवी खबर पडी, त्यारें तेणें तेने पोताना घरमांथी काढी मूक्यो छे, तो पण हजी ते जुगार रमवाना व्यसनने छोडतो नथी. ज्यारें तेनी पासें जरा पण इव्य रह्युं नहिं, त्यारें तेणें जुगारमां एक 'पण' मूक्युं, के जे रमतमां हारे, ते हारनारना हाथ, पग वगेरे अंगोने जीतनार माणस, लाकडी वगेरेथी भासे तेम मारया करे. तेवी रीतें पण आ सात वार हारी जइ, अप्रमित मार खाधा. ते वातनी ज्यारें तेना पितानें खबर पडी, त्यारें पुत्रवात्सल्यथी तेने एकदम घेर बोलावी घणोज समजाव्यो, तो पण ते आ कामथी विराम पाम्यो नहिं. अने कदाचित् ते कांइ जो इव्य जीते छे, तो ते इव्यथी यथेछायें वेश्याउनी साथें विलास करे छे परंतु तेनी पासें बीजा कोइनुं कांइ मागणुं होय छे, तो तेने देतो नथी. अने वली कोइनी पण हाथमां आवेली फुटल कोडी सुधां छोडतो नथी ॥ यतः ॥ प्रायोनवंति पंचामी, द्यूतस्य सहचारिणः ॥ चौर्यं वंचकतालीकं, दारिद्र्यं लाघवं तथा ॥ १ ॥ अर्थः– एक चोरी, बीजी वंचकता, त्रीजुं खोटुं बोलवुं, चोथुं दारिद्र्य, पांचमी हलकाइ. ए पांच वानां घणुं करी जुगारनां सहचारीज होय छे. वली ते जुगारथी जीतेली लक्ष्मी परोपकार माटे के, कीर्त्तिने माटे के, सुकृतने अर्थें के, सगां संबधीना सुखने माटे काम आवती नथी, ते लक्ष्मी केवल पापवृद्धिनांज कार्योमाटे काम आवे छे. माटे हे राजन्! आ जुगारी अमारी साथें जुगार रमी एक लाख इव्य हारी जइ छटकीने नागी गयो हतो, ते शोधतां हालज अमारे हाथ पड्यो छे, अने अमारुं मागणुं इव्य अमो मागीये छैयें, तो पण ते आपतो नथी, तेथी अमने क्रोध आववाथी तेने लाकडी वगेरेथी मारीयें छैयें? माटे हे देव! आप महेरबानी करी कां तो ते अमारा देणदारने पाछो सोंपो, नहिं तो तेनी पासें अमारी मागणी एकलाख दीनारो छे, ते आपो. ए सर्व सांजली पद्मोत्तर राजा विचारवा लाग्यो के, अहो! आ केवो कर्मनो विचित्र परिणाम छे? अहो! आ केवी अज्ञाननी लीला छे?

अहो! आ केवुं व्यसननुं दुःख छे! एम विचारीने दयालु एवो ते राजा बोल्यो, के हे जुगारीयो! सांभलो. हमणां तो तेनी पासें तमारी मागणी जे लाख दीनारो छे, ते हुं आपुं छुं, परंतु हवे पछी आ जुगारीनी साथें कोइ पण जो जुगार रमशे, तो तेने हुं धाराप्रमाणें शिक्षा करीश! अने माहारा देश बाहेर काढी मूकीश! एम कहीने ते मागणावाला जुगारीयोने तेनी मागणी लाख दीनारो पोतें आपी, ते जुगारीने छोडावीने पोताने घेर आव्या.

हवे ते जुगारीने जोइने तीव्र वैराग्य पामेलो एवो पद्मोत्तर कुमार, पोताना मित्र हरिवेगने कहे छे, के अहो! आपणने रस्तामां मलेलो जुगारी जेम घणा दुःखोने प्राप्त थयो, तो पण तेणें जुगारने छोड्यो नहिं. तो हे भाइ! तेनो आपणे शुं शोक करीयें? कारण के ते तो अज्ञानें करी अंध छे, तेथीज ते तो ए काम करे छे, परंतु आपणे आ संसारनी असारता प्रत्यक्ष रीतें जाणीयें छैयें, तो पण अशुचिरूप भोगोविषे प्रीति करी बेसी रहियें छैयें, माटे प्रथम तो ते जुगारी पहेलां आपणेंज शोक करवा लायक छैयें? जेम विद्वान् जनोने द्यूत रमवुं, सदा निंदित छे, तेम तत्वज्ञ पुरुषोने विषयनुं सेवन करवुं पण सदा निंदितज छे. अने विषयो जे छे, ते विषथी पण वधारे दुःखदायक छे. जुउ. विष जे छे, ते तो तेने खानारानांज आ लोकमां प्राण हरे छे, अने विषयोना भोगो तो जन्म जन्मने विषे दुःखदायक होय छे. वली हे मित्र! जेम महोटा दुःखें करी मेलवेलुं द्रव्य, जुगारी जुगार रमवाथी तुरत हारी जाय छे, तेमज आपण पण पूर्वें मेलवेला सुकृतने विषयसंगथी एक क्षण मात्रमां हारी जायें छैयें. जेम ते जुगारी तेना पिता वगेरेयें घणीज शिक्षा करी तो पण द्यूतथकी विराम पाम्यो नहिं, तेम आपणे पण गुरुना मुखथी थयेला घणाक उपदेश श्रवण करी विषयोयें करी मलेला सुखथी विराम पामता नथी. जेम के कोइ गुरुयें विषयासक्त शिष्यने उपदेश कर्यो छे, के हे शिष्य! हवे तुं आ खोटा अने दुःखदायक एवा स्त्रीना विषयथी विराम पाम्य. कारण के तें घणा दिवस सुधी विषय सुखने भोगव्युं? त्यारें शिष्य बोल्यो के ॥ श्लोक ॥ अलमति चपलत्वात्स्वप्नमायोपमत्वा, त्परिणतिविरसत्वात्संगमेनांगनायाः ॥ इति यदि शतकृत्वस्तत्त्वमालोचयामस्तदपि न हरिणाक्षीं विस्मरत्यंतरात्मा ॥१॥ अर्थः—जे स्त्री संगमां अत्यंत चापल्य होवाथी, तथा तेने स्वप्नमायानुं उपमानपणुं होवाथी,

तथा परिणामें विरसपणुं होवाथी, ते स्त्रीसंगनो त्याग करवोज जोइयें? एम हुं सो वखत विचारुं छुं, तो पण ते हरिणाक्षी स्त्रीने मारुं अंतःकरण विस्मरण करतुं नथी ॥१॥ वली पण जुर्ज. के जुगारीने बंधन प्रहार वगे दुःख थाय ठे, तेम आपणने पण नरकने विषे दुःख थाशे? माटे हे मित्र दुःखना समूहमां आपणे आपणा जीवने नाखवो, ते कांइ मने योग्य नासतुं नथी. माटे आपणें संयम लहियें. ए प्रकारें ते पद्मोत्तर राजानी वाणी सांनलीने हरिवेग बोल्यो के हे मित्र! मारा मनमां पण घणाक कालथी आपनी पेठें संयमेछा रहे ठे, परंतु आपने विषे मुने प्रेमनो प्रतिबंध होवाथी ते प्रेमें मने रोकी राखेलो ठे. मोक्षमार्गने प्राप्त थवा इछता एवा जीवने स्नेह ठे, ते वज्रनी सांकल समान ठे. तेथी ते स्नेहसांकल जीवने मोक्ष पामवा देती नथी, जुर्जने श्रीवीर नगवान् ज्यां पर्यंत आ पृथ्वीपर रह्या, त्यां पर्यंत गौतम गणधर कांइ केवल ज्ञानने प्राप्त थया? ना नज थाय. माटें हाल पूर्वें धार्या प्रमाणें बेहु पुत्र प्राज्य एवा राज्यनारना धुरने धारण करवा योग्य थया ठे, तेथी तेने ते राज्यनार सोंपीने आपणे ज्ञानी गुरुपासें जाइयें? एवी रीतें ज्यां बेहु मित्रो विचार करे ठे, त्यां तो तेमना वनपालकें आवीने विनति करी के हे स्वामिन्! आपणा कुसुमाकर नामना उद्याननने विषे श्रीगुणाकर सूरिना शिष्य श्रीरत्नाकरसूरियें पाउ धारेला ठे. ते सांनली हर्षायमान थयेला ते बेहु राजार्जयें ते वनपालकने वधामणीमां घणुंक इव्य आपी दीधुं. अने अंतःपुर, परिवार, गज, रथ, तुरग, नट, तेना लक्षोयें करी तथा सामंत, सेनापति, श्रेष्ठी, सार्थवाह, तेर्जना वृंदोयें करी युक्त एवा ते, सर्वऋद्धिसहित कुसुमाकर नामा उद्यानमां गुरुने वांदवा माटें आव्या. दूरथी दृष्टिगोचर थयेला गुरुने जाणी तुरत पोतानां राज्यचिन्होनो त्याग करी पंचाभिगम साचवी हर्षे करी रोमांचित जेनां ऊनां थयां ठे एवा थका गुरुने वंदन करीने पोत पोताने योग्य एवां स्थान पर बेठा. पढी गुरुयें पण सुधारस समान देशना देवानो प्रारंन कर्यो. ते जेम केः—

हे नव्य जनो! दुःखें मले तेवा मनुष्य जन्मने पामीने ते मनुष्यायुने विषे उत्तमजनोयें तो कांही पण मोक्षसाधन करवुं. कारण के फरीने ते मनुष्यनो जन्म मलतो नथी. माटें तेने, वृथा संसार रूप पाणी वलोववामांज खोवो नहिं. वली सुज्ञजनोयें जे कांइ सुकृत कार्य करवानुं होय, ते आ देहथी

ज करी लेवुं. केम के? आ जन्ममां करेला सुकृतकार्यथी फरी निश्चें बीजो शुद्ध जन्म प्राप्त थाय छे. वली हे भव्यजनो! आ मनुष्यना देहने प्राप्त थया पछी समजीने दुर्जन जनोनो त्याग करवो अने साधुजननो समागम करवो. अहोनिश पुण्योपार्जनमां मन राखवुं अने आ संसारने असारज जाणवो. ज्यां सुधी आ शरीर, रोगरहित स्वस्थ छे, ज्यां सुधी आ शरीरने जरा आवी नथी, ज्यां सुधी सर्व इंद्रियोनी शक्ति सारी छे. त्यां सुधीमां जे कांइ मोक्षमार्गे जवानो उद्योग करवो होय, ते करवो. पछी कांइ पण थवानुं नथी. जेम कोइ मूर्ख माणस पोताना घरने सलगेलुं जोइने तेने उलववा माटे जल जोइयें ते जल सारु कूवो खोदवा बेसे, ते शुं काम आवे? कांहिं नहिं. अर्थात् ज्यां सुधी शरीरनुं पूर्वोक्तरीतें सर्व स्वास्थ्य छे, त्यां सुधीमां जलदी मोक्षनां साधन संपादन करवां.

वली हे भव्यो! कनिष्ठ अने मूर्ख जन होय, ते कामसुखाभिलाषने विषे आसक्त थयो थको धर्म, तथा कांइ पण सुकृत कार्योने करतो नथी. अने जे मध्यम होय छे, ते पुण्यपर प्रीति राखे छे, तथा शुद्ध एवा श्रावकना धर्मने पण अंगीकार करे छे. अने उत्तम पुरुष जे होय छे, ते तो संसारना भयने मटाडनार, निर्वाण सुखने आपनार, एवा संयमनेज स्वीकारे छे. वली हे भव्यो! आ जे श्रावकनो धर्म छे, ते ताडना वृक्ष समान छे, जेम ताडना वृक्षने दूर फल होवाथी ते दूर फलनो देनारो कहेवाय छे. अने यतिधर्म छे, ते पनसना वृक्षसमान छे, जेम पनसना वृक्षने निकट फल होवाथी ते निकटफलदायक कहेवाय छे. वली पण संयममां केवा गुणो छे? ॥ श्लोक ॥ नो दुःकर्मप्रयासो न च युवतिसुतस्वामिदुर्वाक्यदुःखं, राजादौ न प्रणामोऽशनवसनधनस्थानचिंता न चैव ॥ न ज्ञातिद्रव्यपूजा प्रशमसुखरतिः प्रेत्य मोक्षाद्यवाप्तिः, श्रामण्येऽमी गुणाः स्युस्तदिह सुमतयः किं न यत्नं कुरुध्वम् ॥१॥ अर्थः—जुउ. जे श्रामण्यमां संसारकर्मनो प्रयास, युवती, सुत वगेरेनो जंजाल, कोइ पण पोताना स्वामीना दुर्वाक्य सांभलवानुं कष्ट, राजादिकोने प्रणामनुं दुःख, अने अशन, वसन, धन, स्थान, तेनी चिंता, ज्ञातिथी द्रव्यथी सत्कारनी इछा, ए कांहिं होतुं नथी. ते माटे जेमां केवल प्रशम सुखनी प्रीति, अने मरण पछी मोक्षनी प्राप्ति, ए बे महोटां सुखो होय छे. एवा उत्तम गुणथी

नरपूर संयम वे, ते बतां पण हे बुद्धिमान् पुरुषो ! तमो तेमां यत्न शामाटे करता नथी ? आ प्रकारनी गुरुनी वाणीथी संसारनी असारता मानी, सर्व सुखमां उत्तम सुख ते मोक्षसुखज वे एम जाणी अने ते मोक्ष नी प्राप्ति संयमांज वे. एम निश्चयरीतें समजी, तीव्र जेने वैराग्य थयो वे एवा ते पद्मोत्तर अने हरिवेग राजा, तेज वखत मुनिराजने विनति करवा लाग्या के, हे नगवन् ! संसाररूप कूवामां मूबता एवा जे अमे, ते अमारो, दीक्षारूप करावलंबनना दानें करी विलंब विना उद्धार करो. त्यारें सूरीश्वरें कह्युं के हे राजन् ! मुने पण माहारा गुरु जे श्री गुणाकरसूरि तेमणें ते माटेज आहिं मोकलेलो वे. माटें जेम हवे कालक्षेप न थाय, तेम ते संयमश्रीनुं अवलंबन करो. ते सांजली अत्यंत हर्षायमान थयेला एवा ते बेहु जण, पाबा पोत पोताना नगरमां आवी. पोत पोताना पुत्रने राज्य आपी दीक्षा ग्रहण करवाने समुद्युक्त थया. ते वखतें तेउयें श्रीमदरिहंतचैत्योने विषे अष्टाह्निक महोत्सव कराव्यो, चतुर्विध संघनी यथायोग्य नक्ति करी. ज्ञानना नंमारामां ज्ञानवृद्धिदायक ग्रंथो लखाव्या, पोषधशालामां योग्य धन आप्युं, पोताना देशोमां अमारिपटह वगडाव्यो. दीन अने अनाथ एवा जनोने अनुकंपादान दीधां. पबी पाबा ते श्रीरत्नाकर सूरि गुरुनी पासें आव्या. गुरुयें पण ते बेहुनी योग्यता जाणीने तेने दीक्षा आपी.

हवे यथाशास्त्र क्रियाने सेवन करतां करतां ते बेहु मुनियो अग्यार अंगो नण्या, अने महर्षियोने पण चारित्रनी दृढताना कारणनूत थया. निरतिचारपणे चारित्रने पालन करवा लाग्या अने ते बेहु षष्ठ, अष्टम, दशम, द्वादश, मास, अर्द्धमास वगेरे तपो करवा लाग्या, तेथी तेनां शरीर अत्यंत शुष्क थइ गयां. क्रमें करी तेउयें संलेषणानुं आराधन करी अनशन व्रत अंगीकार कर्युं ॥ श्लोक ॥ शुष्कांगकोतीव्रतरैस्तपोन्नि, र्विमुच्य काले विधिना शरीरम् ॥ जातौ ततस्तावहमिंददेवौ ग्रैवेयके मध्यममध्यमाख्ये ॥ १ ॥ तयोरगाधेऽद्भुतन्नोगवारिधौ निमग्नयोर्वैक्रियलब्धिलग्नयोः ॥ प्रकाशन्नासोः सहसा निशावत्, वेगादगात्सागरसंप्तविंशतिः ॥ २ ॥ अर्थः– तीव्र एवा तपोयें करी शुष्कजेनां अंग थइ गयां वे. एवा ते बेहु ऋषि, कालें करी समाधिमरणें देहनो त्याग करी मध्यम मध्यम नामा ग्रैवेयकने विषे अ

हर्मिंद्रनामा देवता थया. त्यां अगाध एवा जोगसमुंद्रने विषे निमग्न अने वैक्रिय लब्धिने प्राप्त थयेला, देदीप्यमान छे कांति जेनी एवा ते बेहु मित्रोने वेगें करी सत्यावीश सागर प्रमाण काल चाल्यो गयो. अर्थात् ते पद्मोत्तरकुमारें अने हरिवेगविद्याधरें मध्यमग्रैवेयकने विषे मध्यमत्रिकें सत्यावीश सागरोपम आयु जोगव्युं.

इति श्रीपृथ्वीचंद्र गुणसागरचरित्रे पद्मोत्तरनृपहरिवेगविद्याधरेंद्रजववर्णननामा सप्तमः सर्गः समाप्तः ॥ ७ ॥

आहिं पृथ्वीचंद्र अने गुणसागरना चौद जव समाप्त थया॥ १४ ॥

---

## ॥ अथाष्टमसर्गस्य बलावबोधः प्रारभ्यते ॥

आ जूमिरूप जामिनीना जालने विषे जूषणसमान एक पुंड्रनामा देश छे. ते देशने विषे प्रौढ एवुं पुंड्रपुरनामक एक नगर छे. तेमां विद्या, विनय अने विवेक तेणें युक्त एवो श्रीबलनामा राजा राज्य करे छे. तेनो एक शतबलनामा लघु जाइ छे, ते पण युवराजपणाना धुरने धारण करवामां सबल होवाथी ते युवराज पदने प्राप्त थयेलो छे. हवे ते बेहु जाइने राम अने लक्ष्मणनी पठें परस्पर पूर्ण प्रीति छे. तेथी ते, पितृदत्त राज्यने योग्यरीतें पाले छे. हवे ते श्रीबलने सुलक्ष्मणा नामा स्त्री छे अने शतबलने लक्ष्मणानामा स्त्री छे. ते स्त्रीयोनी सार्थे बेहु जाइयो, विषयविलासें करी वासरो व्यतीत करे छे.

श्रीबल राजानी राणी जे सुलक्ष्मणा छे, तेनी कुक्षिरूप जूमिने विषे कल्पद्रुमनी पठें मध्यमग्रैवेयकथकी चवीने देवता थयेलो ते पद्मोत्तरकुमार, पुत्रपणें आव्यो. त्यारें ते सुलक्ष्मणायें स्वप्नने विषे तुंग एवा मेरुपर्वतने दीठो. पछी प्रातःकालने विषे तूर्यशब्दोथी जागृत थइ एवी ते राणीयें स्वप्ननी वात, पोताना स्वामी श्रीबल राजाने कही बतावी. ते सांजली राजा बोल्यो के, हे कोमलांगि ! स्वप्नमां तमें मेरु जोयो छे, तेथी तमोने मेरुतुल्य पुत्र प्रगट थाशे. ते सांजलीने परम आह्लादने पामती एवी राणी शुज एवा ते गर्जनुं पालन करवा लागी. पछी राणीयें दशमास पूरा थवाथी जेम रत्ननी खाण उत्तम मणिने उत्पन्न करे, तेम हृदयने आनंददायक एवा उत्तम पुत्रने प्रसव्यो. ज्यारें पोताने त्यां पुत्र प्रगट थयो, त्यारें

श्रीबल राजायें महोटा आमंबरें करी पुत्रनो जन्ममहोत्सव कस्यो. अने पुत्र एक मासनो पण थयो. हवे ज्यारें ते पुत्र, गर्नमां रह्यो हतो, त्यारें तेनी मातायें स्वप्नमां मेरुपर्वत जायो हतो तेथी तेना अनुसारें सर्वेनी सान्निध्य ते पुत्रनुं " गिरिसुंदर " एवुं नाम पाडयुं. पछी ते कुमार, अनुक्रमें वृद्धि पामतो थको स्त्रीजनने आनंदकारक एवा यौवन वयने प्राप्त थयो.

हवे मध्यम ग्रैवेयकमां अहमिंद्रपणे थयो एवो जे हरिवेग विद्याधर, ते त्यांथी चवीने श्रीबलराजाना नाइ शतबलनी स्त्री लक्ष्मणाना उदरने विषे पुत्रपणायें आव्यो. त्यारें ते स्त्रीयें स्वप्नने विषे रत्नोना उंघने जोयो, ते जोइने तुरत जागी गइ. अने ते स्वप्ननी वात, पोताना स्वामीने कही. त्यारें तेना स्वामीयें कह्युं के हे प्रिये ! तमें स्वप्नमां रत्नोनो उंघ दीठो, तेथी रत्न जेवो पुत्र थाशे. ते सांनली प्रसन्न थइ एवी ते स्त्री, गर्भनुं पोषण करवा लागी. पछी ते राणीयें सर्वगुणथी संपन्न एवा पुत्रने पूरे मासें प्रसव्यो. ते वखत शतबल राजायें पुत्रनो जन्ममहोत्सव कस्यो, अने ते गर्न रह्या वखत तेनी मातायें स्वप्नमां रत्ननो उंघ दीठो हतो, तेने अनुसारें तेनुं " रत्नसार " एवुं नाम पाडयुं. ते पुत्र अनुक्रमें यौवन वयने प्राप्त थयो.

पछी पूर्वनवना स्नेहथी ते गिरिसुंदरने अने रत्नसारने अत्यंत प्रीति थइ. ते एवी के, ते बेहु एकबीजानो घडी एक पण विरह सहन करी शकता नथी. अने तेवो अत्यंत स्नेह होवाथी ते बेहुजण, एकज ठेकाणे क्रीडा, एकज ठेकाणे नोजन, तथा शयन पण एकज ठेकाणे करे छे. एकबीजा कदाचित् जुदा पडे छे, तो तेउने कांहि चेनज पडतुं नथी. आवी रीतनी ते बेहु नाइयोनी प्रीति जोइने तेमना पिताउ परस्पर कहेवा लाग्या के, अहो ! जुउ तो खरा, आपणा बेहु पुत्रोने आपण करतां सोगुणी प्रीति छे ? एम कहीने बेहुजण बहुज खुशी थया.

एक दिवस, जेमां छत्रीश राजकुली बेठेली छे, तेवी सनाने विषे स्वस्थपणाथी श्रीबल राजा बेठो छे, तेवामां पुरजनोयें आवी विनति करी के हे राजन् ! आप जेवा अमारी पर राजा छे, ते छतां पण अमारे घणुंज दुःख नोगववुं पडे छे. ते सांनलो केः—कोइ एक दुष्ट छे, ते निरंतर अमारी कन्याउने तथा धनने चोरी जाय छे. अने ते अमारा हाथमां आवतो नथी अने हवे तेणें हरण करेली कन्याउना करुण शब्दो पण अमाराथी सांन

ली शकाता नथी? आ प्रकानी प्रजानी पीडाने सांजली एकदम कोपाय मान थयेलो ते श्रीबल राजा, पोताना कोटवालने तेडावी महोटा स्वरथी कहेवा लाग्यो के अरे! हे डुष्ट! तुं निश्चिंत थइ आखी रात घरमांज सूइ र हे ठे के शुं? जो. आखी रात आ आपडी नगरीमां लोकोनां स्त्री माल वगे रे कोइ डुष्ट लूंटी जाय ठे, तेनी तो तुं बीलकुल संजालज राखतो नथी? तेथी मने एम लागे ठे, के तुं तथा तारी साथेंना माणसो मारो अम थो हरामनोज पगार खाउ ठो? ते सांजली हाथ जोडी कोटवाल बो ल्यो, के महाराज! आपें अटलो बधो क्रोध करवो नहिं. कारण के आ फरियाद आपनी पासें तो आजज आवी ठे, पण हुं तो ते फरियाद घ णा दिवसथी सांजलुं बुं. अने तेने माटे चोकशी राखी आपणा गामना दरवाजा पासें प्रबल माणसोने आखी रात जागता उना राखुं बुं, तथा ठानी रीतें पण ते चोरनी तपास करावुं बुं, अने हुं पण आखी रात गाममां चो की माटें फरयाज करुं बुं, पण ते डुष्ट चोरनो कोइ रीतें मने पत्तो मलतो न थी. ज्यारें गाममांथी कन्याउनुं ते डुष्ट हरण करी जाय ठे, त्यारें ते कन्या ना करुण शब्दने सांजलीये ठैयें. अने वली लोको ज्यारें कहे जे आ चोर आ व्यो, आ चोर आव्यो, एम सांजली अमें एकदम दोडी तपास करवा जायें ठैयें, त्यां तो तेने, तथा तेनी हरण करेली कन्याउने पण क्यांही देख ता नथी. एम प्रतिदिन थाय ठे. माटें आ फरियाद सांजलीने तो हुं हवे थाकी गयो बुं, तथा मारुं पुरुषार्थ न चालवाथी हवे मने गाममां मुख देखाडतां पण लाज आवे ठे. अने हे महाराज! आ नगरनुं आगल करतां व धारे रक्षण करतां पण आम थाय, त्यारें हवे हुं शुं करुं? माटे मारो कांइ तेमां उपाय नथी तेथी जेम आपने आ नगरनुं रक्षण करावबुं घटे, तेम करावो. हुं तो हवे आ नोकरी पण करवा इहतो नथी. वली आपने पण कहुं बुं के हाल, आपें पण अंतःपुरनी बराबर खबर राखवी. नहिं तो तेनुं हरण थवाथी आपनी पण लाज जाशे? आ प्रकारनुं को टवालनुं बोलवुं सांजली राजा तो एकदम विचारमां पडि गयो. जे अरे! हवे ते हुं शुं करीश? अने आ मारा नगरनुं रक्षण केवी रीतें करीश? एम विचारमां घुम थइ जइ कांहिं बोल्यो नहिं, त्यारें तेनो गरिसुंदर नामा कुमार बोल्यो के हे पिताजी! आप तेवी तुछ वातमां विचार करी शुं मुंजाउ ठो?

ते कामनी मुने आज्ञा आपो. जुउं तो खरा, हुं ते चोरने सात दिवसनी अंदरज शोधी काढुं बुं ? ते सांजली राजा खडखड हसीने कहेवा लाग्यो के, हे पुत्र ! तुं ते बोले बे शुं? जे काममां अमारी जेवा प्रबल पुरुषो मुंजाइ पड्या बे, तो तुं जेवा बालकथी ते काम केमज थाय ? त्यारें गिरिसुंदर बोल्यो के हे तात! जलें बालक बुं, पण ते कामनी मने रजा आपो, जुउ.ते हुं करुं बुं के नहिं? अने हे पिताजी! ते काम कदाचित् माराथी न थाय, तो पण हुं बालक होवाथी जगतमां मारी लाज न जाय, तेम हांसी पण न थाय ? अने तेवा काम करवा बाहार पडेला आप जेवाथी जो न थाय, तो तेनी जगतमां हांसी पण थाय, अने लाज पण जाय ? एम घणुं कह्युं, तो पण तेना पितायें जवानी रजा न आपी, त्यारें ते कुमार, कोइने कह्या विना ते दुष्ट चोरना तपास माटे तेज दिवसें सायंकालें हाथ मां एक तरवार लइने एकदम गामनी बाहारना जीर्ण उद्यानादिकमां चाल्यो गयो. अनें त्यांज जमवा लाग्यो. तेवामां तो पोताथी जरा दूर एक पर्वत जोयो, तेमां वली सलगतो अग्नि तथा धूंवाडो दीठो. ते जोइने कुमार, कौतुकाविष्ट थइ तुरत त्यां गयो, अने त्यां जइ ज्यां जोवे बे, त्यां तो विद्याने साधवा माटे अग्निकुंममां गुगलना होमने करता एवा कोइएक विद्याधरने दीठो. त्यारें तो ' सिद्धिरस्तु ' एम जणी ते तेनी सामो बेठो. अने कह्युं के हे विद्यासाधक ! हवे हुं आपनो उत्तर साधक आव्यो बुं, माटे विद्या साधो. एम ज्यां कह्युं, त्यां तो ते पुण्यवान् एवा सुरगिरिना प्रजावथी जेना नामनो मंत्र साधतो हतो, तेज क्षेत्रपाल देव प्रत्यक्ष आवी ते साधक सामो उनो रह्यो. अने कहेवा लाग्यो, के हे साधक विद्याधर ! सांजल. हवे तुं मारा मंत्रनुं साधन करवुं बंध राख्य. अने ते मंत्र जो तुं साधीश, तो हुं तुने विरूप करी नाखीश ? कारण के हाल आ तारी पासें महा प्राजाविक कुमार आवी उत्तरसाधक थइ बेठो बे, तेथी मारे तारा तरफथी मंत्र साधननी कांइ इला नथी. अने हाल हुं तारापर तुष्टमान थयेलो बुं, अने जा. तारी मंत्रसिद्धि पण थइ. हवेथी कोइ पण प्रकारनुं जय, तुने पराजव करी शकशे नहिं. वली हे साधक ! आ कुमारने, हुं देखुं तेम जलदी तुं नमस्कार कर. ते सांजली आश्चर्यने प्राप्त थइ प्रसन्न थयेला ए साधकें त्यां बेठेला गिरिसुंदर कुमारने प्रणाम कस्यो. अने ते यक्षनुं सारी रीतें पूजन कर्युं.

पछी ते साधकें यक्षने विनति करी के हे देव ! आप मने प्रसन्न थये ला छो, तो हवे हुं ज्यारें आपने बोलावुं, त्यारें आप जरूर पधारजो. एम कही तेनुं विसर्जन कर्युं. पछी ते मंत्रसाधक विद्याधर, सुरगिरि कुमारने कहे छे, के हे नाइ ! आप आहिं पधार्या, तेथी मारुं घणुंज सारुं थयुं. ते शुं ? तो के आपना पधारवाथी मारे मंत्रसाधन कर्या विनाज विना प्रयासें मंत्रसिद्धि थइ. अने जे देवनुं हुं आराधन करतो हतो, ते देव प्रत्यक्ष प्रगट थइ दर्शन दइ मारी पर प्रसन्न थयो. ते माटें ते आपना करेला उपकारनो बदलो यत्किंचित् हुं वालुं, तेथी मने कांइक काम फरमावो. जे कांइ आप कार्य फरमावशो, ते कार्यने आपनो सेवक करवाने तै य्यारज छे. तेसांजली कुमार बोल्यो के हे साधक ! हुं कांइ तमारुं मंत्रसाधन करावा तमारी तरफ आव्यो न हतो. परंतु हुं तो आ नगर नी रक्षा करनार एक माणस छों, तेथी आ नगरनी आसपास चोकी करवा माटें फर्या करुं छुं. ते आजे रात्रे रक्षण माटे ज्यां गामनी बाहेरना उद्या नोमां हुं फरतो हतो, त्यां में छेटेथी आ पर्वत दीठो, अने तेमां वली स लगतो अग्नि अने धुंवाडो दीठो, ते जोइने में विचार कर्यो के आ ते पर्वतमां शुं हशे ? चाल हुं जोवा तो जाउं ? एम कौतुकथी एकदम हुं आहिं आवी बेठो, त्यां तो तमारी मंत्रसिद्धि थइ ते जोइने हुं अत्यंत खु शी थयो. कारण के तमारुं कार्य जे थयुं छे, ते हुं जाणुं छुं जे मारुंज कार्य थयुं छे. माटें मारे कांइ तमारी पासेंथी लेवुं नथी. आ प्रकारनी ते कुमारनी निःस्पृहता जोइने विस्मय पामेलो ते साधक कहेवा लाग्यो के हे प्राजाविककुमार ! आप उदार चित्तवाला छो, तेथी कांइ पण लेवा इछता नथी, तथापि प्रार्थना करी किंचित् हुं अर्पण करुं छुं, तेने कृपा क री आप स्वीकार करो. ते सांजली कुमार बोल्यो के कांइ पण, लेवानी वात तो तमारे करवीज नहिं. कारण के तमें तो माहारा हाल गुरु थयेला छो, माटें तमारी पासेंथी में कांइ लेवायज नहिं. ते सांजली साधकें विचार्युं जे आ निःस्पृह छे, माटे प्रत्यक्ष तो काहिं नहिंज ले, तेथी कोइक यु क्तिथी तेणें करेला उपकारनो बदलो वालुं, कारण के जेना प्रतापथी आ मंत्रसाधनरूप अवडुं महोटुं मारुं कार्य पार पड्युं, तेने कांइ पण आप्या विना रहेवुं, ते ठीक नहिं ? एम विचार करी साधक कहे छे, के

हे सुरजन ! आप मने गुरु तो कहो वो, तो जो मने अंतःकरण पूर्वक गुरु कहेता हो, तो मारुं एक वचन पण पालो. त्यारें नम्रतापूर्वक कुमार कहे वे, के ठीक. जे तमो कहो, ते हुं मान्य करुं ? कारण के गुरुनी आज्ञाना नंग करवानुं महोटुं पाप वे. त्यारें साधक कहे वे, के ठीक ल्यो. आ मारी पासें जे, पाठ करवे करीनेंज सिद्ध, अने विस्मय पमाडे एवी रूपपरावर्त्तन नामा विद्या वे, ते विद्या आप ग्रहण करो. एज मारुं वचन वे. ते सांनली कुमारें जाएयुं जे आ पुरुषने विद्या आपवानो घणोज आग्रह वे, माटें आपणे ते ग्रहण करवी. एम मानी ते विद्याने सविनयपणे ग्रहण करी. एवा समयमां तो हे बाप ! हे मात ! हे नाइ ! अमारुं रक्षण करो ! अमारुं रक्षण करो ! ए प्रकारनो तरुण स्त्रीयोनो करुण शब्द आखा नगरमां थवा लाग्यो, ते सांनली गिरिसुंदर कुमार ते नगर तरफ एकदम दोड्यो. पवी दोडतां दोडतां विचार करवा लाग्यो के अरे ! आ आक्रोश तो नगरमांथी थतां थतां पावो आहिं निकट थतो संनलाय वे. अने ते शब्द पण नानी वयनी स्त्रीयोनोज वे, तेथी तो मने एम लागे वे, के कोइ डुष्ट चोर मारा गाममांथी कन्याउने हरण करी आहिं निकटनांज स्थलमां लावे वे ? अने वली ते पापी अत्यंत स्त्रीलोलुप वे, तेथीज ते कन्याउनुं हरण करे वे, माटे जो हुं आ पर्वतनी गुफाउमांज फरीश, तो ते चोर, कांइ मारे हाथ आवशे नहिं. माटे पर्वतनी नीचें उतरी तपास करुं. अने ते स्त्रीलोलुप वे, माटे आवा वेशें कांइ फसाशे नहिं, तेथी हाल मने साधकविद्याधरें जे, रूपपरावर्त्तन विद्या आपी वे, ते विद्याथी स्त्रीनुं रूप पण धारण करुं, तेथी ते जरूर वश थाशे ? एम विचारी ते कुमार, उत्तम अने मनोहर एवुं स्त्रीनुं रूप धारण करी प्रातःकालमां ते पर्वतनी सर्व गुफाउ जोवा लाग्यो. तेवामां एक वननिकुंज जोयुं, तेमां वली एक जीर्ण देवालय दीठुं. अने ते देवालयनी नजीक महोटा महोटा नस्मना अने हाडकाना ढगलाउ दीठा. घडीवार ज्यां जुवे वे, त्यांतो ते देरामांथी नीकली चाल्यो आवतो हाडकानी मालाउथी अलंकृत अंगवालो, हाथमां मोरनी पीवीने धारण करता एवा कोइएक कापालिकने दीठो. तेने जोइने कुमारस्त्रीयें विचार्युं के अहो ! मारा नगरमां कन्या वगेरेनुं हरण करी त्रास पमाडनार एवो डुष्ट, धूर्त्त जे वे, एज लागे वे.

परंतु आवा दुष्टने जलदी दंम देवो नहिं. कारण के ते दुष्टनुं चरित्र सर्व सांजली पढी तेने दंम देवो. अने वली तेणे योगीनो वेश धारण करेलो ढे तेथी ते हणवा योग्य पण नथी ? एम विचारी त्यां एक पब्बरनी शिला पडेली हती, त्यां जइ तेनी पर बेसी ते कुमारस्त्री अत्यंत रुदन करवा लागी. त्यारें कामी एवो ते कापालिक ते स्त्रीनुं करुण शब्दयुक्त रुदन सांजली त्यां आव्यो. आवीने ज्यां जुवे ढे, त्यां तो नवयौवना, मनोहर रूपवाली, चंद्रमुखी एवी ते स्त्रीने जोइ विचारवा लाग्यो के अरे ! आ तिलोत्तमा अप्सरा सरखी स्त्री जो मारे वश थाय; तो मारे गामनी कन्याना हरणकरण रूप सकल क्लेशो जोगववा मटे ? अने कामदेव जेम रतिनामा स्त्रीनी साथें सुखी थाय ढे, तेम हुं पण आ स्त्रीना सुखें सुखी थाउं. परंतु हाल तो दिवस ढे, माटे मारो कांइ उपाय चालशे नहिं, जो रात्रि हत तो तो हुं मारुं काम फत्ते करत, माटे हाल तो विनय करी जेम तेम आडुं अवलुं समजावीने तेने मारा मठमां लइ जाउं. त्यां लइ गया पढी ज्यारें ते मारे हस्तगत थाशे, त्यारें पढी मने जेम ठीक पडशे, तेम करीश ? एम विचारी ने ते स्त्रीपासें आवी कहेवा लाग्यो के हे सुलोचने ! दुष्ट एवा धातायें तुं जेवी मनोहर स्त्रीने पण दुःख दीधुं लागे ढे ? माटे हे सुज्ञु ! आहिं एकली शामाटे ढो ? अने रुदन केम करे ढे ? ते कहे. अने तुने खेद युक्त जोइने मारा मनमां महोटुं कष्ट थाय ढे. त्यारें कुमारसुंदरी बोली के हे कापालिक ! सांजलो. हुं जे बोलुं, ते तमारे सत्यज मानवुं. जरा पण खोटुं मानवुं नहिं, कारण के हुं सत्यवक्ताज बुं. एम कही ते कहेवा लागी के प्राची दिशाने विषे एक सुशर्मानामा नगर ढे. ते नगरीना राजानो अपराजितनामा एक पुत्र ढे. तेनुं कोइएक कारणें तेना पितायें अपमान कस्युं, तेथी ते रीसाइने पोताना पिताना नगरथी बाहेर निकली गयो. अने हुं ते अपराजित कुमारनी स्त्री बुं. तेथी ज्यारें ते मारो स्वामी गाम बाहार निकली गयो, त्यारें हुं पण घणा लोकोयें ना पाडतां बतां तेनी पबवाडेज निकली गइ. गतरात्रिने विषे हुं तथा मारो स्वामी आ, जे ढीपर पर हाल हुं बेठी बुं तेनी पर सूतां हतां. एमां ज्यां मारी आंखमां निद्रा आवी, त्यां तो मारो स्वामी एकदम मने सूतीज मूकीने कोण जाणे क्यां पोबारा गणी गयो ? अने मारा उठवाना जयथी मारे

त्रीकें तेनुं आ खड्ग हतुं, ते पण लीधुं नही, अने हथीयार विनानोज कोण जाणे क्यां चाल्यो गयो. हे महाराज! तेना दुःखें करी हुं दुःखि तथकी रुदन करुं बुं, ते सांजली योगी बोल्यो के, हे कमलनयने! ते तारो स्वामी मूर्ख लागे छे, नहिं तो स्त्रीजातने एकली, निराधार, आवा अरण्यमां मूकी, शामाटे नागी जाय? पण तुं फिकर करीश नहिं, हुं तारुं निर्नाथपणुं आ घडीयें मटाडी दइश. ते सांजली कुमार स्त्री बोली के हे योगींद्र! पोताना स्वामी विना स्त्रीने जीववुं ते योग्य नथी, तेथी अटलामां कोइ एक मने तीर्थ बतावो, के त्यां जइ हुं मारा प्राणनो त्याग करुं? त्यारें योगी बोल्यो के हे नद्रे! तुं मरवानी वात जावा दे. कारण के तारे मरवुं न पडे, अने तारा स्वामीनो वियोग मटे, एवो एक उपाय छे. जो. आहिं एक पूर्णमनोरथ नामनुं तीर्थ छे, त्यां जे त्रण रात्रि निवास करे छे, तेने पोताना जुदा पडेला प्रियजननो मेलाप थाय छे, माटे त्यां चाल अने ते तीर्थनुं सेवन कर. अने मरीने शुं करीश? त्यारें ते कापालिकनो अनिप्राय मनमां जाणीने कुमारस्त्रीयें ते कबूल कर्युं. पछी बेहु जण त्यांथी पूर्वोक्त जे देवालय हतुं, त्यां गयां. अने ते देवालयमां जइने ज्यां जुवे, त्यां तो तें कुमारस्त्रीयें लांबा कलेवर वालो, लांबी दाढीवालो एक हाथमां ढाल, अने बीजा हाथमां तरवार, त्रीजा हाथमां कृत्तिका, चोथा हाथमां मरेला माणासना माथानी तुंबली, तेने धारण करनार, पाच वर्णे करी युक्त, एवा एक काष्ठमय देवने दीठो. त्यारें कुमार स्त्रीयें पूछ्युं के, आहिं कोइ मनुष्य केम देखातुं नथी? त्यारें योगी कहे छे. के हे सुंदरि! आहिं जे तें देवरूप जोयुं, ते तो केवल जनरंजनमात्रज राखेलुं छे. जरा तुं आगल तो चाल. त्यां मनुष्य छे, अने पूर्णमनोरथनामा एक देव छे, ते बतावुं. एम कही ते कुमारस्त्रीनो हाथ पकडी तेने ते चतुर्भुज वाला यक्षनी पछवाडे लइ गयो. त्यां जइ ते कापालिकें नूमिपर जोरथी पगनी लात मारी. त्यां तो कोइएक सुरसुंदरी समान रूपवाली एक कन्या आवी. अने तेणें तेमां एक गुप्तद्वार हतुं, ते उघाड्युं. पछी कापालिक बोल्यो के हे स्त्रि! आ स्त्री जेम पोताना प्रिय मेलापमाटे देवाराधन करे छे, तेम तुं पण कर. तेथी तारो पण स्वामी थोडा वखतमां मलशे? अने हुं देवपूजन माटे फुलपत्र लेवा जाउं बुं, ते पाछो थोडी वारमां तारी

पासें आवीश ! एम कहीने ते योगीयें, कुमारस्त्रीनो ते द्वारमां प्रवेश कराव्यो. अने पछी ते बाहिरथी तालुं दइने चाल्यो गयो. हवे स्त्री थयेलो ते गिरिसुंदर कुमार तो, जे वस्तुमाटे महेनत करतो हतो तेज वस्तु, अनायासें मळी. ते जोइने मनमां अत्यंत खुशी थयो. जे कन्यायें ते गुफानुं गुप्तद्वार उघाड्युं हतुं, तेणें ते कुमारस्त्रीने पूछ्युं, के हे सखि ! तुं आ दैत्यना हाथमां केवी रीतें आवी फसी ? त्यारें ते बोली के, हे बहेन ! मारी वात तो घणीज लांबी छे, ते हाल कहेवाथी कांही पूरी थाय तेम नथी, माटें हाल तो जे हुं तुने पूछुं, ते तुं कृपा करी कही आप. एम कही तेने पूछवा लागी के हे सखि ! प्रथम तो हुं एज पूछुं छुं, के ए पुरुष कोण छे ? अने तमें पण कोण छो ? त्यारें ते कन्या बोली के हे बहेन ! ए पुरुष जे छे, ते योगीनो वेष धारण करनार दंभपालक नामा महोटो चोर छे, ते दिवसमां कापालिकनो वेष धारण करी आहिंथी नजिकमांज रहेला पुंड्रपुर नामा नगरमां भिक्षा मागवाना मिषथी तपास करी आवे छे, जे कये कये स्थलें, हिरा, माणक, मोती, तथा सारी कन्या छे ? पछी ते स्थल ध्यानमां राखी, पाछो आहीं आवे छे. अने वली पाछो रात्रियें ते गाममां जाय छे, जइने दिवसमां जइ ध्यानमां राखेला स्थलमांथी पूर्वोक्त वस्तुउमांथी जे वस्तु मळे छे, तेने चोरी लावे छे, अने ते वस्तुने आहिं गुप्त पातालगृहमां लावी मूके छे. तेमां पण कोइक जो स्वरूपवान् एवी कन्या मळे छे, तो बीजा पदार्थने चोरतोज नथी. वळी ए प्रमाणें हे सखि ! आ दुष्टें राजानी, मंत्रीनी, श्रेष्ठीनी अने सार्थपतिवगेरेनी उत्तम उत्तम कन्याउने हरण करी आही लावी मूकी छे. ते आज दिवस सुधी, तुं सुधां सर्व मळी एकशोने आठ कन्याउ भेळी थइ छे.

अने हे सखि ! मारे विषे जे तें पूछ्युं, के तुं कोण छो ? तो हुं तो पूर्वोक्त निकट रहेला पुंड्रपुरनामा नगरनो रहेवासी ईश्वरनामा एक श्रेष्ठी छे. तेनी सुनंदा नामा कन्या छुं. एक दिवस रात्रे मारे घेर जेवामां हुं सूती हती, तेवामां आ पापीयें मारुं एकदम हरण कर्युं. में घणा आक्रोश शब्द कर्या पण मारी सहायता कोइनाथी थइ नहिं. अने मने आहीं लावी ए दुष्टें बंदीखाने नाखी मूकी छे. वळी जे गाम हुं रहुं छुं, ते पुंड्रपुरगामना श्रीबल अने शतबल नामा बे राजा छे, ते घणाज बल

वान छे, परंतु मारां हीनभाग्यथी मने ते राजाउनी पण सहायता थइ शकी नहिं, अने पूर्वजन्मनी पापणी एवी हुं, आ पापीना पाशमां पडी रीबाउं छुं. एम कहीने ते अत्यंत रुदन करवा लागी. त्यारें कुमारस्त्रीयें समजावीने कह्युं के हे बहेन ! तुं रुदन कर नहिं, अने धैर्य राख. कारण के धैर्यथी सर्व सारुंज थाशे. अने हे सखि ! जे थवा काल छे, ते तो कोइनाथी कोइ पण रीतें न मटतां, अवश्य थयाज करे छे. कह्युं छे के ॥ श्लोक ॥ यद्भावि तद्भवति नूनमनिच्छतोऽपि, यत्ने महत्यपि कृते न भवत्यभावि ॥ एवं स्वभाववशवर्त्तिनि जीवलोके, किं शोच्यमस्ति पुरुषस्य विचक्षणस्य ॥ १ ॥ अर्थः— जे दुःख वगेरेने आपणे इच्छता नथी तो पण ते जो थवा काल होय छे, तो निश्चें थाय छे. अने आपणे सुख माटे घणाज यत्नो करीयें छैयें, तो पण जो ते सुख मलवानुं नथी होतुं, तो मलतुंज नथी. माटे सर्वजीवलोक, पोत पोताना कर्मने वश पडेलो छे, तेथी तेनो, जे विचक्षण पुरुष छे, ते शोक करतो नथी. वली जेटलुं प्रारब्धना योगथी मलवुं होय छे, तेटलुंज मले छे, तेने आपण तो शुं ? परंतु देव पण अन्यथा करवा समर्थ नथी? ते माटे हुं तो शोक पण करती नथी तथा मने विस्मय पण थातो नथी. कारण के आपणा कर्मनुं जे कांइ छे, ते कोइ दिवस पारकुं थइ शकतुंज नथी. वली कह्युं छे के ॥ श्लोक ॥ अवश्यंभाविनोभावा, भवंति महतामपि ॥ नग्नत्वं नीलकंठस्य, महाब्धिशयनं हरेः ॥ १ ॥ बध्यंते बलिनोनागाः, पन्नगाविहगाः स्थले ॥ मीना जले निलीनाश्च, क्लिश्यंते कर्मनिर्जनाः ॥ २ ॥ अर्थः— महोटा पुरुषोने पण भावी जे होय छे, ते थया विना रहेतुं नथी, तो बीजाने थाय, तेमां तो शुंज कहेवुं? जुउ. आवा मोहोटा नीलकंठ जे शिव, तेने निरंतर नग्नपणानुं दुःख भोगववुं पडे छे, तथा हरिने पण निरंतर क्षीरसागरमां शेषनागपर सुइ रहेवानुं दुःख भोगववुं पडे छे. अर्थात् महादेवने पहेरवा वस्त्र नथी शुं? तेम विष्णुने शयन करवा शय्या नथी शुं? ना सर्वे वानां ते बेहु जणने छे, परंतु भाविभाव जे छे, ते कोइनाथी मटतो नथी ॥ १ ॥ वली पृथ्वीने विषे फरता एवा बलवान् हस्तीयो, तथा सर्पो अने आकाशने विषे भमवाने समर्थ एवा शुक वगेरे तो कदाचित् बंधाय, परंतु बीचारां जलमां छुपी रहेलां मत्स्यो शामाटे जालमां बंधाइ जाय छे? माटे जीवो जे छे, ते पोत पोताना कर्मना योगें करी क्लेश पामे छे. अर्थात्

जे थवा काल छे, ते कोइनाथी मटतुंज नथी. आ प्रमाणें समजावी, पछी ते कुमार स्त्री पूछवा लागी के हे सुंदरि! आ योगी कोना बलथी आवी रीतें निर्जय थइने स्वेछाप्रमाणें वर्त्ते छे? त्यारें ते कन्या बोली, के हे बहेन! तेनी बराबर तो मने खबर नथी, परंतु ते योगीयें एक पातालगृहमां खड्ग राखेलुं छे, तेनुं ते सायंकाल, प्रातःकाल अने मध्यान्हकाल, पूजन करे छे, ते हुं जोउं छुं. त्यारें कुमारस्त्री बोली के ते तुं मने बतावी दइश? त्यारें ते कहे हा, चालो बतावुं. एम कही त्यांथी ते बेहु जणीयो चाली यो, ते ज्यां उल्लेछ बांध्यो छे, सुवर्ण तथा धान्यादिकें पूरेलुं, मणियोयें करी जडित जेमां जीतो छे, एवुं एक पातालगृह हतुं, तेमां आवीयो. पछी ते कुमारस्त्री पातालगृहना रमणीयपणाने जोती जोती चाली गइ. ते जरा दूर जाय, त्यां एक चंद्रहास नामा खड्ग पडेलुं हतुं, ते दीतुं. तेने जोइ अत्यंत हर्ष पामी नमस्कार करी तेनी स्तुति करवा लागी के ॥ श्लोक ॥ चक्रिकेशवरामादि, सुजटानां प्रजाववित् ॥ प्रसन्नोऽजूद्यथा तद्द, चंद्रहास प्रसीद मे ॥ १ ॥ अर्थः– चक्रवर्त्ती, वासुदेव, राम वगेरेना प्रजावने जाणनार एवुं जे तुं, ते जेम तेनी पर प्रसन्न थयुं हतुं, तेम हे चंद्रहासखड्ग! मारीपर पण प्रसन्न था ॥१॥ एम स्तुति करी ने ते खड्गनेनिर्जयपणाथी तुरत उपाडी लीधुं. अने ज्यां ते पड्युं हतुं, त्यां पोतानुं खड्ग मूकी दीधुं. आवी रीतनुं कुमारस्त्रीनुं चरित्र जोइने बंधीखाने पडेलीयो सर्व कन्याउ तो हाहारव करी एकदम बोली उठीयो, के हे सुंदर एवी अतिथि स्त्रि! आ काम तें घणुंज खोटुं कर्युं? माटे ते पापी हजी नथी आव्यो, त्यां ते खड्गने पाछुं ज्यां हतुं त्यां मूकी दे. अने हे साहसिक स्त्रि! ए खड्ग जो तुं नहिं मूक अने ते आवी पहोंचशे, तो आ तारा कृत्यने जोइ तुरत तारो नाश करशे. वली एम नहिं जाणजे जे ते तारोज नाश करशे. परंतु तारे लीधे अमारो पण नाश करशे? ते सांजली कुमारस्त्री बोली के हे अबलाउ! तमें किंचित् पण जय पामो नहिं. स्वस्थ थइ जे कांइ कौतुक थाय, ते जोया करो. ते डुष्ट तस्करने जेम तमें देखशो, तेमज हुं कृतांतनो अतिथि करी दइश? एम कहीने पोतानुं जे खरुं स्वरूप हतुं, ते प्रगट कर्युं. त्यां तो द्वारमां ते डुष्ट योगी आवी उजो रही बोल्यो के अरे! बार उघाडो? ते सांजली एक कन्यायें जइ ते पातालगृहनुं द्वार

नघाडशुं? त्यां तो नयन्नीत एवी ते सर्व कन्याउ ते गिरिसुंदर कुमारना मुख सामुं जोइ गुपचूप बेसी गइयो.

हवे ते चोर, त्यां आवी ज्यां जुवे ठे, त्यां तो निर्ज्नयपणाथी हाथमां खड्ग लइने नना रहेला ते कुमारने जोयो. ते जोतांमात्रमांज तेने रीष चडी गइ, तेथी तेनां लालचोल नेत्र थइ गयां. अने तेज वखत, ज्यां पोतें चंड्हास खड्ग मूक्युं हतुं त्यां जइ, कुमारें अदल बदल करी मूकेला ते कुमारनाज खड्गने लीधुं. लइने कुमारनी सामो दोड्यो. त्यारें पोतानी सामो दोड्या आवता ते डुष्टने जोइने गिरिसुंदर कुमार हाक मारी बोल्यो के हे डुष्ट! तुं आवी कुचेष्टायें करी वर्त्तनार ठो, तेथी हाल नाशज पामेलो ठो. एम निश्चें जाणजे. अने घणा दिवसथी करेला पापरूप वृक्षनुं जे कांइ फल थयुं ठे, ते फल हुं तुने आपुं, ते ग्रहण कर. हे पापी! तुं विचार तो कर के विषनो खानारो जे प्राणी ठे, ते कोइ दाडो चिरायु होय? ना होयज नहिं! आ प्रकारनां कुमारनां अतिकटु वचन सांनली रुष्ट थयेलो ते चोर, एकदम कुमारने मारवा दोड्यो. अने कुमार पासें आवी तुरत खड्गनो घा कस्यो. परंतु तेना करेला खड्गना घामांथी कुमारें कांइक युक्तिथी पोतानो बचाव करी लीधो, अने तेणें जेवो खड्गनो घा कस्यो हतो, तेवोज पाठो घा तेनी पर कुमारें कस्यो, तेथी ते डुष्ट एकज घाथी यमसदनमां पहोंची गयो. पठी गिरिसुंदर कुमार हृदयमां विचारवा लाग्यो के अरे! कालें प्रेरेला एवा में आवा रंकजननो नाश कस्यो? अरे! आ कृत्य कांइ में सुनटोनी सनामां वखणावा लायक कस्युं नथी! परंतु हा, आ कृत्यथी मात्र एटलुं थयुं, के मारां नागरिक जनो सुखी थयां.

हवे ते चोरें हरण करी आणेली कन्याउनुं शुं थयुं? ते कहे ठे. ते डुष्ट चोरें चोरी आणी राखेलीयो सर्व कन्याउ, आवुं ते गिरिसुंदरकुमारनुं पराक्रम जोइ अत्यंत विस्मय पामी तेनी सामुंज एक दृष्टिथी जोवा लागीयो. पठी कुमार बोल्यो के हे कन्यकाउ! तमारां कये कये ठेकाणें घर ठे, ते मने कहो, त्यां तमने हुं पहोंचडावी दउं? ते सांनली जेनी साथें कुमारने वात चित्त थइ ठे एवी जे श्रेष्ठीनी पुत्री हती, तेणें ते कुमारने वरत्यो, अने ते विचारवा लागी के अहो! आ तो स्वरथी तथा आचरणथी आपणा गामना राजाना पुत्र गिरिसुंदर कुमार जेवोज लागे

छे. वली थोडी वार जोइने निश्चय करी विचारवा लागी के अरे ! हा, आ तो तेज छे. एम निश्चय करी तेणें त्यां बेठेली सर्वे कन्याउने साद पाडी कह्युं के हे बेहेनो ! आ प्रतापी पुरुषने तमोयें उलख्या ? आ तो आपणा पुंड्रपुरना राजाना गिरिसुंदर नामा पुत्र छे, अने आपणने आ प्राभाविक पुरुषेंज दुष्ट चोरना दुःखथी बचावीयो छे. ते सांभली सर्वे कन्यायें ते कुमारने उलख्यो, अनें सर्वे खुशी थइयो. पछी कुमार परना प्रेमरागें करी रंगायेलीयो एवी ते सर्वे कन्याउ कहेवा लागीयो के हे कुमार ! ते दुष्ट चोरें अमारुं हरण कर्युं, अने अमो घणा दिवस आहीं रहीयो, तेथी हवे घेर जइ सगां संबंधीने मुख देखाडतां अमने लाज आवे छे, माटे अमारो सर्वेनो तो एवो निश्चय छे, के कां तो तमोने वरवुं ? नहिं तो अग्निमां पडी बली मरवुं. परंतु आ देहथी बीजा वरने वरवो नहिं ? आ प्रकारनां वचन सांभलीने दयालु एवा ते गिरिसुंदर कुमारें कह्युं जे अरे! विधिने पण धिक्कार हजो. कारण के तेणें आवी बिचारी निराधार कन्याउने दुःख दीधुं? एम कहीने वली विचारवा लाग्यो के अहो! आ सर्वे कन्याउ मनेज वरवानो आग्रह लइ बेठीयो छे, तेथी जो तेने नहि वरुं, तो ते सर्वे अग्निमां प्रवेश करी प्राणत्याग करशे, तो ते बीचारी दीनवदनाउने प्राणत्याग करतीयो हुं केम जोइ शकीश ? तेम वली आ अनाथनी साथें मारुं लग्न पण हुं केम करुं ? माटे मारे ते हवे शुं करवुं ? परंतु हा, एक उपाय छे खरो, ते शुं? तो के हाल तो आ सर्वे कन्याने वरवानी हा कहुं, अने आहिं तेनी पासेंज रहुं. पछी तो जे बनशे, ते खरुं? एम विचारीने ते सर्वे कन्याउने कह्युं के हे कन्याउ ! तमो उच्चाट छोडी दीयो. कारण के हुं तमने जरूर वरीश. एम कहीने ते कन्याउ सार्थे विविध प्रकारनी कामक्रीडा करतोथको ते पातालगृहने विषे एकमास पर्यंत रह्यो. एवी रीतें रहे छे तेवामां एक दिवस पोतानो परममित्र जे रत्नसार कुमार छे, ते सांभरी आव्यो. तेथी तत्काल ते कन्याउने पूछ्याविनाज हाथमां चंद्रहास खड्ग लइने त्यांथी बाहार निकली गयो. पछी साधकदत्तविद्याथी कापडीनुं रूप ग्रहण करी पोताना पुंड्रपुरनामा नगरने विषे आव्यो. त्यां तो जेमां कोइ पण बालको रमतां नथी, तेम कोइ ठेकाणें वाद्य पण वागतुं नथी. वली जेमां रहेनारा जनोना मुखपर शोक छाइ रह्यो छे. एवा पोताना सर्वे नग

रने जोइने कुमारें कोइ एक नागरिकजनने पूछ्युं, के हे नाइ ! आ नगरमां अटलो बधो शोक केम थइ रह्यो छे ? कांइ महोटो अनर्थ तो थयो नथी ? ते सांजली नागरिकजन बोल्यो के हे नाइ ! तारा आवी रीतना पूछवाथी तो मने एम लागे छे, के हाल तुं दूरदेशथीज आव्यो हइश ? कारण के आ नगरमां शोक थवानुं कारण आस पासनां आबालवृद्ध सहु कोइ जन जाणे छे. परंतु तुं जाणतो नथी. माटे शोक थवानुं कारण हुं कहुं, ते सांजल. आ गाममांथी कोइ एक डुष्ट चोर, कन्या वगेरेने चोरी जातो हतो, ते माटे कोटवाल वगेरेयें तेनो घणो तपास पण कस्यो, परंतु ते चोर पकडायो नहिं. त्यारें तेने पकडवा माटे आ गामना श्रीबल राजानो गिरिसुंदर नामा एक पुत्र छे, ते गयो. तेने गयां एक मास थइ गयो, तो पण ते आव्यो नहिं. तेथी आखा राजकुलमां तथा समग्र नगरमां शोक थइ रह्यो छे अने हाहाकार थइ रह्यो छे. तथा वली तेना मित्र गिरिसुंदरने शोधवा माटे हमणांज शतबलनामा युवराजनो गुणश्रीथी सारजूत, एवो रत्नसार नामा पुत्र, कोइ ठेकाणे निकली गयो छे. ज्यां "रत्नसार, गिरिसुंदरने शोधवा गयो छे" ते वाक्य सांजल्युं, त्यांज जाणे पोतानी पर वज्रपात थयो होय नहिं ? एम जाणी ते कापडीवेषधारी कुमार, पोतें घेला जेवो बनी जइ बीजी कांइ पण वात न सांजलतां तुरत, पोताना मित्र रत्नसार कुमारने शोधवा माटे निकल्यो. तेमां प्रथम तो तेणें आकाशमां जइ, सर्वत्र शोध करी, ज्यारें त्यां ते न मल्यो, त्यार पछी जूख, तृषा, टाढ, तडको तेने सहन करतो थको ते, गिरि, वन, पृथ्वी, पाताल, देश, ग्राम, पुर, उद्यान, पाणीनी पर्वो, अन्ननां सदाव्रत प्रमुखमां शोधवा लाग्यो, परंतु ते गिरिसुंदरने कोइ पण स्थलें ते रत्नसारनो पत्तो लाग्यो नहिं. पछी घणा दिवस शोधवाथी पण ज्यारें पत्तो न मल्यो, त्यारें तेना विरहथी तेने जोजन जाववुं बंध थयुं अने निद्रा पण आववी बंध थइ गइ. तथा चिंता पण वधतीज गइ.

आवी रीतें शोध करतां करतां तेणें एकदा रात्रिने समयें कोइएक नगर दीठुं, अने ते नगरनी समीप एक जीर्ण देवालय दीठुं, ते जोइने मनमां विचार्युं जे रात्रि पडी गइ छे, अने आ नगर समीप देवायलनुं स्थल सारुं छे, माटे आ रात्रि तो आहींज निर्गमन करुं, अने सवारें पाछो रत्नसार मित्रने शोधवा जाइश ? एम विचारी ते कुमार ते जीर्ण देवालयमांज सूतो.

तेवामां तो त्यां देवलनी आस पास कोइएक देशना पथिकजन आवी उ तर्यां. अने तेउयें पण रात्रि रहेवानो त्यांज निश्चय कर्यो. पछी त्यां ते सर्व पांथजनो एकठां थइ परस्पर केटलीएक नूतकालनी वातो करवा लाग्यां, ते वातोने गिरिसुंदर कुमार कान दइ देवालयमां सूतो सूतो सांजल्या करे छे. त्यां कोइएक महसेन नामें पांथजन छे, ते बोल्यो, के हे जाइयो! तमें परस्पर जे वातो करो छो, ते सर्व वातो गइ गुजरी करो छो, ते करतां जो आंखनी जोयेलीज वातो करता हो, तो केवुं सारुं कहेवाय ? अने ते नूतकालनी वातो करवानुं तमारे शुं प्रयोजन छे? कारण के तेवी प्राचीनकालनी वातो तो खोटी पण होय छे. माटे तमें सर्व जो बीजी वातो करवी बंध राखो, तो में जे हाल एक प्रत्यक्ष वात जोइ छे, ते हुं कहुं. ते सांजली सहु कोइ कहेवा लाग्या के हा, त्यारें तेवी वात जो होय तो जरूर कहो. त्यारें ते कहेवा लाग्यो. के एक दिवस हुं देशकौतुकोने जोवा माटे मारे घेरथी निकल्यो, ते अनेक देशोमां फर्यो. त्यां नवां नवां कौतुको जोतो जोतो अचानक कोइएक उजड गामनी पासें घणाक व्याघ्रादिक हिंसक जी वोथी युक्त एवी महोटी अटवी हती तेमां आवी पड्यो. तेवामां तो त्यां अत्यंत रूपवान् एवा कोइएक राजपुत्रनो मने सथवारो मल्यो. त्यारें तो हुं निर्जय थइने ते राजकुमारनी साथें चाल्यो. चालतां चालतां एक उजड नगर आव्युं, ते नगर एवुं हतुं के जेमां पशु, पक्षी के मनुष्य कोइ पण रहेतुंज न हतुं. पछी ए नगरमां अमें चाल्या, त्यां चालतां चालतां एक मनोहर पण उजड, एवो राजमहेल दीठो. ते राजमहेलने जोइने विचार कर्यो के अहो ! आ केवो सुशोजित राजमहेल छे, चालो उपर चडी जोइयें ? एम विचारी अमो तुरत तेनी उपर चडी गया, अने त्यां जइ बेठा. तेवामां मने तो निद्रा आववा मांडी, तेथी हुं तो सूइ गयो अने मारी साथें आवेलो जे राजकुमार हतो, ते तो मारी पासें जागतो रही, मारुं रक्षण करवा बेठो. तेवामां तो शुं बन्युं ? के जेनुं नूखथी पाटा जेवुं पेट थइ गयुं छे एवो, अने अति जयंकर एवो एक सिंह आव्यो. आवीने अमारी पासें उजो रही ते जागता एवा राजकुमारने मनुष्य वाणीथी क हेवा लाग्यो, के हे कुमार ! हुं घणा दिवसनो क्षुधातुर छुं. कारण के आ नगरनी निकटना वनने विषे मारा उदरपोषण माटे में घणाक प्राणीयो

नो शोध कर्यो, पण नाग्ययोगें मने कोइपण प्राणी मल्यो नहिं. त्यारें हुं आ नगरमां आव्यो, त्यां मने मनुष्यनो गंध आव्यो ते गंधना अनुसारें आ राजमहेलपर चडी आव्यो बुं. तेमाटे हे राजकुमार ! तुं आ सूतेला माणसने मने आप. कारण के तेने जो तुं आपीश, तोज मारा प्राणनुं रक्षण थाशे, अने तेथी तुने मोहोटुं पुण्य थाशे. अने हे नाइ ! संत पुरुषो जे होय बे, ते तो अत्यंत दयालु तथा परोपकारीज होय बे. वली हे सुजन ! आ जगतमां क्षुधा समान बीजी कोइ वेदनाज नथी ॥ यतः ॥ अनिनवमहामानग्रंथिप्रनेदपटीयसी, पटुतरगुणग्रामांनोजस्फुटोज्ज्वलचंड्रिका ॥ विततविलसल्लज्जावल्लीवितानकुठारिका, जठरपिठरी डुःपूरेयं करोति विडंबनाम् ॥ १ ॥ अर्थः–अनिनव एवा मोहोटा माननी ग्रंथिना नेदन करवामां चतुर, मनोहर एवा जे गुणसमूह ते रूप जे कमल तेने स्फोटन करवामां उज्ज्वल चंड्रिका सरखी, विस्तृत अने मनोहर एवी लज्जारूप वल्लीना नवांकुरनेविषे कुठार समान, अने डुःपूर एवी जठरपिठरी जे उदर, ते सर्व जगतने घणुंज डुःख आपे बे. ए वचन सांनली कुमार बोल्यो के हे पंचानन ! तें कह्युं ते तो योग्यज बे, पण आ सूतेलो जे पुरुष बे, ते तो मारे शरणागत थयेलो बे. माटें ज्यां सुधी हुं जीवुं बुं, त्यां सुधी मारा शरणागतने हुं केम आपुं ? अर्थात् हुं मूवा पढी तेने तुं ले. पण मारा जीवतां में अपाय नहिं. कह्युं बे के ॥ श्लोक ॥ कूटसाक्षी सुहृद्ड्रोही, कृतघ्नी दीर्घरोषवान् ॥ चत्वारः कर्मचांमालाः, पंचमोजातिनाप्यसौ ॥ १ ॥ अर्थः– एक खोटी साक्षी पूरनारो, बीजो शरणागत तथा सुहृज्जननो ड्रोह करनार, त्रीजो कृतघ्नी, चोथो लांबा वखत सुधी रोष राखनारो. आ चार जणने तो कर्मचांमाल कहेवा. अने जे आ जगतमां प्रत्यक्ष चांमालथी जन्मे बे, ते पांचमो जातिचांमाल जाणवो ॥१॥ ते माटें हे सिंह ! जो तुं नूख्योज बो, तो आ सुतेला पुरुषने बदले मारुं नक्षण करी जा. ते सांनली सिंह कहे बे, के हे सत्पुरुष ! सहु कोइयें सर्व रीतें पोतानुं रक्षण करवुं, एम नीतिशास्त्रमां कहेलुं बे ॥ श्लोक ॥ शरीरं धर्मसंयुक्तं, रक्षणीयं प्रयत्नतः ॥ शरीरात्स्रवते धर्मः, पर्वतात्सलिलं यथा ॥ १ ॥ अर्थः– धर्मसंयुक्त एवा शरीरनुं प्रयत्नें करी रक्षण करवुं. कारण के धर्म जे बे, ते शरीरथकी स्रवे बे. केनी पठें ? तो के पर्वतथकी जेम जल

खवे बे, ते माटें तुं तारा शरीरनुं रक्षण कर. अने जलदी, आ सूतेला पुरुषने आपी दे. त्यारें कुमार बोल्यो के हे सिंह! जो. आ सूतेलो पुरुष जे बे, ते मारे शरणें रहेलो बे, अने तुं जे बो, ते जोजनार्थी बो. हवे मारे मारा शरणागत प्राणीने तारी पासें मरावी नखाववो, ते पण उचित नहिं, तेमज वली घणा दिवसथी जूख्यो एवो जे तुं ते तारा हाथमां आ वेलुं जे खाज, ते तुने न सोंपी जूखें मारवो, ते पण उचित नहिं. तो हवे आ प्राणीनो पण बचाव थाय अने तारी जूख पण मटे. जो ए बेहु थाय, तोज योग्य थयुं कहेवाय. तो ते बेहुकार्य तो क्यारें थाय? के ज्यारें तुं मने ग्रहण करीने मारुंज जक्षण करी जा, त्यारें थाय. ते शिवाय थाय तेम जासतुं नथी. माटें हे जाइ! तुं मारुंज जक्षण करी जा ॥ यतः ॥ किं जीविएण किं वा, धणेण किं पूरुसेण पुरिसाणं ॥ जायइ जउ न जीयं, सरणागय दाण पाणाणं ॥ १ ॥ शास्त्रं बोधाय दानाय, धनं धर्माय जीवितम् ॥ वपुः परोपकाराय, धारयंति मनीषिणः ॥ २ ॥ रत्नाकरः किं विदधाति रत्नै, र्विंध्याचलः किं करिजिः करोति ॥ श्रीखंमखंमैर्मलयाच लोवा, परोपकाराय सतां प्रवृत्तिः ॥ ३ ॥ अर्थः—मनुष्यनो अवतार धारण करीने जे पुरुषें जो शरण आवेला जीवनुं रक्षण न कर्युं, तो ते पुरुषना जीववाथी पण शुं? तथा तेना धनथी पण शुं? अने वली तेना पुरुषार्थथी पण शुं? अर्थात् जे मनुष्य शरणागत जीवनी रक्षा करतो नथी ते मनुष्यनुं जीवतर, धन अने पुरुषार्थ, ते सर्व व्यर्थज बे. एम जा णवुं ॥ १ ॥ वली जगतमां जे मतिमान् जनो बे, ते शास्त्रने बोधने माटे, धनने सत्पात्रने दान देवा माटे, जीवितव्यने धर्मने माटे, अनें शरीरने परोपकार माटेंज धारण करे बे ॥ २ ॥ वली जुउ. समुइ जे बे, ते पोता मां रहेला रत्नोथी स्वार्थ शुं साधे बे? तथा विंध्याचल पर्वत जे बे, ते पोता पर फरता हाथीयोथी स्वार्थ शुं साधे बे? तथा मलयाचल, पोता पर रहेला अगरुचंदनना वृक्षोथी स्वार्थ शुं साधे बे? कांहि नहिं. अर्था त् समुइ, रत्नोने विंध्याचल, हस्तीयोने अने मलयाचल, चंदनना वृक्षोने परोपकार माटे पोतानी पासें राखे बे. माटें सज्जनजननी प्रवृत्ति तो परो पकार माटेज होय बे ॥ ३ ॥ आ प्रमाणें सिंहनुं अने राजकुंवरनुं परस्पर बोलवुं घणुंज थयुं, अने कोइ पण रीतें ज्यारें मने सिंहने न सोंप्यो, त्यारें

ते सिंहें कुमारनो निश्चय जाण्यो के आ कुमार, कोइ पण रीतें मुने आ सूतेलो पुरुष आपशेज नहिं. एम जाणी प्रसन्न थइ ते बोल्यो के अहो! तुने, अने तारी शरणागतवत्सलताने पण धन्य ठे? अहो! हे विद्वज्जन! जे आवो परोपकार करवो, ते सुज्ञजननो मुख्य गुण ठे. अने हे कुमार! जुउने धनवान् एवो कृपण जन जे ठे, ते तो ठते वैनवें पण कोइ याचकजनने तथा बीजा कोइ पण जनने एक फूटल कोडी सूधां आपतो नथी. तथा जीर्ण एवा तीर्थोनो उद्धार पण करतो नथी अने ते, कोइ जीवने थयेला व्याधिने पण टालतो नथी, तेम पोतें पण शरीरसुखने नोगवतो नथी. अने निर्धन एवा उदारमनवालो जे मनुष्य ठे, ते पोताना शरीरनो पण त्याग करी स्वकीय कुलने दीपावे ठे. माटे हे सद्बुद्धे! तुं कोइ उत्तम सुज्ञजन ठो. तेथी आवा परोपकाररूप गुणोथी हुं तारी पर संतुष्ट थयेलो ठुं. माटे हे नाइ! तारे जे कांइ मनोनीष्ट होय, ते माग. तुं जे मागीश, ते हुं आपीश? ते सांनली कुमार बोल्यो के हे पंचानन! एक मुने संशय थाय ठे, के तमें सिंह थइने आवी मनुष्यसमान नाषा बोलो ठो, तेथी तमें सिंह ठो, के बीजा कोइ ठो? ते सांनली सिंह बोल्यो के हे मित्र! हुं तो आ देशनो देव ठुं. त्यारें कुमार कहे ठे, के अहो! त्यारें तो आश्चर्यनी वात ठे, के तमो आ देशना देव ठो, ते ठतां आ गाम तथा देशने उजडज केम राख्यो ठे? जुउ ने, जे कोइ साधारण माणास होय ठे, ते पण पोतानुं नगर जो उजड थयेलुं होय, तो तेने वसावे ठे, तो तम जेवाने आ उजड नगर अने देश वसाववामां शी अडचल ठे, जे वसावता नथी? ते सांनली तुरत ते सिंह पोताना देवस्वरूपने प्रगट करी कहेवा लाग्यो, के हे सुजन! आ नगर तथा देश जे उजड रह्यां ठे, तेनुं वृत्तांत जे बन्युं ठे, ते हुं कहुं ठुं, ते सांनलो.

आ गांधारपुरनामा नगर ठे. अने आनो रविचंद्र नामा राजा हतो. तेने रतिचंद्र अने कीर्त्तिचंद्र नामा बे पुत्र हता. हवे एक दिवस ते रविचंद्र राजायें, वैराग्य पामी पोताना रतिचंद्र नामा ज्येष्ठ पुत्रने राज्यासन पर बेसारी, अने तेथी नाना कीर्त्तिचंद्रने युवराज स्थान आपी, तापस दीक्षा ग्रहण करी. हवे ते रतिचंद्र राजा, गान ताननो शोखी होवाथी, गान ताननाज आनंदमां रहेतो हतो, अने पोताना राज्यखटपटनी

चिंतामां पोताना नाना नाइ कीर्त्तिचंद्रनी योजना करी हती. हवे ते राज्य सुखमां लुब्ध थइ गयेला कीर्त्तिचंद्रें जाण्युं जे, आ राज्य मारा कबजामां विना प्रयासें स्वतःज आव्युं ले, तो हवे ते राज्य मारे मारा ज्येष्ठनाइने पाछुं आपवुंज नहिं. कारण के जो हुं तेने पाछुं आपुं, तो ते मने काहिं आपे नहिं ? एम विचारी ते राज्यना सामंतने तथा आमात्यमंमलने द्रव्य आपी पोताने वश करी लीधा अने ते राज्यनो पोतेंज स्वामी थइ ते देशमां पोता नीज आण वर्त्तावी. तेणें वली पण पाछो विचार कर्यो के आ राज्य तो मल्युं, परंतु आ मारो नाइ रतिचंद्र जीवे ले, तेथी ते कांइक खटपट करी मने मारी नखावीने जो पाछो राजगादीयें बेसे, तो हुं शुं करुं ? माटें ए रति चंद्रनेज बंधावीने मारी नखावुं, के जेथी मने पाछो यावज्जन्म राज्य जवानो नयज न रहे ? एम दुष्ट संकल्प करी कीर्त्तिचंद्रें ते बिचारा निरपराधी रति चंद्रराजाने घातकी अनुचरो पासें गाढबंधनथी बंधाव्यो अने तेउने मारवानी आज्ञा आपी. त्यारें वैराग्यने प्राप्त थयो एवो रतिचंद्र राजा बोल्यो के हे नाइ! तें आ शुं धार्युं ले ? अरे ! तारो ज्येष्ठ नाइ जे हुं, ते मने मारी आ पणा निर्मल कुलमां जे कलंक देवुं, ते तुने उचित ले ? अने जो तुं मने, राज्यमाटेज मारतो हो, तो ते राज्य तो में तुने प्रथमथीज आपेलुं ले ? अने हे लघुबांधव ! तुं जो तो खरो, में तुने कोइ दाडो स्वेच्छाथी लक्ष्मी वापरतां तथा राज्यसुख लेतां अटकाव्यो ले? काहीं पण कह्युं ले? अने हे नाइ ! घणाक दुष्टजनो, आ पृथ्वीनी माटे मनुष्यहत्यादिक विविध प्रकारनां पापो करी ते पापोनो पोटलो बांधी कालना कोलीया थइ गया ले, परंतु हजी सूधी तेनी साथें आ पृथ्वी गइ ले ? ना नथीज गइ. तेमज वली केटला एक प्राणी, लक्ष्मीने मेलववा माटें अकर्त्तव्य कर्म करे ले, परंतु ते लक्ष्मी पण तेने त्यां रहे ले ? ना रहेती नथी. कारण के ते लक्ष्मी घणीज चंचल ले. तेम वली ते लक्ष्मी, पोतानो संचय करनार ज्यारें मरे ले, त्यारें तेनी साथें पण जाय ले ? ना जाती नथी. वली हे नाइ! तुं कदाचित् एम जा णतो हो, के मारा ज्येष्ठ नाइने हुं जीवतो राखुं, तो ते मने राज्यलोनथी मारी नाखे ? तो हे नाइ! तेवो विचार तो तारे करवोज नहिं. कारण के काल जे ले, ते कोइ पण प्राणीने वहेलो मोडो लोडतोज नथी. अने हे अनुज ! तुं कदाचित् एम जाणतो हइश के आ मारा ज्येष्ठ नाइने हुं ज्यारें मारी ना

खीश, त्यारें मने पछी दुःखज नहिं रहे? ना. एम पण नथी, कारण के आ लोकमां कदाचित् तुं सुखी थाइश, तो पण आवा कुलहत्यारूप पापथी तारे पाछुं नवोनव दुःख वेठवुं पडशे ? कारण के प्राणीमात्रने शुनाशुन कर्म नोगव्या विना छुटकोज नथी. माटे आ राज्यना तुल्लसुखमां आसक्त थइ तेज सुखने सत्य मानी मोहमद्यथी मोहित थइ आवा कुलहत्या, मनुष्यहत्या वगेरे पापथी जो व्याप्त थाइश, तो तारुं आ जन्ममां के इतरजन्ममां कोइ पण दिवसें सारुं थाशे नहिं? माटे दयाथी अथवा मनुष्यहत्यानो पापनयथी, वा मने ज्येष्ठ नाइ जाणवाथी, वा जगतमां थता अपवादना नयथी, वा कोइ पण कारणथी जो तुं मुने जीवतो छोडी दइश, तो निश्चें तारुं आ लोकमां अने परलोकमां सारुंज थाशे ? हे अज्ञानी! वली तारा मनमां तारे क्यारें एम पण नहिं जाणवुं जे हाल आ मारा नाइने में मारवा माटे बांधी मगाव्यो, अने हवे जो तेने हुं जीवतो छोडुं, तो ते मारीपर द्वेष राखी कोइ पण रीतें मारो घाट घडावी नाखे, अने पाछो आ राज्यनो धणी थाय ? तो तेवो विचार तारे स्वप्नमां पण लाववो नहिं. कारण के हे नाइ ! जो तुं मने जीवतो छोडी दइश, तो हुं आपणा पितानी पेठें तापसी दीक्षा ग्रहण करी मारा जीवनुं सार्थक करीश ? अने सर्वथा आ तारा राज्यमां के देशमां हुं रहीशज नहिं. एम घणी रीतें समजाव्यो, तो पण ते पापासक्त प्राणीयें तेनुं काहिं पण मान्युं नहिं. तेम वली तेने बिचाराने बंधनमुक्त पण कर्यो नहिं. त्यारें ते रतिचंद्र राजायें विचार्युं के आ पापीना हाथथी मरी ते अज्ञानीने जगतना भ्रातृहत्याना अपवादमां नाखवो, ते करतां कोइ पण रीतें पोतानी मेलेंज मरवुं, ते सारुं? एम विचारी ते कीर्त्तिचंद्रने कहे छे, केः—हे भ्रातः! अटलुं कहेतां पण तारामां स्वार्थीपणुं तथा अज्ञानपणुं होवाथी तुने तो आखा जगतमां आपणी सात पेढीने कलंक लागे एवुं, तथा परनवने विषे अनेक दुःखदायक, एवा आ मनुष्य हत्यारूप पापकर्मथी निवृत्त थावुं गमतुंज नथी, तो पण तुं मारो नाइ छो, तेथी मने तारी दया आवे छे, के अरे ! आ बीचारानी मने मारवाथी आखा जगतमां घणीज अपकीर्त्ति थाशे तथा परलोकमां दुःखी थाशे? माटें हे नाइ ! हुं तुने जेम कहुं तेम तुं कर. के जो. एक काष्ठनी चिता कराव. तेमां हुं, तमें सहु देखो तेम बली मरुं? आम करवाथी जगतमां

थातो तारो अपयश मटशे अने तारुं धारेलुं कार्य पार पडशे? ते वचन सांजली कीर्त्तिचंदें विचार्युं के अहो! आ तो एणे ठीक कह्युं, कारण के ज्यारें ते पोतानी मेलेंज अग्निमां पडी बली मरशे, त्यारें मारुं राज्य निःकंटक थाशे? तथा एना कहेवा प्रमाणें जगतमां थतो अपयश पण मटशे? एम विचारी तेणें तत्काल एक महोटी काष्ठनी चिता रचावी. त्यारें ते रतिचंद्र राजा, पोतानी स्त्री सहित ते चितामां जइ बेठो. पछी दुष्ट एवा ते कीर्त्तिचंदें चितानी चोतरफ प्रलयाग्नि समान अग्नि प्रज्वलित कस्यो. तेथी ते रतिचंद्र राजा अग्निमां बली आर्त्तध्यानथी मरण पामी, जूतरमण नामा यक्ष थयो. हवे कवि कहे छे के, जुर्ड तो खरा. आ संसारसुखनुं केवुं विचित्रपणुं छे, के जे संसारसुखमां आसक्त एवा कीर्त्तिचंदें पोताना सहोदर जाइने पण मारी नाख्यो, तो बीजा कोइने मारे, तेमां तो शुंज कहेवुं? हवे ते यक्ष कहे छे के हे राजकुमार! अग्निमां बली मरण पामी जे रतिचंद्र राजा यक्ष थयो, ते हुं पोतेंज बुं. आ यक्षपणामां अवधिज्ञानें करी मारा पूर्वजन्मनो सर्व व्यतिकर जाणी अत्यंत ते कीर्त्तिचंद्र पर कोपायमान थइ, में मंत्रिवगेरे जे आ पृथ्वीना स्थानिक जनो हता, तेनें एकदम दूरदेशमां फेंकी दीधा. ए प्रकारना मारा करेला महोटा उपद्रवने जोइने जय पामेलो एवो ते कीर्त्तिचंद्र राजा पण कोण जाणे क्यां पलायन थइ गयो छे. अने तेमज वली आहिंनी सर्व प्रजा पण एक पछी एक जयजीत थइ पलायन थइ गइ छे. आ प्रमाणें आखा नगरनें तथा देशने उजड करी हुं एकलोज आनंद पामी रहुं बुं. अने आ गामनी आसपासनी अटवीमां हुं यथेच्छरूप धारण करी फस्याज करुं बुं अने आ राजमहेलमां प्रतिदिन रात्रे आवुं बुं. वली हुं प्रतिदिन जेम आवुं बुं तेम आ महेल तरफ आवतो हतो, त्यां आवतां आवतां तमोने ज्यारें में दूरथी दीठा, त्यारें तो मने घणोज क्रोध चड्यो हतो, परंतु ज्यां हुं तमारी निकट आव्यो, त्यां तो तमारा प्रतापथी के कोण जाणे शा कारणथी मारो क्रोध स्वतः तदन उतरीज गयो, अने मारुं चित्त पण शांत थइ गयुं. हे कुमार! आ प्रमाणें महारुं जे कांइ वृत्तांत हतुं, ते सर्व में सविस्तर कही संजलाव्युं. हवे हे महासत्त्व! हुं तो तारुं आवुं महाजाग्यशालिपणुं जोइ अत्यंत संतुष्ट थयो बुं, तेथी मारी पासेंथी जे कांइ तारे वरदान लेवानी इच्छा

होय, ते माग. कारण के अमारा जेवा देवनुं दर्शन, कोइ पण दिवस निरर्थक थातुं नथी. ते सांजली कुमार बोल्यो के हे देव ! अमने तमारुं डुर्लन एवुं दर्शन थयुं, तेथी सर्व कांइ मलीज चूक्युं छे. कारण के आप जेवा देवनां अम जेवा मनुष्यने दर्शनज क्यांथी थाय? तथापि जो मारी पर कृपा आणी तमारें मने जरूर वरदान देवानीज इछा होय, तो हुं एक वरदान मागुं छुं, के हाल जे आ नगर, तमोयें उपद्रव करी उजड करी दीधेलुं छे, ते पाछुं वसावी आपो. कदाचित् तमो एम जाणशो के जे कार्य अमो देवतायें कोप चडावी बगाड्युं, ते कार्य जो पाछुं सारुं करियें, तो अ म जेवाने कोप थवानुं फल शुं? तो त्यां कहुं छुं, के जे देव अथवा मनुष्य प्रथम क्रोध चडावीने कार्य बगाडे छे, अने पाछा वली प्रसन्न थइ तेज कार्यने सुधारे छे. तो ते क्रोध करनारने पण शास्त्रमां उत्तम कहेला छे. ते वचन सांजली यक्ष बोल्यो के हे कुमार ! जो तुं आ नगर वसावानी इछा धरावतो हो, तो आ नगरनो राजा तारेज थावुं पडशे, कारण के आ गामनी राज्य गादीपर कोइ दिवस हुं तारा शिवाय बीजा कोइ पण मनुष्यने बेसवा दउं एम नथी, कारण के बीजाने राजगादी आपवाथी मने संतोष थाय नहिं. अने वली हुं अवधिज्ञानथी तारो पण सर्व व्यतिकर जाणुं छुं. ते सांजल. जो. तुं चोरने पकडवा निकली गयेला तारा मित्र गिरि सुंदर कुमारने शोधवा वास्ते निकल्यो छो, तो ते पण हे जाइ! तुने एक मासनी अंदर आहिंज मलशे ? एवुं वचन सांजली परम प्रमोदथी कुमारें यक्षनुं ते गामना राज्यासनपर बेसवारूप वचन अंगीकार कर्युं. तेथी यक्ष पण खुशी थइ अदृश्य थइ गयो. तेवामां तो हे पांचजनो, हुं जागी गयो. अने में ते राजकुमारने कह्युं के हे जाइ ! तमो घणुंज जाग्या, माटे हवे हुं जागुं छुं, अने तमो सुइ जाउ. त्यारें ते थोडी वार सूतो अने तुरत जाग्यो, त्यां तो प्रजात काल थइ गयो. हवे प्रजातमां ते यक्षें पूर्वें ए नगरमां जे सामंत आमात्य वगेरे रहेता हता, तेना पुत्र प्रमुख सर्वने जे बनेली वात हती ते कही त्यां मोकल्या. पछी ते सर्व, मदोन्मत्त एवा हाथी, खुराघात करता अने अतिचंचल एवा अश्वो, तेणें सहित त्यां आव्या, आवीने ते रत्नसारकुमारने प्रथम, स्नान करावी, वस्त्राजरणथी अलंकृत करी ते गामना राज्यासननुं तिलक कर्युं. अने ते कुमार राजा थयो. त्यारें ते रा

जाने मंत्री अने सामंतोयें रूपवंत अने गुणवान् एवी घणीक कन्याउ पर णावी आपी, अने ते गाममांथी ते यक्षना जयथी आडी अवली जागी ग येली सर्व प्रजा पण सारो राजा थवाथी पाढी आवी वसी. त्यार पढी ते राजकुमार, मुने कहेवा लाग्यो के हे मित्र ! आ राज्य मने तमारा संगना प्रतापथी मल्युं छे, माटे तमेंज ग्रहण करो. त्यारें में कह्युं जे हे सत्ववान्! एम न बोलो. कारण के जे आ राज मल्युं छे, ते तो तमारा जाग्ययोगेंज मल्युं छे. एमां मारो शो प्रताप छे ? माटे हे श्रेष्ठपुरुष ! आ राज्य जोग ववानो खरो हक्क तो तमारोज छे. वली पण सांजलो, के आ राज्य कांहिं तमोयें कोइनुं कपटबलथी छीनवी लीधुं नथी? आ तो तमारा जाग्योदयें प्रेरेला यक्षेंज अत्याग्रहपूर्वक आप्युं छे. माटे तमो स्वस्थचित्त थइने जोगवो. अने हुं, जे मित्रने तमें शोधवा निकल्या छो, तेने शोधवा सारु जाउं बुं, माटे ते मित्रनां नाम, गोत्र, कुल, रूप वगेरे कहो, के जेथी हुं जलदी तेने शोधी लावुं? पढी तेणें तेनां गिरिसुंदर एवुं नाम तथा गोत्र कुल प्रमुख कही आप्यां. ते पढी हुं तेनां नाम वगेरेने बराबर याद राखी अनेक देशावरने विषे तेने शोधवा माटे जम्या करुं बुं. तेमां जे कोइ मने रस्तामां के बीजे कोइ ठेकाणे मले छे, तेने पूबुं बुं. के तमें आवा गोत्र कुल रूपवालो गिरिसुंदरनामा कुमार दीठो छे? तो पण हजी सुधी मने क्याहिं पण तेनो पत्तो मल्यो नथी. माटे हे पांथजनो! तमोने पण पूबुं बुं; के तमो पण अनेक गाम नगर, वन पर्वतो जोता जोता आवता हशो, तो तेमां तमोयें कोइ पण ठेकाणे पुंड्रपुरना राजानो, गिरिसुंदर नामा पुत्र दीठो छे ? त्यारें सहु कोइ बोल्या के ना, ना. अमें क्यांही दीठो नथी. ते सांजली मनमां क्लेश पामी पाछो महसेन बोल्यो के हे पांथजनो! हुं तेनो अटलो बधो शोध तो नहीं करत, परंतु हाल जे उजडगाम वसावी राज्यासन पर बेठेलो मारो मित्र राजकुमार छे, ते स्वजावथी घणोज उत्तम छे. अने उत्तम एवा ते राजकुमा रने गिरिसुंदर विना मोहोटुं दुःख थाय छे. ते केवुं दुःख थाय छे? के तेने मनोहर एवुं राज्य मल्युं छे, परंतु ते गिरिसुंदर विना तेने राज्य पण रज्जुसमान देखाय छे. अने विषयजोगो जे छे, तेने रोगो समान माने छे, अने गीत विनोदने पण ते विलापतुल्य माने छे. अने हास्यलीला तो तेने जरा पण गमतीज नथी. अहोनिश मोहोटो निःश्वास मूकी, हे

गिरिसुंदर !! हे गिरिसुंदर !!! एवो शब्द बोल्या करे छे. मने तो हवे एम लागे छे, के ते राजकुमारने जो गिरिसुंदर कुमार नहिं मले, तो ते निश्चें थोडाज दिवसमां तेना विरहथी पोताना प्राणनो त्याग करशे? कारण के मनुष्यने कामरागथकी पण स्नेहराग वधारे प्रबल होय छे ॥ यतः ॥ निशाविवृद्धिः किल दक्षिणायने, दिनस्य वृद्धिर्ध्रुवमुत्तरायणे ॥ यत्र द्वयस्यापि हि वृद्धिरुच्चै,रेतत्तृतीयं विरहायनं सखे ॥ १ ॥ अर्थः– कोइक विरहिणी सखी पोतानी सखीने पूछे छे, के सखि! दक्षिणायनने विषे रात्रिनी वृद्धि थाय छे, अने उत्तरायनमां दिवसनी वृद्धि थाय छे, ते तो जगतमां प्रसिद्धज छे परंतु जेमां रात्रि पण मोहोटी थाय, अने दिवस पण मोहोटो थाय, तेवुं शुं छे? ते कहे. त्यारें तेनी सखीयें जाण्युं के आ विरहिणी छे, माटे आम पूछे छे. एम जाणी ते बोली के हे बहेन! तेनुं नाम तो विरहायन छे. कारण के ज्यारें कोइ पण माणासने प्रियजननो विरह थाय छे, त्यारें रात्रि अने दिवस, ए बेहु घणां मोहोटां थइ पडे छे. माटे तेनुं नाम विरहायनज कहेवु योग्य छे. वली हे पांथो! मारा प्रियमित्र एवा ए राजकुमारना विरहनो अवधि हवे मने पण पूर्ण थइ रह्यो छे. माटे जो ते गिरिसुंदर कुमार मने पण जो नहिं मले, तो हुं पण मारा मित्रना विरहथी जरूर कमलनी पठें ग्लानि पामी जइश? आ प्रकारनां वचन ते पोताने शोधवा निकलेला महसेन नामा पथिकनां सांभली जीर्णदेवालयमां सूतेला गिरिसुंदर कुमारें जाण्युं जे अहो! आ पथिकनां कहेला वृत्तांतथी तो स्पष्टरीतें जणाय छे के, जेने हुं दुःख वेठी शोध करुं छुं, ते मारा मित्र रत्नसार नामा कुमारनुंज आ वृत्तांत छे? एम विचार करी कापडी वेष धारण करेलो ते गिरिसुंदर कुमार, एकदम बाहार आवी तेने कहेवा लाग्यो के हे सुज्ञ एवा पथिकजन! तुं तारा राजकुमार मित्रना विरहनुं घणुंज दुःख सहन करे छे. ते तुने घटेज छे. कारण के ॥ श्लोक ॥ स्नेहं विमुच्य सहजं खलतां लजंते, गाढप्रपीडणवशान्नियतं तिलास्ते ॥ अस्मानवेहि कलमानलमाहताना, मेषां प्रचंडमुशलैरवदाततैव ॥ १ ॥ अर्थः–आहिं एक स्नेहने माटे कवि अन्योक्ति कहे छे,के एक दिवस जेना पहुवा थाय छे, ते कलमनामा चोखा बोल्या, के हे लोको! आ जगतमां जे तिल छे, ते निरंतर ज्यारें घाणीमां गाढ पीलाय छे, त्यारें पोतें

ते पीलवारूप दुःखें करी पोतामां सहजनावथी रहेला स्नेहने (तेलने) बोडी दीये बे, तेथी ते पीलाइ रहेला तिलने सहु कोइ खल (खोल) कहे बे. परंतु अमें तो अमारामां रहेली शुभ्रताने प्रचंड एवा मुशलाघातथी वधारे उत्पन्न करीयें बैयें, अने प्रहाररूप दुःखथी साहजिक शुभ्रतारूप स्नेहने बोडता नथी. बोडता नथी एटलुंज नथी, परंतु अमारी पर जेम जेम वधारे प्रहार पडे बे, तेम तेम अमारी शुभ्रता वधतीज जाय बे. ते माटे हे लोको ! अमोने 'कलम' एवे नामें जाणो. अर्थात् जे गाढ दुःख थवाथी स्नेह बोडे बे, ते खल बे, अने जे गाढदुःख थवाथी स्नेह बोडे नहिं, परंतु स्नेहमां वधारो करे, ते उत्तम बे. माटे हे पांथ ! कृपा करी मने तमारा मित्र राजाने मेलावो. त्यां जइ तेमने मली हुं पण तमारी पर्बे तेमनी सेवा करीश. वली हुं त्यां आवी तेमनो हाल जे क्लेश बे, ते क्लेश मटाडीने राजी करीश ? अने ते निःश्वास नाखी अहोनिश वारं वार गिरिसुंदरनुंज स्मरण कस्या करे बे, ते स्मरण पण मूकावी दइश ? ते सांजली महसेन बोल्यो के हे सुज्ञ ! जो एम करो, तो तो हुं जाणुं जे तमोयें मुने जीवित दान आप्युं, कारण के ते राजा मारा अंतरंगमित्र होवाथी मने पण तेना जेटलुंज दुःख थाय बे. एम कहीने ते बेहु जण, एक बीजाना हाथ पकडी गांधारपुर तरफ चाल्या. हवे ते महसेन, गिरिसुंदरनी सार्थे चाल्यो जाय बे, परंतु तेणें आ गिरिसुंदर बे, एम तेने उलख्यो नहिं. कारण के ते गिरिसुंदरें पोतानुं रूप सिद्धनी आपेली रूपपरावर्त्तनविद्याथी फेरवीने कापडीनुं रूप ग्रहण कस्युं हतुं.

हवे ते बेहु जण, चालता चालता गिरिसुंदरपासें रहेला चंद्रहास्य खड्गना प्रजावथी गांधारनगरमां आवी पहोंच्या. अने ते पबी बीजे क्यांहि न जतां एकदम राजदरमां आव्या. त्यां राजगादीपर बेठेला पोताना जाइ रत्नसारने जोइने गिरिसुंदर, अत्यंत खुशी थयो. अने मनमां जाण्युं जे अहो ! आमारो जाइ रत्नसार तो मने उत्तम हालतमां मल्यो ? हाश, हवे मारी सर्व चिंता नाश थइ गइ. अने रत्नसार राजायें तो ते गिरिसुंदर कुमारने तेनुं रूपांतर होवाथी उलख्यो नहिं. तेथी पोताना मित्र महसेनने पूबे बे, के हे मित्र ! आ तमारी सार्थे कोण पुरुष आवेलो बे ? त्यारें ते कहे, के महाराज ! कोइएक पांथजन बे, ते आहिं आपना दर्शन करवा

माटे मारी साथें आवेजो छे. एम कहीने वली ज्यां ते मल्यो हतो, ते व गेरे सर्व हकीगत कही आपी.

तें गिरिसुंदरने रत्नसार राजायें जोयो, के तुरत पोतानो जाणे वडील भाइज होय नहिं? तेम जोयो. अने तेनी पर परमप्रीति थइ, अने पछी पूर्व जन्मनो स्नेह होवाथी तेने वारंवार जोइने ते रत्नसारनो आखो दिवस एक घडी जेवो चाल्यो जावा लाग्यो. कह्युं छे, के ॥ श्लोकः ॥ मृगामृगैः संग मनुव्रजंति, गावश्च गोभिस्तुरगास्तुरंगैः ॥ मूर्खाश्च मूर्खैः सुधियः सुधीभिः, समानशीलव्यसनेषु सख्यम् ॥ १ ॥ अर्थः–मृग जे छे, ते जो भूलो पडेलो होय, तो बीजा पशुउं साथें जातो नथी, परंतु जो बीजा मृग देखे छे, तो तेनी साथें चाल्यो जाय छे. गाय पण पूर्वोक्त रीतें गायनी साथें जाय छे, तेम तुरग जे छे, ते तुरगसाथें जाय छे. बुद्धिमान् जे छे, ते बुद्धि मान् साथें जाय छे. तेम मित्रपणुं पण जेमां पोता समान शील व्यसन होय छे, तेनी साथेंज थाय छे ॥ १ ॥ एम रत्नसारना केटला एक दिवसो गिरिसुंदरने जोतां जोतां आनंदमांज गया. एम करतां पूर्वें यक्षें कह्युं हतुं के हे रत्नसार! जे तारा भाइनो तुं शोध करे छे, ते भाइ, तुने एकमासनी अंदर मलशे, परंतु ते मास तो व्यतीत थइ गयो, त्यारें ते विचारवा लाग्यो के अरे! ए यक्षें जे कह्युं हतुं ते तो कांइ सत्य थयुं नहिं? माटे देवनी वाणी पण खोटी थाती हशे शुं? अरे! मुने तो मारा भ्रा तृवियोगना दुःखनो पारज आव्यो नहिं. अने देववाणी पण ज्यारें खोटी थइ, त्यारें हवे मारे तेने मलवानी आशा पण राखवा जेवुं नथी. माटे आवा भ्रातृवियोगजन्यदुःख सहन करवाथी अग्निमां पडी बली मरवुं सारुं छे, तेथी आ बेहु जणने काष्ठनी चिता रचवानुं कहुं? एम विचार करी ते सर्व विचार, पोताना मित्र पांथजनने तथा रूपांतरथी रहेला गिरि सुंदरने कही आप्यो. आ प्रमाणें सर्व अभिप्राय ते रत्नसार राजानो सांभली रूपांतरधारी गिरिसुंदर कुमार बोल्यो के हे सुज्ञजन! आप जेवा ज्ञाता पुरुषने आम जे बोलवुं, ते उचित छे शुं? ना नथीज. वली हे महाराज! शुभ्र एवा आपना गुणोथी आकर्षित चित्तवालो एवा मने कर्मरूप पवनें फेंक्यो छे,तेथी हुं आपनी हाजरीमां आवी पड्यो छुं. अने आप पण मुने कोइ माणस, देशांतर जइ आवेला पोताना ज्येष्ठभाइने स्नेहथी जेम जुवे, तेम

जुवो छो. अने हुं पण आपना स्नेहामृतथी सिक्त थयो थको अति निवृत्तिने पाम्यो छुं. त्यां वळी हे राजन्! हुं अग्निमां बळी मरीश? एवुं कर्णशूलसमान वचन शा माटे बोलो छो? प्रथम मने पोतानो मानी पोताना ज्येष्ठ जाइ समान सुख आपीने पाछुं वळी आ प्रमाणनुं कठोर वचन कहि दुःख देवुं, ते शुं आपने घटे छे? आपने ज्यारें आमज करवुं हतुं, त्यारें तो मुने आवो स्नेह देखाडी मोह करवो न हतो? वळी जेने खोळे माणस, माथुं मूके, तेज ज्यारें तेनुं माथुं कापी नाखे, त्यारें ते पछी कोनी पासें फरियाद करे? आ सर्व सांजळी रत्नसार कुमार बोल्यो के हे पांथजन! सांजळो. हुं बळी मरवानो विचारतो करत नहिं, परंतु आ देशनो एक यक्ष छे, तेणें मने कह्युं हतुं के हे रत्नसार! जेने तुं शोधवा निकल्यो छो, ते तुने आहिंज एक मासनी अंदर मळशे? अने तेना कहेवा प्रमाणें एक मास तो व्यतीत थइ गयो परंतु ते मने मळ्यो नहिं. तेथी हाल हवे हुं निराश थइ गयो छुं, अने तेने मळवानी आशायें में अटला दिवस तो तेनी विरहवेदना पण वेठी, अने प्राण पण राख्यां, परंतु हवे हुं मारा प्राण राखवा शक्ति धरावतो नथी. ते सांजळी रूपांतरधारी ते गिरिसुंदर बोल्यो के हे प्रियमित्र! देवनी वाणी कोइ दाहाडो मिथ्या होतीज नथी माटे आप प्रतिसमय जेनुं स्मरण करो छो, ते दैवें निश्चय करेलो तमारो जाइ आ हुं पंडें गिरिसुंदरज छुं, अने हे जाइ! हुं आपणें गाम गयो, त्यां में सांजळ्युं के आप मने शोधवा गया छो, ते सांजळतांज हुं पण प्राणथी वल्लज एवा आपने शोधवा माटे आ पृथ्वीने विषे फरवाज करतो हतो, फरतां फरतां कोइ एक गामनी बाहार, रात्रे एक जीर्णदेवाळयमां सूतां सूतां में आ आपना मित्रना कहेवाथी आ पने राज्य मळवा वगेरेनी सर्व हकीगत सांजळी. तेथी मुने अत्यानंद थयो. पछी हुं आ मित्रनी साथें आपनां दर्शन करवा माटे आहिं आवेलो छुं. हवे आपनां दर्शन थवाथी मारुं सर्वदुःख नाश पाम्युं छे, अने हे जाइ! आप पण मारे माटे प्राणत्याग करवा इछो छो, ते विचार बंध राखो. अने घणोक काळ जीवता रहो. अने हे भ्रातः! आप जेवा जे स्नेही, तेज स्नेही कहेवाय. कारण के जे स्नेहमां परस्पर आपण बेहु स्नेहीयोनी क्रिया अने प्रवृत्ति सरखीज छे. आवां वाक्य ते रूपांतरधारी गिरिसुंदरनां सांजळी रत्नसार राजा तो विचारवा लाग्यो के अहो! आ कापडी पुरुष कहे छे, के

हुं गिरिसुंदर बुं, माटे होय तो होय? केम के आवां त्रण कारणथी तो ते गिरिसुंदर होय एम भासे छे. ते त्रण कारण कयां? तो के प्रथम कारण तो ए छे, के आ पुरुषनी वाणीनी गंभीरता जे छे, ते गिरिसुंदर जेवीज छे. वली बीजुं कारण ए छे, के जे दिवसथी आ पुरुष, मारी पासें आव्यो छे, अने में जोयो छो, ते दिवसथी आ पुरुषमां मारी गुरुभावनी बुद्धि जेवी मारा ज्येष्ठभाइ गिरिसुंदरमां छे, तेवीज थइ छे. वली त्रीजुं कारण ए छे, के आवा राज्य आपवा समान मोहोटा प्रसादने करनार एवा देवोनी वाणी पण कोइ दिवस मिथ्या थवानो संभव नथी? वली विचारे छे के कदाचित् एम जाणीयें के ते पूर्वोक्त त्रणे कारणथी ते गिरिसुंदर छे. परंतु तेनुं शरीर तथा रूप तथा आकृति, गिरिसुंदर जेवां देखातां नथी, तेथी ते गिरिसुंदर न पण होय? ना, एम पण शंका करवी नहिं, कारण के आवा रूपांतर करवा वगेरे, विविध प्रकारनी सिद्धियो सत्यवान् एवा सुज्ञ पुरुषोने पूर्वोपार्जित पुण्यथी पोतानी मेलें प्राप्त थाय छे? आ प्रकारें ऊहापोह करीने ते रत्नसार, रूपांतर धारी गिरिसुंदर कुमारने कहे छे, के हे मित्र! तमारामां स्नेह, क्रिया, वृत्ति, वगेरे सर्व गिरिसुंदर समानज छे, अने तमे पण कहो छो के, हुं गिरिसुंदर छौं, तो हवे तमो बुद्धिमान् थइ तमारी आकृतिने अने स्वरूपने फेरवी शामाटे बेठा छो? कह्युं छे के ॥ गाथा ॥ सप्भावी सप्भाविय, जणम्मि उवयारयम्मि उवयारी ॥ धुत्तेसु महाधुत्तो, वियरकणे सव्वहा होइ ॥ १ ॥ अर्थः—बुद्धिमान् माणस, सद्भाव वाला पासें सद्भावी थाय छे, अने उपकारी पासें उपकारी थाय छे, तथा धूर्त्तजन पासें महाधूर्त्त थाय छे अने विचक्षणजन पासें विचक्षण थाय छे. माटे हुं सद्भावी छुं, तो तमारे मारी साथें सद्भावीज थावुं घटे. अर्थात् मारी पासें आवुं रूपांतर करी रहेवुं न घटे? ए वचन सांभली गिरिसुंदर कुमारें तुरत पोतानुं कापडीरूप मटाडी मूलस्वरूपने प्रगट कर्युं. पछी मूलरूपें थयेला ते गिरिसुंदरने जोइने रत्नसार राजाने एकसाथेंज हर्ष, संभ्रम, अने लज्जा, ए त्रण रस उत्पन्न थया. एटले ए गिरिसुंदर कुमार ज्यारें कापडीना वेषमां हतो, त्यारें तेणे स्वभावथी, तथा हावभावथी आ गिरिसुंदर कुमार हशे के नहिं? एम शंका करी हती, अने पाछो तेणे प्रत्यक्ष गिरिसुंदरज दीठो, त्यारें तेने हर्ष थयो, तेथी तेने प्रथम हर्षरस उत्पन्न थयो. वली ते गिरिसुंदरने जोइने विचार

करवा लाग्यो के अहो ! आ तो मारो वडील जाइ होवाथी पूज्य छे, माटे हाल ते, तेनुं हुं पूजन करुं ! के तेने मळुं ! के तेनी साथें वात चित्त करुं! के हुं ते शुं करुं ? ए संभ्रम थयो, तेथी तेने बीजो संभ्रमरस उत्पन्न थयो. वळी गिरिसुंदर कुमारने प्रगटरूपें जोतांज विचारवा लाग्यो के अरे ! आवा मारा प्राणप्रिय मित्रनो अटला दिवस पर्यंत मने वियोग हतो, ते छतां पण ते वियोगदुःखथी हजी सूधी में मारा प्राणनो त्याग न कस्रो. तेथी आ ने आ शरीरें हुं मारा मित्रने शुं मुख देखाडुं बुं ? एम तेने मुख देखाडतां लाज आवी, तेथी तेने त्रीजो लज्जारस उत्पन्न थयो. आम अनिर्वचनीय परमानंदने अनुजव करतो एवो ते रत्न सार, एकदम दोडीने तेनुं गाढ आलिंगन करी मळ्यो, अने पर स्पर बेहु मित्रने ते वखत आंख्योमां हर्षाश्रु आवी गयां. आ प्रमाणें घणा दिवसने वियोगें बेहु जाइओना मळवाथी आखा गाममां म्होटो महोत्सव थयो. अने त्यांनां सहुकोइ लोक अत्यंत प्रसन्न थयां. अने घेर घेर वधाइ वागवा मांमी. पछी बेहु जाइयो निवृत्तिथी बेसीने पोतें जुदा पड्या त्यांथी मांमीने पोत पोतानी सर्व वात परस्पर कहेवा लाग्या. एम अमंदानंदने अनुजवता थका ते बेहु जण केटलाएक दिवस ते गांधार पुरने विषे रह्या. पछी ते गांधारपुरना यक्षनी आज्ञाथी ते पुरनुं राज्य पोताना महसेन नामा मित्रने आप्युं. अने वळी कह्युं के हे महसेन ! जेम अमो बे जाइयो छैयें, तेम तुं पण त्रीजो अमारो जाइज छो, कारण के तुं पण गिरिसुंदरने शोधवा वगेरेनो घणोज प्रयास करी अ मारा दुःखमां जाग जल्यो छो. माटे आ अमारा आपेला राज्यासन पर बेसी तुं यथेच्छ जोगने जोगव. अने आ सर्वप्रजानुं पुत्रनी पेठें पालन करी तेने न्यायमार्गें प्रवर्त्ताव. अने हे मित्र ! सांजल. तारे राज्याधिपति थइने कोइ पण मनुष्यनो पक्षपात करवो नहिं. मंत्रिवर्गनुं अपमान करवुं नहिं. सामंत लोकोनुं सारी रीतें मान राखी पोताने वश राखवा, राज्य कार्य, न्यायमार्गेथी चलाववुं. आ प्रकारनां वचन सांजळी महसेन बोल्यो के हे दयाळो ! आप आम मने शिखामण आपो छो, ते शुं क्यांइ जवाना छो ? त्यारें बेहुजाइ बोल्या, के हे मित्र ! हा, अमारा माता पिताथी जुदां पड्यां अमोने घणा दिवस थइ गया छे, तेथी हवे तेमनी सेवा करवा

माटे अमें अमारे गाम जाशुं! आवां वचन सांजली महसेन बोल्यो के हे पराक्रमीमित्रो! हुं तो आपनो ताबेदार सेवक बुं, माटें कृपा करी आपें जे मने राज्य आप्युं, ते हुं अंगीकार करुं बुं. परंतु माराथी आपनो वियोग सहन नहिं थाय? परंतु शुं करुं, जे बन्युं ते खरुं? अने हे मित्र! आपें मुने जे कांइ शिखामण आपी बे, तेज प्रमाणें हुं वर्त्तिश, तेनी कांइ पण चिंता राखशो नहिं.

हवे ते गिरिसुंदर तथा रत्नसार ए बेहु नाइयो पोतानी साथें लइज वामाटें केटलुंएक सैन्य तैय्यार करी गांधारपुरथी पोताना देशतरफ जावा निकल्या. मार्गमां चालतां चालतां जे जे देश, गाम वगेरे आवे बे, ते ते देश, गाम वगेरेना राजाउ, ए बेहु जणनुं पूजन करे बे. अने रस्तामां चालता एवा ते बेहुनुं विमानमां बेसी आकाशमां रहेला एवा विद्याधर तथा देवताउ, दर्शन कस्या करे बे. एवी रीतें ते बेहु नाइ, गाम, आराम, नदी, पर्वत, तेने जोता जोता अनुक्रमें पोताना पुंड्रदेशमां आव्या, अने त्यांथी वली शोनायें मनोहर, श्रेष्ठ बे पुरजनो जेमां एवा पुंड्रनगरमां आव्या. हवे कोइ माणसना मुखथी घणा दिवसथी जुदा पडेला एवा गिरिसुंदर तथा रत्नसारना ऋद्धिसहित आववाना समाचार सांजली, अत्यंत हर्षायमान थइ शतबलनामा युवराजें सहित श्रीबलराजा महोटा आडंबरथी ते पोताना पुत्रोने मलवा माटे आव्यो. अने त्यां ते बेहु राजा पुत्रोने पोताथी पण वधारे संपत्ति लइ आवेला जोइने मनमां घणुंज आश्चर्य पाम्या. अने तेउनी प्रशंसा करवा लाग्या के अहो हे पुत्रो! तमोयें अमारा कुलने घणुंज दीपाव्युं बे, अने तम जेवा पुत्रो तो कोइक अम जेवा नाग्यशाली पुरुष हशे, तेनेज हशे? एम तेमनी प्रशंसा करी. पबी ते बेहु पुत्रोयें पोताना पिताने साष्टांग नमन कस्युं. त्यारें ते बेहु पितायें पोताना पुत्रोनुं दृढ आलिंगन कस्युं. ते वखत मोहोटा एवा मांगलिक तूर्योना घोष, गीत, नृत्य, तेणें करी सुंदर अने सर्वजनना मनने विस्मय पमाडे, एवी वधाइ प्रवृत्तवा लागी. अने ते पुत्रोने जोइ पुरना रहेवासी आबालवृद्धपर्यंत सर्व जनो, अनिर्वचनीय एवा आनंदकंदने प्राप्त थयां. अने पबी सर्व लोक सहित श्रीबल राजायें गाजते वाजते ते पुत्रोनो पोताना नगरमां प्रवेश कराव्यो. पबी ते बेहु कुमार, पोताने घेर जइ पोत पोतानी

मातार्जने मल्या, अने नमन कर्युं, अने घणा दिवस सुधी जुदा पडवाथी तेनी मातार्जने पुत्रवियोगजन्य जे दुःख हतुं, ते सर्व अनेकवार्त्तार्जयें करी नष्ट कर्युं. पढी श्रीबल राजायें अवकाश जोइ पोताना पुत्र गिरिसुंदरने पूढ्युं के हे पराक्रमी पुत्र! जे तुं अमने कह्या विना तत्काल आपणा गामनां कन्या प्रमुखने हरण करनारा दुष्ट प्रबल चोरनो पराजय करवा गयो हतो, ते चोर तुने कये ठेकाणे हस्तगत थयो? तथा तेनो तें केवी रीतें नाश कर्यो? ते सर्व वात सविस्तर कहे. त्यारें गिरिसुंदर कुमारें पोतें ज्यांथी निकल्यो त्यांथी आरंजीने पोतानो लघु जाइ रत्नसार कुमार मल्यो, अने पाढा बेहु आव्या, त्यां सुधीनुं सर्व वृत्तांत सविस्तर कहि आप्युं. ते आश्चर्यकारक सर्व वृत्तांत सांजली विस्मय पामेलो श्रीबलराजा कहेवा लाग्यो के हे पुत्र! तारा सरखा पुण्यशाली प्राणीने तो त्रण लोकने विषे कोइ पण वस्तु अलन्य होतीज नथी. कह्युं ढे के ॥ श्लोक ॥ वने रणे शत्रु जलाग्निमध्ये, महार्णवे पर्वतमस्तके वा ॥ सुप्तं प्रमत्तं विषमस्थितं वा, रक्षंति पुण्यानि पुरा कृतानि ॥१॥ अर्थः—वनने विषे, रणने विषे, शत्रु, जल अने अग्नि तेना मध्यने विषे, महार्णवमां, पर्वतनामस्तकमां, सुतेला, प्रमत्त थयेला विषमस्थानमां रहेला पुरुषनुं पूर्वजन्मने विषे करेलां पुण्योज रक्षण करे ढे ॥ १ ॥ एम कहिने त्यां बेठेला सहु कोइ देखे ढे, तेम श्रीबल राजा वात करतां करतां विचारवा लाग्यो के अहो! प्रयासथी तथा बलथी पण न बने, तेवां दुष्टचोर हनन प्रमुख कार्यो, आ मारा गिरिसुंदर कुमारने विना प्रयासें स्वतः बनी आव्यां. तथा आ गिरिसुंदरकुमारने ज्रातृपणाना स्नेहथी शोधवा निकलेला एवा रत्नसारकुमारने पण महेनत विना स्वतःज गांधारपुरना यक्षें प्रसन्न थइने ते गामनो राजा करी ते उजड गाम वसावी आप्युं. माटें ए सर्व, ए बेहु जाइयोने पूर्वजन्मोपार्जित पुण्यना प्रजावथीज बन्युं ढे, तेथी ए बेहु जण, पूर्वजवें ते कोण हशे! ए सर्व मुने जो कोइ केवलज्ञानी मले, तो कहुं? आ प्रमाणें गिरिसुंदर साथें वात करतां विचारमां पडी गयेला श्रीबल राजाने जोइ ते स्थलें बेठेलो एक मतिमान् पुरोहित हतो, तेणें श्रीबल राजानी मुखमुद्रापरथी जाण्युं जे आ श्रीबलराजा गिरिसुंदर तथा रत्नसारना पूर्वजवने पूढवा माटे केवलज्ञानी मुनिने मलवा इछे ढे, अने तेनोज विचार करे ढे! एम जाणी ते पुरोहित राजाने कहेवा

लाग्यो के हे महाराज! आप जे हाल विचार करो बो, ते विचारमां मुने एम भासे बे, के आप केवली मुनिने आ बेहु पुत्रना पूर्वभव पूबवाने इच्छो बो, तो हे राजन्! आपणाज गामना कुसुमाकर नामा उद्याननें विषे गुण रूप रत्नोना आकर, जेनां दर्शनें करी चक्षुने अत्यानंद उत्पन्न थाय, अने निर्मल एवा चारित्रगुणोथी अलंकृत, रूपवाला, शांतमूर्त्ति, सर्व इंड्रियोनो जेणें जय कस्यो बे एवा, शोभायमान, कनकसमान कांति वाला, अत्यंत निःस्पृहवृत्तियुक्त, कुरुदेशना अधिपतिना पुत्र, श्रीजयनंदन नामा सूरींड्र समवसस्या बे. आ प्रकारना पुरोहितनां वचन सांभली हर्ष रूप पीयूष रसना आस्वादथी उल्लसित थयुं बे मन जेनुं, एवो ते श्रीबल राजा, पोतानी सर्वरुद्धि, तथा परिवारथी युक्त थको, ते जयनंदन नामा सूरींड्रने वांदवा माटे ते उद्यानमां गयो. त्यां जइ परिवार सहित ते मुनिनुं वंदन कखुं. पबी सहु कोइ यथायोग्यस्थान पर बेगा. त्यारें ते सूरींडें सुधासमान पोतानी वाणीयें करी देशना देवानो प्रारंभ कस्यो. ते जेम केः—

हे भव्यजनो! आ संसारने विषे शुभाशुभ एवां कर्मोयें करी जीव, उंच नीच कुलोने विषे अवतार लइ फस्याज करे बे ॥ यतः ॥ देवोनैरयिको राजा, रंकोविद्वान् जडः पुनः॥ सुखी दुःखी भवेडूपी, कुरूपश्चित्रकर्मभिः ॥ १ ॥ जंतुः कालस्वभावाद्यैर्हलिभिः कर्मराशिगः ॥ वृषबद्धस्तु धान्यार्थं, भ्राम्यते भवकूपके ॥ २ ॥ यदार्जयत्यसौ पुण्य, मनुकंपादिहेतुभिः ॥ अत्यंतं स तदाऽऽप्नोति, स्वर्गश्रीप्रमुखं सुखम् ॥ ३ ॥ सदैव सेव्यते साधु, लिंगमालिंगितव्रतः ॥ शांतोदांतोगतक्रोधोऽ,श्नुतेऽसौ मोक्षमक्षयम् ॥ ४ ॥ नाविर्भवंति यत्रैव, जन्ममृत्युजरादयः॥ शुद्धं सैद्धांतिकं धर्मं, कुरुध्वं भो बुधास्ततः ॥५॥ अर्थः—जीव जे बे, ते विचित्र एवा कर्मोयें करी देव, नारकी, राजा, रांक, विद्वान्, जड, सुखी, दुःखी, रूपवान्, कुरूपवान्, एवो थाय बे ॥ १ ॥ वली कर्मरूपराशथी बंधायेला जीवने काल स्वभावादि रूप खेडुतो, धान्यने माटे बांधेला बेलना हालरानी पठें भवकूपनी फरतो वारं वार भमाड्या करे बे ॥ २ ॥ वली ए जीव, ज्यारें अनुकंपादिक हेतुयें करी पुण्य उपार्जन करे बे, त्यारें ते जीव, अद्भुत एवा स्वर्गश्रीप्रमुखना सुखने प्राप्त थाय बे ॥ ३ ॥ वली ते जीव, जैनसाधुपणाना लिंगने धारण करी जैनशास्त्रोक्त साधुव्रतने अंगीकार करी, शांत, दांत, क्रोध रहित

होय, ते जीव, अक्षय एवा मोक्षसुखने प्राप्त थाय छे ॥ ४ ॥ अने जैन शास्त्रोक्त धर्माराधन करनारा प्राणीने जन्म, मृत्यु, जरा प्रमुखनां दुःखो कोइ दिवस आवतांज नथी, ते माटें हे सुज्ञ एवा जव्यजनो ! शुद्ध एवा सैद्धांतिक धर्मने अंगीकार करो ॥ ५ ॥ ए प्रकारनी ते मुनिराजनी अमृतमय देशना सांजली श्रीबलराजा बोल्यो केः– हे महाराज ! आपें जे कह्युं, ते अक्षरशः सत्य छे अने हुं पण आपना कहेवा प्रमाणें धर्मनुं आचरण करीश. परंतु हे जगवन् ! आ एक पूछवानुं छे, के मारो गिरिसुंदर कुमार अने आ बीजो मारा जाइ शतबलनो रत्नसार नामक कुमार छे तेने, प्रयास कस्या छतां पण जे संपत्तियो मले नहिं, ते संपत्तियो विना प्रयासें स्वतः आवी मले छे, माटे ते बेहुजणें पूर्वेजवोमां शुं पुण्य कस्यां हशे ? तेमां मने बहुज विस्मय थाय छे, माटे हे मुनिवर्य ! ते बेहु जणना पूर्वेजवोनी सविस्तर हकीगत कहि आपो. ए सांजली ते श्रीबलराजाने ज्ञान निधि एवा ते मुनीं‌द्रें, गिरिसुंदरना अने रत्नसारना शंख अने कलावतीना जवथी मांमीने ते चौदमे जवें प्रथम ग्रैवेकयमां देवता थया, ते कह्युं. अने त्यांथी चवी शेष पुण्यने जोगववा माटे विश्वविख्यात एवा ते बेहुमांथी एक श्रीबलने त्यां अने बीजो तेना जाइ शतबल राजाने त्यां आवी अवतस्यो छे. त्यां सुधीनो सविस्तर व्यतिकर कहि आप्यो. अने वली पण कह्युं के हे राजन् ! आ तमारा गिरिसुंदरने तथा रत्नसारने प्रत्येक जवमां जे संपत्तिनुं सुख मले छे, ते सर्व, ते बेहुजणें प्रत्येकजवमां चारित्र स्वीकार्युं छे, तेनुं फल छे. अने बेहुनी मुक्ति पण तेवीज रीतें जैन धर्माचरणथीज थाशे ? माटें ए बेहुने हाल आ राज्यसंपत्ति जे मली छे तेमां तमारे विस्मय करवो नहिं. जुउ. हे राजन् ! अनाज उत्पन्न करवा माटे खेती करनारा खेडुतने विना प्रयासें स्वतः जे घास मली आवे, तेमां तेने विस्मय शो करवो ? तेम अनाज समान मोक्ष फलनो प्रयास करता एवा तमारा बेहु पुत्ररूप खेडुतने राज्यसंपत्ति रूप घास उपलब्ध थयुं, तेमां शो विस्मय करवो ? वली हे नृपते ! आ जगतमां जे सुख छे, ते पूर्वोपार्जित पुण्य विना प्राप्त थातुंज नथी. जुउ. तमने तथा तमारा जाइ शतबलने जे कांइ आ जवमां राज्यसुख मल्युं छे, ते पण पूर्वजन्मने विषे तमो बेहुयें कोइ

मुनिने श्रद्धार्थी आहार वहोराव्यो छे, तेनुं फल छे. अने तमारा बेहु भाइनी स्त्रीयोने जे राज्यसुख मल्युं छे, ते पण तमोयें ज्यारें साधुने आहार वहोराव्यो, त्यारें तेनुं तेणें घणुंज अनुमोदन कर्युं हतुं, तेनुं फल मल्युं छे.

आवां वचन सांभली पाछो विस्मय पामेलो श्रीबलराजा पूछवा लाग्यो के हे मुनिवर ! ते अमो बेहु पूर्वजन्ममां कोण हता? अने वली अमोयें पूर्व भवें सुपात्र मुनिने श्रद्धाथी केवी रीतें आहार वहोराव्यो? अने आ स्त्रीयो पण पूर्व भवें कोण हती, तथा अमोयें ज्यारें आहार वहोराव्यो, त्यारें ते बेहु जणीयोयें केवी रीतें अनुमोदन कर्युं ? ते विस्तारपूर्वक कृपा करी कहो. ते सांभली जगद्धितैषी एवा ते मुनिवर्यें ते चारे जणना पूर्वभवना स्वरूपने कहेवानो प्रारंभ कर्यो.

हे राजन्! प्रतिष्ठान पुरनामा एक गाम छे, तेमां सुमेध नामा एक कुलपति रहेतो हतो. तेने एक वंध्य अने बीजो शंबर, एवे नामें बे पुत्र हता, हवे कालें करी तेनां माता पिता मरण पाम्यां, त्यारें ते बेहुजणने पोताना संसार निर्वाहनी मोहोटी चिंता थई पडी. अने ते गामना राजापासेंथी तेने लाभांतराय कर्मनो उदय होवाथी कांहिं पण वृत्ति मली नहिं. अर्थात् कर्मयोगें तेने गाममां कांहि पण उद्योग मल्यो नहिं, परंतु निर्वाह तो चलाववोज जोइयें, तेथी ते बेहु विचार करी द्रव्योपार्जन माटे एक उत्तम एवुं कांचनपुरनामा नगर हतुं, ते तरफ जवा निकल्या. कारण के विद्वान् माणसोने पण उदरनिर्वाह माटे उद्योग कर्या विना चालतुं नथी. तो आ बीचारा मूर्खजनने उदर निर्वाहनो उद्योग करवो पडे, तेमां तो शुंज आश्चर्य छे ? कह्युं छे के ॥ श्लोक ॥ बुभुक्षितैर्व्याकरणं न भुज्यते, पिपासितैः काव्यरसोन पीयते ॥ न छंदसा केनचिदुद्धृतं कुलं, हिरण्यमत्य र्जय निःफलाःक्रियाः ॥ १ ॥ अर्थः– कोइ विद्याभिमानी माणसने कोइ उद्योगी माणसें कहेलुं छे, के व्याकरण भणेलो मनुष्य जो भूख्यो होय, तो तेणें कांइ व्याकरणनुं भोजन थातुं नथी, तथा काव्यना अने साहित्यना ग्रंथोना भणनारा मनुष्यथी कांइ काव्यरसनुं पान थातुं नथी, तेमज वली वेद भणेला माणसनुं कुटुंब जो भूखें मरतुं होय, तो तेणें काहिं तेमने वेद संभलावी भूख मटाडी शकाती नथी. माटे हे मुग्ध पुरुष ! तुं विद्यानुं अभिमान मूकी हिरण्य जे सुवर्ण तेनुं अत्यंत उपार्जन कर. कारण के सुवर्ण विना

पूर्वोक्त व्याकरणाध्ययन वगेरे सर्वक्रियाउं निष्फल छे, अर्थात् ते क्रिया कांइ उदरनिर्वाहमां काम आवती नथी. माटे ते पोताना उदरनिर्वाह माटे कांचन नगर प्रत्यें चाल्या. त्यां चालतां चालतां रस्तामां कोइएक नगर आव्युं, त्यां जोजन समय थइ जवाथी ते गाममां जइ एक जाइयें कंदोइने त्यांथी मालपुडा वगेरें वेचातुं मिष्टान्न लीधुं. लइने पाछो पोताना जाइपासें आव्यो, अने पछी बेहु जण जमवा माटे उत्तम जलाशय वाला स्थानने शोधता शोधता चालवा लाग्या. ज्यां थोडेक दूर जाय, त्यां तो ते गामनी नजिकमां एक मनोहर वन आव्युं, ते वनने जोइने बेहु जाइयो कहेवा लाग्या के आपणें आ वनमां जइ जोजइ जोजन करीयें. पछी ते वनमां जइ जेवामां जोजन करवा बेठा, तेवामां वंध्य अने शंबरें ग्लानिने प्राप्त थयां छे गात्रो जेनां तथा मासोपवास करी पारणा माटे जात पाणी वहोरवा माटे तेज नगरमां जाता, वाचंयमोमां मुख्य एवा एक मुनिने दूरथी जोया. तेने जोइने हर्षे करी प्रफुल्लित थयां छे गात्र जेनां एवा ते वंध्य अने शंबर चिंतववा लाग्या के अहो ! मरुदेशमां जेम सुरतरुनां दर्शन थाय, अने निखारीना घरमां जेम निधाननां दर्शन थाय, तेम आपणने आवा जंगलमां मध्याह्नकाले मनोहर एवा मुनिनां दर्शन थयां ? एवी जावना जावीने ते मुनिने परणा माटे आदरथी आमंत्रण करी बोलाव्या, अने पछी जक्तिजावथी जे कंदोइने त्यांथी लावेलुं मालपूडा वगेरे अन्न हतुं, तेणें करी ते मुनिने पडिलाज्या. कह्युं छे, के वात्सल्यथी, योग्यपणाथी, परिज्ञानथी, औदार्यथी अने धर्मास्तिक्यथी. आ पांच रीतथी आपेलुं दान आपनार माणसने अत्यंत फलदायक थाय छे. हवे जे वखतें मुनिने दान आप्युं, ते वखतें ते दानने, वनने विषे यक्षनुं पूजन करवा माटे ते नगरना राजानी ऋद्धिसुंदरी अने बुद्धिसुंदरी नामा बे कन्याउं आवीयो हती, तेणें दीठुं. ते जोइने अत्यंत हर्षायमान थइ एवी ते कन्याउं बोलीयो के हे पांथजनो ! वाह, वाह ! तमोयें ए दान जे दीधुं, ते योग्य पात्रनेज दीधुं छे, तेथी तमोयें तमारा मनुष्यजन्मनुं साफल्य कर्युं छे, तथा ते दान आपी तमोयें तमारा हाथने पण सुलक्षण युक्त कर्या छे, कारण के जे हाथे आ जंगलने विषे तमोयें जंगम कल्पतरु समान मुनिने जक्तिजावथी अन्न वहोराव्युं छे. वली हे पुण्यकारक ! आवा

उत्तम दानथी तमारा सर्व पापनो प्रलय थइ गयो, तथा तमोयें स्वर्गनां सुख पण संपादन कर्यां. ए निश्चें जाणजो. कारण के जे लक्ष्मीथी सुपात्रमां दान देवातुं नथी, ते कदाचित् लक्ष्मी घणी होय, तो पण शा कामनी? आ प्रमाणें तेउयें दीधेला दाननी प्रशंसा करी बेहु कन्याउ घेर गइयो. आवी रीतें श्रद्धाथी दान देनारा ते वंध्य अने शंबरें तथा ते दानने अनुमोदन करनारी एवी ते बेहु कन्याउयें दृढ एवुं पुण्य उपार्जन कर्युं. अर्थात् ए चारे जणायें प्रौढ एवुं पुण्य उपार्जन कर्युं. कह्युं छे के ॥ श्लोक ॥ आनंदाश्रूणि रोमांचो, बहुमानः प्रियं वचः ॥ किंचानुमोदना पात्र, दानभूषणपंचकम् ॥ १ ॥ अर्थः—जे दानने देती वखतें प्रथम तो दान देनारनी चक्षुमां हर्षें करी तत्काल जल भराइ आवे. बीजुं वली दान देनार माणसनी दान देती वखतें सर्व रोमराजि विकश्वर थाय, त्रीजुं दान देनार, वहोरवा आवेला मुनिने जोइ, ते मुनिनुं मान करे के अहो मुनिराज! पधारो, पधारो. चोथुं दान देनार मनुष्य, दान आपीने वहोरवा आवेला मुनिने अत्यंत मीठां वचन कहे के, हे मुनिवर्य! आ दान लइ आपें मारो महोटो अनुग्रह कर्यो, अने मने कृतार्थ कर्यो. पांचमुं जे दान देतो होय, तेनी अनुमोदना करे के अहो! धन्य छे तमने? जे आ प्रकारें उत्तम पात्र जोइ दान आपो छो? आ पांच वानां जे छे, ते दाननां भूषण छे.

हवे ते वंध्य अने शंबर ते महामुनिने दान दइ ते दाननी अनुमोदना करता करता त्यांथी चाल्या. ते अनुक्रमें पोतें जावा धारेला कांचनपुरें आव्या. ते गामनी बाहेर उद्यानमां एक आम्रवृक्ष हतो, तेनी नीचें विश्राम लेवा बेठा, एवा समयमां तो ते नगरने विषे ते गामना राजानो पट्टहस्ती मद चडवाथी छूट्यो अने तेणे गाममां घणुंज तोफान कर्युं, तेथी महोटो कोलाहल थइ गयो. ते कोलाहलना शब्दने आम्रवृक्षनी नीचें बेठेला बेहु भाइयोयें सांभल्यो, अने ते सांभलीने तुरत ते बेहु भाइयो विचार करवा लाग्या के अरे! आ गाममां अवडो महोटो कोलाहल केम थाय छे? चालो आपणे जोइयें. एम विचार करी ते बेहु जण तत्काल नगरमां आवीने ते गामना राजाना राजमहेलना दरवाजा पासें उभा रह्या. तेवामां तो ते हाथी पण केटलां एक घरोने

तथा हाटोने भांगतो, तोडतो, ज्यां ते बेहु भाइयो ऊभा छे, त्यां आव्यो. अने तुरत ते दरवाजो तोड्यो, त्यारें त्यां ऊभा रहेला लोको तो जलदी पोतानो जीव लइने भागी गयां, परंतु ते बेहु भाइयो तो त्यांने त्यांज ऊभा रह्या. हवे अत्यंत चिंतामां पडेला चंद्रराजायें खेद पामी गाममां पटह वगडाव्यो के आ गाममां एवो कोइ शूरवीर छे, जे आ मदोन्मत्त हस्तीने बांधे ? ते सांभली वंध्य जे हतो, ते जलदी हाथीने बांधवा तैय्यार थयो, अने पछी तेणें ते हाथीनी पासें जइ बद्धपरिकर थइ, ते हाथीने जोरथी हाकल्यो, त्यां तो हाथी जे हतो, ते प्रथम मदमां तो आवेलोज हतो तेमां वली ज्यारें हाकल्यो, त्यारें तो महा क्रोधायमान थइ तेनी सामो आव्यो. परंतु गजशिक्षाकुशल एवा ते वंध्यें युक्तियें करी तेगजने आडो अवलो खूब भमाडी घणोज खेद पमाडी वश करी लीधो. पछी जेम कोइ साधारण माणास कोइ एक बोकडाने तेना स्थानक पर पकडी लावीने बांधे, तेम तेणें ते हाथीने लावी आलानस्तंभमां बांध्यो. आवुं ते वंध्यनुं उत्तम पराक्रम जोइने गामना रहेवासी सहु कोइ लोको जय जय शब्द करवा लाग्यां. पछी ते महापराक्रमी एवा वंध्यने चंद्रराजायें तुरत मानपुरःसर पोतानी पासें बोलावी आसन उपर बेसारीने कह्युं के हे पराक्रमी पुरुष ! आ तारा पराक्रमने जोइने हुं अत्यंत खुशी थयो छुं. माटे हाल तारे जेवुं जोइयें, तेवुं वरदान माग्य. त्यारें राजाने प्रणाम करी ते वंध्य बोल्यो के, हे महाराज ! आपनां जे मने दर्शन थयां तेज, महोटो लाभ थयो ? वली आप जेवा राजानी अम जेवा लोकोने जो सेवा करवी, तेज परम वरदान छे. ते सांभली मुनिने आपेला दानना प्रभावथी राजायें ते बेहुने एनी इच्छाथी पण वधारे पगार आपी सेवक करी पोतानी पासें राख्या. एवी रीतें चिरकाल सुख भोगवीने ते बेहु, कालधर्मने प्राप्त थइ युगलीया देव थइने अवतर्या, अने ते दाननुं अनुमोदन करनारी एवी जे कन्याउ हती ते आ लोकनां सुख भोगवी मरण पामी तेज क्षेत्रने विषे ते बेहु युगलीया पुरुषनी स्त्रीयो थइने अवतरी. त्यां पण ते चारे जण कुरुक्षेत्र संबधियां जेटलां दश कल्पवृक्षो सुख आपे, एटलां सुखोने तथा जेमां रागद्वेष नथी एवा अहमिंद्रपणानी सरखां सुखोने एकदेश ऊन त्रण पल्योपमना आयुष्य पर्यंत भोगव्यां. त्यांथी काल करी ते

चारे जण मनुष्यमां न आवतां सौधर्मदेवलोकने विषे अवतर्या. कारण के पूर्वभवमां तेउयें एक देश ऊणुं त्रण पल्योपमनुं आयुष्य भोगव्युं हतुं. हवे त्यां सौधर्मदेवलोकमां ऊन एवा देवायुष्यने पूरुं भोगवी त्यांथी आवी, पुंड्रपुरने विषे महामल्ल राजानी विलासवती स्त्रीने विषे तमो बेहु, पुत्रपणे अवतर्या बो, अने तमारा पूर्वभवनी जे स्त्रीयो हती, ते मांथी एक स्त्री तो पद्मखंड पुरने विषे महसेन नामा राजानी सुल क्षमणा नामें पुत्रीपणे उत्पन्न थइ. अने बीजी स्त्री जे हती, ते विजयनामा नगरने विषे पद्मरथ नामा राजानी लक्ष्मणा एवे नामें पुत्री थइ अवतरी छे.

हवे प्रथम महसेन रजानी सुलक्ष्मणा नामा जे कन्या हती, ते भाट लोकोना मुखथी तमारा गुणगणनुं वर्णन सांभली तमारामांज आसक्त थइ, अने तेथी ते कन्याना पिता महसेनें तमारी सार्थेज तेनो संबंध कर्यो, अने बीजी पद्मरथ राजानी लक्ष्मणा कन्या जे हती, ते पण भाटना मुखथकी तमारा भाइ शतबल राजाना गुणगणनुं वर्णन सांभली तेमांज आसक्त थइ. तेथी तेना पितायें तेनो संबंध शतबल राजा सार्थे कर्यो.

तमो अत्यंत परोपकारी होवाथी कोइएक सिद्धपुत्र एवा श्रीगुप्तें आवी तमारी प्रार्थना करीने कह्युं के, हे राजन्! तमो जो मारा उत्तरसाधक थाउ, तो मारे एक विद्या साधवी छे. कह्युं छे के ॥ श्लोक ॥ मित्राणि तानि विधुरेषु भवंति यानि, ते पंमिता जगति ये पुरुषांतरज्ञाः ॥ त्यागी स यः कृषधनोपि हि संविभागी, कार्यं विना भवति यः स परोपकारी ॥ १ ॥ ज्येष्ठः पुमर्थेषु सदैव धर्मो, धर्मे प्रकृष्टश्च परोपकारः ॥ करोति यश्चैनमनंततेजसा, सधर्मकर्मण्यखिलेऽधिकारी ॥ २ ॥ अर्थः—मित्र तेने कहेवो, के ज्यारें पोतानो मित्र दुःखमां आवे, त्यारें तेना दुःखमां भाग भले, पंमित तेने कहेवो के जे जगतमां पुरुषना हृदयमां रहेला अभिप्रायने जाणी शके? दानशूर तेने कहवो, के जेनी पासें धन नथी तो पण दान दीधाज करे, अने परोपकारी तेने कहेवो के, जे पोताना स्वार्थविना पण पारको उपकार करे ॥ १ ॥ अने सर्व पुरुषार्थमां उत्तम पुरुषार्थ जे जैनधर्म पामवो, तेज छे, ते धर्मने विषे पण कोइ पण जीवनो उपकार करवो, ते उत्तम छे. ते माटे नथी थातो पराक्रमनो नाश जेनो एवो जे पुरुष, परोपकारने करे छे, ते पुरुष, अखिल धर्मकर्मने विषे अधिकारी थाय छे ॥ २ ॥ आ प्रकारनां वचन श्री

गुप्त सिद्धनां सांजली तमोयें तेनुं साहाय्य करवुं कबूल कर्युं. पछी ते श्रीगुप्तसिद्ध, विद्या साधननी सर्व सामग्रीने ग्रहण करी कालि चतुर्दशीने दिवसें तमोने सार्थे लइने एक स्मशानमां गयो. अने त्यां जइ एक मंमल बनावी त्यां मंत्र साधवा बेठो. त्यारें तमें जे हता, ते हाथमां तरवार लइने उना रह्या. एवामां तो मोहोटी दाढोथी कराल छे मुख जेनुं, विजलीना प्रकाश समान लाल नेत्रवालो, कत्तिका, तरवार, खड्ग, मनुष्यनी तुंबली, जेणें हाथमां लीधां छे, महोटा उदरवालो, काजलना पर्वत समान श्यामरंग वालो, जेणें माणासना मुंमकानी माला पहेरी छे, एवो एक पिशाच आव्यो, तेणे आवीने मंत्र साधवा बेठेला ते श्रीगुप्तने केशें पकडी खेंचवा मांम्यो, ते केश पकडी खेंचता एवा ते पिशाचने जोइने तमो तेनी सामा दोड्या, त्यां ते पिशांच तेने लइने नाग्यो, पछी आगल पिशाच अने पछवाडे तमें, एम बेहु जण दोडवा लाग्या. एवी रीतें दोडतां दोडतां महावनमां आव्या, त्यां तो सवार पडी गइ. तेथी ते पिशाच पोताना स्थान प्रत्यें चाल्यो गयो. ज्यां थोडी वार जुवो, त्यां तो तमें पिशाचने के श्रीगुप्तने कोइ पण ठेकाणे दीठा नहिं. त्यारें तमो चोतरफ जोवा लाग्या, अने तेम जोतां जोतां केटलेक दूर गया, परंतु त्यां पण तमने श्रीगुप्त के पिशाच कोइ मल्युं नहिं, त्यारें तमो मनमां अत्यंत खेद पामी विचारवा लाग्या के अरे! ए पिशाच अने श्रीगुप्त, बेहु क्यां जता रह्या हशे? ज्यां एम विचार करो छो, त्यां तो तमें त्यांथी जरा दूर, विलाप करीने रुदन करती कोइएक कन्यानो शब्द सांजल्यो, तेथी शब्दानुसारें ते कन्या ज्यां रुदन करती हती त्यां गया, त्यां तमें एक दोरडाथी गलामां फासो नाखी, ते दोरडाने एक महोटा वडनी माले बांधीने मरवा तैय्यार थयेली एक कन्याने जोइ. तथा वली हे दिक्पालो! तथा हे वनदेवीयो! मारा पितायें तो मने श्रीबलराजाने वाग्दानथी आपेलीज हती, परंतु मारा मंदनाग्यने लीधे तेनाथी मारुं पाणिग्रहण थयुं नहिं? तेथी हवे हुं गलाफांसो खाइ मरवा इबुं बुं, तो हवे आहींथी मरण पामी जे कोइ ठेकाणे हुं अवतार लहुं, त्यां पण मारो ते श्रीबल राजाज स्वामी थाजो. अने हवे ते नवमां श्रीबलराजाने मारा स्वामी थावामां हालनी पेठें विघ्न थवा देशो नहिं. एज हुं

आप देवताउनी पासें वारंवार प्रार्थना करी मागुं बुं. एम कहीने ते स्त्री, जेनो गलामां फांसो नाखेलो ठे ते दोरडे टींगाइ गइ, त्यां तो ते स्त्रीनां कहेलां वचनमां ' बीजा पण जन्ममां श्रीबल राजाज मारो स्वामी थाजो ' ते वचन आव्युं, ते सांन्नली शंका पामेला एवा तमोयें तूर्णताथी त्यां आवी ते गला फांसाना दोरडाने ठरीथी फट कापी नाख्युं. अने तमारा वस्त्रांचलथी तेने पवन नाखी सावधान करी. त्यारें ते कन्यायें पोतानी चक्षु उघाडीने जोयुं, त्यां तो तेणें तमने दीठा, त्यारें तेणें पोतामां स्त्रीत्व होवाथी लज्जा पामी पोताना उढवाना वस्त्रथी उघाडां थइ गयेलां सर्व अंग ढांकी दीधां. अने ते कहेवा लागी के अहो ! मरण तो सर्व साधारण ठे, परंतु तेमां पण अन्नागणी एवी हुं ते मने आवा विकटवनमां आवा उत्तम पुरुषनो समागम क्यांथी थयो ? त्यारें तो तमो तेनुं आश्वासन करी कहेवा लाग्या के हे मुग्धे ! तुने एवुं शुं दुःख ठे? के जे दुःखथी तुं गला फांसो खाइ मरवा इडे ठे ? ते वचन सांन्नली कन्यायें विचार कर्यो के अहो ! आ न्नाग्यशाली पुरुषना मुख दर्शनथी तथा तेमना वचनश्रवणथी, मारुं मन अत्यंत संतुष्ट थइ जाय ठे. तथा मारी दृष्टि पण अनिवार्यरीतें ते पुरुष सामीज वारंवार दोडे ठे. वली आ पुरुषना स्पर्शथी मारुं आखुं शरीर रोमांचित थइ गयुं ठे. तेथी मुने एम लागे ठे के. आ मारो पति श्रीबल तो नहिं होय? परंतु ते होय नहिं. कारण के ते पुरुषनुं आहिं आववुं संन्नवे नहिं? वली विचार करे ठे, के कर्मनुं विचित्रपणुं ठे, माटे आवे पण खरा ? ते माटे हुं आ पुरुषने मारी सर्व बाबत कहि तो आपुं, जेथी मारुं धारेलुं जे तत्त्व ठे, ते पोतानी मेलें समजाइ आवशे ? एम किचार करी ते सुलक्ष्मणा कन्या गद्गद कंठथी कहेवा लागी के हे सत्पुरुष ! पोताना मुखथीज पोतानी वात करवी ते उचित नथी, तो पण आप माननीय ठो, तेथी हुं माहारुं जे वृत्तांत कहुं, ते सांन्नलो. पद्मखंम नामा नगरने विषे महसेनराजा नामा एक राजा ठे, तेनी पद्मा नामा स्त्री ठे. तेनी हुं सुलक्ष्मणान्निध कन्या बुं. हवे पुंड्रपुरना राजाना श्रीबल कुमार नामा पुत्रना गुणगणो में न्नाटना मुखथी सांन्नल्या हता, तेथी मारी तेने वरवानी इडा थइ. त्यारें मारा पितायें मारा अन्निप्रायथी ते श्रीबल साथेंज मारो संबध करेलो ठे, तेथी हुं माहारा विवाह कालनी वाट जोइ बेठी हती. हवे एक दिवस हुं उद्याननने विषे क्रीडा करवा गइ हती, त्यां मारुं

स्वरूप जोइ मोहित थयेला कोइएक विद्याधरें मारुं हरण कर्खुं, अने ते पाछो मने आहिं घोर वनमांज मूकीने अपराजिता नामा विद्या साधवाने गयो छे. अने ते गया पछी हे नड! में विचार्खुं जे मारे तो श्रीबल कुमार शिवाय बीजा कोइ पण सार्थे वरवुंज नथी, अने ते विद्याधर मुने लइ गया विना रहे तेमज नथी, माटें ते विद्याधरना लइ जवा पहेलांज हुं जो गलाफांसो खाइ मरण पामुं, तो मने सर्व दुःखज मटी जाय ? वली मारुं अबलानुं तो मरवुं एज बल छे ? एम विचार करी में गलामां फांसो नाखी मरवुं धार्खुं हतुं, तेथी वली फांसो बांधीने दोरडे लटकी पण हती, तेवामां आपें आवी, ते दोरडुं चाकुथी कापी नार्खुं माटे हे दयालो ! आप मने छोडी द्यो, के जेथी हुं मारुं धारेलुं काम पार पाडुं ? कारण के मर्या विना मारो ते विद्याधरना हाथमांथी छुटको थाय एम नथी. आवां वचन सांजली तमोयें विचार्खुं जे आ कन्या जो मने, माहारां कहेलां नामठामथी जाणशे, तो मरती जरूर बंध थाशे. अने आ कन्याना कहेवा उपरथी पण एमज जणाय छे, के जेनी सार्थे मारो संबंध कर्यो छे, तेज आ कन्या छे ? एम विचार करी तमोयें तमारुं सर्व वृत्तांत कहि आप्युं, तेथी ते सुलक्ष्मणा कन्यायें जाण्युं जे आ श्रीबलराजाज छे. एम जाणीने मनमां अत्यंत खुशी थइ, जरा लजवाइ जइ, ते चिंतववा लागी के अरे ! आवा विकटवनमां आ अतिकोमलशरीरवाला राजा ते केम आव्या हशे? एम चिंतवी मधुर शब्दथी पूछवा लागी, के हे दयालो! मने जीवितदान देनारा एवा आप आर्यपुत्रने कुशल तो छे? वली हे प्रिय ! आवा घोर वनने विषे देवतुल्य एवा आप उत्तम पुरुषने शा कारणथी ज्रमण करवुं पड्युं छे ? ते सांजली तमो बोल्या के हे मृगशावाक्षि ? आवा जयंकर वनमां मारी ज्रमणप्रमुख जे लीला थइ छे, ते केवल तमारा पुण्ययोगेंज थइ होय, एम लागे छे. कारण के तेम जो न थई हत, तो जरूर तमो मरणशरण थइ जात. एम कहीने पोतानुं वनमां आववानुं जे कारण हतुं ते कही आप्युं. आ प्रमाणें बेहु जण परस्पर पोत पोतानी वार्त्ताउयें करी अत्यंत आह्लाद पाम्यां. तेवामां तो जेने केशथी खेंची पिशाच लइ गयो हतो, ते सिद्धनो पुत्र श्रीगुप्त आव्यो. तेने जोइ हर्षित थयेला तमो कहेवा लाग्या के हे मित्र ! तमें तो आव्या, पण तमोने केशथी पकडी खेंची जनारो पिशाच क्यां

गयो ? अने ते दुष्टना हाथथी तमो केवी रीतें बूट्या? ते सांभली श्रीगुप्त बोल्यो के हे मित्र ! तमें मने केश पकडी खेंची लइ जतां जे दीठो, ते सर्व ते पिशाचनुं ऐंद्रजालिक हतुं. वस्तुतः ते कांहीज न हतुं. अने तमने तेवुं शामाटे देखाड्युं ? तो के ते पिशाचने, आ कन्याना मेलाप करावता तमोने आहिं लाववा हता, ते माटे ते देखाड्युं. कारण के जो ते पिशाच एम न करे, तो तमो आहिं आवो पण नहिं? वली मारो तो ते पिशाचें स्पर्श पण कस्यो नथी. तेम में मारी विद्या पण तमारा प्रतापथी साधी लीधी छे. अने हे मित्र ! मारो तमारी पर अत्यंत स्नेह छे, तेम छतां पाछा तमोने में क्यांइ दीठा नहिं, त्यारें मनमां दुःखी थइ तमने शोधतो शोधतो हुं आहिं आव्यो. अने आ में जे तमने हाल कह्युं, के ए पिशाचें जे इंद्रजाल विद्या देखाडी ते आ कन्याने वरवा माटेज देखाडी छे. ते में निमित्तनां योगबलथी कहेलुं छे. कारण के हुं निमित्तशास्त्र जाणेलो छुं. अने हे वयस्य ! हवे तमें गंधर्वविवाहथी आ कन्यानुं जलदी पाणिग्रहण करो. केम के हालनो समय घणोज सुंदर, लग्ननोज छे. आवी रीतें पोताना मतने अनुसरतां तेनी वात सांभली अत्यंत मनमां खुशी थइने तमोयें तूर्णताथी ते कन्यानुं गांधर्वविवाहथी पाणिग्रहण कस्युं. पछी ते श्रीगुप्तनी पट्टविद्यायें करी तमो त्रणे जण पुंड्रपुरने विषे आव्यां.

हवे तमारो शतबल नामा जे लघुभाइ हतो, तेणें तमो बाहार गयेला होवाथी तमोने घणा दिवस पर्यंत दीठा नहिं, त्यारें तेणें विचास्युं जे मारो भाइ श्रीबल, केटलाएक दिवसोथी देखाता नथी, ते क्यां गया हशे ? माटे चाल हुं तेनी शोध करुं? एम विचारी मोहोटुं सैन्य लइने ते, तमने शोधवामाटे चाल्यो. ते चालतां चालतां महाटवीने विषे आव्यो. त्यां तेणें एक तापसी स्त्रीयोनो आश्रम दीठो, त्यां तो ते आश्रममां रहेली सर्वतापसी स्त्रीयो शोकाक्रांत थयेलीयो दीठीयो, एटले त्यां रहेली सर्व तापसी स्त्रीयो पोतानी तप प्रमुख क्रिया करतीयो नथी, अने रुदनज कस्या करे छे. ते जोइने शतबल राजा पूछवा लाग्यो के ॥गाथा॥ रस्से कयवासाणं, तोडिय धण सयण नेह पासाणं ॥ साहू य भयवईउ, किं सोय निबंधणं तुम्हं ॥ १ ॥ अर्थः– अरण्यमां निवास करनारी अने त्रोडी नाख्यो छे धन, अने स्वजनना स्नेहनो पाश जेणें अने भयवर्जित एवी आप तापसीयोनुं आवुं शोक

थवानुं कारण शुं छे ? ए वचन सांजली तापसीयो बोलीयो के हे सुंदर ! अमारे जे कांइ शोक थवानुं कारण बन्युं छे, ते सांजलो.

जयपुरनो पति एक पद्मरथनामा राजा छे, तेनी लक्ष्मीसमान रूपवाली एक लक्ष्मणा नामें कन्या छे, ते गतरात्रें तेना पिताना मंत्री तथा सैन्य सहित आहिं आवी उतरी हती, ते शामाटे उतरी हती ? तो के ते कन्या पुंड्रपुरना शतबलनामा युवराजनेज परणवामां उत्सुक हती, तेथी पद्मरथराजायें ते कन्याने शतबलनी साथें परणावा माटें पोताना मंत्री तथा सैन्यसहित मोकली हती. पछी तेने पुंड्रपुर जातां आहिं रात पडी गइ तेथी ते, आहिंज रात रही हती. हवे प्रथम ते कन्यानी मागणी किरातदेशाधिप मथनना पुत्र कुंजरें करी हती, परंतु ते कन्यानी ते कुंजरसाथें परणवानी इच्छा न होवाथी तेना पिता पद्मरथें कुंजरने आपी नहिं, तेथी अत्यंत सामर्ष थयेलो कुंजर, ते कन्याने हरण करी लइ जवा माटे अवकाश जोइ फत्याज करतो हतो, तेवामां ते कुंजरें कोइना मुखथी सांजल्युं के ' जेनुं तुं हरण करवाने इच्छे छे, ते कन्याने पुंड्रपुरना युवराज शतबलनी साथें परणावा माटे तेना पितायें पुंड्रपुर जावा मोकलेली छे; ते हाल प्रथम मुकामें तापसीस्त्रीयोना आश्रममां आजनी रात रहेली छे, माटे जो तारे तेनुं हरण करवुं होय, तो हाल थाय एम छे. ते सांजली कुंजर, शीघ्रताथी आवी अमो सर्वें जेम जोइयें, तेम ते कन्याने गतरात्रियें बलात्कारथी हरण करी लइ गयो छे, तेथी अमने शोक थाय छे, के ते बीचारी कन्या त्यां जरूर मरण पामशे. कारण के ते कन्या जो शतबलने परणे तोज जीवे एम छे, नहिं तो ते जरूर मरण पामे एम छे. माटे अमोने अत्यंत शोक थाय छे. आवां वचन ते तापसीयोनां सांजली जेम सलगता अग्निमां घृत होमे, ने ते अग्नि प्रज्ज्वलित थाय, तेम ते शतबल राजा अत्यंत क्रोधांध थइ तत्काल त्यांथी चाल्यो. कारण के प्राणप्रिया एवी पोतानी स्त्रीना हरणने मानी पुरुष, कोइ दिवस सहन करी शकता नथी ॥ यतः ॥ विश्वानरः करस्पर्शं, मृगेंद्रः श्वापदां स्वनं ॥ क्षत्रियश्च परं क्षेमं, न सहंते कदाचन ॥ १ ॥ विद्यातीर्थे विमलमतयः साधवः सत्यतीर्थे, लज्जातीर्थे कुलयुवतयो योगिनोज्ञानतीर्थे ॥ गंगातीर्थे विगतवयसो दानतीर्थे गृहस्थाः, धारातीर्थे धरणिपतयः कश्मलं क्षालयंति

॥ १ ॥ अर्थः– अग्नि, करस्पर्शने सिंह, बीजा वनचरना शब्दने क्षत्रिय, पारका क्षेमने कोइ पण दिवस सहन करी शकता नथी ॥१॥ वली विद्यारूपतीर्थने विषे निर्मलबुद्धिवालाउ, सत्यरूपतीर्थने विषे साधुपुरुषो, लज्जारूप तीर्थने विषे कुलवती स्त्रीयो, ज्ञानरूपतीर्थने विषे योगी पुरुषो, गंगातीर्थने विषे वृद्धावस्थावाला जनो, दानरूप तीर्थने विषे गृहस्थजनो, धारातीर्थ जे हथियारोनी धारा, तेने विषे मरण पामीने नृपतियो, पोत पोताना कल्मषनुं क्षालन करे ढे ॥ २ ॥ हवे ते शतबल राजा तुरत जे रस्ते ते गयो हतो, ते रस्तामां तेनां पडेलां पगलाने अनुसारें चाल्यो गयो, त्यां कन्यानुं हरण करी चाल्या जता ते कुंजरने मार्गमां सिंहनी पठें मल्यो. अने तेने महोटो पडकारो करी कह्युं के, हे पापी ! तें आ कन्यानुं हरण कर्युं ले, पण तेनां फल हुं तुने हाल आपुं बुं, ते ले, चाख्य. एम कहीने तेनी साथें महोटुं युद्ध करी तेनो पराजय करी ते लक्ष्मणा कन्याने लइ पाढो वल्यो. तेवामां तमने तथा तमारी स्त्री सुलक्ष्मणाने पुंड्रपुरमां मूकी आकाशमार्गें घेर जाता एवा श्रीगुप्तसिंहें लक्ष्मणा कन्या सहित आवता शतबलने दीठो. त्यारें ते श्रीगुप्त तेनी आगल गयो, जइने तेणें ते शतबलना कहेला सर्व समाचार सांजल्या. ने पढी जेनो ते शोध करवा निकल्यो हतो, ते तमारा सुलक्ष्मणाने परणीने घेर आववा वगेरेना सर्व समाचार सांजल्या. हवे ते शतबल पोताना लग्न थवाथी प्रथम खुशी तो हतोज, तेमां वली तमारा आववाना तथा परणवाना समाचार सांजली बमणो खुशी थयो. अने पढी ते श्रीगुप्तने नमस्कार करी स्त्रीसहित पुंड्रपुरने विषे आव्यो. त्यां आवी शुज मुहूर्तें अद्भुत एवा आनंदने आपनारी एवी ते लक्ष्मणानुं पोतें पाणिग्रहण कर्युं. त्यार पढी हे श्रीबल ! अनुक्रमें तमो स्त्री पुरुष राज्यासननां अधिकारी थयां, अने ते शतबल तथा तेनी स्त्री युवराजपदने प्राप्त थयां आवी रीतें तमो तथा तमारो जाइ पूर्वजन्ममां मुनिने दान देवाथी राज्यने प्राप्त थयां ढो. अने तमारी तथा तमारा जाइनी स्त्री ते दानना अनुमोदनथी राज्यसुखने प्राप्त थयेलीयो ढे. माटें हे श्रीबल ! आ प्रकारें तमारा पूढवाथी तमारा बेहु पुत्रोना तथा तमारा चारे जणना पूर्वजवोनो संबंध में सविस्तर कह्यो.

आ प्रकारनी शुद्ध एवी मुनिनी देशना सांजली तुरत ते चारे जणां

ने जातिस्मरण ज्ञान उत्पन्न थयुं, तेथी ते कहेवा लाग्यां के हे नगवन् ! आपें जे कह्युं बे, तेज प्रमाणें पूर्वें अमारुं वृत्तांत बनेलुं बे, तेमां जरा पण असत्य नथी. एम कहीने ते, मुनिना ज्ञाननी प्रशंसा करवा लाग्यां के अहो ! आ केवुं आपनुं केवलज्ञान बे, के अमारुं पूर्वेनवोमां जे वृत्तांत बन्युं हतुं, ते सर्व आपें हस्तामलकनी परें दृष्टिगोचर जेवुं कहि आप्युं. परंतु हे विनो ! ते आपना कहेलां अमारा वृत्तांतमां एक पूबवानुं बे के, आपें जे कह्युं जे "आ मारी सुलक्ष्मणानामा स्त्री उद्वाह थयां पहेलां ज्यारें उद्यानमां क्रीडा करती हती, त्यां कोइएक विद्याधरें तेनुं हरण कर्युं, अने ते विद्याधर आ सुलक्ष्मणाने उजड वनमां मूकी विद्या साधवा गयो," तो हे माहाराज ! ते मंत्र साधवा गयेला विद्याधरनुं पबी शुं बन्युं ? ते कृपा करी कहो. ते सांजली मुनिवर्य बोल्या के हे श्रीबल ! ए विद्याधर सुलक्ष्मणाने उजड वनमां मूकी मंत्र साधवा गयो, ते त्यां जइ जेवामां मंत्र साधवा बेगे, तेवामां तो ते बीचारानुं मंत्र साधनमां कांइक नबुं वधु ज्ञान होवाथी तेने देवीयें बल्यो, तेथी ते विद्याधर, उन्मादें करी पीडातो थको मतिभ्रंशने प्राप्त थयो. पबी नूख, तृषा, टाढ, तडको, तेणें करी दुःखित थयो थको घणोक काल वनमां भ्रमण करतो करतो कांपिल्यपुरने विषे आव्यो. त्यां अहावीश माहालब्धि युक्त एवा श्रीहरिषेणनामा मुनिने दीगं. तेने जोतांज ते मुनिना तपोबलना प्रजावथी एक क्षणमां तेनुं चित्तभ्रम वगेरे सर्वदुःख जे हतुं ते नाश पामी गयुं. त्यारें ते विचार करवा लाग्यो के अहो ! आ मुनिना प्रजावथकी हुं देवीयें करेला बलरूप उपद्रवथी बुटो थयो ? एम विचारीने परमप्रीतिथी ते मुनिने प्रणाम करी त्यां धर्मश्रवण करवा माटे बेगे अने कहेवा लाग्यो के हे नगवन् ! मुनें धर्मनुं यथार्थ स्वरूप कहो. ते सांजली दयालु एवा मुनि, धर्मोपदेश देवा लाग्या, के हे विद्याधर ! जे जीव, ज्यां सुधी जिनोदित धर्मने अंगीकार करतो नथी, त्यां सुधी ते जीवने दुर्गति तथा रोग, शोक प्रमुख लाखो गमे दुःख आव्या करे बे. अने ते जिनोक्तधर्मने नावें करी स्वीकार करनारा प्राणीने तो स्वर्ग जे बे, ते तो जाणे पोताना घरना आंगणामांज आव्युं होय नहिं ? एम थाय बे. तथा तेने मोक्षसुख पण जाणे समीपमां आवीने रह्युं होय नही ? एम थाय बे. अने तेने कल्याण तो दुर्लनज नथी. ते माटे हे खग ! जो तुं परमात्मसुखने पामवा इन्नतो हो, तो आ में कहेला एवा जिन

धर्मने अंगीकार कर्युं. आ प्रकारनां धर्मतत्त्वरूप अमृतनुं कर्णपुटथी पान करी महामोहविषनुं वमन करी विवेकचैतन्यने प्राप्त थइने तेणे सर्वसंवररूप चारित्रने अंगीकार कर्युं. अनुक्रमें ते केवली थइने परम पदने प्राप्त थयो. आ प्रकारना धर्मफलने सांनलवाथकी उत्पन्न थयेलो जे प्रमोदनर, तेणें करी पूर्ण चित्तवालो एवो ते नृपति, ते मुनिराजने नमस्कार करीने कहेवा लाग्यो के हे मुनींद्र ! आपना प्रसादथी हाल जिनधर्मनो सर्वगुण में सारी रीतें जाण्यो छे, माटे हवे आ तुच्छ संसारपर प्रीति थाती नथी, तेथी आ मारा राज्यनुं स्वास्थ्य करी हुं आपनी पासेंथी चारित्रने ग्रहण करीश ! ते सांनली गुरु बोल्या के हे राजन् ! तमारो जो खरे खरो दीक्षा लेवानोज विचार छे, तो तेमां हवे विघ्न न थाय, तेम त्वरा करो. ते सांनली हर्षित थयेला ते श्रीबलराजायें घेर आवी, पोताना नाना नाइ शतबलने पोतानुं राज्य आपवा माटे फरमाव्युं, के हे नाइ ! मारुं राज्य तमो स्वीकारो, कारण के हवे हुं प्रव्रज्या लेवा इछुं छुं. त्यारें ते शतबल राजा नमन करीने कहेवा लाग्यो के हे देव ! मने पण आप दीक्षा लेवानी आज्ञा आपो, के जे दीक्षाथी हुं पण दुःखरूपजलथी नरेला नयंकर एवा संसार समुद्रने तरुं? कारण के ते संसारसमुद्र, महाव्रतरूप वाहाण विना बीजी कोइ रीतें तरातो नथी. त्यारें श्रीबल राजा बोल्यो के हे वत्स ! तम जेवा ज्ञाततत्त्व मनुष्यने तो एमज कहेवुं उचित छे, परंतु हे नाइ ! आपणा कुलपरंपराथी आवेला आ राज्यने तमो केटलाएक दिवस नोगवो. अने ज्यारें आपणा पुत्रो महोटा थाय, त्यारें तेनी पर राज्यनार आरोपण करीने प्रव्रज्या लेजो. एम तेने घणीरीतें समजाव्यो, तो पण ते वात तेणें अंगीकार करी नहिं. त्यारें ते श्रीबलराजायें सर्व राज्यनार, पोताना पुत्र गिरिसुंदरकुमार पर नाखी अने युवराजपद ते रत्नसार कुमारने सोंपी, जिनप्रासादनेविषे जइ प्रतिमानुं अर्चन करी, सत्पात्रोने महानक्तियें करी दान दइ, दीन अने अनाथजनोनो उद्धार करी चतुर्विधसंघनी पूजा करी, शतबल, सामंत, आमात्य, सेनापति, सार्थवाह प्रमुख लोकोयें सहित महोटा आडंबरथी गुरुनी पासें आवी, ते श्रीबल राजायें साथें आवेला शतबल सामंत प्रमुखनी साथें दीक्षा ग्रहण करी. पछी जेम गुरुयें कह्युं, ते प्रमाणें व्रतोनुं आराधन करी ते सर्वे महर्षियो थया.

हवे गिरिसुंदर कुमार अने रत्नसार पण पोतें श्रावकना बार व्रतने धारण करी तीव्र छे तेज जेनुं एवा थका पोताना राज्यने सुखें करी जोगवे छे. तथा पोताना पराक्रमें करी शत्रुवर्गने जीती लिये छे, तेथी तेनो सामे बीजा कोइ पण सुजटो रणयुद्धमां उना रही शकता नथी. वली ते एवुं तो दान आपे छे, के जे दानें सर्वत्र दारिद्र्नुं उन्मूलन करी नाख्युं छे. अर्थात् ते दानना प्रतापथी बीजा जे दानव्यसनी पुरुषो हता, तेने जगतमां कोइ याचकज मलतो नथी, एटले ते बेहु जाइयोयें तेवुं दान आप्युं के जगतमां कोइ याचकजनज रह्यो नहिं? वली तेउयें मोहोटां अने उंचां एवा अनेक जिनप्रसादो कराव्यां. त्यां कवि उत्प्रेक्षा करे छे, के ते प्रासादो पर उंची खोडेली ध्वजाउ पोताना जाणे चांचल्यथी स्वर्गने हसतीज होय नहिं? के हे स्वर्गपुरि! तुं मनोहर छो खरी, परंतु अमें जे नगरीमां छैयें, ते नगरीनी शोजाने तुं अनुसर एम नथी. वली आ प्रमाणें जिनसाम्राज्य विस्तृत थवार्थी सर्वजगज्जीवना बंधु तुल्य एवा साधुउनो शमरस जे हतो, ते पण अत्यंत शोजवा लाग्यो. अर्थात् जिनधर्मनो सर्वत्र उद्योत होवाथी साधुउनो शमरस घणोज सुशोजित थवा लाग्यो. आ प्रमाणें यथाशास्त्र श्रावकना धर्मने आराधतां थकां ते बेहु जाइयोना सर्वदिवसो सुखमांज जवा लाग्या.

एक दिवसें जूमिने विषे चंद्रमा समान एवा ते गिरिसुंदरकुमारने रात्रे शय्यामां सूतां सूतां पाछली रातें एक स्वप्न आव्युं, तेमां जाणे पोतें एक कल्पवृक्षनी शाखा उपरज रह्यो होय नहिं? एवुं देखवामां आव्युं, त्यां तो तेने प्रतिदिन प्रातःकालमां जगाडवा आवनारा वादक लोकोयें आवी. तूर्य वगाडवा मांड्यां, तेथी पोतें तुरत जागी गयो. अने तेणे पोताने आवेला स्वप्नना माहात्म्यने जाण्युं, जे अहो! आ स्वप्नथी जरूर मारुं सारुंज थाशे? एम जाणी मनमां अत्यंत आनंदित थयो थको पंच परमेष्टीने नमस्कार करी जेवामां ते शय्यामांथी उठवा जाय, तेवामां वली वैतालिक लोको प्रतिदिवसना धारा प्रमाणें आवी स्तुति करवा लाग्या. ते जेम के ॥ श्लोक ॥ प्रतापकृतदोषांतो, जूजृन्मौलिलसत्पदः ॥ आरोहितनजोमार्गो, युगपत्प्रातुमुन्नतिम् ॥ १ ॥ अर्थः— हवे आहिं उदय थता सूर्यनुं अने गिरिसुंदर राजानुं ऐक्य करी स्तुति करे छे. के हे राजन्! हाल आ सू

र्यनो अने आपनो उदय साथेंज थयो बे, हवे ते सूर्य केहेवो बे ? तो के पोतानो प्रताप जे उदय, तेथी कस्यो बे दोषा जे रात्रि, तेनो अंत जेणें एवो बे. अने आप केहेवा बो ? तो के स्वप्रतापें करी कस्यो बे दोष जे पृथ्वीमां थतां पापो, तेनो अंत जेणें एवा बो. वली पण सूर्य केहेवो बे ? तो के नूनृत् जे उदयाचलपर्वत तेनां मौलि जे शिखरो, तेनी पर प्रसृत कस्यां बे पाद एटेले पोतानां किरणो जेणें एवो बे. अने आप केवा बो ? तो के नूनृत् जे अन्यसामंतादिकराजाउ, तेना मौलि जे मुकुटो, तेणें करी शोनायमान बे पाद कहेतां चरण जेमनां एवा बो. हवे ते सूर्य, उन्नतिने पामवा माटे नत्नोमार्गने आरोहण करेलो बे. अने आपें पण उन्नति जे मोक्ष तेने पामवा माटें धर्मरूप आकाशनुं आरोहण करेलुं बे. आ प्रमाणना स्वप्नना उत्कर्षने मलतां वैतालिकोनां वचन सांनली ते राजा, अत्यंत हर्षायमान थयो. पबी शय्यामांथीउठी दंतधावन वगेरे क्रिया करी वस्त्रालंकार धारण करी पोताना गामनी बाहारना उद्यानमां जे ठेकाणें जिनालय बे, त्यां आव्यो. त्यां आवी विधिपूर्वक श्रीजिननगवाननुं अर्चन करी ते नगवाननी स्तुति करीने संवेगरागें करी रंगित थयो थको ते गिरिसुंदर राजा जिनालयथी बाहार निकल्यो, तेवामां तो तेणें एक आम्रवृक्षनी नीचें बेठेला, प्रशांत जेनुं चित्त बे एवा, नवयौवनयुक्त, ज्ञान, दर्शन अने चारित्र, ए त्रण रत्नोयें करी अलंकृत, पांच माहाव्रतने धारण करवामां शूरवीर, धर्मध्यानमां तत्पर, नासाग्रनी पर करी बे दृष्टि जेणें एवा, कोइएक मुनीश्वरने दीठा. त्यारें तो अत्यंत प्रसन्न थइ त्यां जइ ते पोताने घटे तेवा स्थान पर बेठो. त्यारें तेने धर्मलान दइ मुनियें पण देशना देवानो प्रारंन कस्यो. ते जेम केः– हे राजन् ! सहजस्वनावथीज असार, जेने धंतुराता फलनी उपमा अपाय बे, अने इंइजालनी पेठें अस्थिर एवा आ संसारने विषे तमो प्रीति करशो नहिं. वली आ संसारनेविषे देहधारी सर्व प्राणीयोने निरंतर जन्म मरणनो नय रहे बे, तथा यौवनने जरानो नय रहे बे. अने शरीरने रोगनो नय रहे बे. तेथी संसारमां आवेला जीवने सुखनी आशा कोइ ठेकाणे बेज नहिं. वली सांनलो. आ संसारमां कोइक ठेकाणे केटलांएक जनो, एकत्र मली रोवे कूटे बे, अने कोइक ठेकाणे केटलांएक लोको, एकठां मली गान, तान, नृत्यवगेरे आनंद करे बे. अर्थात् आ

संसार, शोक अने हर्षें करी नरेलो छे, तथा वली हे नृप! आ संसारमां पडेला प्राणीने जरा, रोग अने शोक, प्रतिदिन तपाव्याज करे छे. अने आ संसारमां क्रूर एवा कालनो क्लेश तो कोइ दिवस मटतोज नथी. तो पण तेवा अतिदुःखकर संसारमां पडेला अज्ञानी जीव, स्वप्नसमान पंचेंद्रियनां विषयसुखने नोगव्याज करे छे, अने तेथी ते जीवनी तृप्ति पण थाती नथी. वली हे पृथ्वीपते! जे जीवो नोगासक्त थया थका जिनधर्मनुं सेवन करता नथी, ते जीवो, गर्नरूपकुंनिपाकमां निरंतर पच्याज करे छे. माटे जिनधर्म तत्वज्ञ एवा तमारे तो हवे एक क्षण वार पण आ नवकूपमां अज्ञानीनी पठें जे पडयुं रहेवुं, ते उचित नथी. एवां वचन सांनली संवेगरंगरंगित एवो ते गिरिसुंदर कुमार, ते मुनिने प्रणाम करी हाथ जोडी कहेवा लाग्यो के हे नगवन्! अटला दिवस सुधी तो हुं मोहनिद्रामां घेराइने सूइज रह्यो हतो, परंतु हालमां तो आपें मने ते मोहनिद्राथी जाग्रत कर्यो छे. तेथी हुं मारा राज्यवगेरेनी खटपट, माहारा नाइ रत्नसारने अथवा माहारा पुत्रने सोंपीने जयनंदननामा सूरीश्वरनी पासें जइ, प्रव्रज्या ग्रहण करीश. एम कही मुनिने प्रणाम करी उत्साहित थयो थको पोताने घेर आव्यो. अने पोताने मुनिसमागममां बनेली जे कांइ हकिगत हती ते रत्नसार कुमारने कही आपी. ते सांनली संवेगरसयुक्त एवो ते रत्नसार कुमार बोल्यो के अहो! हे बांधव! जे मूढ नर होय छे, ते पोताना सुकृत कार्य करवामां आलस करी बोले छे, के अहो! आपणे संसार छोडी दीक्षा लहीयें तो खरा, पण ते संयममां आपणथी आवां मनोहर विषयसुख छोडी केम रहेवाय? कारण के ते विषय सुख, संयमपणामां तो मलेज नहीं. अने हे नाइ! आपणे पण जे श्रामण्य सुख छे, ते उत्तम छे. एम प्रतिदिन कहीयें तो छेयें, परंतु ते पूर्वोक्त अज्ञानीनी पेठें आ असारसंसारना सुखलवने विषे लोन पामी आपणे आ बंदीखाना जेवा गृहथी निकलता नथी. माटे हवे तो आपणने गृहमां एक क्षण वार पण रहेवुं, योग्य नथी. अहो! हे बांधव! ते ग्रामादिकोने पण धन्य छे, के जे ग्रामादिकोने विषे श्रीजयनंदनसूरि विचरता हशे? अरे! ते सूरींद्रना दर्शन आपणने क्यारें थाशे? एम ते संसारनी अनित्यनावना नावे छे. त्यार पछी ते बेहु जण, जयनंदनसूरिना आगमननी इच्छा करी बेठा छे. तेवामां तो पोताने वनपालकें आवी विनति

करी केः– हे प्रभो ! जेनुं नाम सांभळतां अत्यंत उल्लास थाय, एवा श्रीज यनंदननामा मुनींद्रें आहिं आपणा उद्यानमां पाउ धारेला छे. आ प्रका रनां वचन सांभळी ते गिरिसुंदर राजा तथा रत्नसार, अत्यंत आनंदित थइ गया. अने ते आनंदाविर्भावथी ससंभ्रमचित्त थइ पोताना सुवर्ण सिंहा सनथी नीचें उतरीने सात आठ पगलां ते वनपालकनी समीप गया. अने जे दिशायें श्रीजयनंदन मुनींद्र पधारेला छे, ते दिशाप्रत्यें नमन करी ते मुनीं द्रना आववानी वधामणी आपनारा वनपालकने अगणित द्रव्यनुं दान आप्युं. पछी मोहोटा आमंबरें ते बेहु भाइयो, गुरुनी समीप आवीने, त्रण प्रदक्षिणा करी परमआनंदें करी नमन करी योग्य स्थानक पर बेठा. त्यारें श्रीजयनंदनसूरियें देशना देवानो प्रारंभ कस्यो. ते जेम केः–हे भव्यजनो! डुर्लभ एवा आ मनुष्यजन्मने प्राप्त थयेला विवेकी प्राणीयोयें तो जिनध र्मना आचरणनेविषे जरूर यत्न करवो. कारण के आ जिनधर्म जे छे, ते पिता, माता, बांधव, सुहृद्, स्वामी, सारो अनुचर, सारी स्त्री, तेथकी पण वधारे सुखदायक छे, आ जगतमां जिनधर्म समान कोइ पण धर्म हितकारी नथी, कारण के ते पूर्वोक्त माता पितादिक जन्मांतरने विषे सहायक थातां नथी, अने जिनधर्म जे छे, ते तो जन्म जन्मने विषे स हायक थाय छे, तेथी तमो सर्व, जिनधर्मनुं सेवन करो. जुउ. धर्मविना माणास बिलकुल शोभतुंज नथी. कह्युं छे के ॥ श्लोक ॥ हस्त्यंतमदअश्व निर्गतजवश्चंद्रं विना शर्वरी, निर्गंधं कुसुमं सरोगतजलं छायाविहीनस्तरुः ॥ अन्नं निर्लवणं सुतोगतगुणश्चारित्रहीनो यति,र्निर्देवं भुवनं न राजति तथा धर्मं विना मानवः ॥ १ ॥ अर्थः– अंतर्मदवालो, एटले बहिर जेनें मद नथी जरतो एवो हस्ती, वेगरहित अश्व, चंद्ररहित रात्रि, निर्गंध एवुं पुष्प, जल विनानुं सरोवर, छायाविनानो वृक्ष, लवणरहित अन्न, गुण रहित पुत्र, चारित्र रहित यति, देवविनानुं देवालय. ए सर्व जेम शोभतां नथी, तेम मनुष्य पण धर्म विनानुं बिलकुल शोभतुं नथी. आ प्रकारनी ते मुनिपतिनी अमृत समान देशना सांभळीने पोतानो जे चारित्र लेवानो विचार हतो, ते सर्व कही, ते बेहु भाइयो पोताने घेर आवी, राज्यलक्षणथी युक्त तथा राजभारना वहनमां समर्थ एवा पोताना सुरसुंदर पुत्रने जाणी, तेनी पर राज्यकारभार नाखी जिनशासननी प्रौढ प्रभावना करी, पाछा ते

गुरुनी पासें आव्या. त्यारें ते श्रीजयनंदन सूरियें ते बेहु जाइयोने दीक्षा आपी. पछी ते बेहु मुनियें थोडा दिवसमां अग्यार अंगोनुं अध्ययन कर्युं. अने साधुनी क्रियाउने विषे तत्पर, निरंतर साम्यने धारण करनार, तीव्र तपनुं आचरण करनार एवा ते बेहु मुनि, घणा दिवस पर्यंत चारित्रनुं सेवन करी अनेक राजाउयें अर्चित अने अनशन व्रतथी शुष्क थयुं छे कलेवर जेनुं, निर्मल एवा अध्यात्मस्वरूपने जोनारा, निष्पापानुजवैकगोचर, स्वपरस्वजावना अवलोकनने विषे रत, निर्मम, निरहंकार थका समाधिमरणें करी मरण पामीने नवमा ग्रैवेयकने विषे अहमिंद्र देवपणे उत्पन्न थया ॥ यतः ॥ ईर्ष्याविषादरहितावहमिंद्रदेवौ, तौ दिव्यजोगसुखलब्धिरतौ च तत्र ॥ प्रक्षीणजूरिडुरितौ सविवेकमेक, त्रिशन्मितानि नंयतोननु सागराणि ॥ १ ॥ अर्थः– त्यां नवमग्रैवेयकने विषे ईर्ष्या अने विषाद तेणें रहित, दिव्य एवा जोग अने सुख, तेनी लब्धिने विषे आसक्त, क्षीण थइ गयां छे, महोटां डुरित जेनां एवा ते बेहु अहमिंद्रदेवो, विवेक सहित एकत्रीश सागरोपम आयुष्यने जोगवता हवा.

इति श्रीपृथ्वीचंद्र अने गुणसागरना चरित्रने विषे गिरिसुंदर नृपति, रत्नसारयुवराज पितृव्यपुत्र, द्विबांधवाधिकारवर्णननामा अष्टमः सर्गः ॥८॥ आहिं सुधीमां पृथ्वीचंद्र अने गुणसागरना शोल जव संपूर्ण थया ॥१६॥

॥ अथ ॥

## ॥ नवमसर्गस्य बलावबोधः प्रारज्यते ॥

॥ श्लोक ॥ जीयाज्जिनेंद्रगीर्गंगा, स्वछसंवरदा हि या ॥ साधुहंसैःश्रिता त्यक्ता, पंकाकुलजडाशयैः ॥ १ ॥ जुक्त्वार्हद्गीः फलं च्युत्वा, ततः पुण्याव शेषवान् ॥ गिरिसुंदरदेवोय, मुत्पन्नोयत्र तछृणु ॥ २ ॥ अर्थः– स्वछ संवरने देनारी, साधुरूप हंसोयें आश्रय करेली, पापरूपपंकें करी व्याप्त एवा जडाशय पुरुषोयें त्याग करेली एवी जे श्रीजिनेंद्रनी वाणीरूप गंगा छे, ते संततकाल जयवंती वर्त्तो. अर्थात् जय पामो. हवे कवि कहे छे, के हे जव्यजनो ! नवमा ग्रैवेयकने विषे देवता थयेलो ते गिरिसुंदर कुमार, अरिहंतनी वाणीनुं फल जोगवीने, एटले जैनशास्त्रप्रमाणें तप तथा जिनाराधनप्रमुख साधनथी देवलोकनुं सुख जोगवीने तेमांथी पण रहेलां शेष

पुण्यने भोगववा माटें ज्यां ते उत्पन्न थयो, ते हुं कहुं बुं, ते सांभलो.

आ भरतखंमने विषे एक वंग ( बंगाला ) नामक देश छे, तेमां स्वस्तिकसमान, मणिजडित गृहोनी शोभायें करी व्याप्त, निरंतर कल्याण अने सुख, तेनें देवावाली, स्वर्ग समान, एक ताम्रलिप्ती नामा नगरी छे. ते नगरीमां राजा जे छे, ते इंद्रसमान छे, तेमां स्त्रीयो जे छे, ते स्वर्गनी अप्सरा सरखी छे. अने पुरुषो जे छे, ते सर्व, देवसरखा छे. हवे सर्वद्वेषिजनोने काल समान, सुहृज्जनोने कल्पवृक्षसमान, साम्राज्य राज्यनो अधिपति, ते नगरीनो सुमंगल नामा राजा छे. तेमनी श्रीप्रभा नामा पट्टराणी छे, ते श्रीप्रभा देवीना उदरसरोवरने विषे, पूर्वोक्त नवमग्रैवेयकमां अहमिंद्र थयेलो ते गिरिसुंदर कुमार, त्यांथी चवीने हंसनी पेठें आव्यो. त्यारें ते राणीयें स्वप्नने विषे सिंहनुं जेमां चिन्ह छे, कुसुमें करी अर्चित, रत्नजडित दंमवालो, शब्दायमान थती घूघरीयोथी युक्त एवो एक उत्तम ध्वज दीठो. ते स्वप्ननी वात पोताना स्वामीने कही, त्यारें तेना कहेवाथी राजायें कह्युं के हे सौभाग्यवति ! तमारे उत्तम एवो पुत्र प्रगट थाशे ? ते सांभली श्रीप्रभा राणी घणीज उल्लास पामी. पछी ते राणीने जे कांइ वस्तुना दोहद उत्पन्न थया, ते सर्व सुमंगल राजायें पूर्ण कर्या. एम करतां ज्यारें दश मास पूरा थया, त्यारें ते राणीयें जगतना सर्व जीवोना मनने हरण करनार एवा पुत्रने प्रसव्यो. तेनी वधामणी सुमंगल राजायें सांभली के तुरत, बंधीवानोने बंधीखानेथी छोडाव्या. तथा सुंदर एवां गीत, वाद्य, तेणे करी युक्त, सकलजनने आनंददायक एवो पुत्रजन्म महोत्सव कराव्यो. हवे ते पुत्र ज्यारें एक मासनो थयो, त्यारें ते पुत्रनुं तेनी मातायें स्वप्नमां जोयेला ध्वजने अनुसारें “कनकध्वज” एवुं नाम पाड्युं. पछी जेम चंद्रमा दहाडे दहाडे कलाने प्राप्त थइ, तेजस्वी अने मोहोटो थाय, तेम ए कुमार पण अनेक विद्या वगेरे कलाउने प्राप्त थइ महातेजस्वी तथा महोटो थयो, एटले यौवनवयने प्राप्त थयो. हवे ते नवमग्रैवेयकमां अहमिंद्र थयेलो एवो रत्नसार कुमार, त्यांथी चवी क्यां अवतर्यो ? ते कहे छे. के नवमा ग्रैवेयकमां अहमिंद्र थयेलो एवो ते रत्नसारनो जीव, त्यांथी च्यवीने शेष पुण्य भोगववा माटे तेज राजानी स्वयंप्रभा नामा बीजी स्त्रीनी कुखने विषे पुत्रपणे आव्यो, अने अनुक्रमें दश मास पूर्ण थयाथी ते पुत्रनो पण जन्म थयो. त्यारें तेनो पण कनकध्वज पुत्र समान पुत्रज

न्ममहोत्सव कराव्यो. अने तेनुं नाम "जय सुंदर" एवुं पाड्युं. पछी अनुक्रमें ते पण कनध्वजकुमारनी पठें यौवनवयने प्राप्त थयो. हवे पूर्वभवना योगथी ते बेहु भाइयो परस्पर अत्यंत प्रीति राखे छे. ते एवी रीतें के ते बेहुने लखवा वगेरेनुं जो यत्किंचित् कार्य होय, तो पण ते बेहु एकज ठेकाणें बेसी अने मलीने करे छे. अने ते बेहु पापथी पराङ्मुख रहे छे, तेउनुं महोटा विद्वानो पण मान करे छे. ते बेहुभाइयो राधावेधनी कलामां कुशल होवाथी प्रतिदिन राधावेधनो विनोद करे छे. एक दिवस ते बेहु भाइयो राधावेधनो विनोद करता हता, तेवामां पोताना कोइ पण कार्य माटें कोइक स्थान पर सुरवेग अने शूरवेग नामना बे विद्याधरो आकाशमार्गथी जाता हता. त्यांथी ते विद्याधरें ते बेहु भाइयोने राधावेधना विनोदमां राधा नामनी पूतलीनी चक्षुने बाणथी विंधता जोया. तेथी तेउनुं एकस्थानमां दृष्टिनिवेशादिक विज्ञान जोइने अत्यंत हर्षायमान थइ ते बेहुभाइ पर आकाशमांथी पुष्पनी वृष्टि करी. अने पछी ते पोताने घेर गया. आ प्रमाणें ते कुमारोनी उपर थयेली पुष्पनी वृष्टि जोइने तेनी सार्थे रहेला तेना मित्र प्रमुख सर्व विस्मय पामी गया. अने तेनी सर्वत्र एवी वात प्रसरी के आ कनकध्वजनुं तथा तेना भाइ जयसुंदरनुं तो आकाशचारी देवताउयें पूजन कर्युं! तेवी वात ते कुमारना पिता सुमंगलराजायें सांभली, तेथी अत्यंत संतोष पाम्यो. हवे एक दिवस ते सुमंगल राजा सभामां बेठेलो छे, तेवामां उत्तर दिशामां गंभीर एवो तूर्योनो शब्द थवा लाग्यो, ते सांभलीने त्यां बेठेला माणसो तथा ते राजा सर्व विस्मय पामी गया, अने त्यां बेठेला सर्व सुभटो तो क्षोभ पामी गया. पछी सहु कोइ विचारवा लाग्या, के अरे ! आ ते शुं ? कोइ परचक्रनो राजा आपणुं राज्य लेवा तो आव्यो नहिं होय ? आवी रीतें ज्यां ते सर्वें विचार करे छे, त्यां तो पोतानी उपरनाज आकाशमां तूर्यध्वनि थवा लाग्यो, ते सांभली सहुकोइ उंचुं जोवा लाग्या. त्यां तो तेमार्गथी तेज ठेकाणे मनोहररूपवाला एवा कोइ बे विद्याधरना पुत्रो उतरी नीचें आव्या. तेने जोइने खुशी थयेला राजायें तेउने मानपुरःसर उत्तम आसनपर बेसार्या. त्यारें स्वस्थ थइने ते बेहु विद्याधरकुमार, राजाने विनति करी कहेवा लाग्या के, हे राजन् ! उत्तरदिशिमां सर्वपर्वतनो पति एवो एक वैताढ्यनामा पर्वत छे, तेमनी उत्तर अने दक्षिण एवी बे श्रेणियो

छे. हवे घणाक ग्राम, नगर, आराम, तेणें सुशोभित एवी ते बेहु श्रेणिने विषे विद्याधर एवा सुरवेग अने शूरवेग नामा बे भाइयो रहे छे. ते एकेक भाइने गुणथी तथा स्वरूपथी उत्तम, एवी सो सो कन्याउ छे. एक दिवस ते सुरवेग अने शूरवेग विद्याधर कोइएक कामने माटे आ तमारा गाम पासेंथी आकाशमार्गें वैमानमां बेसी चाल्या जाता हता. तेवामां तेउयें आ तमारा बेहु कुमारने, पोतानी नीचें राधावेधनी विद्या साधता जोया. ते जोइने अत्यंत प्रसन्न थइ तेनी पर पुष्पनी वृष्टि करीने ते चाल्या गया. अने त्यार पछी तेउयें घेर आवी विद्याधरनी सन्नाने विषे आ तमारा कुमारोनी घणीज प्रशंसा करी. ते प्रशंसाने ते बेहु विद्याधरनी बशें कन्याउयें सांजली, अने वली ते कन्याउने प्रथम कोइक नैमित्तिकें कह्युं पण हतुं के जे पुरुषो, राधावेधना जाण हशे, ते तमारुं सर्वेनुं पाणिग्रहण करशे. ते नैमित्तिकनी वाणीने पण संज्ञारीने ते कन्याउयें तमारा बे पुत्रोनी साथेंज परणवानो निश्चय कस्यो छे. हवे आ प्रकारनो पोतानी सर्वकन्याउनो विचार सांजली तेउना सुरवेग अने शूरवेग नामा बे पिताउयें एक नैमित्तिकने बोलावी, ते बशें कन्याउना लग्न संबंधी दिवस जोवराव्यो. पछी तेज लग्नमां ते कन्याउने आपना पुत्रो साथें परणाववा माटें ते कन्याउने तथा तेना लग्नना उपस्करने लइने ते विद्याधर आहिं आ गामनी बाहार आवेला छे. अने प्रथम अमोने आहिं मोकल्या छे, तेनुं कारण शुं छे ? तो के तेउयें जाण्युं जे " आपणे सुमंगलराजाने प्रथम खबर कस्या विनाज अचानक तूर्योना शब्दो करता आव्या छैयें, तो ते सांजली तेने तथा गामना लोकोने क्षोन्न थाशे तथा वहेम पडशे के के आपणा गामनो पराजय करवा परचक्रनो कोइ राजा तो नहिं आव्यो होय ? ते माटे प्रथम आपणा माणसनें मोकली तेमने आपणो आववानो उद्देश निवेदन करीयें, तथा लग्ननी तैय्यारी करवा पण विनति करीयें. " ते सांजली सुमंगल राजा व्याकुलचित्त थयो थको विचारवा लाग्यो के अरे ! आ तो देव छे, अने हुं तो मनुष्य छुं, ते अमारो बेहुनो संबंध केवी रीतें थाय ? तथा तेउने मारे मान पण केवी रीतें आपवुं ? आ प्रमाणें सुगमंल राजाने व्याकुलचित्तवालो जोइ तेना मतिसुंदरनामा प्रधानें जाण्युं जे आ सुमंगल राजा आहिं आवेला विद्याधरोनो संबंधी थवा माटे गन्नराय छे. ते माटे हूं तेने समजावुं ? एम जाणी

तें प्रधान बोल्यो के हे विनो! आप जरा पण व्याकुलचित्त थाउ नहिं. जुउ. आ देवनुं जे संबंधी थवुं, ते तो पूर्वजन्मनुं ज्यारें घणुंज पुण्य होय, त्यारेंज थवाय ले? माटे तेमां कांइ पण विचार न करतां अत्यंत खुशी थइ आपणा पुत्रने पोतानी मेलें बसो कन्याउ परणावा आवेला सुरवेग अने शूरवेगनामना विद्याधरोने सामैयुं करी नगरप्रवेश करावी सारा उतारा आपो. अने विवाहोत्सवनी सर्व तैय्यारीयो करावो. आ प्रकारनां मंत्रीनां वचन सांजली ते राजा अनुद्विग्नचित्तयुक्त थइ, प्रथम पोताना नगरने सारी रीतें सुशोनित करी अनेक प्रकारना वाद्यो वाजते घणाज हाथी वगेरे उपस्कर लइ तथा घणाक माणसोने लइने ज्यां ते विद्याधरो उतर्या ले, त्यां आव्यो. पली ते सुमंगल राजाने जोइ सर्व विद्याधरो उन्ना थइ यथायोग्य रीतें मल्या. अने राजा पण ते सहुने मल्यो. पली परस्पर कुशल प्रश्न पूली, ते विद्याधरनी प्रशंसा करी एक बीजानुं परस्पर मान कर्युं. तदनंतर ते विद्याधरोने गाजते वाजते पोताना गाममां तेडी लावी उत्तम उतारा आप्या. अने नैमित्तिकना कहेवा प्रमाणें लग्ननो समय ज्यारें आव्यो, त्यारें सुरवेगें पोतानी सो कन्याउ सुमंगल राजाना ज्येष्ठपुत्र कनकध्वज कुमार सार्थे परणावीयो. तथा शूरवेगें पोतानी सो कन्याउ तेना नाइ जयसुंदरनी सार्थे परणावीयो. ते वखत मणिजडित कुंमल वगेरे आनरणोथी नूषित एवी केटलीएक विद्याधरीयो नृत्य करवा लागीयो, अने कपूरप्रमुख सुगंध द्रव्य उपवाथी दिशाउ मात्र सुगंधमय थइ गइ. अने नाट, चारण, मागध, बंदी, गायको, वादको, गांधर्व प्रमुख सहुकोइ अत्यंत प्रसन्न थइ पोत पोतानुं कार्य करवा लाग्या. एवी रीतें महोटो महोत्सव वरताणो. हवे अमंद आनंदने विषे मग्न एवा ते विद्याधरोना केटलाएक दिवसो त्यां सुखमां, एक क्षणनी पठें व्यतीत थइ गया. त्यार पली ते सुरवेग अने शूरवेग विद्याधरो, सुमंगल राजानी रजा लइ पोताने घेर जावा तत्पर थया, ज्यारें ते प्रयाण करी चाल्या, त्यारें तेउने पोतानी कन्याउथी जुदा पडवाना डुःखें करी आंख्यो मांथी अश्रु पडवा लाग्यां. पली ते कन्याउना विरहडुःखें करी डुःखित थका पोताने गाम आव्या. हवे आ प्रमाणें ते बेहु कुमारोमां प्रत्येकने सो सो कन्या परणी, तेथी तेउनी आखा विश्वमां घणीज कीर्त्ति थइ अने ते बेहु कुमारो नवोढा एवी पोत पोतानी स्त्रीयोनी सार्थे जेम सुर

कुमारो अप्सराउ सार्थे क्रीडा करे, तेम क्रीडा करवा लाग्या. पछी ते बेहु कुमारोना गुणोथी आकृष्टचित्तवाली एवी घणीक कन्याउयें दूरदेशथी आवी, ते बेहु कुमारोनी सार्थे पोतानो उद्वाह कस्यो. आवी रीतें ते बेहु कुमारमां एकेकाने पांचसो पांचसो स्त्रीयो सार्थे उद्वाह थयो. अर्थात् एकेक जाइने पांचसो पांचसो स्त्रीयो थइ. वली जरतार्द्धना राजाउयें तेने हय, गज वगेरे जेट मोकलावी आपी. आ प्रमाणें माहाप्रतापी एवा ते बेहु जाइयो त्यांज रहीने अनेक जोगो जोगवे ले. एक दिवस पोताना प्रतापथी जेने अनेकराजाउ नमे ले, तथा जेने स्त्रीयो तथा संपत्ति पण घणीज ले, एवा पोताना बेहु पुत्रोने जोइने सुमंगलराजा विस्मय पामी गयो. अने प्रातःकालें चित्तमां चिंतववा लाग्यो के अहो ! आ मारा पुत्रोनुं तो पूर्वोपार्जित पुण्य अगण्य देखाय ले, कारण के तेना सर्वे जूचर राजाउ तथा खेचर राजाउ नृत्य थइने रह्या ले. वली आवी सर्वे संपत्ति जे ले ते कांइ, जीवने कोइदिवस पूर्वकृतपुण्य विना मलती नथी. कह्युं ले के ॥ श्लोक ॥ मातंगपूगास्तुरगाश्च तुंगाः, रथाः समर्थाविकटाजटौघाः ॥ बुद्धिः समृद्धिर्जुवने प्रसिद्धिः, पुण्यात्तनौ स्यादतुलं बलं च ॥ १ ॥ अर्थः- आ जगतमां मनुष्यने हस्तीयोना समूह, तथा उंचा अने मनोहर एवा अश्वो, मजबूत एवा रथो, विकट एवा सुजटोना समुदाय, रूडी बुद्धि, घणी समृद्धि, त्रण जुवनने विषे प्रसिद्धि, शरीरने विषे अतुल एवुं बल. ए सर्व पूर्वकृत पुण्यथी प्राप्त थाय ले. माटें आवा मनोहर अने महापुण्यशाली जेने पुत्रो ले, तथा संसारना सर्व जोग जेणें जोगव्या ले एवो जे हुं, ते मारे हवे कांइक परलोकने माटे साधन करवुं, तेज उचित ले, परंतु ते परलोकनुं साधन तो सद्धर्मना सेवनविना थातुंज नथी. वली आ जगतमां सद्धर्मोपदेष्टा अति दुर्लज ले ॥ यतः ॥ सद्धर्मोदुर्लजो लोके, सर्वे पाखंडिनोयतः ॥ मिथोविरोधिनिर्ग्रंथै, स्वस्वधर्मं वदंत्यहो ॥ १ ॥ अर्थः-आ जगतमां सर्व पाखंडीयो होवाथी सद्धर्म जे मलवो ले, ते घणोज दुर्लज ले. कारण के ते पाखंडीयो पोत पोताना परस्पर विरोधक ग्रंथोथी पोतपोताना धर्मने सत्य कहे ले, अने बीजो सत्य अने सारजूत होय तो पण तेने खोटो कहे ले, तेथी सत्यवादी कोण अने असत्यवादी कोण? एम कांही खबर पडती नथी. जुउ. मनुष्य जे ले, ते सद्धर्मना उपदेशने पोताना

कल्याण माटें लेवा इच्छे छे, तेमां कदाचित् अज्ञानने लीधे मनुष्यथी कोइक अलिकवादीनो उपदेश लेवाइ जाय, तो तेनो मोक्ष थावो तो दूर रह्यो, परंतु ते बिचारानो उलटो नरकपात थाय ? एम विचार करी ते सुमंगल राजा, पोताना मतिसुंदरनामा प्रधानने पूछे छे, के हे मंत्रिन् ! म्हारी मोक्ष कारक एवा धर्मना आराधननी इच्छा थइ छे, परंतु आ जगतमां पाखंम धर्म घणा छे अने हुं ते बाबतमां अविज्ञात छुं, तेथी धर्मोपदेशने बदले कोइ एक पाखंमीथी कदाचित् मने अलीक शास्त्रनो उपदेश थइ जाय, तो मारे धर्माचरण करवाने बदले अधर्माचरण थइ जाय, तो पछी मोक्षप्राप्ति तो दूर रही परंतु तेने बदले मारो नरकपात थइ जाय, तो पछी हुं शुं करुं? आवां सुमंगलराजानां धर्मास्तिकपणानां वचन सांजली ते मंत्री बोल्यो के, हे प्रजो! आपने जे धर्माराधन करवुं, ते विषे मारो मत तो एवो छे, के आपें सहु कोइ धर्मवालानो धर्मोपदेश सांजलवो, तेमां वली जे धर्मोपदेशमां संसारव्य वहार अने विषयजोग, तेनी वात न आवे, ते धर्मोपदेशने उत्तम जाणी तेनो अंगी कार करवो. अने आराधन पण ते उदेपशमां कहेला धर्मनुंज करवुं, तेथी जे आपें धारेलुं फल छे, ते मलशे? अने वली जे धर्मोपदेशमां संसार व्यव हार तथा विषयनी वार्त्ताउ आवे, ते धर्मोपदेशनो त्याग करवो. कारण के ते उपदेशथी धर्माचरण करनारनो नरकपातज थाय छे. आ प्रकारनुं मंत्रीनुं वचन सांजली राजा अत्यंत उत्साह पाम्यो, अने वली मनमां दृढीकरण कर्युं के जेम आ मंत्री कहे छे, तेमज करवुं. एम निश्चय करी जेवामां पोतानी सजामां जइ बेठो, तेवामां तो आकाशमां म्होटो देवोनो करेलो डुंडुजिनो शब्द थवा लाग्यो, तथा जयजय शब्द पण थवा लाग्यो. ते सां जली गामनां सर्व लोक, तथा राजा अत्यंत विस्मय पामी आम तेम जोवा लाग्यां. त्यां तो अचानक वनपालकें आवी हाथ जोडी विनति करी के, महाराज ! आपणा नगरनी बाहारना उद्याननें विषे मूर्त्तिमान् जाणे धर्मज होय नहिं ? एवा श्री स्वयंवरनामा मुनि पधारेला छे. वली तेमने आज प्रातःकालमां केवलज्ञान उत्पन्न थयुं छे, तेथी तेमना चरणारविंदमां स्नेहें करी, कमलमां जेम भ्रमराउ लीन थाय, तेम देवताउ लीन थइ जाय छे. माटें हे स्वामिन् ! ते जगवाननुं जे वंदन करवुं, तथा तेउना पासेंथी जे तत्त्वज्ञान लेवुं, ते आपने उचित छे. आवां वचन सांजली सुमं

गजराजा अत्यंत हर्षायमान थयो. कारण के पोतें सद्धर्मोपदेश लेवानी इछा करतो हतो, तेवामां तो श्रीस्वयंवर मुनिना पधारवाना समाचार सांजव्या ? हवे सुमंगलराजा, चार प्रकारना सैन्य सहित ते गुरुनी पासें आव्यो, अने तेमनी स्तुति करी नमस्कार करी योग्यस्थानपर बेठो. त्यारें केवली नगवाने धर्मोपदेश देवानो प्रारंज कर्यो, के हे नव्य लोको! अपार अने नयंकर एवा संसाररूप वनने विषे सिद्धिनी प्राप्तिने इछता एवा प्राणीयोने शुद्धमार्ग मलवो घणोज डुर्लन छे, अने कुपंथो तो घणाज छे के जे पंथोनेविषे मोह पामेला जीवो, बीचारा घणा मोक्षानिलाषी होय छे, तो पण तेने ते मोक्ष न मलतां उलटुं नयंकर एवुं डुःख प्राप्त थाय छे. जुउ. आ संसाररूप वनमां द्वेष रूप व्याघ्र छे, रागरूप उत्कट सिंह छे, मोह रूप राक्षस छे, क्रोधरूप दावानल छे, मानरूप पर्वत छे, कपटरूप कुमार्ग छे, लोनरूप ऊंमो कूवो छे, हवे ते संसारारण्यमां फरता एवा जीवो पूर्वोक्त ते कूवामां स्खलन थइ पडी जाय छे. वली तेमां फरता प्राणीयो तृष्णा रूप तापथी तप्तथका विषयरूप विषवृक्षोनी नीचें ज्यां विश्राम लेवा बेसे छे, त्यां तो ते बिचाराउ ते विषय विषवृक्षनी गयाथी चैतन्य रहित थइ जाय छे, वली तेमां फरता जीवोने धूर्त्तरूप कुगुरुउ कुमार्गमां लइ जाय छे, त्यां ते अज्ञ जीवो दिङ्मूढ जेवा थइ जइ डुर्गतिरूप गुहाने विषे पेसी जाय छे. तथा ते संसारवनमां पडेला प्राणीयो विघ्नरूप वांसडाउनी जालमां पड्या थका तरफडीयां खाइने त्यांने त्यांज मरण पामे छे. आ प्रमाणें मूढ जीवो जे छे, ते आवा नवकांतारमां फरता थका डुःखी थाय छे, परंतु ते वननो कोइ रीतें पार पामता नथी. ने माटे हे नव्यजनो ! संसाराटवीना कुमार्गनो त्याग करी जेमां सावद्य धर्मनुं वर्जन छे, जेमां शत्रु मित्र वगेरे सर्वप्राणीयो समान छे, जे मार्गने केवलज्ञानी तीर्थंकर नगवाने मोक्ष मार्ग कह्यो छे, एवा ते शुद्ध अने सारा मार्गमां चालवा प्रवृत्त थाउ. जे शुद्ध मार्गमां चालवाथी तमोने परम निवार्णरूप नगर पण जलदी उपलब्ध थाय?

आ प्रकारनी गुरुना मुखथी देशना सांजली सुमंगलराजायें विचार्युं के मारा मंत्रीना कहेवा प्रमाणें आ धर्मोपदेश, संसारव्यवहारनो निषेध कारक छे माटे आ उपदेशज ग्रहण करवो. एम निश्चय करी ते केवलीने विनति करी कहेवा लाग्यो के हे नगवन् ! आपनां आ हाल कहेलां वच

न, में सर्व सर्द्दह्यां, प्रतीत्यां, जाण्यां. वली ते वचनोथी में जाण्युं पण छे, के आ जे लौकिक देव छे, ते रागद्वेषादिकें करी दूषित छे, जुर्ज. ते देवो, स्त्री, शस्त्र, गीत, राग, द्वेष, छल प्रमुखें करी अमारी जेवाज छे. तो ते देव, एकांतें अमारा केम हितकारी होय? अने तेवाज देवने देव करी मानवाना उपदेश करनारा कुगुरुनो कहेलो धर्म पण मोक्षश्री मेलववामां केम समर्थ थाय? ना नज थाय. ते माटे आपें कहेलो श्रीजिनेश्वरप्रणीत मार्ग छे, तेज मारे प्रमाण छे. वली हे नगवन्! निधाननी पेठें अतिडुर्लन एवो आ जिनधर्म प्रत्यक्ष रीतें आप जेवाना समागमथी मले छे, एम जाणे छे, तो पण जे अधमजनो छे, ते आ जिनधर्मने अंगीकार करता नथी, तेथी ते जनो, संसारनेविषे डुःख अने दारिद्र्य वगेरे उपद्रवोना पारने क्यारें पण पामनार नथी. एम कहीने वली ते विचार करवा लाग्यो, के मारे ते आवी पारकी पीडा करवानुं शुं प्रयोजन छे? मारे तो जेम मारुं सारुं थाय, तेमज करवुं उचित छे. एम विचारी ते गुरुने कहेवा लाग्यो के हे प्रनो! हुं तो हवे आपनी पासेंथी चारित्र ग्रहण करवानी इछा करुं छुं, माटे कृपा करी मुने चारित्र आपो. त्यारें मुनि बोल्या के हे राजन्! आ तो तमें बहुज सारुं धार्युं? पछी ते राजायें तत्काल पोताने घेर आवीने प्रशस्त एवा मुहूर्त्तने विषे पोताना ज्येष्ठ पुत्र कनकध्वज कुमारने राज्यगादीपर बेसारी सामंत, आमात्य, तेणें सहित महोटा महोत्सवथी श्रीस्वयंवरगुरुनी पासें जइ तेमना चरणकमलमां नमन करी मनोहर एवा चारित्रने ग्रहण कर्युं. हवे ते कनकध्वज राजा, तथा युवराज जे जयसुंदर ए बेहु, राज्यने पालवा लाग्या. ते घणाक एवा राज्यनोगने नोगवे छे, तो पण तेमां आसक्त न थतां मनने विषे पोताना पितायें लीधेला चारित्रनुंज अहोनिश ध्यान कर्या करे छे, के जेम अमारा पितायें चारित्र ग्रहण कर्युं तेम अमो पण हवे ते क्यारें ग्रहण करशुं? वली जेउना गुणौघनुं गान किन्नरीयो कर्या करे छे, तथा जेउनां चरणोने नरतार्द्धना महोटा महोटा राजाउ पूज्या करे छे, एवी तेउनी महत्ता छे, तो पण ते महत्तामां आसक्ति न राखतां केवल ज्ञानी गुरुना समागमनीज इछा कर्या करे छे. तथा तेउ गज, अश्व, रथ, तथा रत्नप्रमुखें करी संपन्न छे, तो पण तेमां लुब्ध न थातां केवल निरंतर शमसागरमांज निमग्न थइ रहे छे. वली तेउने मोहरूपपिशाच किंचिन्मात्र पण क्षोन पमाडी शकतो नथी. अने ते कनकध्वज तथा

जयसुंदरना राज्यमां अरि तो एकरथना चक्रपरज छे, तथा कटक तो बाहुना भूषणमांज छे अने युद्ध तो मल्ललोकोनी रंगभूमिमांज छे, तेम मार एवो शब्द तो सोगठा बाजीनी रमतमांज बोलाय छे, अने बंधन तो स्त्रीयोना केशपाशमांज छे. अर्थात् ते पूर्वोक्त सर्ववस्तु ते कहेले ठेकाणे छे, परंतु कनकध्वज राजाना राज्यमां नथी.

हवे तेवा उत्तम राज्यनो अधिपति कनकध्वज राजा, एकदिवस प्रातःकालमां शय्यामांथी सूतो उठ्यो. त्यां तो प्रतिदिन सवारमां जगाडवा आवता एवा मंगलपाठको आवी स्तुति करवा लाग्या के, हे स्वामिन ! आपना समस्तभूमंमलमां प्रसरेला प्रतापने जोइने हाल सूर्य जे छे, ते लज्जा पामी उदयगिरिमांज छुपी रहेलो छे. आम कहेवाथी ते मंगलपाठकोयें कनकध्वज राजाना प्रतापनी प्रशंसा पण करी, तथा अरुणोदय थयो छे माटे जाग्रत थाउ. एवी विनति पण करी. ते सांभली शय्यामां बेठेला ते कनकध्वज राजायें विचार कर्यो के अहो, मंगलपाठको कहे छे, के आखी पृथ्वीमां तमारो प्रताप प्रसर्यो छे, ते आ केटली पृथ्वी छे, तथा तेमां केटली मारे वश छे, अने कये कये ठेकाणे मारो प्रताप प्रसर्यो छे ? तेनी तो मने खबरज नथी, माटे ते सर्वनी तो जो हुं दिग्यात्रा करवा जाउं, तो मालम पडे. माटे हाल मारे दिग्यात्रा करवाज जावुं ? एम निश्चय करी पाछो विचार कर्यो के हा, हुं दिग्यात्रा करवा तो जाउं, परंतु तेमां मारे पांच कार्य तो अवश्य करवां. तेमां प्रथम शुं करवुं ? तो के जे कोइ ठेकाणें पूर्वपुरुषोयें करावेला तीर्थंकर भगवाननां प्रासादो होय ते प्रासादने, तथा वली जे ठेकाणें तीर्थंकरोनां जन्म, दीक्षा, ज्ञान अने निर्वाण थयां होय, ते भूमिनेविषे बनावेलां प्रासादोमां बिराजेला जे जिन भगवान होय, तेउने मारे वांदवा. तथा बीजुं शुं करवुं ? तो के पूर्वें माहापुरुषोयें करावेलां अने हालमां जीर्ण थइ गयेलां एवा जे कोइ प्रासादो होय, तेमनो उद्धार करवो. त्रीजुं शुं करवुं ? तो के जे जे स्थलें जिनमतना प्रत्यनीकजनो होय, त्यां जई ते जनोनो शास्त्रानुसारें पराभव करवो. चोथुं शुं करवुं ? तो के जे जैनसाधु होय, तथा ते साधुउने माननारा होय, तेवा जनोने दान देवां. अने पांचमुं शुं करवुं ? तो के जे दीनजन होय तेने पण दान दइ तेनो दुःखथी उद्धार करवो. आ प्रकारें विचार करीने ते सर्व विचार

पोताना लघुभाइ जयसुंदर कुमारने जणाव्यो. ते सांभली जयसुंदर कुमार बोल्यो के हे महाराज ! आपें जे हाल दिग्यात्रा करवानो विचार धार्यो छे, ते घणोज उत्तम धार्यो छे. अने ते विचारने हुं पण मलतोज छुं. कह्युं छे के ॥ श्लोक ॥ कर्मायत्तं फलं पुंसां, बुद्धिः कर्मानुसारिणी ॥ तथापि सुधिया भाव्यं, सुविचार्यैव कुर्वता ॥ १ ॥ आलस्यं हि मनुष्याणां, शरीरस्थोमहा रिपुः ॥ नास्त्युद्यमसमोबंधु,र्यं कृत्वा न च सीदति ॥ २ ॥ अर्थः–मनुष्यमात्रने फलप्राप्ति जे छे, ते कृतकर्मोने आधीन छे, अने जे बुद्धि उत्पन्न थाय छे, ते पण स्वकृतकर्मने अनुसरतीज थाय छे. तो पण समजु माणसें जे कांइ कार्य करवुं, ते महोटो विचार करीनेज करवुं ॥ ' ॥ अने हे भाइ ! कार्य करवामां आलस राखवुं नहिं. केम के आलस्य जे छे, ते मनुष्यमात्रने पोताना शरीरनी अंदर रहेलो रिपुज छे, कारण के मनुष्य जो कांइ पण उत्तम कार्य करवानी इछा करे, ने तेमां जो तेने आलस आवे, तो तेने ते काम करवा जतो अटकावे, अने तेथी तेनुं उत्तम काम बगडे. माटे खरुं जोतां तो ते मनुष्यने जे आलस आव्युं, तेज शत्रु थयुं. अने हे भाइ ! उद्यम समान आ जगतमां बीजो कोइ बंधु नथी. कारण के जे उद्यम करवाथी माणस, कोइ पण रीतना दुःखें करी सीदातुं नथी ॥ २ ॥ आवां पोताना विचारने मलतांज वचन, जयसुंदरकुमारनां सांभली तुरत कनकध्वज राजायें दिग्यात्राना प्रयाणनो भेरीशब्द कराव्यो. अने पछी ते पोताना भाइ जयसुंदर, सामंत, आमात्य, मंत्री, श्रेष्ठी, अंतःपुर एटले पोतानी स्त्रीयो, पालाउ, रथ, अश्व, हस्ती, उष्ट्र, खच्चर, ए सर्वेने साथें लइने दिग्यात्रा माटे चाल्यो. त्यारें हस्तीरूप आकाशपर रहेलो, शस्त्रना झबकारारूप विजलीयोथी युक्त, माथा पर धारणकरेला मेघाडंबरछत्ररूप श्यामवादलाउयें सहित, उंचां जेनां मुख राखेलां छे, एवा तूर्यना शब्दरूप मेघगर्जारवें युक्त, दानरूप जलवृष्टियें करी याचकरूप चातकोने तृप्त करतो, जेने मेघनी पेठें सर्वलोको, उंचां मुख करी सोत्कंठपणाथी जोवे छे, एवो ते कनकध्वज राजा, जाणे नवीन मेघज होय नहिं ? तेम शोभवा लाग्यो. पछी पृथ्वीने विषे फरतो ते राजा जे जे गाम जाय छे, त्यां ते ते गामना राजाउ अस्त्र, शस्त्र, वस्त्र, रत्नो, अश्व, हाथी, तेणें करी तेनो घणोज सत्कार करे छे. वली ते, गिरि, सरित्, गाम, पुर, आराम, तलाव, ए वगेरे केटलांएक उत्तम स्थलोमां

क्रीडा करे बे. रम्य एवा स्थानकोने विषे उंचां अने मनोहर एवां जिन चैत्यो करावे बे. ज्यां जीर्ण चैत्यो होय बे, त्यां ते जीर्णचैत्यनो उद्धार करावे बे. जैनसाधुउनुं पूजन करे बे, श्रावकोने घणुंज मान आपे बे. ए वगेरे पोतें दिग्यात्रा निकल्यां पहेलां कार्यो धारेलां बे, ते पांचे कार्यो करे बे. आ प्रमाणें ते आखा नरतखंममां घणा वर्ष पर्यंत न्नमण करी पाबो जेवामां पोताने देश आवे बे, तेवामां तो तेने सांकेतपुरपति पुरुषोत्तम नामा राजायें माणास मोकली तेडाव्यो, के तमारे जरूर अमारे गाम आवी जावुं. त्यारें ते पोताना देश तरफ जातो बंध थइने त्यांथी पाबो अनुक्रमें सांकेतपुरनगरें आव्यो, त्यां ते बेहु जण मल्या. पबी ते गामना उद्यानमां मोटा चैत्यने जोइ, अत्यंत प्रसन्न थइ तेणें चैत्यनी अंदर प्रवेश कस्रो. अने त्यां पुष्प, सुवर्ण, मुक्ता, मणि, पुष्पनी माला व गेरे पूजोपहारथी श्रीजिनन्नगवाननुं न्नाव सहित पूजन कर्युं. अने पबी ते न्नगवाननी स्तुति करवा लाग्यो. ते जेम केः— ॥ श्लोक ॥ नमः क्रोधेन्न सिंहान्न, नमोमानाद्रिसत्पवे ॥ नमोमायोरगीमंत्र, नमो लोन्नाब्धिशो षक ॥ १ ॥ अर्थः— क्रोधरूप हस्तीने विषे हे सिंहसमान ! आपने हुं नमन करुं बुं. वली मानरूपपर्वतने विषे हे उत्तमवज्रतुल्य ! आपने हुं प्रणाम करुं बुं, तथा मायारूप सर्पिणीने विषे हे गारुडीमंत्ररूप ! आपने हुं वारं वार वंदन करुं बुं. अने लोन्नरूप समुद्रने शोषण करनारा एवा हे न्नगवन् ! आपने हुं प्रणमन करुं बुं. आ प्रमाणें अरिहंत न्नगवा ननी स्तुति करीने ते कनध्वज राजा जिनचैत्यथी बाहेर निकल्यो, त्यां तो तेणें मनोहर एवा आगमोना पाठ करनार एवा साधुउना वृंदोयें विंटेला अने उत्तम वृक्षनी नीचें बेठेला एवा एक सूरीश्वरने दीठा. ते देखतां मात्रमां अत्यंत हर्षायमान थइ, तेमनी पासें जइ, प्रणाम करी विचारवा लाग्यो के अहो ! आ जगतने विषे आवा मुनियो जे बे, तेने जैनशास्त्रमां जंगमतीर्थ कहेला बे, ते खरुंज बे. कारण के तेमना समागमथीज जीवनुं कल्याण थाय बे. एम विचार करी, तेमनी निकट जइ योग्य स्थानपर बेठो. त्यारें जे पुरुषो त्तम राजा प्रमुख आव्या हता, ते पण बेठा. पबी ते मुनियें देशना देवानो प्रारंन्न कस्रो. ते जेम केः—हे न्नव्यो ! मनुष्य जन्मरूपसामग्रीने प्राप्त थयेला सद्बुकोइयें यथाशक्ति धर्मोद्योग करवो, केम के जो ते जन्म, धर्मोद्योग विना

नोज जाय ठे, तो पठी पाठो फरी ते जन्म प्राप्त थातो नथी. कोइ विद्वानें कहेलुं ठे, के आ जगतमां वडना जाडपरनुं फूल, स्वातीनक्षत्रनुं जल, मनुष्यनो नव, अने उत्तम एवा देवनुं दर्शन. एटला वानां मलवां डुर्लन ठे. वली हे नव्यो ! केटलाएक प्रमादी प्राणी, ते पूर्वोक्तरीतें डुर्लन अने घणा पुण्यथी उपलब्ध थयेल, अने चिंतामणि समान एवा मनुष्यनवने केवल विषय सुखना नोग नोगवीनेज पूरो करी नाखे ठे. वली हे नव्यो ! कदाचित् घणाक ड्व्यनो जो व्यय करीयें, तो तेथी अनेकरत्नोनी प्राप्ति थाय, परंतु कोटिरत्नोना व्ययथी डुर्लन एवा मनुष्यजन्मनो तो एक क्षण पण मलतो नथी. माटे हे नव्यो ! अमूल्य एवा आ मनुष्यनवने तमो प्रमादें करी शामाटे हारी जाउ ठो? जुउ. वली आ मनुष्यजन्मनां फल तो आठज कह्यां ठे. ते कयां कयां ? तो के १ पूज्यपुरुषना पादनुं पूजन, २ दया, ३ दान, ४ तीर्थयात्रा, ५ तप, ६ पांच परमेष्ठीनो जप, ७ सज्ञास्त्राध्ययन, ८ परोपकार. आ आठ फल ठे. आ जगतमां जे ड्व्य वगेरे ठे, ते पगमां चोटेली रजसमान ठे, कारण के जेम पगमां चोटेली जे रज होय, तेने आडी अवली खसी जातां वार लागती नथी, तेम ड्व्यने पण आरुं अवलुं चाल्युं जातां वार लागती नथी. वली आ यौवन जे ठे, ते नदीजलना वेग समान ठे, अने मनुष्यजन्म जे ठे, ते चंचल जलना बिंडुसमान ठे, जीवित जे ठे, ते पाणीना फीण सरखुं ठे. सर्व आ प्रमाणे ठे, ते ठतां पण निश्चल ठे मति जेनी एवा जे पुरुषो, ते स्वर्गना गोपुरनी नोगलने नांगवामां समर्थ, अर्थात् स्वर्गमां जवाना दरवाजाने उघाडवामां समर्थ एवा धर्मनुं आराधन करता नथी, ते पुरुषो, जरावस्थानी परिणतिने प्राप्त थइ, पश्चात्तापथी हणाता थका शोकरूप अग्निमां बली मरे ठे. आ प्रकारनी देशनाने सांनली त्यां सांकेतपुरना राजा पुरुषोत्तमनो कोइएक कपिंजल एवे नामें पुरोहित बेठो हतो, ते बोल्यो. के हे मुनींड् ! जीव जे ठे, ते धर्माराधनथी सुखी थाय ठे, अने पाप करवाथी डुःखी थाय ठे ए वगेरे आपें हाल जे कह्युं, ते सर्व, जो कोइ पण जीववस्तु होय, तो तेने लागु पडे, परंतु जीव एवी वस्तुज जो न होय, तो ते आपनां कहेलां सर्व, कोने लागु पडे ? कोइने नहिं. जुउ. हे मुने ! आप जे जीव पदार्थ कहो ठो. तो ते जीव, कोइनें कोइ पण ठेकाणे प्रत्यक्षादि

प्रमाणोथी केम देखातो नथी ? वळी आपना कहेवा प्रमाणें ते जीव, जो पदार्थ होय, तो जेम आपणे आपणा घरमां जातां अने आवतां कोइ पक्षीने देखीये बैयें, तेम शरीरमां जातां आवतां जीवने केम देखता नथी ? वळी आप कदाचित् एम कहेशो के ते जीव शब्दरूपें छे. तो ते जीव, शंखना शब्दनी पठें संजळातो केम नथी, तथा वळी कदाचित् आप एम कहेशो के ते रस समान छे, तो ते जीव, जात वगेरेना उसामण समान रसरूपें पण केम देखातो नथी ? माटे हे प्रभो ! ए जोतां तो एम लागे छे के आ जगतमां जीव वस्तु तो छेज नहिं. कदाचित् आप वळी एम कहेशो के आ शरीर तो अस्थि मांस प्रमुखनुं बनेलुं होवाथी जड छे, परंतु ते शरीर, आ जीवपदार्थना संयोगथी चैतन्यवान् थाय छे, तो त्यां हुं कहुं बुं, के आ जगतमां मनुष्य, पशु, पक्षी, प्रमुखनां जे शरीरो देखाय छे, ते सर्वशरीरमां पृथ्वी, अप, तेज, वायु अने आकाश. ए पांच महाभूत रहेवाथी ते शरीरो सचैतन्य देखाय छे, कारण के पूर्वोक्त पंच महाभूत, जे स्थळें समुदायरूपें रहे, त्यां चैतन्यशक्ति पोतानी मेळेंज उत्पन्न थाय. ते केनी पेठें ? के जेम गुडादिक द्रव्य एकठां थाय छे, त्यां मादकशक्ति पोतानी मेळेंज उत्पन्न थाय छे. माटें हे मुने ! आ युक्तिथी जोतां ज्यारें जीववस्तुज नथी, त्यारें आपनां कहेलां जन्म, मरण, सुख, दुःख, नरक, स्वर्ग, मोक्ष प्रभृति कोने होय ? कपिंजल पुरोहितनां आवां नास्ति कपणानां वचन सांभळी गुरु बोल्या के हे भद्र ! तें कह्युं ते रीतें ज्यारें जीवज वस्तु नथी, त्यारें तो कांही पण साधन करवानी जरूर नथी. परंतु हे भाइ ! जीव नथी एम तारे कोइ दिवस जाणवुं नहिं. अर्थात् जीव तो छेज. परंतु ते जीव केहवो छे ? तो के चैतन्यलक्षणयुक्त अनुमानग्राह्य पदार्थ छे, परंतु चक्षुग्राह्य नथी. माटे हे ब्राह्मण ! जो जीव पदार्थ न होय, तो तारो मत सत्य ठरे, पण तेम केम होय ? वळी हे वाडव ! अमारा मतथी तो ते जीव पदार्थ शाश्वतोज छे. हवे प्रथम तें कह्युं के ते जीव, प्रत्यक्षादि प्रमाणथी देखातो नथी, तेथी जीवपदार्थ नथी ? पण तेम नथी, कारण के जे आंधळा मनुष्यो छे, ते जगतमां शाश्वता पदार्थ जे होय छे, तेने देखताज नथी तथा बेहेरा जे होय छे, ते शाश्वता पदार्थोने सांभळताज नथी अने जे अंध बधिर नथी ते जीवो, पदार्थोने देखे पण

छे, तथा सांजले पण छे, तेथी तें पदार्थो शाश्वत नथी एम केम कहेवाय ? ना कहेवायज नहिं. तेम सदोष अने छद्मस्थ प्राणीयो कदाचित् आ शाश्वता एवा जीवपदार्थने प्रत्यक्षरीतें देखता नथी. अने तेने केवलज्ञानी तो प्रत्यक्ष रीतें देखेज छे, तो ते जीव पदार्थ शाश्वतो नथी एम केम कहेवाय? वली कह्युं छे के अतींद्रिय, एवो जे जीव छे, तेने चर्मचक्षुवाला मनुष्य, देखता नथी अने सर्वज्ञ एवा सिद्धपुरुषो, तथा ज्ञानसिद्ध एवा योगी पुरुषो देखे छे. वली तें कह्युं के ते जीव, शंखना शब्दनी परें संजलातो नथी तथा जातना उंसामण प्रमुख रस समान रसरूपें देखातो नथी? तेनो उत्तर तो, ते पूर्वोक्त उत्तरमां आवीज गयो. कारण के जे अतींद्रिय होय, ते संजलाय नही, तेम ते रसनी परें देखाय पण नहिं. वली हे कपिंजल! तें कह्युं के पंचमाहाभूतना समुदायथी शरीरोमां पोतानी मेलें चैतन्यशक्ति उत्पन्न थाय छे, केनी परें के जेम गुडादिकद्रव्य युक्त मदिरामां पोतानी मेलें मादकशक्ति उत्पन्न थाय छे? तो त्यां कहुं छुं, ते सांजल. के जे तुं पंच माहाभूत कहे छो, तो ते पंचमाहाभूतने सचेतन कहे छो, के अचेतन? जो तुं सचेतन कहेतो हो, तो तो अमोने इष्टापत्ति छे, एटले अमें ते पृथिव्यादिक सर्वेने एकेंद्रिय जीव कही येंज छैयें. अने एम कहेवाथी अमारी परें तें पण जीव पदार्थ मान्योज छयो, तो पछी आपण बेहुने वादज क्यां रह्यो? अने जो ते पंचमाहाभूतनें तुं अचेतन कहेतो हो, तो ते अचेतनना समुदायथी चैतन्यपरिणाम थायज केम? अने वली जो ते प्रत्येक माहाभूत अचेतन छे, तो तेने पोतानी मेलें समुदायपणे मलवानी शक्ति पण केम संजवे? तेथी तारुं जे आ अज्ञानपणानुं बोलवुं छे, ते सर्वे व्यर्थ छे. वली तें कह्युं के गुडादिक द्रव्योथी बनेला मदिरामां जेम मादकशक्ति पोतानी मेलेंज उत्पन्न थाय छे, तेम आ शरीरोमां पण पंचमाहाभूतना मलवाथी चैतन्य शक्ति स्वतः उत्पन्न थाय छे? तो त्यां कहुं छुं, ते सांजल. के जो एम हर कोइ द्रव्यो एकत्र मलवाथी तेमां स्वतः मादकप्रमुख शक्ति उत्पन्न थइ जाती होय, तो नदीनी वेलु, कांकरा, धूड, घास वगेरे कदाचित् जो एकगं थइ जाय छे, तो तेथी कोइ पण तरेनी शक्ति केम उत्पन्न थाती नथी? परंतु हे द्विज! जेनो मदिरा थाय छे, ते गोल वगेरे प्रत्येक वस्तुमां प्रथमथीज मादकशक्ति अंतर्गत रहेली छे तेथी तेमां मादकशक्ति उत्पन्न

थाय बे. नहिं तो थायज नहिं. माटें हे नाई ! जीव पदार्थना अस्तित्वमां कांइ पण, संशय करवा जेवुं नथी. वली पण ते जीवना सिद्धपणा माटें घणांज उदाहरणो, जैनशास्त्रमां बताव्यां बे, परंतु ते घणां होवाथी तेनो हाल कहेथी पार आवे तेम नथी? आ प्रमाणनी युक्तिना प्रत्युत्तरथी निरुत्तर करेलो ते कपिंजल पुरोहित, चूप थइ बेसी रह्यो. त्यारें करुणासमुइ एवा गुरुयें यह्युं के हे कपिंजल ! आ तुनें जे कुबोध लाग्यो बे, ते तारा पोताना ज स्वनावथी नथी लाग्यो, परंतु स्वकृतपापथी अंध तथा दृढमिथ्यात्वी एवा केशवनामना तारा मामाना संगथी लाग्यो बे ॥ यतः ॥ मोहंधयार पिडिया, पाविंत कामा डुरंत डुरकाइं ॥ नघा नासंति परं, तुब्बा मिब्बोवए सेहिं ॥१॥ अर्थः— मोहरूप अंधकारथी पीडित एवा प्राणीयो डुरंत डुःखोने पामे बे, अने वली ते नष्ट अने तुब्ब एवा जीवो, बीचारा बीजा जीवोने पण मिथ्यात्वोपदेशें करीने डुरंत एवा डुःखना नोक्ता करे बे ॥ १ ॥ ते सांनली त्यां बेठेलो ते पुरुषोत्तम नामा राजा, संशयने प्राप्त थइ बे हाथ जोडीने गुरुने पूबवा लाग्यो, के हे नगवन् ! आपें हाल कपिंजल पुरोहितने कह्युं के तारो मामो केशव, पूर्वकृत डुष्कर्मोंथी अंध थयेलो बे तथा ते मिथ्यात्वी बे. तो हे विनो ! ते केशवें पूर्व जन्ममां शुं पाप कर्यां हतां, के जेथी ते अंधत्वने तथा मिथ्यात्वने प्राप्त थयो बे ? ते कृपा करी करो. त्यारें गुरु बोल्या के सांनलो. एक वसंतपुरनामा नगर हतुं, तेमां एक वीरांगदनामा राजा हतो. ते चंड्मा समान उज्ज्वलगुणवालो हतो. परंतु जेम चंड्मामां कलंक बे, तेम ए राजामां पण एक मृगयारमवारूप कलंक हतुं. अर्थात् आहेडापणाना डुर्गुणवालो हतो. हवे एक दिवस ते मृगया रमवामाटें पोताना पुरनी पासें एक अरण्य हतुं, त्यां आव्यो. अने त्यां आवी ज्यां जुवे बे, त्यां तो केटलांएक बिचारा निरपराधी वनेचरो उन्नां हतां, तेने जोयां. जोइने, धनुष्यमां बाण चडावी ते बाणने ते वनेचर सामो सांध्यो, त्यां तो ते वनेचरो समजी गयां के आ अमने मारवा आव्यो बे, तेम समजी ते तत्काल नयनीत थइने त्यांथी एकदम दोडवा लाग्यां. त्यारें ते राजा पण तेनी पबवाडे अश्वारूढ थइने दोड्यो. अने दोडतां दोडतां केटलांएक वनेचरोने बाणोयें करी मारीने लोथ करी नारव्यां. त्यारें तेनी पबवाडे अश्वो पर बेसी दोड्या आवता तेना अनुचरो, तेनी प्रशंसा करवा लाग्या के

हे महाराज! ए वनेचरोने मारवामां आपें खूब चांचल्य वापर्युं, अने आपनामां घणुंज शौर्य छे ? आ वगेरे पोतानी प्रशंसा सांभळी हर्षथी तेनां रोमांचित उभां थयां. आ प्रमाणें मृगयासक्त एवा ते राजकुमारें एक पर्वतनी निकटना वनने विषे जाडमां संताइ बेठेला एक सुवरना बच्चाने दीठो, अने तुरत तेनी पर धनुष्य खेंची बाण मूक्यो, परंतु ते बाण सुवरना बच्चाने न वागतां जाडनी उथें काउस्सग्गध्यानें बेठेला कोइएक साधुने वाग्यो. पछी वीरांगदकुमारें विचार्युं जे बाण तो वाग्यो, परंतु जेने बाण वाग्यो ते सुवरनो बालक दीनशब्द करी पड्यो जणायो नहिं. माटे हुं त्यां जइ जोउं तो खरो, के ते बाण तेनेज वाग्यो छे, के कोइ बीजाने ? एम विचार करी ते एकदम त्यां आवीने ज्यां जोवे, त्यां तो ते सुवरना बच्चाने तो बीलकुल दीठोज नहिं. परंतु काउस्सग्गध्यानें रहेला, तथा जेना पगमां बाण वागवाथी रुधिर चाल्युं जाय छे, एवा कोइएक साधुने दीठा, ते देखतांज वीरांगद कुमारने मनमां अत्यंत संभ्रम थइ गयो, अने ते विचारवा लाग्यो के अरे ! हुं माहापापी थयो? अरे ! हुं भयंकर कर्म करनारो थयो ! कारण के आवा निर्मल, ध्यानासक्त एवा निरपराधथी साधुने में विना कारण बाण मार्यो ! हा ! ! ! हवे हुं शुं करुं ! क्यां जाउं ! ! अरे तो पण कांइक ठीक थयुं ? जो कदाचित् आ मारा बाणथी आवा उत्तमसाधु मरण शरण थइ गया हत, तो मने घोरातिघोर नरकमां पण स्थानक मलत नहिं ! अर्थात् अनिर्वचनीय एवा नरकदुःखने भोगवतां, लाखो जन्म थात, तो पण मारो दुःखमांथी पार आवत नहिं. एवी रीतनो विलाप करीने ते राजा, ध्यानासक्त एवा ते साधुना चरणमां पडी गयो, अने मोहोटा स्वरथी कहेवा लाग्यो के, हे कारुण्यनिधे ! हे कृपासागर ! ! हे त्रिजगज्जन वत्सल ! ! ! पापी, अने दुष्टकर्म करनार एवा में, मृगया रमतां आहिं आपनी निकट रहेला एवा सूवरना बच्चाने जोइ बाण मार्यो हतो, तो ते बाणना सपाटामांथी सुवरनो बालक तो कोण जाणे क्यां सटकी गयो, परंतु ते बाण, निरपराधी एवा आपना चरणमां लागी गयो. माटे ते पापथी तथा जगतमां थता अपयशथी मने कोइपण रीतें मुक्त करो ! कारण के हाल जेवुं, में कर्म कर्युं छे, तेवा कर्मने कदाचित् कोइ उग्र पापी होय, ते पण करे नहिं. पण आप दयालु छो, तेथी मारी पर

दया करी प्रसन्न थाउ. वली आप सरखा जे महात्मा पुरुषो छे, ते कृपा करी हुं जेवा अज्ञानी जनना महोटा पण अपराधने क्षमा करें छे. अने हे प्रनो ! जो आपने कांइ शिक्षा करवी होय, तो पण में, आ मारुं सर्व शरीर आपने अर्पण करेलुं छे, तेथी जेम आपने नासे, तेम आप शिक्षा करो. आ प्रमाणें घणीज विनति करी, तो पण ध्यानासक्त एवा ते मुनि कांहिं पण बोल्या नहिं, त्यारें पाछो ते राजा वधारे डुःखी थइ विनति करवा लाग्यो के, हे नगवन् ! हुं वसंतपुरनो वीरांगदनामा राजा छुं, तेथी आपने अनुकंपा करवा योग्य छुं. वली हे दीनवत्सल ! आप मने कांइ जबाप देता नथी, तेनुं कारण शुं छे ? अने हे नगवन् ! आपने अवडो महोटो कोप, मुज किंकरपर करवो घटे? ना नहिं. अने हुं जाणुं छुं, के आप जेवा पुरुष कोप करे, तो ते कोपें करी त्रण लोकने पण बाली नस्म करी नाखे ! तथा शाप आपी स्वर्गमां रहेला इंडने पण इंडासनथी एकदम हेठो नाखी दीये, तो हुं जेवानुं तो शुंज कहेवुं? माटे हे घृणालो ! आप जेवा दयालु पुरुष जो दया करे, तोज मारा सरखा पापी जीवथी जीवाय, नहिं तो जीवाय नहिं. वली हे प्रनो ! ज्यां सुधी आप मारी पर कृपा नहिं करो, त्यां सुधी मारो आत्मा कंपायमान थातो रहेशेज नहिं. हे मुनींड! जाजुं शुं कहुं ? परंतु जो हवे आप दयारूप ज्योत्स्नाथी मने नहिं शीतल करो, तो कृतापराध एवो हुं जरूर पापरूपतापथी बली नस्म थइ जाइश? ए निश्चें जाणजो.

आ प्रकारना चाटुवचनरचनामां पटु एवा ते राजानां वाक्य सांनली काउस्सग्गध्यानथी जाग्रत थया एवा मुनि बोल्या के हे राजन्! कांइ पण नय राख नहिं. अपराध करनारा प्राणी पर पण अमें जे मुनियो छैयें, ते कोप करियें नही, तो तुं तो वली कृतापराधनो पश्चात्तापी थयो छो, तेथी तारी पर तो केमज करियें ? वली अमें तो शुं? परंतु अस्मद्व्यतिरिक्त बीजाउ पण तारी पर कोप करे नहिं. पण हे राजन् ! तुने यत्किंचित् हुं हितोपदेश करुं छुं, ते सांनल. के हे नाइ! जो. आ विषयनोगोना संयोगने, अने यौवनने तथा जीवितने पण करिकर्णसमान अतिचंचल मानी ते अति चंचल एवा विषयनोगादिकना स्वल्पसुख माटे जीवप्राणी मात्रें कोइ पण वखत पापमां प्रीति करवी नहिं. वली हे राजन् ! आ संसार नोगासक्तप्राणी, एम प्रत्यक्षरीतें जाणे छे, जे आ इंडियना नोग नोगववा माटे आपणे पाप

करीयें छैयें, अने वली ते पाप नरकादिकना दुःखें करी जोगववुं पण पड शे, तो पण ते प्राणी पापकर्म करता बंध थाता नथी. ते केनी पेठें ? तो के जेम कोइ मिंदडो दूध पानमां आसक्त थयेलो होय, तेने आपणे लाकडी वगेरेथी मारीये छैयें. त्यारें ते जाणे छे, के आ मार मुने दुग्ध पान करवानी आसक्तिथी पडे छे, तो पण ते दूधपानने छोडतो नथी. वली हे नृप! जेम कोइ सद्रत्न अगाध समुद्रमां पडेलुं होय, तेने माटे आपणे घणो प्रयास करीयें, तो पण ते उपलब्ध थातुं नथी, तेम अपार एवा संसारसमुद्रमां मनुष्यजन्मरूप रत्न पडेलुं छे, ते जीवने घणाक कष्टोथी पण उपलब्ध थातुं नथी. अने ते अति दुर्लभ एवुं मनुष्यजन्मरूप रत्न जीवने कदाचित् मले छे, तो ते मनुष्यनुं घणुंज महोटुं आयुष्य तो फुटेला घडामांथी जेम जल चाल्युं जाय छे, एम चाल्युं जाय छे. अने वली ते मनुष्यनी पछवाडे विकराल एवो काल तो फरयाज करे छे. तेमां ज्यारें ते कालनो लाग फावे छे, त्यारें ते तुरत लइ जाय छे. तेथी हे राजन् ! हिंसा कर्मरूपपापप्रसंगनो परित्याग करी तुं धर्ममां मन कर. वली हे राजन् ! हाल जे तुं जीवहिंसा करे छे, ते केवी छे? तो के आपत्तिनी मूल छे, मोक्षनी प्रतिकूल छे, सहु कोइ प्राणीयोने दुःखनी देनारी छे, ते माटे प्रथम तो ते हिंसा करवानोज त्याग कर. जे माणस, सर्वप्राणी मात्रने अत्यंत वल्लभ एवां प्राणोनो पोताना यत्किंचित्स्वार्थ माटे निर्विलंबपणे नाश करे छे, ते प्राणी, प्रत्यक्ष हालाहल विषनुंज पान करे छे, एम जाणवुं. वली केटलांएक माणसो, पापकर्मोयें करी उपार्जन करेला द्रव्यथी पोताना कलत्रादिकनुं पोषण करे छे, परंतु ते कलत्रादिक, परलोकमां परवश पडेला ते पोषणकर्त्ताप्राणीनुं कांइ पण सहाय करे छे ? ना नथीज करता. तेणे स्वजन, तथा पोताना देहनुं सारी रीतें अशनादिकें करी पोषण कर्युं होय, तो पण ज्यारें तेनो काल आवे, त्यारें ते स्वजनादिक कांइ तेने कालथी बचावी शके छे ? ना नहींज. ते केनी पठें ? तो के जेम सारी रीतें पोषण करेलो दुष्ट अनुचर, संग्राममां पडेला पोताना स्वामीने बचावी शकतो नथी. माटे हे राजन् ! आपत्तिमां पण तारे धर्मनुंज आराधन करवुं. कारण के ते जीवनो पोषित एवा स्वजन देहादिक त्याग करे छे, पण सेवन करेलो जे धर्म छे, ते कांइ तेनो त्याग करतो नथी. ते केनी पेठे? तो के पोषण करेला

सारा अनुचरनी पठें. माटे तारे धर्माराधनमांज प्रतिदिन प्रीति राखवी अने अनंतडुःखकारक एवां हिंसाप्रमुख पापकर्मोनो त्यागज करवो. आ प्रकारें ते मुनिना करेला उपदेशने सांजलतांज अपूर्वकरणरूपखड्गें करी कपाइ गयो ठे मिथ्यात्वरूप ग्रंथि जेनो अने समकितबोध पामेलो एवो ते वीरांगद राजा, हर्षे करी ते मुनिने सविनय कहेवा लाग्यो के हे नगवन् ! देशनारूप अमृतदानें करी आपें मारो महोटो अनुग्रह कस्यो. माटे हे महा राज ! हवे मने जेवां घटे तेवां गृहस्थधर्मरूप श्रावकनां बार व्रत उच्चरावो ? त्यारें गुरुयें पण सम्यक्त्वमूल द्वादशव्रत रूप गृहस्थाश्रम धर्मनो उपदेश कस्यो. ए सांजली ते वीरांगद राजा पण यथाशक्ति ते श्रावकना व्रतने ग्रहण करी पोताना करेला अपराधने खमावीने घेर आव्यो. पठी गुरुना करेला उपदेश प्रमाणें धर्मने पाली अनुक्रमें ते शुद्ध श्रावक थयो.

हवे ते गाममां, जाएयुं ठे जीव अजीवनुं तत्त्व जेणें एवो अने कदाग्रह थी विमुक्त, विमलबोधना मार्गने अनुसरतो एवो कोइएक जिनप्रिय नामा श्रावक रहे ठे. ते प्रतिदिन वीरांगद राजा पासें आवी ते राजाने धर्ममां स्थिर करवा माटे अनेक रीतें धर्मोपदेश आपे ठे, अने साधुउनां वखाण पण करे ठे. अने ते राजा पण तेनी जे कांइ वात होय, तेनें घणाज मानथी स्वीकारे ठे, कारण के तेनी पर ते राजानो धर्मगुरु समान नाव ठे. वली राजा सामायिक, के पोषध, के जिनपूजा प्रमुख कांइ पण धर्मकृत्य करे ठे, त्यारें तेनुं साहाय लइनेज करे ठे. हवे तेज गाममां कोइएक मोहन नामा वैश्य रहे ठे, तेने स्वजननुं तथा ड्व्यनुं के बीजा कोइ प्रकारनुं सुख नथी तेथी तेणें विचास्युं जे हुं जो उपरथी देखवा मात्र श्रावक बनुं, तो आ गाममां मारी आजीविका चाले, कारण के आ गामनो राजा जे ठे, ते उत्तम श्रावक ठे ? तेम विचारी तेणें नावसम्यक्त्वरहित, ड्व्यधर्मरूप श्रावक धर्म स्वीकास्यो, एटले नाव विना उपरथीज श्रावक जेवुं आचरण करवा लाग्यो. हवे एक दिवस ते मोहन, जिनप्रिय नामा श्रावकने मल्यो, अने पोतानी आजीविकामाटे तेने कहेवा लाग्यो के हे सत्पुरुष ! हे साधर्मी नाइ ! तमो प्रतिदिन राजाने त्यां जाउ ठो, अने ते राजा शुद्धश्रावकधर्म पाले ठे, तो मने महेरबानी करी तेमनो मेलाप करावो, जेथी हुं एवा उत्तम श्रावकनी निश्रायें यथेच्छित धर्माचरण करुं ? ते सांजली साधर्मिप्रिय एवा

जिनप्रियश्रावकें कह्युं के ठीक छे, ज्यारें हुं राजा पासें जाउं, त्यारें तमो मारी साथें आवजो. पछी ज्यारें जिनश्रावक राजा पासें जवा तैय्यार थयो, त्यारें मोहन त्यां आवी ते जिनप्रिय श्रावकनी साथें राजा पासें गयो. अने त्यां जइ उपरथी शुद्धश्रावक समान भावयुक्त वार्त्ता करवा लाग्यो, ते जोइ राजायें नद्रनावथी जाण्युं जे अहो! आ केवो सारो श्रावक छे ? वली केवो गरीब छे? माटे तेने जिनपूजनना कार्यमां राखीयें ? अने तेने कांइक आजीविकानो बदोबस्त पण करी आपियें ? एम विचारी ते मोहननी जिनपूजननाज कार्यमां योजना करी. तथा आजीविका पण करी आपी. हवे मोहन त्यां रही ते राजानो प्रतिदिन पोतापर भाव वधारवाना सब बथी देखवामात्रज अत्यंतभाव बतावी सायंकालें श्रावकोनी सभा करी उत्तम एवा श्रावकधर्मनो उपदेश करवा लाग्यो, तेथी तेने सहुकोइ श्रा वको आ घणोज उत्तम श्रावक छे, एम मानवा लाग्या. एक दिवस वीरां गद राजायें पोताना पुत्र वीरसेन कुमारने राज्यधुर धारणमां सशक्त जाणी मध्यरात्रें धर्मजागरिकायें जाग्रत थइ, संसारपर वैराग्य आववाथी प्रातःकाल मां ते मोहनने बोलावी आज्ञा करी के हे भद्र! कोइ पण ठेकाणे जो धर्माचार्य मुनि आव्या होय, तो जुवो. कारण के मारे ते धर्माचार्य पासें दीक्षा लेवी छे, अनें तेवा उत्तम गुरुनी सेवायें करी मारा आत्माने संसारांबुधिथी तारवो छे ? ते सांभली मनमां खेद पामी उपरथी भाव देखाडी मोहन बोल्यो के अहो राजन्! आ विचार तो आपें घणोज उत्तम धार्यो ? एम कही मनमां विचारवा लाग्यो के अरे! आ तो मारे दुःख थवानुं थयुं, कारण के ज्यारें आ राजा साधु थइ चाल्यो जाशे, त्यारें मारी आजीविका केम चालशे ? अने पछी हुं शुं करीश? माटे आडो अवलो बाहार जाउं, अने जइ आवीने कहुं के दीक्षा देवामां जेवा जोइयें तेवा धर्मगुरु क्यांहिं मलताज नथी. एम कहीने आ राजा गृहस्थभावमांज रहे, तेवो उपदेश करी तेने चारित्र लेतो अटकावुं? एम विचार करी राजानी आज्ञा लइ गुरुने शोधवाना मिषथी बे चार घडी बाहार जइ पाछो राजा पासें आवी हाथ जोडी विनति करी कहेवा लाग्यो के हे राजन् ! में धर्मगुरुने घणे ठेकाणे शोध्या, तथा तेनो, बीजा माणसो न मोकलीने घणे दूर सूधी शोध पण कढाव्यो, परंतु तेवा सुध र्मी धर्मगुरु कोइ पण स्थलें उपलब्ध थाता नथी. माटे मारो मत तो

एम छे, के आपें चारित्रज लेवुं नही. कारण के आपण जेवाथी चारित्र पलवुं बहुज कठिन छे. जुउ. प्रथम तो आपणुं मन जे छे, तेज पींपलानां पत्र जेवुं अतिचंचल छे, वली आपणी इंड्रियो जे छे, ते निरंतर विषयाभिलाषयुक्त रहे छे. अने प्रमाद जे छे, ते तो सहुकोइने डुस्त्यजज छे, तो आपणुं तो शुंज कहेवुं ? वली हे राजन्! आपण जेवा कायर पुरुषो तो अष्टादश शीलांग व्रतो कोइ पण दिवस धारण करी शके नहिं. अने पूर्वे जे व्रतो महर्षियोयें पालेलां छे, ते व्रतो शुं आपणथी पली शके ? ना नज पली शके ? तेमां वली बीजां व्रत तो कदाचित् महाकष्टें करी पले, परंतु ब्रह्मचर्यव्रत तो पलेज नहिं, अने चारित्र लइने जो ब्रह्मचर्यव्रत न पले, तो आपणे जे कांइ व्रत पाल्यां होय, ते सर्व व्यर्थज थाय ? एम जैनसिद्धांतमां सर्वत्र लख्युं छे. अने हे राजन् ! हाल आपणने वैराग्य आववाथी आपणे चारित्र लइयें, अने पछी ब्रह्मचर्य व्रत न पलवाथी पाछा मुंजाइने आपणे गृहस्थाश्रम अंगीकार करीयें, तो मोहोटुं पाप लागे, अने वली तेथी अनंतनवभ्रमण करवुं पडे. माटे ए सर्व खटपट मूकी दइने हाल जे गृहास्थावास छे, तेज पुण्यावास छे, एम जाणी तेमांज रहेवुं योग्य छे. अने हे नृप ! आ गृहस्थावासमांज रही दान, पुण्य, धर्म, व्रत, तप, नियम जो पालियें, तो ते गृहस्थपणामां रहेवुं पण उत्तमज छे. हे राजन् ! आ उपदेश हुं आपनेज कहुं छुं, तेम नथी, परंतु मने पण आपनी पठें वली संसारपर वैराग्य थवाथी संयम लेवानी इछा थइ हती, तेथी में पण हालनी पठें शुद्ध चारित्रधारी धर्मगुरु शोधवा मांड्या हता, परंतु ते दिवस तेवा गुरु मने पण मल्या नहिं तेथी, अने वली बीजां हाल जे में कह्यां, के आपणाथी संयम न पले, ते कारणोथी निर्विघ्न थइ हजी सुधी हुं आ गृहस्थधर्ममांज वर्त्तुं छुं. वली हे राजन् ! चारित्र लइने ते चारित्रनो त्याग करवो, ते पर्वतथी नीचें पड्या जेवुं छे, अने गृहस्थाश्रममां रही ते गृहस्थव्रतनो त्याग करवो, ते मांचाथी नीचें पड्या जेवुं छे. तो जे पर्वतथी पडे, तेने जेवुं डुःख थाय छे, तेवुं डुःख, मांचापरथी पडनारने थातुं नथी. माटें आपने गृहस्थधर्ममां जे रहेवुं तेज उत्तम छे. आवां वचन मोहननां सांजली वीरांगद राजा उंमो विचार करवा लाग्यो के अहो ! आ मोहनीयो तो उत्तम एवा मोक्षकारक

माहाव्रत एवुं जे चारित्र, तेने निंदे ले. अरे! आवां वाक्यो तो आ लोकमां अने परलोकमां दुःखदायकज थाय ले. अहो! वली जुर्ज. आ केवो अज्ञानी ले के, जे आवां मिथ्या वचन कहीने चारित्र लेवामां विघ्न करे ले? जेम कोइ खेडुत माणस, माल लाववो, साचववो, वेचवो, नाणुं लखवुं, हिसाब राखवो, जोखम लागवुं, ए वगेरेनो नय देखाडीने व्यापार करनारा व्यापारीने वेपार करतो अटकावे, अने पोतानी खेडनां वखाण करी ते खेड करवानो उपदेश करे, तेम आ मोहनीयो पण साधुधर्म रूप व्यापारने निंदीने ते धर्मने स्वीकारवानी ना कहे ले अने गृहस्थधर्म रूप खेडने वखाणी तेमांज रहेवानो उपदेश करे ले. वली आ मोहनीयाना कहेवा प्रमाणें प्रमादथी लोकोत्तर मार्गने विषे जो विघ्नोनुं चिंतवन करीयें, एटले माहांदुस्तर एवुं चारित्रव्रत ते केम पलाय? एम जो विचार करीयें, तो तो पली मोक्षश्रीनोज अनाव थाय. कारण के सर्वत्र प्रसिद्ध मोक्षसाधक तो यतिधर्मज ले, तो ते धर्मनो जे जीवें अंगीकार नथी कर्यो, ते जीवनी सद्गति थातीज नथी? माटे आवा धर्मोत्थापक वाक्य बोलनार एवा आ मोहनीयानी साथें वात करवानी पण मारे हवे शी जरूर ले? कांहिं नहिं. परंतु आ वात हुं जिनप्रिय श्रावकने बोलावीने कही बतावुं के जेथी तेने पण आ मोहनीयाना नावनी मालम पडे, अने जे कांइ कहेवानुं होय ते कहे पण? एम विचारी जिनप्रिय श्रावकने तेडावी पोताने जे वात मोहन साथें थइ हती, ते सर्व वात सविस्तर कही आपी. ते सांनली किंचित्कोपाक्रांत थयेलो ते जिनप्रिय, मोहनने कहेवा लाग्यो, के हे मोहन! जेवुं तारुं नाम ले, गुण पण तेवाज ले. केम के तारुं नाम मोहन होवाथी नद्रनावी राजाने संयमग्रहण करवामां खोटां अने धर्मथी प्रतिकूल एवां वाक्योथी मोहमां नाखे ले? ते जेम केः—तें कह्युं के आपणुं मन घणुं चंचल ले, आपणी इंडियो तो विषयनोगनी अनिलाषा कर्याज करे ले, प्रमाद जे ले, ते सर्वनो परानव करे ले, तो आपणो करे, एमां तो शुंज कहेवुं? शीलांगव्रत जे पालवां ते घणांज कठिन ले. नला ए सर्व जे कह्युं, ते तें शुं समजीने कह्युं? वली हे मूर्ख! सांनल. जे साहसिक पुरुषो ले, तेने चंचल एवुं चित्त शुं करी शके ले? तथा तेने प्रबल एवो इंडियवर्ग पण शुं करी शके ले? वली प्रमाद पण तेने शुं करे ले? निरंतर स्वाध्याय, ध्यान, तप तेने

विषे रहेला, गुरुना वचनमां निरत अने भवभ्रमणथी भय पामता एवा अनागार साधुउनुं चित्त, कोइ दिवस पापकर्मने विषे जाय? ना नज जाय. वली अष्टादश शीलांगरथना धुरने वहन करवाने समर्थ एवा साधु रूप जे वृषभ छे, ते शुं शीलांग रथनो चालतां चालतां अर्ध मार्गमां त्याग करे? ना नज करे. एम करतां कदाचित् ते पुरुष, कोइएक कर्मना दोषें शिवमार्गमां चालतां चालतां स्खलन थइ जाय, तो शुं ते मार्गमां शीलांगरथने वहन करी बीजायें न चालवुं? वली हे जड! सांभल. को इक वाहाणमां बेसनारा पुरुषवालुं वाहाण ते बेसनारना कर्मयोगें कदाचित् भांगी गयुं होय, तो पछी बीजा पुरुषोयें ते वाणमां शुं न बेसवुं? वली कदाचित् कोइक ज्वरित माणास, घणुंज घृत खाइने मरण पाम्यो होय, तो शुं बीजा निरामय माणसें घृत खावुंज नहिं? अने तें वली एम कह्युं के मनुष्यने पर्वतपरथी पड्याथी जेवुं दुःख थाय छे, तेवुं मांचापरथी पड वाथी दुःख थातुं नथी. परंतु हे भाइ! ते दृष्टांत तो संयमथी जे पडेला होय, तेने लागु पडे छे, परंतु ते दृष्टांत कांइ संयमनो उद्योग करवा तत्पर थया होय तेने लागु पडतो नथी. वली आ तारा कहेला दृष्टांतथी शुं बोध थाय छे? के संयमव्रत धारण करवा इछनारने संयम लइ मूकवो नहिं तेवो बोध थाय छे. पण जे दृढवैरागी होय, ते संयम लइने छोडे नहीं. अने हे मोहन! जे पापी पुरुष, तारा सरखी पोतानी कल्पितयुक्तियोयें करी चारित्र ग्रहण करवामां समुत्सुक थयेला जनने चारित्र लेता बंध करे छे, तो तें बंध करनार पुरुष, नरक, तिर्यग् वगेरे लाखो गमे दुःखनुं भाजन थाय छे. माटे हे अज्ञानी! तेवा वाक्यरूप प्रत्यक्ष निन्हवथी तारामां गुप्तरीतें मिथ्यात्वज भर्युं होय, एम देखाय छे. वली तें कह्युं के तेवा शुद्धव्रतधारी सा धुउ तो मलताज नथी? तो हे अज्ञानी! सर्व संगविमुक्त, पंच महाव्रतधरण धीर, पांच समिति, त्रण गुप्ति, तेणें युक्त, ज्ञान, ध्यान अने तप, तेमां लीन एवा गुरुउ तो प्रत्यक्षरीतें घणेज स्थलें विचरे छे, अने अमोने दर्शन पण थाय छे, पण हे मिथ्यादृग्! तुं मिथ्यादृष्टि छो, तेथी तुने ते यतिवर्गनां दर्शन क्यांथी थाय? जेम कोइ जात्यंध माणास होय, ते प्रत्यक्ष पडेला घटपटादि पदार्थोने देखे छे? अने हे तुछमते! निर्ग्रंथ, स्नातक, पुलाक, बकुश, अने कुशील, ए पांच निर्ग्रंथथी तो आ तीर्थ रहे छे. तेमां हाल निर्ग्रंथ, स्नातक

अने पुलाक, ए त्रणनो विच्छेद थइ गयो छे, अने बकुश अने कुशील, ए बे निर्ग्रंथ तो ज्यां पर्यंत तीर्थ प्रवर्त्तशे, त्यां पर्यंत रहेशे. ते शुं तुं जाणतो नथी? आगममां पण कहेलुं छे के ॥ गाथा ॥ निग्गंथ सिणायाणं, पुलाग सहियाण तिह्नि वुच्छेउ ॥ समणा बउस कुसीला, ता तिछं तावह्नो होति ॥ १ ॥ अर्थः—निर्ग्रंथ, अने स्नातकनो तो ए पुलाक साथें विच्छेद थयो छे एटले ए त्रणेनो हाल विच्छेद थइ गयो छे. परंतु बकुश अने कुशील, ए बे निर्ग्रंथ तो ज्यां सुधी तीर्थ प्रवर्त्तशे, त्यां सुधी रहेशे. हवे हे मोहन! जो तुं भयानक एवा भवारण्यमां भमवानी इच्छा न करतो हो, तो हाल तें जे दुर्भाषितवचन कह्यां छे, तेनी तुं गुरुपासें जइ आलोचना ले. आ प्रकारें जिनप्रिय श्रावकें तेने घणाक एवा हेतुवादो कही निरुत्तर कर्यो. तेथी ते मोहन कांइ पण बोल्यो नहिं, तेम दुर्भाषितनुं दुष्कृत पण आलोच्युं नहिं. त्यारें ते जिनप्रियश्रावकें जाण्युं जे अहो! आ तो खरे खरो धर्मध्वजज छे, अर्थात् आ कांइ खरो श्रावक नथी. एम जाणी राजानी पठें पोतें पण तेनी साथें कामविना बोलवानो व्यवहार छोडी दीधो. पछी ते जिनप्रिय श्रावक वीरांगद राजाने कहेवा लाग्यो, के हे राजन्! तमो आ प्रमाणें संयम लेवाने इच्छो छो, तेथी तमोने धन्य छे, कारण के संयम शिवाय जीवनो मोक्ष थातो नथी. अने तमारा जेवा चारित्र ग्रहण करनाराना मनोरथने जे पुरुष भांगे छे, ते पुरुषनुं कोइ दिवस कल्याण थातुं नथी. वली हे राजन्! देव अने गुरु, तेना चरणारविंदना प्रतापथी तमारा धारेला सर्वमनोरथ सफल हो. अने हे देव! संयमनी इच्छा छे, माटे संयमने ग्रहण करो, हवे विलंब न करो. अने हुं पण तमोने संयमग्रहण करवामां यथा शक्ति सहायक थइश. हे विभो! जो तमो गुरुनी वाट जोता हो, तो गत दिवसेंज शांत, दांत एवा जयकांत नामा मुनीश्वर तमारा उद्यानने विषेज समोसर्या छे, माटे हे स्वामिन्! तेनी पासें जइ जे स्वेच्छित छे, ते शीघ्र साधी लीयो. आ प्रकारनां जिनप्रिय श्रावकनां वाक्य सांभली, ते वीरांगद राजा अत्यंत हर्षायमान थइ, तुरत ते गुरुनी पासें जइ तेमने नमन करी योग्यस्थान पर बेठो. त्यारें गुरुयें देशना देवानो प्रारंभ कर्यो. ते जेम केः—

॥ श्लोक ॥ दुःखं स्त्रीकुक्षिमध्ये प्रथममिह भवे गर्भवासे नराणां, बालत्वे चापि दुःखं मलमलिनवपुः स्त्रीपयःपानमिश्रम् ॥ तारुण्ये चापि दुःखं भ

वति विरहजं वृद्धभावोऽप्यसारः, संसारे रे मनुष्या वदत यदि सुखं स्वल्प मप्यस्ति किंचित् ॥ १ ॥ निर्द्रव्योधनचिंतया धनपति, स्तद्रक्षणे व्याकुलो, निस्त्रीकस्तदुपायचिंतनपरः स्त्रीमानपत्येछया ॥ प्राप्तापत्यपरिग्रहोपि सततं रोगैः पराभूयते, तस्मान्मुक्तिपथं विहाय भुवने कोनाम किं सुस्थि तः ॥ २ ॥ अर्थः—हे मनुष्यो! आ संसारने विषे जीवने जो स्वल्प पण सुख होय, तो कहो? जुर्ज. प्रथम तो जीवने गर्भावासमां स्त्रीना उद रने विषे दुःख थाय छे, अने ज्यारें पाछो ते उदरथी बाहार आवे छे, त्यारें पछी बालभावने विषे मलथी मलिनपणानुं तथा स्त्रीना पयःपान थीज जीववुं ते वगेरेनुं दुःख थाय छे. तदनंतर ज्यारें पाछुं ते तरुणपणुं पामे छे, त्यारें कामविकारनुं दुःख थाय छे. त्यार पछी ज्यारें जीवनी वृद्धा वस्था थाय छे, त्यारें ते वृद्धावस्था तो केवल कष्टमयज होय छे. माटे जो केवल सुखज जोइयें, तो तो संसारना त्यागमांज छे ॥१॥ वली जुर्ज. आ सं सारने विषे निर्धन जे छे, ते धन मेलववा माटे प्राणांत कष्ट भोगवे छे, तेमज वली जे धनवान् होय छे, ते द्रव्य रक्षणनी चिंतामांज व्याप्त रहे छे. तथा जे स्त्री विनानो विधुर पुरुष होय छे, ते स्त्रीमेलापनी इछा कस्या करे छे, अने वली जे स्त्रीवालो पुरुष होय छे, ते संताननी इछा कस्या करे छे. अने जो संतान होय छे, तो निरंतर रोगोथी पराभव पामशुं तो केम थाशे? तेनी चिंता कस्या करें छे. माटे हे मनुष्यो! आ जगतमां मुक्तिना मार्गने पकड्या शिवाय बीजो उत्तम कयो मार्ग छे, के जे मार्ग पकडवाथी जीवने सुख थाय? ॥२॥ आ प्रकारनी संसारनी असारता सांभलीने प्रेमें करी परमार्थनुं चिंतवन करी जीवितनी पण अनित्यता जाणीने ते वीरांगद राजा, मोक्षसाधनमां उ त्सुक थयो. तेथी तेणें शुभदिवसने विषे पोताना पुत्र वीरसेन कुमारने राज्य गादी आपी. अने जिनप्रिय श्रावक, तेनी स्त्री, मंत्री, सामंत, श्रेष्ठी प्रमुखनी साथें ते श्रीजयकांत मुनीश्वरनीज पासें दीक्षा लीधी. पछी क्रमें करी ते मुनि अग्यार अंगो भण्या. दश प्रकारें तथा अनेक प्रकारें मुनियोनुं वैय्यावृत्य करवा मांड्युं, अने ते वैय्यावृत्यें करी ते मुनियें पुण्य सामग्रीनुं उपार्जन कर्युं. पछी षष्ठ, अष्टमादिक एवां उत्कृष्ट तपोयें करी सर्वकर्मोने खपावी अनशन व्रत अंगीकार करी, समाधिमरणें काल करीने ते वीरांगदराजा

शुक्रकल्पनो इंद्र थयो. अने तेनी साथें जे जिनप्रिय श्रावक हतो, ते पण शुक्रदेव लोकने विषे महर्द्धिउ सामानिक देवता थयो.

हवे ते मोहन जे हतो ते प्रथमथी मिथ्यात्वी तो हतोज, परंतु ज्यारें जिनप्रिय श्रावकथी तिरस्कारने प्राप्त थयो त्यारथी तो ते, साधुनो महोटो द्रोही थयो. अने मनमां अत्यंत मिथ्यात्वने धरतो थको पोषधना अने आव श्यकना मिषथी साधुना उपाश्रयमां जावा लाग्यो. त्यां जइने ते उपाश्र यमां रहेला साधुना दोषो गवेषवा लाग्यो. एटले ते लोट चालवानी चाल णी जेवा गुणवालो थयो. जेम चालणी छे, ते चालणने ग्रहण करे, अने उत्तम सारजूत एवा लोटनो त्याग करे. तेम आ मोहन पण साधुना दोषोने ग्रहण करे छे, अने तेमना जे गुणो छे, तेमनो त्याग करे छे. वली ते मोहन, साधुना दोषोने गवेषी ते दोषोने केवल मनमांज समजी बेसी रहेतो नथी, परंतु ते सर्व श्रावकोने घेर घेर जइ कहेतो फरे छे, के हे श्रावको! आ वखतमां कोइ जैन साधु तो साधुना धर्म पालताज नथी. तमें कहेशो के ते वातनी तमने केम मालम पडी? तो के सांजलो. हुं, पोषध तथा सामायिक करवा प्रतिदिन उपाश्रयमां जाउं छुं, तो त्यां में ते साधुउमां प्रत्यक्ष रीतें दोषोज दीठा छे, तेमां कोइ पण साधुने सारी रीतें परिपूर्णरीतें चारित्र व्रत पालनारो दीठो नथी. ते तेना दोषो कहुं, ते सांजलो. के ते उपाश्रयमां रहेता साधुमांहेला केटलाएक साधुउ तो मुहपत्ति बांध्या विनाज बोल्या करे छे. वली केटलाक साधु दंमासनने करमां लइने चाले छे. केटलाएक साधु तो आखो दाडो सर्व क्रिया छो डीने उंघ्याज करे छे. वली केटलाएक साधु विकथाज कथा करे छे. कोइएक साधु तो पर्व दिवसना उपवास पण करता नथी. कोइएक साधु शुद्धसूत्र पण वांची जाणता नथी. केटलाएक साधु स्वाध्यायाध्ययन पण करता नथी. माटे ते जोतां तो मने एम लागे छे, के सर्व साधु दोषना न रेलाज छे. तेथी तेउने जे अन्न वगेरे वहोरावबुं, ते पण सर्व व्यर्थज छे. आ प्रकारना मूढपणाथी कहेलां वचने करी दानश्रद्धालु जे श्रावको हता, तेनी श्रद्धानो साव नाश करी नाख्यो. तथा जाव पण उतारी नाख्यो. आ प्रकारें साधुनिंदक अने दुष्ट एवो ते मोहन, कालें करी मुखपाकना रोगथी मरण शरण थइ विंध्याचल पर्वतनी अटवीने विषे हस्ती थइने अवतर्यो. त्यारें त्यां

तेने वनेचरोयें पकडी लीधो. अने ते वनेचरोपासेंथी तेने कोइएक धनवान् वैश्यें मूल्य दइ वेचातो लीधो. अने वली तेणें पण ते हस्तीने मथुरा नगरीना राजाने अर्पण कस्यो. अने ते राजायें आ शूर हस्ती ठे, एम जाणी विषम एवा संग्राममां ज्यारें लडवा जाय, त्यारें तेनी पर पोतें बेसे, तेथी तेने सर्व हाथीयोनो आगेवान कस्यो.

हवे पूर्वनवाच्यासथी ते हाथी, साधुउनो द्वेषी हतो तेथी पोताना स्थानकथी नजिक एक वन ठे, त्यां सद्याय ध्यान करता केटलाएक साधुउनो शब्द सांनल्यो. तेथी ते अतिक्रोधायमान थइ पोताने बांधवाना आलानस्तंनने नांगी, चिक्कारशब्द करी एकदम ते साधुउने मारवा दोड्यो. ते दोडतां दोडतां महापापना योगथी रस्तामां एक महोटो अने उंमो खाडो आव्यो, तेथी ते खामामां पडी गयो, अने पडता मात्रमांज तेना शरीरना नारंथी सर्व अंगो नांगी चूरो थइ गयां. तेवामां कोइएक राजपुरुषोयें आवी गजमुक्ता लेवा माटे तेना कुंनस्थलनुं विदारण कस्युं, तेथी तेना दुःखें तेज खामामां आर्त्तध्यानथी मरण पामी, रत्नप्रना नामा नरकनूमिने विषे गयो, अने त्यां पण तेणें घणीज वेदना नोगवी. अने त्यांथी नीकली पाठो शिचाणा नामा पक्षी थयो, त्यां पण घणाक पापो करी मरण पामी वालुकप्रनानामा नरक नूमिमां गयो, त्यांथी निकलीने पाठो सिंहपणे उत्पन्न थयो. ते सिंहपणामां पण घणा एक जीवने मारी उग्रपापो बांधी मरण पामीने पाठो पंकप्रनानामा नरक नूमिमां गयो, त्यां पण घणीज वेदना नोगवीने त्यांथी निकली धनपुर नामा नगरने विषे कामदत्तानिध वैश्यने घेर चंड्दत्ता नामनी स्त्रीनेविषे पुत्रपणे उत्पन्न थयो. हवे ते जरा महोटो थयो, त्यारें तेनुं तेना पितायें सुमित्र एवुं नाम पाड्युं.

हवे तेज समयने विषे जिनप्रिय नामा जे श्रावक हतो, तेनो जीव, सप्तम शुक्र देवलोकमांथी च्यवी, तेज पुरने विषे विनयंधरनामा श्रेष्ठीनी गुणवती नामा स्त्रीना उदरथी पुत्रपणे उत्पन्न थयो. त्यारें तेनुं गुणधर एवुं नाम पाड्युं. अनुक्रमें रमणीना मनने मोद करे, एवा यौवनवयने प्राप्त थयो. पूर्वनवना संबंधथी गुणधरने ते सुमित्रपर खरी प्रीति थइ. अने पूर्वाच्यासथी सुमित्रने गुणधर पर कपटप्रीति थइ, अर्थात् ते सुमित्र, उपरथी प्रीति बतावे, अने मनमां वैरनाव राखे. पठी ते बेहु जण एकज ठेकाणें क्रीडा वगेरे करे

छे. तेमां पूर्व जन्मना पापथी निर्धन थयेला ते सुमित्रना वस्त्रप्रमुख सर्व हलकां छे, तेथी ते गुणधर सार्थे रमतां, फरतां मनमां घणोज लाज पामे छे, परंतु ते गुणधर, तेनुं मान, सगाजाइथी पण वधारे राखे छे. अर्थात् पोतें धनवान् छे, तो पण तेने कोइ दिवस धिक्कारतो नथी. तेम करतां ते सुमित्रनुं अन्न वस्त्रोथी पालन करनारां तेनां माता पिता, मरण पाम्यां तेथी ते घणोज दारिद्र्दुःखें पीडित थवा लाग्यो, अने तेनो सर्व जनोयें त्याग कस्यो, तथा तेनुं सहुकोइ हेलन करवा लाग्यां. त्यारें सुमित्रें विचार्युं के दरिद्री, व्याधिवान्, मूर्ख, प्रवासी अने निरंतर पारकी चाकरी करनारो. ए पांच जण तो जीवता होय तो पण तेने मुवा जेवाज जाणवा. तो ते पांच प्रकारना मनुष्योमांथी हुं दरिद्री छौं. हवे ते दरिद्रिपणुं तो जो हुं परदेश जाउं, तो मटे. ते शिवाय मटे नहिं. परंतु मारे परदेश जावुं, ते पण कये देशें जावुं, अने कयो देश सारो हशे? ते हुं आ गुणधरने पूछी जोउं? एम धारी ते गुणधरने अनेक देशोना वेपार रोजगारनी वातो पूछवा लाग्यो. ते सांजली गुणधरें जाण्युं जे आ सुमित्र हवे निर्धनपणाथी लजवाय छे, तेथी परदेश जवानो विचार करतो होय एम लागे छे. नहिं तो आम परदेशनी वातो मुने कोइ दिवस पूछतो न हतो. वली सुमित्र जे लजवाय छे एमां कांइ सुमित्रनो वांक नथी. कारण के दरिद्र जे छे, ते सहु कोइने लजवावे तेवुंज छे. कह्युं छे के वाघ, गजेंद्र वगेरे प्राणीयोथी युक्त एवा वनमां रहेवुं सारुं, तथा ते वनवृक्षोनां पत्रनुं अने फलनुं जोजन करवुं पण सारुं, तथा घासनी शय्या करी सूवुं पण सारुं, तथा वनकल वस्त्र पहेरवां, ते पण सारां, परंतु धनहीनपणाथी स्वजनवर्गमां जे जीववुं, ते सारुं नहिं. माटें दरिद्र्दुःखाग्निथी तप्त थयेला एवा आ मारा मित्रने जे परदेश जवानो विचार थयो छे, ते घणुंज सारुं थयुं छे? अने तेणे मने परदेशनी सर्व वात पूछी, तें पण घणुंज सारुं थयुं छे. कहेलुं छे के ॥ गाथा ॥ पुरिसेण माण धण व,ज्जिएण अच्चंत जिस्स विहवेण ॥ ते देसा गंतवा, जब सवासा न दीसंति ॥ १ ॥ अर्थः— मान अने धन, तेणें वर्जित अने अत्यंत जीर्ण वैजववाला माणासें जे देशमां पोतानी जाषा पण न बोलाती होय, ते देशमां जवुं ॥ १ ॥ वली ते तो ठीक. परंतु जो विचार करी जोउं, तो मारे पण लजवाया जेवुंज

बे, कारण के हुं आवो धनवान् होइने आ मारो खरो मित्र, ते महा दरिद्री बे? जेम रत्नना निधिने सेवन करनारा माणसने ज्यारें निर्धन पणुं रहे, त्यारें तेमां ते रत्ननिधिनेज लजवाया जेवुं बे, परंतु कांइ रत्न निधिना सेवनारा माणासनें नथी. हा, ते वात तो खरी बे. पण मा राथी तेने इव्य केम अपाय? जो तेने हुं इव्य आपुं अने ते इव्य आ प्यानी मारा पिता वगेरेने खबर पडे, तो ते मारी पर क्रोधायमान थाय. एम करतां कदाचित् हुं ते मारा माता पिताना कोपने पण सहन करी तेने धन आपुं, तो पण ते सुमित्र जे बे, ते लज्जा पामी मारुं आपेलुं इव्य ले नहिं? कारण के ते एम जाणे के जो हुं आ मारा मित्र पासेंथी इव्य लइश, तो मारी जगतमां महोटी हलकाइ थाशे? माटे ते पूर्वोच्चारित बेहु कारणथी मारे तो इव्य आपवानो उपायज नथी. पण हा, एक उपाय बे खरो. के ते सुमित्र परदेश जवा धारे बे, तो हुं तेनी साथें जइ तेने धन उपार्जन करवामां साहाय्य करुं? आ प्रमाणें विचारी, बे वट ते सुमित्र साथें परदेश जवानो मनमां दृढनिश्चय करी ते गुणधर, सुमि त्रने कहेवा लाग्यो के हे मित्र! मारा घरमां इव्य तो घणुंज बे, परंतु में परदेश जइ धनोपार्जन करवानुं कौतुक दीठुं नथी, तो हे मित्र! ते कौतुक जोवा माटे हुं कदाचित् परदेश जवा धारुं, तो तमें मारा साहायक थाशो? ते सांजली कुमित्र समान सुमित्रें मनमां विचारवा मांम्युं के अहो! आ तो गुणधरें घणुंज सारुं धार्युं? कारण के हुं ते गुणधर साथें विदेश जइ तेनुं संपादन करेलुं सर्व धन कपटथी लइ लहीश. पबी आहिं सुखें बेसी खा इश? अने आ दारिद्र्यथी पण मुक्त थइ जाइश? एम विचारी गुणधरने कह्युं के अहो मित्र! हुं तो तमो ज्यां कहो, त्यां आववा तैय्यारज बुं. मारे तमाराथी शुं वधारे बे? त्यार पबी गुणधरें तुरत पोतानां माता पिताने पूबी अतिप्रयासें तेमनी आज्ञा लइ शकटोमां अनेक प्रकारनां करियाणां जरी सुमुहूर्त्त जोइ, केटलोएक संघात साथें लइ, ते सुमित्रनी साथें त्यांथी प्रयाण कर्युं. पबी रात्रि दिवस चालवाथी घणाक देशोनुं उल्लंघन करी अनुक्रमें एक महोटी अटवीमां आव्या, अने त्यां उतारो कर्यो. पबी ते वन घणुंज रमणिक होवाथी ते वननी शोजा जोवा माटे गुणधर अने सुमित्र निकल्या. ते जोतां जोतां गाढ जेनी गया बे, तथा देखवा

मां मनोहर एवो एक उंबरानो वृक्ष दीठो. त्यारें ते बेहु, ते वृक्षनी नीचें बेठा. पछी तेनुं रमणीयपणुं जोइने गुणधरें एक श्लोक कह्यो. ॥ श्लोक ॥ किमुदुंबर तुल्यस्ते, सच्छायोपि तरुः परः ॥ पथिकानां यतो दत्ते, मूलतः फलसंपदम् ॥१॥ अर्थः—हे उंबराना वृक्ष! तारी तुल्य, सारी छायावालो बीजो कोइ वृक्ष छे? ना नथीज. कारण के जे तारी नीचें बेठेला पथिक जनोने तारुं मूलज फलसंपत्तिने आपे छे ॥ १ ॥ पछी सुमित्र बोल्यो के हे मित्र! अहो आ उंबरना वृक्षनी छाया, सुजननी सार्थे वार्त्तालाप समान घणीज ठंमी लागे छे. माटे आहिं आपणे जरा विश्राम लहियें, तो सारुं? एम कहीने सुमित्रें त्यां नवपल्लवोयें करी मनोहर एवी शय्या बनावी अने पछी ते शय्यापर आग्रहपूर्वक गुणधरने सूवाड्यो. अने ज्यारें ते गुणधर सूतो, त्यारें ते सुमित्रें एक पत्रयुक्त वृक्षनी शाखा लइ तेनी पर पवन नाखवा मांम्यो, तेथी मार्गना श्रमथी श्रमित थयेला ते मुग्ध गुणधरने तुरत निद्रा आवी गइ.

हवे ते गुणधरने निद्रावश थयेलो जोइने कपटी तथा दुष्ट एवो सुमित्र, कुमित्रनी पठें तत्काल त्यांथी पोताना तथा गुणधरना अश्वने लइ ज्यां उतारो करेलो हतो, त्यां त्वरित, श्वास नख्यो दोड्यो आव्यो. आवीने मह्योटो पोकार करी कहेवा लाग्यो के, हे नाइयो!!! नागो, नागो. नासो, जासो. अरे! जलदी गाडां जोडो! विलंब न करो! वली मार्ग के उन्मार्ग ते कांइ पण जोया विना जेम तमाराथी नगाय, तेम नागो! कारण के आप णी पछवाडे आपणने मारवा तथा लूंटवा निल्ललोकोनी धाड आवे छे! तेमां मारो मित्र गुणधर पण पकडाइ गयो छे! आ प्रकारनो ते सुमित्रनो, साद फाटी जाय तेवो पोकार सांजली तथा गुणधरना घोडाने गुणधर विनानो आवेलो जोइने सहुलोको नयनीत थइ पोत पोतानां गामां जोडी आममार्गें, जेम नगाय तेम नागवा लाग्यां. त्यारें सुमित्र पण तेनी सार्थेंज उन्मार्गें चाल्यो. अने पछी रस्तामां चालतां चालतां कपटथी अत्यंत कल्पांत करवा लाग्यो के, अरे! मारो प्राणथी पण वल्लन एवो गुणधर मित्र पक डाइ गयो! हाय हाय, हवे हुं शुं करुं!!! एम थोडी वार घणोज कल्पांत करीने ते सुमित्र, गुणधरना सर्व मालनो पोतें मालिक थयो. अने मनमां खुशी थइ विचारवा लाग्यो के ॥ गाथा ॥ अवलोइउ म्हि अर्क्क, तूणं वि

ह्णिासिणिद्द दिठ्ठीए ॥ आलिंगिउ म्हि कमला, लयाए देवीए जं एवं ॥१॥
अर्थः–अहो! आजे निश्चें मुने विधियें, स्नेहयुक्त दृष्टिथी जोयो होय, एम लागे छे? तथा वली आज, लक्ष्मी देवीयें पण मारुं आलिंगन कर्युं होय, एम लागे छे? अर्थात् आज मारुं भाग्य पण सारुं थयुं, अने लक्ष्मी पण मने वरी. नहिं तो माहादरिद्री एवा मने अटलुं बधुं धन, विना प्रयासें क्यांथी मले? ना नज मले. एम हर्षोत्कर्षथी विचार करी चालतो एवो ते सुमित्र, बीजा दिवसना मध्याह्न कालें करियाणानां गाडां तथा सथवारायें सहित एक महोटी अटवीमां आव्यो, त्यां अकस्मात् ते सुमित्रना मित्रवंचकरूप पापेंज जाणें प्रेर्यो होय नहिं? एवो तथा धूंवा डाथी आकाशमंडलने आछादित करतो, उग्र दावानल लाग्यो. तेने जोइने सर्व मनुष्यो, तथा शकटोना हांकनाराउ अति त्रास पामी पोकार करता तूर्णताथी पोत पोतानो जीव लइने भाग्या, त्यारें पछवाडे बीचारा बलदो तथा मालनां सर्वगाडांउ बलीने भस्म थइ गयां. पछी ते सुमित्रना सर्व अनुचरोयें जाण्युं जे आ सुमित्र जे छे, ते घणोज हीनभाग्य लागे छे. कारण के जेना मंदभाग्यने लीधे अकस्मात् दावानलथी घणोज माल बली गयो, तथा वली आपणे पण मरवामांथी मांड मांड बच्या. माटे जो हवे आपणने ते घणुं द्रव्य आपे, तो पण तेनी चाकरीमां रहेवुं नहिं. एम विचार करी ते सर्व अनुचरो, तेनी चाकरीनो अने तेनो त्याग करी एकमतें स्वेछितमार्गें चाल्या गया, अने बीजो सथवारो पण आडो अवलो चाल्यो गयो. पछी ते सुमित्र, सहु लोकोना जवाथी एकलो निराधार थयो थको फरतां फरतां एकगिरिनी गुफामां आवी पड्यो, त्यां केटलाएक लूंटारा भिल्ल बेठा हता, तेणें ते सुमित्रने द्रव्यना लोभथी पकडी लइ आर्द्रचर्मथी विंटीने, बांधी राख्यो. अने तेने तपासतां तेनी पासेंथी कांही पण न मलवाथी त्रीजे दिवसें तेने भूख्यो तरष्यो धक्को मारी काढी मूक्यो. पछी त्यांथी ते माहाकष्टने भोगवतो थको वीरपुर आव्यो.

हवे ते सुशील एवो गुणधर कुमार, ज्यां उंबराना झाड नीचें सूतो हतो, त्यां तेने, सायंकालें मृगया रमवा निकलेला कोइ एक शेखरनामा पल्लिपति यें दीठो. त्यारें ते तेनी पासें गयो अने तेने जगाडीने निर्जनवनमां आववा वगेरेना सर्व समाचार पूछ्या. त्यारें ते गुणधरें पण जे कांही वृत्तांत बन्युं

हतुं, ते सर्व, यथास्थित कही आप्युं, पछी ते गुणधरें पल्लिपतिने पूछ्युं के हे पल्लिपते ! तमें मारा सुमित्र मित्रने, के मारा मालनां गाडाने, के बीजा कोइ पण सथवाराने दीठो छे? ते सांजली पल्लिपति बोल्यो के हे सुज्ञजन ! अमें तो तमारा कहेलामांथी कोइने दीठां नथी, परंतु ज्यां तमें उतारो कर्यो होय, ते स्थल जो बतावो, तो त्यां तेनो शोध करावुं ? अने ज्यांसुधी ते माणासो तमारा सथवारा वगेरेनो शोध करी आवे, त्यां सुधी तमो मारा कूबामां आवी रहो. ते सांजली प्रसन्न थयेला ते गुणधरें पोतें ज्यां उतर्या हता, ते स्थल, अटकलथी बताव्युं. त्यारें पल्लिपतियें तेना शोध माटे माणसोने मोकल्यां, अनें ते गुणधरने पोताने घेर तेडी लावी, तेनुं स्थानक तथा जोजन प्रमुखथी आतिथ्य कर्युं. पछी ते बेहुजणने परस्पर अनेकवातो करतां आखी रात व्यतीत थइ गइ. अने ज्यारें प्रजात थयो, त्यारें ते सुमित्र वगेरे साथनो तथा मालनो शोध करवा गयेला जिल्ल लोकोयें आवी कह्युं के, हे पल्लिपते ! ज्यां तमोयें बताव्युं हतुं, त्यां त पास करतां एम मालम पडी के ते सर्वसाथ अने मालनां गाडांउ आम्हरस्ते आ पर्वतने फरीने वीरपुर तरफ गयां. त्यारें पछी अमोयें विचार कर्यो के आ पर्वतनी आसपास तपास करीयें जोइयें? ते साथ कोइ ठेकाणे अमने मले छे? एम विचारी अमोयें आखी रात ए पर्वतनी आस पास तपास कर्यो, पण त्यां मालनो के कोइ माणासनो पत्तो मल्यो नहिं. पछी प्रजात थयेथी कायर थइ पाछा तमारी पासें आव्या. आवां वचन सांजली मनमां अत्यंत खेद पामी गुणधर, कल्पांत करवा लाग्यो के अरे! आ शी वात ! ए मारो मित्र, मने सुतो मूकीनेज केम जागी गयो हशे ! अने तेनुं हवे शुं थाशे ! मालनां गाडांनुं पण शुं थाशे ! तेने हवे क्यां शोधुं ! केम करुं ! आ प्रमाणें संज्रमचित्त थइ कल्पांत करता एवा गुणधरने जोइने पल्लिपति कहेवा लाग्यो, के हे वत्स ! अटलो बधो शोक शा माटे करो छो ? जुउ. तम जेवा साहसिक तथा जाग्यवान् पुरुषनी कदाचित् आवी संपत्ति जाती रहे, तो पण शुं? कांइ नहिं. कारण के तम जेवा जाग्यवा नने तो पाछी तेथी सोगुणी संपत्ति स्वतः मली आवे छे. कह्युं छे के ॥श्लोक॥ व्यसनागमे न दैन्यं, बहुतरलक्ष्म्यापि नो मदो यस्य ॥ तस्य गृहे वसति रमा, यस्य हृदि साहसं बहुलम् ॥ १ ॥ अर्थः– जे पुरुषना हृदयने

विषे घणुंज साहस छे, जे पुरुषने व्यसनना आववाथी दीनपणुं थातुं नथी, तथा जेने घणीक लक्ष्मी थावाथी मद आवतो नथी, जेना हृदयने विषे घणुं साहस छे, ते पुरुषने घेर, लक्ष्मी जे छे, ते निवास करीने रहे छे. अने हे साहसिक! वली आ तमारा सथवारा प्रमुखनो शोध करवा गयेलां आ मारां माणसो पण कहे छे, के माल सहित तमारो मित्र तथा सथवारो आ पर्वत फरीने वीरपुर गया छे. तो हे नाइ! ते वीरपुर हुं तमोने थोडा वखतमां तेनी पेठें पर्वत फर्या विना पगरस्तेज पहोंचडावीश? ते वचन सांनली गुणधर बोल्यो, के हे बंधो! हाल ज्यारें तमारी जेवा मने सुज्ञ सहायक मल्या छे, त्यारें मारे विषाद थवानो क्यां अवकाश छे? कह्युं छे के, आ संसाररूप विषम एवा विषवृक्षने अमृत फल तो बेज लागे लां छे, तेमां एक तो सुजननो समागम थाय ते, तथा बीजुं वीतरागना धर्ममां प्रीति राखवी ते. आवुं वचन सांनली पल्लिपति कहे छे के हे नाइ! हाल तमोयें कह्युं के मने तम जेवा सुज्ञ सहायक मल्या. तो हे सुज्ञ! जंगलमां रहेनारा तथा मनुष्यने लूंटनारा अम वनेचरोमां ते वली सुज्ञत्व केवुं? त्यारें गुणधर कहे छे के जुउ. सर्पना माथापर रहेलो जे मणि छे, तेमां विषापहारत्व नथी शुं? ना छेज. अर्थात् ते मणिनो निवास तो सर्पना मस्तकपर छे, परंतु ते मणि, सर्पविषनो नाश करे छे. तेम तमो रहो छो, तो वनमां, पण सुज्ञत्व घणुंज छे. आ प्रमाणें ते पल्लिपतियें ते गुणधरनी साथें स्नेहालाप करी तथा बीजा पण विनोद करी केटलाएक दिवस ते गुणधरने पोताने घेर राख्यो. पछी ते गुणधरें त्यांथी जवा माटे रजा लीधी, त्यारें पल्लिपतियें कह्युं के हे कुमार! तमें मारा अतिथि छो, माटे आ एक रसनुं तुंबडुं छे, ते ल्यो. अने हे नाग्यशालिन्! जुउ. आ रसमां एवो चमत्कार छे, के आ रसनुं एकज टीपुं, जो हजार मणना त्रांबाना अथवा लोढाना पत्रा पर नाखीयें, तो ते सर्व पत्रुं सुवर्णमय थइ जाय? तेथी जो कदाचित् ते साथ तमोनें न मले, तो आ रसथी त्रांबानुं सुवर्ण बनावी सुखें करी घेर पहोंचजो. अने हवेथी धनोपार्जननो व्यवसाय छोडी देजो. वली हे नाई! मारां माणसो तमने जे रस्तो बतावे, ते रस्तेज चाल्या जाजो, तेथी वीरपुर आवशो. अने त्यां तमारा साथ वगेरेनो तपास करजो. जो ते साथ त्यां गयो हशे, तो तो तमने मलशे? एम

कही ते रसनुं तुंबडुं आपी, गुणधरने पोताना सेवकोनी साथें घेर जवा रजा आपी. पछी रस्तामां चालतां चालतां ते पल्लिपतिना सौजन्यने तथा परोपकारने अत्यंत संभारतो ते गुणधर, अनुक्रमें वीरपुर आव्यो. पछी त्यां सुमित्र वगेरेना तपास माटे कोइएक जीर्णश्रेष्ठनामा वाणियो हतो, तेने त्यां उतर्यो. अने त्यां सुखें करी रह्यो. अने पछी पोताना मित्र सुमित्र प्रमुख सथवारानो तथा मालनां गाडांउनो तपास करवा लाग्यो. एक दिवस गुणधरने ते गामना चोकमां क्षुधाथी जेनुं उदर ऊंडुं गयुं छे, तथा जेनी सामुं जोतां सहुकोइने दयाज आवे छे, जेनां रुधिर तथा मांस सूकाइ गयां छे. अने घेर घेर भीख मागतो एवो ते सुमित्र मल्यो. त्यारें गुणधरें तो तेने तुरत उलख्यो. परंतु ते सुमित्रें तेने उलख्यो नहिं. त्यारें गुणधरें तेने मोटा सादथी बोलाव्यो अने पूछ्युं के हे सुमित्र! मने उलख्यो के नहिं? अने हे भाइ! तुं मने त्यां उंबराना झाडनी नीचेंज सूतो मूकी क्यां पोबारा गणी गयो? त्यारें सुमित्रें जाण्युं जे अहो! आ तो गुणधर मल्यो? हवे हुं एने शो जबाप दउं? तथा ते तो शरीरमां घणोज तेजस्वी तथा रूपवान् थयो छे? एम विचारी कपटथी कहेवा लाग्यो के हे मित्र गुणधर! हुं पण तमने शोधतो हतो, तेमां तमो मने मल्या, ते घणुंज उत्तम कार्य थयुं? वली हे प्रियमित्र! तमें पूछ्युं के मने सूतो मूकी केम जातो रह्यो? परंतु मारे जावुं पड्युं, तेमां मारो कांइ अपराध नथी. केम के आपणें ज्यां उतारो कर्यो हतो, त्यां रहेला आपणा साथवाला लोकोयें मोह्टो पोकर कर्यो. के हे गुणधर! हे सुमित्र! भिल्ललोको अमोने लूंटे छे, मारे छे, माटे जलदी आवो. ते सांभली तमारा निद्राभंगना भयथी तमोने उठाड्या विनाज एकदम श्वास भर्यो हुं त्यां दोड्यो गयो. त्यां तो आपणा सथवाराने तथा आपडा मालनां गाडांउने लूंटती एवी एक भिल्लनी धाड दीठी. त्यां में आपणा सथवारामांथी उत्तम तथा शूरवीर एवा पुरुषोनी सहाय लइने ते भिल्ललोको साथें मोह्टुं युद्ध कर्युं. तेमां भिल्ललोकोयें ते साथवाला शूरवीर पुरुषोनो नाश कर्यो. अने मने आपणुं सर्व करियाणुं लूंटी लइने बांधी मूक्यो, अने पछी ते सर्व, त्यांथी मने तथा मालने लइ पोतानी पर्णकूटीयें आव्या. हवे ते भिल्ललोकोने आपणुं घणुंज द्रव्य मल्युं तेथी उन्मत्त थयेला एवा ते भिल्लोयें मह्टो उत्सव कर

वानो प्रारंन कस्यो. तेवामां वली तेज निल्ललोकोना वैरी एवा बीजा निल्लोनी धाड तेने लुंटवा आवी. त्यारें बेहु धाडयोने परस्पर युद्ध थयुं, तेवामां हुं समय जोइ त्यांथी बुटीने मारो जीव लइ नागी गयो. पढी नूख अने तृषाने सहन करतो थको आपने शोधवा माटे ए वनमां घणोज नम्यो. अने वन वनमां शोधतो शोधतो अनुक्रमें आ वीरपुर गाममां आवेलो बुं. अने आहिं पण तमने आव्या सांनली तमने जोवा माटें आ चोकमां फेरा खातो हतो, तेवामां तो तमोयें मने बोलाव्यो. हवे हे नाइ! आपणे आवी रीतें डुःखी थइ धन कमावा माटे परदेश निकल्या, ते करतां जो घेरज रही आपणुं गुजराण चलाव्युं हत, तो घणुंज सारुं थात? आ तो आपणने धन पण न मल्युं, अने हेरान पण थया. वली हे मित्र! तमोने आ प्रकारना सर्व डुःखमां मेंज नाख्या ढे. हवे ते तो जे थवां काल हतुं, ते थयुं, परंतु हालमां आपण बेहु जीवता मल्या, ते घणुंज सारुं थयुं, कारण के आवा नयंकर वनमां माणस कोइ दिवस जीवतुं रहेज नहिं. आ प्रकारनुं ते सुमित्रनुं बोलवुं सर्व साचुं मानी गुणधर, सुमित्रने पोताने उतारे तेडी लाव्यो अने तेने जमाडीने रूडां वस्त्र पहेरवा आप्यां. तदनंतर ते कपटीनी पासें नइ नावथी पल्लीपतियें आपेला रसना तुंबडा आपवा वगेरे पोतानुं सर्व वृत्तांत कही आप्युं. वली पण कह्युं के हे सुमित्र! आपणां वाहण अने करीयाणां वगेरे ना जे गामां लूंटाणां ढे, तेनो तमारे कांही पण क्लेश करवो नही. कारण के आ रसतुंबडाना रसथी ते सर्व आपणे नवां बनावी लेशुं? ते सांनली कपटनाटक करणमां पटु एवो ते सुमित्र बोल्यो के हवे आपडे वाहण वगेरे पदार्थोनो आमंबर कांइ करवोज नहिं. अने हवे तो आपणे आ रसतुंबिका लइने घेरज जावुं! त्यारें गुणधर बोल्यो के वाहण वगेरेना महोटा आमंबर विना साव निर्धन जेवा थइ देश तरफ जतां मने तो ला ज आवे? त्यारें सुमित्र बोल्यो के आपणे आ रसना तुंबडाने आहिंज मूकी निजेन्नाथी परदेशने जोइयें? कारण के आपणथी वारं वार पाढुं पर देश अवाय नहिं. कह्युं ढे के ॥ गाथा ॥ माय पिय पुत्त नयणी, नज्जा धूया य बांधवा मित्ता ॥ लहुडिंन नेहनडिया, न गंतु सक्का विदेसम्मि ॥ १ ॥ अर्थः– माता, पिता, पुत्र, नगिनी, नार्या, पुत्री, बांधव, मित्र, नानां ढोकरां, ते सर्वना स्नेहना अवरोधथी प्राणी जे ढे, ते विदेश जवाने समर्थ थाता नथी

॥१॥ आ प्रमाणें पोताना मित्र सुमित्रना आग्रहथी, गुणधरें त्यांथी पाछुं विदेश जवुं कबूल कर्युं. अने ते रसतुंबिकाने ते रसनुं माहात्म्य कह्या विना पोतें ज्यां उतर्यो हतो त्यां ते जीर्णवणिकने घेरज मूकी पोताना कुमित्र एवा सुमित्र सहित ते नगरथी बाहेर निकल्यो. पछी मार्गमां चालतां चालतां सुमित्रें विचार्युं जे, ते जीर्णवणिकने घेर मूकेली रसतुंबिकाने मारे स्वतंत्र रीतें लइ लेवी, परंतु आ गुणधरने मारी नाख्या विना ते काम बनशे नहिं ? तेम विचारी ते सुमित्रें तेने मारी नाखवाना उपाय शोधवा मांड्या. परंतु तेने काही पण उपाय मल्यो नहिं. त्यारें सुमित्र कहेवा लाग्यो के हे मित्र! आपणे तामलिप्ति नामा नगरीयें जायें, अने महोटा समुद्रने तरीयें. त्यां वेपार करी घणुंज द्रव्य कमाइयें? कवि कहे छे के अहो! जे धूर्त पुरुषो छे, ते मुखथी मिष्ट, अने हृदयमां दुष्ट होय छे. अर्थात् तेनी वाणीमां तो चंदनथी पण शीतलता होय छे अने तेनुं हृदय कातर समान होय छे, माटे धूर्त्त पुरुष कोइथी जीत्यां जाय नहिं. हवे ते सुमित्रनां वचन सांजली गुणधर कहे छे. के हे मित्र! तमें कहो छो, ते खरी वात छे, पण धनविना आपणे तामलिप्ति नगरियें जइ शुं करियें? त्यारें ते दुष्ट सुमित्र बोल्यो के त्यां तामलिप्ति नगरीमां तमारे नामें घणुंज द्रव्य मलशे? एम कही वाहाणमां बेसी बेहु जण त्यांथी तामलिति नगरीयें पहोंच्या. तेवा समयमां ते नगरीने विषे कटाह द्वीपथकी माल जरेलां घणाक वाणो आव्यां हतां, त्यारें कौतुक जोवाने माटे ते बेहु जण त्यां गया, एवामां तो ते गुणधरने उत्तम आकृतिवालो जाणीने ते वाणना अधिपतियोयें तेने घणुंज मान आप्युं, अने कह्युं के हे उत्तम पुरुष ! तमो कोइ व्यापारी जेवा लागो छो, माटे आ अमारो माल तमेंज ल्यो. ते सांजली ते सर्व मालनुं कांइक द्रव्य ठेरावी ते सर्व माल पोतेंज लीधो, अने ते वाणना अधिपतियोने कह्युं के, जुउ. आ सर्वमालनो धणी हुं छुं, अने आपणे ठेरावेला द्रव्यना धणी तमें छो ? ते सर्व वात ते मालधणीयोयें कबूल करी. त्यां तो ते तामलिप्ती नगरीना वेपारी आव्या, अने तेउयें आवी पूछ्युं के आ सर्वे वाणोमां माल कोनो कोनो छे ? त्यारें ते सर्व मालधणीयोयें गुणधरने बताव्यो अने कह्युं के आ सर्व माल, आ पुरुषनो छे. ते सांजली तेनी साथें मूल्य करी सर्व माल गुणधरें पोताना नामथी वेची तेनां नाणां वसूल करी, पूर्वें ठेरावेलां नाणां ते

माल धणीयोनें आपी दीधां, एम करवाथी ते गुणधरने एक करोड टका हांसल नना मळ्या. ते लइ गुणधरें सुमित्रने कह्युं के हे मित्र! हजी आपणे गाममां तो गयाज नथी, अने आहिं समुद्रना कांठापरज बेयें, त्यां तो आपणने आ समुद्रेंज प्रसन्न थइने एक करोड टका आपी दीधा, अने हवे वली आ गल तो जे मले, ते खरुं? एम कही ते सर्व द्रव्य सुमित्रने आप्युं. एटलुं द्रव्य मलवाथी पण असंतुष्ट एवो ते सुमित्र, गुणधरने कहेवा लाग्यो के हे मित्र! आ करोड टका जे मळ्या छे, तेनो माल लइने आपणे चिन बंदर जइ वेचीयें, तो त्यां बमणो लान्न थाशे? ते सांन्नली गुणधरें विचार्युं जे अहो! अटला द्रव्यथी पण आ सुमित्रनी तृष्णा पूर्ण थइ नही. माटे मारे आ सुमित्रने तेनी इच्छाथी पण अधिक द्रव्यनी प्राप्ति करी आपवी? एम विचारी ते द्रव्यनां, चीनबंदरमां खपवा योग्य करियाणां लइ वाण न्नरी, पाछा ते बेहु जण, वाणमां बेसीने चाल्या. ते अनुक्रमें चीनद्वीपमां आव्या, त्यां पण तेने ते करियाणां वेच्याथी घणोज लान्न थयो, त्यारें ते द्रव्यनां वली करीयाणां लइ पाछा तामलिप्ति नगरी तरफ चाल्या, ने घणोज समुद्र उल्लंघन कर्यो. हवे चालतां चालतां ते दुष्ट एवा सुमित्रें विचार्युं जे अहो! आ गुणधरें माल घणोज खरीदेलो छे, ते माल, तथा तामलिप्ति नगरीमां जीर्णशेठने त्यां मूकेली रसतुंबिका छे, ए सर्व, मने निश्चितरीतें तो क्यारें मले? के ज्यारें आ गुणधर, रातमां लघु करवा उठे, त्यारें तेने समुद्रमां फेंकी दइ मारी नाखुं त्यारें मले? एम विचार करी ते सुमित्र वाणमां रातें जागतोज सूतो, अने ज्यारें मध्यरात्रि थइ, त्यारें ते गुणधर लघु करवा उठ्यो. अने ज्यां तेने लघुकरवा उठ्यो जाण्यो त्यां तो ते सुमित्र, तुरत निद्रामांथी उठी तेने धक्को मारवा आव्यो, तेवामां तो तेनो पोतानोज पग खसी जवाथी ते समुद्रमां पडी गयो. कारण के मोहोटुं जे पाप छे, ते तुरत फले छे. अने जगतमां पण कहेवत छे के "जे खोदे ते पडे" अने जीवने कर्मने अनुसारेज फल मले छे, वली जेवुं कर्म होय छे, तेवीज बुद्धि पण थाय छे. परंतु बुद्धिमान् पुरुषें अत्यंत विचारी कार्य करवुं. हवे ते सुमित्र रातमां पडी गयो, तेनी कोइने खबर पडी नहिं. अने ज्यारें प्रन्नात थयो, त्यारें गुणधर, सुमित्रने जोवा लाग्यो, परंतु ते सुमित्रने क्यांइ दीठो नहिं, त्यारें तेणें वाणमां बेठेला सहुकोइने पूछ्युं के, हे न्नाइयो! तमोयें कोइयें मारा

मित्र सुमित्रने दीठो छे? त्यारें सहु कोइ बोल्या के ना, अमने खबर नथी. त्यारें तो ते अत्यंत क्लेश पामी विलाप करवा लाग्यो, के अरे! आ मारा प्रियमित्रनो नाश कोणे कर्यो! अरे आवुं महोटुं पाप कोणें कर्युं! अरे तेनो नाश ते केम थयो! अरे आवा प्राणवल्लभ मित्रनो संगम करावी पाछो तेनो विरह करावनार विधिने पण धिक्कार हजो. अरे मित्रमुखनुं दर्शन करी हुं मारी आंख्योने सुखी करीश? एवी आशारूप कुसुमने कर्मयोगथी उत्पन्न थयेलो आ विरहानल, बाली नाखे छे! अरे ए मारा सुमित्र मित्र विना घेर जइ सगां वाहालाउने हुं शुं मुख देखाडीश! माटें हवे ते मित्र विना घेर जइ सहु कोइने मुख देखाडवुं, तेथी आ समुद्रमां पडी बुडी मरवुंज सारुं छे! एम विलाप करीने ज्यां ते गुणधर, समुद्रमां पडवा तत्पर थयो, त्यां तो तेना अनुचरोयें तेने पकडी राखीने कह्युं, के हे श्रेष्ठिन्! आ संसारने विषे जेनो संयोग थाय छे, तेनो वियोग पण थाय छे, अने जेनो वियोग थाय छे, तेनो पाछो संयोग पण थाय छे. जेम घटमालमां बांधेला घडाउमां जल भराय छे, अने पाछुं वली ठलवाय छे, तेम आ संसाररूप घटमालमां मनुष्यरूप घडाउमां कर्मरूप जल भराय छे, अने पाछुं वली ठलवाय जाय छे. तो कर्माधीन पडेला प्राणीनो संयोग तथा वियोग थया विना रहेतोज नथी, ते माटे मित्रना वियोग थवाथी धीर पुरुषो जे छे, ते अग्निमां पडता पतंगनी पठें समुद्र जलमां पडी मरण पामता नथी. कारण के जे जीव तो नर होय छे, ते हजारो सुखने पामे छे. अने हे भाइ! मित्रवियोगज दुःखथी कदाचित् कोइ पुरुष मरण पामे, तो तेने मरणांते ते मित्र मले छे शुं? ना मलतोज नथी. अने जो ते जीवतो होय छे, तो दैवयोगें कदाचित् तेने ते मित्र मले पण छे. माटे हे श्रेष्ठिन्! ते संयोगने अने वियोगने दैवाधीन मानी मरवुं नहिं. आवां ते पोताना अनुचरोनां वचन सांभली बोध पामेलो गुणधर, पोताना मित्रना गुणगणनुं मनमां स्मरण करतो करतो तामलिप्ति नगरीयें आव्यो. त्यां सर्व माल कांठा पर उतारी ते सुमित्रनो समुद्रना सर्व कांठा पर तपास कराव्यो, परंतु तेनुं शब पण मल्युं नहिं. त्यारें खेद पामेला ते गुणधर, सर्व करियाणां वेची नाखी थोडांक माणसोने साथें लइ त्यांथी पाछो वीरपुर नगरें आव्यो. त्यां आवी जेने त्यां रसनी तुंबडी मूकी हती,

ते जीर्णशेठने घणुंज धन आपी ते रसतुंबिका लइने अनुक्रमें पोताना धनपुर नामा नगरमां आव्यो. अने त्यां माता पिताना चरणमां नमन करी स्वजन, मित्र, ज्ञाति प्रमुखने मली अत्यंत संतोष पाम्यो. अने राजा वगेरेनुं मोहोटुं मान पाम्यो. हवे ते गुणधर, आ प्रकारें सर्व रीतें सुखी छे, परंतु पोताना मित्र सुमित्रनुं मनमां अहोनिश ध्यानज कस्या करे छे, तेथी तेने वनमां के, मनुष्यना समागममां के, कोइ पण कार्यमां किंचिन्मात्र चेनज पडतुं नथी. ते गुणधर एक दिवस पोताना उद्यानमां गयो, त्यां कोइ एक सुधर्मानामा मुनि बेठा हता, त्यारें तेमनी पासें जइ नमन करी त्यां उपदेशना श्रवण माटे बेठो. त्यारें ते गुणधरने जोइने मुनियें ज्ञानथी जाण्युं जे आ गुणधर, दुष्ट एवा सुमित्रना विरहनुं दुःख कस्या करे छे? एम जाणी ते गुणधरने कह्युं के हे सौम्य! मोहमूढ थइने ते दुष्ट एवा सुमित्रनो ते शा माटे परिताप करे छे? तुने आवो शोक करतो जोइने मने तो एम लागे छे, के तुं सुमित्रना अने कुमित्रना गुणने जाणतोज नथी? हे गुणधर! तारो खरो मित्र तो जे तुने वनमां पल्लिपति मल्यो हतो तेज छे. कारण के जेणें तारुं तेवा भयंकर वनमां रक्षण कर्युं? तथा वली रसतुंबिका पण आपी. अने हाल जेनो तुं अहोनिश शोक करे छे, ते सुमित्र तो महादुष्ट हतो, जेणें तारो वनमां त्याग कस्यो, तथा तारा मालनो धणी थयो. अने ते माल पण वनमां बली गयो, त्यारें ते पाछो तुने मली कपटथी समजावी समुद्ररस्ते लइ जइ तेणें तारी पासें वेपार कराव्यो. वली ते द्रव्यनो तथा रसतुंबिकानो मालिक थवा माटे तुने समुद्रमां नाखवा तैयार थयो, त्यां पोताने पापें पोतेंज पग खशी जवाथी समुद्रमां पडी डुबी मूवो. आवी रीतें दुष्टना संगथी तुं घणोज दुःखी थयो छो. तो पण ते दुष्टमित्रनो शोक करे छे? ते वाक्य सांभली गुणधर बोल्यो के महाराज! हुं तो तेनी पर घणीज प्रीति राखतो हतो, ते छतां पण ते मारी साथें वैरीसमान केम वरततो हतो? तेने अने मारे कांइ पूर्वजन्मनो वैरभाव हशे? ते सांभली मुनिवरें तेना पूर्वजन्मनो सर्वव्यतिकर कह्यो, तेमां कह्युं के जिनप्रिय श्रावकनो अवतार तुं छो, अने मोहननो अवतार ए थयो हतो, अने ते मोहन कपटथी धर्म पालतो हतो, अने तेनो अवतार सुमित्र होवाथी दुःखी

थयो, अने जिनप्रिय धर्मिष्ठ हतो, अने तेनो अवतार तुं होवाथी सुखी थयो छो. अने पूर्व जन्ममां तारी साथें तेने वैर होवाथी ते आ जन्म मां पण तारो मित्र थइ तुने खराब करवा इच्छतो हतो, अने तुं धर्मिष्ठ तथा साम्यभाववाळो होवाथी तेनुं तुं सारुं करवा इच्छतो हतो. अने पूर्वभवें तारे धर्म सहाय होवाथी आ भावमां सर्व संपत्ति तथा मान स्वतः प्राप्त थयुं छे अने ते पूर्वभवें धर्मद्वेषी होवाथी जन्म जन्मने विषे घणोज दुःखी थाशे. कहेलुं छे के ॥श्लोक॥ रणेऽर्णवेंगणेऽरीणां, स्मशाने सदने वने॥ धर्म मित्रं श्रितं पाति, शैले व्याले जलेऽनले ॥ १ ॥ धर्मः सुप्तेषु जागर्त्ति, साल स्येषु प्रयत्नवान् ॥ स्थितानां सविधस्थायी, प्रस्थितानां सचाग्रणी ॥ १ ॥ अर्थः—रणमां, समुद्रमां, शत्रुसमुदायमां, स्मशानमां, घरमां, वनमां, शैलमां, जलमां, अग्निमां, आश्रय करेलो जे धर्म छे, ते जीवनुं रक्षण करे छे ॥ १ ॥ कदाचित् धर्मिष्ठ जीव, जो सुइ रहे छे, तो पण तेनो धर्म तो जागतोज रहे छे. कदाचित् धर्मिष्ठ जीव आलसमां रहे छे, तो पण तेनो धर्म तो प्रयत्नवान्ज रहे छे, कदाचित् धर्मिष्ठ जीव, बेसी रहे छे, तो पण तेनो धर्म तो उद्योग करतोज रहे छे, अने वली धर्मिष्ठ पुरुष, ज्यारें प्रयाण करी ग्रामांतर जाय छे, तो तेनी पहेलां धर्म प्रयाण करी ग्रामांतर जाय छे. माटे हे सुंदर! विश्वोपकार करणरसिक एवा श्रीधर्माचार्यें बता वेला एवा जिनधर्मने विषे आदरवान् था. अने हे गुणधर! जे मूढप्राणीयो ते गुरुपर द्वेष राखे छे, तेणें सद्धर्मनो अने सुदेवनो पण द्वेषज कर्यो, एम जाणवुं. अने ते जीवो सन्निपातिकप्राणीनी पठें मरण पामे छे. हे भाइ! जो. पोतानी आजीविकाना नाश थवाना भयथी ते मोहनें राजाने मिथ्यात्वनो उपदेश कर्यो, अने ज्यारें जिनप्रिय श्रावकें तेने खूब सम जाव्यो, त्यारें तेणें तेनी साथें पण द्वेष कर्यो, अने ते पछी साधुउनी पण घणीज निंदा करवा मांडी, तेथी तेने तेवा क्लिष्ट कर्मना उदयथी मिथ्यात्व बंधाणुं. ते भवार्णवमां नरकतिर्यग्नेविषे भम्याज करशे. अने ते कदाचित् नरजन्मने प्राप्त थाशे, तो पण दुःख, दारिद्र, रोग, शोक, तेने भोगवशे, परंतु तेना दुःखोनो पार आवशे नहिं. आवां वचन मुनिनां सांभळी गुणधर बोल्यो के हे भगवन्! ते सुमित्र हाल वारिधिने विषे पडी मरण पामी क्यां अव

तथो हशे? त्यारें गुरु बोल्या के हे गुणधर! समुद्रमां पडेलो एवो ते सुमित्र, जलना कल्लोलथी घसरडातो अने मोहोटा मत्स्योयें विदार्यु ने शरीर जेनुं एवो थको मरण पामीने सांकेतपुरमां एक दरिद्री ब्राह्मणने घेर दुर्गता नामा ब्राह्मणीना उदरने विषे दुष्कर्मरूपराजाना नटोयें पुत्रपणायें नाख्यो. ते एक वर्ष पर्यंत तेना उदरमां रहीने पढी अंधत्वरूपदंडें युक्त थको मोहोटा कष्टथी जन्म्यो. त्यां तेनुं केशव एवुं नाम पाड्युं. ते कुकर्मदोषथी खस, कास, श्वास, चक्षुरोगादिक बहुवेदनायें करी युक्त अने पोताना माता पिताने उद्वेग करतो थको हाल ते महोटो थाय ने. आ प्रकारनो ते मोहननो पापसंपर्क सांजली नयभ्रांत एवा ते गुणधरें पोताना माता पितानी आज्ञा लइने ते महामुनिना चरणने विषे नमन करी तेनीज पासेंथी कर्मकंदनी उपर कुद्दाल सरखा श्रामण्यने स्वीकार्युं. पढी रूडी रीतें जाण्यो ने जैनसिद्धांत जेणें अने शुद्ध रीतें चारित्रने धारण करनार एवो ते गुणधर, गुरुपादना प्रसादथकी मनोहर एवा सूरिपदने प्राप्त थयो. ते हुं पंमंज बुं. एम कहीने ते पुरुषोत्तम राजाने कहे ने, के हे पुरुषोत्तमराजा! जे में वीरांगदराजा कह्यो, ते हाल तुं पुरुषोत्तम राजा थयेलो बो. ते पूर्व नवमां साधुना अत्यंत वैय्यावृत्यथी थयेला पुण्यना सुखोने शुक्र देवलोकने विषे नोगव्युं ने, अने पाठां शेष रहेलां पुण्योने, आ जन्ममां राज्यसुखथी नोगवे ने. माटें पूर्व जन्मनी परें हाल पण तुं चारित्रने अंगीकार कर. अने हे पुरुषोत्तम! तारा पूर्ववाथी में तुने जेना संगथी आ कपिंजल पुरोहित नास्तिक थइ गयो ने, ते तेना मामा अंध एवा केशवना पूर्वजन्मनो सर्व व्यतिकर कही बताव्यो, तथा ते प्रसंगें तारा अने माहारा पण पूर्वजन्मनी वात कही बतावी. आ प्रकारनां मुनिनां वचन सांजली उत्पन्न थयुं ने जातिस्मरण ज्ञान जेने एवो ते सांकेतपुरपति पुरुषोत्तम राजा, मुनिने नमन करी कहेवा लाग्यो के, हे नगवन्! आपें जे सर्व व्यतिकर कह्यो, तेनी यथार्थ मने खबर पडी. अने हे नगवन्! आ आपना उपदेशथी हुं अत्यंत संतोष पाम्यो बुं. वली आप शरणागत जीवना पालनमां महोटा उत्साहवाला बो, तेथी आपनी पासें विनति करी मागुं बुं, के हुं मारा राज्यनो त्याग करी आपनी पासेंथी दीक्षा लेवा इछुं बुं, तेथी मने दीक्षा आपो. आम ज्यां कहे ने,

त्यां तो त्यां बेठेला कपिंजल पुरोहितने पण ते गुरुवर्यना उपदेशथी जातिस्मरण ज्ञान उत्पन्न थयुं, तेथी ते बोल्यो के हे महाराज ! हाल में मारा दुर्नयनुं फल दीठुं. माटे हे जगवन्! हवे मने दुःखथी काढो, काढो. ते सांजली पुरुषोत्तम राजा बोल्यो के हे मुनींद्र! आ कपिंजल कहे छे, के में दुर्नयनुं फल दीठुं, अने हवे मने दुःखथी काढो काढो. तो हे महाराज! एणें दुर्नयनुं ते केवुं फल दीठुं छे? ते कहो. ते सांजली मुनि कहे छे के हे राजन् ! सांजल. आज गाममां आ जे हाल कपिंजल छे, ते पूर्वे शिव देव नामा श्रावक हतो, ते प्रकृतियें प्रांजलस्वजावी, अने अणुव्रत, सामा यिक, पौषध, तेने विषे अत्यंत रुचिवालो तथा ब्रह्मचर्यवान् हतो, परंतु तेने आज गाममां रहेनारा पूर्वोक्त मोहननो संग होवाथी ते मोहननी करेली मोहजालमां फसाइ जइ, ते मोहननी पेठेंज यतियोनो निंदक, सामायिकने न करनार, गुरुवचन पर अविश्वासी, साधुवंदनमां अना दरी, तथा साधुउने अन्न, पान, वस्त्रने न आपनार, ते साधुउनां वैय्या वृत्त्य प्रमुख करवामां अनादरी, श्रावक न ठतां श्रावकपणानो मोल घालनार, तथा करेला पापनी आलोचनाने न करनार, साधुनी आ ज्ञानो विराधक थयो तेथी ते शिवदेव मरण पामी, प्रथमकिल्बिषियो देव थयो. त्यां पण दुर्जाग्य कर्मोदयथी तेने समृद्धिवान् एवा सर्व देवोयें पोतानी पंक्तिथी बाहार कस्यो, तेथी ते त्यां अपवित्र एवा स्मशानादिक मां घणोक काल परिच्रमण करी त्यांथी चवी, चंपानगरीने विषे चांमाल थइने अवतस्यो. त्यां पण पंचेंद्रियप्राणीना नाश करवारूप पापपुंजें करी पाठो धूमप्रजानामा पांचमी नरकजूमिने विषे नारकी थइ अवतस्यो. त्यां पण घणांज दुःखो जोगवीने पाठो आ गाममां आ कपिंजलनामा पुरो हित थइ अवतरेलो छे. हवे आ कपिंजलने पोताना मामा केशव साथें प्रीति थइ, तथा तेनो उपदेश पण मान्यो, तेनुं शुं कारण ? तो के आ केशवनो जीव ज्यारें मोहन हतो, त्यारें आ कपिंजलनो जीव, शिवदेवश्रावक हतो, तो त्यां पण ते बेहुने परस्पर प्रीति हती. तथा ते शिवदेव मोहननो उपदेश मानतो हतो. अने हवे ज्यारें ते मोह ननो जीव, कपिंजलनो मामो केशव थयो, त्यारें शिवदेवनो जीव आ

कपिंजल पुरोहित थयेलो छे. तो ते बेहुने आ जन्ममां पण पूर्वान्या सथी परस्पर प्रीति छे, तथा पूर्वनी परें पोताना मामा केशवनो उपदेश आ कपिंजल माने छे. अने ते शिवदेव जे हतो, ते रुजुस्वनावी हतो, वली ते शिवदेवनो जीव हाल कपिंजल थइ अवतर्यो छे, तेथीज हाल आ कपिंजल पोताना जातिस्मरण ज्ञानथी बोध पामेलो छे. अने ए केशव जे छे, ते पूर्वे मोहनना नवमां गुरुद्रोही होवाथी तीव्रानिनिवेश मिथ्यात्वथी दुःखित थयो थको नवार्णवने विषे घणोक काल नटक्या करशे ॥ गाथा ॥ सप्नावेण वहंति संयमनरं जे नत्तिए सत्तीए, नाणुज्जोय तवोवहाण विहिणा तित्थुन्नई कारिणो ॥ कुवं ताण गुणीण नाणमणिसं ही लंति जे बालिसा, अप्पाणं नरयानले मुहु मुहु पाडंति मूढा मुहा ॥ १ ॥ कामारंन परिग्गहग्गहपरा नोगोवनोगत्थिणो, जे बंनवय धारिणे मुणिवरे हीलंति मोहातुरा ॥ ते कांणंध य कुंठ मूट बहिरा दारिद्दिणो रोगिणो, संसारे सुइरं सरंति समयं, हिलिज्जमाणा जणा ॥ २ ॥ अर्थः- सन्नावें करीने जे संयमनारने वहन करनार, पोतानी नक्तियें अने शक्तियें करी विधिथी ज्ञानोद्योत, तप, उपधान, तथा तीर्थनी उन्नति तेने करनार, गुणवान्, ज्ञानवान् एवा मुनियोनी जे बालीश पुरुषो, अहोनिश हेलना करे छे, ते पुरुषो, वारं वार पोताना अत्माने वृथा नरकरूप अनलने विषेज नाखे छे, ॥ १ ॥ कामारंन वगेरे परिग्रहने ग्रहण करनारा, नोग अने उपनोगना अर्थी एवा जे पुरुषो ते मिथ्यात्वमोहयुक्त थका जे पुरुषो, ब्रह्मचर्य व्रतने धारण करनारा एवा मुनिवरनुं हेलन करे छे, ते पुरुषो, काणा, आंधलां, टूंटा मूंटा, बहेरा, दरिद्री, रोगी, निरंतर हेलना पामता थका घणोक काल संसारने विषे फर्या करे छे ॥ २ ॥ वली हे राजन्! जे गुरुना अवर्णवाद बोले, ते अर्हन्मार्गने पामीने पण नवार्णवमां मूबे छे, ते माटे विवेकी जीवें गुरुतत्त्वनुं आराधन करवुं. केम के गुरु विना आ नवाब्धिना दुःखोनो पार आवतो नथी आ प्रकारनी देशना सांनलीने ते पुरुषोत्तम राजायें पोताना पुरुषचंद्र नामा पुत्रने पोतानी राज्यगादीपर बेसारी कपिंजल पुरोहितादिकनी साथें परमप्रमोदें करी प्रव्रज्याने ग्रहण करी. हवे ते कनकध्वज राजा पण आ प्रकारनुं ते सर्वनुं चरित्र सांनली तथा जोइने विस्मय पामी बे

हाथ जोडी ते मुनींद्रने कहेवा लाग्यो, के हे नगवन्! हुं पण मारा जय सुंदर नामा लघु बांधवने मारो राज्यनार सोंपी आपनीज पासेंथी संसार समुद्र तरणमां पोत समान एवा चारित्रने स्वीकारीश? ए सांनली मुनि कहे छे, के हे राजन्! ठीक कह्युं केम के तमारी जेवाने तो बालकना करेला धूडना गृहसमान आ राज्यथी विराम पामी मुक्तिरूप राज्य करवुंज उचित छे. हे नृप! कोटि द्रव्यना वेपार करनारने कोइ दिवस काचना कटका लेवानी इच्छा थाय? ना नज थाय. वली रत्नानरणोथी नरपूर एवा ना ग्यवानने कोइ दिवस पित्तलना अलंकार पहेरवानी इच्छा थाय? ना नज थाय. तेम शमसाम्राज्यना अनिलाषी एवा पुरुषोने आ राज्यनी इच्छा थाय? ना नज थाय. आवां गुरुनां वचन सांनली ते कनकध्वज राजा, पोतानें गाम आवी सामंत, मंत्री तेमनी समीप, पोताना नानानाइ जय सुंदरनामा युवराजने कहेवा लाग्यो के हे वत्स! तुं आ राज्यने ग्रहण कर्य, कारण हवे मारी संयम लेवानी इच्छा थइ छे. ते सांनली जयसुंदर कुमार बोल्यो के हे महाराज! आपने आवुं बोलवुं योग्य छे? वली पोता ना अंतरंग मित्रने तथा नाइने आ राज्यरूप बंधीखानामां नाखीने आप जेवा उत्तम पुरुषने पलायन करवुं उचित छे? अने हे प्रनो! संसारना स्व रूपने जाणी गुरुना वचनामृत तत्त्वने पीने विषतुल्य एवा विषयोने विषे आपनी पठें मारुं पण मन आनंद पामतुं नथी. हे ज्येष्ठबंधो! झाजुं शुं कहुं? परंतु स्वहितैषी एवो हुं पण आपनी साथेंज दीक्षाने ग्रहण करीश. हवे मारे पण आपनी जेम कांइ राज्यनी जरूर नथी. आ प्रका रनो जयसुंदर कुमारनो पण दीक्षा ग्रहणनो निश्चय सांनलीने ते कनक ध्वज राजायें राज्यलक्षणलक्षितांग एवा पोताना कनककेतुनामा कुमा रने तुरत राज्यगादी पर बेसार्यो. पछी कनकध्वज तथा जयसुंदर ए बेहु नाइयें, मंत्री, सामंत, मंमलेश्वर वगेरेनी साथें ज्यां गुरु बेठा छे, त्यां वनमां जइ गुरुने प्रणाम करीने दीक्षा लीधी. त्यारें कनककेतु राजा, पोतानी इच्छा प्रमाणें दीक्षामहोत्सव करी तेउनां चरणारविंदनुं वंदन करी पिताना अने काकाना विरहदुःखथी दुःखित थयो थको घेर आव्यो.

हवे ते कनकध्वज तथा जयसुंदर ए बेहु मुनीश्वर, निर्मलचारित्रने पालनार, तथा पांच समिति, त्रण गुप्ति तेने धारण करनार, ज्ञान अने

चारित्र तेना आराधक थया ॥ श्लोक ॥ तौ शुद्धसिद्धांतसुधां पिबंतौ ती व्रैस्तपोन्निश्च तमःक्षिपंतौ ॥ निर्दोषन्नुक्तौ गुरुपादन्नक्तौ त्रिगुप्तिगुप्तौ सुयतित्वमाप्तौ ॥ १ ॥ रत्नत्रयोपासनसावधानौ, जितेंद्रियौ मोहजयैकतानौ ॥ सुपर्वणामप्यन्निवंदनीयौ, जातौ मुनीनामपि पूजनीयौ ॥२॥ हेमंते तिष्ठतस्तौ निरशनवसनौ कानने कंदरे वा, कायं चातापयंतौ ज्वलडुपलतले ग्रीष्मकाले कराले ॥ वर्षारंन्ने गुहादौ सपदि निविशतः कूर्मवद्गुप्तगात्रौ, वीरौ धीरौ सुमेरोरपि रविमहसौ वारिधीशाद्गन्नीरौ ॥३॥ अनुत्तरे सद्विषये प्रधानके, मृत्वा गतौ तौ विजये विमानके ॥ द्वात्रिंशदब्धिप्रमितायुषौ सुरौ, जातौ विशुद्धावपि ज्ञानन्नास्करौ ॥ ४ ॥ अर्थः- ते बेहु मुनि, शुद्धसिद्धांतरूप अमृतना पान करनार, तीव्रतपोयें करी पापने नाश करनार, निर्दोष आहारने न्नोजन करनार, गुरुपदनी न्नक्ति करनार, त्रण गुप्तियें करी गुप्त, शुद्धयतिपणाने प्राप्त थयेला ॥ १ ॥ ज्ञान, दर्शन अने चारित्र, ए त्रण रत्नने पालन करवामां सावधान, जितेंद्रिय, मोहराजाना जय करवामां तत्पर, देवोने पण अन्निवंदनीय, तथा मुनियोने पण पूजन करवा योग्य एवा ॥ २ ॥ ते बेहु रुषियो, शीतकालने विषे वनमां तथा पर्वतनी गुफामां अशन तथा वस्त्र तेनो त्याग करी रहे ठे. अने ग्रीष्मकालने विषे न्नयंकर एवा सूर्यना तापथी तपेला पाषाणपर बेसी पोतानी कायाने तपावे ठे. तथा वर्षाकालने विषे कूर्मनी पठें पोताना हस्त पादादिकने गोपवीने पर्वतनी गुफाप्रमुखमां प्रवेश करीने रहे ठे. आ प्रकारें परिसह सहन करवामां वीर, अने मेरुपर्वतथी पण धीर, सूर्यनी कांति समान ठे कांति जेनी अने समुद्रथी पण गंन्नीर, शुद्ध एवा ज्ञानें करी न्नास्कर समान ते बेहु मुनियो, चारित्र पाली, अनशनव्रत अंगीकार करी, समाधिमरणथी मरण पामीने जेमां अनुत्तर सुख न्नोगवाय ठे, अने अतिउत्तम, एवा विजय विमानने विषे बत्रीश सागरोपमने आउखे अहारमे न्नवें अहमिंद्रदेव पणे मित्र थइने अवतस्या ॥ इति पृथ्वीचंद्रगुणसागरचरित्रे श्रीजयसुंदरमुनिकथायुक्त कनकध्वज जयसुंदर न्नातृयुगलवर्णननामा नवमः सर्गः संपूर्णः ॥ए॥

आहिं शंखराजा अने कलावतीना न्नवथी मांमीने पृथ्वीचंद्र अने गुणसागरना अढार न्नव संपूर्ण थया ॥ १७ ॥

॥ अथ ॥

## ॥ दशमसर्गस्य बालावबोधः प्रारभ्यते ॥

॥ जीयासुः सद्गौरिवार्हद्गौ,श्चतुश्चरणधारिणी॥सदैव विबुधानां या, पुण्य पीयूषवर्षिणी ॥१॥ अर्थः—उत्तम एवा पुण्यरूप पीयूषने दूजती तथा चारचर णने धारणकरनार जाणे कामधेनुज होय नहिं? एवी जे अरिहंत भगवाननी वाणी रूप गाय, ते निरंतर जयवंती वर्त्तो. जेम कामधेनुने चार चरण छे, तेम अरिहंत भगवाननी वाणीरूप गायाने पण चार चरण छे ॥१॥ आ प्रमा णें मंगलाचरण करीने कवि कहे छे, के ते कनकध्वज राजा, विजयविमानमां आढारमे भवें अहमिंद्र थयो, अने त्यांथी च्यवीने क्यां अवतर्यो? ते कहुं छुं. हवे संपत्तियोथी स्थल स्थलने विषे सुशोभित छे उद्देशो जेना अने सर्वक्लेश वर्जित, एवो एक अभंगनामा देश छे. जेमां घरो छे, ते महोटा गाम जेवां छे. अने गाम छे, ते नगरसमान छे अने नगरो छे, ते सुरपुर समान छे. ते देशमां रिपु एवा राजाउयें पण जे कंपायमान न थाय, अने सद्व्यायमंडपवालुं, लक्षावधि द्रव्यवान्, बुद्धिमान् अने विवेकवान् एवा जनोयें जेमां निवास कर्यो छे एवुं चंपापुरी एवे नामें नगर छे. ते नगरनुं, जय एवे नामें राजा राज्य करे छे. ते राजानी विकसितकमल समान लोचन वाली, सुधासमान वचन बोलनारी, अने सुवर्णसदृश देहवाली एवी प्रियमती नामा पट्टराणी छे. तेवी मनोहर स्त्रीनी सार्थे भोग भोगवतां ते राजाने एक लाख वर्ष, क्षणार्द्ध समान चाल्यां गयां.

हवे विजयविमानमां अहमिंद्र थयेलो एवो ते कनकध्वज राजानो जीव, त्यांथी चवी पूर्वोक्त प्रियमती नामा पट्टराणीना उदरने विषे आव्यो. ज्यारें ते गर्भमां आव्यो, त्यारें राणीने एक स्वप्न आव्युं. ते स्वप्नमां तेणें शुं दीठुं? तो के जाणे पोतें राजाना सिंहासन पर बेठी होय, अने पोतानेज पोताना स्वामी जय राजायें जाणे मणिजडित मुकुट पहेराव्यो होय? तेम दीठुं. त्यां तो प्रभात काल थवाथी प्रतिदिनना रीवाज प्रमाणें मागध लोकोयें आवी म नोहर शब्दथी मांगल्य करवा मांड्युं. ते सांभली अत्यंत प्रमोद पामेली राणी, शय्याथी उठीने पोताना स्वामी पासें आवी. अने ते स्वप्ननी वात कही आपी. ते सांभली राजायें कह्युं के हे प्रिये! आ स्वप्नथी तमारे पृथि

वीने विषे प्रसिद्ध अने राजाधिराज एवा नामने धारण करनारो, मनोज्ञ एवो एक पुत्र प्रगट थाशे. एम कहीने पछी ते दिवसें राजायें पोतानी राज सभामां आवी विद्वान एवा स्वप्नपाठकोने बोलाव्या. अने तेनुं पूजन करीने तेने स्वप्ननी वात पूछी. त्यारें ते स्वप्नपाठकोयें पण जे स्वप्नफल,राजा यें कह्युं हतुं, तेज कह्युं. ते सांभलीने राणी अत्यंत प्रसन्न थइ, अने प्रशस्त एवा पोताना गर्भनुं संरक्षण करवा लागी. हवे ते गर्भ ज्यारें पांच मासनो थयो, त्यारें ते गर्भना प्रभावथी प्रियमती राणीने सच्चैत्यना तथा यतिना पूजनना दोहद उत्पन्न थया. एटले ते राणीना मनमां एवी इछा थइ के हुं चैत्यमां जइ जाणे प्रतिमानुं पूजन करुं, धर्मनी प्रभावना करुं, सुपात्रने दान आपुं, साहामिवत्सल करुं ? पछी ते दोहदनी वात राजाने कही, त्यारें राजा तो जेम कोइ मांदा माणसनें जे वाहलुं होय, अने पाछुं वैद्य कहे, अने ते जेम खुशी थाय, तेम अत्यंत प्रसन्न थयो. अने ते राणीना पूर्वोक्त सर्व दोहद अतिहर्षथी विशेषें करी पूर्ण कर्या. ते समयने विषे जेम यमराजाना आववानी इछा कोइ न करें, तेम जेना आववानी कोइ पण इछा करतुं नथी, एवो ग्रीष्मकाल आव्यो.

हवे ते ग्रीष्मकाल केहवो छे? तो के कलिनी पठें प्रियदोष छे. एटले कलियुगमां पण घणा मनुष्यनी बुद्धि दोष एटले पाप करवानी थाय छे, तेम आ ग्रीष्मकालमां पण लोकोने दोषा जे रात्रि ते प्रिय होय छे, केम के दिवसमां सखत ताप पडवाथी सहु कोइने रात्रि प्रिय लागे छे. वली ते ग्रीष्मकाल केहवो छे ? तो के ग्राम्य पुरुषनी पठें जडने मान देनारो छे, एटले कोइक अज्ञानी ग्राम्यजन होय, ते पोतें मूर्ख होवाथी बीजा जड मनुष्यनेज मान आपे छे. तेम आ ग्रीष्मकाल पण जड एटले जेने सुख दुःखनी कांइ खबरज नथी एवा पशु समान माणासोने सुखदायक छे. परंतु ते सुज्ञ पुरुषने सुखद लागतो नथी. वली ते ग्रीष्मकाल कहेवो छे ? तो के कदरी जननी पठें सतृष्ण छे. जेम कदरीजननी पासें घणुंज द्रव्य होय, तो पण तेनी द्रव्यतृष्णा मटतीज नथी. तेम आ ग्रीष्मकालमां पण लोकोनी जलतृष्णा मटतीज नथी. वली ते ग्रीष्म काल केहवो छे ? तो के कुनृपनी पठें विषयनाशक छे, जेम कुराजा होय, ते पोताना विषय जे देश तेनो नाश करे छे, तेम आ ग्रीष्मकाल पण विषय जे इंद्रिय

सुख तेनो नाश करे छे. अर्थात् जेवुं इंद्रियसुख बीजी रुतुमां आवे छे, तेवुं आ ग्रीष्म रुतुमां आवतुं नथी. वली ते ग्रीष्मकाल कहेवो छे ? तो के खल जननी पठें घणाक जन साथें वैर वसावनारो छे. एटले जेम खलजन छे, ते पोताना खराप आचरणथी तथा कटुवाक्यथी सद्रु कोइनो वैरी थाय छे, तेम आ ग्रीष्मकाल पण पोताना सखत तापथी सद्रुकोइ जनने वैरी जेवो लागे छे. वली ते ग्रीष्मकालमां मित्रें पण पोतानुं मैत्र्य मूकी दीधुं छे. एटले सर्वजगतनो मित्र एवो जे सूर्य, तेणें पोतानुं यथा योग्य तपवारूप मित्रिपणुं मूकी दइ जगत पर उग्र ताप नाखवा मांड्युं छे. वली ते ग्रीष्मकालें आवा महोटा सूर्यनुं पण अपमान कराव्युं छे ? एटले ग्रीष्मकालमां आकर ताप पडवाथी ते सूर्यतापनां प्रतिस्पर्द्धि एवां जे शीतद्रव्यो, तेनो लोको उपजोग करे छे. अर्थात् सूर्यनां प्रतिस्पर्द्धि एवां जे शीतल द्रव्य, तेनुं लोको मान करे छे, तेथी ते सूर्यनुं अपमानज थयुं. कह्युं छे के ॥ गाथा ॥ चंदो चंदणपंको, जलं जलंदा समीरणो हारो ॥ पल्लवसज्जा मल्लिय, फुल्लाइ हरंति हीयाहिं ॥ १ ॥ श्लोक ॥ तल्पं तामरसं ताली, तिलकं तारकापतिः ॥ तालवृंतस्तरंगिण्यः, ग्रीष्मे सप्त सुखावहाः ॥ २ ॥ धारा यत्र तुषारसारकणिका, निर्वारितोष्मोदयः, श्रीखंडागरुधूपवासि रुचिरं हर्म्यं सचंद्रोदयम् ॥ शय्या पुष्पमयी च चंदनरसः कर्पूर कस्तूरिका, वासः स्वछमकंचुका प्रियतमा ग्रीष्मे सुखस्यास्पदम् ॥ ३ ॥ अर्थः– चंद्र, चंदननो पंक, टाढुं जल, ठंडा जलना फुवारा, शीतल पवन, पुष्पना हार, पल्लवनी शय्या, मल्लिकानां पुष्पो. ए आठ वानां ग्रीष्म कालने विषे हृदयने सुखनां देनारां छे ॥ १ ॥ वली उत्तम शय्या, कमल, ताडफल, शीतल चंदननुं तिलक, चंद्रमा, ताडनो पंखो, अने नदियो. ए सात वानां ग्रीष्मकालने विषे सुखनां देनारां होय छे ॥ २ ॥ वली टाढा अने उत्तम जलना फुवारा, जेमां ताप लागतो नथी एवुं स्थल, श्रीखंड, अगरु, तेना धूपथी वासित अने जेमां चंद्रमानां किरणो पडतां होय एवुं मनोहर गृह, पुष्पमय शय्या, चंदनरस, कर्पूर, कस्तूरिका, स्वछ अने श्वेत एवां वस्त्रो, कंचुकी विनानी स्त्री. ए नव वानां ग्रीष्मकालने विषे सुखदायक होय छे ॥ ३ ॥ हवे आ प्रकारनां जयंकर एवा ग्रीष्मकालने विषे प्रियमती पट्टराणीयें युक्त एवो ते जयराजा, मनोहर वृक्षोनी छे शोजा

जेमां एवा वनने विषे गयो. ते वनमां एक वापिकाने केसर, कपूर, अगरुचं दन,कस्तूरी, तेमना रजःपुंजें, करी पीला तथा सुगंधित एवां जे जल, तेणे युक्त करी. पढी ते वापिकामां ते स्त्री पुरुष पडी तेना जलथी घणीवार सुधी प रस्पर जलक्रीडा करी. अने तेथी ते बेहु जण श्रमित थइ गयां. तदनंतर ते जय राजा त्यांथी जरा दूर एक डाक्षामंमप हतो, त्यां जइ बेगे. अने प्रियमती राणी तो त्यां निकटना वृक्षनी नीचेंज बेठी. हवे वीणा वगाडवामां श्रेष्ठ एवा जय राजायें हाथमां वीणा धारण करीने किन्नरथी पण न गाइ शकाय तेवां गीतगान करवानो प्रारंन करी गावा मांम्युं. तेवामां ते राजाना गुणोथी, स्वरूपथी अने वीणाना नादथी, ते वननी जे वनदेवी हती, ते मो हित थइ गइ तेथी ते राजाना संगमने इछवा लागी, पढी कामाग्निथी तप्त थइ एवी ते वनदेवी, प्रियमती राणीनी दासीनुं रूप धारण करी ज्यां ते राणी बेठेली ढे, त्यां आवी हाथ जोडी कहेवा लागी के बाइसाहेब ! आपना पति माहाराजायें मारी सार्थे कहेवराव्युं ढे, के राणीने कहो जे आहिं आव्यां घणी वार थइ ढे, माटे घेर जाय ? ते वाक्य सांनली राणी तुरत पोतें घर तरफ चाली गइ. तदनंतर ते वनदेवी, मनोहर वस्त्रानरण नूषित एवी का मिनीनुं रूप धारण करी ते जय राजा पासें आवी, हाव, नाव, कटाक्ष करीने ते जय राजाने कहेवा लागी, के हे राजन् ! आपना गुण, रूप अने राग, तेणें करी हुं मोहित थइ गइ बुं, माटे मनें रतिसुख आपी शांत करो. वली आहिं कोइ ढे पण नहिं. ते वचन सांनली कोपायमान थइ ब्रह्मचर्य व्रत नंगना नयथी तेनी ना कही ने कह्युं के, हे कुलटे ! तुं जलदी माराथी दूर था. नहिं तो अधर्मदूषित एवी तुं मारा क्रोधरूप अनलने विषे पतंगनी पेठें बली जाइश. अने तें धारेलो एवो अधर्म, जो मारा देशमां थातो होय, तो हुं ते अधर्म कोइ कालें थावाज दउं नहिं, तो तेवा अधर्मने हुं पंमेज करुं ? वली तारी पठें कोइ पुरुषने में जो अधर्म करतो जोयो होय, तो तेनो हुं नाशज करुं. अने वली तारो पण हुं नाशज करत, परंतु तुं स्त्री बो, माटे लाचार बुं. कारण के शास्त्रमां वाक्य ढे के " अवध्या स्त्रीः " वली हे स्वैरिणि ? विश्वतमोहरणकरणशील एवो आ जे रवि, ते शुं कोइ दाडो पोतानां उज्ज्वलकिरणोथी अंधारुं करे ? ना नज करे, तेम दानी, मानी, धनी, धीर, वीर, कीर्त्तिमान् एवो माणास, कोइदिवस परस्त्रीमां आसक्त

थाय ? ना नज थाय. कहेलुं छे के ॥ श्लोक ॥ दत्तस्तेन जगत्यकीर्त्तिप टहोगोत्रे मषीकूर्चक, श्चारित्रस्य जलांजलिर्गुणगणारामस्य दावानलः ॥ संकेतः सकलापदां शिवपुरद्वारे कपाटोद्दढो, कामार्त्तस्त्यजति प्रलोदय निदां सुस्त्रीं परस्त्रीं न यः ॥ १ ॥ अर्थः– कामार्त्त एवो जे पुरुष, पोतानी कीर्त्तिने नेद करनारी मनोहर एवी परस्त्रीनो त्याग नथी करतो, ते पुरुषें जगतने विषे अपकीर्त्तिनो पटह वगडाव्यो, तथा तेणें पोताना गोत्रने विषे मशनो कुचो दीधो, चारित्रने जलांजलि दीधी, अने गुणगण रूप आराममां दावानल लगाड्यो. तथा सकल आपत्तियोने आववाने संकेत बताव्यो, अने वली तेणें शिवपुरद्वारना दृढ कमाड दीधां ॥ १ ॥ आवां वचन सांजल्यां तो पण ते स्त्री, राजाने कहेवा लागी के हे विजो ! मने तमें परस्त्रीं न जाणजो. हुं तो निरंतर तमारा गुणमां अने रूपमां रक्त एवी वनदेवी बुं. माटे स्मराग्निथी ताप पामेली एवी जे हुं, ते मुने तमारा संगमरूपअमृतथी सिंचन करो. अने हे नाथ ! तमो कहेवा बो ? तो के हुं जेवीनी प्रार्थनाना नंगमां नीरु बे, तथा वली कारुण्यना नंमार बो. माटे मारो त्याग न करी, मारुं सेवन करो. आ प्रकारनुं ते वनदेवीनुं वचन सांजली जयराजा क्रोधायमान थइ क्रूर वचनथी कहेवा लाग्यो के हे डुष्टे ! हे निर्लज्ज ! हे पापिणि ! तुं आवा कुकर्माचरण करवानी इच्छाथी उत्तम एवा देवपणाने वगोवे बे ? जा. हे पुंश्चलि ! तारी साथें हुं बोलनार नथी. अने हवे तो जेम बने तेम तुं मारी नजरेंथी दूरज था. कारण के हुं तुज पापिणीनुं मुख जोवाने इच्छतो नथी ? आवां तिरस्कारनां वचन सांजली ते देवी, तुरत अंतर्ध्यान थइ गइ. अने पबी ते विचारवा लागी के कोइ पण रीतनुं कपट करीने मारे आ राजा साथें रतिसुख तो लेवुंज ? एम विचारीने कामातुर एवी ते स्त्री, बल करवानो अवकाश जोया करे बे. ते समयमां जयराजा विस्मय पामी ते वात, पोतानी स्त्रीने कहेवा माटे ज्यां वृक्षनी नीचें पोतानी स्त्री बेठी हती त्यां गयो. अने त्यां जइ जोवे, त्यां तो ते राणीने दीठी नहिं. त्यारें तेणें विचार कर्यो के आहीं राणी नथी, परंतु ते घेर गइ हशे ? एम जाणी पोतें पण घेर गयो. ते समयमां अवकाश जोइने ते व्यंतरीयें सगर्जा एवी प्रियमती राणी ज्यां घरमां बेठी हती त्यांथी तेने उपाडीने प्राचीदिशामां घणेज

दूर एक उजड वनमां नाखी दीधी, अने पोतें पाछुं राणीनुं रूप ग्रहण कर्युं. अने दासीने कह्युं के हे दासि! माहाराजने जइने कहे, के आपने राणी साहेब बोलावे छे. ते सांभली ते दासी जे हती ते तत्काल राजा पासें आवी विनति करी कहेवा लागी के महाराज! आपने राणीसाहेब बोलावे छे? ते सांभली राजा बोल्यो के हुं पण आववानो विचारज करतो हतो, माटे जा. हुं आवुं छुं. एम कहीने ते जयराजा अंतःपुरमां आव्यो, त्यां तो ते व्यंतरी जलदी सामी आवी, लज्जा रहित थइ वेश्यानी पठें विचित्र एवा आलिंगनादिक उपचारो करवा लागी. ते जोइने राजायें विचार कर्यो के अरे! आ देखवामां तो राणी जेवी लागे छे, परंतु आचरणथी राणी नथी. कारण के जो राणी होय, तो आम बोल्या चाल्या विना सर्वेनी समक्ष निर्लज्जपणुं करे नहिं. माटे मने लागे छे के राणीनुं रूप धारण करी आहीं आवी बेसनार ते व्यंतरीज छे. एम जाणी क्रोधायमान थइ, तेनी पर एक मुष्टिनो प्रहार कर्यो, तथा तेने केश पकडी, ढरडी, घणीक गालो दइ, धक्को मारी, घरमांथी काढी मूकी. त्यारें ते व्यंतरी पण भयभीत थइ, तुरत जाणे चित्रामणनी पूतली होय नहिं? तेम थइ गइ. पछी निराश थइने ते अंतर्ध्यान थइ गइ. तदनंतर जयराजायें विचार कर्यो के आ व्यंतरी मारामां अति आसक्त थवाथी मारी पछवाडेज पडी छे, तो ते एक क्षण वारमां कांइक न समजाय तेवुं छल करी मारा अमूल्य एवा ब्रह्मचर्यव्रतनो भंग करी नाखशे. माटे हवे मारे तेनो खूब विचार राखवो? एम विचारीने वली पण विचारवा लाग्यो के अरे! ए तो ठीक, पण मने आहीं आव्यो जाणे छे, ते छतां राणीने घरमांथी बाहार आवतां विलंब केम लाग्यो हशे? चाल, हुं तेनो तपास करुं? एम विचारी अंतर्गृहमां जइ तपास करे, त्यां तो राणीने दीठी नहिं. त्यारें ससंभ्रम थइ तत्रत्य सर्व परिवारने पूछवा लाग्यो के हे लोको! राणी क्यां छे? त्यारें त्यां रहेलां कोइ पण माणसने राणीना जवानी खबर न होवाथी तेउयें कांही पण उत्तर आप्यो नहिं. त्यारें राजायें जाण्युं जे अरे! जरूर मारी पछवाडे पडेली ते दुष्टसूरीयेंज मारी राणीनुं हरण कर्युं छे? एम निश्चय रीतें जाणीने तेनो शोध करवा चोतरफ केटलांएक माणासोने मोकल्यां. ते माणासोयें आडो अवलो घणोज शोध कर्यो, परंतु तेउने राणीनो क्यांहि पण पत्तो मल्यो नहीं. त्यारें

निराश थइ ते शोधकलोको, जय राजाने विनति करी कहेवा लाग्या के महाराज ! अमोयें तो राणीसाहेबनो घणोज शोध कर्यो, परंतु तेनो क्यांहि पण पत्तो मल्यो नहिं. आवां तेउनां वज्रपातसमान वाक्य सांजली अत्यंत खेद पामी, विचारवा लाग्यो के अहो ! जन्म, मरण, जरा, मृत्यु, रोग, शोक, संयोग, वियोग, तेणें करी दूषित तथा कषाय अने विषय, तेणें करी व्याप्त एवा आ संसारने वारं वार धिक्कार हजो. अरे ! जे संसारमां एक क्षणमां सुख देखाय छे, अने पाछुं बीजा क्षणमां दुःख देखाय छे. माटे इंद्रजाल जेवा संसारमां शुं सुख छे ? कांहीज नहिं. वली जे संसारमां रहेला जीवने कोइ एक प्राणवल्लज एवा पदार्थोनो वियोग, एकक्षण वार पण सहन थातो नथी, तो तेवा प्राणवल्लज पदार्थ विना आखी आयुष्य काढवी पडे छे ? वली जे संसारमां माता, पिता, पुत्र, कलत्र, संपत्ति प्रमुखनुं सुख जीवने मले छे, तो ते सुखने दैव, एक निमिषमात्रमां नाश करी नाखे छे ? माटे तेवा दैवने पण वारं वार धिक्कार हजो. अरे ! ते दैवें प्राणथी वल्लज एवी मारी प्रियाना मने पण वियोग कराववारूप दुःख दीधुं छे. छे ? अरे ! बीजुं तो ठीक, पण सगर्जा एवी ते प्राणप्रिया कोइ ठेकाणे जीवती हशे ? हा ! जो जीवती हशे, तो हुं जाणीश के ते केवल तेना गर्ननोज महिमा छे. अहो ! ते प्रियानुं जे दिवसें मुने मुख देखाशे, ते दिवस मने अमृत समान मीठो लागशे ? दिवस तो शुं ! पण ते घडी पण मने अमृतथी पण मीठी लागशे ? एम अत्यंत मनमां खेद करतां ते राजायें जोजन प्रमुख शरीर स्थितिसाधननो साव त्याग करी दीधो. त्यारें निमित्त शास्त्रना जणेला एवा तेना मंत्री वगेरेयें कह्युं के महाराज! आप क्लेश म करो. आपनी राणी कोइ पण ठेकाणे कुशल छे, अने तेने पुत्र पण प्रसवशे ? एम अमने निमित्त शास्त्रना योगथी जणाय छे. आवां वचन सांजली राजाने जरा शांति थइ. त्यारें तेणें विचार कर्यो के कदाचित् मारा जाग्योदयथी जो मने पाछी स्त्री मलशे, तो पण हुं हवे आ दुःखावास एवा गृहावासमां रहीश नहीं? एवो निश्चय करीने पछी देहस्थितिने माटे जोजन वगेरे करवा लाग्यो.

हवे ते व्यंतरीयें हरण करी विकट वनमां नाखी दीधेली प्रियमती राणीनुं शुं थयुं ? ते कहे छे. के ते उग्रवनमां नाखेली राणीने थोडी वार पछी

भान आव्युं, त्यारें हाकीबाकी थइ ऊठी, अने चोतरफ जोवा लागी. अने ज्यां जुवे, त्यां तो सर्वत्र ऊजडवनज दीठुं. ते जोइने भयभीत थइ थकी कहेवा लागी के अरे आ शुं ! हुं मारा महेलमां सूती हती, त्यांथी वली आहिं क्यां आवी ! अरे आ ते शुं इंद्रजाल हशे ! के आ ते मनें भ्रम थयो बे ! के आ ते मने स्वप्न आव्युं बे ! अरे मनोहर एवो माहारो महेल क्यां गयो ! अने जेमां जाजा हिंसकजीवो रहे बे, तेवुं आ भयंकर वन क्यांथी आव्युं ! अरे मने आहिं कोण लाव्युं हशे ! ते लावनार पण केम देखातुं नथी. हा ! ! ! हवे हुं केम करुं ! क्यां जाउं ! कोने कहुं ! हे स्वामीनाथ ! तमें क्यां बो ? जो आहिं हो, तो तमारी प्राणप्रिया हुं तलखुं बुं, तेने उत्तर केम नथी आपता ? हवे जो उत्तर न आपो, तो तमने मारा शपथ बे ! अने हे प्राणनाथ! हे प्राणपते ! तमो जीवतां बतां विनापराध मने आवा विकटवनमां कोणे नाखी ? हा ! पापिष्ट एवी में पूर्वभवें कांइक पाप कर्मनुं आचरण कर्युं हशे, जेथी मने अणधार्युं अने अणविचार्युं दारुण डुःख आवी पड्युं ! आम विविध प्रकारना विलाप करती, अने रात्रि पडवाथी चोतरफ फरता एवा सिंहप्रमुख हिंसक प्राणीयोना शब्दथी कंपायमान थती अने वारं वार "नमोर्हद्भ्यः" एम बोलती, करमाइ गयुं बे मुख जेनुं एवी ते राणी, त्यांथी एकदम ऊभी थइ. अने पबी विचारवा लागी के हवे हुं क्यां जाउं ? अरे ! आहिं निर्भयरीतें रहेवाय, एवुं कयुं ठेकाणुं बे ? एम चिंतायें करी व्याकुल थती थकी मुंजाइने त्यांज पडी रही. पबी सवार पडवाथी दक्षिण दिशाना मार्ग तरफ चालवा लागी. त्यां सिंह, व्याघ्र, सूकर, शीयालियां, तेना भयंकर शब्दोथी कंपायमान बे चित्त जेनुं अने सूर्यना तापथी तपेली वेलुमां तपी गया बे पग जेना, अने पगमां कांटा वागवाथी जेने घणुंज रुधिर चाल्युं जाय बे, एवी ते राणी, शून्यवनमां पोतें अत्यंत कोमलांगवाली होवाथी मूर्बा पामी गइ. पबी थोडी वारें शीतलपवन आववाथी पाबी सावधान थइ, विचारवा लागी के अहो ! में पूर्वभवें अज्ञानना योगथी घणांज घोर पाप कर्यां हशे, एम लागे बे ? कारण के जे पापना विपाकरूप आ डुःखने हुं आहिं प्रत्यक्षरीतें भोगवुं बुं. अने जिन शास्त्रमां लखेलुं बे के प्राणीमात्रने शुभाशुभ कर्मोनो भोग तो भोगववोज पडे बे, माटे पोतानां करेलां कर्मने भोगववां पडे, तेमां आपणे

कोनी पर कोप करवो? आ प्रमाणें जिनवचनने जावती तथा जूख, तृषा प्रमुख दुःखोथी पीडित एवी ते राणी, घणांज दुःखोने जोगवती थकी ते वनने विषेज जमवा लागी. एम आखो दिवस गयो, अने ज्यारें सायंकाल थयो, त्यारें तेने, ते वनमां रहेनारीयो अने पोतानी पर्णकूटीमांथी बाहार फरतीयो एवी कोइएक तापसी स्त्रीयोयें दीठी, तेथी ते सर्व, राणी पासें आवीयो, अने तेने जोइ तेनी पर दया आववाथी पोताना कमंमलना जलें करी स्वस्थ करी. पठी ते तापसीयो, तेने हाथ पकडीने पोताना आश्रममां लावीयो. अने ते सर्व तापसीनी गुरुणी एक वृद्धतापसी हती, तेने ते बतावी. त्यारें ते वृद्धतापसीयें तेने आसन, तथा मिष्ट एवां फल ए वगेरेथी सत्कार करी पूठ्युं के हे स्त्रि! आवा मनोहर अंगवाली तथा मनोहर अलंकार अने वस्त्रयुक्त तुं आवा उग्रवनवासरूप दुःखने केम प्राप्त थइ? ते सांजली वात्सल्यवान् एवी ते वृद्धा पासें प्रियमती राणीयें पोतानी बनेली सर्व हकिगत कही आपी. ते सांजली वृद्धा बोली के हे बेहेन! आ असार एवा संसारने विषे जीवप्राणी मात्रने अणधार्युं अने अणविचार्युं अकस्मात् दुःख आवी पडे ठे. तेथी हे वत्से! तेमां कांइ पण तारे विषाद करवो नहिं. अने हे मृगाक्षि! वली अमने तो एम लागे ठे के तारी मोहोटी पुण्याइ ठे, के जे पुण्याइथी सगर्जा ठतां तुं आवा विकट वनमां जीवती रही ठो? अने पाठी वली आ अमारां तपोवनमां आवी ठो? हे बेहेन! हवे तुं फिकर ठोडी आजनी रात्रि तो आहिं अमारी साथेंज रहे. अने सवारें अमें अमारा गुरुने विनति करीने तुने कोइ पण गाममां पोहोंचडावानो बंदोबस्त करावी आपशुं? आवां वचन सांजली राणीयें जाण्युं जे हवे हुं मरण तो पामीश नहिं? एम जाणी ते राणी ते रात तो तापसीयोनी साथेंज रही. पठी सवार पडवाथी सर्व तापसीयो ते राणीने एक कुलपति तापस हतो, तेनी पासें लइ आवीयो अने राणीनी कहेली बिना सर्व कही आपी. त्यारें दयालु एवा कुलपतितापसें कोइएक वृद्ध तापसने बोलावीने आज्ञा करी के हे तापस! जा. आहिंथी थोडे दूर एक श्रीपुरनामा नगर ठे त्यां, आ राजस्त्रीने ठोडी पाठो आव्य. एम तेने कहीने पठी पाठुं राणीने कह्युं, के हे सुंदर स्त्रि! आ, तमने जे गाम देखाडे, त्यां जजो. अने त्यांथी तमारा गामनी तजवीज करीने पठी तमारे गाम जजो. ते सांजली प्रियमती राणी ते वृद्धताप

सनी साथें चाली. परंतु ते सगर्ना होवाथी मंदमंद रीतें माहाकष्टथी चालतां थाकी गइ. अने एम चालतां वृद्ध तापसना बतावेला श्रीपुरनामा नगरना उद्यानमां आवी पोहोंची. पढी ते वृद्ध तपास, राणीने ते गाम बतावी, ते उद्यानथी पाछो वली पोताने आश्रमें आव्यो. प्रियमती राणी थाकी जवाथी ते उद्यानमां एक आम्रनो वृक्ष हतो, तेनी नीचें बेठी. त्यां तो ते उद्यानमां एक जिन चैत्य हतुं, तेमां श्रावको, सत्तरनेदी पूजा नणता हता, तेनो शब्द सांनली एकदम उनी थइने ते चैत्यमां गइ. परंतु पोतानी पासें पूजानी सामग्री न होवाथी ते जिनप्रतिमाने प्रणामज कस्यो. अने पढी त्यां रहेला सर्व साधर्मिकोने प्रणाम कस्यो. तेवामां त्यां कोइएक जिननगवाननां दर्शन करवा आवेली जिनसुंदरीनामा श्राविका हती, ते राणीपासें आवी. अने राणीने पूछ्युं के, हे सुंदरांगि ! हे साधर्मिके ! तमो कोण छो ? अने क्यांथी आव्यां छो ? आवां वचन सांनली ते राणीनें पोतानुं सर्व दुःख सांनरी आव्युं, तेथी हृदय नराइ आववाथी तेने कांइ पण उत्तर न आपतां ते रुदन करवा लागी. त्यारें ते जिनसुंदरी श्राविकायें विचार्युं के अहो ! आ स्त्री तेना शरीरना देखाव उपरथी कोइ उत्तम कुलनी स्त्री होय, एम जणाय छे ? अने वली तेने कांइक महोटी आफत आवी होय, एम लागे छे ? एम विचारी ते श्राविका कहेवा लागी के हे महानुनावे ! आ संसारने तमें अनित्यज नावो. अने वारं वार वीतरागनुं स्मरण करो. हे बहेन ! शरीरने संताप करनार, तथा जेथी नवां कर्म बंधाय छे, एवा रुद नथी शुं वलवानुं छे ? हे सुंदरि ! अनंतदुःखात्मक एवा आ संसारनो, विषाद करवाथी पार आवे तेम नथी. हे नद्रे ! आ संसारना खरारूपने जाणनारा पुरुषोयें तो सुखमां अने दुःखमां धर्मनुंज आचरण करवुं. कारण के जीवने धर्माराधन करवाथीज अनंत सुखनी प्राप्ति थाय छे. तथा दुःखनो नाश थाय छे. तेमाटे हे नद्रे ! तमो क्लेशनो त्याग करो अने धर्मनुं आचरण करो. केम के आ जगतमां धर्मविना कोइ पण बीजुं दुःखना शक औषध नथी. आवी रीतनां वाणीरूप अमृतथी आश्वासन करी ते प्रियमती राणीने जिनसुंदरी श्राविका हाथ पकडी पोताने घेर तेडी लावी. अने तेनुं सर्व वृत्तांत, पोताना पिता धनंजय शेठने कही आप्युं. तेथी ते धनंजय शेठें दया आणी ते राणीने पोतानी पुत्रीने पतें राखी.

हवे तेवामां ग्रीष्मताप तप्त एवा आखा विश्वने जोइने विश्वोपकारक एवो वर्षाकालरूप नृप, गर्जनारूप तूर्योने वगडावतो थको, तापरूप वैरीना नाश करवाने माटे आ पृथ्वीपर आव्यो. पछी तेणें इंद्रधनुषरूप धनुष्यने खेंची जलवृष्टिरूप बाणोथी ते निदाघरूप वैरीनो विनाश कर्यो. अने वली सर्वत्र कुटुंबी जनोनां मनने पण पलाल्यां, जेथी सहु कोइने पोत पोतानां स्नेहि जनोने मलवानी उत्सुकता थइ. आ प्रकारना वर्षाकालना आववाथी एक दिवस सायंकालें ते प्रियमती राणी एकांतमां बेठी हती, तेमां तेने पोता नो प्रिय स्वामी सांभरी आव्यो, तेथी तेनुं वारं वार स्मरण करवा लागी. अने ते स्मरणथी तेना स्नेहनुं स्मरण थयुं, तेथी हृदय भराइ आव्युं. माटे विलाप करी रुदन करवा लागी. ते प्रियमती राणीने रोती, तथा विलाप करती जोइने तेनी चाकरी माटे राखेली कोइएक दासी हती ते पण रुदन करवा लागी. पछी रुदन करती ए राणीयें दासीने विलाप करतां कह्युं के, हे बेहेन ॥ श्लोक ॥ हारोनारोपितः कंठे, मया विश्लेषभीरुणा ॥ इदानीमंतरे जाताः, पर्वताः सरितोद्रुमाः ॥ १ ॥ याः पश्यंति प्रियं स्वप्ने, धन्यास्ताः सखि योषितः ॥ अस्माकं तु गते कांते, गता निद्रापि वैरिणी ॥ २ ॥ हे सखि! विश्लेष थवाना भयथी में मारा स्वामीना कंठमां पुष्पनो हार पण न नाख्यो. अर्थात् में जाण्युं जे जो हुं मारा स्वामीना गलामां पुष्पनो हार नाखुं, तो जेटलो हार जाडो छे, तेटलुं मने मारा स्वामीथी दूरपणुं थाय? अने हालमां तो मारा स्वामीनी अने मारी वच्चें घणा पर्वतो, नदियो, अने वृक्षो आवी पड्यां छे॥ १ ॥ वली हे सखि! जे स्त्रीयो स्वप्नमां पण पोताना स्वामीने जोवे छे, ते स्त्रीयोने धन्य छे, अने दुर्भागणी एवी जे हुं, ते मारी तो जे दिवसथी मारा स्वामी साथें जुदाइ थइ छे, ते दिवसथी निद्रा पण गइ छे, तेथी ते निद्रा पण वैरिणी थइ छे, केम के जो निद्रा आवे तो स्वप्न आवे, अने जो स्वप्न आवे, तो ते स्वप्नमां मने कोइक दिवस मारा स्वामीनुं दर्शन थाय? परंतु तेनुं दर्शन न थयुं तेमां मुख्यकारण निद्रा नथी आवती तेज छे. तेथी ते निद्रा पण मारी वैरिणीज छे. आ प्रकारना विविधविलाप करती, धूडथी धूसरित जेनुं शरीर थइ गयुं छे, अने जेणे मलिन अने एकज वस्त्र पहेरेलुं छे, एवी ते राणी, कपाल पर हाथ दइ नीचुं मुख करी रुदन करवा लागी. ते सांभलीने जिनसुंदरी

श्राविकानो पिता धनंजय शेठ विनयथी तेने कहेवा लाग्यो के हे पुत्रि! तारा गुणोथी तथा सौशील्यथी रंजित थयेला मने तारी मोहोटी चिंता थाय छे, के हवे ते तारुं मारे शुं करवुं? कारण के अमाराथी न संजलाय एवुं तुं प्रतिसमय रुदन कस्याज करे छे. अने ते रुदन मटाडवानो एक आ उपाय छे, के जो तुने तारे घेर मोकलुं? अने तुं रोती पण त्यारेंज बंध था. परंतु तेम पण हाल बने एम नथी. केम के वर्षाऋतु होवाथी कोइ पण माणास ग्रामांतर जातांज नथी. तो माणस विना तुने कोनी साथें मोकलुं? आ प्रकारनी मोहोटी चिंता थाय छे. माटे हे बेहेन! मारुं कह्युं मानीने सांप्रतकाल वर्षाऋतु छे, तेथी तुं धर्माराधन करी स्वस्थ थइने रहे. अने पछी हुं वर्षाऋतु जवाथी कोइ सारा माणास साथें तुने तारे घेर जरूर पहोंचडावीश? आवां वचन सांजली ते प्रियमती राणी बोली के हे तात! तमारा शरणमां रहेली एवी मने तो निवृत्तिज छे, परंतु सर्वबंधथी प्रेमबंध छे, ते डुस्त्यज छे, तेथी जेमां प्रेम बंधाणो छे. एवां घर, स्वामी, स्वजन सांजरे, त्यारें धास्या विना पण रुदन थइ जाय. पण हवेथी तमारुं वचन स्वीकारी शानाथी रहीश? एम कहीने ते धर्माराधनमां आसक्त थइ. पछी ते प्रियमती राणीयें सारा समयमां मनोहर लग्नने विषे डुःखने नाश करे, एवा एक पुत्ररत्नने प्रसव्यो. ते सांजली हर्षोत्कर्षेथी प्रफुल्लित छे मन जेनुं एवा ए धनंजय श्रेष्ठीयें, राजानी आज्ञा लइने सर्व बंदीवानोने बंधीखानेथी छोडाव्या अने दश दिवस पर्यंत पितानी पठें घणुंज ड्रव्य खरच्युं. तथा पुत्रजन्ममहोत्सव कस्यो. बारमे दिवसें ज्ञाति कुटुंब जमाडीने अत्युल्लासथी ते पुत्रनुं कामदेवसमान रूप होवाथी "कुसुमायुध" एवुं नाम पाड्युं. पछी वरसादना दिवसो व्यतीत थया, तोपण पुत्र बे वर्षनो थयो त्यां सुधी राखी. हवे ते श्रीपुरगामनो रहेवासी कोइएक वासवदत्त नामनो सार्थवाह हतो, ते राणीना चंपानगर तरफ केटलोएक माल लइने वर्षाकाल व्यतीत थवाथी वेपार माटे जतो हतो, ते वातनी धनंजयश्रेष्ठीने खबर पडवाथी ते सार्थवाहने पोतानो विश्वास पात्र जाणी विनति करी के हे वासवदत्त! तमो चंपापुरीयें जाउ छो? जो जाता हो, तो ते चंपापुरीना राजा जयराजानी राणी प्रियमती अमारे त्यां घणा दिवसथी डुःखनी मारी रहेली छे, अने वली तेने हाल एक पुत्र आव्यो छे. तो ते राणीने अने तेना पुत्रने प्राणथी पण वधारे

साचवीने चंपापुरीयें लइ जइने तेना स्वामी जय राजाने सोंपो. एटलुं मारुं काम महेरबानी करीने करो. वली तेने कदाचित् हुं बीजा साथें मोकलत, पण तमारी जेवो विश्वासपात्र बीजो साथ मने क्यांथी मले? एम कहीने ते वास वदत्त सार्थवाहनी साथें केटलाएक परिवार तथा वाहनयुक्त ते राणीने रवाने करी. त्यारें त्यांथी सर्व साथ चाल्यो, ते प्रथम शिववर्द्धनपुरनामा कोइ एक नगर हतुं, त्यां आव्यो. अने ते गामना उद्यानने विषे आवी उतर्यो. त्यां प्रियमती राणी एक आंबानी नीचें पोताना कुसुमायुध पुत्रने खोलामां लइने बेठी बेठी रमाडे छे, तेवामां शुं बन्युं? तो के पुत्रविनानो ते शिव वर्द्धनपुरनो श्रीसुंदर नामा राजा, गुरुनी पासेंथी धर्मश्रवण करी संसारथी वैराग्य पामी दीक्षा लेवा तत्पर थयो हतो, त्यारें तेणें पोताना राज्यने पोताना पुरंदरनामा नाइने आपवुं धारीने तेने कह्युं, के हे नाइ! आ मारा राज्यने तमो स्वीकारो. कारण के हवे हुं दीक्षा लेवा इछुं छुं. ते सांनली पुरंदर कुमार बोल्यो के हे ज्येष्ठबंधो! आपनी पेठें मुने पण आ संसार पर वैराग्य आवेलो छे, तो हुं पण दीक्षा लेवा इछुं छुं? ए सांनली श्रीसुंदरें कह्युं के हे नाइ! आपण बेहु नाइने पुत्र नथी, माटे राज्य कोनें सोंपियें? एम कहीने पछी बेहु नाइयोयें ठेराव कर्यो, के आपणे एम करवुं, के एक हाथणी शणगारी तेनी सोंढमां जल नरेलो सुवर्णकलश आपी, पंचदिव्य वागते ते हाथणीने छुटी मूकवी. अने ते हाथणी जेनी पर कलश ढोले, तेज आ गामनो राजा थाय? आम ठेराव करी ते प्रमाणें हाथणीनी शुंढमां कलश आप्यो ने पंचदिव्य वागते हाथणी ज्यां जाय छे, तेनी साथें सर्व कोइ चाल्या. त्यारें ते हाथणी उद्यानमां आवी ते ज्यां प्रियमती राणी आम्रनी नीचें पोताना कुसुमायुध पुत्रने खोलामां लइने बेठी हती, त्यां आवी. अने ते हाथणीयें ते कुसुमायुधकुमार पर कलश ढोल्यो. ते जोइने प्रसन्न थयेला एवा ते बेहु नाइयोयें पुत्रसहित ते राणीने प्रणाम करी हस्ती उपर बेसारी अने ते मा दीकराने गाजते वाजते पोताना गाममां तेडी लाव्या. अने कहेवा लाग्या के हे मात! आ अमारा राज्यने तमो स्वीकारो. कारण के आ हाथ णीयें जलनो नरेलो कलश, आ तमारा खोलामां सूतेला पुत्र पर ढोल्यो छे. अने अमारो एवो ठराव छे, के जेनी पर हाथणी कलश ढोले, तेनेज आ राज्य आपवुं. माटे आ राज्य हवे तमारा पुत्रनुंज छे. अने अमो

बेहु नाइ तो हवे दीक्षा लइ संयमव्रत आदरशुं ? ते सांनली प्रियमती राणी बोली के हे नाई ! हुं तो अबला बुं. अने आ मारो पुत्र घणोज बालक छे, ते माटे हाल तो तमोज जेम राजवैवट चलावो बो, तेम चलावो. हवे वासवदत्तनुं शुं थयुं ? ते कहे छे. के ते राणी तो पुत्र सहित त्यां गइ, अने ते बाहार कामें गयेलो वासवदत्त सार्थवाह उद्यानमां आव्यो, त्यां तेने मालम पडी के पोतानी साथें चंपानगरीयें आवती एवी ते प्रियमती राणीना पुत्रने आ गामनी राजगादी मली, अने ते राणीने तथा तेना पुत्रने आ गामना श्रीसुंदर राजा वगेरे हस्तीपर बेसाडी पंचदिव्य शब्द वाजां वाजते गाममां तेडी गया छे. ते सांनली वासवदत्त सार्थवाह एकदम श्रीसुंदर राजा पासें आवी कहेवा लाग्यो, के हे राजन् ! आपें हाल जेना पुत्रने राज्यगादी आपी, ते, चंपापुरीना जयनामा राजांनी पट्टराणी छे, कलिंगदेशाधिपतिनी पुत्री छे, तथा तेनुं प्रियमती एवुं नाम छे. ते कोइ एक मंदनाग्योदयथी फरती फरती अमारा श्रीपुरगाममां मारा मित्र धनंजयश्रेष्ठीने त्यां रही हती. अने तेने ते धनंजय श्रेष्ठीयें पोतानी पुत्री करतां पण वधारे राखी हती. हवे तेने, तेना पुत्र सहित चंपापुरीयें पहोंचाडवा माटे मने ते श्रेष्ठीयें घणीज नलामण करी सोंपी छे. माटे ते मने सोंपो, के जेथी हुं तेने चंपापुरीमां लइ जइ तेना स्वामीने सोंपुं ? जेथी मने कोइ पण रीतनो ठबको न मले ? अने हे राजन् ! तमें शुं आ कलिंगाधिपतिनी प्रियमती पुत्रीने नथी उलखता ? एवां वचन सांनली अत्यंत हर्षायमान थइ ते बेहु नाइयो ससंभ्रम थइ राणीने कहेवा लाग्या के अरे ! हा, त्यारें तो तमो अमारी मासी थाउ बो. अहो ! आ तो घणुंज सारुं थयुं, जे आ अमारा मासीयाइ नाइने अमारुं राज्य गयुं ? एम कहीने ते बेहु जण राणीना पगमां पडी गया, अने पछी ते श्रीसुंदर राजा, वासवदत्त सार्थवाहने कहेवा लाग्यो, के हे नाइ ! हवे तमो स्वस्थरीतें चंपापुरी तरफ जाउ. अने आ अमारी मासीनी तथा अमारा मासीयाइ नाइनी कांही पण फिकर राखशो नही. वली तमो आ सर्व वात चंपापुरीना जय राजाने कहेजो. ए सांनलीने सार्थवाहें जाण्युं जे हवे आपणने कोइ तरेनो ठबको मले तेम नथी, कारण के आ राणी श्रीसुंदर राजानी मासी थाय छे ? एम विचारी ते प्रियमती राणीनी रजा

लइने सार्थवाह, त्यांथी चंपापुरी तरफ चाल्यो. हवे ते श्रीसुंदर राजायें मंत्रिवगेरेने बोलावी सहु कोइनी समक्ष उत्तम एवो दिवस जोइने कुसुमायुध कुमारने पोतानी राजगादीपर बेसाड्यो. अने पछी अत्यंत हर्षायमान थइ वैराग्य पामेला एवा बेहु नाइयोयें गुरुपासें जइ दीक्षा लीधी.

ते कुसुमायुध राजा पण ते राज घणुंज उत्तम होवाथी अखंडित शासनवालो थयो. एक दिवसें अवंती देशना राजशेखरनामा राजायें एकदूत मोकल्यो, ते दूत शिववर्द्धनपुरमां कुसुमायुध राजाने कहेवा लाग्यो के हे राजन् ! मारा स्वामीयें कहेवराव्युं छे के जो तुं सुखथी रहेवा इछतो हो, तो तारा हाथी, घोडा, नंमार वगेरे वस्तु मने सोंपी, तुं खंडियो राजा थइ रहे. अने अमारी नक्तिनावथी अनुचरनी पठें सेवा कर. कारण के तुं हजी बालक छो, तेथी तांरे बालकने राज्यासननी योग्यता होयज नहिं ? तेम ताराथी ते राज्य साचवी शकाय तेम पण नथी. केम के जगतमां तारी जेवा बालक तो पोताने जेवुं गमे तेवुं नोजन करी रम्या करे छे ? माटे ते राज्यने पृथ्वीपर अम जेवा महोटा उत्तम राजाउ छतां, तुं जेवा बालको नोगवी शके ? कह्युं छे के ॥ गाथा ॥ न जियइ सुहं विहंगा, गहिऊण महामिसेण चंचूणा ॥ पिछं तेसु बुहाखु य, कलावय ढंककंकेसु ॥ १ ॥ अर्थः—कोइएक नानो पक्षी क्यांकथी मलेला जाजा मांसने पोतानी चांचमां लइ आवी उभे, अने तेवामां तेनी खबर पडवाथी तेनी पछवाडे क्षुधातुर एवो ढंक पक्षी जाय, तो ते ढंकपक्षीने छेतरीने ते नानापक्षीथी मांस खवाय ? नाःनज खवाय. तेम कदाचित् ते खाय तो तेने ते जीववा पण दे ? ना नज दे. तेवी रीतें आ राज्य तुने अमो रहेवा देशुं नही. अने हे कुमार ! जो अमारा कहेवा प्रमाणें चालीश तो पछी तारी अमें सहाय करशुं अने ज्यारें तारे अमारी सहायता होय, तो पछी तारो कोण परानव करी शके? कोइ नहिं. आवां वचन सांनली शालमंत्रनामा मंत्री बोल्यो के हे दूत ! तारा स्वामीने कहेजे जे आ कुसुमायुध राजा तो हाल बालक होवाथी तेने तमारा जेवा राजाउनी सेवा केम करवी ? तेनी कांइ खबर नथी. अने हाथी घोडाथी ते रमनार, होवाथी ते निर्नय थइने रमवा आपेला हस्ती, अश्व वगेरेने लइने तारा स्वामीनें केम अपाय ? अने तारा स्वामीने जो हाथी घोडाज जोता होय, तो ते इव्य मोकले, तो ते इव्यना हस्ती प्रमुख लइने

अमो मोकलावीयें ? आवां वचन सांनली कोपायमान थयेलो ते दूत बोल्यो के तमारा जेवा मंत्री मलवाथी तो हवे आ कुसुमायुध राजा जरूर घणा दिवस राज करे, एम लागे ले ? अहो ! आवा तम जेवा दीर्घ दृष्टि मंत्रीयोथी कोइ दिवस राजा साम्राज्यराज्य करे ? ना नज करे. वली हे मंत्री ! राजाने कांइ बालक तथा युवानपणानुं नथी. परंतु उर्बल राजायें पोतानाथी समर्थ राजानुं, दानथी, सेवकत्वथी, आनुचर्यज करवुं अने एम करे, तोज ते सुखें राज्य करे ? अने हे मंत्री ! आवी तमारा जेवी गर्वनी वाणी बोलवाथी तो सामो प्रबलराजाने रोषमां पोष थाय ले ? वली हे मंत्री ! ते उर्बल राजा, प्रबल राजाने कदाचित् कांइ आपे नहिं, परंतु तेने प्रणाम करी प्रसन्न करे, तो पण ते प्रबल राजा तेनी पर कोइ दिवस कोपायमान थाय नहिं. माटे जे वस्तु नखथी लेदाय, ए वस्तुमां कूवाडानुं शुं काम ? वली अमारो राजशेखर राजा जे ले, ते तो, जे मनुष्य तेने नमे ले तेना मनोरथोने कल्पवृक्षनी पठें पूरा करे ले. अने जे तेनी सामो गर्व करे ले, तेनो तो ते यमनी पठें अने दावानलनी पठें नाश करे ले. आ प्रकारें अनिमाने करी मदोन्मत्त थइ बोलता एवा ते दूत प्रत्यें पाडो विशालबुद्धिवालो ते शालमंत्री बोल्यो के अरे दूत ! तुं पार के घेर आवी, दूत बतां मंत्रीजेवुं कार्य केम करे ले ? तथा आवी गर्वनी वाणी पण केम बोले ले ? अने " ते कुसुमायुध राजा मारी प्रसन्नता मेल वशे अने हुं कहीश, एम करशे. तो राज्य नोगवशे ? " आवां वाक्य बोल वाथी तो तारो स्वामी निर्लज्ज, अकार्य करनार, अने मूर्ख· जेवो लागे ले. आ अमारो कुसुमायुध राजा बालक ले, नवो ले, तो पण तेनुं राज्य तारा स्वामी जेवा ग्रामसिंहथी लेवाय तेम नथी. कारण के ते शिशु ले, पण सिंहना शिशुसमान ले. तो ते सिंहना शिशुने कदाचित् हजार बकरीयो नेली थइ मारवा आवे, तो तेथी शुं ते मरण पामे ? ना नज पामे. आ प्रकारना वचनरूप दंमाघातथी ताडन करेलो एवो ते दूत, कोपाक्रांत थइ तत्काल पोताना स्वामी पासें आवी पोतानुं तथा तेनुं जे परस्पर नाषण थयुं हतुं, तेने विशेषपणे कही दीधुं. ते सांनली जेम अग्निमां घृत होमे, ने जेम अग्नि प्रज्वलित थाय, तेम कोपायमान थइ घणा हाथी, घोडा प्यादल रथ वगेरे महोटा सैन्यने लइने ते सैन्यें करी पृथ्वीने क्षोन पमाडतो

थको ते राजशेखर राजा, कुसुमायुध कुमारनी सार्थे जवा माटें चाल्यो.

हवे ते वासवदत्त सार्थवाहनुं शुं थयुं? ते कहे छे. के ते वासवदत्त सार्थवाह, श्रीसुंदरराजाने प्रियमती राणीने सोंपीने त्यांथी तत्काल चंपा पुरीमां आव्यो, अने त्यां जयराजा पासें जइ नमन करी वधामणी देवा लाग्यो के हे राजन्! आपने वधामणी छे? वधामणी छे? आपनी राणी जे प्रियमती छे, तेना पुत्र कुसुमायुधने शिववर्द्धन नगरनुं राज्य मल्युं छे? ते सांजली राजा तो विस्मय पामी गयो, के अरे! आ ते शुं कहे छे? पछी ते वासवदत्तने पूछवा लाग्यो के हे सार्थवाह! तमें आ शुं वधामणी आपो छो? अने शुं कहो छो? त्यारें ते वासवदत्त पोतें जे जाणतो हतो, ते सर्व कही आप्युं. ते सांजली जय राजाने विस्मय युक्त महोटो हर्ष थयो. शाथी? के प्रथम तो तेनी स्त्रीनुं वनदेवीयें हरण कर्युं हतुं तेनो तेने पत्तो मल्यो? तथा ते स्त्रीने वली पुत्र प्रसव्यो? अने वली पाछी ते स्त्री, पुत्र सहित शिववर्द्धन पुरमां आवी? तथा पोताना पुत्रने पाछुं ते गामनुं राज्य मल्युं? हवे तेवी उत्तम वधामणी आपवाथी राजायें वासवदत्त श्रेष्ठीनो घणुंक धन आपी सत्कार कर्यो. तदनंतर ते जयराजा अत्युत्कंठित थको पोतानी स्त्रीनें अने पुत्रनें मलवा माटे तत्काल शिववर्द्धन पुर आव्यो. आवीने त्यां तुरत पोतानी स्त्री प्रियमतीने तथा कुसुमायुध पुत्रने जोइने तेने हृदयमां अत्यंत आनंदाविर्जाव थयो. अने ते वखतें समग्र नगरमां महोटो महोत्सव प्रवृत्यो. हवे ते प्रियमतीनो पिता मानतुंग नामा राजा, पोतानी पुत्री प्रियमतीनुं वनदेवीयें हरण कर्युं, ते वात सांजली अत्यंत खेद पामी निरुपाय थइ बेठो हतो, त्यां तेणें कोइकना कहेवाथी सांजल्युं के ते प्रियमती, पुत्रसहित शिववर्द्धन पुरमां आवी छे, तथा तेना पुत्रने ते गामनुं राज्य मल्युं छे, ते सांजली ते पण पोतानी पुत्रीने मलवा माटे त्यां आव्यो. त्यारें जयराजायें त्यां आवेला ते पोताना ससराने घणुंज मान आप्युं. पछी सजानी वच्चें सहु सांजले तेम ते प्रियमतीराणीना हरणनुं सर्व वृत्तांत पण कही आप्युं. अने ते प्रियमती राणीयें पण पोतानुं व्यंतरीयें हरण कर्या पछी जे कांइ वृत्तांत बन्युं हतुं, ते सर्व कही आप्युं. आ प्रमाणें जयराजानुं तथा तेनी प्रियमती राणीनुं कहेलुं सर्व वृत्तांत सांजलीने त्यां बेठेला सहु कोइ लोको अत्यंत विस्मय पामी गयां, अने तेउ घणादिवसनी विरहवेदना

मटवाथी प्रेमपूर्ण थइ गयां. अने सर्वत्र हर्षवधामणां थयां. अने जय राजा पोताना पुत्रनी आवी महोटी पुण्याइ जोइ अत्यंत संतुष्ट थयो.

हवे ते कुसुमायुध कुमारनी साथें पूर्वोक्त राजशेखर राजा पोतानुं सैन्य लइ, लडवा आवतो हतो, तेनुं शुं थयुं? ते कहे ढे. के ज्यां ते राजशेखर राजा लडवा आवे ढे, त्यां तो तेणें ते कुसुमायुध राजाना पिता जय राजाना तथा मानतुंगराजाना शिववर्द्धनपुरमां आववाना समाचार सांजल्या, तथा बीजुं पण सर्व वृत्तांत सांजल्यु, तेथी ते मनमां घणोज विलखो थइ पश्चात्ताप करवा लाग्यो के अरे! मारा जेवा मूढमतिने मोहने उत्पन्न करनारा लोजने धिक्कार हजो. कारण के जे लोनें करी जीव, विषयपाशने विषे बंधाय ढे. अने वली तेवो लोज कदाचित् निर्धन तो करे, परंतु हुं जेवाने ते शा माटे करवो? केम के साम्राज्यैश्वर्यथी सुशोजित एवा मने आ मारा राज्यमां कांइ न्यूनता नथी? वली जे लोजने वश थइने में बीजाना राजने ग्रहण करवा माटे मारा आत्माने वृथा खेदमां नाख्यो? वली में दूत साथें कहेवराव्युं के "बालकने राज होय नहिं, अने एम करतां बालकने राज मल्युं ढे, पण ते राज्य अमो तेने रहेवा देशुं नहीं" ए जे कहेवराव्युं, ते पण में मोटी जूलज करी ढे. कारण के पुण्यना प्रागल्भ्यथी बालकने पण राज्य मले ढे, अने ते जोगवे पण ढे. तो पुण्यथी प्राप्त थयेला तेना राज्यने हुं ग्रहण करवानी इञ्जा करुं, ते मारी केवडी महोटी मूर्खाइ कहेवाय? माटे जाजुं शुं कहुं, पण हुं घणो महोटो राज्याधिपति ढतां पण लोजी थयो, तेथी अति लोजी एवा मुने धिक्कार हजो. अने पूर्वजवकृत पूर्णपुण्यवालाना राजने रुष्ट थइने पण कोण लइ शके ढे? कोइ नहिं. तेम निर्जागी प्राणीने तुष्ट मान थइने कोण आपी शके ढे? कोइ नहिं. अर्थात् निर्जागीने आप्युं रहे नहिं, अने पुण्यशालीनुं होय ते जाय नहिं. वली पण विचारवा लाग्यो के अरे! में पूर्वे आ जय राजा प्रमुख साथें केवी महोटी प्रीतिनी वेल वधारी हती, तेने में आ मारा लोज तथा अन्यायरूप दावानलथी हाल पाढी बाली नाखी ढे. माटे त्यां जइ ते जयराजाने तथा तेना ससरा मानतुंग राजाने चरणमां पडी तेनी क्षमा मागी ते स्नेहवेलने पाढी अंकुरित करुं? कारण के कोइ माणस कदाचित् पोताना मार्गथी जूलो पड्यो होय, अने ते जो चालतो चालतो उजो रहे, अने पढी कोइ जाणीता माणसने पूढे, तो ते पाढो खरा मार्गने

प्राप्त थाय? परंतु पोतें मार्गनो अज्ञात छतां हुं मार्गे जाणुं छुं, एम जाणी एमने एम जो चाल्योज जाय, तो ते दुःखीज थाय? माटे हाल ते बेहु राजा पासें माफी मागवी, तेज उचित छे? आ प्रमाणें पश्चात्ताप करीने पोताना सुंदर नामा मंत्रीने जयराजा तथा मानतुंगराजा पासें मोकल्यो. ते त्यां आवीने विनति करी कहेवा लाग्यो के हे महाराज! माहारा स्वामी राजशेखर राजायें विनति करी कहेराव्युं छे के में मूढबुद्धिथी आपना कुसुमायुध पुत्र पर जे रणसमारंभ कस्यो छे, ते आपनो में महोटो अपराध कस्यो छे, तेथी ते अपराधने आप क्षमा करजो. आज दिवस पछी हवे हुं राजशेखर राजा आपनी सामो लडवा आवीश नहिं? अने तेवी कोइ पण कालें आपें शंका करवी नहि. ते सांभली जयराजा बोल्यो, के हे मंत्रिन्! तमारा स्वामी राजशेखरने तो एमज कहेवुं घटे छे, कारण के समजु माणसथी कदाचित् दुष्कृत थइ जाय छे, तो पण ते पाछो तेनो पश्चात्ताप परायण थइ जाय छे? आवां वचन कही ते सुंदर मंत्रीनो वस्त्राभरण सामग्रीथी सारी रीतें सत्कार कस्यो अने ते मंत्रीने राजशेखर राजाने तेडवा माटें मोकल्यो. तेथी ते राजशेखरराजा पण त्यां आव्यो. पछी ते त्रणे राजाउ, एक उंची अने मनोहर भूमि हती, त्यां मल्या. अने अति स्नेहथी निर्भरमनवाला थया. अने ते त्रणे राजाना पाला, हाथी, घोडा एकत्रज रहेवा लाग्या. तो पण ते एक बीजाने कांइ पण मनमां जुदाइ रही नहिं. अने तेउनो अत्यंत प्रतिदिन स्नेह वधतोज गयो. हवे जे उंची भूमिमां ते मल्या हता, त्यां नगर वस्युं, तेथी ते नगरनुं, राजसंगम एवुं नाम पडयुं. ते पछी राजशेखर राजायें अत्यंत संतुष्ट थइने ते कुसुमायुध कुमारने पोतानी बत्रीश कन्याउ परणावी.

एक दिवस सौम्यताथी चंद्रमा समान, सुतपना तेजथी सूर्यसमान, गांभीर्यथी सागरतुल्य, व्रतस्थिरतायें मेरुसरखा, रूपें करी कामसमान, मानरहित, केवलज्ञानी एवा कोइएक गुणसागर सूरींद्रनामा मुनि, ते नगरना उद्यानमां समवसस्या. अने सेवापर एवा देवोयें करेला सुवर्ण पंकजने विषे तेमणे पाउ धास्या. त्यारें वनपालकें आवी ते त्रणे राजाउने वधामणी आपी, के हे महाराजाउ! सहस्राम्रवनने विषे सुर, असुर, नर, तेना निकरोयें जेमनां चरणारविंद सेव्यां छे एवा गुणसागर सूरींद्र नामा केवली

समोसस्या छे. ते सांभळी ते वनपालकने अतुल दान दइने सद्भक्तिना भा रथी भराइ गयुं छे अंतःकरण जेनुं एवा ते त्रणे भूपाल, ते केवलीनी पासें आव्या. अने तेमनुं यथाविधि नमन करी, धर्मश्रवणमां तत्पर थइ, योग्यस्थान पर बेठा. त्यारें जगतना हित करवामां तत्पर एवा ते मुनीश्वरें, मंथन करेला माहासमुद्रनी गर्जना समान गंभीरवाणीयें करी देशना देवानो प्रारंभ कस्यो. ते जेम केः—भो भव्यलोको! जो तमो संसारथकी भय पामता हो, तो जलना पर्पोटा सरखा जीवितवाला मनुष्य देहने पामीने ते मनुष्य देहथी पोतानुं जेम हित थाय, तेम करो. जेणें करी तमारे संग्राम करवो न पडे? अने वली हे भव्यो! जेमां तमोने बिलकुल रति नथी तेमां तमो रति पण करो. आवां मुनिनां कहेलां गूढार्थ वाक्य सांभली मानतुंग राजा बोल्यो के हे महाराज! आपें आ जे सर्व कह्युं, ते घणुंज गंभीरार्थ कह्युं, तो तेने अमे मूढ मनुष्य केम जाणीयें? माटे कृपा करी ते सर्व समजाय तेम कहो. आवां वचन सांभली केवली भगवान् कहेवा लाग्या के हे भव्यलोको! तमोने मोहनृपें अज्ञानमद्य पायेलुं छे, तेथी तमो काहीं पण अर्थ जाणता नथी. ते सांभली प्रसन्न जेनुं मुख छे एवो राजशेखर नृप, जरा हसीने बोल्यो के हे भगवन्! आपें जे मोहनृप कह्यो, ते मोहनृप वली कोण छे? अने ते क्यां छे? अने तेनी राजधानी केवी छे? त्यारें केवली बोल्या के हे राजन्! अंतरंग, परम उत्कृष्ट एवो अरिहंतधर्मनामा राजानो सुबोधनामक दूत ज्यारें तमोने सुदर्शननामक चूर्ण खवरावशे, त्यारें तमोने सत्यार्थनी मालम पडशे. अने वली ते सुबोध दूत पण थोडाज वखतमां तमारी पासें आवशे. हजी ज्यां सुधी ते नथी आव्यो, त्यां सुधीमां कौतुकी एवा तमोने तेनुं कांइएक स्वरूप कहुं, ते सांभलो.

आ विविध आश्चर्यप्रचुर एवा जगतरूप पुरनेविषे सुर नरेंद्रादिकथी पण अखंडित जेनुं शासन छे एवो, अने शिष्ट पुरुषोने सुख आपनार, दुष्टोने दुःख देनार, मदें करी मदोन्मत्त एवो, एक कर्मपरिणाम नामा राजा छे. ते मनोहर एवा आ संसारना राज्यने करे छे. हवे ते कर्मपरिणाम राजा नी एकांतरक्त, पतिव्रता तथा पोताना स्वामीना चित्तने अनुसरती एवी कालपरिणतिनामा एक पत्नी छे. हवे अनादिसंयोगने लागेलां, परस्पर सुखमां मग्न, त्रण जगत जेनी आज्ञा माने छे, एवां ते दंपतीने पोतानी

चित्तमां एक चिंता उत्पन्न थइ. के सर्व जगतना राजने करनारा आपणने केटलो परिवार छे ? अने तेमां केटलो परिवार व्यवसाय करे छे ? अने केटलो बिनरोजगार थइ बेठो छे ? अने तेमां केटलो आपणे प्रसाद करवा योग्य छे ? आ प्रकारनी ज्यां ते बेहु जण चिंता करे छे, तेवामां तो राग द्वेष जटोथी परिवृत, निःशेष राजकार्यना चिंतवन करवामां सदा व्याप्त, पोताना सर्व कुमारोमां मोहोटा एवा मोहकुमारने दीठो, तथा वली पोताने अतिवल्लज तथा पोताना जक्त एवा सात व्यसननामा पुत्रोने पण दीठा. हवे ते सात व्यसन पुत्रोनां नाम कहे छे, १ द्यूत, २ मांसास्वाद, ३ मद्यपान, ४ वेश्यागमन, ५ पापर्द्धि, (मृगया) ६ चोरी, ७ परस्त्रीगमन, ए सात व्यसन पुत्रोनां नाम जाणवां. ते सात पुत्रो पण जव्यप्राणीयोने संसारमां स्थिर करे छे. कह्युं छे के ॥ श्लोक ॥ द्यूतं च मांसं च सुरा च वेश्या, पापर्द्धिचौरी परदारसेवा ॥ सप्तापि चैते व्यसनानि लोके, घोरातिघोरं नरकं ददंति ॥१॥ अर्थः— द्यूत, मांस, सुरा, वेश्यागमन, मृगया, चौरी, परदारसेवा. ए सात व्यसनो जे छे, ते जीवने घोरातिघोर एवा नरकने देनारां छे. हवे ते कर्मपरिणाम राजा, पोतानी कालपरिणतिनामा स्त्रीने कहे छे, के हे प्रिये ! अति उत्तम अने राज्य धुरने धारण करवामां सशक्त एवा आ आपणा पुत्रो पर राज्यजार नाखी सर्व व्यवसाय छोडीने, हवे आपण बेहु सुखें रहियें तो सारुं? ते सांजली ते स्त्री बोली के हे स्वामिनाथ ! ते तो आपें योग्यज कह्युं छे. कारण के बुद्धिमान् पुरुषने तो आपें जे.हाल कह्युं, तेमज करवुं उचित छे. ज्यारें वली आपणने आवा उत्तम पुत्र थया छे, त्यारें हवे आपणने राज्यनी शी चिंता छे? कांही नहिं. अने वली आ पुत्रो जे छे, ते जेवा तेवा नथी, परंतु त्रण जगतने विषे श्लाघ्य गुणवाला छे. आवां ते स्त्रीनां वाक्यो सांजली ते कर्मपरिणाम राजायें मोहकुमारने पोतानी राजगादी पर बेसाड्यो, अने बाकी सात व्यसननामा जे पुत्रो हता, तेने यथायोग्य स्थान आप्यां. अने पछी कर्मपरिणाम राजा कहेवा लाग्यो, के हे मोहपुत्र ! प्रथम पण सर्वाधिकारी तुंज हतो, माटे हाल पण राज्य तुनेज आप्युं छे, तेथी तुं हालमां प्रथमथी पण वधारे आ आपणा पुरजनोनुं रक्षण करजे. अने हुं तो हवे स्वस्थ थइने जे कांइ नगरमां जोवा लायक पदार्थो हशे, तेने जोतो थकोज विचरीश ? आवां वचन

सांभळी मोहराजा घणोज प्रसन्न थइने तेना पिताने कहे छे. के जेम आपनी प्रसन्नता होय, तेम करो. तदनंतर मोहराजा सर्वजनप्रिय निष्कंटक राजाधिराज थयो. हवे एक दिवस, पोताना नगरमां एकदम बुंबारव थयो के हे सुभटो! धोडो, धोडो!! आ चारित्रराजा अमोने शिवपत्तनमां लइ जाय छे! ते सांभळी क्रोधायमान थयेलो ते मोहराजा पोताना मंत्रीने कहेवा लाग्यो के हे मंत्रिन्! आ शुं ठीक कहेवाय छे, के हुं जीवतां छतांज मारी प्रजाने ते चारित्र राजा हरण करी जाय छे? अरे! आवो मदोन्मत्त थयेलो चारित्र राजा ते कोण छे? अने हे राग द्वेष सुभटो! तमो जगत विख्यात कीर्त्तिवाळा पोतपोताना पुत्रोनी साथें तेनो पराजय करवा तैय्यार थाउ. एम कहीने वळी ते मोहराजा पोताना मिथ्यादर्शन नामा मंत्रीने कहेवा लाग्यो के, हे मिथ्यादर्शन मंत्री! तुं तारांज काममां निपुण छो! जो आ चारित्र राजाना लूंटाराउयें आपणुं समग्र पुर लुंटी लीधुं छे, तेने तो तुं जाणतो पण नथी? अने आवा चारित्र राजा जेवा आपणें माथापर डुशमन छे, ते छतां तुं केम सुखमां सुइ रहे छे? अने हे ज्ञानावरणादिक योधाउ! तमो जलदी चालो, के जेम आपणें डुष्ट एवा चारित्रना मदने हालने हाल दमी नाखीयें? आवां मोहराजानां वचन सांभळीने अविवेक नामा मंत्रीयें विनति करी कह्युं के हे देव! प्रसन्न थाउ. प्रसन्न थाउ. अटलो महोटो क्रोध शामाटे करो छो? जुउ. हाल जे आपणा नगरमां चारित्र राजानो बुंबारव थयो, तथा चारित्र राजायें जे जोर कर्युं, तेनुं कारण जे बन्युं छे, ते सांभळो. के तमारो पिता जे कर्मपरिणाम राजा छे, तेणे तमारी मासी जे चिरकालस्थिति छे, तेना विवाहने विषे पाणिग्रहण वखतें दायजामां आ संसारनगरनी मध्यना एकशो सित्तेर पाडा एटले सर्व नरकर्मभूमि आपी छे. हवे ते नरकर्म भूमिना एकशो सित्तेर पाडा केवी रीतें थाय? ते कहे छे, के आ अढीद्वीप छे ते, तथा पांच भरत, अने पांच ऐरवत, ए सर्व नरकर्मभूमि छे. हवे ते पूर्वोक्त अढीद्वीप छे, तेमां पांच विदेह छे. अने एकेका विदेहमां बत्रीश बत्रीश विजय छे, तो ते पांच विदेहने ज्यारें बत्रीश गुणा करीयें, त्यारें एकशो साठ पाडा ते अढीद्वीप नरकर्मभूमिना थया. तथा पांच भरतना अने पांच ऐरवतना ए बेहू भूमिना मळी दश पाडा थया. आ प्रमाणें सर्व

वली ते नरकर्मभूमिना एकशो सित्तेर पाडा थाय छे. हवे ते सर्व नर कर्मभूमि, कालस्थितिने दायजामां आपी छे. तो ते कर्मभूमिनो तमारी मासीयें सुंदर, सौम्य, शूर एवा पोताना स्वामी धर्मराजाने राजा कर्यो छे, तेथी ते पाडाउमां फरमाज करे छे, अने ते धर्मराजा एकांतें सर्वजननो हितकारी छे, तेथी जे तेनुं आराधन करे छे, तेने ते संपूर्ण एवी सुख समृद्धि आपे छे. वली ते धर्मना प्रसादथकी सुखी थयेला अरिहंत, चक्री, हरि अने बलदेव वगेरेने जोइने प्रायः अनेक जनो तेवा सुखनी इच्छा माटे धर्मनुंज सेवन करे छे. अने हे राजन्! आपना मिथ्यादृष्टि वगेरे अनुचरोयें पूर्वोक्त धर्मसेवक जनोने दुर्गतिरूप गढमां नरकनिगोदमध्ये घाल्या पण हता, परंतु ते कालस्थितिथी निकली निश्चिंत थइने पुनरपि ते धर्मनुंज सेवन करवा लाग्या छे. हवे ते धर्मराजायें पण घणा काल ते राज्य भोगवीने ते राज्य, पोताना चारित्र नामा पुत्रने आप्युं छे. तेथी हाल ते चारित्रज राज्य करे छे. ते चारित्रने परकार्योद्यत थयेलो जोइने ते भूमिमां रहेनारा केटलाएक प्राणीयोयें ते चारित्र राजाने विनति करी कह्युं के हे स्वामिन्! आ आपनी भूमिमां जातां आवतां अमोने मोहराजाना भृत्योथी भय रहे छे, माटे अमने एवुं कोइक निर्भयस्थान बतावो, के जेमां अमो निर्भय थइ रहियें? त्यारें चारित्रराजा बोल्यो, के हे भद्रजनो! ते मोहभृत्योथी न जवाय, एवी तो एक मुक्तिपुरी छे, परंतु त्यां निश्रेणि (निसरणी) विना जवाय तेम नथी. तेथी प्रथम तमो विवेकरूप पर्वत पर चढो, त्यां तमोने दर्पोत्कट एवा मोहना सुभटो पराभव करी शकशे नहिं. पछी त्यां क्षपक श्रेणीरूप निसरणीयें चढी सुखें करी मुक्तिपुरियें जजो. एम कहिने ते चारित्र राजायें ते जीवोने विवेकपर्वत पर चढाववा माटे सदागमनी योजना करी. ते सदागमें पण तेउने पर्वत पर चढावी, तेनी साथें पोताना प्रशमादिक सुहृदोने मोकल्या, त्यारें ते सुहृदोयें, ते विवेकाद्रिने विषे धर्मार्थी एवा कोइक दीन पुरुषो जे हता, तेने विशामो लेवरावीने केवलज्ञानथी देखाय छे मार्ग जेनो एवी जे मुक्तिपुरी ते प्रत्यें पहोंचाड्या? अने हे राजन्! ते मुक्तिपुरिप्रत्यें जनारा जीवोने पकडवानी करी छे प्रतिज्ञा जेणें एवा तमारा नाम गोत्रादिक चार भाइयो, ते जीवोनी पछवाडे घणाज दोड्या, परंतु ते जीवो, तेने हाथ आव्या नहिं, तेथी ते निराश थइने हाल

पोताने घेर आवी बेठा छे. अने हाल तेऐंज आवीने पोकार कर्यो छे के आपणी नूमिने चारित्र राजा लूंटे छे. आ प्रमाणें हे राजन्! आ आपणी नगरीमां बुंबारव थवानी जे हकीगत हती, ते सर्व कही आपी. माटे हे स्वामिन्! तेमां संरंन करी शुं करशो? अने हवे क्रोध करवाथी पण सर्युं. हे देव! आ जे बन्युं ते सर्व, तमारी मासीना हाथमां नरकमेंनूमिना एकशो सित्तेर पाडा जवाथीज बन्युं छे. हे राजन्! तमारा सात व्यसन रूप सात नाइ पण निराश थइ पाछा आव्या छे, अने तेणें पण आवी आ सर्व वात मने कही आपी छे. आ प्रमाणनां अविवेकनां वचन सांनली मोहराजा कहे छे. के हे अविवेक! हजी शुं बगडी गयुं छे? ते सर्व जीवोने प्रमादरूप मदिरा पाउ, के जेथी पाछा ते अज्ञातधर्म थइ मारे विषे रागी थाय? ते सांनली अविवेक मंत्रीयें जीवोने अज्ञान मदिरानुं पान कराव्युं, अने तुरत पाछो अविवेक मोहराजा पासें आवी कहेवा लाग्यो के हे देव! आपनी आज्ञा प्रमाणें सर्व जीवोने में अज्ञानरूप मद्यनुं पान कराव्युं छे. एम कहीने ते, मोहराजाना चरणमां पड्यो. आ प्रमाणें अविवेकें कह्युं के में सहु कोइने अज्ञान मदिरानुं पान कराव्युं छे, तो पण तेनां वचन पर विश्वास न आववाथी मोहराजा ते अविवेकनो हाथ जालीने नगरमां तेनो पोतें जातेंज तपास करवा निकल्यो. त्यां तो अज्ञानमद्यथी नाश थइ गयुं छे चेतन जेनुं तथा धर्माधर्म कार्यथी विवर्जित, पेयापेय, खाद्याखाद्यना ज्ञान रहित एवा सर्व विश्वने देखवा लाग्यो. तेमां पूर्वोक्त नरकमें नूमिना एकशो सित्तर पाडाउमां फरतां तेणें विषयी, पाषंडी अने मिथ्याचारोने धर्म, धर्म, कहेता दीठा, त्यारें मोहराजा ते अविवेक मंत्रीने आंख्यो चडावी कहेवा लाग्यो के अरे मंत्री! आ लोकोने तें अज्ञान मद्य नथी पायुं, के ते धर्म धर्म एम कहे छे? त्यारें अविवेक बोल्यो छे, के हे देव! तेउने तो अमें घणुंज अज्ञानमद्य पायुं छे, तेथी ते अज्ञानरूप मद्यना जोरथी धर्म, धर्म, एम बोले छे, परंतु ते सर्व आपणा नगरथी बाहेर जइ शके तेम नथी. कारण के ते मिथ्यात्वी होवाथी खरा धर्मना रूपने जाणताज नथी. वली जुउ. के ते धर्म धर्म कहेनारा कांइ विवेकाद्रिपर गया छे? ना नथीज गया. तेम ते शमादिकोने पण मल्या छे? ना नथीज मल्या. तेम ते चारित्र राजानी सेवा पण करे छे? ना नथीज करता. तेम ते समिति गुप्तिने सेवे छे?

ना नथीज सेवता. ते सांजली मोहराजा बोल्यो, के हे अविवेक! आ सर्व वातनी तुने केम मालम पडी ? त्यारें अविवेक कहे छे, के हे महाराज ! एक दिवस हुं जीवोने पकडवा माटे विवेकाद्रि पर्वत पर चडवा तैय्यार थयो हतो, परंतु त्यां हुं ज्यारें चडी शक्यो नहिं, त्यारें में त्यां व्युदग्रहादिक एवा सुजटोने मोकल्या. तो ते त्यां गया तो खरा, परंतु तेणें वली त्यां जइ विश्राम लइ शुद्धागमनो विधि सांजलीने कदाग्रह कस्यो, तेथी तेउने पण ते विवेकाद्रिथी नीचें उतारी मूक्या. अने तेउयें मारी पासें आवी ते सर्व बीना मने कही छे, तेथी कांइक जाणुं छुं. ते सांजली मोहराजा बोल्यो के हे अविवेक! मारी मासी जे चिरकालस्थिति तेना पुत्रो कोइ दिवस मारा जक्त होय, के नहिं ? त्यारें अविवेक बोल्यो, के हे राजन् ! आ विवेकाद्रिथी जे नीचें रहेला जीवो छे, ते तो तमारा जक्त होय छे, परंतु तेनी उपर रहेला जे घणाक दुष्ट जीवो छे, ते तमारा जक्त होता नथी. माटे तमारा मासीना पुत्र जो विवकाद्रिथी नीचें होय, तो तमारा जक्त होय, नहिं तो होयज नहिं. ते सांजली मोहराजा जे छे, अत्युत्कर्षने विशेष करवा माटे दर्प करी मदोन्मत्त थयो थको तथा घणाक पारखंमीयोने घणाक वेष करावीने ते पुरने विषे क्रीडा करवा लाग्यो. ते जेम केः– ते मोह राजा गाय छे, नृत्य करे छे, रमे छे अने अन्य जनोने रमाडे छे, विराम पामे छे, कलह करे छे, विविध प्रकारनां वाजित्रो वगाडे छे, हसे छे, बीजाने हसावे छे, एकने मारे छे, पृथ्वीमां आलोटे छे, घडी वारमां जय पामे छे, तपे छे, तपावे छे, सुवे छे, बेसे छे, क्रोधायमान थाय छे, वली बीजाउने क्रोध करावे छे, संतुष्ट थाय छे, बीजाने संतुष्ट करे छे, स्पष्ट रीतें शोक करे छे, राडो नाखे छे, नखावे छे, पोकार करे छे, करावे छे, विलाप करे छे, करावे छे, कोइकने चिरकाल पर्यंत मूर्छामां नाखे छे. आ प्रमाणें अनेक लीला करे छे, अने नगरमां फरे छे. वली ते मोहराजा, पिताने पुत्र कहे छे, अने माताने दीकरी कहे छे, तथा पिताने अने माताने वैरी जाणे छे. स्त्रीने स्वामी कहे छे. विष्टा, मूत्र, वगेरे मलिन वस्तुथी जरपूर एवा स्त्रीना अंगोनुं आलिंगन करे छे, अने तेवी स्त्रीपासें आलिंगन करावे छे. ते काम वली बीजा मनुष्यो पासें करावे छे. वली पोतें निर्लज्ज वस्त्र रहित थइ स्त्रीयोना अशुचिमुखोनुं चुंबन करे छे, घणुंक माहापण करे छे, देवगुरवा

दिकने विषे स्तब्ध थइ रहे बे, अने प्रमदाजनना पगमां पडे बे, पोताना सुन्नटोने आक्रोश करी बोलावे बे, विषम एवुं रणसंग्राम करे बे, हर्षायमान थइ, केटलाएकने मारे बे अने क्षणवारमां पोतें पण मरण प्राय थइ जाय बे. पोताना कुटुंबनां दान, पोषण अने पालने करी पोतें तेनो किंकर थइ रहे बे. अने वली पोताने माथे वृथा महोटाइ ले बे, वली ते मोहराजा चार कषाय, पांच इंड्रियोना विषय, ते रूप परिकरयुक्त तथा पोताना सात व्यसन रूप न्नाइयोयें सहित चौद राजलोकमां पोतानो पिता जे कर्मपरिणाम राजा, तेने संतोषने उपजावतो थको नव रस युक्त नाटयने करे बे. माटे हे न्नव्यो ! तमो एम जाणो के शौर्यने धारण करनार, एवा प्रमादरूप वैरीयें जीतेला एवा राजेंड् प्रमुख सर्व संसारी प्राणीयोने ते मोहें हणेला बे. तथा मोहकुलना उपन्या जे इंड्रियविषय, तेमणें निरंतर ते सर्वने वशीन्नूत करेला बे, माटे ते इंड्रियविषयने न करवे करी अथवा तेने तजवे करी अथवा तेने वश करवे करी तमो अक्षय सुखनुं उपार्जन करो. अने में तमोने प्रथम कह्युं बे, के तमारे संग्राम न करवो पडे, ते शुं ? तो के पूर्वोक्त मोहराजाना कुलना उत्पन्न थयेला जे पचेंड्रियना विषयो तथा तेना सात व्यसन रूप न्नाइयो तेनो जो तमें प्रथमथीज घात कर्यो होय, अथवा तेउने तमें वश करेला होय, तो फरी पढी तेनो घात करवा माटे तमारे लडवुं पडे नहिं. वली में तमोने कह्युं बे के जेमां तमोने बिलकुल रति नथी, तेमां रति करो, ते हे राजाउ ! संयम जे बे, ते पूर्वोक्त मोहसैन्यने नाश करनार बे, अने ते तत्त्वथी सुखदायक बे, परंतु तेमां बाह्य स्वादरहितत्व होवाथी लौकिक स्वाद नथी, तो ते बाह्य स्वादरहित एवा संयममां तमने रति एटले प्रीति नथी तो तेमां प्रीति करो. अर्थात् हे राजाउ ! तमो मोहना पदने मूकीने चारित्रनो आश्रय करो.

आ प्रकारनुं केवलीना मुखथकी धर्मनुं श्रवण करी मानतुंग तथा राजशेखर राजा बोल्या के हे प्रन्नो ! आपें अमने प्रथमज कह्युं बे, के "तमोने अर्हद्धर्म राजानो सुबोध नामा दूत आवी ज्यारें सुदर्शन नामक चूर्ण खवराशे, त्यारें तमोने अज्ञानमद्यनो मद उतरशे ? तेथी तमो सत्यार्थ जाणशो." तो हे महाराज ! आपना कहेला सद्बोधरूप दूतें अमोने हाल सुदर्शन

चूर्ण खवराव्युं, तेथी अमारुं अज्ञानमद्य उतरी गयुं. माटे हे माहाराज! अमो आ सर्व संसारना सुखने प्रत्यक्ष रीतें अस्थिरज जाणीयें छैयें. अने हे जगवन्! आ असार अने इंद्रजाल समान संसारने मोहांध पुरुषो जे छे, ते सत्य जाणे छे, परंतु अमोयें तो हवे ते संसारने दुःखावहज जाण्यो छे, माटे तेनो त्याग करी आपनी पासेंथी अमो तो संयम लेवा इच्छियें छैयें? ते सांजली जगवान् कहे छे, के हे नृपोत्तमो! तमोने आवी संयमेच्छा थइ, तेथी हवे तमें निश्चें जाणजो जे तमारुं कल्याणज थयुं. परंतु हवे तमो संयम लेवामां जरा पण विलंब करशो नहिं. कारण के इंद्रियग्राम जे छे, ते दुर्जय छे, अने मन छे, ते पवन समान चंचल छे. तेथी हाल जेवी तमोने संयमेच्छा छे, तेवी पछी रहेशे नहिं? ते सांजली राजशेखर राजा अने मानतुंग राजा, जय राजाने कहेवा लाग्या के हे नरेंद्र! तमो अमारा आ राज्योने ग्रहण करी आ गृहस्थाश्रमरूप आपत्तियकी अमारो निस्तार करो. जे आपत्तियकी छुटी अमें अमारा इच्छित कार्यने साधीयें? ते सांजली जयराजा कहेवा लाग्यो, के हे राजाउ! तमें कहो छो ते खरी वात छे, पण ज्यारें मारी स्त्रीनुं वनदेवीयें हरण कर्युं हतुं, त्यारेंज में अजिग्रह करेलो छे, के ज्यारें ते स्त्री मने मले, त्यारें मारे दीक्षा लेवी? तो हवे ते मारो अजिग्रह पूर्ण थयो छे, अने हुं तो तमोने मलवा पहेलांज चंपापुरीनुं राज्य छोडी संयम लेवा तत्पर थयो हतो, परंतु तेम ते दिवस न बन्युं, त्यारें हवे हुं, ते संयम लेवामां केम विलंब करुं? वली तमोयें कह्युं के अमारां बेहुनां राज्य लीयो, तो हे जाइयो! ज्यारें हुं माहारा राज्यनी इच्छा करतो नथी, तो तमारा राज्योने शुं करुं? ते पछी ते त्रणे राजाउयें जय राजाना कुसुमायुध कुमारने पुण्याधिकवान् जाणीने ते त्रणे राज्यो ते कुमारने आप्यां. अने तेउयें ते केवली जगवान् पासेंथी चारित्र अंगीकार कर्युं. अने कुसुमायुध राजानी मा जे प्रियमती राणी हती, ते पण ज्यारें पोताना पतिनी साथेंज संयम लेवा तैय्यार थइ, त्यारें तेना स्वामी जय राजायें तथा पोताना पिता मानतुंग राजायें अने बीजा आम त्योयें ना कही. तेथी तेणें संयम लीधुं नहिं.

हवे कुसुमायुध राजा, पोताना पिताने गाम आवी ते पितानी राज्य गादीपर बेगे, तेथी तेजःपुंजमय तथा शरदृतुना रविसमान प्रतिदिवस

शोनवा लाग्यो. अने तेना विनीत एवा मंत्री, सामंत वगेरे राज्यांगनुं चिंतवन करवा लाग्या. अने ते राज्यांगनी ज्यारें योग्य व्यवस्था करवा लाग्यो, त्यारें समृद्धिनी पण वृद्धि थवा लागी, तेथी ते सुख सागरमां निमग्न थयो. वली सद्गुणना समूहनुं धाम एवा ते कुसुमायुध राजानुं जे यश हतुं, तेने कोइ पण ठेकाणे रहेवानुं स्थान न मलवाथी क्रोधायमान थइने ते त्रण जगतने विषे प्रसरी गयुं. अर्थात् जेम कोइ सारा माणसने क्यांइ रहेवानुं स्थान न मले, तो ते जेम रोषयुक्त थइने सर्व स्थाने फरे ? तेम तेनुं शुद्ध एवुं यश पण त्रण जगतमां फरवा लाग्युं. ए कवियें उत्प्रेक्षा करी छे. हवे ते कुसुमा युध राजाने सर्व सारनूत एवी ऋद्धिथी संयुक्त एवुं उत्तम राज्य प्राप्त थयुं छे, तो पण तेमां तेनुं मन रंजित थातुं नथी. अने पोताना पिता जय राजायें जे धर्मनुं आचरण कर्युं छे, तेवा अर्हद्धर्ममां राजी थाय छे. वली ते कुसुमायुध राजानुं मन, अरिहंत नगवाननी पूजा, यात्रा, स्नात्र पूजा वगेरेमां जेवुं प्रसन्न थाय छे, तेवुं गीत, नृत्य, वाद्यमां, तथा उद्या नादिकमां केली करवाथी प्रसन्न थातुं नथी. वली ते राजाना राज्यने विषे स्त्रीयो, बाल, गोपाल, मागध जे कोइ गीतगान करे छे, ते सर्वे अर्हद्गुणयुक्तज गान करे छे, परंतु जिह्वाने मलिन करनार एवा शृंगार रसयुक्त संसारासक्ति वधारनार एवा गीतनुं गान करतां नथी. अने निष्कलंक, तथा व्रतरूप कलाउथी पूर्ण एवो कुसुमायुधरूप जे अपूर्वचंद्र, तेना उदयथी मिथ्यात्वरूप जे महा तम हतुं, ते जलदी दूरज जातुं रह्युं.

हवे ज्यारें विजयविमानमांथी च्यवी ते कनकध्वज राजानो जीव, कुसुमायुध थइने अवतर्यो, त्यारें तेनो मित्र जे जयसुंदर कुमार हतो, ते त्यांथी चवी क्यां अवतर्यो ? ते कहे छे. के कुसुमायुध राजाने राज शेखर राजायें जे बत्रीश कन्याउ परणावी हती, तेमां जेनुं कुसुमावली एवुं नाम छे, एवी जे कन्या हती, तेमने ते कुसुमायुधें पट्टराणी करी छे, तो तेनी साथें नोग नोगवतां कुसुमायुध राजाने घणोज काल व्यतीत थइ गयो. हवे ते विजयविमानमां देवता थयेलो जयसुंदर कुमारनो जीव, त्यांथी च्यवीने ते कुसुमायुध राजानी पट्टराणी कुसुमावली राणी जे हती तेना उदरने विषे पुत्रपणे आवी उपन्यो. ज्यारें ते पुत्र गर्नमां आव्यो, त्यारें ते राणीयें स्वप्नमां निर्धूम एवो अग्नि दीगे. अने ज्यारें प्रातःकाल थयो, त्यां तो तेने प्रतिदिन ज

गाडवा आवता एवा वादक लोकोयें आवी तूर्यना शब्द करवा मांड्या, तेथी ते जागी गइ, अने तुरत पोताना स्वामी आगल आवी ते स्वप्ननी सर्व वात कही आपी. ते सांजली कुसुमायुध राजायें राणीने कह्युं के हे प्रिये! तमने एक उत्तम एवो पुत्र थाशे? ते सांजलीने ते राणी अत्यंत प्रमोदने पामी. हवे ते पुत्र, गर्जमां आव्यो तेथी राणीने सुपात्रने विषे दान देवाना दोहद उत्पन्न थया, ते सर्व दोहद राजायें पूर्ण कस्या. पढी गर्जने पालन करती एवी ते कुसुमावलीने ज्यारें दश मास पूर्ण थया, त्यारें उत्तम दिवसने विषे अत्यंत मनोहर एवो पुत्र प्रगट थयो. ते वखत राजायें पुत्रजन्ममहोत्सव कस्यो. अने ज्यारें ते पुत्र एक मासनो थयो, त्यारें तेनुं पोताना नाममांथी अर्द्ध नाम आवे एम " कसुम केतु " एवुं नाम पाडयुं. अनुक्रमें ते पुत्र समग्र एवी कलाउथी, तथा रूपथी, यौवनारंजथी, बलथी, सर्वजनने विषे प्रसिद्धिने प्राप्त थयो. एक दिवसें मथुराधिप महाकीर्त्ति नामा राजाना महाबुद्धिनामा आमात्यें चंपापुरीमां आवी, ते कुसुमायुध राजाने विनति करी के हे देव! मथुराधिप एवा मारा स्वामी माहाकीर्त्ति राजानी मनोरमा वगेरे मनोहर, अतिरूपवती आठ कन्याउ ढे, ते, विद्याना मदथी कोइ पण देशना राजकुमारने वरवा इछती नथी. हवे एक दिवसें ते मथुरानगरीमां अमारा महाकीर्त्ति नृपनी सजामां कोइ एक मागधें आवी उत्तम एवा बे श्लोको कह्या, ते त्यां बेठेली आठे कन्याउयें सांजल्या. ते जेम केः– श्लोक ॥ प्रोक्तं प्रेम रतेः सारं, प्रेम्णः सद्भावएव हि ॥ प्रेमसद्भावमुक्तानां, रतिर्जवति कीदृशी ॥ १ ॥ धनेनैव हि साध्यंते, तदर्थिन्यः पणांगनाः ॥ कथं तान्जिस्तु गृह्यंते, ठेकाः सद्भावजाविताः ॥२॥ अर्थः– सुखनो जे सार, ते प्रेम ढे. अने प्रेमनो जे सार, ते सद्भाव ढे. माटे प्रेमथी थयेला सद्भाव विना सुख केम होय? नानज होय ॥१॥ धननी अर्थी एवी जे पणांगना स्त्रीयो, ते तो धनथीज उपलब्ध थाय ढे. तो ते धनार्थी एवी पणांगनाउ, सद्भावथी जावित एवा उत्तम पुरुषोनी केम इछा करे? ना नज करे ॥ २ ॥ ते सांजली विस्मय पामेला अमारा स्वामी महाकीर्त्ति नृपें कह्युं, के हे मागध! आ श्लोकनो बनावनार कवि, साजिप्राय होय, एम लागे ढे? त्यारें ते मागध बोल्यो के हे प्रजो! आ श्लोक करनारनुं वृत्तांत कहुं, ते सांजलो. के पोताना कुलरूप आकाशने विषे चंद्रमासमान, सर्व राजकुलरूप स

मुद्रना सेतुरूप, कवितारूप चंद्रमामां अब्धितुल्य, महाराजाधिराज एवा कुसुमायुध राजानो एक कुसुमकेतु एवे नामें पुत्र छे. तेणें आ श्लोको बनावेला छे. ते सांजली त्यां बेठेली ते महाकीर्त्ति राजानी आठे कन्याउ एक क्षण मात्रमां कामाग्निथी प्रदीप्त थइ गइ, अने ते सर्वेयें तेनेज वरवानो निश्चय कस्यो. कारण के ते कन्याउयें जाण्युं जे आ कुमार घणोज चतुर छे अने आ पण जेवी मूर्ख कन्याउ तेने वरतीयो नहिं होय, माटे तेणें आ बे श्लोक बनावी तेमां कहेवराव्युं छे, के सुखनो सार प्रेम छे, अने प्रेमनो सार खरो जाव छे, तो ते आपण जेवीयोमां न होवाथी आपणने ते नीरागी तथा सद्भाव रहित समजे छे? आ प्रमाणें ते कुमारीयो तेवो गूढार्थ जाणीने कामाग्निथी व्याप्त थइ गइ. हवे ते समग्र कन्याउनो अजिप्राय जाणीने तेना पितायें मारी साथें आपने कहेवराव्युं छे, जे आ मारी कन्याउ तो निर्गुण होवाथी आपना गुणना सागर सरखा पुत्रनी समान नथी, तो पण आ मारी कन्याउमां एक गुण छे, के तेउ सारा माणासना संगने इछे छे, तेथी तेवो गुणवान् तो तमारो कुमारज छे तेथी तेमांज रक्त छे. माटे ते बीजा कोइ पण राजकुमारोने वरवा इछती नथी. तो हे महापुरुष! आपें कृपा करी आपना कुसुमकेतु कुमारने त्यां मोकलावी ए आठे कन्याउने सारी रीतें निवृत्ति पमाडवी जोइयें. वली हे राजन्! आ चंद्रमा, कुवलयने प्रकाश करनार, शोल कलायें सहित, अंबरथी जूषित छे, तो पण जो ते थोडा घणा पण ताराउयेंथी आवृत होय छे, तोज ते तारापति कहेवाय छे. ते शिवाय कहेवातो नथी. तेम वनहस्ती जे छे, ते मनोहर शुंढादंम युक्त तथा अनेक लघु हाथीयोयें सहित होय, तो पण ते जो हाथणीयोयें युक्त होय, तोज ते यूथनाथपणाने पामे छे. तेम आपना पुत्र सर्व गुणथी संपन्न छे, तो पण ज्यारें ते आ अमारा स्वामी महाकीर्त्ति राजानी आठ कन्याउना स्वामित्वने प्राप्त थाशे, त्यारेंज उत्तम राजापणाने पामशे? अने हे महाराज! आ मारां कहेलां वाक्यमां आपने जे कांइ युक्तायुक्त जासतुं होय, ते कहो. एम कहीने ते मंत्री बोलतो बंध थयो, त्यारें कुसुमायुध राजा बोल्यो के हे मंत्रीश! तमारा स्वामी माहाकीर्त्ति राजायें तो आ युक्तज कहेवराव्युं छे, परंतु आ मारो कुसुमकेतु पुत्र जे छे, तेनुं हाल यौवन वय छे, तो पण तेने कोइ स्त्री वगेरेनो बिलकुल राग नथी, तेम हास्य शृंगारयुक्त बोलतो

नथी, मुखने पण कोइ दिवस मचकोडतो नथी, तथा कांइ अंगविक्रिया पण करतो नथी. वली घरेणा वगेरेथी पोताना अंगने पण शोभावतो नथी. तेम कोइ स्त्रीयोना कटाक्षोने जोतो नथी. जाझुं शुं कहुं? परंतु ते सर्वे प्रकारनी क्रीडाउमां विमुख छे, विषयमां वैराग्यवान् छे. तमें कहेशो के त्यारें तेने कया पदार्थमां राग छे ? तो के ए कुमार, एक योगीनी परें शब्द ब्रह्ममां रागवान् छे, अने तेमांज मग्न छे. तेथी अमने तो कांइ समज पडती नथी, के ते महामुनियोनी आज्ञारूप महाव्रतने लेशे के शुं करशे ? परंतु एना प्रत्यक्ष आचरणथी तो स्पष्टरीतें एमज जणाय छे, के ए अमारा देशनी चिंता राखी राज्य तो पालशेज नहिं ? एम ज्यां कुसुमायुध राजा कहे छे, त्यां तो छडीदारें आवी नमन करी कह्युं के महाराज ! सांकेतपुरना रविसेन राजानो सुगुप्त नामें आमात्य आवेलो छे, ते आपनी पासें आववा धारे छे, जो आप आज्ञा करो, तो तेने हुं आववा दउं ? त्यारें राजायें हुकम कर्यो, के हा, आववा द्यो. त्यारें ते मंत्रीयें आवी विनति करी कह्युं के हे देव ! अमारा राजाने आठ कन्याउ छे. परंतु सर्व पुरुषनी वैरी तुल्य ते कन्याउ, राजकुमारना रूपथी रंजित थाती नथी. परंतु आपना कुसुमकेतु नामा पुत्रना रूपने जोइ अनंगपीडित थयेली होवाथी आपना पुत्रविना स्वस्थ थाय तेम भासतुं नथी. ते माटे रविसेन राजायें मुने आपनी आगल मोकलेलो छे. तो हे नाथ ! कारुण्यामृतना सागर एवा आपने हुं विनति करुं छुं, के आपें आपना कुमारने त्यां मोकलीने ते कन्याउनुं आ कुमार सार्थे पाणिग्रहण करावी तेने जीवती राखवी. आवां ते मंत्रीनां वचन सांभलीने तेनी पासें पण पूर्वेनी परें ते कुमारना स्वभावनुं वर्णन कर्युं, तेवामां तो वली वत्स देशना जयतुंग नामा राजानो सुभणित नामा दूत आव्यो, तेणें पण ते कुसुमायुध राजाने विनति करी कह्युं के हे देव ! मारा स्वामी जयतुंग राजायें आपने कहेवराव्युं छे, जे मारे गुणौघें करी परिपूर्ण, भणेली, स्वरूपवान् एवी शोल कन्याउ छे, ते कन्याउने कोइएक नैमित्तिकें आवी कह्युं छे, के तमारो सर्वेनो पति, चंपापुरीना कुसुमायुध राजानो पुत्र कुसुमकेतु कुमारज थाशे ? ते माटे मारी पर अनुग्रह करी ते कुमारने मारी सार्थे मोकलो, कारण के ते कन्याउ आपना कुमार विना बीजा कोइनुं पाणिग्रहण

करशे नहिं. आवां वचन सांजली कुसुमायुध राजा विचारमां पड्यो के अहो! आ मारो कुमार तो एक छे, अने आ त्रणे दूतना कहेवा प्रमाणें त्रणे स्थलमां ते त्रणे स्थलनी कन्याउनो लग्न दिवस पण एकज छे. अने ते कन्याउना पिता राजाउ पण सरखाज छे. माटे एकजदिवसें त्रणे स्थलें ते कुमारने लग्न करवा जावानुं केम बनशे? वली कदाचित् हुं कुमारने एक राजाने घरेज मोकलुं, तो वली बीजा बेहु राजाने इुःख लागे, तो वृथा वैर थाय. तेथी एमज करवुं के त्रणे जणने नाज कहेवी, जेथी कोइने इुःखज न लागे? एम विचार करी राजा, ज्यां ते त्रणे जणने ना कहेवा जाय छे, त्यां पोताना महाबुद्धिनामा मंत्रीयें जाण्युं जे राजा विचारमां पडी गयो छे, तेथी कां तो आ त्रणे दूतने नाज कहेशे? एम जाणी ते मंत्री बोल्यो के महाराज! आप विचार शुं करो छो? हाल जे, ते कन्याउना पिताउयें लग्न शुद्धि जोइने जे दिवस लग्ननो निर्धार्यो छे, ते दिवस, आपणने बार वरसे पण मलवो कठिन छे माटे आपणो कुमर एक होवाथी ए त्रणे स्थलें जइ एक दिवसें सर्व कन्याउनुं पाणिग्रहण केम करी शके? ते माटे आ त्रणे जणने कहो, जे ते त्रणे राजाउ एकज दिवसें पोत पोतानी कन्याउने आपणी नगरीयें मोकले, जेथी त्रणे राजाउनी सर्व कन्याउने एकज लग्नथी आपणो पुत्र वरे? ते सांजली कुसुमायुधराजा बोल्यो के हे मंत्री! तमो जेवा नामथी महाबुद्धि छो, तेम गुणथी पण तेवाज छो, माटे आ वात घणीज उत्तम कही. ते सांजली त्यां बेठेला सहु कोइ बुद्धिमान् जनो कहेवा लाग्यां के वाह! घणुंज सारुं धार्युं? ते पछी कुसुमायुध राजायें मेघना सरखी गंजीर वाणीथी ते त्रणे दूतोने कह्युं के हे दूतो! तमो सर्वेयें आहिं आवी एकज दिवसना लग्नें मारा पुत्रने परणवा माटें कह्युं, तो ते मारो पुत्र एक लग्नें त्रणे स्थलें केम पोहोंची शके? माटे तमारे तमारा स्वामीयोने कहेवुं के जो तमारे कुसुमायुध राजा पर खरो स्नेह होय, तथा तेना कुसुमकेतु पुत्रनी साथेंज तमारी पोतानी कन्याउने परणावानो दृढ निश्चय होय, तो तमारो जोवरावेलो जे लग्ननो दिवस छे, तेज दिवसमां लग्न थाय तेवी रीतें स्वयंवर करवा तैय्यार थयेली तमारी कन्याउने आहीं मोकली आपो. कदाचित् तमो एम जाणशो, के अमारी कन्याउने सामी तमारे त्यां लग्न करवा मोकलवी, ते तो घणुंज अनुचित कहेवाय? तो ते एम

जाणवुं नहिं. कारण के कन्याउने सामे परणवा जवानो पण घणे स्थलें रीवाज बे, तथा शास्त्रमां पण कहेलुं बे. वली मारो पुत्र परणवा तो आवत, परंतु त्रणे स्थलथी जे तमें दूतो आव्या, तेमां तमोयें त्रणे स्थलनो एकज लग्न दिन कह्यो बे? ते सांजली त्रणे दूतें पोताने गाम जई ते सर्व वात, पोत पोता ना स्वामीने कही आपी. ते सांजली अत्यंत खुशी थयेला ते त्रणे राजाउयें पोत पोतानी कन्याउने त्यां सामी लग्न माटे मोकलवा, विषे बुद्धिमान् लो कोनुं मत लीधुं. पबी अनेक एवा हाथी, घोडा, तथा सहस्रपरिमित रथो, लक्ष एवा सुजटो, रूपुं, मणि, कोटि सुवर्ण, घणीक दासीयो, दास, तेणें सहित, ते सर्व कन्याउने केटलां एक माणसोनी साथें त्यां चंपापु रीमां मोकली. त्यारें कुसुमकेतु कुमारें पण पोताना पितानी आज्ञाथी ते सर्व कन्याउनुं एकज लग्नें पाणिग्रहण कर्युं. अने पबी तेउयें दोगुंदक दे वतानी पठें मनोहर एवा सुखसागरने विषे घणा दिवस पर्यंत क्रीडा करी.

हवे एक दिवस सूरिपदने विषे आरूढ, अवधिज्ञानी, ते कुसुमायुध राजा ना मामा एवा सुंदराचार्य नामा मुनि कुसुमायुधना वृत्तांतनो उदय, अवधि ज्ञानथी जाणीने पोताना पुरंदरादिक एवा पांचशे शिष्योयें परिवृत थका ते नगरीना उद्यानमां समोसर्या. त्यारें तेमना पधारवानी वनपालकें आवी वधा मणी आपी. ते सांजली, कुसुमायुध राजा ते वनपालकने अतुल दान दइ, सर्व ऋद्धियें युक्त, पोताना पुत्र, सर्व स्त्रीयो अने आमात्य, गामनां लोको, तेणें सहित, ते मुनिने वांदवा गयो. त्यां जइ शमसंपन्न एवा ते मुनिरा जनां दर्शन करी, जक्तिजावथी प्रणाम करी प्रफुल्लित जेनुं मुख बे एवो ते राजा, मुनिनी समीपमां योग्यस्थान पर बेगे. पबी आचार्य पण ते राजाना उद्देशथी धर्मदेशना देवा लाग्या. ते जेम केः– ॥ श्लोक ॥ रम्यं रूपमरोगता सुजगता कांता मनःकामिता, व्यक्तित्वं त्रिदशेश्वरत्व मिति या कामार्थयोः संस्थितिः ॥ त्रैलोक्याधिपतित्वमप्यनुपमं मोक्षोपि यस्माद्भवे, धर्मस्तेन जिनेश्वरैरिह चतुर्वर्गाग्रणीर्गण्यते ॥ १ ॥ लक्ष्मीर्वे श्मनि जारती च वदने शौर्यं च दोष्णोर्युगे, त्यागः पाणितले सुधीश्च हृदये सौजाग्यशोजा तनौ ॥ कीर्त्तिर्दिक्षु सपक्षता गुणिजने यस्माद्भवेदं गिनां, सोयं वांबितमंगलावलिकृते धर्मः समासेव्यताम् ॥ २ ॥ अर्थः–जे धर्मथकी, मनोहर एवुं रूप, आरोग्यपणुं, सौजाग्य, मनोजिलषित एवी

कामिनी, फुटडाइ, देवेंद्रपणुं, काम अने अर्थ तेनी स्थिति, अनुपम एवुं त्रण लोकनुं अधिपतिपणुं अने मोक्ष. ए सर्व प्राप्त थाय ढे, ते माटेज आ लोकने विषे जिनेश्वरें ते धर्मने सर्वेमां अग्रेसर गणेलो ढे ॥ १ ॥ वली जे धर्मना सेवन करवाथी प्राणीयोने घरने विषे लक्ष्मी, मुखने विषे सरस्वती, बेहु हाथने विषे शौर्य, पाणितलने विषे दान, हृदयने विषे सारी निर्मल बुद्धि, शरीरने विषे सौनाग्यनी शोना, दशदिशाउने विषे कीर्त्ति, गुणिलोकनी सार्थे सपक्षपणुं. ए सर्व प्राप्त थाय ढे. ते माटें हे राजन्! वांढित एवी मंगलावलिने आपनार एवा ते धर्मनुं सारी रीतें सेवन करो ॥ २ ॥ वली हे राजन् ! आ संसारने विषे जेनो संयोग थाय ढे, तेनो पाढो अचानक वियोग पण थाय ढे. अने माता, पिता, पुत्र ,कलत्र वगेरेनो जे संबंध ढे, ते पण स्वप्नसन्निन ढे. तें माटे प्राणिमात्रने सुधर्मनुं सेवन करवुंज योग्य ढे. तो हे राजन् ! तमोयें सर्व नोग नोगव्या ढे, तथा घणा दिवस पर्यंत "आ कुसुमायुध राजा समान, बीजो कोइ राजा नथी" तेवी कीर्त्ति पण संपादन करी ढे. निर्मल अने व्यूढ एवो राजशब्द पण संपादन कस्यो ढे, वली प्रणयिजनना मनोरथोने पण पूस्या ढे,ते माटे हवे तमारे नोगवी लीधो ढे सार जेनो एवा आ राज्यनो त्याग करवोज उचित ढे. अने वली संयमव्रत लेवामां यत्न करवुं योग्य ढे. हे राजन्! जुउ तो खरा, के जे पत्रावलिमां आपणे परिपूर्णरीतें नोजन करी लीधुं होय, तो पण तेज पत्रावलिने पाढी चाट्या करियें, ते ठीक कवाय? ना नहिंज. तेम तमोयें पण राज्य सारी रीतें नोगवी लीधुं ढे, तो पण हजी तेमां आसक्ति राखवी, ते ठीक कहेवाय? ना नहिंज. आ प्रकारनां सूरीश्वरनां वचनरूप अमृतथी सिक्त थयेलो राजा, पोताना चित्तमां चिंतववा लाग्यो के अहो! आ पूज्य, मारा एकांत हितकारकज ढे. अहो! जगतने विषे आवा संत पुरुषो जे होय ढे, ते परोपकारीज होय ढे. कारण के आ मेघ जे ढे,ते परोपकार माटे जगतने विषे प्रतिवर्ष वर्षाज करे ढे, तथा सूर्य ढे, ते परोपकार माटे प्रतिदिन अंधकारनो नाशज कस्या करे ढे, तेम चंद्रमा ढे, ते परोपकरार्थ अमृतने स्रवे ढे. हवे ते सर्व तो तेवो परोपकार करे, परंतु आ जे वृक्षो ढे, ते पण पोतें टाढ, तडको वेठीने जगतना जनने फल, ढाया, पत्र वगेरें आपी परोपकार करे ढे.

तो आवा मुनियो परोपकारी होय, तेमां तो शुं आश्चर्य छे? आ जगतमां आवा उत्तम गुरु शिवाय, संसारथी जीवनुं कोइ पण रक्षण करवा समर्थ नथी. तो आ गुरु, मारो संसारसमुद्रथकी उद्धार करवाज पधारेला छे. कह्युं छे के, पिता, माता, भ्राता, भार्या, पुत्र, मित्र, सुहृत्, मत्त एवा हस्ती, भट, रथ, अश्व अने वली बीजो कोइ पण परिकर, नरकमां डुबता जीवो नो उद्धार करी शकतो नथी. परंतु धर्माधर्म प्रगट करवाने समर्थ एवा आवा गुरु जे छे, ते उद्धार करी शके छे. वली आ मारा गुरु तो मारो विशेषें करी उपकार करवा आवेला छे. कारण के ज्यारें हुं बालक हतो, त्यारें ते पूर्वावस्थायें मारा मामा हता, त्यारें पण तेमणे मने राजगादीपर बेसाड्यो हतो. अने हाल पाछा मारी पर दया लावी मने संसारमांथी मुक्त करवा पधारेला छे. परंतु हुं महामूढ छुं. केम के मारा पितायें ज्यारें दीक्षा लीधी, त्यारें मने, तेमणे पण ते दीक्षामार्ग बताव्यो हतो, तो पण ते उत्तम मार्गने विषे विषयामिषमां लुब्ध थयेलो हुं हजी सुधी प्रवृत्त थयो नथी. अने हा, खरुं छे के, मोहांध एवा मुज सरखा पुरुषो, मृगनी पठें कूटपाशसमान, दुःख बंधरूप आ राज्यमां पडे छे. पण ज्ञानीजनो पडता नथी. हवे जे बन्युं ते खरुं? परंतु हवे हुं जेम बनशे तेम संसारना सर्व विचार छोडी दइने आ सुगुरुना वचनने पालीश? कारण के जे वचनना पालवाथकी आ संसाररूप समुद्र सुखें करी तरी जवाय छे? आ प्रकारनो विचार करी ते संवेगी राजा गुरुने नमन करी कहे छे, के हे गुरो! मारा निष्कारण बंधु एवा जे आप, ते आपनां वचनने हुं स्वहितार्थी तथा निःशंकमन थइ, अवश्य पालीश? एम कही ते नृप, भावना भाववा लाग्यो के अहो! सर्व भाग्यशाली पुरुषोमां हाल हुं माहाभाग्यशाली छुं. केम के आजे आवा सूरिपुरुष, मारी पर तुष्टाय मान थया छे? जेम मंदभाग्यवालाना मंदिरमां सुवर्णनिधान प्रगट थाय, तेम संसारासक्त एवा मने आवा निधानसमान गुरुनो मेलाप थयो छे? कह्युं छे के ॥ श्लोक ॥ धन्यानां सुप्रसन्नाश्च, जरामरणरुग्हरम् ॥ गुरवः सुखदं दद्यू, रुपदेशमहौषधम् ॥१॥ अर्थः—जे भाग्यवान् पुरुषो होय, तेमने अत्यंत प्रसन्न थयेला गुरुउ, जरा, मरण, रोग, तेने नाश करनार, अने सुखने देनार एवुं उपदेशरूप औषध आपे छे. एम भावना भावीने गुरुने कहे छे के हे स्वामिन्! मारा कुमारने हालमांज राज्यासन पर बेसारीने हुं आप

नी पासेंथी सर्वथा निरवद्य एवा संयमने ग्रहण करीश? ते सांभळी सूरीडें पण आज्ञा आपी के हे राजन्! एवो जो दृढ विचार होय, तो घेर जइ त मारा पुत्रने राज्य आपीने जलदी पाछा अहिं आवो. ते सांभळी ते कुसुमायुध राजा घेर आवी पोताना सिंहासन पर बेसी कुसुमकेतु पुत्रने कहेवा लाग्यो के हे वत्स! आ आपणा राज्यने तुं ग्रहण करी राज्यवैवट चलावजे. कारण के हुं तो हवे सद्गुरु पासें जइ चारित्रने स्वीकारवा इछुं छुं? ते सांभळी ते कुसुमकेतु कुमार बोल्यो के हे पिताजी! आपें जे धार्युं छे, ते योग्यज धार्युं छे. केम के विज्ञाततत्त्व प्राणीने जे दीक्षा लेवी, तेज योग्य छे. परंतु हे तात! मुने तो आपना मुखदर्शन विना शाता उपजतीज नथी, तथा चेन पण पडतुं नथी. वळी. हे पिताजी! आ राज्यना सुख मां पण आपना सुंदर मुखने ज्यारें हुं वारं वार जोया करुं छुं, त्यारेंज मुने चेन पडे छे, नहिं तो आ राज्यसुख पण मने विषसमान लागे छे. तेमज वळी आपना दर्शन विना मने आ बत्रीश स्त्रीयोना भोगनो योग पण दारुणदुःख समान लागे छे. अर्थात् आपना दर्शन विना राज्यसुख के बीजुं कांइ सुख, मने शाता करतुं नथी. जाझुं शुं कहुं? पण आपना विना माराथी क्षण मात्र पण रहेवाय तेम नथी. अने हे पिताजी! जे पिता बळता एवा वनमां पोताना प्रियपुत्रने मूकी पोताना बचाव माटे भागी जाय, ते शुं पिता कहेवाय? ना नज कहेवाय. तेम आप पण, संसाररूप वनमां दुःखदावाग्निथी मुग्धमृग बाळकनी पठें दाह पामता एवा मने मूकीने पोतानो बचाव करवा भागी जाओ. ए शुं ठीक कहेवाय? ना नज कहेवाय. आ प्रमाणें संवेगरंगरंगित एवा पोताना पुत्रने जोइने कुसुमायुध राजा बोल्यो के हे पुत्र! संयम जे छे, ते इंद्रियोनो जेणे जय करेलो छे एवा जे वृद्धपुरुष होय, तेणे लेवा योग्य छे, कारण के ते वृद्धोनो स्वतः इंद्रियजय होय छे, तेथी तेनाथी ते पळी शके छे. अने हे पुत्र! हजी तुं तो बाळक छो, तेथी वायुथी हलती ध्वजानी पठें तारुं मन घणुंज चंचळ होय. अने तेवा चंचळ मनने तुं हाल क्षमाथी पण रोकवाने समर्थ नथी. तो हे पुत्र! हालमां तो अनेक विषय विलास भोगवी रणक्रीडा करी, मननी सर्व इछा पूर्ण करीने ज्यारें तारी वृद्धावस्था थाय, त्यारें ते अवस्थामां जितेंद्रिय थइने तुं चारित्रनुं ग्रहण करजे.

आ प्रमाणें पितायें तेमज वली तेमनी मातायें घणुंज समजाव्यो, तो पण निश्चल जेनुं मन छे एवो ते कुमार कांइ मान्योज नहिं. अने वली पाछो कहेवा लाग्यो के हे पिताजी! उत्तम एवो कोइ जलमां तरनारो होय, तेनी साथें कदाचित् कोइ काचो तरनार पड्यो होय. अने जो ते उत्तम तरनार दया लावीने ते काचा तरनारने ग्रहण करे, तो ते काचो तरनार पण तेउनी साथें तरीने कांठे शुं न आवे? तेमज वली संग्राममां पण शूरवीरना आश्रयथी बिकण योध्धाउ युद्ध करी रणनो पार शुं न पामे? तेमज वली सार्थवाहनी साथें निःसत्व जीव जो चाल्यो होय, तो ते पण मोहोटी अटवीना पारने पामी शुं न जाय? तेम एकांत वत्सल एवा आप, जो मने दया आणी करावलंबन आपो, तो हुं बालक छुं तो पण दुर्गम एवा शीलरूप शैलपर शुं न चडी जाउं? ना चडीज जाउं. अने जे खरो योगी पुरुष होय छे ते समग्र जगद्रूप उद्यानमां फस्याज करे छे, तो पण तेनो मनरूप कपि, ज्ञानरूप सांकलथी बंधाएलो होवाथी स्थिर थइ रहे छे. तो हुं पण ज्यारें चारित्र लइश, त्यारें मारा मनरूप कपिने ज्ञानरूप सांकलथी बांधी राखीश? आ प्रकारें संयममांज जेनुं चित्त लाग्युं छे अने संसारथी जेने उदासीनता छे, एवा ते कुसुमकेतु पुत्रने जोइने ते कुसुमकेतुथी नाना, पोताना देवसेन नामा कुमारने उत्तम दिवसमां पोतानुं राज्य आपी कुसुमकेतु पुत्र प्रमुख पांचशो पुरुषोयें, तथा कुसुमकेतुनी बत्रीश स्त्रीयो तेणे परिवृत, तथा कर्यो छे जिनचैत्योने विषे महापूजारूप सत्कार जेणें, वाद्योना शब्दोयें करी बहेरुं कर्युं छे आकाश जेणें, हजार नरोयें वहन करेली पालखीमां बेठेलो, सैन्य सहित पोताना पुत्र देवसेन राजा जेनी पछवाडे चाले छे, एवो ते कुसुमायुध राजा, गुरुनी सान्निध्यमां आव्यो. त्यारें सूरींद्रे तेने तथा तेनी साथें दीक्षा लेवा आवेला जे कोइ हता, ते सर्वने दीक्षा आपी.

हवे ते कुसुमायुध अने कुसुमकेतु, ए पिता पुत्र हता, तेमणें संवेगरूप सुधायें करी संयमरूप द्रुमनुं सिंचन करवा मांड्युं. त्यारें ते संयमद्रुम वृद्धिंगत थयो. तेथी ते हृदयने विषे निवृतिरूप छाया करवा लाग्यो. कह्युं छे केः— ॥ श्लोक ॥ या षट्खंडमहीजयस्य समये नासादिता चक्रिभिः, या दर्पोद्धतकंधरारिमथने प्राप्ता न वा नूधवैः ॥ या प्राप्ता प्रियसंगमे विरहिणा केनापि नो वेदिता, सा लब्धा किल रागरोषविज

यात्ताभ्यां मनोनिवृतिः ॥ १ ॥ अर्थः– जे मनोनिवृत्ति, ठ खंम पृथ्वीना जय समयने विषे चक्रीने मली नथी, वली जे मनोनिवृत्ति, दर्पे करी उद्धत एवा शत्रुउंना स्कंधना मथन करवाथी अर्थात् शत्रुउंना नाशथी रा जाउंने प्राप्त थइ नथी, अने जे मनोनिवृत्ति, कोइ पण विरही मनुष्यने पोताना इष्टजनना समागमथी प्राप्त थइ नथी, ते मनोनिवृत्तिने कुसुमायुध तथा कुसुमकेतु ए बेहु मुनि, राग अने रोष तेना त्यागथी निश्चे प्राप्त थया ॥ १ ॥ हवे ते बेहु जणने पूर्वजवोनो स्नेह होवाथी ते एकज स्थलमां रहे ठे, तथा साथेंज जाय आवे ठे. अने जे तप पिता करे ठे, तेज तप पुत्र पण करे ठे. ते जोइने एक दिवस गुरुयें कह्युं के हे मुनियो! संसारीनी पठें परस्पर स्नेह तमें राखो ठो, ते योग्य नथी. कारण के मुक्तिपुरीना मार्गमां चालनारा तपस्वीयोने, जे स्नेहनी शृंखला ठे, ते वज्रशृंखला ठे. जुउ. आ दहिमां (स्नेह) चिकाश रहे ठे, तो तेनुं लोको घणुंज मंथन करे ठे, तेथी ते डुःख पामे ठे. तेमज तिलमां अने सर्षवमां स्नेह एटले तेल रहे ठे, तो तेने लोको घाणीमां घाली पीली नाखे ठे. वली पोतानामां रंग होवाथी मजीठने पण कांइ थोडुं डुःख पडे ठे? ना घणुंज. जुउ. मजीठ जे ठे, ते अति रक्त ठे, अर्थात् रागवंत होय ठे, तो ते ठेदन, जेदन, कपावुं, स्वदेशनो त्याग, ए वगेरे डुःखने प्राप्त थाय ठे, तो ते ज्यारें मजीठ जेवी वस्तुने अति राग होवाथी पूर्वोक्त डुःख प्राप्त थाय ठे, तो बीजा जीवने राग (प्रीति) थवाथी डुःख थाय, तेमां तो शुंज कहेवुं? अर्थात् स्नेह अने राग अतिकष्टकारक ठे. माटे हे साधुउ! कर्म स्वरूपने न जाणनार अने अविज्ञात ठे धर्म जेने एवा जननी तो वात दूर रही, परंतु जे प्राणी माह्या ठे, कर्मना स्वरूपने जाणनारा ठे, जवसिद्धिया ठे, गुरुपरंपराये विधिमार्गथी चारित्र पाले ठे, तेवा पुरुषो पण जो स्नेह राखे ठे, तो ते केवलज्ञान पामता नथी. वली आ अपार एवा संसारमां माता, पिता, सुत, स्त्री, सुहृद्, रिपु, एमांथी एकेक जण अनंत वार स्वजनपणाने अने अरिपणाने प्राप्त थयां हशे, तेमां वली ते जीवोने कोइयें कोइ वखत जूखथी खाइ पण लीधा हशे, रोषथकी मार्या पण हशे, तेमज स्नेहथकी पाल्या पण हशे? तो ते जीवोमां तत्त्वज्ञानी जनोने राग, रोष करवो उचित ठे? ना नथीज. ते सांजली ते बेहु मुनि बोल्या

के हे गुरो! आप कहो बो, ते खरी वात बे, अने अमें पण जाणीयें बैयें के स्नेह जे बे, ते बंधन बे, संसार वधारनारो बे, तथा मोक्षमार्गमां अवरोध करनारो बे, परंतु ज्ञाततत्त्व एवा अमने बेहुने परस्पर स्नेह घणोज रहे बे, तेनुं कारण अमाराथी कांइ समजातुं नथी तेथी हे महाराज! ते ते अमोने पूर्वेनवनुं कारण हशे? के आ नवनुं? ते आप जाणो बो, माटे कृपा करी कहो? ते सांजली पोताना अवधि ज्ञानथी गुरुयें ते बेहुना पूर्वेनवोनो संबंध कहि आप्यो. अने कह्युं के तमारो बेहु जणनो स्नेह जन्म जन्मने विषे पोषण करेलो बे, तेथी ते हाल डुस्त्यज थयो बे, परंतु हे मुनियो! ते स्नेह, मोक्षसुखनो विघातक बे, माटे तमारे तेनो त्यागज करवो जोइयें. आ प्रकारें गुरुना मुखथकी पोताना पूर्वेनवोनां चरित्र सांजलीने उत्पन्न थयुं बे जातिस्मरण ज्ञान जेने एवा ते बेहु मुनियो, ममत्वनो त्याग करी निरंतर जुदोज विहार करवा लाग्या. हवे एकदिवस महासत्त्व एवा ते कुसुमायुध मुनींद्र, गुरुना वचनथी तीव्र आकरी प्रतिमाने एटले अनिग्रहतपने आदरे बे, तेथी ते मुनि, विहार करतां ज्यां रात्रि पडे बे, त्यां स्मशानमां के, नय युक्त नूमिमां के, उजड एवा घरमां के, पर्वत पर के, जाडतले के, सिंहथी के, हाथीथकी के बीजा पण घातकी जंतुउथी निर्नय थइने काउस्सग्गध्यानमां लीन थइने रहे बे. अने नीरस एवा आहारें करी शरीरने शोषवता, तथा धर्म ध्यानें करी कर्मने शोषवता एवा ते मुनि, घणाक उपसर्गो आववाथी पण मेरुनी पठें स्थिर रहे बे. हवे एक दिवस ते कुसुमायुध मुनि, विहार करता करता सुनौमनामा नगरमां आव्या, त्यां रात्रि पडी जवाथी ते मुनि रात्रे कोइक शून्यघरमां एकाकी निश्चलपणे काउस्सग्ग ध्यानें रह्या. ज्यां मध्यरात्रि थइ, त्यां तो तत्रत्य कोइएक मनुष्यना प्रमादथी गाममां अग्नि लाग्यो, ते बलतो बलतो शून्यघरमां ज्यां कुसुमायुध मुनि काउस्सग ध्यानें रह्या बे, त्यांज आव्यो, तेथी ते घर पण सलगवा लाग्युं. तथापि ते मुनियें ध्यान बोडी पोतानी काउस्सग्गनी प्रतिज्ञानो त्याग करी ते उपसर्गथी डुःखित थइ पलायन कर्युं नहिं. त्यारें ते मुनि नावनासक्त तथा शुक्लध्यानने विषे समाहित थकाज त्यां मरण पामी सर्वार्थसिद्ध महाविमानने विषे उत्तम देवता थया. पबी प्रातःकाल थयो, त्यारें ते मुनिने प्रज्वलित थयेला जोइने गामनां माणासो अत्यंत खेद पामी पोताना बली गयेला माल तालने न संनारतां घणोज शोक

करवा लाग्यां के अरे! आ माहात्मा पुरुष, आवा शून्यघरमां क्यारें गया हशे? अरे! तेने कोइयें आ घरथी बाहार केम न काढ्या? अरे! आवा घोर पापथी आपणे क्यारें बूटशुं? अरे! आपणे तपास न करवारूप पाप थी आ लोकमां मोहोटा कलंकने प्राप्त थयां? अने वली परलोकमां आपणने नरकवेदना नोगववी पडशे? हा, हवे शुं करीयें? एम घणी वार सुधी शोक करीने ते साधुनी उचित एवी उत्तरक्रिया करीने उद्विग्न जेनां मन ठे एवा ते लोको, घणे दिवसें पोत पोताना कार्यमां लाग्यां. हवे जे वखतें ए कुसुमायुध मुनि देवलोक गया, ते वखतें तप संयम आराधतां शुक्लध्यानें क्षपक श्रेणि आरोहतां सावस्तीपुरीने विषे सुदर्शननामा वनमां ते सुंदराचार्यने केवलज्ञान उत्पन्न थयुं? त्यारें विस्मयने प्राप्त थयेला एवा निकटवर्त्ती जे देवो हता, तेणे केवलज्ञाननी उत्पत्तिनो महोत्सव कस्यो. अने वली ते मुनियें कंचन कमलपर पाउ धस्या. अने ते देवो तेमनी समीप नाटक करवा लाग्या. पठी ते मुनियें देशना देवानो प्रारंन कस्यो. ते वखतें केटलो एक उपदेश कस्यो. त्यारें कुसुमकेतु मुनियें समय जोइने सोत्कंठितपणें ते केवली नगवानने पूठ्युं के हे नगवन्! कुसुमायुध मुनि हाल क्यां विचरे ठे? त्यारें ते केवली नगवाने तेने जे कांइ वृत्तांत बन्युं हतुं, ते सांग कही आप्युं. अने तेना ध्यान दृढपणानी प्रशंसा करी. तथा कह्युं के एवा अग्निना मोहोटा उपसर्गमां पण ते मुनियें स्वहित साध्युं? हे मुने! संयम लेवुं, तथा तेने पालवुं, ते तो सोहेलुं ठे, परंतु अंतकालें आवा महोटा परिसहमां शुक्ल ध्याननी आराधना करवी घणीज कठिन ठे, तो पण ते कुसुमायुध माहामुनि, डुष्कर एवा परिसहने सहन करीने शुक्लध्यानथी काल करीने सर्वार्थसिद्ध महाविमानमां तेत्रीश सागरोपने आउखे देवतापणे उपन्या ठे. परंतु हे महानाग! तेनी काल कस्यानी कांइ शोचना करशो नहिं. कारण के तमें पण तेज ठेकाणें जइ तेने मलशो. तमे बेहु जणे हवे आ संसार समुद्र प्रायःतरीज लीधो ठे, एटले हवे तमोने बेहु जणने मोक्ष जवाने जाजो विलंब नथी. आ प्रकारनां केवली नगवाननां वचन सांनली ते कुसुमकेतु मुनियें, वैराग्य पामी गुरुनी आज्ञा लइने संलेषणा करी. तेथी तेना अंगमां अस्थि अने चर्मज अवशेष रह्यां. वली ते इव्य अने नावना शल्योनो उद्धार करी ते सद्गुरुनी आज्ञाथी पादोपगमन एवा अ

नशन व्रतने प्राप्त थया थका पोतानुं कांइ पण वैयावच्च न करावतां प च्चीश दिवसें काल करीने ते कुसुमकेतु मुनि, ज्यां कुसुमायुध मुनि तेत्रीश सागरोपमने आउखे देवता थया छे, त्यां तेनी साथें देव थइने रह्या. ॥ श्लोक ॥ शमांभोधिमग्नौ सदाऽऽध्यात्मलग्नौ, वियोगे सुयुक्तौ सुसंतोषयुक्तौ ॥ त्रयस्त्रिंशतासागरैर्देवभावं, चरित्वा वरागण्यपुण्यस्वभावम् ॥ १ ॥ गद्यं ॥ भवसंभवानामनित्यतां ज्ञानतश्च पश्यंतौ तावदद्भुतसुखं भुक्त्वा च्युत्वा सिद्धिं लभिष्यतः ॥२॥ अर्थः—शमरूप सागरनेविषे मग्न, निरंतर अध्यात्म ज्ञानमां एटले चिदानंदमां लग्न, संसारना वियोगमां युक्त तथा कर्मना संयोगथी मुक्त, संतोष गुणथी युक्त एवा ते बेहु मुनि, शुद्ध चारित्रने पाली श्रेष्ठ अने अगणित पुण्यना स्वभाववाला अर्थात् अतुलपुण्य होवाथीज जे भवनी प्राप्ति थाय छे एवा देवभवने प्राप्त थया ॥१॥ अने तत्त्वज्ञानथकी आ संसारमां उत्पन्न थयेला सर्व पदार्थोनी अनित्यताने जोता एवा ते बेहु देवो, ते लोकना अद्भुत सुखने भोगवी, त्यांथी च्यवीने सिद्धिने एटले मोक्षने पामशे ॥ इति पृथ्वीचंद्र गुणसागरचरित्रे कुसुमायुधनृप कुसुमकेतुपुत्रभववर्णन नामा दशमः सर्गः संपूर्णः ॥१॥ अहिं शंख राजा अने कलावतीना भवथी मांडीने पृथ्वीचंद्र अने गुणसागरना वीश भव संपूर्ण थया ॥ २० ॥

---

## ॥ अथैकादशसर्गस्य बालावबोधः प्रारभ्यते ॥

॥ श्लोक ॥ जय अर्हन्मतांभोधि, गांभीर्येणाभिशोभितः ॥ गृहीत्वा शील रत्नानि, संतः स्युः सुखिनो यतः ॥१॥ अर्थः—जे अर्हन्मतरूप रत्नाकरमांथी शीलरूप रत्नोने ग्रहण करीने सुज्ञ पुरुषो सुखी थाय छे, तो ते गांभीर्यगुणोथी सुशोभित एवो अर्हन्मतरूप अंभोधि, सर्वोत्कृष्टपणे वर्त्तो.

हवे ते देवता थयेलो कुसुमायुधनो जीव, एकवीशमे भवे क्यां अवतर्यो ? ते कहे छे. के जंबुद्वीपना भरतक्षेत्रनेविषे वैताढ्यथकी दक्षिण भरतार्द्धनामा खंडने विषे लक्ष्मीथी मनोहर एवा कोशलनामा देशने विषे सुपात्रदान. सन्मान, गीत, नृत्य, तेना अनेक भेदोथी, स्वर्गपुरीथी पण श्रेष्ठ अने शत्रुथी पण जेनो पराजय थइ शके नहिं, एवी एक अयोध्यानामा नगरी छे. जेनी रचना, पहेला आदिनाथ भगवानना राज्यनी वखतें इंद्रना कहेवाथी देवताउयें करेली छे. ते अयोध्यानामा नगरीनुं, अरिरूप करीना विदार

णमां सिंहसमान, सर्व प्रजाने पितासमान, धनदानमां धनद समान, शत्रुउने यमसमान, स्वाश्रितजनोने सुरडुम सरखो, एक हरिसिंहनामा राजा राज्य करे डे. ते राजानी, नेत्ररूपपद्मोयें करी पराजव पमाड्यां डे पद्म जेणें अने इंडाणी समान आहार करनारी, निर्मल एवा मुक्ताहार वगेरे आजरणोथी सुशोजित एवी एक पद्मावती नामा स्त्री डे. हवे जेमां बीजा कोइ शत्रुनो प्रवेश थइज शकतो नथी एवी ते नगरीना राज्यने जोगवतां तथा ते पद्मावती स्त्रीनी साथें विषयजोग जोगवतां, ते हरिसिंहराजानो केटलो एक काल, स्वर्गमां जेम देवताउनो जाय, तेम गयो.

हवे पूर्वोक्त सर्वार्थसिद्धविमानने विषे देवता थयेलो अने माहापुण्यवान् एवो ते कुसुमायुधराजानो जीव, त्यांथी च्यवीने ते पद्मावती राणीना उदरसरोवरने विषे राजहंसनी पठें आव्यो. त्यारें ते राणीयें शय्यामां सूतां सूतां रात्रिना पाडला प्रहरमां स्वप्नने विषे देवताउयें अने देवीयोयें पूर्ण, एवुं एक सुरविमान दीठुं. त्यां तो तुरत ते जागी गइ. अनें पडी अत्यंत हर्षायमान थइ पोताना स्वामीनी पासें जइ ते स्वप्ननी वात कही आपी. त्यारें ते राजायें कह्युं के हे प्राणप्रिये ! आ स्वप्न तमने घणुंज उत्तम आव्युं डे, कारण के आ स्वप्नथी तमने मनोहर एवो पुत्र उत्पन्न थाशे ? ते सांजली प्रसन्न थइने ते शुज एवा गर्जनुं पालन करवा लागी. अने गर्जना प्रजावथी ते राणीने जिनपूजा, सत्पात्रदान, जीवदयापालन प्रमुख सारा पुण्यकारी दोहद उत्पन्न थया. ते सर्व, हरिसिंह राजायें पूर्या. एम करतां ज्यारें नव मास अने साडा सात दिवस थया, त्यारें ते राणीयें उत्तमदिवसें सबल लग्नमां स्वरूप तथा गुणोयें करी अद्भुत एवा एक पुत्रने प्रसव्यो. त्यारें तो ते राणीनी प्रियंगुलेखानामा दासीयें जइ हर्षथी हरिसिंह राजाने वधामणी आपी, के महाराज ! आपने त्यां मनोहर पुत्र आव्यो ? ते सांजली अत्यंत उल्लास पामी राजायें ते दासीने वधामणीमां घणुंक दान आप्युं अने पडी प्रेक्षक लोकोने विस्मय थाय, एवो पुत्र जन्ममहोत्सव कस्यो. याचक लोकोने अतुल एवां दान दीधां. अनुक्रमें ते पुत्र ज्यारें एक मासनो थयो, त्यारें ते पुत्रनुं सारा मुहूर्त्तमां स्वजननी साक्षीयें, ते पुत्रना जन्मथी पृथ्वीमां महोटो आनंद उत्पन्न थयो डे, तेथी तेनुं " पृथ्वीचंड्र " एवुं नाम पाड्युं. पडी ते पुत्रनुं पांच धाव माताउ पालन करवा लागी.

हवे ते पृथ्वीचंद कुमारने आ एकवीशमा जवमां पूर्वेजवोपार्जित पुण्यजरने योगें बाल्यावस्थामांज जातिस्मरण ज्ञान उत्पन्न थयुं. तेथी तेने पोताना आगला सर्व जव सूज्या. माटे ते जवोमां थयेला धर्मना प्रतापने जाण्यो तथा तेमां संसारने असार जाण्यो हतो, ते पण जाण्युं. तेथी तेने अल्पावस्थामांज संसारपर तीव्र वैराग्य थयो. पछी ते अनुक्रमें कामक्रीडाना कानन समान यौवन वयने प्राप्त थयो. तोपण तेने संसारपर तथा पोताना देह पर खरो वैराग्य होवाथी सरस जूषण, केलिक्रीडा, हास्यविलास, हस्तीपर बेसवुं, अश्वपर बेसवुं, धनुर्विद्याना अन्यास, ए प्रमुख कांइ पण सांसारिक सुख गमतुं नथी. वली ते स्नान करे छे, पुष्पमाला, अलंकार वगेरे धारण करे छे, तो पण ते सर्व, व्यवहारमात्रथीज करे छे. अर्थात् ते सर्व रागथी करतो नथी. त्यारें ते रागथी शुं करे छे? तो के मात्र अरिहंतनां चैत्यो, साधु, साधवी, साधर्मिजाइयो, तेनी पर पूर्णजाव करे छे, तथा धर्मकृत्यमां अनुदासीनपणुं राखी, ते काम प्रवृतिने हर्षथी करे छे. आ प्रकारना संसारपर गतराग एवा पोताना पुत्रने जोइ, तेनो पिता हरिसिंहराजा चिंता करवा लाग्यो के अरे! आ पुत्र तो कोइक माहावैराग्यवान् होय, एवो लागे छे. तो हवे ते, संसारना जोगमां केम आसक्त थाशे? अने हवे तेने हुं संसारासक्त थवानो शो उपाय करुं? अने केम थाशे? एम थोडी वार चिंता करी, पछी विचारवा लाग्यो के हा, तेनो एक उपाय छे खरो, ते शुं? तो के तेने उत्तम रूपवाली केटली एक स्त्रीयो परणावुं? कारण के ज्यारें ते स्त्रीयोने परणशे, त्यारें तेने ते स्त्रीयोज विषयासक्त करशे. कह्युं छे के जे पुरुषने ज्यां सुधी स्त्रीयोयें जरमाव्यो नथी, त्यां सुधीज ते पुरुष धर्माग्रही रहे छे. एम विचारी राजायें ते पृथ्वीचंद कुमारने परणाववानो निश्चय कर्यो. त्यारें तेणें जयपुरगाममां पोताना साला जयदेव राजाने पोताना मंत्री साथें कहेवराव्युं, के कोइ पण आपणा कुलने घटे एवा मोहोटा राजानी जो कन्याउ होय, तो तमारा जाणेज पृथ्वीचंदने माटे तपास करजो. ते समाचार मंत्रीयें आवी कह्या. ते सांजली जयदेव राजा खुशी थइ तेनो तपास करवा लाग्यो. तेवामां एक तेनो मित्र कोइ मोहोटो कुलीन राजा हतो, तेने कन्याउ होवाथी कह्युं, के तमारी आठ कन्याउ छे, ते अमारा जाणेजने आपो. ते सांजली ते बोल्यो के मारे एक ललितसुंदरीनामा कन्या छे, तेने तो तमारा जाणेजने आपवानो मारो प्रथमथीज विचार छे. परंतु

ज्यारें तमें कहेवा आव्या छो, त्यारें आ मारी बीजी सात कन्याउ छे, ते पण हुं तेनेज आपुं छुं. एम कही ते आठे कन्याउने पृथ्वीचंद्रने वाग्दानथी आपी. पछी जयदेव राजा ते आठ कन्याउने विवाह सामग्रीसहित पोताना जयपुर गाममां लाव्यो. अने तदनंतर ते कुमारना मामा जय राजायें पोतें पण विचार कस्यो के हुं पण कनकावती प्रमुख मारी जे आठ कन्याउ छे, ते पृथ्वीचंद्र कुमारनेज आपुं ? एम विचारी पोतें पण ते कनकावती प्रमुख पोतानी आठे कन्याउने पृथ्वीचंद्रने आपवानो निश्चय कस्यो. पछी ते पूर्वोक्त ललितसुंदरी वगेरे आठ तथा पोतानी कनकावती प्रमुख आठ. ए सर्व मली सोल कन्याउने ते कन्याना भाइ तथा सैन्य साथें लग्नोपस्कर सहित अयोध्या तरफ मोकलावी. ते कन्याउनी ज्यारें आववानी खबर पडी, त्यारें तेउने नरसिंह राजायें मनोहर एवा उतारा आप्या. पछी ते राजा, पोताना पृथ्वीचंद्र कुमारने विनववा लाग्यो के हे वत्स ! आठ कन्या कोइक मोहोटा राजानी, तथा आठ तारा मामानी, एम सोल कन्याउने आपणी उत्तमकीर्त्तिने लीधे आंही तारी साथें पाणिग्रहण करावा माटे तारा मामायें मोकलेली छे, तो हवे आ तारा मनमां वैराग्य तथा उदासीनपणुं छे, ते तुं काढी नाख्य. अने ते उत्तम सोल कन्याउनुं उत्साहथी पाणिग्रहण कस्य. अने हे पुत्र ! अमारा चित्तने चेन पण एम करवाथीज पडशे ? वली हे सुत! आम तारा अत्यंत गतरागपणे रहेवाथी अमने मनमां घणुंज कष्ट थाय छे. हे पुत्र ! तुं जो तो खरो. के आ बीजा राजाउना कुमारो हास्य, विनोद, लीला, शृंगार प्रमुख करी केवो आनंद ले छे ? तथा अश्वपर हाथीपर रथपर बेसी केवी मोज मजा माणे छे? अने अमारा मंदभाग्यने लीधे तुं आवो त्यागी जेवो क्यांथी थयो ? माटे हे कुलदीपक ! ते सर्वराजकुमारोनी पठें तुं पण सुखोपभोग कस्य. अने आहीं आवेली आ कन्याउनुं पाणिग्रहण पण कस्य. आ प्रकारना पोताना पितानो आग्रह जोइने ते पृथ्वीचंद्रें विचार्युं के मारा पितानो डुराग्रह छे माटे मारुं लग्न करुं ? ते थया पछी आ बीचारी कन्याउने शुद्धधर्ममार्गमां प्रवर्त्तावीश परंतु आ महारा पिताना डुःखदायक उपदेशथी डुःखांभोधि समुद्रना विषसमान विषयोमां बीलकुल आसक्त थाइश नहिं. एम करतां कदाचित् हाल जो हुं मारा पिताने आ कन्याउ साथें परणवानी ना कहुं, तोतेउने घणुंज डुःख थाय ? एम विचारीने ते

कुमारें इच्छा विना ते सर्व कन्योउनी साथें परणवुं कबूल कर्युं. त्यार पछी जोषी लोकोयें बतावेला सन्मुहूर्त्तनेविषे ते पुत्रनो विवाहोत्सव करवा मांड्यो. ते केवी रीतें? तो के ते विवाहने समयें अयोध्या नगरीमां आनंदाविर्नावथी विविध श्रृंगारवाला नरनारीना गणो, जाणे स्वर्गमांथी देवदेवीना समूहज आव्या होय नहिं? तेम शोजवा लाग्या. वली ते विवाहना समयमां गीत, उत्तमनृत्य अने अनेक वाजित्रादिक, तेणें करी अद्भुत एवी ते अयोध्या नगरीने जोइने चंचल एवा आकाशगामी खेचरो पण त्यां स्थिर थइ उन्ना रह्या. वली ते समयें गंन्नीर एवा तूर्यना निर्घोषना प्रतिशब्दथकी आकाश पण अतुछ उत्सवने विस्तारे छे. ते समयमां त्यां उछलता एवा कपूरर्पूरना सुगंधथी लुब्ध थयेला न्रमराउयें मंजु गुंजारवोयें करी आखी नगरीने आनंदमय करी दीधी. वली अति हर्षित थयेली एवी तत्रत्य स्त्रीयोनां, लग्न समयमां वरवधूने आशीर्वाद देवानां गान करेलां जे गीतो, तेणें करी ते नगर अत्यंत रमणीय लागे छे. आ प्रकारें जगज्जनना मनने आनंददायक एवो विवाहोत्सव प्रवृत्यो. त्यारें जीत्यो छे काम जेणें, अतएव निर्विकार एवो ते पृथ्वीचंद्र कुमार, चित्तमां चिंतववा लाग्यो, के अहो! असार एवा संसारने विषे आ माहामोहनो महिमा तो जुउ! के जे मोहमहिमायें करी अज्ञात छे तत्त्व जेने एवा प्राणीयो, घणीज कदर्थनाने पामे छे. तेम छतां पण ते मोहाविष्ट थया थका ते प्राप्त थयेली कदर्थनाने जाणताज नथी. तेथी आ गीत, वाद्य, नृत्य, प्रमुखने सुख माने छे. परंतु जो खरुं जोइयें, तो जे आ गीत छे, ते वृथा बकवादज छे, अने वाद्य छे, ते केवल कान फोडवानुं साधन छे, अने आ नृत्य जे छे, ते न्नांमचेष्टाज छे. शास्त्रमां पण कहेलुं छे, के ॥ गाथा ॥ सव्वं विलवियं गीयं, सव्वं नट्टं विडंबणा ॥ सव्वे आन्नरणा न्नारा, सव्वे कामा डुहावहा ॥ १ ॥ अर्थः–जे गीत छे, ते सर्व विलपित छे एटले स्त्रीविलापज छे. सर्व नाट्य छे, ते केवल विटंबणा छे, तथा सर्व काम जे छे, ते डुःखना देवावाला छे ॥ १ ॥ वली पुष्पमाला तथा आन्नरण प्रमुख धारण करी आ लोको पोताना शरीरने सुशोन्नित करवा धारे छे, परंतु ते शरीर तो आन्नरणादिकथी शोन्नतुंज नथी. कारण के ते स्वन्नावथीज असुंदर छे? तो ते स्वन्नावथी असुंदर एवुं आ शरीर, वली माल्य तथा

आभरणादिकोना धारण करवाथी सुंदर थाय? ना नज थाय. वली ते सुंदर थाय नहिं एटलुंज नही, परंतु अमेध्यपूर्ण अने कुत्सित एवा ते शरीरना संग थी माल्य, अलंकार, सुंदर वस्त्र प्रमुख जे कांइ सारा पदार्थो होय छे, ते उलटा अपवित्र थइ जाय छे. कहेलुं छे के ॥ श्लोक ॥ वसास्रमांसमेदास्थि, मज्जा शुक्रांतवर्चसाम् ॥ अशुचीनां पदं कायः, शुचित्वं तस्य कुत्रतः ॥ १ ॥ अर्थः- वसा, रुधिर, मांस, मेद, अस्थि, मज्जा, वीर्य, अने विष्टा. ए वगेरे अशुचि पदार्थोनुं स्थानकभूत एवुं जे आ शरीर, तेमां वली पवित्रता ते क्यांथीज होय? ना नज होय ॥ १ ॥ जेना नवे द्वारथी खराब पदार्थो, समग्र नगरना खालमांथी जेम पाणी प्रमुख निकले, तेम निकल्याज करे छे. अने केवल मांस वगेरे अशुचिपदार्थथी बंधायेला आ देहने विषे जे पवित्रपणानो संकल्प करवो, ते पण महामोहनीज विडंबना छे. एम जाणवुं. वली गतसार एवा संसारमां कोनो कोण पुत्र छे? अने कोनो कोण भाइ छे? तेम कोनो कोण स्वामी छे? आ जगतमां तो लोको केवल खोटा एवा संबंधीयोने माटे प्रमुदित थया थका अहोनिश वृथा आनंद पामे छे. वली जुउ तो खरा, के आ मारा माता पिताने पण केवो मोह थयो छे? के जे मोहें करी मारामां स्नेहवान् थयां थकां घणाज खेदने पामे छे? अने वली ते हजी आमने आम केटला वर्ष पर्यंत खेद कस्या करशे? वली आ कन्याउ पण अत्यंत अज्ञानी देखाय छे, कारण के जे पोतानां माता पिता वगेरेने छोडीने आहीं मारे माटे आवीयो छे? जो ते ज्ञानी होत, तो वृथा दुःखी थावा आहिं शा सारु आवत? माटे अहो! आ सर्व संसार बाजीगरनी बाजी जेवोज छे, तेथी विज्ञाततत्त्व जनोने तो आवा मोहमय संसारमां रहेवुं उचितज नथी. अरे! हुं पंण्जेज विज्ञाततत्त्व छौं, तेथी प्रथम तो मारेज आ संसारमां रहेवुं योग्य नथी. अने हाल दीक्षा लेवी योग्य छे. परंतु तेम करवामां पण हाल दुःख छे. कारण के हुं जो प्रव्रज्या लहुं, तो स्नेहातुर, तथा एक क्षण पण मारा विरहने न सहन करनार एवां महारां माता पिता घणांज दुःखी थाय? तेमज वली दूरदेशथी मारी साथें पाणि ग्रहण करवा आवेली आ कन्याउने पण अत्यंत दुःख थाय? अने वली हालमां दीक्षा लीधेलो मने जोइने मूर्खलोको निंदा पण करे. माटे हवे मारे ते शुं करवुं? अरे! मारा पितायें जो मने लग्न करवा विषे दुराग्रह न कस्यो

हत, तो हुं दीक्षा लइ संयमश्रीनुं सुख आज जोगवतो पण हत ? एम वि चार करी वली पाछो विचारवा लाग्यो के हा, एक मने उपाय सूज्यो खरो. ते शुं? तो के हाल मारे दीक्षा लेवी नहिं. मारा पिताने तथा आ सोल स्त्रीयोने उद्बोध कस्या पछी तुरत दीक्षा लेवी. कारण के एम करवाथी मारुं पण सारुं थाशे ? अने मारां माता पिता तथा आ परणवा आवेली सोल कन्या उनुं पण सारुं थाशे ? अने जो हुं हाल दीक्षा लहीश, तो तो केवल मारुंज सारुं थाशे, परंतु मारां माता पितानुं के आ स्त्रीयोनुं सारुं थाशे नहिं. माटे हाल तो आ संसारमां रहेवुं. अने संसारासक्तिने रहितपणे रहेवाथी मारुं कांइ बग डशुं कहेवाय नहिं? एम विचार करी महामहोत्सवें लग्न समय थये ते कन्या उनुं कुमारे पाणिग्रहण कस्युं. पछी पोतें जे कांइ धर्म कृत्य प्रतिदिन करतो हतो, ते कृत्य करवा लाग्यो, तेवामां तो रात्रि पडी. त्यारें हरिणाक्षी एवी पोतानी सोल स्त्रीयो साथें मनोहर गृहमां गयो. त्यां जइने ते कुमार ज इासनपर बेठो. अने ते सर्व स्त्रीयो सन्मुख रत्नना पाटलापर बेठीयो. पछी ते सोलस्त्रीयोयें विंट्यो एवो ते पृथ्वीचंद्र कुमार, केवो शोजे छे ? के जाणे तारामंमलें विटेलो कौमुदीनो चंद्रमा होय नहि? एवो शोजे छे. परंतु जेम रणसंग्राममां बकतर पहेरेलो योद्धो शत्रुउना बाणथी न हणाय, तेम ते पोतानी कमनीय एवी कामनीयोना कटाक्षथी किंचिन्मात्र पण हणाणो नहिं. अने ते कुमारें सोत्कंठ एवी ते स्त्रीयोनी उपर किंचिन्मात्र कटाक्ष पण कस्यो नहिं. ते जोइने विदग्ध एवी ललितसुंदरी नामा स्त्रीनी दासीयें अन्योक्तिथी.कह्युं के ॥ श्लोक ॥ लसत्कमलनेत्रासु, सरसास्वब्जिनीष्वपि ॥ क्षिपेन्नहि दृशं हंसो, न विद्मःकारणं च किं ॥ १ ॥ अर्थः—कमलरूप छे नेत्रो जेने, तथा रागवती अने सरस एवी कमलिनीयोने विषे हंस जे छे, ते दृष्टि नाखतो नथी. तेनुं शुं कारण छे ? ते हुं जाणती नथी. अर्थात् तेनो आम बोलवानो अनिप्राय एवो छे, जे आवी मनोहर तमें छो, ते छतां पण आ राजकुमार, तमारी सामी दृष्टि पण करता नथी. आवो अनिप्राय दा सीनो समजीने ते ललितसुंदरीनामा स्त्री बोली, के हे सखि ! जे चतुरहंस होय, ते जलथी थयेली विकसित पत्रवाली पद्मिनीयोनी सामुं जुवे छे. पण जडथी उत्पन्न थयेली विकसित पद्मिनीनी सामुं जोतो नथी. अर्थात् आ कुंवर अमाराथी मनोहर स्त्रीयोनी सामी दृष्टि करे, पण अमारी सामी

दृष्टि करे नहिं. आ अनिप्राय कह्यो. त्यां तो कुमारना पितायें कुमर, स्त्री योमां सराग थाय ले, के नहिं ? ते जोवा माटे मोकलेलो कुमरनो मित्र एक विष्णुबटुक नामा बटुक बेगे हतो, ते कहेवा लाग्यो. के हे कुमार ! तमारो सर्व प्रचार वैराग्यमय देखाय ले. माटे ते वैराग्यने त्याग करी आ तमारामां आसक्त थयेली स्त्रीयोने निवृत्ति करो. ते सांजली पृथ्वीचंड कुमार कहे ले, के हे बटो ! आ विषयासक्त समग्र जीव, संसारने विषे जड एवा केशवबटुकनी पठें कदर्थना पामे ले. त्यारें तो ते विष्णुबटुकें पूब्युं के हे कुमार ! ते जड एवो केशवबटुक कोण हतो ? अने तेनी केवी रीतें कदर्थना थइ ? ते कहो. ते सांजली ते पृथ्वीचंडकुमार, मूर्ख एवा केशवबटुकनी कथा कहे ले.

पूर्वें मथुरा पुरीने विषे डुःखित एवो एक केशव नामा बटुक रहेतो हतो. ते नीख मागी मांम मांम पोतानुं गुजराण चलावतो हतो, तेने कुरूप, कुटिल, कलहप्रिय, एवी एक कपिलानामा स्त्री हती. कहेलुं ले के ॥ श्लोक ॥ पिंगाक्षी कूपगल्ला खरसदृशरवा स्थूलजंघोर्ध्वकेशी, लंबोष्ठी दीर्घवक्त्रा प्रविरलदशना श्यामताल्वोष्ठजिह्वा ॥ शुष्कांगी संहितचुः कुचयुगविषमा नासिकातीव दीर्घा, सा नारी वर्जनीया पतिसुतरहिता त्रष्टशीला च पुंसा ॥ १ ॥ अर्थः— जे स्त्रीनां नेत्र पीलां ले, गालमां खाडा ले, खरसमान शब्द ले, स्थूलजंघाउ ले, उंचा केश ले, लांबा होठ ले, लांबुं मुख ले, खडखबडा दांत ले, तालवुं, होठ, जीन, ए त्रणे श्याम ले, सुकाइ गयेलां अंगो ले, बेहु नमरो मली गयेलीयो ले, घाटघूट रहित स्तन ले; दीर्घ नासिका ले अने पति तथा सुतथी रहित ले, तथा त्रष्टशील ले तेवी स्त्रीनो माह्या पुरुषें तो त्यागज करवो ॥ १ ॥ हवे तेवी कपिला नामा स्त्रीनो साथें ते केशवबटुकनो अत्यंत डुःखमय एवो केटलोएक काल गयो. एम करतां ते कपिला, गर्नवती थइ, त्यारें तेणें कह्युं के हे पते ! मारी सुवावडमां घृत अने गोल जोशे, माटे ते घृत गोल माटे क्यांइकथी ड्व्य कमाइ लावो ? त्यारें केशव बोल्यो के हे स्त्रि ! हुं ड्व्योपार्जन करवानो कांइ उपाय जाणतोज नथी, तो ते हुं क्यांथी लावुं ? जो तुं जाणती हो, तो कहे. त्यारें ते स्त्री बोली के ज्यां सुवर्णनी खाण होय, ते स्थलें जाउ. अने त्यां कांइ चाकरी वगेरे करी सुवर्ण उपार्जन करी लावो. ते सांजली तरत

ते त्यांथी चाल्यो. ते ज्यां सुवर्णनी खाण हती, त्यां गयो. अने त्यां जइ चाकरी वगेरे करी घणुंक सुवर्ण कमाएो. कमाइने ज्यां पोताना घर तरफ चाल्यो, त्यां तो तेने रस्तामां एक धूर्त्त ऐंद्रजालिक मल्यो, अने तेणें तेने पूछ्युं के हे बटुक ! तमो क्यां गया हता? अने क्यांथी आवो छो? अने आ तमारी पासें शुं छे ? त्यारें ते केशवें तेने जोलपणाथी बनेली सर्व वात कही आपी. तेथी ते धूर्त्त ऐंद्रजालिकें जाएयुं जे अहो ! आ मूर्खनी पासें द्रव्य देखाय छे, माटे ते द्रव्य. तेने कोइ पण रीतें जोलवीने लइ लहुं? एम विचारीने केशवने ठगवा माटे ते ऐंद्रजालिकें स्वविद्याथी एक स्वरूपवान् एवी कन्या अने तथा तेनां माता पिताने बनाव्यां. त्यारें ते कन्याने जोइने मोह पामेला केशवें तेनां माता पिताने पूछ्युं, के शुं आ कन्या तमारी छे? त्यारें ते कहे के हा. त्यारें केशवें कह्युं के ते कन्या मुने आपशो ? त्यारें ते बोल्यां के जे हजार दीनार आपजो. तेने आ कन्या आपशुं ? पछी मोह पामेला ते बटुकें पोतानी पासें जे कांइ सुवर्ण हतुं, ते सर्व आपी दीधुं. अने ते कन्यानुं तुरत पाणिग्रहण कर्युं. पछी ते केशवने ते धूर्त्तें षड्रस युक्त जोजन करावी खूब प्रसन्न कर्यो, तेथी केशव खुशी थइ, अनेक विचार करवा लाग्यो के अहो ! आहिं मने केवी सारी स्त्री तथा केवुं सारुं खान पान मल्युं ? एम ज्यां अनेक प्रकारें विचार करे छे, त्यां तो सायंकाल थवाथी ते ऐंद्रजालिक, तेना आपेला सर्व सुवर्णने लइने पलायन परायण थइ गयो. अने ते पछी थोडी वार ज्यां थाय, त्यां तो ते कन्या के, तेनां माता पिता के, ते धूर्त्त. ए सर्व मांथी कोइ पण देखाणांज नही. त्यारें तो ते बटुक, अत्यंत खेद पामी विचारवा लाग्यो के अरे ! मनोहर एवी मारी प्रियानुं कोणें हरण कर्युं? अने मारुं धन पण कोण लइ गयो? पण फिकर नहिं, मारी स्त्री तथा धनना लइ जनारो चोर जो पातालमां गयो हशे, तो त्यां जइने पण हुं लावीश ? एम अत्यंत चिंताज्वरज्वरित अने जूख, तृषा, शीत, ताप, तेणें करी पीडातो, अर्थहीन एवो ते केशव, तेउने सर्वत्र शोधवा लाग्यो, परंतु ते कन्यानो के द्रव्यनो क्यांइ पत्तो मल्यो नहिं. त्यारें प्रथमनी स्त्री जे कपिला छे, तेनुं हृदयमां स्मरण करी विचारवा लाग्यो के अरे ! मारी स्त्रीयें मने द्रव्य कमावा मोकल्यो, तेथी ते द्रव्य तो मने घणुंज मल्युं, पण नवीन स्त्रीमां मोह पामेलो अने महा मूर्ख एवो हुं, ते द्रव्यने हुं वृथा खोइ बेठो? कह्युं छे के ॥ श्लोक ॥ क्लिश्यंते केवल

स्थूलाः, सुधीस्तु फलमश्नुते ॥ दंता दलंति कष्टेन, जिह्वा गलति लीलया ॥ १ ॥ अर्थः– मूर्खजनो जे कार्यने, पोतें क्लेश नोगवीने करे ले, ते कार्य ना फलनो नोग, जे बुद्धिमान् पुरुष होय ले, ते विनाप्रयासें लीये ले. केनी पठें? तो के जेम दांत ले, ते खाधेला खोरागने प्रयास लइ चावे ले, अने तेना स्वादनो तो रसज्ञ एवी जिह्वा जे ले, ते विनाप्रयासें उपनोग करे ले ॥ १ ॥ अरे ! मारी हितैषी, प्राणवल्लना एवी कपिला, मारा दर्शन विना केम करती हशे ? अने तेना विरहने मटाडवा हुं जाउं तो ठीक थाय ? परंतु निर्धन एवो हुं हवे जो त्यां जाउं, तो मने जोइ सहु कोइ हसे, तेथी मने लज्जा आवे ? माटे हवे ते हुं शुं करुं ? एम विचारी पाछुं विचार्युं के हा, ज्यां हुं गयो हतो त्यां जाउं. अने त्यां जो न जाउं तो पठी विरहातुर एवी मारी प्रिया पासें जाउं ? आवी रीतें विचाररूप हिंमोलामां फूलतुं जेनुं मन ले एवो ते केशव, कोइएक गाम गयो. त्यां रहेला कोइक दयालु मा णसें तेने नूख्यो जाणीने दया आणी दहीं अने चोखानुं नोजन कराव्युं. पठी त्यां एक वड हतो, तेनी नीचें जइ सुतो. त्यां तो तेने स्वप्न आव्युं. अने ते स्वप्नमां तेणें शुं दीठुं? के पोताना घरनी नीचें खोदतां पोतें एक रत्नोनुं नरेलुं घर दीठुं अने ते घरनो पोतें मालीक थयो. त्यारें तो पठी तेना उत्सा हमां पोतें सगा वहालांने आमंत्रण करी जमाड्यां. अने त्यां वली पुरज नो मल्यां, तथा गामनो राजा पण आव्यो. अने पोतें जे स्त्रीने रस्तामां परण्यो हतो, ते नवीन स्त्री पण आवी. पोतानी प्रथमनी कपिलानामा जे स्त्री हती, तेणें पोतानो घणो सत्कार कर्यो. आ प्रमाणें ज्यां स्वप्नमां दीठुं तेवामां तो कोइएक रासन हतो, ते नूंकवा लाग्यो. त्यारें तेना शब्दें करी तरत ते जागी गयो. अने पठी विचार्युं के अहो ! मारा घरमां अटलुं बधुं द्रव्य ले, ते ठतां हुं वली आम नीखारीनी पठें शामाटे फरुं हुं ?एम विचार क रीने तुरत त्यांथीज पोताने घेर जवा पाठो वल्यो. अने स्वप्नमां जोयेला पोताना घरमांथी निकलेला धनथी अत्यंत खुशी थइ हसतो हसतो घेर आव्यो. त्यारें हसते मुखें उतावलथी चाल्या आवता पोताना स्वामीने जोइने कपिला स्त्रीयें विचार्युं जे अहो ! आ मारो स्वामी घणुंज द्रव्य कमा ईने आव्यो होय, एम लागे ले. कारण के तेनुं मुख घणुंज खुशीमां ले, तथा ते घणोज उतावलथी चाल्यो आवे ले. एम मानी ते कपिलायें पण हर्षे

करी तेंनी स्नान, जोजनवगेरेथी घणीक सेवा करी. अने थोडी वार पछी तेना खडीयामां द्रव्यनो तपास करवा लागी, तो तेमां तो एक फुटलकोडी पण दीठी नहिं. त्यारें तो ते कपिला जट्टाणी महोटो आक्रोश करी बोली के तमें द्रव्य कमाइ लाव्या छो, ते क्यां छे? अने केम क्यांइ देखातुं नथी? अने केम बतावता पण नथी? वली ते द्रव्य, मने छेतरीने माराथी पण छानुं राखवुं छे, के शुं? ते सांजली केशव बोल्यो के हे प्रिये! फिकर म राख. अने हर्ष राख. जे द्रव्यने जोइने तारुं मन प्रसन्न थाशे, तेटलुं द्रव्य तुं जोइश? हाल तो एक काम करय, के कोइक वाणीयानी डुकानेथी आपण सर्वे स्वजनोने जोजन पूरुं पडे, तेटली रसोइनो सामान आपणे खाते लइ आव्य. अने तेनी, उत्तम रसो याने बोलावी मिष्ट एवी रसोइ तैय्यार कराव्य. कारण के काले सवारें आपणां सर्वे स्वजनोने आमंत्रण करी जोजन करावीने ए स्वजनोनी तथा गामना लोकोनी अने राजानी समक्ष, चित्तने चमत्कार उत्पन्न करे, एवुं महारुं उपार्जित करेलुं द्रव्य तुने देखाडवुं छे? ते सांजली कपिला कहे छे, के त्यारें हालज देखाडो ने? के अमें जोइयें तो खरां, के तमो केटलुंक धन कमाइ आव्या छो? अने हे स्वामीन्! तमारी उपार्जन करेली मिलकतनां जो मने दर्शन करावशो, तो हुं अत्यंत खुशी थइश? अने वली हाल जे हुं स्वजनोने जमाडवा माटे घृत, गोल वगेरे सामान लावीश, ते मालना पैशा आपवानी मने धास्ती पण मटशे, अने वली मारा मनने शांति था शे? आवां वचन सांजली केशव बोल्यो के हे स्त्रि! तुं बीलकुल फीकर राख नहिं. ज्यारें आपणा स्वजनो जमीने आहिं आवी उजां रहेशे, त्यारें हुं तुने तुरत सर्वे मिलकत देखाडीश? माटें जो तारे मारा कमायेला द्रव्यनुं दर्शन करवुं होय, तो तो महारा कहेवा प्रमाणें सहु स्वजनने जलदी आमंत्रण कय. आवां सगर्व वाक्य सांजलीने कपिलाने तेना बोलवा पर विश्वास आव्यो, तेथी तेणें सहु स्वजनोने ते केशव जट्टना नामथी आत्रमंण देव राव्यां. अने तेथी गाममां पण एवी प्रसिद्धि थइ के केशवजट्ट घणुंज द्रव्य कमाइ आव्या छे, माटे तेना उत्साहनुं सहु कुटुंबीयोने जोजन करावे छे? हवे ते सर्वस्वजनो, जोजन करवा माटे केशवने घेर आव्यां. जोजन करवा बेठां. अने ते सहुयें आनंदथी जोजन कर्युं. पण त्यार पछी ते केशव, सहु देखे तेम धोतीयानो काछडो वाली हाथमां एक महोटी कोदाली लइने स्वप्नमां

जोयेली पोताना घर आगलनी भूमिने खोदवा लाग्यो. त्यारें तो ते स्व जन वगेरे सहु कोइ उन्ना रही पूबवा लाग्यां, के हे नाइ! आ शुं खोदवा मांम्युं ? त्यारें ते केशव बोल्यो के आ पृथ्वीनी अंदर मारुं सारनूत इव्य बे. त्यारें लोकोयें पूब्युं के आहीं क्यारें, केटलुं, तथा कोणें माटेलुं बे ? त्यारें केशव बोल्यो के, ते कांही हुं जाणतो नथी. परंतु हुं ज्यां इव्य कमावा गयो हतो, त्यां रस्तामां एक गाम आव्युं हतुं. ते गाममां एक वड हतो, तो ते वडने सारो जाणीने तेनी बाया नीचें हुं सूतो हतो. त्यां सूतां सूतां में जोयुं हतुं. त्यारें ते लोकोयें पूब्युं के जे वखतें तें इव्य जोयुं, ते वखत केम न लीधुं ? त्यारें ते जड बोल्यो के हुं ज्यां लेवा तैय्यार थयो, त्यां तो मने कोइक गधेडे नूंकीने जगाड्यो. आवां सांनली सहुकोइ कहेवा लाग्यां के अहो ! आ केशव तो महामूढ देखाय बे. कारण के आ सर्व स्वप्नमां जोयेला इव्यने सत्य मानी तेने खोदी ने काढवा इडे बे ? एम कही महोटो कोलाहल करी पर स्पर ताली दइ खड खड हसी, ते केशवने धिक्कार दइ, सहु कोइ लोको चाल्यां गयां. त्यारें तेनी कपिला स्त्रीयें पण क्रोधायमान थइ क्षार कादवनी मूठी नरी, तेना माथा पर नाखी. अने तेने खूब धिक्काखो. एटलां वानां थयां, तो पण ते पाबो खोदतो बंध थयो नहिं. त्यारें पबी घणुंक खोदावाथी ते घरनी एक दम नीत पडी, तेथी ते केशवनी कड नांगी गइ. अने ते महादुर्दशाने पाम्यो.

आवां वचन सांनली पृथ्वीचंइनी सर्वस्त्रीयो, लाज मूकीने खड खड हसवा लागीयो. त्यारें पृथ्वीचंइ कुमार बोल्यो के हे बटुक! तमें साचुं कहेजो. के ए केशव बटुकनुं आ सर्व चरित्र हास्य करवा जेवुं बे, के नहिं ? त्यारें हास्य करतो एवो ते विष्णु बटुक बोल्यो के हे स्वामिन्! हा, ते मूर्ख एवा केशवबटुकनुं आ सर्व चरित्र हास्यास्पदज बे. परंतु हे कुमार! आपने हुं पूबुं बुं, के आ संसारमां सर्वलोको ते मूर्खबटुक समान बे, एम केम कहेवाय ? त्यारें पृथ्वीचंइ कुमार कहे बे, के हे बटुक! आ संसारी जीवो जे बे, ते सर्व केशव बटुक समानज बे. कारण के ते पण केशवनी पठें कार्याकार्य, के हिता हित, कांइ जाणताज नथी. वली जुउ. ते मूर्ख एवा केशवनी अने संसारी जीवनी तमने हुं समानता कहुं बुं. के आ संसारी जीव जे बे, केशवनी पठें चोराशी जीवायोनिन्नमणरूप निख मागवामां ने नीख मागवामांज पोता नो सर्व काल गमावे बे. वली संसारी जीव, कर्मपरिणतिरूप कपिला स्त्रीने

वश थइने नृदेहरूप सुवर्णभूमिने प्राप्त थाय ठे. त्यां ते जीवने अकामनिर्ज राथी कांइक सुकृतरूप सुवर्ण मले ठे. वली ते सुकृत कमाइ जतां ते जीव ने कामरूप धूर्त एवो एक ऐंद्रजालिक मले ठे. ते तेने विषयवासनारूप कन्या देखाडे ठे, तेमां ते लुब्ध थइने तेनुं ते पाणिग्रहण करे ठे. त्यारें ते कामरूप धूर्त ऐंद्रजालिक तेनुं सुकृतरूप सर्व द्रव्य हरी लीये ठे. पठी गयुं ठे सुकृतरूप सुवर्ण जेनुं एवो ते जीव, अपूर्णमनोरथ थको पाठो वली तिर्यग्, नर, नारकीप्रमुखना भवरूप गामोमां भमे ठे. त्यां वली कोइक भवरूपगाममां तेने धर्माचार्यरूप दयालु मनुष्य, दया लावीने तपरूप दहिं अने भात तेना दानथी स्वस्थ करे ठे. पठी पाठो ते जीव, वड समान प्रौढ कुलने पामीने मोहरूप निद्रामां सूवे ठे. त्यां ते स्वप्न तुल्य एवा भोगना प्रिययोगें करी मोह पामे ठे. पठी ते कर्मपरिणतिरूप कपि लानुं स्मरण करतो थको घेर आवे ठे. अरे ! हे बटुक ! ए मोहनुं माहात्म्य तो जुउ. आ जीव, गज, वाजी, कोश, भूमि, भृत्य, तेना पालनरूप सुखने वली सुख माने ठे. बाहेरथी जोवामां मनोहर, अने अंदर रुधिर, मांस, मल, मूत्र, विष्टा, परु, तेथी पूरित एवा युवतीना अंगने विषे मोह पामीने केवल विनाकारण विष्टाना कीडानी पठें तेमां रमे ठे. वली कामानुरक्त एवो आ संसारी जीव, चर्म, अस्थि, स्नायु, तेणे बांधेलुं, अने निरंतर घणुंज शुद्ध राखवाथी पण सदा श्लेष्म मेलथी युक्त, अने असार, एवा ललनाना मुखने, शुद्ध अने स्वछ एवा शरदृतुना चंद्रमानी समान कहे ठे. वली अधमनर, मुखथकी निकलता दुर्गंधथी, थुंकथी तथा दांतना मेलथी व्याप्त एवा कामिनीना अधरोष्ठने अमृतवत् मिष्ट माने ठे. वली भोगाभिलाषी पुरुष, हाडकाना दांतने कुंदकलिका समान माने ठे. वली कामी जीव, महिलाना मांसनी ग्रंथिरूप बेहु स्तनोने कनककलश समान कहे ठे. तथा मूर्खजीव, चर्म अने अस्थि, तेना मढेला युवतीना हस्तोने कमलनालनी तुल्य कहे ठे. वली कामासक्त जीव, विष्टा मूत्रना भाजन रूप स्त्रीना उदरने वज्रमध्यनी उपमा आपे ठे. वली विषयव्यग्र जन, विष्टानिःसरणनुं स्थान अने नगरनी खाल समान, एवा नारीना नितंबने गंगापुलिननी तुल्य कहे ठे. वली कामांध जीव, लोही मांसनी रचेली, हाडकानी नलीनी बनेली, बालानी बे जंघाउने, केलना स्थंभ समान

माने ठे. वली कामुक पुरुष, रत्नादि सार शृंगारथी नूषित अने मुनि जनने दुःखरूप एवा श्यामाना शरीरने सुरसुंदरीनी समान जाणे ठे. माटें हे बटुक ! आ संसारी जीव पण पूर्वोक्त मूर्ख एवा केशव बटुक नी पठें विराधनाज पामे ठे. तेथी आ वितथ एवा संसारमां कांइ सारज नथी. आवो कुमारनो कहेलो सडुपदेश सांनलीने नष्ट थयो ठे स्वरूपनो गर्व जेने एवी ते स्त्रीयो, विचारवा लागीयो के अहो ! आ आर्यपुत्र जे कांइ कहे ठे, ते खरेखरुं ठे. कारण के आ आपणा अंगमां तेमना कहेवा प्रमाणें कांइ पण सुंदरत्व नथी. केवल श्वेतचर्मना ढंकावाथी उपरथी सुंदरपणुं देखाय ठे. परंतु वस्तुतः जोतां तो, जेम आपणा अंगमां सुंदरत्व नथी, तो वली पुरुषना अंगमां पण सुंदरत्व क्यां ठे ? जेवां आपणां शरीर ठे, तेवांज पुरुषनां पण ठे. तेम ठतां पण आ आर्यपुत्र, केवल स्त्रीना देहनेज केम निंदे ठे ? एम ज्यां विचार करे ठे, त्यां तो वली पृथ्वीचंड्र कुमार बोल्या, के हे बटुक ! हाल जे में कह्युं, के जे कामासक्त पुरुष होय ठे, ते स्त्रीयोना शरीर ने वृथा सुंदर मानी मोह पामे ठे. तेम वली स्त्रीयो पण कामासक्त थइ पूर्वोक्तरीतें देखवामां सुंदर अने वस्तुतः स्त्रीना अंगनी पठें डुर्गंधवस्तुथी नर पूर, एवा पुरुषोना शरीरने विषे मोह पामीने विषकीटकनी पठें रमे ठे. परंतु पुरुषना करतां स्त्रीमां चार दोषो वधारे होय ठे. तेथी ते वधारे निंद्य ठे. ते चार दोष कया ? ते कहे ठे. के तेमां एक दोष तो रुतुनुं आववुं. बीजो दोष, डुर्गर्भनुं धारण करवुं. त्रीजो दोष, सुवावड थाय ठे, ते. अने चोथो दोष ज्यारें प्रसव थाय त्यारें पूर्वोक्त रुतु वगेरे सर्व डुर्गंध अने खराब पदार्थो देखवामां आवे ठे ते. ते माटे ते स्त्रीना अंगमां चार दोषो वधारे ठे. एम कहीने पाठा वली ते केशव बटुकना दृष्टांत साथें मेलवी कहे ठे. के हे बटुक ! आ जीव, केशवनी पठें तेवा विषय सुखरूप निधिने आ देह रूप घरने विषे जोवे ठे, अने ते विषयसुखने कुचेष्टारूप कोदालीथी खोदे ठे. पठी आ जीवने साधर्मिरूप स्वजनो ना कहे ठे, के हे नाइ! विषयसुखरूप ध नने तुं आ शरीररूप घरमांथी कुचेष्टारूप कोदालीथी म काढ. तो पण ते जीव, तेउनुं मानतो नथी. त्यारें पठी ते कुचेष्टारूप कोदालीना प्रहारथी धर्ममर्यादा रूप नींत, तेनी पर पडे ठे. अने आ प्रकारना डुर्नयें करी अपयशरूप कच राथी ते व्याप्त थइ जाय ठे. अने पठी कर्मपरिणतिरूप कपिला स्त्रीयें करी

हेलना पामे छे. अने पछी कटि नांगवासमान संसार दुःखमां पडे छे. माटे आवा मूर्ख एवा केशव बटुकनी पठें निर्विवेकी एवा संसारी जीवना चरित्रने जोइने कोना हृदयमां वैराग्य न थाय ?

आ प्रकारनां ते कुमारनां वचन सांनळी ते कुमारने मध्यस्थ एटले निष्पक्षपाती मानी तथा संसारनी पण असारता जाणी, ते सर्वस्त्रीयो, संवेगरंगरंगित थइ गइयो. अने कहेवा लागीयो के आपें ए सर्व साचुंज कह्युं. परंतु हे आर्यपुत्र ! ते संसारनो त्याग ते कये उपायें थाय ? ते कृपा करी कहो. त्यारें पृथ्वीचंद्र कुमार बोल्यो के हे नद्राउ ! सांनळो. के ते संसारत्यागनो उपाय तो एक धर्म, अने बीजुं सुगुरुनुं सेवन ए बेज छे. तेमां गुरु पण केवा जोइयें ? के जे संसारना नोगसुखमां लिप्त न होय ? ते सांनळी स्त्रीयो बोली के हे प्रनो ! तेवा तो आप ज अमोने धर्मप्रबोध करनारा गुरु छो. अने हे विनो ! अमो पण " आ स्त्रीयो पृथ्वीचंद्रकुमारनी छे " तेवा शब्दें करी कृतार्थ थइयो छैयें. अने हवेथी अमारी सर्व नोगतृष्णा पण गइ छे. ते माटे हवे हमणांज अमोने ते उत्तम एवा जिनधर्मनी प्राप्ति करो. वळी हे आर्यपुत्र ! आपने पण हवे आ बळेला घर समान संसारमां रहेवुं उचित नथी. आप सर्वधर्मना तत्त्वने जाणो छो, तो त्यां आपने अमो अज्ञानी शुं कहियें ? आ प्रमाणें पोतानी सर्वस्त्रीयोने बोध पामेली जोइने ते कुमार, अत्यंत प्रसन्न थइ कहे छे, के हे नद्रनावी स्त्रीयो ! तमारो विवेक घणोज श्रेष्ठ छे; तेथी तमोने कांइ धर्मनी प्राप्ति थवी दुर्लन नथी. जेना हृदयमां धर्मास्तिक्य होय छे, तेनी सत्कुल लान वगेरे सर्वसामग्री सफल थाय छे, अने तेने मोक्ष पण सुलन थाय छे. ते माटे हे स्त्रीयो ! आपणे सर्वे, ज्यां पर्यंत धर्मसाधनना अवसरने एटले गुरु सामग्रीने पामीयें, त्यां पर्यंत संतुष्ट, सत्यवक्ता, दयाळु, तथा नमस्कारपर, धर्मनिष्ठ थइने संसारमांज रहियें ? आवुं कुमारनुं वचन सांनळीने प्रसन्न थयेली ते स्त्रीयोयें ते वाक्य कबूल कर्युं. अने ते सर्वे, धर्मतत्पर थइ.

हवे आ बनेली हकीगत त्यां बेठेला विष्णु बटुकें आवी कुमारना पिता हरिसिंह राजाने कही दीधी. ते जाणीने ते राजायें चित्तमां चितववा मांड्युं के अरे ! आ मारा पृथ्वीचंद्र कुमारने स्त्रीयो पण वश करी शकी नहिं.

अने ते स्त्रीयो उलटी तेनाथी बोध पामी. माटें हवे ते मारें शुं करवुं ? पण हा, एक बीजो उपाय छे खरो. ते शुं ? तो के तेने आ मारा राज्यनी योजनामां नाखुं, तो तेने ते राज्यखटपट करवी पडे, तेथी तेमां व्यग्र चित्त थवाथी ते धर्मनो त्याग करे ? एम विचारीने ते नरसिंह राजायें, कुमारनी स्त्रीयो सर्व बोध पामी तेनी, तथा ते कुमारने राज्यगादिपर बेसारवाना विचारनी वात, पोतानी पद्मावती स्त्रीने कही. त्यां तो ते स्त्रीयें कह्युं के हे स्वामिनाथ ! आज रात्रिने विषे मने स्वप्न आव्युं. ते स्वप्नमां में एवुं दीठुं के जाणे हर्षित थयेला देवें आपणा पृथ्वीचंद्र कुमारने महामहोत्सवें राज्यासन पर बेसाड्यो, तेवामां तो कांतिथी भरपूर अने प्रकाशमान एवो ते कुमार, त्यांथी उठीने एक प्रासादपर बेठो, त्यांथी वली पाछो ते कुमारने ते देवें तेज सिंहासन पर बेसाड्यो. तेवामां तो हुं जागी गइ. ते सांभली राजायें विचार्युं जे पृथ्वीचंद्र कुमारने राजगादीपर बेसारवानो मारो विचार तो छेज, तेमां वली राणीने आवुं स्वप्न आव्युं, तेथी हाल कुमारने गादीपर बेसाड्याथी तेनो प्रौढ प्रताप थाशे. ते माटे तेने सांप्रतज राज्यासनारूढ करवो. एम ज्यां विचार करे छे, त्यां तो प्रतिदिननी रीत प्रमाणें कुमार, प्रातःकालमां पोतानुं सर्व धर्मकृत्य करीने पोताना पिताना पादवंदन माटे त्यां पिता पासें आव्यो. त्यारें प्रसन्न थयेला पितायें आसन आप्युं, तेथी ते तेनी पर बेठो. त्यारें तेने तेनो पिता आदर सहित कहेवा लाग्यो के हे वत्स ! अमारे तम जेवा सत्पुत्र छे, तेथी अमो भाग्यवान् गणाइयें छैयें, कारण के उंबरना वृक्षने जेम पुष्प दुर्लभ होय छे, तेम अमारा जेवाने तमारी जेवा पुत्र दुर्लभ होय छे. तो पण अमारा प्राचीनपुण्यना योगथी तम जेवो पुत्र अमने उपलब्ध थयो छे. हे पुत्र ! सागर जेम चंद्रमाने जोइने आनंद पामे छे, तेम चंद्रमा समान उज्ज्वल एवा तमने जोइने समुद्रनी परें अमो आनंद पामीयें छैयें. परंतु हे नंदन ! अमने विशेष अने वचनातीत हर्ष तो क्यारें थाय, के ज्यारें मेघाडंबर छत्र अने श्वेतचामरोयें करी सुशोभित, तथा मनोहर, अने प्रौढ एवा हाथी पर बेठेला सर्वसेवकोयें विंटेला, अने अट्टालिकापर चडेली एवी पुरजननी स्त्रीयोयें जोयेला, तथा जोवा आवेला माणसोनी गडदीथी संकुचित एवा राजमार्गमां चालता एवा तम

ने जोइयें ? माटें हे वत्स ! तमें आ आपणा राज्यने स्वीकारी वृद्ध एवां अमने अप्रमित एवा आनंददानने आपो. आवां वचन सांजली दाक्षिण्य निधि एवो ते कुमार, कहेवा लाग्यो के अहो ! मारी पर पुत्र पणानो स्नेह होवाथी मारां माता पिता तो मने राज्यासन पर बेसवा कहे ले. परंतु हुं जेवा विषयोन्मुख प्राणीने ते राज्यासन पर बेसवुं विरुद्धज ले. ते केनी पठें ? के जेम हिमालय तरफ जवा इछता जनने दक्षिणमार्ग तरफ चालवुं अनुचित ले ? पण गाढस्नेहवालां महारां माता पितानो ते राज्यासन पर बेसारवानो अत्यंत आग्रह ले. तो हवे हुं शुं करुं ? तेमज वली माता पितानुं वाक्य माह्या पुरुषोयें मानवुं पण जोइयें. ते माटें मारे एम करवुं, के ज्यां सुधि गुरुनुं आगमन न थाय, त्यां सुधी राज्यासन पर रहेवुं. अने पठी मारे मारुं धार्युं करवुं ? एम विचारीने ते कुमार कहेवा लाग्यो, के हे पिताजी ! आ आपनुं वचन हुं कबूल करुं बुं. कारण के मुज किंकरथी आपनी आज्ञा उल्लंघन थाय नहिं ? परंतु हुं आपने कहुं बुं, के आवा महोटा राज्यजार उपाडवामां हुं जेवो, कायर पुरुष योग्य नथी. पठी आपनी मरजी ? तेवां वचन सांजली राजा बोल्यो के अहो ! हे पुत्र ! तमारो केवो विनय ले ? अने केवी समजण ले ? एम कही अत्यंत खुशी थइने तेना मस्तक पर हाथ मूकी ते मस्तकनुं आघ्राण करी सारा मुहूर्त्तने विषे हरिसिंह राजायें ते पृथ्वीचंद्रकुमार पर राज्याजिषेक कराव्यो. अने पोताना राज्यासन पर बेसार्यो. त्यारें त्यां महोटो आनंद थवा लाग्यो ॥ श्लोक ॥ राजराजोजयत्येवं, प्रवृत्तोबंदिजो ध्वनिः ॥ वादितानि सु तूर्याणि, नृत्यंति स्म पणांगनाः ॥ १ ॥ संपदो बहुधाऽऽयाताः, पुर्यां वृत्तोमहोत्सवः ॥ पृथ्वीचंद्रनृपं प्रेक्ष्य, पितरौ मुदितौ नृशम् ॥ २॥ अर्थः—ते समय, बंदिलोकोनो तथा चोबदार लोकोनो " राजराजेश्वर एवा पृथ्वीचंद्र कुमारनो जय थाउ. " एवो शब्द थयो. अने सर्वजातिनां वाद्यो वागवा लाग्यां. तथा वारांगनाउ नृत्य करवा लागीयो ॥ १ ॥ वली मांमलिक राजाउनां अनेक प्रकारना नेटणां आव्यां. अने ते अयोध्या नगरीने विषे महा महोत्सव वरतायो. ते पृथ्वीचंद्र कुमारने राज्यासन पर बेठेलो जोइने तेनां माता पिता अत्यंत प्रसन्न थयां ॥ २ ॥ हवे ते पृथ्वीचंद्रराजा, राज्यलक्ष्मीने विषे अलुब्ध ले, तो पण पोताना पितानी प्रसन्नता माटें जेम घटे, तेम राज्य वैवट चलावे ले. परंतु ते राज्यासन पर

रहेलो कुमार, कोइ पंखी जेम पांजरामां पड्यो होय, हाथी जेम खाडामां पड्यो होय, तथा मृग जेम आहेडीना करेला पाशमां पड्यो होय अने पछी तेउ जेम बुटवा माटे व्याकुलचित्त थाय, तेम व्याकुलचित्त थाय बे. अने विचारे बे, के अरे ! क्यारें मने गुरु मले, अने क्यारें आ हुं राज्य खटपटमांथी बूटुं ? अने वली ते कुमार, पोताना देशमां सर्वत्र अमारीनो पटह वगडावे बे. बंदीलोकोने बंदीखानेथी बोडी मूके बे. व्यापारीनां दाण मूकावे बे. ज्यारें ते कुमार राजा थयो, त्यारें सर्वजन शांतवृत्तिवालां थयां, अने ते सारो धर्मिष्ठ राजा होवाथी ते नगरीनां सर्व लोको विकथानो त्याग करी धर्मकथा करवा लाग्यां. कहेलुं बे, के "यथा राजा तथा प्रजाः" जेवो राजा होय, तेवी प्रजा पण थाय बे.

हवे वारमा विजय विमानमां पृथ्वीचंद्रना जीव साथें देवता थयेलो जे जयसुंदर कुमारनो जीव हतो, ते क्यां अवतस्यो ? तथा तेनुं शुं थयुं ? ते कहे बे. के एक दिवस कोइ एक सुधननामा सार्थवाह बे, ते महोटुं कौतुक जोवा सारु ते पृथ्वीचंद्र राजा पासें आववा माटे तेने दरवाजे उनो रह्यो. त्यारें द्वारपालें आवी पृथ्वीचंद्र राजाने विनति करी के महाराज ! कोइक सुधननामा सार्थवाह आवेलो बे, ते दरवाजामां उनो बे, जो आप आज्ञा करो, तो तेने आहिं आववा दउं ? ते सांजली कुमरें हुकम कस्यो के तेने आववा दीयो. त्यारें प्रफुल्लित जेनुं मुखपद्म बे एवो ते सुधनवैश्य, प्रतिहारनी रजाथी राजसनामां आवी पृथ्वीचंद्रने प्रणाम करी कांइक पोतें नेटणुं लाव्यो हतो, ते तेमनी समीप मूकीने सन्मुख बेगे. त्यारें ते पृथ्वीचंद्रें तेनुं सन्मान करी तेने कह्युं के तमारे कांइ जे विज्ञप्ति करवी होय ते करो. ते सांजली सुधन बोल्यो के हे देव ! मारा गाममां एक आश्चर्यकारक उत्तम वृत्तांत बन्युं बे. ते उत्तम वृत्तांतने जोइने अत्यंत विस्मय रसथी पूर्ण थयेलुं मारुं हृदय, जाणे हाल फाटी जाशे शुं ? एम थयुं बे. तेथी ते वृत्तांत कहेवा जेवुं बे खरुं, पण ते कहेवाने हुं शक्य नथी. तो पण आपनां दर्शन करवा आवेलो बुं, तेथी ते वातनुं यत्किंचित् तत्त्व कहुं बुं, ते सांजलो. त्यारें पृथ्वीचंद्रें कह्युं के हे नाइ ! तेवुं वृत्तांत कोनुं बे ? अने शुं बे ? ते कहो. त्यारें ते सुधन सार्थवाह कहेवा लाग्यो के, ते एक तो में मारा नगरमां जोयुं बे अने बीजुं वली आहीं आपने त्यां थवानुं बे एम सांजल्युं बे. त्यारें पृथ्वीचंद्रें कह्युं के जे

कौतुक त्यां तमारा गाममां जोयुं, ते केवुं छे ? ते कहो. त्यारें ते कहे छे के.

हे देव ! कुरुदेशनुं जूषण, अजन्यदूषण, स्वर्गथी सुंदर, मणिजडित मंदिरवाळुं, सुविस्तीर्ण छतां पण व्यापारीजनोथी संकीर्ण. नटजटादिकें करी मनोहर, एवुं एक गजपुर नामा नगर छे. अने तेमां हुं रहुं बुं. त्यां वली निर्मल एवा चित्तथी तथा वित्तथी निर्गर्व, अने कस्यो छे रत्नादिकनो संचय जेणें एवो कोइएक रत्नसंचय नामा श्रेष्ठी रहे छे. तेनी विकसित एवा पद्मना पत्र समान नेत्रवाली, लक्ष्मीसमान लक्षणयुत, रसरूपजलनी तलावडी, गतियें करी हंस जेवी, एक सुमंगला नामा स्त्री छे. ते स्त्री ए रत्नसंचय पुरुषनेज जोइयें, तेम ए स्त्रीने ए रत्नसंचय पुरुषज जोइयें. तेम घणी वार सुधी विचारीने जाणे विधियें ते बेहुनो संबंध कस्यो होय नहिं ? एवां बेहु छे. हवे अर्थ, अने काम तेमां रत अने पुत्रनी इछा करतां, एवां ते दंपतीने जाणे प्रत्यक्ष पुण्यनो राशिज उपलब्ध थयो होय नहिं ? तेवो एक पुत्र प्रगट थयो. (कवि कहे छे के ते बारमा विजयविमानमां देवता थयेलो जयसुंदर कुमार हतो, ते अवतस्यो.) त्यारें ते श्रेष्ठीयें हर्षथी सर्व नगरने आश्चर्य थाय अने आखा विश्वने विस्मय पमाडे एवो पुत्रजन्म महोत्सव कस्यो. ते पुत्र, ज्यारें गर्जमां आव्यो हतो, त्यारें तेनी मातायें स्वप्नमां आखा समुद्रनुं पान कस्युं हतुं, तेथी ते स्वप्नने अनुसारें ते पुत्रनुं " गुणसागर " एवुं नाम पाड्युं, तदनंतर ते पुत्रनुं पांच धावमातायें पालन करवा मांड्युं. अने ज्यारें ते जरा महोटो थयो, त्यारें तेने सर्व कलाउनो अन्यास कराव्यो. पछी अनुक्रमें ते कुमारने तरुणीजननुं जीवनजूत अने लावण्यनुं स्थानक, एवुं तारुण्य प्राप्त थयुं. त्यारें तो ते सुशील एवा कुमारने बाला, श्यामा, अने प्रौढा एवी स्त्रीयो, कामविकारथी जोवा लागी, तो पण ते कुमार निर्विकारी होवाथी, यत्किंचित्पण कामासक्त थयो नहिं. केनी पठें ? के जेम पद्म छे, ते जलमां रहे छे, परंतु ते जलथी लिप्त थातुं नथी तेनी पठें ? हवे एक दिवस ते नगरमां उत्तम, गुणाढ्य अने शिष्ट, अति रूपवाली जाणे आठ दिक्कन्याउज होय नहिं ? एवी मनोहर, अने गुणसुंदरीनामक कन्या जेमां मुख्य छे, एवी ते गामना रहेवासी कोइक आठ श्रेष्ठीयोनी आठ कन्याउ रहे छे. ते एक दिवस आठे कन्याउ एक ठेकाणे रमती हती. त्यां ते कन्याउयें पोताना मित्रनी सार्थें राज्यमार्गमां चाल्या जता, मनोहर एवी आकृति वाला, रूपथी सुंदर एवा

ते गुणसागर कुमारने दीठो. ते जोइने तुरत ते आठे कन्याउ, कामव्याप्त थइ गइ. अने पढी ते आठे कन्याउयें त्यांने त्यां एवी प्रतिज्ञा करी के आ पणे जो वरवो, तो आ पुरुषनेज वरवो. परंतु बीजा कोइने वरवो नहिं. एम प्रतिज्ञा करी ते सर्व कन्याउ, पोत पोताने घेर आवीयो. अने पोतानी जे प्रतिज्ञा हती ते पोत पोताना पिताने कही आपी. ते सांजली ते सर्व कन्याउना पिताउयें खुशी थइ ते वात गुणसागर कुमारना पिता रत्नसंचयने कही. अने वली कह्युं के अमो आठे जण, अमारी आठे कन्याउने तमारा पुत्रने आपवा आव्या ढैयें ? ते सांजली रत्नसंचय श्रेष्ठी कहेवा लाग्यो, के अहो शेठीयाउ ! आ संबंध तो जेम पाननी साथें सोपारीनो संबंध थाय, तेवी रीतनो उत्तम ढे. अने तमो ज्यारें तमारी कन्याउने मारा पुत्रने आपवा आव्या डो, त्यारें तो ते संबंध करवानी हुं शा माटे ना कहुं? माटे ते वातनी हुं हा कहुं ढुं. त्यारें पढी कन्याउनो पृथ्वीचंड कुमार साथें संबंध कर्यो. अने पढी परस्पर, उत्तम लग्न जोवरावी लग्न करवानी धाम धूम करवा लाग्या. हवे तेवामां शुं बन्युं? के एकदिवस गुणसागर कुमार पोताना घरनी बारीमां बेठो बेठो पुरनी शोजा जोतो हतो, तेवामां तेणें तपे करी सर्व शरीर जेनुं कृष्य थइ गयुं ढे, आंखो जेनी ऊंमी जती रही ढे अने गोचरी माटे जमता, एवा कोइएक मुमुक्षु मुनिने जोया. तेने जोइने ते कुमार, मनमां विचार करवा लाग्यो के अहो ! आ मुनिनो वेष अत्यंत सुंदर ढे. तथा धूसर प्रमाण दृष्टि राखी इरियावहिय शोधता चाल्या जाय ढे. तेम तेनी सर्व इंडियो केवी सुगुप्त ढे ? तेमनी गति पण मंद ढे. आवो वेष, में पण कोइक जवमां अनुजव्यो होय ? एम लागे ढे. एम विचार करतां ते गुणसागरने तुरत अत्यंत मूर्बा आवी गइ. ते जोइने संब्रांत जेनां चित्त ढे एवो सर्व सुहृद्वर्ग एकदम दोडी, ठंडुं जल लावीने ते गुणसागर पर ढांटवा लाग्यो. अने तेने शीतल एवा चंदननो लेप कर्यो. तथा ताडना पंखाथी पवन नाख्यो. आम एक क्षणवार करवाथी ते कुमार स्वस्थ थयो. त्यारें डुःखित थयेलां तेनां माता पिता वगेरे, तेने पूढवा लाग्यां के हे पुत्र ! आम अकस्मात् तुने शुं थयुं? शुं तारुं युवानवय होवाथी आ घरनी बारीमांथी कोइ युवतीस्त्रीने रस्तामां चालती जोइने कामातुर थवाथी तुने मूर्बा आवी? के शुं सामंतनी अथवा मंत्रीनी कन्या जोइने मूर्बा आवी?

के शुं थयुं ? ते कहे. अने हे पुत्र ! जे कारणथी तारा मनमां दुःख थयुं होय, ते कहे. अने तुं जेम कहीश, तेम हुं करी आपीश ? ते सांजली गुण सागर कुमार बोल्यो के हे पिताजी ! मोहना औत्सुक्यथी सुखने देनार, अति मूर्खजनने प्रिय, दुःखना मूलनूत, एवा जोगने विषे तो रोगनी पठें मारुं मन, कोइ दिवस आसक्त थातुंज नथी. कारण के में पूर्वे घणांक सुखो, देव लोकोने विषे जोगव्यां छे, तो पण हजी मारी तृप्ति थइ नथी. तो तुब एवा आ लोकना जोगथी तो शुंज तृप्ति थवानी छे ? काहिं नहिं. अर्थात् देवलोकोना जोगो मारा मनने हरण करी शक्या नहिं, तो वली आ बीजत्स एवा मनुष्यजोगो, ते शुं मारा मनने वश करी शकशे ? अने जे कोइ काले अमृतनुं पण पान करता नथी, ते शुं विषनुं पान करशे ? अने हे पिताजी! जो तमो मारा मनोरथज पूरवानी इच्छा करता हो, तो मने आप आनं दथी श्रामण्य लेवानी रजा आपो. के जेथी हुं मनोहर एवा श्रामण्यने स्वीकारुं ? हे तात ! हाल रस्तामां गोचरीयें जाता एवा मुनिने जोइने पूर्व जवोमां जे में घणाक काल चारित्र पाल्युं छे, ते मने हाल स्मरण थइ आव्युं छे, तेथी हवे आ गहन एवा संसारने विषे एक क्षण वार पण हुं रहेवाने शक्य नथी. जेम श्वेतपक्षवालो हंस छे, तेने जो मानसरोवरनो योग मले, तो पछी ते कोइ दाहाडो बीजा पदार्थनुं अवलंबन मागे ? ना नज मागे. अने वली ते मानसरोवरने मूकीने पोतानी उत्तमवर्णवाली पांखोने कचरामां बोलवा इच्छे ? ना नज इच्छे. तेम हुं आवा सारनूत संयमने छोडी कादवसमान संसारमां कोइ दाडो आसक्त थाउं ? ना नज थाउं ? आवां वचन सांजली तेनो पिता कहेवा लाग्यो के हे पुत्र ! आ तुं शुं बोले छे? अरे आम तने कोणे जरमाव्यो छे ? शुं हाल तारो संयम लेवानो वखत छे ? ना. जोने विद्वान् लोकोयें मनुष्यने पोतानी आयुष्यना त्रण जागमां त्रण वर्ग, यथासमय साधवानुं कह्युं छे. तेमां एक अर्थ, बीजो काम, त्रीजो मोक्ष. तेमां बुद्धिमान् मनुष्यें प्रथम युवावस्थामां तो अर्थ अने काम ए बेज साधवा. पछी ज्यारें प्रौढावस्था थाय, त्यारें मुक्तजोग एवा प्राणीने धर्माराधन करवुं. कहेलुं छे के ॥ श्लोक ॥ प्रथमेनार्जिता विद्या, द्वितीये नार्जितं धनम् ॥ तृतीयेनार्जितोधर्म, श्चतुर्थे किं करिष्यति ॥ १ ॥ अर्थः— मनुष्यने प्रथम वयमां विद्या संपादन करवी, बीजी युवावस्थामां धन संपा

दन करवुं, त्रीजी प्रौढावस्थामां धर्म संपादन करवो, अने पछी तुर्य अव स्थामां शुं करशो ? कांइज नहिं. माटे हे पुत्र ! हाल तो तारे अर्थ, अने काम संपादन करवाने उत्सुक रहेवुं. ते सांजली कुमार बोल्यो के हे पिताजी ! तमोयें कह्युं ते तो साचुं छे, परंतु जे सुख, धर्मथी प्राप्त थाय छे, ते सुख कोइ दिवस, घणा काल पर्यंत जोगवेला विषयजोगथी प्राप्त थातुं नथी. कहेलुं छे के ॥ श्लोक ॥ अविदितपरमानंदो, वदति जनोविषयएव रमणीयः ॥ तिलतैलमेव मिष्टं, येन न दृष्टं घृतं क्वापि ॥ १ ॥ अर्थः– जेणें ज्ञानसुखनो आनंद लीधो नथी, ते मनुष्य. आ तुछ एवा विषय सुखनेज सारुं कहे छे, केनी पठें ? तो के जेणें घृतने कोइ दिवस दीठुं पण नथी, ते जीव तेलनेज मिठुं कहे छे. अने हे तात ! आ अनादि संसारने विषे फरता एवा जीवें स्त्रीजोग, जोजन, जूषण प्रमुख ने जोगव्यां छे, ते समग्र विषयजोगादिकना पदार्थ जो आपणे एकठा करीयें, तो ते आखी पृथ्वीमां पण समाय नहिं एटला थाय ? तेमज वली आ अनादि संसारमां फरता आपणें जीवें जे जल पीधां छे. ते जल जो आपणें एकठां करीयें, तो ते अनंता समुद्र जराइ रहेवाथी पण वधे. वली आ अ नादिसंसारने विषे आपणे जीवें जे जे फल खाधां छे, ते फल जो आपणे एकठां करीयें, तो ते सर्व फल आ पृथ्वीना सर्व वृक्षोनां फल करतां पण वधी पडे ? वली हे पिताजी ! आ संसारने विषे एवा कोइ जोग नथी, जे आपणे जीवें जोगव्या न होय ? कारण के आपणे जीवें एकेक जोग अनंती वार जोगव्या छे, तो पण हजी आ जीव, तृप्त थातो नथी. कोनी पेठे ? के जेम कोइ रांकने स्वप्नामां मिष्टान्नजोजन मले, ते जेम तृप्त थाय नही ? अने वली ते जवांतरने विषे जे कांइ सुख मल्युं छे, ते सर्व सुख, आ हालना जवने विषे स्वप्नसमान थइ गयुं छे. माटे हे पिताजी ! तमोने पण कहुं छुं, के हवे समजो, समजो. आ असार संसारमां मोह पामो मां. हे तात ! तमो खरुंज जाणजो जे आ जीवने विषयजो गना जोगववाथी तृप्ति कोइ कालें थातीज नथी, तेमाटेंज मुक्ति साधनमां रक्त एवा विवेकीजनो ते जोगने माटे कांइ पण आचरण करता नथी. परंतु मोक्ष माटे करे छे. माटे हे तात ! हवे मने संयमव्रत ग्रहण कर वामां विघ्न करशो नहिं ? कारण के हुं जरूर प्रव्रज्या ग्रहण करीश ?

आ प्रकारें ते गुणसागरनो संयम लेवानो अत्याग्रह जाणीने ते रत्न संचय श्रेष्ठी कांइ पण बोलवा समर्थ थयो नहिं. त्यां तो वली त्यां बेठेली ते गुणसागरनी माता, रुदन करती कहेवा लागी, के हे पुत्र ! आ शुं कहो छो ? शुं अमो बेठां तमो दीक्षा लीयो ? हा ! ते केम बने? वली हे वत्स ! मारा मनरूप पृथ्वीनेविषे, "आ सत्पुत्रथी मने सर्व ला न थाशे" एवी आशारूप द्रुम उत्पन्न थयो छे, अने ते द्रुमने तमोयें विन यरूप जलथी सिंची महोटो पण कर्यो छे, तो तेने आ संयम लेवा जवा रूप प्रतिकूल पवनथी हाल उच्छेद करवा केम धारो छो ? अने हे पुत्र ! तमारा विना मारुं आ हृदय, पाकेला फलनी पठें तुरत फाटी जाशे ? वली हे वत्स ! तम जेवा सत्पुत्रने अमारा जेवां जराजर्जरित माता पिताने छोडी नाशी जावुं उचित छे? ना नथीज. माटे हे नंदन ! जाजी तृष्णायें उछेरेला एवा तमोयें अमारुं पालनज करवुं. हे पुत्र ! अमारे तो जे कांइ क हेवुं हतुं, ते कह्युं. हवे जेम तमारा मनमां आवे, तेम करो. ते सांभली गुण सागर कुमार बोल्यो के हे माता ! जे कांइ तमोयें कह्युं, ते सर्व सत्य छे. परंतु मृत्युनो कांइ नियम छे ? ना नथीज. जुओ, ते मृत्यु क्यारेंक बालक होय, तेने लइ जाय छे, अने वृद्ध, तथा रोगी होय, तेने रहेवा दे छे. माटें जो ते मृत्यु मित्र होय, अथवा जे माणस एम जाणतो होय, के हुं अमर छों, तो ते प्राणीने संयम लेवामां प्रमाद करवो उचित छे. वली हे मात ! तमारा कहेवाथी कदाचित् हुं धर्माचरणमां आलस्य राखुं, अने एमने एम मने काल लइ जाय, तो पाछुं वली मुने संसार भ्रमण तो उभुंज रहे ? आ अनादि एवा असार संसारने विषे कर्माधीन एवा जीवो अनंती वार पिता, माता, पुत्र, भगिनी, भाइ, शत्रु, मित्र, कलत्र, स्नेहीप णाने पाम्या हशे ? तो ते जीवो मांहेलो हुं पण छों. अने तमें पण छो. तो तेमां वली मारे माटे अवडो महोटो खेद शा माटे करो छो ? अने हे जननि ! तमोने एक लौकिक दृष्टांतथी पूछुं छुं, के कोइएक माता हती, ते पोताना कुमारपुत्रने लइने एक सरोवरमां वस्त्र धोवा गइ, ते पुत्रने सरोवरना कांठापर बेसार्यो. पछी पोतें वस्त्र धोवा लागी. त्यां तो साथें आवेलो ते पुत्र, सरोवरमां नाहावा पड्यो, अने नाहातां नाहातां आगल जतां खाडो आववाथी ते खाडामां डुबवा लाग्यो. तेने डुबतो जोइ

तेनी मायें कल्पांत करवा मांड्यो. त्यां तो दैवयोगें ते पुत्र, पाणीना जोरथी तेनी माता ज्यां ऊजी डे, त्यां तेनी पासें आव्यो. तो हवे हे माता! तेनी मातायें ते पुत्रने पकडीने बाहार काढवो, के उलटो धक्को मारी फूबाडी देवो? ते कहो. त्यारें तेनी माता बोली के ना तुरत ते पुत्रने बाहारज काढवो. तेने कांइ धक्को मारी मारी न खाय? त्यारें कुमार कहे डे, के तेम हुं पण आ संसारमां डुबतो हतो, तेमां कोइक पुण्यना योगथी तमारी कुखरूप अवलंबन पाम्यो बुं अने नजिक किनारे आव्यो बुं, तो पाडो तमारे मने पूर्वोक्त रीतें संसाररूप सरोवरमां नाखवो घटे डे? ना नहीज. अने मारे माथे ज्यारें जरूर मरण डे, तो हुं तमोने इष्ट बुं, तो पण शा कामनो बुं? वास्ते अगाध एवा संसारसमुड्थी नीकलवा इडता एवा मने तमारे वारवो, ते ठीक कहेवाय नहिं. अने हे जननि! अंध कूप, सलगतुं घर, समुड्, रोग, इत्यादिक महाकष्टमांथी निकलता अने राज्यने प्राप्त थता एवा पुत्रने कोइ मा बाप तेवा सुखथी वारे? ना नज वारे. तेम पूर्वोक्त अंध कूपादि समान संसारमांथी निकली संयमरूप राज्यने प्राप्त थता मुने तमारे पण वारवो घटे? ना नज घटे. कह्युं डे के ॥ श्लोक ॥ शेपकार्येष्वपि प्रायो, विलंबोहानिकृन्मतः ॥ तत्प्रसिद्धश्च लोकेऽस्मिन्, धर्मस्य त्वरिता गतिः ॥ १ ॥ अर्थः—सर्व कार्य थइ रह्युं होय अने यत्किंचित्कार्य बाकी रह्युं होय, तो तेने विषे पण जे विलंब करवो, ते विलंबने पण हानिकारक मानेलो डे अने "धर्मनी गति तो त्वरित डे," एम सर्वत्र लोकमां प्रसिद्ध डे, तो ते धर्ममां शामाटे विलंब करवो? आ प्रकारनां ते कुमारनां वचन सांजली बली माता कहे डे, के हे पुत्र! ते तो ठीक. पण आवुं तमारुं अत्यंत कोमल अंग डे, ते डतां ते संयमधर्मने तमें केम पाली शकशो? कारण के ते संयममां तो जेम शिरपर पर्वतना जारने सहन करवो पडे, तेम निरंतर मोहोटा व्रतरूप पर्वतनो जार सहन करवो पडशे. तथा तेमां घणाक परिसह अने उपसर्गो सहन करवा पडशे, तो तेने तमें सुकुमार अंगोथी केम सहन करी शकशो? अने हे वत्स! तमने हुं केटलुंक कहुं, परंतु चारित्राचरण जे डे, ते तम जेवाने डुष्करज डे, ते माटे आ मनोहर गृहस्थाश्रममां रहीनेज जिनधर्मनुं यथाशास्त्र आचरण करो. ते सांजली वली गुणसागर कुमार बोल्यो, के हे अंब! आ दीक्षानां डुःखथी पण जेनी संख्या

नथी एवां उग्र एवी वैतरणीमां पडवानां, कूटशाल्मलीवृक्षनां, तप्तवालु कामां तपवानां, कुंभिपाकमां पडवानां, शूली आरोपणनां, करवतथी वि दारण थवानां, बरछी, तरवार, कटार तेथी छेदावानां, तरवार सरखा पत्र छे जेनां एवा वृक्षना पत्रथी छेदावानां, कुतरां, ढीकपक्षी प्रमुख फाडी खानारा जानवरोथी दुःखी थवानां दुःखो, में घणांज नरकावासमां भोग व्यां छे. तेमज वली तिर्यग्योनिना भवमां गाडां साथें जोडावानां, हल वहन करी तेने खेंचवानां, भारा रोपणनां, तेमां पण वली परोणा, सोइ जे वी लोढानी आर, लाकडी प्रमुखना मार तेनां, तथा भूख, तृषा, टाढ, तडको, परवशपणुं, ए वगेरेनां अनंतदुःखो में भोगव्यां छे. तेमज वली मनुष्यना भवमां जरानां, जन्मनां, गर्भनां, शोकनां, अनिष्टना संयोगनां अने इष्टना वियोगनां, शरीरने विषे रोग प्रमुखनां, तथा मननां. एवां में घणांज दुःखो भोगव्यां छे. तो हवे ते सर्व दुःखो संभारीनें सुखने माटे हाल हुं आ यतिधर्मने केम न आचरुं ? आवां वचन सांभली मातायें जाण्युं जे आ पुत्रने संसारपर तीव्र वैराग्य थयो छे, तेथी तेनो संयम लेवानो दृढ निश्च य छे. माटें ते आपणुं कांहि पण कह्युं मानशे नहिं ? तेथी जे फोगट फां फां मारवां, ते व्यर्थ छे. एम जाणीने रुदन करती एवी तेनी माता ते गुणसागरकुमारनां बेहु चरण ग्रहीने महोटा शब्दथी कहेवा लागी के हे वत्स ! तमें संयम लेवाना दृढ निश्चयवान् थया छो, तो पण जेनो त मारी साथें संबंध कर्यो छे, ते मनोहरा एवी आठे कन्याउनुं तमें पाणिग्रह ण करी निःसत्त्व एवी जे हुं, ते मारा हृदयने जरा अवलंबन आपो. अने हे पुत्र ! ज्यारें हुं तमने परणेला जोउं, त्यारेंज हुं कृतार्थ थइ एम जाणुं, अने मारा मनने निवृत्ति पण त्यारेंज थाय. वली बीजुं शुं थाय ? के ते तमोने परणेली जे ए आठ स्त्रीयो होय, ते मने आधार थाय. ते सांभली कुमार कहे छे के हे अंब ! तमो मारे माननीय छो, तेथी ते तमारुं वचन मानी ते आठे कन्याउने हुं वरीश, परंतु वर्या पछी तुरत हुं दीक्षा लइश, तेमां मने बिलकुल अवरोध करशो नहिं. अने वली हे जननि ! जेनुं मा रे पाणिग्रहण करवुं छे, ते कन्याउना प्रत्येक पिताउने कहेवरावो के, आ अमारो गुणसागर पुत्र, तमारी कन्याउनुं पाणिग्रहण करीने तुरत दीक्षा लेशे. अने आम कहेवराव्या पछी जो तेउनी इच्छा हशे, तो ते परणावशे.

ते सांजली ते कुमारनां माता पितायें पोताना आठे वेवाइने कुंवरना कहे वा प्रमाणें कहेवराव्युं, त्यारें तो ते सर्वे वेवाइ नाखुश थइ बोल्या के ते वात तो अमारी कन्याउने पूठी जोइयें, अने ते जेम कहे, तेम करीयें ? एम कही ते आठे जणे पोत पोतानी आठे कन्याउने पूठी जोयुं के हे कन्याउ ! जेनी साथें तमारो संबंध अमोयें कयो ठे, ते वर तो अतिवैराग्यवंत ठे, तेथी तेनां माता पिता कहेवरावे ठे, के आ अमारो पुत्र, तमारी कन्याउने परणीने तुरत दीक्षा लेशे? माटें तेमां तमारी शी मरजी ठे ? जो तमारी मरजी होय, तो तमोने तेनी साथें परणावीयें, नहिं तो पठी बीजानी साथें परणावीयें ? ते सांजली ते आठे कन्याउ पोत पोताना पिताने कहेवा लागी के, हे पिताजी! तमो जरा विचार तो करो, के जे पुरुषनी अमो वाग्दानथी स्त्रीयो कहेवाणी, ते मटी वली बीजानी स्त्रीयो ते केम थाइयें ? माटे जो ते अमने परणनारा कुमार, लग्न थया पठी संसारमां रहेशे, तो अमो संसारमां रहेशुं, अने जो ते दीक्षा लेशे, ते अमो पण तेमज करशुं ? परंतु बीजा वर साथें आदेहथी वरशुं नहिं. अने एम करतां कदाचित् जो तेनी साथे तमो नहिं परणवो, तो आमने आम अमो कुंवारीयोज रही दीक्षा लेशुं. अने हे पिताजी ! शास्त्रमां पण एक कन्याने बे ठेकाणे देवानो महोटो दोष केहेलो ठे ॥ श्लोक ॥ सकृज्जल्पंति राजानः, सकृज्जल्पंति पंमिताः ॥ सकृत्कन्याः प्रदीयंते, त्रिण्येतानि सकृत्सकृत् ॥ १ ॥ अर्थः– राजाउ जे ठे, ते एकज वार हुकम करे ठे, तेम पंमितो पण एकज वार बोले ठे, अने बोलीने फरता नथी. तेम कन्या पण एकज वार अपाय ठे, बीजी वार पाठी बीजाने अपाती नथी ॥१॥ ए त्रण वानां एकज वार थाय ठे. माटे सर्वथा अमारो विवाह तो तेनी साथेंज करो. ते सांजली ते कन्याउना आठे पिताउयें गुणसागरनां माता पिताने पोत पोतानी कन्याउने गुणसागर साथें परणाववानी हा कही. त्यार पठी बेहुस्थलें महोटो विवाहोत्सव मंमाणो. कन्याना तथा वरना पिताउयें हर्षित थइने मनोहर रेशमी उल्लेचो जेमां बांधेला ठे, मोतीना ऊमखायें करी युक्त, मणियोयें मंमित, एवा मंमपो बनाव्या. तथा जेने जोइने स्वर्गस्थ देवोने पण विस्मय थइ जाय एवां दिव्य पुष्प, चंदन, तांबूल, रत्नना तथा सुवर्णना आजरणो, अने मनोहर एवां वस्त्र, ए वगेरेथी सुशोजित एवां

तेउनां सर्वे संगां संबंधी मल्यां. वली ते लग्न महोत्सवमां अनेक प्रकारनी रसोइयो बनावी तेथी सहु कोइ जमवा लाग्यां, तथा मनोहर एवां तूर्य वगेरे वाजित्रना नादरूप गर्जनायें युक्त, त्यां एकठी थयेली स्त्रीयोयें पहेरेला हिरा जडित आनरणोना झबकारारूप विजलीवालो, मनोहर सुगंधद्रव्ययुक्त जे जल तेनां छांटणारूप वृष्टियें करी पंकोज्म जेमां थयो छे एवो जाणे नविन मेघज आव्यो होय नहिं? तेवुं लागवा माम्ड्युं. आवी रीतें महामहोत्सव वर्त्तवाथी गाममां माणासोने आववा जवानो रस्तो पण बंध थइ गयो. हवे एम करतां ज्यारें लग्ननो समय थयो, त्यारें ते गुणसागरने स्नान करावी, मनोहर अलंकार वस्त्रो पहेरावी, वरघोडे चडाव्या. अने पछी ते वरघोडे चडीने चाल्या. त्यारें त्यां अनेक वाजित्रो वागवा लाग्यां. अने सुवासिनी स्त्रीयो, मंगलगीत गावा लागीयो, अने मृडुताथी नगारां निशान पण वागवा लाग्यां. मागध, बंदी, चारण, नाट ने सर्व उंचे स्वरें तेना गुणगणनुं वर्णन करवा लाग्या तथा स्तुति अने आशीर्वाद देवा लाग्या. अने ते हर्षोत्कर्षथी सिंहनी समान नाद करवा लाग्या. त्यारें ते मागधादि अने याचकलोकोने राजायें सन्मानपूर्वक घणुंक धननुं दान दीधुं. एम अत्याम्बरथी वरघोडे चडेलो गुणसागर कुमार, पोताना ससराने घेर तोरण पासें आवी उनो रह्यो. त्यारें सर्व वैवाहिक क्रिया थवा लागी. हवे त्यां विवाहनी जे जे क्रिया थवा लागी ते प्रत्येक क्रियाने जोइने चिदानंदमां लीन एवो ते कुमार, तत्ववृत्तिथी ते ते क्रियाने चिंतववा लाग्यो. ते जेम केः– अहो! प्रथम आ स्त्रीयो जे गीतगान करे छे, ते पण केवल प्रलपन मात्रज छे. केम के ते स्त्रीना गायेला गुण मांहेलो एक पण गुण परणवा आवेला प्राणीमां होतोज नथी. तथा वली जे वरनां अने कन्यानां लग्न थाय छे, तेने जगतमां सहु कोइ लोको विवाह कहे छे, ते वस्तुतः खरूंज छे. केम के वि एटले विशेषें करी वाह, एटले संसारनारनुं वहन करवुं. अर्थात् जेनां लग्न थाय छे, ते जीव, संसारनो सर्व बोजो माथा पर लइ अकर्त्तव्य कर्म करे छे. तेथी ते घणोज दुःखग्रस्त थाय छे. माटे तेने जगतमां सहु विवाह कहे छे, ते विवाहज छे. वली परस्पर परणनार एवां वर अने कन्यानां सोपारी बदले छे, ते सोपारीज नथी बदलता, परंतु ते एकबीजां, पुण्यने विषे पापनुं आरोपण करे छे. वली परणवा आवेलो जीव, जे संपुट नांगे छे, ते संपुट नथी

नांगतो, परंतु ते परणवा आवनार जीव, पोताना धर्ममंगलनेज नांगे ले. वली ते विवाहार्थे आवेला वरनुं, सासु नाक ताणी गलामां लेडो नाखी तेने मांमवामां खेंची लावे ले, ते नाक ताणी खेंचती नथी, पण ए परणवा आवेला प्राणीनुं सर्वनी समक्ष अपमान करे ले. वली परणवा आवेला जीवने चार पोंखणामां प्रथम, सासु सरीये करी पोंखे ले, ते सरीये पोंखती नथी, पण तेथी एम जणवे ले, के हवे आ जीव, शर जे बाण तेणें करी जीवोने हणशे. वली तेने सासु बीजा मुशल नामक पोंखणे करी पोंखे ले, तेथी ते पोंखती नथी, पण ते एम जणावे ले, के आ परणवा आवेलो जीव, हवे मुशलोथी दीन जीवनुं दलन करशे. वली त्रीजे धोंसरे करी जे पोंखे ले, तेथी ते सासु ए जीवने एम जणवे ले, के हवेथी तारा गलापर संसारनार ताणवानुं धोंसरुं पडशे. ते तारे बेलनी पठें खेंचवुं पडशे. वली सासु, चोथुं पोंखणुं जे त्राक, तेणे करीने पोंखे ले, तेथी ते एम सूचवे ले, के हवे आ प्राणी कर्म सूत्रने कांतवा मांमशे? आ सर्व अनिप्राय चार पोंखणायें करी पोंखवानो ले. वली लोको मायरुं जे कहे ले, अने तेमायरामां परणवा आवेलो जीव जाय ले. ते मायरामां नथी जातो, परंतु मायागृहमां जाय ले, अर्थात् ते मायरामां परणवा जनारो जीव मायागृहमांज पड्यो, एम जाणवुं. तेमां वली पाले ते चोरी फरता चार फेरा फरे ले, ते चोरीना फेरा नथी फरतो, परंतु तेथी ते जीव एम जणावे ले के हवे हुं, चतुर्गतिरूप नवच्रमण करीश? वली रात्रे वर अने कन्या परस्पर कंसारनक्षण करे ले, ते कंसार नथी जमतां, परंतु तेथी एम जणवे ले, के हवेथी अमारा बेहु जीवोना त्रपा तथा आचार जाशे? कारण के निर्लज्ज थइने सर्वनी समीप एक बीजानुं एठुं खाये लेयें. तथा परणनारो प्राणी बीजां कोरां केसरीयां वस्त्र पहेरे ले, ते बीजां कोरां केसरियां वस्त्र नथी पहेरतो, पण तेथी ते आपणने एम जणवे ले के, हवेथी अमारुं पावित्र्य दूर गयुं. वली ते वखतें ब्राह्मणो जे पुण्याहं पुण्याहं. सावधान, सावधान. एम नणे ले, तेथी ते एम सूचवे ले, के हवे आ जीवना पुण्यना दिवस गया, अने पापना दिवस आव्या. माटे तेने पलायन थवानो समय आव्यो ले. तेथी जो ते सावधान थाय तो सारुं. एम संसारपाशथी निकलवाना सूचना करे ले, तो पण अज्ञ एवो ते परणवा आवेलो जीव, पलायन करतो नथी. त्यारें तेने वरमालारोपण करे ले. अर्थात् तेने संसारपा

शमां नाखे ले. आ प्रकानी विवाहने विषे प्रत्यक्ष विडंबना देखाय ले, तो पण क्लीब अने अतिपापिष्ठ एवो आ प्राणी, कांही पण आंख उघाडी जोतोज नथी. आवी रीतें ते गुणसागर कुमार, अंतरंगवृत्तिथी जुवे ले, अने तेवी सद्भावनाथी कर्मोने निर्जरावे ले. अने जगतना लोको जे ले, ते बहिर्वृत्तिथी जुवे ले. एम करतां ते सर्व विवाहक्रिया संपूर्ण थाय ले. हवे विवाहानंतर ते गुणसागर कुमार, पोतानी परणेली आठे स्त्रीयोयें सहित सहस्र पुरुषोयें वहन करेली एवी एक उत्तम शिबिकाने विषे बेठो. अने स्वजनोयें सहित मोहोटी धामधूमथी मनोहर एवा पोताना मंदिर तरफ चाल्यो. ज्यारें ते तरुणकुमार, राजरस्ते आव्यो, त्यारें तो ते पुरनी रहे नारी सर्व तरुणीयो तूर्णताथी देवेंद्रने देखवा जेम देवलोकनी देवीयो आवे, तेमं पोताना उच्च एवा घरने विषे तथा अगाशीमां, अट्टालिकामां आवी एकठी थइयो. अने त्यां ते कुंवरने जोइने केटलीएक कामनियो परस्पर कहेवा लागीयो के, हे बहेनो ! आ कुंवर तो कंदर्पथी पण अधिक रूपवान् ले. तेम तेनी आ आठ स्त्रीयो पण जाणे कामदेवनी रति नामा स्त्री पोतेंज आठ स्त्रीनुं रूप धारण करी पोताना पतिने परणवा आवी होय नहिं? एम लागे ले. कारण के ते स्त्रीयो जो आपणी समान लौकिक होय, तो तेने आवो कामसमान स्वरूपवान् वर केम मले? तेथी आ स्त्रीयो अने कुमार, महोटा भाग्यवान् होय, एम जणाय ले. ते सांभली वली बीजी स्त्रीयो बोलीयो के हे बहेनो! अमें तो एवुं सांभल्युं ले जे उद्घाहित एवी आ आठे स्त्रीयोने लोडीने कुमार, बे चार दिवसमां दीक्षा लेशे. माटे जो ए दीक्षा ले, तो पली आ स्त्रीयो भाग्यवान् केम कहेवाय ? तेम कुमार पण भाग्यवान् केम कहेवाय? त्यां वली अन्य स्त्रीयो कहेवा लागीयो के, हे वयस्याः ! उत्तम एवी युवावस्थामां आ कुमार, ज्यारें आवी मदनमंजुषा समान श्यामाउनी साथें परण्यो, त्यारें तो हवे ते दीक्षा लइज रह्यो. कारण के पाराधिना रचेला पाशमां पडेलो मृग, वली कोइ कालें ते पाशमांथी निकली शके ? ना नज शके. तेम हवे आ सुंदर स्त्रीयोना पाशमां पडेलो कुंवर, कोइकालें ते पाशमांथी निकली दीक्षा लइ शके ? ना नहिंज. ते सांभली वली अपरस्त्रीयो कहेवा लागीयो के, हे सखियो ! एम करतां कदाचित् आ कुमार आवी मनोहर

महिलाउने तथा समुद्रसमान समृद्धिने छोडीने जो संयम स्वीकारे, तो ते कुमारनी तुल्य बीजो कोण उत्तम कहेवाय? कोइज नहिं. बाकी आ नवमां नूखें मरवाथी नीख मागनारा, मायिक मनवाला मुंमाउ तो घणाज नटके छे? ते सांनलीने वली बीजी स्त्रीयो बोलीयो के, हे बहेनो! जो आठे कन्याउ प्रथम एम जाणती होय, के आ कुंवर अमने परणीने तुरत दीक्षा लेशे? तो तेउनें वली आ कुमार साथें शा माटे परणवुं जो इयें? शुं सोनानी छरी होय, ते कांइ पेटमां मराय? ना नज मराय. आ प्रमाणें सर्व नागरिक स्त्रीयो बोले छे. ते वाक्योने सांनलतां सांनलतां ते कुमार, पोताने घेर पहोंच्यो. अने त्यां आवी नव्य एवा नद्रासननी उपर पोताना पितानी माबी बाजुयें बेगे. अने पछी ते कुमारनी माबी बाजुयें तेनी माता बेठी, अने तेनी समीप तेनी स्त्रीयो बेठीयो. हवे ते वखत, घणांक मृदंगो, सतार, सरोदा, बिन, मोरबीन, वीणा. ए वगेरे वाद्योथी युक्त अने मनोहर एवुं गायक लोकोयें गान करवा मांम्युं. तेमज वली ते समयें प्रेक्षकने परम आनंद थाय, तेवुं नृत्य पण थवा लाग्युं. त्यारें त्यां केटलाएक लोको ते गानने सांनलवा अने नृत्यने जोवा माटे आव्यां. ते समयमां सर्व इंद्रियो जेणे वश करी छे, नासाग्रपर राखी छे दृष्टि जेणें, एवो ते गुणसागरकुमार, तृप्तात्मपणे शमामृतकुंममां मग्न थइने पोताना परमात्मचिदानंद पदने चिंतववा लाग्यो. के अहो! आ जगतमां स्त्री जे छे, ते संसारवृक्षनुं बीजज छे. केम के, जे संतान थाय छे, ते स्त्री थकीज थाय छे. अने ते संतानना अने स्त्रीना निर्वाह माटें जीव, घणोज पापकर्म करे छे, अने पाछां ते पापो तो पोतानेज नोगववां पडे छे. वली ते स्त्रीयो अने संतान कहेवां छे? के ज्यां सुधी एनो स्वार्थ होय छे, त्यां सुधी तेनी पर राग धरे छे, अने ज्यारें तेनो स्वार्थ सरतो बंध थाय छे, त्यारें पाछां ते तुरत तेनी साथें क्लेश करे छे. माटे तीव्रवैराग्यवान् थइने तेवी स्त्रीने ते कयो मूर्ख इछे? अने विरक्तने विषे संततरक्त एवी स्त्री जो जोइयें, तो तेवी तो एक मुक्तिस्त्रीज छे. ते माटे ते मुक्तिस्त्रीनीज हुं प्रार्थना करीश? अने हवे ते कार्यमां विलंब न करतां आजना प्रनात मांज प्रव्रज्या ग्रहण करीश! तेम वली सुगुरुनो विनय करीश! शुद्ध एवा ध्यानने धरीश! अने पछी तत्काल संसाररूप समुद्रने तरीश! आवी

रीतनी शुद्धभावना भावतां ते कुमारने पाछलना भवोमां जे कांइ अभ्या सेलां शास्त्रो हतां, ते सर्व स्मरणमां आव्यां. तेथी तेणें अनित्य भावना भावतां क्षपकश्रेणि आरोही. अने शुक्लध्यानें करी त्यां तेने सिंहासन पर बेठां बेठांज केवलज्ञान प्राप्त थयुं. त्यारें इंद्रियजित, शांतरसमग्न, निश्चलने त्र, एवा पोताना स्वामीने जोइने लज्जाथी अवनत छे मौलि जेना, एवी ते आठे स्त्रीयो विचार करवा लागीयो के, अहो ! आ आपणा स्वामी गुण सागर कुमार हाल गृहस्थाश्रममां छे, तो पण तेने धन्य छे. कारण के ते शमसंपत्तिथी पूर्ण अलंकृत छे. अने हवे आ आर्यपुत्र, कांइ सावद्य कर्मनी पात्रभूत एवी अमारामां रंजित थाय, तेम लागतुं नथी ? कदाचित् ते रागवान् नहिं थाय, तो पण अमो भाग्यवान् छैयें, कारण के आवा मोक्ष गामी पुरुष, अमारा स्वामी थया छे. वली आ पुरुषनुं अमें पाणिग्र हण कर्युं छे तेथी अमारो पण मोक्ष थाशे, केम के आ पुरुष, जरूर दीक्षा ग्रहण करी परमपद जे मोक्ष, तेने पामशे. तेम अमो पण दीक्षा ग्रहण करी मोक्षपदने पामशुं ? आ प्रमाणना शुक्लध्यानरूप अग्निथी बाली नाख्यां छे कर्मरूप इंधन जेणें एवी ते आठ स्त्रीयो पण, पतिव्रता होवाथी, त्यां बेठां बेठांज केवल ज्ञानने पामीयो. ते वखत देवताउयें हर्षायमान थइ, पोताना दुंदुभि नगाराना शब्दें करी आकाश सर्व पूरी दीधुं. तथा सुंगधोदकनी वृष्टि करी. अने मनोहर, पांचवर्ण वालां पुष्पोनी वृष्टि करी. तेथी तेना घरना आंगणामां तो पुष्पोना पुंजो थइ गया. अने देदीप्यमान छे कुंमलो जेनां एवा त्यां आवेला देवताउयें करी तेनुं सर्वमंदिर, सुशोभित थइ गयुं. ते जोइने ते गामनां सहु लोको कहेवा लाग्यां के अहो ! आश्चर्य छे ! आश्चर्य छे ! कारण के आ वैश्यना पुत्रना लग्नमां तेनी पुण्याइना आकर्ष्या देवताउ पण तेनुं वधाम णुं करवा आव्या छे. अहो ! वली एउनी क्रिया जे छे, ते पण दुष्कर छे, कारण के जे क्रियायें करी जेउयें उग्र एवा मोहमल्लना राज्यमां ते मोहमल्लने हणीने केवल ज्ञान उपार्ज्युं ! अहो ! तेमने आश्रवमांहे संवर थयो ! अहो ! धन्य, अने कृतपुण्य एवा तेउयें जन्मनुं साफल्य कर्युं ! एम त्यां लोकोयें घणीज अनुमोदना करी. त्यां तो त्यां आवेला सर्व देवताउ स्तुति करी कहेवा लाग्या. के हे महानुभाव ! तमें सत्ववंत, धीर, सर्वज्ञ थया छो, माटे तमोने धन्य

बे. एम स्तुति करीने पबी ते देवोयें गुणसागरने तथा तेनी स्त्रीयोने समग्र एवो साधुनो वेष समर्प्यो. अने नमस्कार करी केवलज्ञाननो महोटो उत्सव कस्यो. त्यार पबी ते गुणसागरनां तथा ते कन्याउनां माता पिता पण अनित्यनावना नावी शुक्लध्यानें आरोही चारे घातिकर्म खपावीने केवलज्ञान पाम्यां. ते सर्व वृत्तांत सांनलीने विस्मय पामेलो एवो ते गाम नो श्रीशेखरनामा राजा हतो, ते पण सपरिवार ते केवलीनगवानने वां दवा आव्यो. आवीने ते केवलीने त्रण प्रदक्षिणा दइ, तेमनी समीप योग्य स्थानपर बेगे. त्यारें वली बीजां पण ते गामनां लोको केवली नगवाननी वाणी सांनलवा माटें आव्यां. हवे सुधन कहे बे के हे पृथ्वी चंद्र कुमार ! ते वखत हुं तो केटलाएक मालनां गाडां नरी व्यापार करवा माटे आ तमारा अयोध्या गाम तरफ व्यापार माटे आवतो हतो, त्यां तो में सांनल्युं जे " गुणसागर कुमारने, तेमनी आठ स्त्री योने, तेनां आठ सासु ससराने अने ते कुमारनां माता पिताने केवल ज्ञान उत्पन्न थयुं बे अने देवताउयें केवलज्ञाननो महोत्सव कस्यो बे. तथा ते सर्व, केवलज्ञानें करी सर्व लोकालोकने हस्तामलकवत् जाणे बे." ते आश्चर्य सांनली, में मारा मालनां गाडा वालाउने तथा मारा साथने कह्युं, के तमो चालता थाउ, त्यां हुं एक आश्चर्य थयुं बे, ते जोइने आवुं बुं. एम कही हुं पण ते गुणसागरकेवली पासें गयो ? अने त्यां जइ केवलीने वांदीने योग्यस्थानपर बेगे. अने पबी बेगं बेगं वितर्क करवा लाग्यो के अहो ! लोको कहेतां हतां, के गुणसागरने केवलज्ञान उत्पन्न थयुं बे, तो ते गुणसागर तो आ रह्या, परंतु तेने कांइ केवलज्ञान उ त्पन्न थयुं होय, तेम नासतुं नथी ? अरे ! लोकोयें गप्प तो नहिं मारी होय ?वली में विचार कस्यो के ना पण ते ज्यारें देशना देवा लागशे, त्यारें तेनी मालम पडशे, अने ते देशना पण ज्यारें हुं थोडी वार बेसी श, त्यारेंज संनलाशे ? वली विचास्युं जे हुं बेसुं तो खरो, पण मारा मालनां गाडां तथा साथ बधो दूर जाशे, तेनुं केम थाशे ? अने जो हुं मुंजाइने एमने एम चाल्यो जाउं, तो वली आवुं कौतुक मने क्यां जोवा ने मले ? माटे हुं ते जाउं के रहुं ? एम हुं अनेकरीतें ज्यां वितर्क करुं बुं,त्यां तो केवली बोल्या के हे सौम्यसुधन ! सांनल. एम कहीने हुं मारा

गामथी वेचवामाटें मालनां गाडां नरी थोडा सथवारा साथें आहिं आववा निकल्यो, त्यांथी मांडीने पाछो तेमनां दर्शन करवा गयो ते, तथा में जे जे वितर्क कर्या हता ते सर्व, सांग कही आप्युं. अने वली कह्युं के हे सुधन ! तुं वितर्क करे छे के जो हुं जाउं, तो एवुं कौतुक क्यां देखुं ? तेथी तारुं आहिं रहेवामां के जावामां मन मानतुं नथी. पण नाइ ! आहिं ते शुं कौतुक छे ? आनाथी पण अधिक कौतुक तो ज्यां तें जवा धार्युं छे, त्यां अयोध्यामां पृथ्वीचंद्रना दरबारने विषे थवानुं छे. माटें तुं जलदी त्यां जा. कारण के तेम करवाथी तारो साथ पण ताराथी दूर नहिं थाय, अने वली तुने आनाथी अधिक कौतुक पण जोवा मलशे ? आवां वाक्य केवलीनां सांजली हुं तो घणोज हर्षित थयो. अने में जाण्युं जे अहो ! आ गुणसागर तो खरे खरा केवलज्ञानी छे. कारण के जे कांइ मारो मानसिक विचार हतो, ते सर्व तेणें कही आप्यो ! एम जाणी तत्काल गुप चूप एमने एम हुं आहीं आववा निकल्यो. त्यां तो मारा मालनां गाडांउ पण मल्यां. पछी ते सर्वेने लइने आहिं आव्यो. हे राजन् ! मारुं मन अत्यंत कौतुकाविष्ट होवाथी में आपना माणासोने मालनुं दाण आप्युं नथी तेम मारो माल पण उतार्यो नथी. अने एमने एम ते केवलीयें कहेला कौतुकने जोवामाटें तुरत आहिं आपनी पासें आव्यो छुं.

आ प्रकारनुं ते सुधनना मुखथी गुणसागरनुं वृत्तांत सांजली, गुणरागवान् एवो ते पृथ्वीचंद्र कुमार, आलस्य रहित थइ नावना नाववा लाग्यो, के अहो ! महामुनि, माहात्मा एवा ते गुणसागरकुमारने धन्य छे. केम के जेणें मोहानुबंधने जीतीने पोतानुं कार्य साध्युं छे ! अहो ! निरीह एवा ते माहात्माउने, निरंतर मोहोटी एवी नोगनी सामग्री धर्ममां कांइ पण अंतराय करी शकती नथी. अरे ! हुं आवी रीतें सर्व जाणुं छुं, तो पण आ मारां माता पिताना डाहापणने वश थइने विकट एवा राज्ययंत्रना पाशमां शा माटे पड्यो छुं. अहो ! एवो दिवस ते मारे क्यारें आवशे ! के जे दिवसमां हुं उत्तम डुर्जन एवा मह्रोटा मुनियोनी गणनामां गणाइश ! वली हुं गुरुनक्त थई ज्ञान, दर्शन अने चारित्र, ते त्रणे रत्नोने धारण करनारो थाइश ! अरे ! मारा वक्षःस्थलमां क्षमारूप लक्ष्मी, क्यारें क्रीडा करशे ! अने वली शून्यघरमां के, स्मशानमां के, शैलनी

उपर के, नदीना कांठापर, शमतान्वित तथा स्वाध्यायध्यानवान् थइने काउस्सग्गध्यानें क्यारें रहीश ! आवी रीतें नावना नावतां नवस्थितिने अने कर्मस्थितिने अनावें संवेगरंगमां फीलतो एवो ते पृथ्वीचंद्र कुमार, अपूर्वकरणना क्रमथकी मोक्षगृहमां जावानी निसरणीरूप क्षपकश्रेणियें चड्यो. तेथी अनुक्रमें क्षीण जेने मोह थइ गयो बे एवो ते पृथ्वीचंद्र, शुक्लध्यानरूप अनलें करी घनघातिकर्म खपावी ज्ञानावरणीयनी पांच, दर्शनावरणीयनी चार, अने अंतरायकर्मनी पांच. एम सर्व मली चउद प्रकृतिने खपावीने केवलज्ञानने पाम्यो. त्यारें तेने इंद्रें आवी द्रव्यलिंग एटले मुनिनो वेष अर्पण कस्यो. अने वली तेनो देवताउ सहित सौधर्मेंद्र देवें आवी केवलज्ञाननो उत्सव कस्यो. पढी सुवर्णकमलनी रचना करी ते केवलीने ते सुवर्ण कमलपर बेसास्या. तदनंतर ते मुनींद्रनी सौधर्मेंद्र, नमन करेला पोताना मस्तकमां पहेरेला मुकुटथी तेमना चरणारविंदनो स्पर्श करी नक्तिनावथी स्तुति करवा लाग्यो ॥ श्लोक ॥ जय निर्दोह निर्मोह, जय राज्यादिनिःस्पृह ॥ जय नीरोष निर्दोष, जय त्वं सज्जिरोमणे ॥ १ ॥ पापपंकेन नो लिप्तो, मनागपि नवानहो ॥ संसारसागरस्थोपि, नुवनेपि तदद्भुतम् ॥ २ ॥ अर्थः—हे निर्द्रोह! तथा निर्मोह ! आपनो जय थाउ. हे राज्यथकी पण निःस्पृह ! आप जय पामो. अने हे रोषरहित अने निर्दोष! आप उत्कृष्टपणे वर्त्तो. तथा हे उत्तमजनशिरोमणे! आप जयवंता वर्त्तो ॥ १ ॥ वली हे प्रनो ! आ जगतने विषे एक महोटुं आश्चर्य बे, के आप संसारसागरमां रहेला बो, ते बतां पण बिलकुल पापपंकें लिप्त थया नहिं ॥ २ ॥ आ प्रकारें ते सुरेंद्र, केवलीनी स्तुति करी हाथ जोडीने तेमनी पासें बेठो. ते वखत ते पृथ्वीचंद्र केवलीनो पिता हरिसिंह राजा, पोतानी पद्मावतीराणी साथें आव्या. त्यां तो जेने केवलज्ञान उत्पन्न थयुं बे, विश्वने आनंददायक, ज्ञानीयोनेविषे श्रेष्ठ, अने साधुवेषना धारक एवा पृथ्वीचंद्र पुत्रने जोइ आनंद पामी तेमने नमस्कार करी ते दंपती कहेवा लाग्यां, के हे पुत्र ! कुलक्रमागत सद्धर्मवान्, मुक्त नोगवाला, एवा अमारे तमारी पहेलां दीक्षा लेवी योग्य हती, तो ते दीक्षा पण लीधी नहिं. वली दीक्षा लीधी नहिं एटलुंज नहिं, पण युवावस्थामां संसारमां तीव्र वैराग्यवान् एवा तमोने मोहांध अने मूढ एवा अमोयें जर्जरीनूत एवा

आ राज्यरूपपांजरामां नाख्या छे. तो हवे ते राज्यपंजरमां नाखवारूप अमारुं जे दुष्कृत, ते मिथ्या हजो. एम ज्यां कहे छे, त्यां तो ते पृथ्वीचंद्रनी सोले स्त्रीयोने खबर पडी के पृथ्वीचंद्रकुमारने केवल ज्ञान प्राप्त थयुं. तेथी विकसित छे नेत्रकमल जेनां एवी ते सोले स्त्रीयो, त्यां पोताना केवल ज्ञानी स्वामीने नमन करी त्यां बेठेलां पोतानी सासु पद्मावती राणीनी पछवाडे बेठीयो. त्यां बेठां बेठां भगवाननी शांतमुद्रा जोइने संवेगातिशयथी अनित्यभावना भावतां शुक्लध्यानें क्षपकश्रेणी आरोहि, चारे घातिकर्म खपावी ते सोले स्त्रीयोने त्यां बेठांज केवलज्ञान उत्पन्न थयुं. त्यारें तेउने पण सौधर्मेंद्रें आवी द्रव्यलिंग एटले साधुनो वेश आपी ते इंद्रें तथा देवताउयें तेमनी स्तुति अने नमन कर्युं. हवे आवुं महोटुं आश्चर्य जोइने सुधन सार्थवाह तो विचारवा लाग्यो, के अहो! जेवुं मने गुण सागरकेवलीयें कह्युं हतुं, तेवुंज आ आश्चर्य थयुं छे. एम ज्यां विचार करे छे, त्यां तो ते पृथ्वीचंद्र केवलीयें धर्मदेशना देवा मांडी. ते जेम केः—

हे भव्यजीवो ! हे भद्रसत्त्वना धणी ! तमो कोइकालें धर्ममां प्रमाद करशो नहिं. अने नष्टदुरितद्वेषिसंग एवा संयमने स्वीकारो. वली जुउ. जन्म मरणरूप जेमां जल छे, अने कषायरूप जेमां महोटा मत्स्यो छे. राग द्वेषरूप जेमां वेल वधे छे एवा संसारांबुधिने, सुसम्यक्त्वरूप जेमां स्थिति स्थान छे, पांच संवर होवाथी आश्रवरहित, निपुणज्ञानरूप नाविकें युक्त, एवा चारित्ररूप नाव विना तमो कोइकालें तरी शकशो नहिं. अने ते चारित्ररूप नाव, मनुष्यजन्मरूप सामग्री विना प्राप्त थातुंज नथी. वली ते मनुष्यजन्म सामग्री पण, कोइएक वाणीयाना पुत्रोयें पोतानां अमूल्यरत्न वेची नाख्यां अने ते जेम तेउने पाछां मल्यां नहिं, तेम मलती नथी. अर्थात् जीवने मनुष्यसामग्री मलवी अत्यंत दुर्लभ छे.

आवां वचन सांभली सहुकोइ पूछवा लाग्यां के हे प्रभो! तें वाणीयाना पुत्रो कोण हता? तथा तेमणें ते रत्नो केवीरीतें वेची नाख्यां? ते कहो. त्यारें केवली कहे छे, के एक ताम्रलिप्ती नामा नगरी छे, तेमां श्रीकीर्त्ति नामा राजा राज्य करे छे. ते राजायें पोताना गामना रहेनारा सहुकोइने कहेवराव्युं के मारा गामना रहेनारा माणासोयें जेटली कोटिद्रव्य होय, तेटली ध्वजाउ पोताना घरपर चडाववी. अने आम कहेवराववाथी

एम जाणवुं नहिं जे राजाना मनमां कांइ कपट ले, तेथी तेणे कपटथी कहे वराव्युं ले? माहारे तो आम कहेवरावानुं कारण एज ले, के सौम्यदृष्टि एवा मारा गाममां कोण अधिकद्रव्यवान् ले? आम कहेवरावाथी हुं जाणुं के आ माणस धनिक ले. अने पढी खुशी थइ तेनुं हुं मान करुं? तथा तेनी कीर्त्ति, नाटलोको पासें सर्वत्र कहेवरावुं. ते वचन सांजली सहु कोइ धनिकोयें स्वस्वद्रव्यकोटीप्रमित ध्वजाउ चडावी. तेमां अतियत्नथी अनेकरत्नसंग्रह कारक अने रत्ननो व्यापार करनार काइएक धनदनामा शेठ रहेतो हतो, तेणें पोतानी पासें सहुथी अधिक द्रव्य हतुं, तो पण एक पण ध्वजा चडावी नही. त्यारें मानरूप जेने धन ले अने यशनी इच्छावाला एवा ते श्रेष्ठीना जे पुत्रो हता, तेमणें, जेमणें ध्वजाउ चडावी हती तेनी कीर्त्ति, मागधना मुखथकी सांजली. तेथी ते अत्यंत खेद पाम्या. अने पोताना पिताने कहेवा लाग्या के हे पिताजी! आ गाममां आपणाथी उंछा धनिको ले, ते स्वगृहपर ध्वजाउ चडावीने पोतानी कीर्त्ति, मागधलोकोना मुखथी जगतमां प्रवर्तावे ले, तो आपणा घरमां वधारे तो नहिं, परंतु एककोडि द्रव्य पण नथी शुं? के जेथी तमें एक पण ध्वजा चडावता नथी? ते सांजली तेनो पिता बोल्यो के हे पुत्रो! आपणे कांइ द्रव्यनी संख्या काढी नथी, अने तेम करतां कदाचित् जो तेनी गणती करीयें, तो ते मांम कोडी द्रव्य थाय, परंतु आपणे बीजाउनी परें मृषा कीर्त्ति करावववी नथी. अने सुज्ञजनने तो धर्मकार्य विना जे महोटाइ करवी, ते उचितज नथी. अने जगतमां पण कहेवत ले, के " पोतानो गोल पोतेंज चोरी खावो." तेम आपणे आपणा घरमां जे कांइ द्रव्य होय, ते मनमांज समजवुं. एम ते पुत्रोने तेना पितायें घणाज समजाव्या, तो पण ते कदाग्रहीपुत्रो तेवा विचारथी विराम पाम्या नहिं. तेम तेना पिताना वचनने उल्लंघन करवाने पण समर्थ थया नहिं. तेथी ते एमने एम मनमांज समजी बेसी रह्या. अने विचारवा लाग्या के आ आपणो पिता जो कोइक ठेकाणें जाय, तो ठीक थाय? एम ज्यां विचारे ले, त्यां तो दैवयोगथी परगाममां रहेता ते धनद श्रेष्ठीना सगाने त्यां लग्नप्रसंग आव्यो, तेथी ते धनदने ते गाम जवुं पड्युं. हवे तेना जवानी वाटज जोता तेना पुत्रोयें, अवकाश जोइने घरना नंमारमां जे कांइ रत्नो हतां, ते सर्व काढ्यां

अने ते रत्नोने जेम आवे तेम जलदी वेची नाख्यां. अने सर्वरत्नोनुं द्रव्य एकठुं करी तेनी गणतरी करीने जेटली कोडी द्रव्य थयुं, तेटली ध्वजाउ तेउयें पोताना घर पर चडावी. तथा बीजा कोइयें सुवर्णकुंभ चडाव्यो न हतो, परंतु तेउयें तो सुवर्णकुंभ पण चडाव्यो. त्यारें मागधलोकोयें तेउ नी अत्यंत प्रशंसा करी. ते सांभलीने तेउ परस्पर कहेवा लाग्या, के अरे! अटला दिवस तो वृद्धपणाथी मूढ थयेला आपणा पितायें आपणने वृथा आवी उत्तमकीर्त्ति मेलवता अटकाव्या ? हवे ते पुत्रोपासेंथी रत्नना ले नारा वेपारी परदेशी होवाथी वेचातां लीधेलां रत्नोने लइने पोतपोतानें देश गया. पछी तुरत ते धनद श्रेष्ठी परगामथी आव्यो, अने आवीने ज्यां जुवे छे, त्यां तो पोताना घरपर सुवर्णकलश युक्त घणीक ध्वजाउ फर कती दीठी. त्यारें पोताना पुत्रोने पूछवा लाग्यो, के हे पुत्रो ! आ आपणा घरपर ध्वजाउ कोणे ? तथा केम ? तथा केवा हिसाबें चडावी छे ? ते सांभली मतिगर्वित एवा ते पुत्रो बोल्या के हे पिताजी! आप गया पछी आपणा भंमारमां जे रत्नो भर्यां हतां, ते सर्वे काढीने अमें वेची नाख्यां, अने तेनुं द्रव्यगणी तेने हिसाबें ध्वजाउ चडावी छे ? कह्युं छे के ॥ गाथा ॥ किं तीए सिरीए, पीवराए छन्नाए गेहनिहीयाए ॥ विप्फुरइ जए न जउ, मियंक किर णुज्जला कित्ती ॥ १ ॥ अर्थः– जे लक्ष्मीवान् जननी लक्ष्मीथी चंद्रमास मान जो उज्ज्वल एवी कीर्त्ति प्रसार न थइ. अने ते लक्ष्मी घरनां भोंयरा मां प्रछन्नरीतेंज फाटेली रही तो ते लक्ष्मीथी पण शुं ? ॥१॥ ते सांभली ध नदश्रेष्ठी अत्यंत कोपायमान थइ तेउने कहेवा लाग्यो के हे कुलांगारो! हे कपूतो! हे कुजन्मवालाउ ! हे कुकर्मीयो! हे कुलक्षणवालाउ ! आ त में जे रत्नो वेचीने लक्ष्मी लीधी, ते सर्वलक्ष्मी, मारा एकरत्नना मूल्यनी पण नथी. अर्थात् मारां अति मूल्यवान् रत्नोने मूर्ख एवा तमोयें पाणी ना पाडमां फेंकी दीधां ? तेथी. तमें सर्वे मारा घरमांथी जलदी बाहार निकलो. अने खबडदार छे, जो मारां वेची नाखेलां रत्नो पाछां लावी आप्या विना घरमां आव्या छो तो? एम ज्यारें ते घणुंज खीज्यो, त्यारें ते सर्वपुत्रो, जेउने वेचातां रत्नो आप्यां हतां, ते लोकोने शोधवा माटे निसर्या. तेणें तेउने आखी पृथ्वीमां शोध्या, परंतु जेमनुं कांइ नाम, ठाम जाणताज न हता, तेथी तेउने मल्या नहिं. तो पछी रत्नो तो क्यांथीज

मळे? ज्यारें तेने ते रत्नना ग्राहको न मळ्या, त्यारें ते पाछा रखडीने पोताने घेर आव्या. हवे केवळी ते दृष्टांतनो उपनय कहे छे. के हेभव्यजनो! ते श्रेष्ठिपुत्रोने पूर्वोक्त रत्नना लेनाराउ पासेंथी ते रत्नो, कदाचित् दैवयोगें उपलब्ध थाय, परंतु आ जीवने जो आ मनुष्यभवरूप शुभसामग्री, मुक्तिपद पामवानी जोगवाइ, अने जिनधर्म, प्रमुख जो प्राप्त थयां होय अने ते जो हारी जाय. तो ते सर्व तेने कोइ काळें मळे नहिं. कह्युं छे के ॥ माणुस्स खित्त जाई, कुलरूवारोग्गमाउयं बुद्धी ॥ सवाणुग्गह सद्धा, संजमो य लोगम्मि दुल्लहाई ॥ १ ॥ अर्थः—मनुष्यक्षेत्रमां उत्पन्न थावुं, सुकुल, सुरूप, आरोग्य, आयुष्य, बुद्धि, सर्वेनो अनुग्रह, धर्मश्रद्धा अने संयम. एटलां वानां जीवने आ लोकमां मळवां दुर्लभ छे. ते माटे तमोने प्राप्त थइ एवी मनुष्य जन्मादिक सामग्री, तेने तमो कषाय तथा विषयभोगना भोगथी हारी जाउ मां. अने हे भव्यो! निर्वाणस्थानप्रत्यें प्रयाण करवामां सारा वाहन समान एवा संयमने स्वीकारो. आवां ते केवळीनां अमृतसमान वचन सांभळीने त्यां बेठेला केटलाएक भव्यजनो, साधुना अने श्रावकना धर्मने प्राप्त थया.

हवे त्यां बेठेलां पृथ्वीचंद्र केवळीनी माता पद्मावती राणी, ते केवळीने पूछवा लाग्यां के हे भगवन्! अर्हद्धर्मने जाणता एवा अमो बेहु स्त्रीपुरुषने तमारी पर अत्यंतदृढस्नेह रहे छे, तेनुं शुं कारण हशे? ते सांभळी केवळी कहे छे. के हे मातः! आ भवथी आगलना भवमां तमें प्रियमती नामा राणी हतां, अने आ मारा पिता, तमारा स्वामी जयराजा नामा राजा हता. त्यारें हुं तमारो बेहुनो पुत्र हतो. ज्यारें तमो बेहु संयमाराधन करी ते संयमना प्रभावथी अनुत्तरविमानने विषे देव थयां. त्यारें हुं पण सर्वार्थसिद्ध विमाननेविषे देव थयो हतो. अने तेमज वळी आ भवनेविषे पण आपणो आपणा पूर्वभवनी परें योग थयो छे. तेथी ते पूर्वभवना योगथी मारी पर तमने घणोज स्नेह थयो छे. ते सांभळी ते राजाने अने पद्मावती राणीने जातिस्मरणज्ञान उत्पन्न थयुं. अने तुरत पछी पाछुं केवळज्ञान उत्पन्न थयुं. त्यारें सुधर्मेंद्रदेवें तेउना केवळज्ञाननो महोत्सव कस्यो. ते वखत समग्र अयोध्या नगरीमां जगतने आश्चर्यकारक महोटो आनंद वर्त्यो. हवे ते सुधन सार्थवाह ते केवळी भगवानने नमस्कार करी पूछवा लाग्यो, के हे भगवन! तमो तथा गुणसागरकुमार समानगुणवान् केम छो? त्यारें शंखराजा

अने कलावतीराणीना नवथी आरंनीने पोताने तथा गुणसागर कुमारने हाल केवलज्ञान उत्पन्न थयुं, त्यां पर्यंतनुं सर्व वृत्तांत सर्वसमक्ष कहि आप्युं. अने वली पण कह्युं के, हे सुधन! अमें बेहुजणें नवोनव पुण्यानुबंधी पुण्य ने पुष्ट कर्युं छे, तेथी ज्यां अमो अवतर्या, त्यां सुखसंपत्तिने अने वीतरागध र्मने पाम्या. अने वली आ नवमां पण विषयपाशमां फसाया नथी. अमोयें पूर्वला नवोमां सरखी पुण्याइ उपार्जी, तेथी सरखे योगें शुक्लध्यानें अमोने केवलज्ञान प्राप्त थयुं, अने हेसुधन! थोडाजवखतमां प्राप्त थवानुं छे सिद्धि सुख जेने तथा तत्त्वार्थने जाणनारा, एवा जीवोनुं मन, कोइपणकालें विषय वासनामां विचरतुंज नथी. वली आ स्त्रीयो जे छे, ते पूर्वनवमां संयमाराधन करी अनुत्तरविमानने विषे देवता थइयो हती. ते पाछी आ नवनेविषे मारी स्त्रीयो थइयो छे. क्षीण थयां छे कल्मष जेनां एवी आ उत्तम स्त्रीयो, केवल ज्ञानने प्राप्त थइ छे. माटे सूक्ष्मदृष्टिथी जो जोइयें, तो जे माणासमां सरखा गुणो होय छे, तेउनेज परस्परप्रेम उत्पन्न थाय छे. शुं उ. राजहंसनी स्त्रीयो कोइकालें काकसाथें रमे? आ प्रकारनी ते केवलीना मुखनीदेशना सांजलीने ते सुधनश्रेष्ठी सारी रीतें धर्मबोध पाम्यो, तेथी तेणें सम्यक्त्वमूल श्रावकनां बारे व्रत अंगीकार कर्यां. अने त्यां केवलिनगवाननी देशना सांजलवाबेठेला बीजा लोको जे हता, तेउयें पण आगार अणागाररूप धर्मने आराध्यो.

हवे ते हरिसिंहराजानो एक नानो पुत्र हरिषेणनामा हतो, तेने इंद्रें आवी ते हरिसिंहराजाना राज्यासन पर बेसाड्यो. त्यांथी पछी जेने केवल ज्ञान उत्पन्न थयुं छे एवा ते पृथ्वीचंद्र अने गुणसागर तथा जे कोइ बीजा केवल ज्ञानी हता ते सर्व, विहार करवा लाग्यां ॥ श्लोक ॥ क्षितितलवियदंके नव्य पंकेरुहाणा, मथरचितविकाशौ दुस्तमस्तोमनाशौ ॥ सडुपकृतिविलासौ दुर्ग्र हग्रस्तनासौ, चिरमिव रविचंद्रौ निर्गतौ द्वौ मुनींद्रौ ॥ १ ॥ तौ स्नेहमुक्तौ सुगुणौ जगद्गृहे, समस्तवस्तुप्रतिनासकौ सदा ॥ निर्दोषनासा सुदृशां सु खप्रदौ, गतौ च निर्वाणमपूर्वदीपवत् ॥ २ ॥ क्षांत्यादिमुक्ताफलसंभृतं यः, शीलांगरत्नैः सुतपोमणीद्धम् ॥ गृह्णाति चारित्रनिधिं हि पृथ्वी, चंद्रर्षिवद्वाति स मुक्तिलक्ष्मीः ॥३॥ अर्थः-पृथ्वीतलरूपआकाशस्थानमां नव्यरूपकम लोने विकसित करता, दुस्तम एटले मिथ्यात्वरूप जे अंधकार, तेने नाश करता, उत्तम एवा उपकार करवारूप छे विलास जेमनो, दुराग्रहिजीवोनुं

ग्रहण कर्युं ठे जेणें, अर्थात् मिथ्यात्वीनो पराजय करता एवा ते पृथ्वीचंड अने गुणसागर केवलिरूप रवि अने चंड, ते घणोक काल विहार करता हवा ॥१॥ स्नेहरहित, उत्तमगुणवान्, जगडूपघरनेविषे समस्तवस्तुने प्रदीपनीपरें प्रतिनास करता, सदा निर्दोषी, सम्यग्दृष्टिजीवोने सुखदायक एवा ते बेहु केवली, आयुःक्षय उपजावी, सुस्थानकें शैलेशीकरणें शुक्लध्यानें सर्व कर्मने खपावी, अपूर्वदीपकनी परें, निर्वाणपदने एटले अजरामर, निरालंब, अविनाशि, परमानंदमहोदय एवा सुखने पामता हवा ॥२॥ माटे कवि कहे ठे, के हे नव्यो! क्षांत्यादिरूप ठे मुक्ताफलो जेमां अने शीलांगरूप ठे रत्नो जेमां, तथा उत्तमतपरूप जे मणियो, तेणे करी व्याप्त, एवा चारित्ररूपनिधिने जे जीव ग्रहण करे ठे,ते जीव,पृथ्वीचंड अने गुणसागर ऋषिनी परें मुक्तिरूपलक्ष्मीने पामे ठे ॥३॥ इति श्रीपृथ्वीचंड गुणसागरऋषि केवलज्ञान प्राप्तिमोक्षगमनवर्णननामैकादशः सर्गः ॥ ११ ॥ आहिं शंखराजा अने कलावतीराणीना नवथी मांमीने पृथ्वीचंड अने गुणसागरना एकवीशे नव संपूर्ण थया. तेमां आ एकवीशमे नवें ते बेहु जीव, मोक्षें गया ॥ २१ ॥

॥ अथ प्रशस्ति श्लोकाः॥ श्रीमद्वीरजिनेश्वरस्य सुगतादीशस्य तीर्थे वरे, गछे श्रीकटुकानिधे प्रथमतोविद्वत्कलाखंमलः ॥ साहेन्यःकटुकादिमः शुनमतिर्धर्मैकतानोऽनवत्, तत्पट्टे बहुशास्त्रनिश्चितमतिः श्रीखीमसाहाह्वयः ॥१॥ वीरशाह इति तत्पदेऽनवत्, जीवराजइति वा चतुर्थके॥ तेजपालइति पंचमे पदे, रत्नपाल अनवच्चषष्ठके ॥२॥ तत्पट्टधारी जिनदासनामा, तेजादिपालोष्टमके बनूव ॥ कल्याणनामा नवमे पदे च,दिक्संख्यके नुह्लडुजीति नामा ॥३॥ तदनुगे च पदे सुकुलोद्भवे,कविकुलाग्रगतोनणनामकः ॥ तदनुलब्धकनामकसाहजी, शुचिनयादियुतोहि विराजते ॥४॥ प्रशस्तबोधशालिनः परोपकारकारिणो, गुरोः पदांबुजं मया प्रणम्य नक्तिपूर्वकम् ॥ सुशिष्ययाचनेन मे जगज्जनोपकारतो, विशिष्टसच्चरित्रके कृतः सुबालबोधकः ॥ ५ ॥ अष्टशततमे वर्षे, प्रमिते सप्तमोत्तरे ॥ मार्गशीर्षसिते पक्षे, पंचम्यां नानुवासरे ॥ ६ ॥ रचितोयं मया ग्रंथो, विक्षेपरहितःक्षितौ ॥ शोधनीयः सतां धूर्यैः, र्यदुत्सूत्रं नवेदिह ॥ ७ ॥ प्रमादाद्वीतरागाज्ञा, विरुद्धं यन्मयोदितम् ॥ परोपकारनैपुण्य, वर्त्तिनः शोध्यतां बुधाः ॥ ८ ॥ राधकेति पूर्वेऽंगे, चातुर्मासस्थितेन च ॥ कटुगछेशलब्धेन, कृतोयं बालबोधकः ॥९॥ संपूर्णोयं ग्रंथः ॥ शुनमस्तु ॥